-: ગ્રન્થાંક-૫૦ :-

# કર્મગ્રંથ સાર્થ

## તૃતીય વિભાગ

## [ ૫-૬ કર્મગ્રંથ ]

卐


-: પ્રકાશક :-

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ

મહેસાણા [ ઉ૦ ગુજરાત ]

મૂલ્ય રૂા. ૯-૦૦


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

ગ્રન્થાંક-૫૦

# કર્મગ્રંથ સાર્થ

## તૃતીય વિભાગ

[ ૫-૬ કર્મગ્રંથ ]

શબ્દાર્થ, ગાથાર્થ મુનિરાજ શ્રી જીવવિજયજી કૃત સ્તબુકાર્થ યંત્રો અને ફૂટનોટ તથા ૬૨ માર્ગણા સ્થાનોમાં નામકર્મના બંધોદયસત્તા સંવેધની સમજણ આપતા પરિશિષ્ટ સહિત.

卐

: પ્રકાશક :

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા

[ સદ્ગત શેઠ વેણીચંદ સુરચંદ સંસ્થાપિત ]

આવૃત્તિ ૪ થી ] [ પ્રત ૨૦૦૦

વીર સં. ૨૫૦૪ ] [ વિ. સં. ૨૦૩૪

મૂલ્ય રૂા. ૯-૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

: પ્રકાશક :
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા
વતી
વકીલ ચીમનલાલ અમૃતલાલ શાહ
શ્રી બાબુલાલ જેશીંગલાલ મહેતા

: પ્રાપ્તિસ્થાન :
૧ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા [ ઉ. ગુજરાત ]
૨ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ.
ધી નવપ્રભાત પ્રીંટીંગ પ્રેસ.
ઘીકાંટારોડ : : અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ટૂંક નિવેદન

સંસારના પ્રત્યેક આત્માની સાથે કર્મનો સંબંધ અનાદિનો છે. અને એ અનાદિનો કર્મસંબંધ તૂટ્યા સિવાય જીવનો મોક્ષ નથી, એટલે જ કર્મના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા તથા તેના ભેદ–પ્રભેદાદિકનું સમ્યગ્ રીતે જ્ઞાન મેળવવું જરૂરી છે, શ્રી જૈન શાસ્ત્રોમાં કર્મનું જે સૂક્ષ્મ અને સાંગોપાંગ સ્વરૂપ અને તેના નાશના ઉપાયો બતાવવામાં આવ્યા છે. તેવું સ્વરૂપ કે નાશના ઉપાયો ઇતર શાસ્ત્રગ્રંથોમાં જોવા નહિ મળે. વીતરાગદેવના શાસન અને શાસ્ત્રગ્રંથોની અલૌકિકતા સર્વતઃ ઉત્કૃષ્ટ છે.

કર્મ અંગેની હકીકતને સ્ફુટ કરતા ઘણા ગ્રંથો છે. એમાં કર્મગ્રંથો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાવર્ગમાં કર્મગ્રંથોનું અધ્યયન ચાલુ છે. અને તેમાં પણ સંસ્થાદ્વારા પ્રકાશિત થયેલ કર્મગ્રંથોનો જ મોટા ભાગે ઉપયોગ થાય છે. એથી ૩ જી આવૃત્તિ ખલાસ થતાં આજે આ પાંચમાં અને છટ્ઠા કર્મગ્રંથની ચોથી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવે છે.

૧ થી ૫ કર્મગ્રંથના રચયિતા **શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી** મહારાજ છે. જ્યારે છટ્ઠા કર્મગ્રંથના રચયિતા પૂર્વધર પૂર્વાચાર્ય છે. છટ્ઠો કર્મગ્રંથ દૃષ્ટિવાદ નામના બારમા અંગમાંથી ઉદ્ધૃત છે.

અભ્યાસકોને આ ગ્રંથનો સરળતાથી બોધ થાય એ હેતુથી મૂળગાથા, શબ્દાર્થ, ગાથાર્થ, વિવેચન તરીકે પં૦ શ્રી જીવવિજયજી મહારાજ કૃત બાળાવબોધ, ફૂટનોટ અને યંત્રો વગેરે આપી કર્મગ્રંથના ગહન સ્વરૂપને સરળ કરવા શક્ય પ્રયત્નો કરેલ છે.

સંસ્થાના પુસ્તકોનું છાપકામ, બાઇન્ડીંગ અને સંશોધન સુઘડ અને સુંદર હોવા છતાં દરેક અભ્યાસકો લાભ ઉઠાવી શકે એ હેતુથી જ પડતર કિંમતે પુસ્તકોનું વેચાણ થાય છે. પણ આજે મોંઘવારી સખ્ત છે. કાગળ અને મુદ્રણ વગેરેના ભાવો ઘણા વધી ગયા છે. જેથી અગાઉની આવૃત્તિઓ કરતાં આ આવૃત્તિની કિંમત વધુ હોય તે સ્વાભાવિક છે. છતાં કરકસર પૂર્વક આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુસ્તકનું પ્રકાશન થતું હોવાથી લગભગ ૫૫ ફર્માના હિસાબે તેનું રખાયેલ મૂલ્ય ઓછું છે.

આ નવી આવૃત્તિમાં શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા વડોદરા તરફથી છપાયેલ, પંડિત ચંદુલાલ નાનચંદ સીનોરવાળાએ તૈયાર કરેલ પંચમ કર્મગ્રંથ અંગેના યંત્રો પંચમ કર્મગ્રંથને અંતે આભાર સાથે આપવામાં આવ્યા છે. આશા છે કે એ યંત્ર સંગ્રહ અભ્યાસકોને વિશેષ ઉપયોગી બનશે. તેમજ અંતભાગમાં શ્રી સૂક્ષ્મતત્ત્વબોધ જૈન પાઠશાળા—પાલિતાણાના અધ્યાપક પં. કપૂરચંદ રણછોડદાસ વારૈયાએ તૈયાર કરેલ બાસઠ માર્ગણાને વિષે નામકર્મના બંધસ્થાન, ઉદયસ્થાન અને સત્તાસ્થાન તથા તેના ભાંગા અંગેની સમજુતી પરિશિષ્ટરૂપે આપવામાં આવેલ છે, જે અભ્યાસીઓને સારી રીતે ઉપયોગી થશે.

આ આવૃત્તિનું પ્રૂફ સંશોધન શ્રી કપુરચંદ રણછોડદાસ વારૈયાએ કાળજી પૂર્વક કરેલ છે.

આ ચોથી આવૃત્તિ છપાવતાં પહેલાં આખું મૂળમેટર કાળજી-પૂર્વક તપાસી જવામાં આવ્યું છે. અને ઘટતા સુધારા—વધારા કરેલ છે છતાં દૃષ્ટિદોષ, પ્રેસદોષ કે મતિમંદતા આદિ કોઇ કારણે કોઈ પણ પ્રકારની ભૂલ રહી જવા પામી હોય તો મિથ્યાદુષ્કૃત દેવાપૂર્વક સુજ્ઞ વાંચકોને જે જે સ્ખલનાઓ જણાય તે તે અમને જણાવવા નમ્ર સૂચન છે.

લિ.

**વકીલ ચીમનલાલ અમૃતલાલ શાહ**
**શ્રી બાબુલાલ જેશીંગલાલ મહેતા**
ઓન. સેક્રેટરી

| | |
|---|---|
| મહેસાણા<br>શ્રાવણ સુદ ૧૫<br>સંવત ૨૦૩૪ | **શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**<br>અને<br>**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મહેસાણા.** |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# अथ शतकनामा पंचम कर्मग्रंथः।

नमिअ जिणं धुवबंधो-दयसंता घाइपुन्नपरिअत्ता।
सेअर चउहविवागा, वुच्छं बंधविह सामी अ ॥१॥

वन्नचउतेअकम्मा,-गुरुलहुनिमिणोवघायभयकुच्छा।
मिच्छकसायावरणा, विग्घं धुवबंधि सगचत्ता ॥२॥

तणुवंगागिइसंघयण, जाइगइखगइपुव्विजिणुसासं।
उज्जोआयवपरघा-तसवीसा गोअवेअणिअं ॥३॥

हासाइजुअलदुगवेअ-आउ तेवुत्तरी अधुवबंधी (धा)।
भंगा अणाइसाई, अणंतसंतुत्तरा चउरो ॥४॥

पढमबिआ धुवउदइसु, धुवबंधिसु तइअवज्जभंगतिगं।
मिच्छंमि तिन्नि भंगा, दुहावि अधुवा तुरिअभंगा ॥५॥

निमिणथिरअथिरअगुरुअ-सुहअसुहतेअकम्मचउवन्ना।
नाणंतरायदंसण, मिच्छं धुवउदय सगवीसा ॥६॥

थिरसुभिअर विणु अधुव,-बंधी मिच्छविणुमोहधुवबंधी।
निद्दोवघायमीसं सम्मं पणनवइ अधुवुदया ॥७॥

तसवन्नवीससगतेअ,-कम्म धुवबंधिसेस वेअतिगं।
आगिइतिग वेअणिअं, दुजुअल सगउरलुसासचउ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खगईतिरिदुग नीअं, धुवसंता सम्म मीस मणुयदुगं ।
विउव्विक्कार जिणाऊ, हारसगुच्चा अधुवसंता ॥९॥
पढमतिगुणेसु मिच्छं, निअमा अजयाइअट्ठगे भज्जं ।
सासाणे खलु सम्मं, संतं मिच्छाइदसगे वा ॥१०॥
सासणमीसेसु धुवं, मीसं मिच्छाइनवसु भयणाए ।
आइदुगे अण निअमा, भइआ मीसाइनवगंमि ॥११॥
आहारसत्तगं वा, सव्वगुणे बितिगुणे विणा तित्थं ।
नोभयसंते मिच्छो, अंतमुहुत्तं भवे तित्थे ॥१२॥
केवलजुअलावरणा, पण निद्दा बारसाइमकसाया ।
मिच्छं ति सव्वघाई, चउनाणतिदंसणावरणा ॥१३॥
संजलण नोकसाया, विग्घं इअ देसघाइ य अघाई ।
पत्तेयतणुऽट्ठाऊ, तसवीसा गोअदुगवन्ना ॥१४॥
सुरनरतिगुच्चसायं, तसदस तणुवंग वइरचउरंसं ।
परघासग तिरिआऊ, वन्नचउ पणिंदि सुभखगई ॥१५॥
बायाल पुण्णपगई, अपढमसंठाणखगइसंघयणा ।
तिरिदुगअसायनीओ,-वघायइगविगलनिरयतिगं ॥१६॥
थावरदस वन्नचउक्क, घाइ पणयाल सहिअ बासीई ।
पावपयडि त्ति दोसु वि वन्नाइगहा सुहा असुहा ॥१७॥
नामधुवबंधिनवगं, दंसण पणनाण विग्घ परघायं ।
भयकुच्छमिच्छसासं, जिण गुणतीसा अपरिअत्ता ॥१८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तणुअट्ठ वेअ दुजुअल, कसाय उज्जोअगोअदुग निद्दा।
तसवीसाउ परित्ता, खित्तविवागाऽणुपुव्वीओ ॥१९॥
घणघाइदुगोअजिणा, तसिअरतिगसुभगदुभगचउसासं।
जाइतिग जिअविवागा, आउ चऊरो भवविवागा ॥२०॥
नामधुवोदय चउतणु,-वघायसाहारणिअरुजोअतिगं।
पुग्गलविवागि बंधो, पयइठिइरसपएस त्ति ॥२१॥
मूलपयडीण अडसत्त,-छेगबंधेसु तिन्नि भूगारा।
अप्पतरा तिअ चउरो, अवट्ठिओ न हु अवत्तव्वो ॥२२॥
एगादहिगे भूओ, एगाई ऊणगंमि अप्पतरो।
तम्मत्तोऽवट्ठियओ, पढमे समए अवत्तव्वो ॥२३॥
नव छ चउ दंसे दु दु, ति दु मोहे दुइगवीस सत्तरस।
तेरस नव पण चउ ति दु, इक्को नव अट्ठ दस दुन्नि ॥२४॥
तिपणछअट्ठनवहिआ, वीसा तीसेगतीस इग नामे।
छस्सगअट्ठतिबंधा, सेसेसु य ठाणमिक्किक्कं ॥२५॥
वीसयरकोडिकोडी, नामे गोए अ सत्तरी मोहे।
तीसियरचउसु उदही, निरयसुराउंमि तित्तीसा ॥२६॥
मुत्तुं अकसायठिइं, बार मुहुत्ता जहन्न वेअणिए।
अट्ठट्ठ नामगोएसु, सेसएसुं मुहुत्तंतो ॥२७॥
विग्घावरण असाए, तीसं अट्ठार सुहुमविगलतिगे।
पढमागिइसंघयणे, दस दुसुवरिमेसु दुगवुड्ढी ॥२८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चालीस कसाएसुं, मिउलहुनिद्धुण्हसुरहिसिअमहुरे ।
दस दोसड्ढ समहिआ, ते हालिद्दंबिलाईणं ॥२९॥
दस सुहविहगइउच्चे, सुरदुगथिरछक्कपुरिसरइहासे ।
मिच्छे सत्तरि मणुदुग, इत्थीसाएसु पन्नरस ॥३०॥
भयकुच्छअरइसोए, विउव्वितिरिउरलनिरयदुगनीए ।
तेअपण अथिरछक्के, तसचउ थावर इग पणिंदी ॥३१॥

नपुकुखगइसासचऊ–गुरुकक्खडरुक्खसीयदुग्गंधं ।
वीसं कोडाकोडी, एवइआबाह वाससया ॥३२॥
गुरु कोडिकोडि अंतो, तित्थाहारण भिन्नमुहु बाहा ।
लहु ठिइ संखगुणूणा, नरतिरिआणाउ पल्लतिगं ॥३३॥
इगविगल पुव्वकोडी, पलिआऽसंखंस आउचउ अमणा ।
निरुवकमाण छमासा, अबाह सेसाण भवतंसो ॥३४॥

लहुठिइबंधो संजलण,–लोहपणविग्घनाणदंसेसु ।
भिन्नमुहुत्तं ते अट्ठ, जसुच्चे बारस य साए ॥३५॥
दोइगमासो पक्खो, संजलणतिगे पुमट्ठ वरिसाणि ।
सेसाणुक्कोसाओ, मिच्छत्तठिईइ जं लद्धं ॥३६॥
अयमुक्कोसो गिंदिसु, पलियाऽसंखंसहीण लहुबंधो ।
कमसो पणवीसाए, पन्ना सय सहस संगुणिओ ॥३७॥
विगलअसन्निसु जिट्ठो, कणिट्ठओ पल्लसंखभागूणो ।
सुरनिरयाउ समा दस, सहस्स सेसाउ खुड्डभवं ॥३८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सव्वाण वि लहुबंधे, भिन्नमुहु अबाह आउजिट्ठेवि।
केइ सुराउसमं जिण,-मंतमुहु विंति आहारं ॥३९॥
सत्तरस समहिआ किर, इगाणुपाणुंमि हुंति खुड्डभवा।
सगतीससयतिहुत्तर, पाणू पुण इगमुहुत्तंमि ॥४०॥
पणसट्ठिसहस पणसय-छत्तीसा इगमुहुत्तखुड्डभवा।
आवलिआणं दोसय-छप्पन्ना एगखुड्डभवे ॥४१॥
अविरयसम्मो तित्थं, आहारदुगामराउय पमत्तो।
मिच्छद्दिट्ठी बंधइ, जिट्ठट्ठिइं सेस पयडीणं ॥४२॥
विगलसुहुमाउगतिगं, तिरिमणुआ सुरविउव्विनिरयदुगं।
एगिंदिथावरायव, आईसाणा सुरुक्कोसं ॥४३॥
तिरिउरलदुगुज्जोअं, छिवट्ठ सुरनिरय सेस चउगइआ।
आहारजिणमपुव्वो,-ऽनिअट्टिसंजलणपुरिसलहुं ॥४४॥
साय जसुच्चावरणा, विग्घं सुहुमो विउव्विछ असन्नी।
सन्नी वि आउ बायर-पज्जेगिंदी उ सेसाणं ॥४५॥
उक्कोसजहन्नेअर, भंगा साई अणाइ धुव अधुवा।
चउहा सग अजहन्नो, सेसतिगे आउचउसु दुहा ॥४६॥
चउभेओ अजहन्नो, संजलणावरणनवगविग्घाणं।
सेसतिगि साइ अधुवो, तह चउहा सेसपयडीणं ॥४७॥
साणाइअपुव्वंते, अयरंतो कोडिकोडिओ न हिगो।
बंधो नहु हीणो न य, मिच्छे भव्विअरसन्निमि ॥४८॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जइलहुबंधो बायर, पज्जअसंखगुण सुहुमपज्जऽहिगो ।
एसि अपज्जाण लहू, सुहुमेअर अपज्जपज्जगुरु ॥४९॥
लहु बिअपज्जअपज्जे, अपजेअरबिअगुरुऽहिगो एवं ।
तिचउअसन्निसु नवरं, संखगुणो बिअअमणपज्जे ॥५०॥
तो जइजिट्ठो बंधो, संखगुणो देसविरयहस्सिअरो ।
सम्मचउ सन्निचउरो, ठिइबंधाणुकमसंखगुणा ॥५१॥
सव्वाणवि जिट्ठठिई, असुभा जं साइसंकिलेसेणं ।
इअरा विसोहिओ पुण, मुत्तुं नरअमरतिरिआउं ॥५२॥
सुहुमनिगोआइखण–प्पजोग बायरय विगलअमणमणा ।
अपज्जलहु पढमदुगुरु, पजहस्सिअरो असंखगुणो ॥५३॥
अपजत्ततसुक्कोसो, पज्जजहन्निअरु एव ठिइठाणा ।
अपजेअर संखगुणा, परमपजबिए असंखगुणा ॥५४॥
पइखणमसंखगुणविरिअ अपज्जपइठिइमसंखलोगसमा ।
अज्झवसाया अहिआ, सत्तसु आउसु असंखगुणा ॥५५॥
तिरिनिरयतिजोआणं, नरभवजुअ सचउपल्ल तेसट्ठं ।
थावरचउइगविगला-यवेसु पणसीइसयमयरा ॥५६॥
अपढमसंघयणागिइ-खगईअणमिच्छदुहगथीणतिगं ।
निअनपुइत्थि दुतीसं, पणिंदिसु अबंधठिइ परमा ॥५७॥
विजयाइसु गेविज्जे, तमाइ दहिसय दुतीस तेसट्ठं ।
पणसीइ सययबंधो, पल्लतिगं सुरविउव्विदुगे ॥५८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समयादसंखकालं, तिरिदुगनीएसु आउ अंतमुहू ।
उरलि असंखपरट्टा, सायठिइ पुव्वकोडूणा ॥५९॥
जलहिसयं पणसीअं, परघुस्सासे पणिंदि तसचउगे ।
बत्तीसं सुहविहगइ–पुमसुभगतिगुच्चचउरंसे ॥६०॥
असुखगइजाइआगिइ,-संघयणाहारनिरयजोअदुगं ।
थिरसुभजसथावरदस, नपुइत्थीदुजुअलमसायं ॥६१॥
समयादंतमुहुत्तं, मणुदुगजिणवइरउरलुवंगेसु ।
तित्तीसयरा परमो, अंतमुहु लहूवि आउजिणे ॥६२॥
तिव्वो असुहसुहाणं, संकेसविसोहिओ विवज्जयओ ।
मंदरसो गिरिमहिरय,–जलरेहासरिसकसाएहिं ॥६३॥
चउठाणाई असुहो, सुहऽन्नहा विग्घदेसआवरणा ।
पुमसंजलणिगदुतिचउ–ठाणरसा सेस दुगमाइ ॥६४॥
निंबुच्छुरसो सहजो, दुतिचउभागकढिइक्कभागंतो ।
इगठाणाई असुहो, असुहाण सुहो सुहाणं तु ॥६५॥
तिव्वमिगथावरायव, सुरमिच्छा विगलसुहुमनिरयतिगं ।
तिरिमणुआउ तिरिनरा, तिरिदुगछेवट्ठ सुरनिरया ॥६६॥
विउव्विसुराहारगदुगं, सुखगइवन्नचउतेअजिणसायं ।
समचउपरघाततसदस, पणिंदिसासुच्च खवगा उ ॥६७॥
तमतमगा उज्जोअं, सम्मसुरा मणुअउरलदुगवइरं ।
अपमत्तो अमराउं, चउगई मिच्छा उ सेसाणं ॥६८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

थीणतिगं अणमिच्छं, मंदरसं संजमुम्मुहो मिच्छो।
बिअ तिअकसाय अविरय-देसपमत्तो अरइसोए ॥६९॥
अपमाइ हारगदुगं, दुनिद्दअसुवन्नहासरइकुच्छा।
भयमुवघायमपुव्वो, अनिअट्टी पुरिससंजलणे ॥७०॥
विग्घावरणे सुहुमो, मणुतिरिआ सुहुमविगलतिगआउं।
वेउव्विछक्कममरा, निरया उज्जोअउरलदुगं ॥७१॥
तिरिदुगनिअंतमतमा, जिणमविरयनिरयविणिगथावरयं।
आसुहमायव सम्मो व, सायथिरसुभजसा सिअरा॥७२॥
तसवन्नतेअचउमणु, खगइदुगपणिंदिसासपरघुच्चं।
संघयणागिइनपुथी, सुभगिअरतिमिच्छचउगइआ॥७३॥
चउतेअवन्न वेअणिअ,-नामणुक्कोस सेसधुवबंधी।
घाईणं अजहन्नो, गोए दुविहो इमो चउहा ॥७४॥
सेसंमि दुहा, इग दुग-णुगाइ जा अभवणंतगुणिआणू।
खंधा उरलोचिअवग्गणा उ तह अगहणंतरिआ॥७५॥
एमेव विउव्वाहार,-तेअभासाणुपाणमणकम्मे।
सुहुमा कमावगाहो ऊणूणंगुलअसंखंसो ॥७६॥
इक्किक्कहिआ सिद्धा णंतंसा अंतरेसु अग्गहणा।
सव्वत्थ जहन्नुचिआ, निअणंतंसाहिआ जिट्ठा॥७७॥
अंतिमचउफासदुगंध,-पंचवन्नरसकम्मखंधदलं।
सव्वजिअणंतगुणरस,-अणुजुत्तमणंतयपएसं ॥७८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एगपएसोगाढं, निअसव्वपएसओ गहेइ जिओ।
थोवो आउ तदंसो, नामे गोए समो अहिओ ॥७९॥
विग्घावरणे मोहे, सव्वोवरि वेअणीइ जेणप्पे।
तस्स फुडत्तं न हवइ, ठिईविसेसेण सेसाणं ॥८०॥
निअजाइलद्धदलिआ-णंतंसो होइ सव्वघाईणं।
बज्झंतीण विभज्जइ, सेसं सेसाण पइसमयं ॥८१॥
सम्मदरसव्वविरई, अणवीसंजोअ दंसखवगे अ।
मोहसमसंतखवगे, खीणसजोगिअरगुणसेढी ॥८२॥
गुणसेढी दलरयणा-णुसमयमुदयादसंखगुणणाए।
एयगुणा पुण कमसो, असंखगुणनिज्जरा जीवा ॥८३॥
पलिआऽसंखंसमुहू, सासणइअरगुणअंतरं हस्सं।
गुरु मिच्छि बे छसट्ठी, इअरगुणे पुग्गलद्धंतो ॥८४॥
उद्धारअद्धखित्तं, पलिअ तिहा समयवाससयसमए।
केसवहारो दीवो-दहिआउतसाइपरिमाणं ॥८५॥
दव्वे खित्ते काले, भावे चउह दुह बायरो सुहुमो।
होइ अणंतुस्सप्पिणि,-परिमाणो पुग्गलपरट्टो ॥८६॥
उरलाइसत्तगेणं, एगजिओ मुअइ फुसिअ सव्वअणू।
जत्तिअकालि स थूलो, दव्वे सुहुमो सगन्नयरा ॥८७॥
लोगपएसोसप्पिणि,-समया अणुभागबंधठाणा य।
जहतह कममरणेणं, पुट्ठा खित्ताइथूलिअरा ॥८८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्पयरपयडिबंधी, उक्कडजोगी अ सन्निपज्जत्तो ।
कुणइ पएसुक्कोसं, जहन्नयं तस्स वच्चासे ॥८९॥
मिच्छअजयउआऊ, बितिगुणविणुमोहिसत्तमिच्छाई ।
छण्हं सतरस सुहुमो, अजया देसा बितिकसाए ॥९०॥
पणअनिअट्टीसुखगइ, नराउसुरसुभगतिगविउव्विदुगं।
समचउरंसमसायं, वइरं मिच्छो व सम्मो वा ॥९१॥
निद्दापयलादुजुअल-भयकुच्छातित्थ सम्मगो सुजई।
आहारदुगं सेसा, उक्कोसपएसगा मिच्छो ॥९२॥
सुमुणी दुन्नि असन्नी, निरयतिगसुराउसुरविउव्विदुगं।
सम्मो जिणं जहन्नं, सुहुमनिगोआइखणि सेसा ॥९३॥
दंसणछगभयकुच्छा, बितितुरिअकसायविग्घनाणाणं ।
मूलछगेऽणुक्कोसो, चउह दुहा सेसि सव्वत्थ ॥९४॥
सेढिअसंखिज्जंसे, जोगट्ठाणाणि पयडिठिइभेआ ।
ठिइबंधज्झवसाया-णुभागठाणा असंखगुणा ॥९५॥
तत्तो कम्मपएसा, अणंतगुणिआ तओ रसच्छेआ ।
जोगा पयडिपएसं, ठिइअणुभागं कसायाओ ॥९६॥
चउदसरज्जू लोगो, बुद्धिकओ सत्तरज्जुमाणघणो ।
तद्दीहेगपएसा. सेढी पयरो अ तव्वग्गो ॥९७॥
अणदंसनपुंसित्थी, वेअच्छक्कं च पुरिसवेअं च ।
दो दो एगंतरिए, सरिसे सरिसं उवसमेइ ॥९८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अणमिच्छमीससम्मं, तिआउइगविगलथीणतिगुज्जोअं।
तिरिनिरयथावरदुगं, साहारायवअडनपुत्थी ॥९९॥
छगपुमसंजलणा दो,-निद्दाविग्घावरणखए नाणी।
देविंदसूरिलिहिअं, सयगमिणं आयसरणट्ठा ॥१००॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अथ सप्ततिकानामा षष्ठः कर्मग्रंथः।

सिद्धपएहिं महत्थं, बंधोदयसंतपयडिठाणाणं।
वुच्छं सुण संखेवं, नीसंदं दिट्ठिवायस्स ॥१॥
कइ बंधंतो वेयइ ?, कइ कइ वा संतपयडिठाणाणि।
मूलुत्तरपगईसुं, भंगविप्पा मुणेअव्वा ॥२॥
अट्ठविहसत्तछब्बंधएसु, अट्ठेव उदयसंतंसा।
एगविहे तिविगप्पो, एगविगप्पो अबंधंमि ॥३॥
सत्तट्ठबंध अट्ठुदय–संत तेरससु जीवठाणेसु।
एगंमि पंच भंगा, दो भंगा हुंति केवलिणो ॥४॥
अट्ठसु एगविगप्पो, छस्सुवि गुणसन्निएसु दुविगप्पो।
पत्तेअं पत्तेअं, बंधोदयसंतकम्माणं ॥५॥
पंचनवदुन्निअट्ठा–वीसा चउरो तहेव बायाला।
दुन्नि अ पंच य भगिया, पयडीओ आणुपुव्वीए ॥६॥
बंधोदयसंतंसा, नाणावरणंतराइए पंच ।
बंधोवरमेवि उदय,–संतंसा हुंति पंचेव ॥७॥
बंधस्स य संतस्स य, पगइट्ठाणाइ तिण्णि तुल्लाइं।
उदयट्ठाणाइं दुवे, चउ पणगं दंसणावरणे ॥८॥
बीआवरणे नवबंधए (गे) सु, चउपंचउदय नवसंता।
छच्चउबंधे चेवं, चउबंधुदए छलंसा य ॥९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उवरयबंधे चउ पण, नवंस चउरुदय छच्चउसंता ।
वेअणिआउयगोए, विभज्ज मोहं परं वुच्छं ॥१०॥
गोअंमि सत्त भंगा, अट्ठ य भंगा हवंति वेअणिए ।
पण नव नव पण भंगा, आउचउक्के वि कमसो उ ॥११॥
बावीस इक्कवीसा, सत्तरसं तेरसेव नव पंच ।
चउ तिग दुगं च इक्कं, बंधठाणाणि मोहस्स ॥१२॥
एगं व दो व चउरो, एत्तो एगाहिआ दसुक्कोसा ।
ओहेण मोहणिज्जे, उदयट्ठाणाणि नव हुंति ॥१३॥
अट्ठ य सत्त य छ च्चउ, तिग दुग एगाहिआ भवे वीसा ।
तेरस बारिक्कारस, इत्तो पंचाइ एगूणा ॥ १४ ॥
संतस्स पयडिठाणाणि, ताणि मोहस्स हुंति पन्नरस ।
बंधोदयसंते पुण, भंगविगप्पा बहू जाण ॥१५॥
छब्बावीसे चउ इगवीसे, सत्तरस तेरसे दो दो ।
नवबंधगे वि दुण्णि उ, इक्किक्कमओ परं भंगा ॥१६॥
दस बावीसे नव इगवीसे, सत्ताइ उदयकम्मंसा ।
छाई नव सत्तरसे, तेरे पंचाइ अट्ठेव ॥१७॥
चत्तारिआइ नवबंधएसु, उक्कोस सत्तमुदयंसा ।
पंचविहबंधगे पुण, उदओ दुण्ह मुणेअव्वो ॥१८॥
इत्तो चउबंधाइ, इक्किक्कुदया हवंति सव्वेवि ।
बंधोवरमे वि तहा, उदयाभावे वि वा हुज्जा ॥१९॥
इक्कम छक्किक्कारस, दस सत्त चउक्क इक्कगं चेव ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एए चउवीसगया, बार दुगिक्कंमि इक्कारा ॥२०॥
[पाठांतरं—चउवीसं दुगिक्कमिक्कारा. एतन्मतांतरं]
नवतेसीइसएहिं, उदयविगप्पेहिं मोहिआ जीवा।
अउणुत्तरिसीआला, पयविंदसएहिं विन्नेआ ॥२१॥
नवपंचाणउअसए, उदयविगप्पेहिं मोहिआ जीवा।
अउणुत्तरि एगुत्तरि, पयविंदसएहिं विन्नेआ ॥२२॥
तिन्नेव य बावीसे, इगवीसे अट्ठवीस सत्तरसे।
छच्चेव तेरनवबंधएसु पंचेव ठाणाणि ॥ २३ ॥
पंचविहचउविहेसुं, छछक्क सेसेसु जाण पंचेव।
पत्तेअं पत्तेअं, चत्तारि अ बंधवुच्छेए ॥ २४ ॥
दसनवपन्नरसाइं, बंधोदयसंतपयडिठाणाणि।
भणिआणि मोहणिज्जे, इत्तो नामं परं वुच्छं ॥२५॥
तेवीस पण्णवीसा, छव्वीसा अट्ठवीस गुणतीसा।
तीसेगतीसमेगं, बंधट्ठाणाणि नामस्स ॥ २६ ॥
चउपणवीसा सोलस, नव बाणउईसया य अडयाला।
एयालुत्तर छाया—लसया इक्किक्क बंधविही ॥२७॥
वीसिगवीसा चउवी—सगा उ एगाहिआ य इगतीसा।
उदयट्ठाणाणि भवे, नव अट्ठ य हुंति नामस्स ॥२८॥
इक्क विआलिक्कारस, तित्तीसा छस्सयाणि तित्तीसा।
बारससत्तरससयाण—हिगाणिबिपंचसीईहिं ॥ २९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अउणत्तीसिक्कारस, सयाणिहिअ सत्तरपंचसट्ठीहिं।
इक्किक्कगं च वीसा,-दट्ठुदयंतेसु उदयविही ॥३०॥
तिदुनउई गुणनउई, अडसी छलसी असीइ गुणसीई।
अट्ठयछप्पन्नत्तरि, नव अट्ठ य नामसंताणि ॥ ३१ ॥
अट्ठ य बारस बारस, बंधोदयसंतपयडिठाणाणि।
ओहेणाएसेण य, जत्थ जहासंभवं विभजे ॥३२॥
नवपणगोदयसंता, तेवीसे पन्नवीस छव्वीसे।
अट्ठ चउरट्ठवीसे, नव सगिगुणतीस तीसंमि ॥३३॥
एगेगमेगतीसे, एगे एगुदय अट्ठ संतंमि।
उवरयबंधे दस दस, वेअगसंतंमि ठाणाणि ॥३४॥
तिविगप्पपगइठाणेहिं, जीवगुणसन्निएसु ठाणेसु।
भंगा पउंजियव्वा, जत्थ जहासभवो भवइ ॥३५॥
तेरससु जीवसंखेवएसु, नाणंतरायतिविगप्पो।
इक्कंमि तिदुविगप्पो, करणं पइ इत्थ अविगप्पो ॥३६॥
तेरे नव चउ पणगं, नव संतेगंमि भंगमिक्कारा।
वेअणिआउयगोए, विभज्ज मोहं परं वुच्छं ॥३७॥
पज्जत्तगसन्निअरे, अट्ठ चउक्कं च वेअणियभंगा।
सत्त य तिगं च गोए, पत्तेअं जीवठाणेसु ॥३८॥
पज्जत्ताऽपज्जत्तग, समणे पज्जत्तअमण सेसेसु।
अट्ठावीसं दसगं, नवगं पणगं च आउस्स ॥३९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अट्ठसु पंचसु एगे, एग दुगं दस य मोहबंधगए ।
तिग चउ नव उदयगए, तिग तिग पन्नरस संतंमि ॥४०॥
पण दुग पणगं पण चउ, पणगं पणगा हवंति तिन्नेव ।
पण छप्पणगं छच्छ,-प्पणगं अट्ठट्ठ दसगं ति ॥४१॥
सत्तेव अपज्जत्ता, सामी सुहुमा य बायरा चेव ।
विगलिंदिआउतिन्निउ, तह य असन्नी अ सन्नी अ ॥४२॥
नाणंतराय तिविहमवि, दससु दो हुंति दोसु ठाणेसु ।
मिच्छासाणे बीए, नव चउ पण नव य संतंसा ॥४३॥
मिस्साइ नियट्टीओ, छ च्चउ पण नव य संतकम्मंसा ।
चउबंध तिगे चउपण, नवंस दुसु जुअल छस्संता ॥४४॥
उवसंते चउ पण नव, खीणे चउरुदय छच्च चउ संता ।
वेअणिआउ अ गोए, विभज्ज मोहं परं वुच्छं ॥४५॥
चउ छस्सु दुन्नि सत्तसु, एगे चउगुणिसु वेअणिअभंगा ।
गोए पण चउ दो तिसु, एगट्ठसु दुन्नि इक्कंमि ॥४६॥
अट्ठच्छाहिगवीसा, सोलस वीसं च बारस छ दोसु ।
दो चउसु तीसु इक्कं, मिच्छाइसु आउए भंगा ॥४७॥
गुणठाणएसु अट्ठसु, इक्किक्कं मोहबंधठाणं तु ।
पंच अनिअट्टिठाणे, बंधोवरमो परं तत्तो ॥४८॥
सत्ताइ दस उ मिच्छे, सासायणमीसए नवुक्कोसा ।
छाई नव उ अविरए, देसे पंचाइ अट्ठेव ॥४९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विरए खओवसमिए, चउराई सत्त छच्च पुव्वंमि।
अनिअट्टिबायरे पुण, इक्को व दुवे व उदयंसा ॥५०॥
एगं सुहुमसरागो, वेएइ अवेअगा भवे सेसा।
भंगाणं च पमाणं, पुव्वुद्दिट्टेण नायव्वं ॥५१॥
इक्क छडिक्कारिक्का–रसेव इक्कारसेव नव तिन्नि।
एए चउवीसगया, बार दुगे पंच इक्कंमि ॥५२॥
बारसपणसट्ठिसया, उदयविगप्पेहिं मोहिआ जीवा।
चुलसीई सत्तुत्तरि, पयविंदसएहिं विन्नेआ ॥५३॥
अट्ठग चउ चउ चउरट्ठगा य, चउरो अ हुंति चउवीसा।
मिच्छाइअपुव्वंता, बारस पणगं च अनिअट्टी ॥५४॥
जोगोवओगलेसा,–इएहिं गुणिआ हवंति कायव्वा।
जे जत्थ गुणट्ठाणे, हवंति ते तत्थ गुणकारा ॥५५॥
अट्ठट्ठी बत्तीसं, बत्तीसं, सट्ठिमेव बावन्ना।
चोआलं दोसु वीसा विअ, मिच्छमाइसु सामन्नं॥५६॥
तिन्नेगे एगेगं, तिग मीसे पंच चउसु तिग पुव्वे।
इक्कार बायरंमि उ, सुहुमे चउ तिन्नि उवसंते ॥५७॥
छन्नव छक्कं तिग सत्त, दुगं दुग तिग दुगंति अट्ठ चउ।
दुग छच्चउ दुग पण चउ, चउ दुग चउ पणग एग चऊ।५८॥
एगेगमट्ठ एगेगमट्ठ, छउमत्थकेवलिजिणाणं।
एग चऊ एग चऊ, अट्ठ चऊ दु छक्कमुदयंसा ॥५९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चउ पणवीसा सोलस, नव चत्ताला सया य बाणउई ।
बत्तीसुत्तर छायाल–सया मिच्छस्स बंधविही ॥६०॥
अट्ठ सया चउसट्ठी बत्तीससयाइं सासणे भेआ ।
अट्ठावीसाईसुं, सव्वाणऽट्ठहिगछन्नउई ॥ ६१ ॥
इगचत्तिगार बत्तीस, छसय इगतीसिगारनवनउई ।
सतरिगसि गुतीसचउद, इगारचउसट्ठि मिच्छुदया॥६२॥
बत्तीस दुन्नि अट्ठय, बासीइसया य पंच नव उदया ।
बारहिआ तेवीसा, बावन्निक्कारस सया य ॥ ६३ ॥
दो छक्कट्ठ चउक्कं, पण नव इक्कार छक्कगं उदया ।
नेरइआइसु सत्ता, ति पंच इक्कारस चउक्कं ॥६४॥
इग विगलिंदिअ सगले, पण पंच य अट्ठ बंधठाणाणि ।
पण छक्किक्कारुदया, पण पण बारस य संताणि ॥६५॥
इअ कम्मपगइठाणाणि, सुट्ठु बंधुदयसंतकम्माणं ।
गइआइएहिं अट्ठसु, चउप्पयारेण नेयाणि ॥६६॥
उदयस्सुदीरणाए, सामित्ताओ न विज्जइ विसेसो ।
मुत्तूण य इगयालं, सेसाणं सव्वपयडीणं ॥ ६७ ॥
नाणंतरायदसगं, दंसणनव वेअणिज्जमिच्छत्तं ।
सम्मत्त लोभ वेआ–उआणि नवनाम उच्चं च ॥६८॥
तित्थयराहारगविरहिआउ, अज्जेइ सव्वपयडीओ ।
मिच्छत्तवेअगो सा–सणोवि गुणवीससेसाओ ॥६९॥
छायालसेस मीसो, अविरयसम्मो तिआलपरिसेसा ।
तेवन्न देसविरओ, विरओ सगवन्नसेसाओ ॥७०॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इगुणट्ठिमप्पमत्तो, बंधइ देवाउअस्स इअरोवि।
अट्ठावन्नमपुव्वो, छप्पन्नं वावि छव्वीसं ॥७१॥
बावीसा एगूणं, बंधइ अट्ठारसंतमनिअट्टि।
सतरस सुहुमसरागो, सायममोहो सजोगुत्ति ॥७२॥
एसो उ बंधसामित्त,-ओहो गइआइएसु वि तहेव।
ओहाओ साहिज्जइ, जत्थ जहा पगइसब्भावो ॥७३॥
तित्थयरदेवनिरया-उअं च तिसु तिसु गईसु बोधव्वं।
अवसेसा पयडीओ, हवंति सव्वासु वि गईसु ॥७४॥
पढमकसायचउक्कं, दंसणतिग सत्तगा वि उवसंता।
अविरयसम्मत्ताओ, जाव निअट्टित्ति नायव्वा ॥७५॥
सत्तट्ठ नव य पनरस, सोलस अट्ठारसेव गुणवीसा।
एगाहि दु चउवीसा, पणवीसा बायरे जाण ॥७६॥
सत्तावीसं सुहुमे, अट्ठावीसं च मोहपयडीओ।
उवसंतवीअराए, उवसंता हुंति नायव्वा ॥७७॥
पढमकसायचउक्कं, इत्तो मिच्छत्तमीससम्मत्तं।
अविरयसम्मे देसे, पमत्ति अपमत्ति खीअंति ॥७८॥
अनिअट्टिबायरे थीण-गिद्धितिगनिरयतिरिअनामाओ।
संखिज्जइमे सेसे, तप्पाउग्गाओ खीअंति ॥७९॥
इत्तो हणइ कसाय-ट्ठगंपि पच्छा नपुंसगं इत्थीं।
तो नोकसायछक्कं, छुहइ संजलणकोहंमि ॥८०॥
पुरिसं कोहे कोहं, माणे माणं च छुहइ मायाए।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मायं च छुहइ लोहे, लोहं सुहुमंपि तो हणइ ॥८१॥
खीणकसायदुचरिमे, निद्दं पयलं च हणइ छउमत्थो।
आवरणमंतराए, छउमत्थो चरमसमयंमि ॥८२॥
देवगइसहगयाओ, दुचरमसमयभविअंमि खीअंति।
सविवागेअरनामा, नीआगोअंपि तत्थेव ॥८३॥
अन्नयर वेयणीअं, मणुआउअमुच्चगोअनवनामे।
वेएइ अजोगिजिणो, उक्कोसजहन्नमिक्कारा ॥८४॥
मणुअगइजाइतसबायरं च, पज्जत्तसुभगमाइज्जं।
जसकित्ती तित्थयरं, नामस्स हवंति नव एआ ॥८५॥
तच्चाणुपुव्विसहिआ, तेरस भवसिद्धिअस्स चरमंमि।
संतंसगमुक्कोसं, जहन्नयं बारस हवंति ॥ ८६ ॥
मणुअगइसहगयाओ, भवखित्तविवागजिअविवागाओ।
वेअणिअन्नयरुच्चं चरमसमयंमि खीअंति ॥ ८७ ॥
अहसुइअसयलजगसिहर-मरुअनिरुवमसहावसिद्धिसुहं।
अनिहणमव्वाबाहं, तिरयणसारं अणुहवंति ॥ ८८ ॥
दुरहिगम-निउण-परमत्थ-रुइरबहुभंगदिट्ठिवायाओ।
अत्था अणुसरिअव्वा, बंधोदयसंतकम्माणं ॥८९॥
जो जत्थ अपडिपुन्नो, अत्थो अप्पागमेण बद्धोत्ति।
तं खमिऊण बहुसुआ, पुरेऊणं परिकहंतु ॥ ९० ॥
गाहग्गं सयरीए, चंदमहत्तरमयाणुसारीए।
टीगाइ निअमिआणं, एगूणा होइ नउईओ ॥९१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री शङ्खेश्वर-पार्श्वनाथाय नमः।

# अथ शतकनामा पंचम-कर्मग्रंथः ।

## મંગળ અને અભિધેય

**नमिअ जिणं धुवबंधो-दयसंता घाइपुन्नपरिअत्ता;**
**सेअर चउहविवागा, वुच्छं बंधविह सामी अ ॥१॥**

| | |
|---|---|
| **नमिअ**=નમસ્કાર કરીને | **सेयर**=પ્રતિપક્ષી સહિત |
| **जिणं**=તીર્થંકરને | **चउह**=ચાર પ્રકારે |
| **धुवबंध**=ધ્રુવબંધી | **विवागा**=વિપાક દેખાડનારી |
| **उदय**=ધ્રુવઉદયી | **वुच्छं**=કહીશું |
| **संता**=ધ્રુવસત્તા | **बंधविह**=બંધના ભેદો |
| **घाइ**=ઘાતી-સર્વઘાતી, દેશઘાતી | **सामी**=બંધના સ્વામી |
| **पुन्न**=પુન્ય પ્રકૃતિ | **अ**=ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ |
| **परिअत्ता**=પરાવર્ત્તમાન | |

અર્થ:-તીર્થંકર દેવને નમસ્કાર કરીને ધ્રુવબંધી, ધ્રુવઉદયી ધ્રુવસત્તા, ઘાતી, પુન્ય અને પરાવર્ત્તમાન પ્રકૃતિ તેની પ્રતિપક્ષી પ્રકૃતિ સહિત, તથા ચાર પ્રકારે વિપાક દેખાડનારી પ્રકૃતિ, ચાર બંધવિધિ, બંધસ્વામિત્વ, ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ વગેરે કહીશું. ॥ ૧ ॥

**વિવેચન:**-શ્રી જિન પ્રત્યે નમસ્કાર કરીને એટલાં દ્વાર કહીશ. ઇતિ સંબંધ. ધ્રુવબંધી ૧, અધ્રુવબંધી પ્રકૃતિ ૨, ધ્રુવોદયી ૩, અધ્રુવોદયી ૪, ધ્રુવસત્તા ૫, અધ્રુવસત્તા ૬, ઘાતી ૭, અઘાતી ૮,

---

* સત્તા ઇતિ પાઠાંતરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુન્ય પ્રકૃતિ ૯, પાપ પ્રકૃતિ ૧૦, પરાવર્તિની ૧૧, અને અપરાવર્તિની ૧૨, એમાં પ્રથમ છ સૂત્રોક્ત અને છ એથી ઇતર [પ્રતિપક્ષી] સહિત એવં ૧૨. ચાર પ્રકારે વિપાક તે સ્વશક્તિનું દેખાડવું, તે કઈ? ક્ષેત્રવિપાકી ૧, જીવવિપાકી ૨, ભવવિપાકી ૩, પુદ્ગલવિપાકી ૪, એવં ૧૬. ચાર ભેદે બંધવિધિ તે પ્રકૃતિબંધ ૧, સ્થિતિબંધ ૨, રસબંધ ૩ અને પ્રદેશબંધ ૪ એવં ૨૦. તથા અલ્પતર બંધ, ભૂયસ્કાર બંધ, અવસ્થિત બંધ ને અવક્તવ્ય બંધ, તેની વિધિ અને તેના સ્વામી કોણ? તે ૪, એવં ૨૪. ચ શબ્દથી ઉપશમશ્રેણિ ૨૫, ક્ષપકશ્રેણિ ૨૬, એમ છવ્વીશ દ્વાર કહીશ.

ધ્રુવબંધ—અવશ્ય બંધ હોય જેનો તે ધ્રુવબંધિની કહીએ ૧, જેનો બંધ હેતુ સંભવે પણ બંધ હોય અને ન પણ હોય તે અધ્રુવબંધિની ૨, જેનો નિરંતર સદાય ઉદય હોય જ તે ધ્રુવોદયી ૩, અને જેનો ઉદય વિચ્છેદ જાય અને વળી તથાવિધ કારણ પામીને ફરી ઉદય થાય તે અધ્રુવોદયી ૪, અનાદિ મિથ્યાત્વી જીવને જે નિરંતર સત્તાએ હોય જ તે ધ્રુવસત્તા ૫, અને જે કોઈવાર સત્તાએ હોય કોઈવાર ન પણ હોય તે અધ્રુવસત્તા ૬, સર્વથા પોતાના જ્ઞાનાદિ વિષયને હણે તે સર્વઘાતી અને કાંઈક હણે તે દેશઘાતી ૭, અને જે જ્ઞાનાદિ ગુણને કાંઈ ન હણે તે અઘાતી ૮, શુભ તે પુણ્ય પ્રકૃતિ ૯, અશુભ તે પાપ પ્રકૃતિ ૧૦, અનેરી [બીજી] પ્રકૃતિનો બંધ અથવા ઉદય નિવારીને પોતાનો બંધ તથા ઉદય દેખાડે તે પરાવર્તિની ૧૧, અને જે પરનો બંધ ઉદય વાર્યા વિના જ પોતાનો બંધ ઉદય દેખાડે તે અપરાવર્ત્તિની ૧૨.

**यतः–विणिवारिय जा गच्छइ बंधं उदयं च अण्णपयईए ।**
**सा हु परिअत्तमाणी अणिवारंती अपरियत्ता ॥ १ ॥**

વિપાક તે ક્ષેત્રાદિક પામીને કર્મની શક્તિનું દેખાડવું તે ચાર ભેદે છે, એવં સોળ. ॥ ૧ ॥*

---

* આકાશને વિષે જ અપાંતરાલ ગતિમાં જેનો ઉદય હોય, તે ક્ષેત્રવિપાકી પ્રકૃતિ.

જીવને વિષેજ પોતાની શક્તિ દેખાડે, તે જીવવિપાકી પ્રકૃતિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિ.

४ १ १ १ १ १ १ १
**वन्नचउतेअकम्मा-गुरुलहुनिमिणोवघायभयकुच्छा;**
१ १६ १४ ५ ४७
**मिच्छकसायावरणा, विग्घं धुवबंधि सगचत्ता ॥२॥**

| | |
|---|---|
| वन्नचउ=વર્ણ ચતુષ્ક | मिच्छ=મિથ્યાત્વ |
| तेअ=તૈજસ શરીર | कसाय=કષાયો |
| कम्मा=કાર્મણ શરીર | आवरणा=આવરણો-જ્ઞાનાવરણ પાંચ અને દર્શનાવરણ નવ મળી ૧૪ |
| अगुरुलहु=અગુરુલઘુ નામકર્મ | विग्घं=પાંચ અંતરાય |
| निमिण=નિર્માણ નામકર્મ | धुवबंधि=ધ્રુવબંધી પ્રકૃતિઓ |
| उवघाय=ઉપઘાત નામકર્મ | सगचत्ता=સુડતાળીસ. |
| भय=ભય મોહનીય | |
| कुच्छा=જુગુપ્સા મોહનીય | |

**विवेचन:**—ધ્રુવબંધી પ્રકૃતિ કહે છે. વર્ણાદિક ચાર તે વર્ણ ૧, ગંધ ૨, રસ ૩, સ્પર્શ ૪, તૈજસ્ શરીર ૫, કાર્મણ શરીર ૬, અગુરુલઘુ નામ ૭, નિર્માણ નામ ૮, ઉપઘાત નામ ૯, ભય ૧૦,

---

નારક તિર્યગાદિ ભવને વિષે જ જેનો ઉદય હોય, તે ભવવિપાકી પ્રકૃતિ.

શરીર પુદ્ગલોને વિષે જ પોતાની શક્તિ દેખાડે, તે પુદ્ગલવિપાકી પ્રકૃતિ.

સ્થિતિ, અનુભાગ અને પ્રદેશનો સમુદાય તે પ્રકૃતિબંધ.

અધ્યવસાય વિશેષે ગ્રહણ કરેલાં કર્મદલિકોને વિષે સ્થિતિકાળનું ચોક્કસ કરવું, તે સ્થિતિબંધ.

કર્મપુદ્ગલોનો જે શુભાશુભ કે ઘાતિ અઘાતિ રસ, તે અનુભાગ—રસબંધ.

સ્થિતિ રસની અપેક્ષા વિના જે કર્મપુદ્ગલોનું જ ગ્રહણ કરવું [ દલિક-સંખ્યાની જ મુખ્યતાએ ], તે પ્રદેશબંધ.

એજ ચાર પ્રકારના બંધના જઘન્ય તથા ઉત્કૃષ્ટપણે જે સ્વામી તેના ચાર પ્રકાર.

'च' શબ્દથી ઉપશમશ્રેણિ તથા ક્ષપકશ્રેણિ આદિ. એ પ્રમાણે સર્વ મળી ૨૬ દ્વાર કહેવાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુચ્છા ૧૧, મિથ્યાત્વમોહનીય ૧૨, સોળ કષાય ૨૮, પાંચ જ્ઞાનાવરણ ૩૩, નવ દર્શનાવરણ ૪૨ અને પાંચ અંતરાય ૪૭; એ સુડતાલીશ **ध्रुवबंधी प्रकृति** જાણવી. એમાં જે ગુણઠાણા લગે જેનો બંધ કહ્યો છે, ત્યાં લગે તે અવશ્ય બંધાય છે તે માટે એ ધ્રુવબંધી કહેવાય છે.

પહેલે ગુણઠાણે મિથ્યાત્વનો ધ્રુવબંધ. થીણદ્ધીત્રિક અને અનંતાનુબંધી ૪ કષાય, એ સાતનો બીજા ગુણઠાણા સુધી ધ્રુવબંધ. અપ્રત્યાખ્યાનીય ૪ કષાયનો ચોથા ગુણઠાણા સુધી ધ્રુવબંધ. પ્રત્યાખ્યાનીય ૪ કષાયનો પાંચમા ગુણઠાણા લગે ધ્રુવબંધ. બે નિદ્રાનો આઠમાના પહેલા ભાગ લગે ધ્રુવબંધ. વર્ણાદિ ૪, તૈજસ્ ૧, કાર્મણ ૧, અગુરુલઘુ ૧, નિર્માણ ૧ અને ઉપઘાત ૧, એ નવ પ્રકૃતિ આઠમાના છઠ્ઠા ભાગ લગે ધ્રુવબંધી. ભય, કુચ્છા એ બે આઠમાના અંત લગે ધ્રુવબંધી. સંજ્વલન ક્રોધનો નવમાના બીજા ભાગ લગે ધ્રુવબંધ, સંજ્વલન માનનો ત્રીજા ભાગ લગે, સંજ્વલની માયાનો ચોથા ભાગ લગે અને સંજ્વલન લોભનો પાંચમા ભાગ લગે ધ્રુવબંધ. જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, અંતરાય ૫, એ ૧૪ નો દશમા ગુણઠાણા લગે ધ્રુવબંધ છે. ॥ ૨ ॥

---

## અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિ.

**तणुवंगागिइसंघयण, जाइगइखगइपुव्विजिणुसासं;**
**उज्जोआयवपरघा,–तसवीसा गोयवेअणिअं ॥ ३ ॥**

तणु=ત્રણ શરીરો–ઔદારિક, વૈક્રિય, આહારક.
उवंगा=ત્રણ અંગોપાંગ.
आगिइ=આકૃતિ–સંસ્થાન ૭.
संघयण=૭ સંઘયણ
जाइ=પાંચ જાતિ
गइ=ચાર ગતિ
खगइ=વિહાયોગતિ બે
पुव्वि=ચાર આનુપૂર્વી
जिण=જિન નામકર્મ
उसासं=શ્વાસોચ્છ્વાસ નામકર્મ
उज्जोअ=ઉદ્યોત નામકર્મ
आयव=આતપ નામકર્મ
परघा=પરાઘાત નામકર્મ
तसवीसा=ત્રસવીશક
गोय=બે ગોત્ર કર્મ
वेअणिअं=બે વેદનીય કર્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થઃ**—ત્રણ શરીર, ત્રણ ઉપાંગ, છ સંસ્થાન, છ સંઘયણ, પાંચ જાતિ, ચાર ગતિ, બે વિહાયોગતિ, ચાર આનુપૂર્વી, જિન નામકર્મ, શ્વાસોચ્છ્વાસ નામકર્મ, ઉદ્યોત નામકર્મ, આતપ નામકર્મ, પરાઘાત નામકર્મ, ત્રસવીશક, બે ગોત્રકર્મ, બે વેદનીયકર્મ. ૩

**વિવેચનઃ**– અધ્રુવબંધી કહે છે–તૈજસ અને કાર્મણ ધ્રુવબંધીમાં કહ્યાં તે માટે શેષ ૩, શરીર–ઔદારિક ૧, વૈક્રિય ૨, આહારક ૩, એજ ત્રણ શરીરનાં ત્રણ ઉપાંગ ૬, છ સંસ્થાન ૧૨, છ સંઘયણ ૧૮, એકેંદ્રિયાદિક પાંચ જાતિ ૨૩, ચાર ગતિ ૨૭, બે વિહાયોગતિ ૨૯, ચાર આનુપૂર્વી ૩૩, જિનનામ ૩૪, ઉચ્છ્વાસનામ ૩૫, ઉદ્યોતનામ ૩૬, આતપનામ ૩૭, પરાઘાતનામ ૩૮, ત્રસનો દશકો અને સ્થાવરનો દશકો એ વીશ ૫૮, બે ગોત્ર ૬૦, બે વેદનીય ૬૨. ॥ ૩ ॥

**हासाइजुयलदुगवेअ,–आउ तेवुत्तरी अधुवबंधी [धा]; भंगा अणाइसाई, अणंतसंतुत्तरा चउरो ॥ ४ ॥**

**हासाइ**=હાસ્યાદિક
**जुयलदुग**=બે યુગલ
**वेअ**=ત્રણ વેદ
**आउ**=ચાર આયુષ્ય કર્મ
**तेवुत्तरी**=તહોંતેર
**अधुवबंधी**=અધ્રુવબંધી
**भंगा**=ભાંગા
**अणाइ–साई**=અનાદિ અને સાદિને
**अणंतसंतुत्तरा**=અનંત અને સાંત ઉત્તરપદમાં જોડેલા છે એવા
**चउरो**=ચાર ભાંગા

**अर्थः**—હાસ્યાદિ બે યુગલ, ત્રણ વેદ અને ચાર આયુષ્યકર્મ, એ તહોંતેર અધ્રુવબંધી પ્રકૃતિ છે. [એ ધ્રુવબંધી, અધ્રુવબંધી, ધ્રુવઉદયી અને અધ્રુવઉદયી પ્રકૃતિના બંધને આશ્રીને] અનાદિ અને સાદિને અનંત અને સાંત ઉત્તરપદમાં જોડેલા છે એવા ચાર ભાંગા થાય છે. ॥ ૪ ॥

**विवेचनः**—હાસ્ય ૧, રતિ ૨ અને અરતિ ૧, શોક ૨ એ બે યુગલ ૬૬, ત્રણ વેદ ૬૯, ચાર આયુઃ ૭૩, એ તહોંતેર પ્રકૃતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અધ્રુવબંધી** હોય ત્યાં પરાઘાત ૧, ઉચ્છ્વાસ ૨, તે પર્યાપ્ત નામ સાથે જ બંધાય. આતપ તે એકેંદ્રિય યોગ્ય પ્રકૃતિ સાથે જ બંધાય. ઉદ્યોત તે તિર્યંગ્ગતિયોગ્ય પ્રકૃતિ સાથે જ બંધાય. જિન-નામનો બંધ તો સમ્યક્ત્વપ્રત્યયિક જ છે, આહારકદ્વિકનો બંધ તો સંયમપ્રત્યયિક જ છે. અને શેષ ૬૬ પ્રકૃતિઓ તો માંહો-માંહે પ્રતિપક્ષી પ્રકૃતિ છે તે એક બંધાય ત્યારે બીજી ન બંધાય એ કારણે તે ૬૬ અધ્રુવબંધી હોય. હવે ધ્રુવબંધી ૧, અધ્રુવ-બંધી ૨, ધ્રુવોદયી ૩ અને અધ્રુવોદયી ૪ ને વિષે ચાર ભાંગા હોય, તે કયા ? અનાદિ અને સાદિ તેની આગળ અનંત અને સાન્ત શબ્દ જોડીએ, તે આ પ્રમાણે—અનાદિ અનંત ૧, અનાદિ સાંત ૨, સાદિ અનંત ૩, સાદિ સાન્ત ૪, એ ચાર* ભાંગા હોય. ॥ ૪ ॥

---

## ધ્રુવબંધ્યાદિને વિષે ભાંગા

**पढमबिआ धुवउदइसु, धुवबंधिसु तइअवज्जभंगतिगं;**
**मिच्छंमि तिन्नि भंगा दुहावि अधुवा तुरिअभंगा ॥५॥**

पढमबिआ=પહેલો અને બીજો ભાંગો
धुवउदइसु=ધ્રુવોદયી પ્રકૃતિને વિષે
धुवबंधिसु=ધ્રુવબંધી પ્રકૃતિને વિષે
तइअवज्ज=ત્રીજો ભાંગો વર્જીને
भंगतिगं=ત્રણ ભાંગા હોય
मिच्छंमि=મિથ્યાત્વ મોહની-યને વિષે
तिन्नि=ત્રણ
दुहावि=બંને પ્રકારે
अधुवा=અધ્રુવ [અધ્રુવબંધી, અધ્રુવોદયી]
तुरिअभंगा=ચોથા ભાંગાવાળી

**अर्थः**—ધ્રુવોદયી પ્રકૃતિને વિષે પહેલો અને બીજો ભાંગો હોય, ધ્રુવબંધી પ્રકૃતિને વિષે ત્રીજો વર્જીને ત્રણ ભાંગા [ પહેલો,

---

* જેનો પ્રારંભ અને વિચ્છેદ ન હોય, તે અનાદિ અનંત.
જેનો પ્રારંભ ન હોય, વિચ્છેદ હોય, તે અનાદિ સાંત.
જેનો પ્રારંભ હોય, વિચ્છેદ ન હોય તે સાદિ અનંત.
જેનો પ્રારંભ અને વિચ્છેદ બન્ને હોય, તે સાદિ સાંત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજો, ચોથો ] હોય, મિથ્યાત્વ મોહનીયને વિષે ત્રણ ભાંગા હોય અને બંને પ્રકારે અધ્રુવપ્રકૃતિ ચોથા ભાંગાવાળી છે. ॥ ૫ ॥

**વિવેચન:**—ધ્રુવોદયી પ્રકૃતિને વિષે પહેલો અને બીજો ભાંગો હોય, ત્યાં અભવ્યને ધ્રુવોદયી ૨૭ પ્રકૃતિનો અનુદય કોઈ વારે નહીં થાય તે માટે પહેલો અનાદિ અનંત ભાંગો હોય અને ભવ્યને અનાદિનો ઉદય છે પણ આગળ બારમે તેરમે ગુણઠાણે ઉદય ટળશે, તે માટે અનાદિ સાન્ત ભાંગો હોય, ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિને વિષે ત્રીજો વર્જીને પહેલો, બીજો, ચોથો એ ત્રણ ભાંગા હોય, તે આવી રીતે-અભવ્યને ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિનો બંધ અનાદિનો છે અને કોઇ વારે અબંધક નહીં થાય તે માટે અનાદિ અનંત ભાંગો હોય ૧. તથા ભવ્યને એ ધ્રુવબંધીનો અનાદિનો બંધ છે પણ ગુણઠાણું ચડતાં બંધ ટળશે તે માટે અનાદિ સાન્ત બીજો ભાંગો હોય ૨. તથા તેજ ગુણઠાણે ચડતાં અબંધક થઈ ને પડતાં બાંધે તે વારે સાદિ બંધ અને તે વળી કાળાન્તરે ગુણઠાણે ચડતો અબંધક થશે એટલે તેને સાદિસાન્ત ચોથો ભાંગો હોય ૩. અને પૂર્વે બંધની આદિ છે પણ આગળ અંત નથી એ સાદિ અનંત ભાંગો તો કોઈ પ્રકૃતિને હોય જ નહીં. ધ્રુવોદયીને વિષે તો બે ભાંગા પૂર્વે કહ્યા છે પણ મિથ્યાત્વમોહનીય ધ્રુવોદયીને વિષે ત્રણ ભાંગા હોય, તે આવી રીતે અભવ્યને મિથ્યાત્વનો ઉદય અનાદિ અનંત છે ૧, ભવ્યને અનાદિ સાન્ત છે ૨, અને પડિવડિયા [ સમકિતથી પડેલા ] ને સાદિ સાન્ત ભાંગો હોય ૩. અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિનો તો અધ્રુવપણા માટે જ તેના બંધ ઉદયની આદિ પણ હોય અને અંત પણ હોય. ॥ ૫ ॥

---

## ધ્રુવોદયી ૨૭ પ્રકૃતિ

१ १ १ १ १ १ १ १ ४
**निमिणथिरअथिरअगुरुअ, सुहअसुहतेअकम्मचउवन्ना**
५ ५ ४ १
**नाणंतरायदंसण, मिच्छं धुवउदय सगवीसा ॥ ६ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निमिण=નિર્માણ નામકર્મ
थिर=સ્થિર નામકર્મ
अथिर=અસ્થિર નામકર્મ
अगुरुअ=અગુરુલઘુ નામકર્મ
सुह=શુભ નામકર્મ
असुह=અશુભ નામકર્મ
तेअ=તૈજસ નામકર્મ
कम्म=કાર્મણશરીર નામકર્મ

चउवन्ना=વર્ણચતુષ્ક
नाणंतराय=જ્ઞાનાવરણ પાંચ અને પાંચ અંતરાય મળી દશ
दंसण=ચાર દર્શનાવરણ
मिच्छं=મિથ્યાત્વ
धुवउदय=ધ્રુવોદયી=નિરંતર ઉદયવાળી
सगवीसा=સત્તાવીશ

**વિવેચનઃ**—હવે ધ્રુવોદયી કહે છે-નિર્માણ નામકર્મ ૧, સ્થિરનામ ૨, અસ્થિરનામ ૩, અગુરુલઘુ નામ ૪, શુભનામ ૫, અશુભ નામ ૬, તૈજસ શરીર નામ ૭, કાર્મણ શરીર નામ ૮, વર્ણ ૧, ગંધ ૨, રસ ૩, સ્પર્શ ૪, એ વર્ણાદિક ચાર સહિત બાર, પાંચ જ્ઞાનાવરણીય ૧૭, પાંચ અંતરાય ૨૨, ચાર દર્શનાવરણીય ૨૬, મિથ્યાત્વ મોહનીય ૨૭, એ સત્તાવીશ પ્રકૃતિનો જેટલા ગુણઠાણા લગે ઉદય કહ્યો છે ત્યાં લગે અવિચ્છિન્નપણે નિરંતર ઉદય રહે, તે માટે ધ્રુવોદયી કહીએ. મિથ્યાત્વ પહેલેજ ગુણઠાણે ધ્રુવોદયી, જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪ અને અંતરાય ૫, એ ૧૪ બારમા લગે ધ્રુવોદયી અને શેષ નામકર્મની ૧૨ પ્રકૃતિ તેરમા ગુણઠાણા લગે ધ્રુવોદયી હોય. ॥ ૬ ॥

### અધ્રુવોદયી ૯૫ પ્રકૃતિ

**थिरसुभिअर विणु अधुव-बंधी मिच्छविणु मोहधुवबंधी**
**निद्दोवघायमीसं, सम्मं पणनवइ अधुवुदया ॥ ७ ॥**

थिरसुभिअर=સ્થિર-અસ્થિર શુભ-અશુભ નામ
विणु=વિના
अधुवबंधी=અધ્રુવબંધી પ્રકૃતિ
मिच्छविणु=મિથ્યાત્વ વિના
मोहधुवबंधी=મોહનીય કર્મની [૧૮] ધ્રુવબંધી

निद्दा=પાંચ નિદ્રા
उवघाय=ઉપઘાત નામ
मीसं=મિશ્ર મોહનીય
सम्मं=સમ્યક્ત્વ મોહનીય
पणनवइ=પંચાણું.
अधुवुदया=અધ્રુવોદયી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—સ્થિર, શુભ અને તેથી ઇતર તે અસ્થિર ને અશુભ એ ચાર વિના અધ્રુવબંધી ૬૯ અને મિથ્યાત્વ વિના મોહનીય કર્મની ધ્રુવબંધી ૧૮, નિદ્રા ૫, ઉપઘાતનામ, મિશ્રમોહનીય, સમકિત મોહનીય કુલ ૯૫ અધ્રુવોદયી જાણવી. ॥ ૭ ॥

**વિવેચન:**—હવે અધ્રુવોદયી કહે છે–સ્થિર ૧, અસ્થિર ૨, શુભ ૩, અશુભ ૪, એ ચાર ધ્રુવોદયી માંહે ગણી છે તે માટે તે ચાર વિના અધ્રુવબંધી ૬૯ અને મિથ્યાત્વ ઇહાં ધ્રુવોદયી માંહે ગણ્યું તે માટે તે વિના મોહનીયકર્મની ધ્રુવબંધી ૧૮ તે ઇહાં અધ્રુવોદયી જાણવી ૮૭, પાંચ નિદ્રા ૯૨, ઉપઘાત નામ ૯૩, મિશ્રમોહનીય ૯૪, સમ્યકત્વ મોહનીય ૯૫, એ પંચાણું પ્રકૃતિ અધ્રુવોદયી હોય. જે પ્રકૃતિનો જેટલા ગુણઠાણાને વિષે ગુણપ્રત્યયથકી ઉદયનો વ્યુચ્છેદ નથી કહ્યો તે છતાં તેજ ગુણઠાણે તે પ્રકૃતિ દ્રવ્ય ક્ષેત્રની અપેક્ષાએ ઉદય આવે અથવા ઉદયે ન પણ આવે તે માટે અધ્રુવોદયી કહીએ. ॥ ૭ ॥

---

## ધ્રુવ સત્તા પ્રકૃતિ ૧૩૦

२० २० ७ ४१ ३
**तसवन्नवीससगतेअ,–कम्म धुवबंधिसेस वेअतिगं;**
१७ २ ४ ७ ४
**आगिइतिग वेअणिअं, दुजुअल सगउरलुसासचऊ.८**

तसवन्नवीस=ત્રસવીશક અને વર્ણવીશક
सगतेअकम्म=તૈજસકાર્મણનું સમક
सेस=બાકીની-વર્ણચતુષ્ક અને તૈજસ કાર્મણ શિવાયની ૪૧
वेअतिगं=ત્રણ વેદ.
आगिइतिग=આકૃતિત્રિક એટલે ૭ સંસ્થાન, ૭ સંઘયણ અને પાંચ જાતિ
वेअणिअं=વેદનીય
दुजुअल=બે યુગલ
सगउरल=ઔદારિક સમક
उसासचऊ=ઉચ્છ્વાસચતુષ્ક

**અર્થ:**—ત્રસવીશક, વર્ણવીશક, તૈજસ કાર્મણ સમક, બાકીની (૪૧) ધ્રુવબંધી, ત્રણ વેદ, બે વેદનીય, બે યુગલ, ઔદારિક સમક, ઉચ્છ્વાસ ચતુષ્ક. ॥ ૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન:**—હવે ધ્રુવ સત્તા કહે છે:-ત્રસદશકો, સ્થાવર દશકો એ ૨૦; વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, સ્પર્શ ૮, એ વીશ મળી ૪૦. તૈજસ શરીર ૧, કાર્મણ શરીર ૨, તૈજસ તૈજસ બંધન ૩, તૈજસ કાર્મ્મણ બંધન ૪, કાર્મ્મણ કાર્મ્મણ બંધન ૫, તૈજસ સંઘાતન ૬, કાર્મ્મણ સંઘાતન ૭, એ તૈજસકાર્મણ સપ્તક મેળવતાં ૪૭. વર્ણ ચતુષ્ક અને તૈજસ કાર્મણ એવં ૬ ઉપર કહી તે માટે તે ટાળી શેષ ધ્રુવબંધી ૪૧, એવં ૮૮, ત્રણ વેદ ૯૧, આકૃતિત્રિક તે સંસ્થાન ૬, સંઘયણ ૬, જાતિ ૫, એ ત્રણની ૧૭ લેવી એટલે ૧૦૮; બે વેદનીય ૧૧૦; હાસ્ય રતિ, શોક અરતિ એ બે યુગલ ૧૧૪, ઔદારિક શરીર ૧, ઔદારિક અંગોપાંગ ૨, ઔદારિક સંઘાતન ૩, ઔદારિકઔદારિક બંધન ૪, ઔદારિક તૈજસ બંધન ૫, ઔદારિક કાર્મ્મણ બંધન ૬, ઔદારિક તૈજસ કાર્મ્મણ બંધન ૭, એ ઔદારિક સપ્તક મળી ૧૨૧; ઉચ્છ્વાસ ૧, ઉદ્યોત ૨, આતપ ૩, પરાઘાત ૪, એ ઉશ્વાસ ચતુષ્ક મળી ૧૨૫. ॥ ૮ ॥

---

## અધ્રુવસત્તા પ્રકૃતિ ૨૮

१ २ १ १३० १ १ २

**खगईतिरिदुग नीअं, धुवसंता सम्म मीस मणुयदुगं;**

११ १ ४ ७ १ २८

**विउव्विक्कार जिणाऊ, हारसगुच्चा अधुवसंता ॥९॥**

**खगइतिरिदुग**=ખગતિદ્વિક અને તિર્યંચદ્વિક
**नीअं**=નીચગોત્ર
**धुवसंता**=ધ્રુવસત્તા
**सम्म**=સમકિત મોહનીય
**मीस**=મિશ્રમોહનીય
**मणुयदुगं**=મનુષ્યદ્વિક
**विउव्विक्कार**=વૈક્રિય એકાદશક
**जिण**=જિન નામકર્મ
**आउ**=ચાર આયુષ્ય
**आहारसग**=આહારકસપ્તક
**उच्चा**=ઉચ્ચગોત્ર
**अधुवसंता**=અધ્રુવસત્તા

**અર્થ:**—ખગતિદ્વિક, તિર્યંચદ્વિક, નીચગોત્ર એ [૧૩૦ પ્રકૃતિ] ધ્રુવસત્તા જાણવી. સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય, મનુષ્યદ્વિક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈક્રિય એકાદશ, જિન નામકર્મ, ચાર આયુષ્ય, આહારક સપ્તક અને ઉચ્ચગોત્ર; એ [૨૮ પ્રકૃતિ] અધ્રુવસત્તા કહેવાય છે. ૯

**વિવેચન**:–એ વિહાયોગતિ ૧૨૭. તિર્યંગ્ગતિ, તિર્યંગાનુપૂર્વી એ તિર્યગ્દ્વિક ૧૨૯, નીચૈર્ગોત્ર ૧૩૦, એ એકસોત્રીશ પ્રકૃતિ ધ્રુવસત્તા હોય. સમ્યક્ત્વ પામ્યા પહેલા સર્વ જીવને સદાય સત્તાએ હોયજ તે માટે ધ્રુવસત્તા કહીએ. હવે અધ્રુવસત્તા કહે છે–સમ્યક્ત્વ મોહનીય ૧, મિશ્રમોહનીય ૨, મનુષ્યગતિ ૧, મનુષ્યાનુપૂર્વી ૨, એવં ૪; દેવગતિ ૧, દેવાનુપૂર્વી ૨, નરકગતિ ૩, નરકાનુપૂર્વી ૪, વૈક્રિય શરીર ૫; વૈક્રિય ઉપાંગ ૬ વૈક્રિય સંઘાતન ૭, વૈ૦ વૈ૦ બંધન ૮, વૈ૦ તૈજસ બંધન ૯, વૈક્રિય કાર્મણ બંધન ૧૦, વૈ૦ તૈ૦ કા૦ બંધન ૧૧, એ વૈક્રિયૈકાદશક ૧૫, જિનનામ ૧૬, ચાર આયુ: ૨૦; આહારક શરીર ૧, આ૦ ઉપાંગ ૨, આ૦ સંઘાતન ૩, આ૦ આ૦ બંધન ૪, આ૦ તૈ૦ બંધન ૫, આ૦ કા૦ બંધન ૬, આ૦ તૈ૦ કા૦ બંધન ૭, એ આહારક સપ્તક ૨૭ અને ઉચ્ચૈર્ગોત્ર ૨૮, એ અઠ્ઠાવીશ પ્રકૃતિ અધ્રુવ સત્તા કહીએ, તે આ પ્રમાણે–સમ્યક્ત્વ મોહનીય ૧, મિશ્રમોહનીય ૨ એ બે તો અભવ્યને સત્તાએ હોય નહીં, બહુકાલીન ભવ્યને પણ ન હોય અને કેટલાએક અલ્પકાલીનને હોય. મનુષ્યદ્વિક તેઉકાય વાયુકાય માંહે ગયે ઉવેલે તેને સત્તાએ ન હોય. અનેરા એટલે બીજાને હોય. વૈક્રિયૈકાદશક ત્રસપણું ન પામ્યો હોય તેને બંધના અભાવ થકી અથવા બંધ કરીને સ્થાવર મધ્યે જતાં તે સ્થિતિનો ક્ષય થયે સત્તા ન પામીએ, અનેરાને સત્તા હોય પણ ખરી. તથા સમ્યક્ત્વ હેતુ છતે પણ જિનનામ કોઇને હોય કોઇને ન હોય. તથા સ્થાવરને નરકાયુ દેવાયુની, અહમિંદ્ર [ નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરના દેવો ] ને તિર્યગાયુની સત્તા સર્વથા ન હોય; તે બાંધવાના અભાવ થકી. અનેરાને તો હોય, તથા સંયમ હેતુ છતે પણ આહારકસપ્તકની કોઇને સત્તા હોય કોઇને ન હોય, તથા તેઓ વાયુ માંહે ગયા સ્થિતિને ક્ષયે ઉદ્વલના પ્રયોગે કરીને ઉચ્ચૈર્ગોત્રની સત્તા ટળે ત્યારે સત્તા ન હોય. તથા તેઓ વાયુ માંહેથી નીકળી અન્ય તિર્યંચમાં ગયે છતે અપર્યાપ્તપણે ઉચ્ચૈર્ગોત્રની સત્તા ન હોય, અનેરાને હોય એટલા માટે અઠ્ઠાવીશ પ્રકૃતિની સત્તા જ્યાં કહી છે ત્યાં પણ કોઇ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વારે ન હોય, તે માટે અધ્રુવસત્તા કહીએ, વક્રિયૈકાદશની સત્તા એકેંદ્રિયમાં ગયાંજ ઉવેલે, મનુષ્યદ્વિક અને ઉચ્ચૈર્ગોત્ર નીસત્તા તેઉ વાઉ માંહેજ ઉવેલે. ॥ ૯॥

---

### ગુણઠાણે ધ્રુવસત્તા

**पढमतिगुणेसु मिच्छं, नियमा अजयाइ अट्ठगे भज्जं;**
**सासाणे खलु सम्मं, संतं मिच्छाइदसगे वा ॥ १०॥**

**पढमतिगुणेसु**=પહેલા ત્રણ ગુણઠાણા વિષે
**नियमा**=નિશ્ચયે
**अजयाइ**=અવિરતાદિ
**अट्ठगे**=આઠ ગુણઠાણે
**भज्जं**=ભજના
**सासाणे**=સાસ્વાદને
**खलु**=નિશ્ચયે
**सम्मं**=સમકિત મોહનીય
**संतं**=વિદ્યમાન હોય
**मिच्छाइदसगे**=મિથ્યાત્વાદિ દશ ગુણઠાણે
**वा**=વિકલ્પે હોય

**અર્થ:**–પહેલા ત્રણ ગુણઠાણાને વિષે મિથ્યાત્વ મોહનીય નિશ્ચયે હોય. અવિરતાદિ આઠ ગુણઠાણે ભજના જાણવી. સાસ્વાદન ગુણઠાણે સમ્યક્ત્વ મોહનીય નિશ્ચયે વિદ્યમાન હોય મિથ્યાત્વાદિ દશ ગુણઠાણે વિકલ્પે હોય ॥ ૧૦ ॥

**વિવેચન:**–પહેલાં ત્રણ ગુણઠાણાં મિથ્યાત્વ ૧, સાસ્વાદન ૨, મિશ્ર ૩, એને વિષે મિથ્યાત્વમોહનીયની સત્તા નિશ્ચયે હોયજ,* અને અવિરતાદિ આઠ ગુણઠાણે ભજનાએ–હોય અને ન પણ હોય. જેણે મિથ્યાત્વ ક્ષય કર્યું હોય, તેને સત્તા ન હોય અને જેણે ઉપશમાવ્યું હોય તેને સત્તા હોય. ૨૪ ની સત્તાવાળાને મિથ્યાત્વ સત્તાયે હોય અને ૨૧, ૨૨, ૨૩ ની સત્તાવાળાને ન હોય સાસ્વાદન ગુણઠાણે નિશ્ચે સમ્યક્ત્વમોહનીય સત્તાએ હોય.

---

* પહેલાં ત્રણ ગુણઠાણે મોહનીય કર્મનાં ૨૮, ૨૭, ૨૬, અને ૨૪ નાં સત્તાસ્થાનો યથાસંભવ હોય અને આ ચારે સત્તાસ્થાનોમાં મિથ્યાત્વ મોહનીય છે, તેથી મિથ્યાત્વમોહનીયની સત્તા નિશ્ચયે હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપશમ સમ્યક્ત્વ અંતર્મુહૂર્તનું છે, તેમાંથી જઘન્યથી ૧ સમય, ઉત્કૃષ્ટ છ આવલી થાકતી-બાકી હોય ત્યારે સાસ્વાદન પામે, ત્યાં તે નિશ્ચે ૨૮ની સત્તાવાળોજ હોય તે માટે, અને મિથ્યાત્વ આદિ દઈને ઉપશાન્તમોહ લગે સાસ્વાદન વર્જીને દશ ગુણઠાણે વા વિકલ્પે-હોય અને ન પણ હોય, તે આ પ્રમાણે-૨૬ ની સત્તાવાળા અનાદિ મિથ્યાત્વીને તથા ઉદ્વલિત સમ્યક્ત્વ પુંજવાળાને સમ્યક્ત્વ મોહનીય સત્તાએ ન હોય; અનેરા બીજાને હોય. તથા મિશ્રમાં પણ સમ્યક્ત્વ ઉવેલ્યે ૨૭ની સત્તાએ સમ્યક્ત્વ મોહનીય ન હોય અન્યથા હોય. અવિરતાદિક ઉપશાંતમોહ લગે ૭ પ્રકૃતિને ક્ષયે ક્ષાયિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ મોહનીય ન હોય, અનેરાને હોય. ॥ ૧૦ ॥

---

**सासणमीसेसु धुवं, मीसं मिच्छाइनवसु भयणाए;**
**आइदुगे अण निअमा, भइआ मीसाइनवगंमि ॥११॥**

| | |
|---|---|
| सासणमीसेसु=સાસ્વાદન અને મિશ્રગુણઠાણે | आइदुगे=પહેલા બે ગુણઠાણે |
| धुवं=ધ્રુવ-નિત્ય | अण=અનંતાનુબંધિ |
| मीसं=મિશ્રમોહનીય | निअमा=નિશ્ચયથી હોય |
| मिच्छाइनवसु=મિથ્યાત્વાદિ નવ ગુણઠાણે | भइआ=ભજના |
| भयणाए=વિકલ્પે | मीसाइनवगंमि=મિશ્ર આદિ નવ ગુણઠાણે |

**अर्थ:**—સાસ્વાદન અને મિશ્ર ગુણઠાણે નિશ્ચે મિશ્ર મોહનીય હોય, મિથ્યાત્વાદિ નવ ગુણઠાણે વિકલ્પે હોય. પહેલા બે ગુણઠાણે અનંતાનુબંધી કષાય નિશ્ચયે હોય, મિશ્રાદિ નવ ગુણઠાણે ભજના જાણવી. ॥ ૧૧ ॥

**विवेचन:**—સાસ્વાદને અને મિશ્ર ગુણઠાણે નિશ્ચયે સદાયે મિશ્ર મોહનીય હોય, તે કેમ? સાસ્વાદન તો નિશ્ચયે ૨૮ ની સત્તાવંત હોયજ અને મિશ્ર તો ૨૮ ની સત્તાવંત હોય, સમ્યક્ત્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉવેલ્યે ૨૭ ની સત્તાવંત હોય અને અનંતાનુબંધી ઉવેલ્યે ૨૪ ની સત્તાવંત હોય, તે માટે એ સત્તાસ્થાનકે અવશ્ય મિશ્રમોહનીય હોય. અને ૨૬ ની સત્તા તો મિશ્રે હોય જ નહિ તે માટે સાસ્વાદને અને મિશ્રે નિશ્ચયે અવશ્ય મિશ્રમોહનીય હોય. મિથ્યાત્વથી ઉપશાન્તમોહ લગે સાસ્વાદન મિશ્ર વર્જીને નવ ગુણઠાણે ભજનાએ–હોય અને ન પણ હોય. જે મિથ્યાત્વી ૨૬ ની સત્તાવાળો હોય, તેને મિશ્રમોહનીય સત્તાએ ન હોય અનેરાને હોય, તથા અવિરતાદિ ઉપશાન્તમોહ લગે જે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ છે તેને મિશ્રમોહનીય સત્તાએ ન હોય, અનેરાને હોય તે માટે ભજના. પહેલે બે ગુણઠાણે અનંતાનુબંધિ ૪ કષાય નિશ્ચયે હોય. પહેલે તો બંધે અને ઉદયે છે, બીજે બંધે અને ઉદયે નિશ્ચયે હોય તો સત્તાએ તો હોયજ અને મિશ્રાદિક ઉપશાન્તમોહ લગે નવ ગુણઠાણે ભજનાએ કહેવા, ૨૪ ની સત્તાવાળા મિશ્રને ન હોય અને ૨૭, ૨૮ની સત્તાવાળાને હોય. તથા ચોથાથી ૧૧ મા લગે ૨૧–૨૨–૨૩–૨૪ ની સત્તાવાળાને અનંતાનુબંધી સત્તાએ ન હોય અને ૨૭, ૨૮ની સત્તાવાળાને હોય, તે માટે ભજના. ॥ ૧૧ ॥

---

**आहारसत्तगं वा, सव्वगुणे बितिगुणे विणा तित्थं;**
**नोभयसंते मिच्छो, अंतमुहुत्तं भवे तित्थे ॥ १२ ॥**

आहारसत्तगं=આહારકસપ્તક
वा=વિકલ્પે હોય
सव्वगुणे=સર્વ ગુણઠાણે
बितिगुणे=બીજા ત્રીજા ગુણઠાણા
विणा=વિના
तित्थं=તીર્થંકર નામકર્મ
न=ન હોય
उभयसंते=આહારક સપ્તક અને જિનનામ એ બંનેની સત્તા છતે.
मिच्छो=મિથ્યાત્વી
अंतमुहुत्तं=અંતર્મુહૂર્ત પર્યંત
भवे=હોય, થાય
तित्थे=તીર્થંકર નામકર્મ છતે

**अर्थः**—આહારકસપ્તક સર્વ ગુણઠાણાને વિષે વિકલ્પે હોય. બીજા અને ત્રીજા ગુણઠાણા વિના બાકીના સર્વ ગુણઠાણાને વિષે તીર્થંકરનામકર્મ વિકલ્પે હોય. બન્ને [આહારકસપ્તક અને જિન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામકર્મ ] ની સત્તા છતે મિથ્યાત્વી ન થાય, તીર્થંકર નામકર્મ સત્તામાં છતે અંતર્મુહૂર્ત પર્યંત મિથ્યાત્વી થાય. ॥ ૧૨ ॥

**વિવેચન:**—તથા આહારક શરીર ૧, આહારકોપાંગ ૨, આહારક સંઘાતન ૩, આહારક આહારક બંધન ૪, આહારક તૈજસ બંધન ૫, આહારક કાર્મણ બંધન ૬, આહારક તૈજસ કાર્મણ બંધન ૭, એ આહારકસપ્તક સર્વ [૧૪] ગુણઠાણે વા ઇતિ વિકલ્પથી સત્તાએ હોય. જે અપ્રમત્ત સાધુ સંયમપ્રત્યયિક આહારકસપ્તકનો બંધ કરીને ઉપરલે ગુણઠાણે ચઢે અથવા હેઠો પડે તેને સર્વ ગુણઠાણે સત્તા પામીએ અને જે તેનો બંધ કરેજ નહિ તેને ન હોય. તથા બીજા ત્રીજા ગુણઠાણા વિના શેષ સર્વ ગુણઠાણે તીર્થંકર નામની સત્તા વિકલ્પે હોય; સમ્યક્ત્વપ્રત્યયિક તીર્થંકરનામ બાંધીને ઉંચો ચઢે ત્યારે ઉપરલે સર્વ ગુણઠાણે સત્તા પામીએ અને કોઇક જીવે પૂર્વે નરકાયુ બાંધ્યું હોય અને પછી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામીને તથાવિધ અધ્યવસાયે તીર્થંકરનામ બાંધીને અંત્ય સમયે સમ્યક્ત્વ વમી મિથ્યાત્વ ગુણઠાણે આવી નરકે જાય, ત્યારે મિથ્યાત્વે જિનનામની સત્તા પામીએ અને જે શુદ્ધ સમ્યક્ત્વ છતે પણ જિનનામ ન બાંધે, તેને સર્વ ગુણઠાણે જિનનામની સત્તા ન હોય અને જિનનામની સત્તાવાળો જીવ સાસ્વાદન મિશ્રે તો સ્વભાવેજ ન આવે તે માટે નિષેધ્યાં. જિનનામ ૧, આહારકસપ્તક ૨, એ બેની ભેળી સત્તાવાળો જીવ મિથ્યાત્વ ગુણઠાણે ન જાય-મિથ્યાત્વી ન હોય, તીર્થંકરનામની સત્તાવાળા જીવને મિથ્યાત્વ આવે તો અંતર્મુહૂર્ત જ રહે, તે આ પ્રમાણે-પૂર્વે નરકનું આયુ બાંધીને પછી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામીને તીર્થંકરનામ બાંધે તે જીવ મરતાં સમ્યક્ત્વ વમીને મિથ્યાત્વે આવી નરકે ઉપજે ત્યાં વળી તુરત+ સમ્યક્ત્વ પામે, એટલુંજ-અંતર્મુહૂર્તજ મિથ્યાત્વ રહે. ॥ ૧૨ ॥

---

+ આ હકીકત નિકાચિત જિનનામકર્મની અપેક્ષાએ છે. નિકાચિત જિનનામની સત્તાવાળો ઉપર પ્રમાણે મિથ્યાત્વે જઈ ત્યાં પર્યાપ્ત થઇ તરત અવશ્ય સમ્યક્ત્વ પામે છે, એટલે જ મિથ્યાત્વે જિનનામની સત્તા અંતર્મુહૂર્ત હોય તેમ કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઘાતી પ્રકૃતિ ૪૫

**केवलजुअलावरणा[२], पण निद्दा[५] बारसाइमकसाया[१२];**

**मिच्छं[१] ति सव्वघाई[२०], चउ[४]नाणतिदंसणावरणा[३] ॥१३॥**

केवलजुअल=કેવળ જ્ઞાન અને દર્શનના
आवरणा=આવરણો-આચ્છાદનો
पण=પાંચ
निद्दा=નિદ્રા
बारस=બાર
आइम कसाया=પહેલા કષાયો

मिच्छं ति=મિથ્યાત્વ એ પ્રકારે
सव्वघाई=સર્વઘાતી
चउ=ચાર
नाण=જ્ઞાનના [ અને ]
तिदंसण=દર્શનના ત્રણ
आवरणा=આવરણો.

**અર્થ:**—કેવલયુગલના આચ્છાદનો બે, પાંચ નિદ્રા, પહેલા બાર કષાયો અને મિથ્યાત્વ એ પ્રકારે [વીશ પ્રકૃતિ] સર્વઘાતી હોય. ચાર જ્ઞાનના અને ત્રણ દર્શનના આવરણો. ॥ ૧૩ ॥

**વિવેચન:**—હવે ઘાતી દ્વાર કહે છે. કેવળ જ્ઞાનાવરણીય ૧, કેવળ દર્શનાવરણીય ૨, પાંચ નિદ્રા એ ૭, ધુરિલા પહેલા બાર કષાય તે કયા ? અનંતાનુબંધીય ૪, અપ્રત્યાખ્યાનીય ૪, પ્રત્યાખ્યાનીય ૪, એવં ૧૨ કષાય એ ૧૯; મિથ્યાત્વમોહનીય ૨૦, એ વીશ પ્રકૃતિ સર્વ પોતાના સ્વવિષયી ગુણને હણે તે માટે સર્વઘાતી× કહીએ. તે કેમ ? કેવળદ્વિકને સર્વથા આવરે, ઉપજવા ન દે અને તે આવરણ સર્વથા ટળેજ કેવળદ્વિક ઉપજે તે માટે તે સર્વઘાતી. નિદ્રાપંચક પણ ઇંદ્રિયના અવબોધને સર્વથા આવરે તે માટે સર્વઘાતી. કષાયની ત્રણ ચોકડી પણ અનુક્રમે સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ગુણને સર્વથા હણે તે માટે સર્વઘાતી. મિથ્યાત્વ પણ સમ્યક્ત્વને સર્વથા હણે તે માટે સર્વઘાતી કહીએ. હવે

× જેનો ઉદય પોતાના ક્ષયોપશમ સાથે વિરોધવાળો હોય તે સર્વઘાતિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશઘાતી[1] પ્રકૃતિ કહે છે–મત્યાદિ ચાર જ્ઞાનાવરણીય અને ત્રણ દર્શનાવરણીય એ ૭. ॥ ૧૩ ॥

---

**संजलण[४] नोकसाया[९], विग्घं[५] इअ देसघाइ[२५] य अघाई[७५]।**
**पत्तेय[८]तणुट्ठ[३५]ाऊ[४], तसवीसा[२०] गोअदुग[४]वन्ना[४] ॥ १४ ॥**

संजलण=સંજ્વલન કષાયો
नोकसाया=નવ નોકષાયો
विग्घं=પાંચ અન્તરાય
इअ=એ
देसघाइ=દેશઘાતી જાણવી
अघाई=અઘાતી
पत्तेय=પ્રત્યેક પ્રકૃતિ આઠ
तणुट्ठ=શરીરાદિ અષ્ટક
आऊ=ચાર આયુષ્ય
तसवीसा=ત્રસવીશક
गोअदुग=ગોત્રદ્વિક–બે ગોત્ર, બે વેદનીય
वन्ना=વર્ણચતુષ્ક

**અર્થ**—સંજ્વલન કષાયો, નવ નોકષાયો અને પાંચ અંતરાય એ [પચીશ પ્રકૃતિ] દેશઘાતી જાણવી. આઠ પ્રત્યેક પ્રકૃતિ, શરીરાદિ અષ્ટક, ચાર આયુષ્ય, ત્રસવીશક, ગોત્રદ્વિક અને વર્ણચતુષ્ક એ [એ ૭૫ પ્રકૃતિ] અઘાતી જાણવી. ॥ ૧૪ ॥

**વિવેચન**—ચાર સંજ્વલન કષાય ૧૧, નવ નોકષાય ૨૦, પાંચ અંતરાય ૨૫, એ પચીશ પ્રકૃતિ દેશથકી પોતાના વિષય [પોતાને આવરણ કરવા યોગ્ય ગુણ] ને હણે તે માટે **દેશઘાતી** કહીએ, એની ભાવના [2]સુગમ જ છે. સંજ્વલન ૪ કષાય અને નવ નોકષાય તે ચારિત્રમાં અતિચાર ઉપજાવે, તે માટે દેશઘાતી;

---

૧ જેનો ઉદય ક્ષયોપશમ સાથે અવિરોધી હોય તે **દેશઘાતી**.

૨ કેવળજ્ઞાનાવરણ વડે આચ્છાદિત નહિ થયેલ એવા જ્ઞાનાંશને—મતિ આદિ જ્ઞાનાવરણચતુષ્કને હણે–આવરે તેથી તેને દેશઘાતી કહીએ; મત્યાદિ જ્ઞાનચતુષ્કના વિષયભૂત અર્થોને ન જાણે તેજ મતિજ્ઞાનાદિના આવરણનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदुक्तं—*सव्वेविय अइयारा, संजलणाणं तु उदयओ हुंति ॥
मूलुच्छिज्जं पुण होइ, बारसण्हं कसायाणं ॥ १ ॥

હવે અઘાતી ૭૫ પ્રકૃતિ કહે છે. **परघाऊसास०** ઇત્યાદિ આઠ પ્રત્યેક પ્રકૃતિ ૮, **तणुवंगागिइ०** ઇત્યાદિ શરીર ૫, ઉપાંગ ૩, સંસ્થાન ૬, સંઘયણ ૬, જાતિ ૫, ગતિ ૪, ખગતિ ૨, આનુપૂર્વી ૪, એવં ૩૫, ચાર આયુ એ સર્વ મળી ૪૭, ત્રસનો દશકો તથા સ્થાવરનો દશકો એવં ૨૦ મળી ૬૭, બે ગોત્ર, બે વેદનીય ૭૧, ચાર વર્ણાદિ મળી ૭૫, એ પંચોતેર પ્રકૃતિ જ્ઞાનાદિ ગુણનો ઘાત ન કરે તે માટે **अघातिनी** કહીએ. તે દેશઘાતિની સાથે વેદાતી તેના સરખી જ થાય અને સર્વઘાતિની સાથે વેદાતી તે સરખી જ થઈ જાય. જેમ પોતે ચોર ન હોય પણ ચોર સંઘાતે મળ્યો થકો ચોર સરખોજ થાય ॥૧૪॥

---

ઉદય જાણવો અને તેના અવિષયભૂત [કેવળજ્ઞાનના વિષયભૂત] અનંત ગુણોને જે ન જાણે તે કેવળજ્ઞાનાવરણનો ઉદય જાણવો. દર્શનત્રિક માટે પણ એ પ્રકારે જાણવું. સંજ્વલન કષાય અને નોકષાય પણ ચારિત્રવાળાને તેના ચારિત્રના દેશને હણે. કારણ કે ચારિત્રના મૂળગુણ અને ઉત્તરગુણમાં અતિચાર ઉપજાવે છે માટે તે દેશઘાતી કહીએ. દાન, લાભ, ભોગ અને ઉપભોગને ગ્રહણ ધારણ યોગ્ય પુદ્ગલ દ્રવ્યો સર્વ પુદ્ગલાસ્તિકાયના અનન્તમા ભાગરૂપ એક દેશ જેટલા છે તેથી પુદ્ગલાસ્તિકાયના દેશરૂપ પુદ્ગલ દ્રવ્યોને દાનાદિ ક્રિયામાં આવરે માટે તે દાનાંતરાયાદિને દેશઘાતી કહીએ. વીર્યાંતરાય પણ દેશઘાતી જ છે કેમકે તે સર્વ વીર્યને હણતું નથી. સૂક્ષ્મનિગોદ જીવને પણ વીર્યાંતરાય કર્મનો ઉદય વર્તતે છતે આહારપરિણમન, કર્મદલિકગ્રહણ અને ગત્યંતરગમનરૂપ વીર્યલબ્ધિ હોય છે; તે વીર્યાંતરાયનો ક્ષયોપશમ જાણવો. નિગોદથી માંડી ક્ષીણમોહ ગુણસ્થાનવર્તિ જીવો પર્યંત વીર્યની તરતમતા જાણવી. આ સર્વ કેવળીના વીર્યનો એક દેશ જાણવો તે માટે દેશઘાતી કહીએ; સર્વઘાતી હોય તો એટલો જઘન્ય ગુણ પણ ન હોઈ શકે.

* સંજ્વલન કષાયોના ઉદયથી ચારિત્રમાં અતિચારો ઉત્પન્ન થાય અને પહેલા બાર કષાયનો ઉદય તો મૂળગુણનેજ છેદ કરનારો હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૨ પુણ્યપ્રકૃતિ.

३ ३ १ १ १० ५ ३ १ १
**सुरनरतिगुच्चसायं, तसदस तणुवंग वइरचउरंसं।**
७ १ ४ १ १
**परघासग तिरिआऊ वन्नचउ पणिंदि सुभखगइ ।१६।**

सुरनरतिग=દેવત્રિક, મનુષ્યત્રિક
उच्च=ઉચ્ચગોત્ર
सायं=સાતા વેદનીય
तसदस=ત્રસદશક
तणु=પાંચ શરીર
उवंग=ત્રણ ઉપાંગ
वइर=વજ્રઋષભનારાચ સંઘયણ
चउरंसं=સમચતુરસ્ર સંસ્થાન
परघासग=પરાઘાતસપ્તક
तिरिआऊ=તિર્યંચાયુઃ
वन्नचउ=વર્ણચતુષ્ક
पणिंदि=પંચેંદ્રિય જાતિ
सुभखगइ=શુભ વિહાયોગતિ

**વિવેચન**—હવે પુણ્ય પ્રકૃતિ કહે છે—દેવત્રિક ૩, મનુષ્યત્રિક ૬, ઉચ્ચૈર્ગોત્ર ૭, સાતાવેદનીય ૮, ત્રસનો દશકો ૧૮, પાંચ શરીર ૨૩, ત્રણ ઉપાંગ ૨૬, વજ્રઋષભનારાચ સંઘયણ ૨૭, સમચતુરસ્ર સંસ્થાન ૨૮, પરાઘાતનામ ૧, ઉચ્છ્વાસનામ ૨, આતપનામ ૩, ઉદ્યોતનામ ૪, અગુરુલઘુનામ ૫, તીર્થંકરનામ ૬, નિર્માણનામ ૭, એ સાત મળી ૩૫, તિર્યગાયુઃ ૩૬, વર્ણાદિ ચાર શુભ ૪૦, પંચેંદ્રિય જાતિ ૪૧અને શુભવિહાયો-ગતિ ૪૨. ॥ ૧૫ ॥

---

## ૮૨ પાપપ્રકૃતિ.

४२ ५ १ ५
**बायाल पुण्णपगई, अपढमसंठाणखगइसंघयणा ।**
२ १ १ १ १ ३ ३
**तिरिदुगअसायनीओ,-वघायइगविगलनिरयतिगं ।१६।**

बायाल=બહેંતાલીશ
पुण्णपगई=પુણ્યપ્રકૃતિ
अपढम=પહેલાને વર્જીને
संठाण=સંસ્થાન [પાંચ]
खगइ संघयणा=વિહાયોગતિ અને સંઘયણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिरिदुग=तिर्यंचद्विक
अस्साय=अशाता वेदनीय
नीअ=नीच गोत्र
उवघाय=उपघात नाम
इगविगल=એકેંદ્રિય, વિકલેંદ્રિય.
निरयतिगं=નરકત્રિક

विवेचन—એ બેંતાલીશ શુભ પ્રકૃતિ છે તે માટે पुण्य प्रकृति કહીએ. હવે પાપ પ્રકૃતિ કહે છે.-પહેલું ટાળીને પાંચ સંસ્થાન ૫, પહેલી ટાળીને ખગતિ એટલે અશુભ વિહાયોગતિ ૬, પહેલું ટાળીને પાંચ સંઘયણ ૧૧, તિર્યંચદ્વિક ૧૩, અસાતાવેદનીય ૧૪, નીચૈર્ગોત્ર ૧૫, ઉપઘાત નામ ૧૬, એકેંદ્રિયજાતિ ૧૭, ત્રણ વિકલેંદ્રિય ૨૦, નરકત્રિક ૨૩. ॥ ૧૬ ॥

---

१० ४ ४५ २
**थावरदस वन्नचउक्क, घाइ पणयाल सहिअ बासीई।**
४
**पावपयडि त्ति दोसु वि, वन्नाइगहा सुहा असुहा ॥१७॥**

थावरदस=સ્થાવર દશક
वन्नचउक्क=અશુભ વર્ણાદિ ચતુષ્ક
घाइ=સર્વઘાતી અને દેશઘાતી
पणयाल=પીસ્તાલીશ
सहिअ=યુક્ત—સહિત
बासीई=બ્યાસી
पावपयडित्ति=પાપપ્રકૃતિ એ પ્રકારે
दोसु वि=પુણ્ય અને પાપ બંનેને વિષે વળી
वन्नाइगहा=વર્ણાદિકનું ગ્રહણ કરવાથી
सुहा=શુભ
असुहा=અશુભ

विवेचन—સ્થાવરનો દશકો ૩૩, વર્ણાદિક ચાર અશુભ ૩૭, સર્વઘાતિની ૨૦ અને દેશઘાતિની ૨૫; એવં ૪૫ ઘાતી પ્રકૃતિ એ સર્વ મળીને બ્યાસી पाप प्रकृति કહીયે, અશુભ માટે. એ બન્નેને વિષે–પુણ્યપ્રકૃતિને વિષે અને પાપપ્રકૃતિને વિષે વર્ણાદિક ૪ લીધા તે પુણ્ય પ્રકૃતિને વિષે શુભ કહેવા અને પાપપ્રકૃતિને વિષે અશુભ કહેવા, પણ તે એક જ છે. ॥૧૭॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૯ અપરાવર્તમાન પ્રકૃતિ.

૯ ૪ ૫ ૫ ૧
**नामधुवबंधिनवगं, दंसण पणनाण विग्घ परघायं ।**
૧ ૧ ૧ ૧ ૨૯
**भयकुच्छमिच्छसासं, जिण गुणतीसा अपरियत्ता ॥१८॥**

नाम=નામકર્મની
धुवबंधिनवगं=નવ ધ્રુવબંધી
दंसण=ચાર દર્શનાવરણ
पण नाण=પાંચ જ્ઞાનાવરણ
विग्घ=પાંચ અંતરાય
परघायं=પરાઘાત નામ
भय-कुच्छ-मिच्छ=ભય, જુગુપ્સા ને મિથ્યાત્વ
सासं=ઉચ્છ્વાસ નામકર્મ
जिण=જિનનામ
गुणतीसा=ઓગણત્રીશ
अपरियत्ता=અપરાવર્તમાન

વિવેચન—હવે અપરાવર્તમાન પ્રકૃતિ કહે છે-નામકર્મની ધ્રુવબંધી નવ, તે કઈ? વર્ણચતુષ્ક ૪, તૈજસનામ ૫, કાર્મણ નામ ૬, અગુરુલઘુનામ ૭, નિર્માણનામ ૮, ઉપઘાતનામ ૯, એ નવ; દર્શનાવરણ ચતુષ્ક ૧૩, પાંચ જ્ઞાનાવરણીય ૧૮, પાંચ અંતરાય ૨૩, પરાઘાત નામ ૨૪, ભય ૨૫, જુગુપ્સા ૨૬, મિથ્યાત્વ ૨૭, ઉચ્છ્વાસ નામ ૨૮, જિનનામ ૨૯, એ ૨૯ પ્રકૃતિ પોતાને બંધે ઉદયે વા ઉભયે અનેરી પ્રકૃતિનો બંધ ઉદય વા તદુભય નિવારે નહીં તે માટે અપરાવર્તમાન કહીએ. ॥૧૮॥

---

## ૯૧ પરાવર્તમાન તથા ૪ ક્ષેત્રવિપાકી પ્રકૃતિ.

૩૩ ૩ ૪ ૧૬ ૨ ૪ ૫
**तणुअट्ठ वेअ दुजुअल, कसाय उज्जोअगोअदुग निद्दा ।**
૨૦ ૪ ૯૧ ૪
**तसवीसाउ परित्ता, खित्तविवागाऽणुपुव्वीओ ॥१९॥**

तणुअट्ठ=શરીરાદિ અષ્ટકની ૩૩
वेय=વેદ ત્રણ
दुजुयल=બે યુગલ
कसाय=સોળ કષાય
उज्जोअ=ઉદ્યોતદ્વિક
गोअदुग=ગોત્રદ્વિક-ગોત્ર ને વેદનીય
निद्दा=નિદ્રા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| तसवीस=ત્રસવીશક | खित्तविवागा=ક્ષેત્રવિપાકી |
| आउ=ચાર આયુ | आणुपुव्वीओ=ચાર આનુપૂર્વી |
| परित्ता=પરાવર્ત્તમાન | |

**अर्थ:**—શરીરાદિ અષ્ટક, ત્રણ વેદ, બે યુગલ, સોળ કષાય, ઉદ્યોતદ્વિક, ગોત્રદ્વિક, નિદ્રા, ત્રસવીશક, ચાર આયુષ્ય એ [૯૧ પ્રકૃતિ] પરાવર્તમાન જાણવી. ચાર આનુપૂર્વીએ ક્ષેત્રવિપાકી છે. ॥ ૧૯ ॥

**विवेचन**—હવે પરાવર્તમાન પ્રકૃતિ કહે છે–તૈજસકાર્મણ પૂર્વે કહ્યાં તે માટે તે શિવાયનાં શરીર ૩, ઉપાંગ ૩, સંસ્થાન ૬, સંઘયણ ૬, જાતિ ૫, ગતિ ૪, ખગતિ ૨, આનુપૂર્વી ૪, એવં ૩૩, વેદ ત્રણ ૩૬, હાસ્યાદિ બે યુગલ ૪૦, સોળ કષાય ૫૬, ઉદ્યોતનામ ૧, આતપનામ ૨, એ બે મળી ૫૮, બે ગોત્ર અને બે વેદનીય ૬૨, પાંચ નિદ્રા ૬૭, ત્રસનો દશકો, સ્થાવરનો દશકો ૮૭, ચાર આયુ ૯૧, એ એકાણું[1] પ્રકૃતિ અનેરી –બીજી પ્રકૃતિનો બંધ ઉદય કે તદુભય નિવારીને પોતાનો બંધ ઉદય કે તદુભય કરે તે માટે **परावर्त्तमान प्रकृति** કહીએ, તિહાં ૧૬ કષાય અને પાંચ નિદ્રા એ ૨૧ પ્રકૃતિ ધ્રુવબંધી છે માટે ઉદયે જ પરાવર્તમાન છે. સ્થિર ૧, અસ્થિર ૨, શુભ ૩, અને અશુભ ૪, એ ચાર બંધે જ પરાવર્તમાન છે, શેષ ૬૬ પ્રકૃતિ તદુભયે–બંધ અને ઉદયે પણ પરાવર્ત્તમાન છે. પરસ્પર વિરુદ્ધ છે માટે.

હવે ચાર પ્રકારે વિપાક કહે છે.–ક્ષેત્ર તે આગામિ ભવે જાતાં વચમાં વિગ્રહગતિએ વર્ત્તતાં પોતાનો વિપાક દેખાડે–ઉદય આવે તે **क्षेत्रविपाकी** કહીએ. તે ચાર આનુપૂર્વી જાણવી. ॥૧૯॥

## ૭૮ જીવવિપાકી તથા ૪ ભવવિપાકી.

**૪૭ ૪ ૧ ૩ ૩ ૪ ૪ ૧**
**घणघाइदुगोअजिणा,तसिअरतिगसुभगदुभगचउसासं।**
**૧૧ ૭૮ ૪**
**जाइतिग जियविवागा. आऊ चउरो भवविवागा ॥२०॥**

---

૧ ઉદયની અપેક્ષાએ સમ્ય૦–મિશ્ર સહિત ૯૩.–ઇતિ શ્રી યશોવિજયજી કૃત કર્મપ્રકૃતિ વૃત્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| घणघाइ=ઘનઘાતી (૪૭) | सुभगदुभगचउ=સુભગચતુષ્ક અને દુર્ભગચતુષ્ક |
| दुगोअ=ગોત્રદ્વિક-ગોત્ર ને વેદનીય | सासं=ઉશ્વાસ નામકર્મ |
| जिण=જિન નામકર્મ | जाइतिग=જાતિત્રિક |
| तसिअरतिग=ત્રસત્રિક, સ્થાવરત્રિક | जियविवागा=જીવવિપાકી |
| | आऊचउरो=ચાર આયુ: |
| | भवविवागा=ભવવિપાકી |

**अर्थः**—૪૭ ઘનઘાતી, ગોત્રદ્વિક, જિન નામકર્મ, ત્રસત્રિક, સ્થાવરત્રિક, સુભગચતુષ્ક, દુર્ભગચતુષ્ક, શ્વાસોશ્વાસ નામકર્મ, જાતિત્રિક એ [૭૮ પ્રકૃતિ] જીવવિપાકી છે. અને ચાર આયુષ્ય ભવવિપાકી છે ॥ ૨૦॥

**विवेचन**—જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૯, મોહનીય ૨૮, અંતરાય ૫, એ ૪૭ પ્રકૃતિ **घनघाती** કહીએ. બે ગોત્ર, બે વેદનીય ૫૧, જિનનામ ૫૨, ત્રસત્રિક તે ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, ઇતરત્રિક તે સ્થાવર ૧, સૂક્ષ્મ ૨, અપર્યાપ્ત ૩, એવં ૫૮; સુભગ ૧, સુસ્વર ૨, આદેય ૩, યશ ૪, એ સુભગચતુષ્ક ૬૨ દુર્ભગ ૧, દુઃસ્વર ૨, અનાદેય ૩, અયશ ૪, એ દુર્ભગચતુષ્ક ૬૬, ઉચ્છ્વાસનામ ૬૭, જાતિ ૫, ગતિ ૪, ખગતિ ૨, એ ૧૧, એવં ૭૮, એ ૭૮ પ્રકૃતિ જીવવિપાકી છે, જીવને જ જ્ઞાન દર્શન ચારિત્રાદિક આત્મગુણને વિષે તથા ઇંદ્રિય ઉચ્છ્વાસાદિકને વિષે પોતાનો કરેલો અનુગ્રહ ઉપઘાત દેખાડે તે માટે **जीवविपाकी** કહીએ. સર્વે પ્રકૃતિ જીવને જ વિપાક દેખાડે છે તો ક્ષેત્રાદિક જૂદા જૂદા વિપાક કેમ કહ્યા? તત્રોત્તરં-યદ્યપિ સર્વે પ્રકૃતિ વિપાક તો જીવને જ દેખાડે છે તો પણ ક્ષેત્રાદિકના પ્રાધાન્યપણા માટે વિપાકપણે કહી. ચાર આયુ તે ભવવિપાકી છે. ઇહ ભવે પરિણામવિશેષે જે ભવયોગ્ય આયુ બાંધ્યું હોય તે તેજ ભવે અનુભવાય તે માટે **भवविपाकी** કહીએ. અને ગત્યાદિક તો કેટલાએક ભવાંતરલગે પણ હોય તે માટે તે જીવવિપાકી. ॥ ૨૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ૩૬ પુદ્ગલવિપાકી તથા ૪ પ્રકારનો બંધ.

૧૨ ૧૮ ૧ ૧ ૧ ૩

**नामधुवोदय चउतणु,–वघायसाहारणिअरुज्जोअतिगं**

૩

**पुग्गलविवागि बंधो, पयइठिइरसपएस त्ति ॥२१॥**

| | |
|---|---|
| नाम=નામ કર્મની | उज्जोअतिगं=ઉદ્યોતત્રિક |
| धुवोदय=ધ્રુવોદયી ૧૨ પ્રકૃતિ | पुग्गलविवागि=પુદ્ગલવિપાકી |
| चउतणु=શરીરચતુષ્ક | बंधो=બંધ |
| उवघाय=ઉપઘાત | पयइठिइ=પ્રકૃતિબંધ, સ્થિતિબંધ |
| साहारण=સાધારણ નામ | रसपएसत्ति=રસબંધ અને પ્રદેશ બંધ એ પ્રકારે |
| इअर=પ્રત્યેક નામ | |

**अर्थः**—નામકર્મની ધ્રુવોદયી બાર પ્રકૃતિ, શરીર ચતુષ્ક, ઉપઘાત નામકર્મ, સાધારણ નામકર્મ, પ્રત્યેક નામકર્મ, ઉદ્યોત ત્રિક, એ [૩૬ પ્રકૃતિ] પુદ્ગલવિપાકી જાણવી. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ એ [ચાર] પ્રકારે બંધ જાણવો. ॥ ૨૧ ॥

**विवेचन**—નિર્માણનામ ૧, સ્થિરનામ ૨, અસ્થિરનામ ૩, અગુરુલઘુનામ ૪, શુભનામ ૫, અશુભનામ ૬, તૈજસ ૭, કાર્મણ ૮, વર્ણચતુષ્ક ૧૨. એ નામકર્મની ધ્રુવોદયી બાર પ્રકૃતિ અને શરીર ૩, ઉપાંગ ૩, સંસ્થાન ૬, સંઘયણ ૬, એ ૧૮ તનુચતુષ્કની મળી ૩૦, ઉપઘાત નામ ૩૧, સાધારણ નામ ૩૨, ઈતર તે પ્રત્યેક નામ ૩૩, ઉદ્યોતનામ ૧, આતપનામ ૨, પરાઘાતનામ ૩, એ ત્રણ મળી ૩૬ એ છત્રીશ પ્રકૃતિ पुद्गलविपाकी છે, શરીરના પુદ્ગલને જ અનુગ્રહ ઉપઘાત કરે તે માટે પુદ્ગલવિપાકી કહીએ. હવે ચાર (૪) ભેદે બંધ કહે છે.–પ્રકૃતિબંધ ૧, સ્થિતિબંધ ૨, રસબંધ ૩, પ્રદેશબંધ ૪, એ ચાર ભેદે બંધનું સ્વરૂપ પ્રથમ કર્મગ્રંથમાં મોદકને દૃષ્ટાન્તે વર્ણવ્યું છે. ॥ ૨૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| કર્મ પ્રકૃતિ | ઓઘે ૧૫૮ | જ્ઞા૦ ૫ | દર્શ૦ ૯ | વેદ૦ ૨ | મોહ૦ ૨૮* | આયુ ૪ | નામ ૧૦૩ | ગોત્ર ૨ | અંત૦ ૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ્રુવબંધી | ૪૭ | ૫ | ૯ | ૦ | ૧૯ | ૦ | ૯ | ૦ | ૫ |
| અધ્રુવબંધી | ૭૩ | ૦ | ૦ | ૨ | ૭ | ૪ | ૫૮ | ૨ | ૦ |
| ધ્રુવોદયી | ૨૭ | ૫ | ૪ | ૦ | ૧ | ૦ | ૧૨ | ૦ | ૫ |
| અધ્રુવોદયી | ૯૫ | ૦ | ૫ | ૨ | ૨૭ | ૪ | ૫૫ | ૨ | ૦ |
| ધ્રુવસત્તા | ૧૩૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૦ | ૮૨ | ૧ | ૫ |
| અધ્રુવસત્તા | ૨૮ | ૦ | ૦ | ૦ | ૨ | ૪ | ૨૧ | ૧ | ૦ |
| સર્વઘાતી | ૨૦ | ૧ | ૬ | ૦ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| દેશઘાતી | ૨૫ | ૪ | ૩ | ૦ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૫ |
| અઘાતી | ૭૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૪ | ૬૭ | ૨ | ૦ |
| પરાવ૦ | ૯૧ | ૦ | ૫ | ૨ | ૨૩ | ૪ | ૫૫ | ૨ | ૦ |
| અપરાવ૦ | ૨૯ | ૫ | ૪ | ૦ | ૩ | ૦ | ૧૨ | ૦ | ૫ |
| પુણ્ય પ્રકૃતિ | ૪૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૩૭ | ૧ | ૦ |
| પાપ પ્રકૃતિ | ૮૨ | ૫ | ૯ | ૧ | ૨૬ | ૧ | ૩૪ | ૧ | ૫ |
| ક્ષેત્રવિપાકી | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ |
| ભવવિપાકી | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ |
| જીવવિપાકી | ૭૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૦ | ૨૭ | ૨ | ૫ |
| પુદ્ગલવિપા૦ | ૩૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૬ | ૦ | ૦ |

+ મોહનીયમાં સમ્ય૦ દેશઘાતી અને મિશ્રમોહનીય સર્વઘાતી છે, વળી એ બન્ને પરાવર્તમાન અને પાપ પ્રકૃતિ છે—ઇતિ વિશેષઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મૂળ પ્રકૃતિના ભૂયસ્કારાદિ બંધ

**मूलपयडीण अडसत्त,-छेगबंधेसु तिन्नि भूगारा ।**
**अप्पतरा तिअ चउरो, अवट्ठिआ न हु अवत्तव्वो ॥२२॥**

| | |
|---|---|
| मूलपयडीण=મૂળ પ્રકૃતિના | अप्पतरा=અલ્પતર બંધ |
| अडसत्तछेगबंधेसु=આઠ, સાત, છ અને એકના બંધ સ્થાનને વિષે | तिय=ત્રણ |
| तिन्नि=ત્રણ | चउरो=ચાર |
| भूगारा=ભૂયસ્કાર બંધ હોય | अवट्ठिया=અવસ્થિત બંધ |
| | न हु=નથી જ |
| | अवत्तव्वो=અવક્તવ્ય બંધ |

**अर्थः**—મૂળ પ્રકૃતિના આઠ, સાત, છ અને એક પ્રકૃતિના બંધસ્થાનને વિષે ત્રણ ભૂયસ્કાર બંધ હોય, અલ્પતર બંધ ત્રણ અને અવસ્થિતબંધ ચાર હોય, અવક્તવ્યબંધ નથી જ. ॥૨૨॥

**विवेचनः**—હવે પ્રથમ પ્રકૃતિબંધ કહે છે.-આઠ મૂળ પ્રકૃતિનાં ચાર બંધસ્થાનક છે. તે કયા? આયુબંધકાળે અષ્ટવિધ બંધક ૧, આયુબંધ કાળ વિના સપ્તવિધ બંધક ૨, દશમે ગુણઠાણે મોહનીય વિના ષડ્‌વિધ બંધક ૩, ૧૧-૧૨-૧૩ ગુણઠાણે એક સાતાવેદનીયજ બાંધે ત્યારે એકવિધ બંધક ૪, એ ચાર બંધસ્થાનકને વિષે ત્રણ ભૂયસ્કાર હોય, ઉપશમશ્રેણિએ એક સાતા વેદનીયનો બંધક થઇને પડતો સૂક્ષ્મ સંપરાયે ષડ્‌વિધ બંધક થાય ત્યાં પહેલે સમયે પહેલો **भूयस्कार** ૧, તે પછી વળી પડતો નવમે ગુણઠાણે સપ્તવિધ બંધક થાય તથા અગ્યારમાથી કાળ કરી ચોથે ગુણઠાણે આવે ત્યારે સપ્તવિધ બંધક થાય ત્યાં પહેલે સમયે બીજો ભૂયસ્કાર ૨, તે પછી આયુબંધકાળે અષ્ટવિધ બંધક થાય ત્યાં પહેલે સમયે ત્રીજો ભૂયસ્કાર બંધ કહીએ ૩. ત્રણ અલ્પતર હોય તે કેમ? આયુબંધકાળે અષ્ટવિધ બંધક હોય તે આયુ બાંધી રહ્યા પછી સપ્તવિધ બંધક થાય ત્યાં પહેલે સમયે પહેલો **अल्पतर बंध** હોય ૧, દ્વિતીયાદિક સમયે સર્વત્ર **अवस्थित बन्ध** જાણવા. તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સપ્તવિધ બંધક શ્રેણિએ ચઢતો સૂક્ષ્મસંપરાયે ષડ્વિધ બંધક થાય, ત્યાં પહેલે સમયે બીજો અલ્પતરબંધ હોય ૨, ત્યાંથી વળી ચઢતો અગ્યારમે બારમે ગુણઠાણે એકવિધબંધક થાય ત્યાં પહેલે સમયે ત્રીજો અલ્પતર બંધ હોય. તથા ચારે બંધસ્થાનકે પહેલા સમય પછી દ્વિતીયાદિક સમયે ચાર અવસ્થિત બંધ હોય; તથા અબંધક થઇને ફરી બંધક થાય ત્યારે પહેલે સમયે अवक्तव्य કહીએ, તે તો મૂળ પ્રકૃતિને વિષે હોય નહીં. જે માટે આઠ મૂળ પ્રકૃતિનો અબંધક તો અયોગી અને સિદ્ધ હોય તે તો ફરી કર્મ બાંધે નહીં તે માટે અવક્તવ્ય બંધ હોય નહીં ॥ ૨૨ ॥

---

### ભૂયસ્કારાદિનું સ્વરૂપ

**एगादहिगे भूओ, एगाई ऊणगंमि अप्पतरो ।**
**तम्मत्तोऽवट्ठियओ, पढमे समए अवत्तव्वो ॥२३॥**

एगादहिगे=એકાદિ અધિક પ્રકૃતિનો બંધ છતે
भूओ=ભૂયસ્કાર બંધ
एगाई ऊणगंमि=એકાદિ પ્રકૃતિવડે હીન બંધ છતે
अप्पतरो=અલ્પતર બંધ
तम्मत्तो=તેટલોજ—તેટલીજ પ્રકૃતિનો બંધ
अवट्ठियओ=અવસ્થિત બંધ
पढमे समए=અબંધક થયા પછી પુનર્બંધના પહેલા સમયે
अवत्तव्वो=અવક્તવ્ય બંધ

**अर्थः**—એકાદિ અધિક પ્રકૃતિનો બંધ છતે ભૂયસ્કાર બંધ થાય, એકાદિ પ્રકૃતિવડે હીન બંધ છતે અલ્પતર બંધ થાય તેટલી પ્રકૃતિનો બંધ તે અવસ્થિતબંધ અને અબંધક થયા પછી પુનઃ બંધના પહેલા સમયે બંધ થાય તે અવક્તવ્ય બંધ હોય. ॥૨૩॥

**विवेचनः**—એ ભૂયસ્કારાદિનો અર્થ કહે છે.–પૂર્વે થોડી પ્રકૃતિ બાંધતો હોય અને પછી એકાદિ અધિક બાંધે તે भूयस्कार बन्ध ૧, પૂર્વે ઘણી પ્રકૃતિ બાંધતો હોય અને તે પછી એકાદિકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉણી–ઓછી બાંધે તે **અલ્પતર** બંધ કહીએ ૨, પૂર્વે બાંધતો હોય તેટલી જ પ્રકૃતિ જ્યાં લગે બાંધે ત્યાં લગે **અવસ્થિત** બંધ કહીએ ૩, અને સર્વથા અબંધક થઈને ફરી પ્રકૃતિ બાંધવા માંડે ત્યારે પહેલે સમયે **અવક્તવ્ય** બંધ કહીએ* ૪. ॥ ૨૩ ॥

+ હવે સામાન્યે ઉત્તર પ્રકૃતિનાં બંધસ્થાનક ઓગણત્રીસ છે, તેનાં નામ કહે છે.—એક, સત્તર, અઢાર, ઓગણીશ, વીશ, એકવીસ, બાવીસ, છવ્વીશ, ત્રેપન, ચોપન, પંચાવન, છપ્પન, સત્તાવન, અઠ્ઠાવન, ઓગણસાઠ, સાઠ, એકસઠ, ત્રેસઠ, ચોસઠ, પાંસઠ, છાસઠ, સડસઠ, અડસઠ, ઓગણોત્તેર, સીત્તેર, એકોત્તેર, બહોંત્તેર, તહોંત્તેર, અને ચુમ્મોત્તેર, એ ઓગણત્રીશ બંધસ્થાનક છે, ત્યાં ભૂયસ્કાર બંધ અઠ્ઠાવીશ હોય તે કહે છે.—

ઉપશાંતમોહ ગુણઠાણે એક વેદનીય બાંધીને પડતો દશમે ગુણઠાણે જ્ઞાના૦ પાંચ, દર્શના૦ ચાર, અંતરાય પાંચ, ઉચ્ચૈર્ગોત્ર અને યશકીર્તિ સાથે વેદનીય બાંધતાં સત્તર પ્રકૃતિને બંધે પ્રથમ સમયે **પ્રથમ** ભૂયસ્કાર બંધ, ત્યાંથી પડતો નવમે ગુણઠાણે સંજ્વલન લોભ સાથે અઢાર પ્રકૃતિ બાંધતાં **બીજો** ભૂયસ્કાર બંધ. તે સંજ્વલનની માયા સાથે ઓગણીશ બાંધતાં **ત્રીજો** ભૂયસ્કાર બંધ. તે સંજ્વલન માન સાથે વીશ બાંધતાં **ચોથો** ભૂયસ્કાર બંધ. તે સંજ્વલન ક્રોધ સાથે એકવીશ બાંધતાં **પાંચમો** ભૂયસ્કાર બંધ. તે પુરૂષવેદ સાથે બાવીશ બાંધતાં **છઠ્ઠો** ભૂયસ્કાર બંધ, તે મધ્યે હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સા એ ચાર પ્રકૃતિનો અધિક બંધ કરતાં અપૂર્વકરણને સાતમે ભાગે છવ્વીશનો બંધ કરતાં **સાતમો** ભૂયસ્કાર. તે મધ્યે આઠમાને છઠ્ઠે ભાગે દેવપ્રાયોગ્ય નામકર્મની અઠ્ઠાવીશ પ્રકૃતિ બાંધતાં ત્રેપનનો બંધ [ અહીં યશકીર્તિ પૂર્વે છવ્વીસ પ્રકૃતિ મધ્યે આવી છે તેથી દેવપ્રાયોગ્ય સત્તાવીશને બંધ ત્રેપન પ્રકૃતિ હોય ] એ **આઠમો** ભૂયસ્કાર. પુનઃ જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ઓગણત્રીસ બાંધતાં ચોપનના બંધે **નવમો** ભૂયસ્કાર બંધ, તથા આહારકદ્વિક સહિત અને જિનનામરહિત ત્રીસ બાંધતાં પંચાવનના બંધે **દસમો** ભૂયસ્કાર, તે પંચાવન જિન નામ સહિત બાંધતાં છપ્પનના બંધે **અગિઆરમો** ભૂયસ્કાર. અપૂર્વકરણના પ્રથમ ભાગે છપ્પનને જિન નામ રહિત તથા નિદ્રા અને પ્રચલા સહિત બાંધતાં સત્તાવનના બંધે **બારમો** ભૂયસ્કાર. તે વળી જિનનામ સહિત અઠ્ઠાવનના બંધે **તેરમો** ભૂયસ્કાર. તે દેવાયુ સાથે અપ્રમત્તે ઓગણસાઠ બાંધતાં **ચૌદમો** ભૂયસ્કાર, દેશવિરતિ ગુણઠાણે દેવપ્રાયોગ્યની અઠ્ઠાવીસ પ્રકૃતિ બાંધતાં જ્ઞાના૦ પાંચ, દર્શના૦ ૭, વેદનીય એક, મોહનીય તેર, દેવાયુ એક, નામની અઠ્ઠાવીશ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉત્તરપ્રકૃતિના ભૂયસ્કારાદિ બંધ.

नव छ चउ दंसे दु दु, ति दु मोहे दुइगवीस सत्तरस ।
तेरस नव पण चउ ति दु, इक्को नव अट्ठ दस दुन्नि ॥२४॥

नव=નવ પ્રકૃતિનું બંધસ્થાનક
छ=છ પ્રકૃતિનું બંધસ્થાનક
चउ=ચાર પ્રકૃતિનું બંધસ્થાનક
दंसे=દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિના
दु=બે ભૂયસ્કાર બંધ
दु=બે અલ્પતર બંધ
ति=ત્રણ અવસ્થિત બંધ
दु=બે અવક્તવ્ય બંધ
मोहे=મોહનીય કર્મને વિષે
दुइगवीस=બાવીસનું બંધસ્થાન, એકવીશનું બંધસ્થાન
सत्तरस=સત્તર પ્રકૃતિનું બંધસ્થાન
तेरस=તેર પ્રકૃતિનું બંધસ્થાન
नवपणचउ=નવ, પાંચ અને ચાર પ્રકૃતિનું બંધસ્થાન
तिदुइक्को=ત્રણ બે અને એક પ્રકૃતિનું બંધસ્થાન
नव=નવ ભૂયસ્કાર બંધ
अट्ठ=આઠ અલ્પતર બંધ
दस=દશ અવસ્થિત બંધ
दुन्नि=બે અવક્તવ્ય બંધ

**અર્થ:**—દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિનાં નવ, છ અને ચાર પ્રકૃતિનાં [એમ ત્રણ] બંધસ્થાન હોય. બે ભૂયસ્કાર, બે

ગોત્રની એક અને અંતરાયની પાંચ, એવં સાઠ પ્રકૃતિ બાંધતાં **पंदरमो** ભૂયસ્કાર. તે જિનનામ સહિત એકસઠને બંધે **सोलमो** ભૂયસ્કાર, અહીંયાં કોઈ પ્રકારે એક જીવને એક સમયે બાસઠ પ્રકૃતિનો બંધ સંભવે નહીં, તેથી તેનો ભૂયસ્કાર પણ ન કહ્યો. ચોથે ગુણઠાણે આયુ અબંધકાળે દેવપ્રાયોગ્ય નામની અઠ્ઠાવીસ પ્રકૃતિ બાંધતાં જ્ઞાના૦ પાંચ, દર્શના૦ છ, વેદનીય એક, મોહનીય સત્તર, ગોત્રની એક, નામની અઠ્ઠાવીશ અને અંતરાયની પાંચ. એ ત્રેસઠ પ્રકૃતિ બાંધતાં **सत्तरमो** ભૂયસ્કાર. દેવાયુના બંધ સહિત ચોસઠ પ્રકૃતિ બાંધતાં **अढारमो** ભૂયસ્કાર. જિનનામ સહિત પાંસઠ બાંધતાં **ओगणीसमो** ભૂયસ્કાર. ચોથે ગુણઠાણે દેવતા હોય, તેને મનુષ્યપ્રાયોગ્ય ત્રીસ પ્રકૃતિ બાંધતાં છાસઠના બંધે **वीसमो** ભૂયસ્કાર. મિથ્યાત્વ ગુણઠાણે જ્ઞાના૦ પાંચ, દર્શના૦ નવ, વેદનીય એક, મોહનીય બાવીશ, આયુની એક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અલ્પતર, ત્રણ અવસ્થિત અને બે અવક્તવ્ય બંધ હોય. મોહનીય કર્મને વિષે બાવીશ, એકવીશ, સત્તર, તેર, નવ, પાંચ, ચાર, ત્રણ, બે અને એક પ્રકૃતિનાં એમ દશ બંધસ્થાન હોય. નવ ભૂયસ્કાર, આઠ અલ્પતર, દશ અવસ્થિત અને બે અવક્તવ્યબંધ હોય. ॥ ૨૪ ॥

**વિવેચનઃ**—હવે ઉત્તરપ્રકૃતિ આશ્રયી ભૂયસ્કારાદિક કહે છે.—**દર્શનાવરણીય** કર્મની નવ પ્રકૃતિને વિષે ત્રણ બંધસ્થાનક છે, તે કયા? પહેલે બીજે ગુણઠાણે નવે પ્રકૃતિ બાંધે તે પહેલું બંધસ્થાનક ૧, થીણદ્ધિત્રિકનો બંધ ટળ્યે ત્રીજા થકી આઠમાના પહેલા ભાગલગે છ બાંધે એ બીજું બંધસ્થાનક ૨, તે ઉપરાંત બે નિદ્રાનો બંધ ટળ્યે દશમા લગે ચાર બાંધે એ ત્રીજું બંધસ્થાનક ૩. તિહાં શ્રેણિથી પડતાં ચાર બાંધતો છ બાંધે એ પહેલો ભૂયસ્કાર ૧, છ બાંધતો સાસ્વાદને નવ બાંધે એ

---

નામની ત્રેવીશ, ગોત્રની એક અને અંતરાયની પાંચ, એ સડસઠ પ્રકૃતિ બાંધતાં **એકવીસમો** ભૂયસ્કાર. ત્યાં નામકર્મની પચ્ચીશ અને આયુ રહિત અડસઠ બાંધતાં **બાવીસમો** ભૂયસ્કાર. આયુસહિત ઓગણોત્તેર બાંધતાં **ત્રેવીસમો** ભૂયસ્કાર. તે વળી નામકર્મની છવ્વીસ પ્રકૃતિ સાથે સીત્તેર બાંધતાં **ચોવીસમો** ભૂયસ્કાર. તે આયુ રહિત અને નામકર્મની અઠ્ઠાવીસ સાથે એકોતેર બાંધતાં **પચીસમો** ભૂયસ્કાર. તે ઓગણત્રીશ નામકર્મની સાથે બહોંતેરના બંધે **છવ્વીસમો** ભુયસ્કાર. આયુ સહિત તહોંતેર બાંધતાં **સત્તાવીસમો** ભૂયસ્કાર. તે વળી નામકર્મની ત્રીશ બાંધતાં જ્ઞાના૦ પાંચ, દર્શના૦ નવ, વેદનીય એક, મોહનીય બાવીશ, આયુ એક, નામની ત્રીશ ગોત્રની એક અને અંતરાયની પાંચ, એવં ચુમ્મોતેર બાંધતાં **અઠ્ઠાવીસમો** ભૂયસ્કાર. અહીંયાં પ્રકારાંતરે અનેક બંધસ્થાનક સંભવે તે આપણી બુદ્ધિથી વિચારી લેવા. એમ અઠ્ઠાવીશ અલ્પતર બંધ પણ વિપરીતપણે લેવા અને ઓગણત્રીશ બંધસ્થાનક ભણી અવસ્થિત બંધ પણ ઓગણત્રીસ લેવા. અહીંયા અવક્તવ્ય બંધ ન સંભવે, જે ભણી સર્વ ઉત્તરપ્રકૃતિનો અબંધક અયોગી ગુણઠાણે જીવ હોય, ત્યાંથી પડવું નથી માટે અવક્તવ્ય બંધ ન હોય.

ઇતિ જયસોમસૂરિકૃતબાલાવબોધે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજો ભૂયસ્કાર ૨, તથા મિથ્યાત્વે નવનો બંધક થકો મિશ્ર તથા સમ્યક્ત્વ પામતો છ બાંધે ત્યાં પહેલે સમયે પહેલો અલ્પતર બંધ હોય ૧. આઠમે ગુણઠાણે છ બાંધતો ચાર બાંધે ત્યારે પહેલે સમયે બીજો અલ્પતર બંધ હોય ૨. તથા ત્રણ બંધસ્થાનકે પ્રથમ સમય પછી દ્વિતીયાદિક સમયે ત્રણ અવસ્થિત બંધ હોય. તથા ઉપશાંતમોહે અબંધક થઈને પડતો દશમે ગુણઠાણે ચાર બાંધે ત્યારે પહેલે સમયે પહેલો અવક્તવ્ય બંધ હોય ૧. ઉપશાન્તમોહે સર્વથા અબંધક થકો કાળ કરી અનુત્તરવિમાને ઉપજે ત્યાં ચોથે ગુણઠાણે પ્રથમજ છ બાંધે ત્યાં પહેલે સમયે બીજો અવક્તવ્ય બંધ હોય ૨. એટલે દર્શનાવરણીય કર્મના ત્રણ બંધસ્થાનકે બે ભૂયસ્કાર બંધ, ત્રણ અવસ્થિત બંધ અને બે અવક્તવ્ય બંધ હોય.

**મોહનીય કર્મની** બંધે ૨૬ પ્રકૃતિ છે. તેને વિષે દશ બંધસ્થાનક છે, તે કયા? ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨, ૧. તે કેમ? મોહનીયની ૨૮ પ્રકૃતિ છે. તેમાંથી સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય એ બે બંધે ન હોય, તે ટાળી ૨૬ બંધે હોય. તેમાં પણ ત્રણ વેદનો બંધ સમકાળે ન હોય, એકજ વેદનો બંધ હોય. અને હાસ્ય ૧, રતિ ૨: શોક ૧, અરતિ ૨: એ બે યુગલ માંહેથી એકજ યુગલ એક સમયે બંધાય એટલે ૨૬ માંહેથી ૪ ટળ્યે ઉત્કૃષ્ટો ૨૨ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ ગુણઠાણે હોય ૧, ત્યારપછી મિથ્યાત્વ ટળ્યે સાસ્વાદને ૨૧ નો બંધ ૨, મિશ્રે અને અવિરતે અનંતાનુબંધી ૪ ટળ્યા માટે ૧૭ નો બંધ ૩. અપ્રત્યાખ્યાનીય ૪ ટળ્યે દેશવિરતિએ ૧૩ નો બંધ ૪. પ્રત્યાખ્યાનાવરણ ૪ ટળ્યે પ્રમત્ત થકા અપૂર્વકરણ લગે ૯ નો બંધ; યદ્યપિ ઈહાં અરતિ શોક ટળ્યાં છે તો પણ તે ઠામે હાસ્ય રતિ છે તે માટે ૯ નો જ બંધ હોય ૫, હાસ્ય, રતિ, ભય અને કુચ્છા એ ચાર ટળ્યે અનિવૃત્તિને પહેલે ભાગે પાંચનો બંધ ૬, બીજે ભાગે પુરુષવેદ ટળ્યે ૪ નો બંધ ૭. ત્રીજે ભાગે સંજ્વલન ક્રોધ ટળ્યે ૩ નો બંધ ૮, ચોથે ભાગે સંજ્વલન માન ટળ્યે ૨ નો બંધ ૯. પાંચમે ભાગે સંજ્વલની માયા ટળ્યે એક સંજ્વલન લોભનો જ બંધ ૧૦. એ દશ બંધસ્થાનકને વિષે નવ ભૂયસ્કાર બંધ હોય, આઠ અલ્પતર હોય, દશ અવસ્થિત હોય અને બે અવક્તવ્ય હોય. તે કેમ? એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકૃતિ બાંધતો થકો પડતાં બે બાંધે ત્યારે પહેલે સમયે પહેલો ભૂયસ્કાર થાય ૧. બે બાંધતો ત્રણ બાંધે ત્યારે બીજો ભૂયસ્કાર ૨. એમ પ્રકૃતિબંધ વધતો થકો યાવત્ ૨૧ થકી ૨૨ બાંધે ત્યારે નવમો ભૂયસ્કાર હોય ૯. એમ નવ ભૂયસ્કાર જાણવા. ત્યાં ૧, ૨, ૩, ૪, ૫, ૯ અને ૧૩ બાંધતો કાળ કરે તો દેવતા થાય, ત્યાં ૧૭ નો બંધક થાય પણ તે ભૂયસ્કાર ૧૭ નો એક જ જાણવો; જૂદા નહી. તથા મિથ્યાત્વે ૨૨ બાંધતો થકો ચઢતાં મિશ્રે અને સમ્યકત્વે ૧૭ બાંધે તે પહેલો અલ્પતર બંધ ૧, સાસ્વાદન તો પડતાં જ હોય; તે માટે ચઢતાં ૨૧ નો બંધ ન ન હોય. ૧૭ બાંધતો ૧૩ બાંધે એ બીજો અલ્પતર બંધ ૨, એમ પ્રકૃતિ ઘટાડતો યાવત્ એક બાંધે એ આઠમો અલ્પતર બંધ ૮. એ આઠ અલ્પતર બંધ જાણવા. તથા દશે બંધસ્થાનકે પ્રથમ સમય પછી દ્વિતીયાદિક સમયે દશ અવસ્થિત બંધ જાણવા. તથા ઉપશમશ્રેણિએ મોહનીયનો સર્વથા અબંધક થઈને પડતો નવમે ગુણઠાણે સંજ્વલન લોભ બાંધે ત્યારે પહેલે સમયે અવક્તવ્ય બંધ હોય, એ પહેલો અવક્તવ્ય બંધ ૧. તથા ઉપશમશ્રેણિએ અબંધક થઇને ત્યાં જ કાળ કરી અનુત્તર વિમાને જઈ ત્યાં પ્રથમ જ ચોથે ગુણઠાણે સત્તરનો બંધક થાય, એ બીજો અવક્તવ્ય બંધ ૨ એટલે મોહનીયના દશ બંધસ્થાનકે નવ ભૂયસ્કાર બંધ હોય, આઠ અલ્પતર બંધ હોય, દશ અવસ્થિત બંધ હોય અને બે અવક્તવ્ય બંધ હોય. ॥ ૨૪ ॥

---

૨૩ ૨૫ ૨૬ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૧

**तिपणछअट्ठनवहिआ, वीसा तीसेगतीस इग नामे;**
**छस्सगअट्ठतिबंधा, सेसेसु य ठाणमिक्किक्कं ॥२५॥**

**तिपणछअट्ठनवहिया वीसा**= ત્રણ, પાંચ, છ, આઠ અને નવ આધિક વીશ એટલે ૨૩-૨૫-૨૬-૨૮ ૨૯ પ્રકૃતિનાં બંધસ્થાન

**तीस**=ત્રીશ પ્રકૃતિનું બંધસ્થાન
**एगतीस**=એકત્રીશનું બંધસ્થાન
**इग**=એક પ્રકૃતિનું બંધસ્થાન
**नामे**=નામકર્મને વિષે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| छ=છ ભૂયસ્કાર બંધ | વેદનીય, આયુ, ગોત્ર |
| सत्त=સાત અલ્પતર | અને અંતરાય] કર્મને |
| अट्ठ=આઠ અવસ્થિત બંધ | વિષે |
| तिबंधा=ત્રણ અવક્તવ્યબંધ | ठाणं=બંધસ્થાન |
| सेसेसुं=બાકીના [જ્ઞાનાવરણ, | इक्किक्कं=એક એક |

अर्थः—ત્રેવીશ, પચીશ, છવ્વીશ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ, એકત્રીશ અને એક પ્રકૃતિનાં [એમ આઠ] બંધસ્થાન નામકર્મને વિષે હોય. છ ભૂયસ્કાર, સાત અલ્પતર, આઠ અવસ્થિત અને ત્રણ અવક્તવ્ય બંધ હોય અને બાકીના કર્મને વિષે એક એક બંધસ્થાન હોય. ॥ ૨૫ ॥

विवेचन—नामकर्मની બંધે ૬૭ પ્રકૃતિ છે તેને વિષે ૮ બંધસ્થાનક છે, તે કયા? ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૧. તે કેમ? વર્ણચતુષ્ક ૪, તૈજસ ૫, કાર્મણ ૬, અગુરુલઘુ ૭, નિર્માણ ૮ અને ઉપઘાત ૯ એ નવ પ્રકૃતિ આઠમા ગુણઠાણાના છઠ્ઠા ભાગ લગે સર્વજીવ સદાય નિશ્ચયે બાંધે તે માટે ધ્રુવબંધી ૯, તિર્યંચગતિ ૧૦, તિર્યગાનુપૂર્વી ૧૧, એકેંદ્રિયજાતિ ૧૨, ઔદારિક શરીર ૧૩, હુંડક સંસ્થાન ૧૪, સ્થાવર ૧૫, અપર્યાપ્ત ૧૬, અસ્થિર ૧૭, અશુભ ૧૮, દુર્ભગ ૧૯, અનાદેય ૨૦, અયશઃ ૨૧, સૂક્ષ્મ બાદર માંહેલી એક ૨૨, સાધારણ પ્રત્યેક માંહેલી એક ૨૩, એ ત્રેવીશ અપર્યાપ્તએકેંદ્રિય પ્રાયોગ્ય તે એકેંદ્રિય, વિકલેંદ્રિય અને પંચેંદ્રિય મિથ્યાત્વી બાંધે, એ ત્રેવીશનું પહેલું બંધસ્થાનક ૧. તે ૨૩ માંહે ઉશ્વાસનામ ૧, પરાઘાત ૨, એ બે ભેળવીએ અને અપર્યાપ્ત ૧, અસ્થિર ૨, અશુભ ૩ અને અયશ ૪, એ ચારને ઠેકાણે એની પ્રતિપક્ષી પર્યાપ્ત ૧, સ્થિર ૨, શુભ ૩ અને યશ ૪, એ ચાર કહીએ, તો એ પચ્ચીશ પર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય તથા અપર્યાપ્ત બેઇંદ્રિયાદિક પ્રાયોગ્ય બંધાય, એ બીજું બંધસ્થાનક ૨, એ ૨૫ માંહે ઉદ્યોત તથા આતપ એ બે માંહેની એક ભેળવીએ, એ ૨૬ પર્યાપ્ત એકેંદ્રિય યોગ્ય બંધાય, એ ત્રીજું બંધસ્થાનક ૩. તથા દેવગતિ ૧. દેવાનુપૂર્વી ૨, પંચેંદ્રિયજાતિ ૩, વૈક્રિય શરીર ૪, વૈક્રિયોપાંગ ૫, સમચતુરસ્ર સંસ્થાન ૬, ઉશ્વાસ ૭, પરાઘાત ૮, શુભવિહાયોગતિ ૯, ત્રસ ૧૦, બાદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧, પર્યાપ્ત ૧૨, પ્રત્યેક ૧૩, સ્થિર અસ્થિર માંહેલી એક ૧૪ શુભ અશુભ માંહેલી એક ૧૫, યશ અયશ માંહેલી એક ૧૬ સુભગ ૧૭, સુસ્વર ૧૮, આદેય ૧૯ અને નવ ધ્રુવબંધી ૨૮ એ ૨૮ દેવપ્રાયોગ્ય પ્રકૃતિઓને પ્રથમના ચાર ગુણઠાણાવાળા મનુષ્ય તિર્યંચ બાંધે, એ ચોથું બંધસ્થાનક ૪. એ માંહે જિનનામ ભેળવીએ તે ૨૯ અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય જ દેવગતિ યોગ્ય બાંધે અથવા પૂર્વોક્ત ૨૫ માંહે ખગતિ ૧ સ્વર ૧, સંઘયણ ૧, ઔદારિકોપાંગ ૧, એ ૪ ભેળવીએ તથા એકેંદ્રિયને ઠેકાણે પંચેંદ્રિય, અને સ્થાવરને ઠેકાણે ત્રસ કહીયે એ ૨૯ પર્યાપ્તપંચેંદ્રિય તિર્યંચયોગ્ય બાંધે, એ પાંચમું બંધ સ્થાનક ૫. તથા પૂર્વોક્ત ૨૮ માંહે આહારકદ્વિક ભેળવીએ અને સ્થિર શુભ, યશજ કહીએ પ્રતિપક્ષી ન કહીએ, તો એ ૩૦ દેવયોગ્ય અપ્રમત્તસંયત બાંધે, અથવા પૂર્વોક્ત ૨૮ માંહે વજ્રઋષભનારાચ સંઘયણ ૧, જિનનામ ૨, એ બે ભેળવીએ અને દેવદ્વિકને ઠામે [ઠેકાણે] મનુષ્યદ્વિક કહીયે, એ ૩૦ મનુષ્ય યોગ્ય સમ્યગ્દૃષ્ટિ દેવતા બાંધે, એ છઠ્ઠું બંધસ્થાનક ૬ તથા દેવયોગ્ય ૩૦ માંહે જિનનામ ભેળવીએ, એ ૩૧ દેવયોગ્ય અપ્રમત્ત અને અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી સાધુ બાંધે, એ સાતમું બંધસ્થાનક ૭. તથા અપૂર્વાદિ ત્રણ ગુણઠાણે રહ્યો થકો સાધુ એક યશ:કીર્ત્તિ સહજે જ બાંધે પણ કોઈ ગતિયોગ્ય નહીં, એ આઠમું બંધસ્થાનક ૮. હવે એ બંધસ્થાનકને વિષે છ ભૂયસ્કાર હોય, સાત અલ્પતર હોય, આઠ અવસ્થિત હોય અને ત્રણ અવક્તવ્ય હોય, તે કેમ? કોઇક જીવ અપર્યાપ્ત એકેંદ્રિય યોગ્ય ૨૩ બાંધીને તદ્યોગ્ય વિશુદ્ધિપણે ૨૫ બાંધે, ત્યારે પહેલે સમયે પહેલો ભૂયસ્કાર હોય ૧. તે વાર પછી ૨૬ બાંધતે બીજો ભૂયસ્કાર. ૨૮ બાંધતે ત્રીજો ૩. ૨૯ બાંધતે ચોથો ૪. ત્રીશ બાંધતે પાંચમો ૫. આહારકદ્વિક યુક્ત ૩૦ બાંધીને ૩૧ બાંધતાં પહેલે સમયે છઠ્ઠો ભૂયસ્કાર ૬. અથવા એક યશ:કીર્ત્તિ બાંધતો શ્રેણિથી પડતો અપૂર્વકરણે ૩૧, અથવા ૩૦, અથવા ૨૯, અથવા ૨૮ બાંધે, ત્યાં પહેલે સમયે ભૂયસ્કાર હોય પણ છઠ્ઠો જ પણ સાતમો નહીં. જે ભણી એકત્રીશાદિક આધકી બાંધે તે તેજ છે, નવી નથી તે માટે. છ ભૂયસ્કાર બંધ જાણવા. હવે અલ્પતર બંધ ૭ છે, તે આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે-અપૂર્વકરણે દેવગતિયોગ્ય ૨૮, ૨૯, ૩૦, ૩૧ બાંધીને શ્રેણિ ચઢતાં તે બંધને વ્યુચ્છેદે એક યશ બાંધે, ત્યાં આદ્ય સમયે પહેલો અલ્પતર બંધ ૧. કોઈક મનુષ્ય આહારકદ્વિક અને જિનનામ સહિત દેવયોગ્ય ૩૧ બાંધતો મરીને દેવલોકે જાય, ત્યાં પહેલે જ સમયે મનુષ્ય યોગ્ય ૩૦ બાંધે; ત્યાં બીજો અલ્પતર ૨. તે જ દેવલોકથી ચ્યવી મનુષ્ય થયો થકો વળી જિનનામ સહિત દેવગતિ યોગ્ય ૨૯ બાંધે, તેને આદ્ય સમયે ત્રીજો અલ્પતર ૩. જ્યારે કોઈ મનુષ્ય વા તિર્યંચ તિર્યંગ્ગતિ યોગ્ય ૨૯ બાંધતો વિશુદ્ધ પરિણામે દેવગતિ યોગ્ય ૨૮ બાંધે, ત્યારે આદ્ય સમયે ચોથો અલ્પતર ૪. તે ૨૮ બાંધતો સંકલિષ્ટ પરિણામવશે એકેંદ્રિયયોગ્ય ૨૬ બાંધે, ત્યાં પાંચમો અલ્પતર ૫. તેજ ૨૬ વાળો ૨૫ બાંધે ત્યારે છઠ્ઠો અલ્પતર ૬. તેજ ૨૩ બાંધે ત્યારે સાતમો અલ્પતર બંધ જાણવો. તથા એ આઠે બંધસ્થાનકે દ્વિતીયાદિક સમયે આઠ **अवस्थित बंध** હોય. તથા ઉપશાન્તમોહ ગુણઠાણે નામકર્મનો સર્વથા અબંધક થઇને પડતો એક યશ બાંધે ત્યારે પ્રથમ સમયે પહેલો **अवक्तव्य** ૧. ઉપશાન્તમોહે કાળ કરીને અનુત્તર વિમાને જાય ત્યાં પહેલે જ સમયે જિનનામ સહિત મનુષ્યગતિ યોગ્ય ૩૦ બાંધે, ત્યાં બીજો અવક્તવ્ય ૨. તેજ કોઇક જિનનામ વિના ૨૯ બાંધે, ત્યાં પ્રથમ સમયે ત્રીજો અવક્તવ્ય બંધ હોય ૩. એટલે એ નામકર્મને ૮ બંધસ્થાનકે છ ભૂયસ્કાર બંધ હોય, સાત અલ્પતર બંધ હોય. આઠ અવસ્થિત બંધ હોય અને ત્રણ અવક્તવ્ય બંધ હોય.

શેષ જ્ઞાનાવરણીય ૧, વેદનીય ૨, આયુ ૩, ગોત્ર ૪, અંતરાય ૫, એ પાંચ કર્મને વિષે એકેકું જ બંધસ્થાનક છે, તે કેમ? **ज्ञानावरणीयनी** પ્રકૃતિ ૫ સૂક્ષ્મસંપરાય લગે ભેળી જ બંધાય, ત્યાં ભૂયસ્કાર કે અલ્પતર બંધ હોય નહીં; અવસ્થિત બંધ એક સદાય હોય, ઉપશાન્તમોહે જ્ઞાનાવરણનો સર્વથા અબંધક થઇને પાછો પડતો પાંચે પ્રકૃતિ સમકાળે બાંધે ત્યારે તેને પહેલે સમયે અવક્તવ્ય બંધ હોય, એમ **अंतराय कर्म** પણ કહેવું. **वेदनीयनी** બે પ્રકૃતિ માંહેલી એકજ બંધાય. અહીં પણ ભૂયસ્કાર અને અલ્પતર ન હોય, સદાય અવસ્થિત જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આઠ કર્મની ઉત્તરપ્રકૃતિને વિષે બંધસ્થાન તથા ભૂયસ્કારાદિ બંધનું કોષ્ટક.

| ૮ કર્મ | જ્ઞાનાવરણ | દર્શનાવરણ | વેદનીય | મોહનીય કર્મ | આયુઃ | નામકર્મ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉત્તર પ્રકૃતિ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| કેટલા બંધસ્થાન | ૧ | ૩ | ૧ | ૧૦ | ૧ | ૮ | ૧ | ૧ |
| કેટલી પ્રકૃતિનાં બંધસ્થાન | ૫ | ૯,૬,૪ | ૧ | ૨૨,૨૧,૧૭,૧૩ ૯,૫,૪,૩,૨,૧. | ૧ | ૨૩,૨૫,૨૬,૨૮ ૨૯,૩૦,૩૧,૧ | ૧ | ૫ |
| ભૂયસ્કાર બંધ | ૦ | ૨ | ૦ | ૯ | ૦ | ૬ | ૦ | ૦ |
| અલ્પતર બંધ | ૦ | ૨ | ૦ | ૮ | ૦ | ૭ | ૦ | ૦ |
| અવસ્થિત બંધ | ૧ | ૩ | ૧ | ૧૦ | ૧ | ૮ | ૧ | ૧ |
| અવક્તવ્ય બંધ | ૧ | ૨ | ૦ | ૨ | ૧ | ૩ | ૧ | ૧ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધ હોય, એનો અબંધ અયોગી ગુણઠાણે થાય અને તે પછી ફરી વેદનીય ન બાંધે તે માટે અવક્તવ્ય બંધ પણ હોય નહીં. આયુઃકર્મની પ્રકૃતિ ચાર છે, તે માંહેની એક ભવે એકજ બાંધે અને તે એક જ વાર બાંધે. તે બંધને પહેલે સમયે અવક્તવ્યબંધ એક હોય, પછી બંધકાળ લગે અવસ્થિતબંધ હોય ભૂયસ્કાર કે અલ્પતરહોય નહીં. ગોત્રકર્મની બે પ્રકૃતિ માંહેથી પણ એક સમયે એક જ બંધાય ત્યાં ભૂયસ્કાર કે અલ્પતર હોય નહીં. સદાય અવસ્થિત હોય. ઉપશાન્તમોહે સર્વથા અબંધક થઈ પાછો બાંધે, ત્યાં પ્રથમ સમયે અવક્તવ્ય હોય ॥ ૨૫ ॥

## ૮ મૂળ કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ.

**वीसयरकोडिकोडी, नामे गोए अ सत्तरी मोहे।**
**तीसियरचउसु उदही, निरयसुराउंमि तित्तीसा ॥२६॥**

वीस=વીશ.
अयरकोडिकोडी=કોડાકોડ સાગરોપમ.
नामे=નામકર્મને વિષે.
गोए=ગોત્રકર્મને વિષે.
सत्तरी=સિત્તેર કોડાકોડ સાગરોપમ.
मोहे=મોહનીય કર્મને વિષે.
तीस=ત્રીશ કોડાકોડ સાગરોપમ
इयरचउसु=બાકીના ચાર કર્મને વિષે
उदही=સાગરોપમ.
निरयसुराउंमि=નારકી અને દેવતાના આયુષ્યને વિષે
तित्तीसा=તેત્રીશ સાગરોપમ.

**અર્થ**—વીસ કોડાકોડ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ નામકર્મ અને ગોત્રકર્મની હોય. મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ હોય. બાકીના ચાર કર્મને વિષે ત્રીશ કોડાકોડી સાગરોપમ હોય. નારકી અને દેવતાના આયુષ્યને વિષે તેત્રીસ સાગરોપમ સ્થિતિ હોય. ॥ ૨૬ ॥

**વિવેચન:—હવે સ્થિતિબંધ** કહે છે.—વીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ નામકર્મ અને ગોત્રકર્મની હોય. સિત્તેર [૭૦] કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ મોહનીયકર્મની હોય. ઇતર તે જ્ઞાનાવરણીય ૧, દર્શનાવરણીય ૨, વેદનીય ૩ અને અંતરાય ૪, એ ચાર કર્મની ત્રીશ કોડાકોડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય. નારકી અને દેવતાના આયુ:કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની હોય, એ ૩૩ સાગરોપમ કહ્યાં તે ભોગ્યકાળ આશ્રયી જાણવાં પણ બાંધે તો તે પૂર્વકોટીને ત્રીજે ભાગે અધિક ૩૩ સાગરોપમ બાંધે. ભગવતી સૂત્રે શતક છઠ્ઠાના ત્રીજા ઉદ્દેશે એમ કહ્યું છે, તથા સપ્તવિધ બંધકનો કાળ પણ ૩૩ સાગરોપમ પૂર્વકોડિને ત્રીજે ભાગે અધિક અને છમાસે ઊણો કહ્યો છે, તે માટે ૩૩ સાગર પૂર્વકોટીને ત્રીજે ભાગે અધિક ×આયુ:કર્મની સ્થિતિ જાણવી. ॥ ૨૬ ॥

## ૮ મૂળકર્મનો જઘન્ય સ્થિતિબંધ.

**मुत्तुं अकसायठिइं, बार मुहुत्ता जहन्न वेअणिए।**
**अट्ठट्ठ नामगोएसु, सेसएसुं मुहुत्तंतो ॥ २७ ॥**

मुत्तुं=છોડીને=ત્યાગ કરીને
अकसाय=અકષાયીને
ठिइं=સ્થિતિ
बारमुहुत्ता=બાર મુહૂર્ત
जहन्न=જઘન્ય
वेयणिए=વેદનીયકર્મને વિષે
अट्ठट्ठ=આઠ આઠ મુહૂર્તની
नामगोएसु=નામકર્મ અને ગોત્રકર્મને વિષે
सेसएसुं=બાકીના પાંચ કર્મને વિષે
मुहुत्तंतो=અંતમુહૂર્ત

**अर्थ:**—અકષાયીને× ત્યાગ કરીને [સકષાયીને] વેદનીય કર્મને વિષે જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત હોય નામ અને ગોત્ર કર્મને વિષે આઠ આઠ મુહૂર્ત જઘન્ય સ્થિતિ હોય. બાકીના પાંચ [જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, આયુ અને અંતરાય] કર્મને વિષે જઘન્ય સ્થિતિ અંતમુહૂર્ત હોય. ॥ ૨૭ ॥

**विवेचन:**—હવે જઘન્ય સ્થિતિ કહે છે.—અકષાયી તે ૧૧, ૧૨, ૧૩, ગુણઠાણાવાળા, તેની સ્થિતિ વર્જીને [જે ભણી

× આયુકર્મને વિષે દેવાયુ અને નરકાયુની સ્થિતિ સર્વ કરતાં વધારે હોવાથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં ગ્રંથલાઘવ માટે તે એની સ્થિતિ કહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અકષાયીને તો વેદનીયની સ્થિતિ બે ×સમયની જ હોય તે માટે તે વિના ] સકષાયીને વેદનીયની સ્થિતિ જઘન્યથી[1] બાર મુહૂર્તની હોય. નામકર્મ અને ગોત્રકર્મની આઠ આઠ મુહૂર્ત્તની જઘન્ય સ્થિતિ હોય. અને શેષ પાંચ કર્મની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્તની[2] હોય. ૨૭.

---

× પહેલે સમયે બંધાય, બીજે સમયે વેદાય અને ત્રીજે સમયે નાશ પામે.

૧ અન્ય સ્થળે [ ઉત્તરાધ્યયનમાં ] અન્તર્મુહૂર્તની પણ કહી છે.

૨ અહીં કર્મનો અબાધાકાળ [ અનુદયકાળ ] ઉત્તર પ્રકૃતિને આશ્રયીને જ આગળ કહેવામાં આવશે; તેથી તેને અનુસારે મૂળ પ્રકૃતિનો અબાધાકાળ પણ લેવો.—એટલે—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય કર્મનો ત્રણ હજાર વર્ષ, મોહનીયનો સાત હજાર વર્ષ, નામ તથા ગોત્ર કર્મનો બે હજાર વર્ષ અને આયુષ્ય કર્મનો અંતર્મુહૂર્ત તથા પૂર્વકોડીનો ત્રીજો ભાગ. સ્થિતિમાંથી અબાધાકાળ બાદ કરતાં શેષ રહે તે નિષેકકાળ [ ભોગ્યકાળ ] જાણવો. અબાધાકાળ એટલે દલિકની રચના વિનાનો કાળ. જે સમયે જેટલી સ્થિતિવાળું જે કર્મ આત્મા બાંધે છે અને તેના ભાગમાં જેટલી કર્મવર્ગણાઓ આવે છે તે વર્ગણાઓ તેટલો કાળ નિયત ફળ આપી શકે તેટલા માટે તેની રચના કરે છે. શરૂઆતના કેટલાક સ્થાનકમાં તે રચના કરતો નથી, તેને જ અબાધાકાળ કહેવામાં આવે છે. અબાધાકાળ પછીના પ્રથમ સ્થાનકમાં વધારે, બીજામાં ઓછા, ત્રીજામાં ઓછા એમ સ્થિતિબંધના ચરમ સમય પર્યંત દલિક ગોઠવે છે, તેને **નિષેક** કહે છે. ક્રમશઃ ભોગવવા માટે કરેલી દલિકરચના તે નિષેક અબાધાકાળનો એવો નિયમ છે કે—જઘન્ય સ્થિતિબંધે અંતર્મુહૂર્તનો અબાધાકાળ. સમયાધિક જઘન્ય સ્થિતિબંધથી માંડી યાવત્ પલ્યોપમના અસંખ્યાત ભાગ બંધ સુધી એક સમયાધિક અંતર્મુહૂર્ત અબાધાકાળ પલ્યોપમના અસંખ્ય ભાગાધિક બંધથી આરંભી બીજો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પૂર્ણ થાય ત્યાં સુધી બે સમયાધિક અંતર્મુહૂર્તનો અબાધા કાળ પડે. એમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગાધિક સમયસમયનો અબાધા કાળ વધારતાં પૂર્ણ કોડાકોડી સાગરોપમના બંધે સો વરસનો અબાધા કાળ હોય એટલે તેટલા વખતના જેટલા સમયો થાય તેટલા સ્થાનકમાં દલિક રચના ન કરે.

## ઉત્તરપ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ.

**विग्घावरण असाए, तीसं अट्ठार सुहुमविगलतिगे।**
**पढमागिइसंघयणे, दस दुसुवरिमेसु दुगवुड्ढी ॥२८॥**

विग्घावरणअसाए=પાંચ અંતરાય, પાંચ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ અને અશાતાવેદનીય કર્મને વિષે
तीसं=ત્રીશ કોડાકોડી સાગરોપમ
अट्ठार=અઢાર કોડાકોડી સાગરોપમ
सुहुमविगलतिगे=સૂક્ષ્મત્રિક અને વિકલત્રિકને વિષે
पढमागिइसंघयणे=પ્રથમ સંસ્થાન અને પ્રથમ સંઘયણને વિષે
दस=દશ કોડાકોડી સાગરોપમ
दुसु=બેને વિષે
उवरिमेसु=ઉપરના સંસ્થાન અને સંઘયણને વિષે
दुगवुड्ढी=બબ્બે કોડાકોડી સાગરોપમની વૃદ્ધિ જાણવી

**अर्थ:**—પાંચ અંતરાય, ચૌદ આવરણ અને અશાતા વેદનીયને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમ હોય. સૂક્ષ્મત્રિક અને વિકલેંદ્રિયત્રિકને વિષે અઢાર કોડાકોડી સાગરોપમ હોય; પહેલા સંસ્થાન અને પહેલા સંઘયણ એ બેને વિષે દશ કોડાકોડી સાગરોપમ હોય અને ઉપરના સંસ્થાન અને સંઘયણને વિષે બબ્બે કોડાકોડી સાગરોપમની વૃદ્ધિ જાણવી ॥ ૨૮ ॥

**विवेचन:**-હવે ઉત્તર પ્રકૃતિની ઉત્કૃષ્ટી સ્થિતિ કહે છે-પાંચ અંતરાય, પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય અને એક અસાતાવેદનીય એવં ૨૦ પ્રકૃતિની ત્રીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટી સ્થિતિ હોય, સૂક્ષ્મ ૧, અપર્યાપ્ત ૨, સાધારણ ૩. એ સૂક્ષ્મત્રિક, બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચઉરિંદ્રિય ૩, એ વિકલત્રિક, એ છ પ્રકૃતિની અઢાર કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટી સ્થિતિ હોય. પ્રથમાકૃતિ તે સમચતુરસ્ર સંસ્થાન અને પ્રથમ સંઘયણ તે વજ્રઋષભનારાચ સંઘયણ એ બે પ્રકૃતિની દશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય, ઉપરલા બબ્બેને વિશે બબ્બે સાગરોપમ વધારીએ. તે આ પ્રમાણે-ન્યગ્રોધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ઋષભનારાચની બાર, સાદિ અને નારાચની ચૌદ, કુબ્જ અને અર્ધનારાચની સોળ, વામન અને કીલિકાની અઢાર અને હુંડક તથા છેવટ્ઠાની વીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય. ॥ ૨૮ ॥

---

**चालीस कसाएसुं, मिउलहुनिद्धुण्हसुरहिसिअमहुरे।**
**दस दोसड्ढ समहिआ, ते हालिद्दंबिलाईणं ॥ २९ ॥**

चालीस–ચાલીશ કોડાકોડી સાગરોપમ
कसाएसुं–કષાયોને વિષે
मिउलहुनिद्ध=મૃદુ, લઘુ, સ્નિગ્ધસ્પર્શ
उण्हसुरहि=ઉષ્ણસ્પર્શ, સુરભિગંધ
सियमहुरे=શ્વેતવર્ણ અને મધુર રસને વિષે
दस=દશ કોડાકોડી સાગરોપમ
दोसड्ढसमहिया=અઢી કોડાકોડી સાગરોપમ સાધિક
ते=તે [દશ કોડાકોડી સાગરોપમ]
हालिद्दंबिलाईणं=પીતવર્ણ આમ્લરસ વગેરેની જાણવી

અર્થ:—૧૬ કષાયોને વિષે ચાલીશ કોડાકોડી સાગરોપમ હોય, મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણસ્પર્શ, સુરભિગંધ, શ્વેતવર્ણ અને મધુરરસને વિષે દશ કોડાકોડી સાગરોપમ હોય અને તે [દશ કોડાકોડી સાગરોપમમાં] અઢી કોડાકોડીસાગરોપમ સાધિક સ્થિતિ પીતવર્ણ અને આમ્લરસ વગેરેની જાણવી. ॥ ૨૯ ॥

વિવેચન:—સોળ કષાયની ચાલીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટી સ્થિતિ હોય. મૃદુસ્પર્શ ૧, લઘુસ્પર્શ ૨, સ્નિગ્ધસ્પર્શ ૩, ઉષ્ણસ્પર્શ ૪, સુરભિગંધ ૫, શ્વેતવર્ણ ૬ અને મધુરરસ ૭, એ સાતની દશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટી સ્થિતિ હોય. હેઠલા વર્ણ રસને વિષે અઢી અઢી વધારીએ, તે આ પ્રમાણે હારિદ્ર [પીળો] વર્ણ તથા આમ્લરસની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાડાબાર, રક્ત વર્ણ તથા કષાય રસની પન્નર, નીલવર્ણ તથા કટુકરસની સાડાસત્તર અને કૃષ્ણવર્ણ તથા તિક્તરસની વીશ કોડાકોડી સાગરોપમની *સ્થિતિ હોય. ॥ ૨૯ ॥

---

१ १ २ ६ १ १ १

**दस सुहविहगइउच्चे, सुरदुगथिरछक्कपुरिसरइहासे ।**

२ १ १

**मिच्छे सत्तरि मणुदुग, इत्थीसाएसु पन्नरस ॥३०॥**

**दस**=દશ કોડાકોડી સાગરોપમ
**सुहविहगइ**=શુભવિહાયોગતિ
**उच्चे**=ઉચ્ચગોત્રને વિષે
**सुरदुग**=દેવદ્વિક
**थिरछक्क**=સ્થિરષટ્ક
**पुरिस**=પુરૂષવેદ
**रइहासे**=રતિમોહનીયને અને હાસ્યમોહનીય વિષે
**मिच्छे**=મિથ્યાત્વે
**सत्तरि**=સિત્તેર કોડાકોડી સાગરોપમ
**मणुदुगइत्थीसाएसु**=મનુષ્યદ્વિક, સ્ત્રીવેદ અને સાતા વેદનીયને વિષે
**पन्नरस**=પંદર કોડાકોડી સાગરોપમ

**અર્થઃ**—શુભવિહાયોગતિ અને ઉચ્ચગોત્રને વિષે તથા સુરદ્વિક, સ્થિરષટ્ક, પુરૂષવેદ, રતિમોહનીય અને હાસ્યમોહનીયને વિષે દશ કોડાકોડી સાગરોપમ હોય; મિથ્યાત્વને વિષે સિત્તેર કોડાકોડી સાગરોપમ હોય અને મનુષ્યદ્વિક, સ્ત્રીવેદ અને સાતાવેદનીયને વિષે પંદર કોડાકોડી સાગરોપમ હોય ॥ ૩૦ ॥

**વિવેચનઃ**—શુભવિહાયોગતિ ૧, ઉચ્ચૈર્ગોત્ર ૨, દેવગતિ ૩, દેવાનુપૂર્વી ૪, સ્થિરનામ ૧, શુભનામ ૨, સુભગનામ ૩, સુસ્વરનામ ૪, આદેયનામ ૫ અને યશ નામ ૬, એ સ્થિર

---

* જો કે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ વર્ણચતુષ્કને તેના ભેદ વિનાજ બંધમાં ગ્રહણ કરેલ છે અને કર્મપ્રકૃતિ વગેરેમાં તેની વીશ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે, તોપણ વર્ણાદિ ચતુષ્કના વીશ ભેદની જૂદી જૂદી સ્થિતિ પંચસંગ્રહમાં કહેલી છે તે અનુસારે અહીં પણ કહેવામાં આવી છે. બંધને આશ્રયીને તો વર્ણચતુષ્કજ લેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષટ્ક ૧૦, પુરૂષવેદ ૧૧, રતિ ૧૨ અને હાસ્ય ૧૩, એ તેર પ્રકૃતિની દસ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય. મિથ્યાત્વ મોહનીયની સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય મનુષ્યગતિ ૧, મનુષ્યાનુપૂર્વી ૨, સ્ત્રીવેદ ૩, અને શાતાવેદનીય ૪, એ ચાર પ્રકૃતિની પન્નર કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય. ॥ ૩૦ ॥

---

१ १ १ १ २ २ २ २ १
**भयकुच्छ अरइसोए, विउव्वितिरिउरलनिरयदुगनीए।**
५ ६ ४ १ १ १
**तेअपण अथिरछक्के, तसचउ थावर इग पणिंदी ॥३१॥**

भयकुच्छअरइसोए=ભય, જુગુપ્સા, અરતિ અને શોક મોહનીયને વિષે.
विउव्वितिरिउरलनिरयदुगनीए=વૈક્રિયદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, તથા નરકદ્વિક અને નીચ ગોત્રને વિષે.
तेअपण=તૈજસપંચક [અને]
अथिरछक्के=અસ્થિરષટકને વિષે.
तसचउ=ત્રસચતુષ્ક,
थावरइगपणिंदी=સ્થાવર, એકેંદ્રિય અને પંચેંદ્રિય જાતિને વિષે

**अर्थः**—ભય, જુગુપ્સા, અરતિ અને શોક મોહનીયને વિષે, વૈક્રિયદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, નરકદ્વિક અને નીચ ગોત્રને વિષે; તૈજસપંચક અને અસ્થિરષટ્કને વિષે; ત્રસચતુષ્ક, સ્થાવર નામ, એકેંદ્રિય અને પંચેંદ્રિય જાતિને વિષે. ॥ ૩૧ ॥

**विवेचनः**—ભય ૧, કુત્સા ૨, અરતિ ૩, શોક ૪, વૈક્રિયદ્વિક ૬, તિર્યંચદ્વિક ૮, ઔદારિકદ્વિક ૧૦, નરકદ્વિક ૧૨, નીચૈર્ગોત્ર ૧૩, તૈજસ ૧, કાર્મણ ૨, અગુરુલઘુ ૩, નિર્માણ ૪ અને ઉપઘાત નામ ૫, એ તૈજસ પંચક ૧૮, અસ્થિર ૧, અશુભ ૨, દુર્ભગ ૩, દુઃસ્વર ૪, અનાદેય ૫, અને અયશ ૬, એ અસ્થિરષટ્ક ૨૪, ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩ અને પ્રત્યેક ૪, એ ત્રસચતુષ્ક ૨૮, સ્થાવર ૨૯, એકેંદ્રિયજાતિ ૩૦, પંચેંદ્રિય જાતિ. ૩૧. ॥ ૩૧ ॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**नपुकुखगइसासचऊ-गुरुकक्खडरुक्खसीयदुग्गंधे।
वीसं कोडाकोडी, एवइआबाह वाससया ॥ ३२ ॥**

| | |
|---|---|
| **नपु**=નપુંસક વેદ. | **दुग्गंधे**=દુરભિગંધને વિષે. |
| **कुखगइ**=અશુભ વિહાયોગતિ | **वीसं कोडाकोडी**=વીશ કોડાકોડી સાગરોપમ. |
| **सासचऊ**=શ્વાસ ચતુષ્ક. | **एवइया**=એટલી |
| **गुरुकक्खडरुक्खसीय**=ગુરુ, કર્કશ, રૂક્ષ, અને શીતસ્પર્શને વિષે. | **अबाह**=અબાધા. |
| | **वाससया**=સો વર્ષ. |

**અર્થ:**—નપુંસક વેદ, અશુભવિહાયોગતિ, શ્વાસચતુષ્ક, ગુરુ, કર્કશ, રુક્ષ અને શીત સ્પર્શ અને દુર્ગંધને વિષે વીશ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય. [જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય.] એટલા સો વર્ષ અબાધા જાણવી. ॥ ૩૨ ॥

**વિવેચનઃ**—નપુંસક વેદ ૩૨, અશુભવિહાયોગતિ ૩૩, ઉચ્છ્વાસ ૧, ઉદ્યોત ૨, આતપ ૩, પરાઘાત ૪, એ શ્વાસચતુષ્ક ૩૭, ગુરૂસ્પર્શ ૩૮, કર્કશ ૩૯, રૂક્ષસ્પર્શ ૪૦, શીતસ્પર્શ ૪૧ અને દુર્ગંધ ૪૨, એ ૪૨ પ્રકૃતિની વીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટી સ્થિતિ હોય. આહારક વર્જીને બીજા બંધન સંઘાતનની સ્થિતિ પણ પોતપોતાના શરીરની સ્થિતિ જેટલી જ હોય, તે માટે ૨૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય એમ જાણવું.

હવે અબાધાકાળ કહે છે.—જે મૂળ પ્રકૃતિ તથા ઉત્તર પ્રકૃતિની જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય તે પ્રકૃતિની તેટલા શત (સો) વર્ષનો × અબાધાકાળ હોય;

× જેમકે પાંચ અંતરાય, પાંચ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ અને અસાતા વેદનીય, એ વીશ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ત્રીશ કોડાકોડી સાગરોપમ છે તો તેનો ઉત્કૃષ્ટ અબાધાકાળ ત્રીસ શતવર્ષ એટલે ત્રણ હજાર વર્ષનો હોય અને ત્રણ હજાર વર્ષ હીન ત્રીશ કોડાકોડી સાગરોપમ ભોગ્યકાળ હોય; એ પ્રકારે સર્વ પ્રકૃતિઓને માટે જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાંધ્યા પછી પણ એટલા કાળલગે તે કર્મ ઉદય ન આવે તે અબાધાકાળ કહીયે. તથા **अबाहूणिआ कम्मठिई कम्मनिसेगो ।** **इति प्रज्ञापनायाम्** ત્રેવીશમે પદે પાઠ છે, **तस्याऽर्थः**—પોતપોતાને અબાધાકાળે હીન જે કર્મસ્થતિ તે કર્મનો નિષેક કહેતાં ભોગ્યકાળ જાણવો. નિષેક તે કર્મના ઉદયકાળે પ્રથમ બહુપ્રદેશાગ્ર ભેળા ઉદય આવે અને પછી હીન હીનતર ઉદય આવે યાવત્ કર્મની સ્થિતિને છેલ્લે સમયે અત્યંત અલ્પ પ્રદેશોનો ઉદય હોય એ નિષેક કહીએ. ॥ ૩૨ ॥

---

## गुरु कोडिकोडि अंतो, तित्थाहाराण भिन्नमुहु बाहा ।
## लहु ठिइ संखगुणूणा, नरतिरिआणाउ पल्लतिगं ॥३३॥

**गुरु**=ઉત્કૃષ્ટ સ્થિતિ
**कोडिकोडिअंतो**=અંતઃ કોડાકોડિ સાગરોપમ
**तित्थाहाराण**=તીર્થંકર નામ કર્મ અને આહારકદ્વિકની
**भिन्नमुहु**=અંતર્મુહૂર્ત
**बाहा**=અબાધાકાળ
**लहु ठिइ**=જઘન્યસ્થિતિ
**संखगुणूणा**=સંખ્યાતગુણ ઓછી
**नरतिरियाण**=મનુષ્ય અને તિર્યંચના
**आउ**=આયુષ્યની
**पल्लतिगं**=ત્રણ પલ્યોપમ

**अर्थः**—તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ છે, અબાધાકાળ અંતર્મુહૂર્ત હોય. જઘન્ય સ્થિતિ સંખ્યાતગુણ હીન અંતઃકોડાકોડી સાગરોપમ હોય. મનુષ્ય અને તિર્યંચના આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ જાણવી ॥ ૩૩ ॥

**विवेचन**—જિનનામ અને આહારકસપ્તક એ આઠ પ્રકૃતિની ઉત્કૃષ્ટી સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમની હોય. ઈહાં શિષ્ય પૂછે છે કે-જિનનામનો એટલો કાળ તો તિર્યંગ્ગતિ વિના પૂરો ન પડે અને તિર્યંગ્ગતિ માંહે તો જિનનામની સત્તા નિષેધી છે, તો એ વાત કેમ ઘટે ?

**तत्रोत्तरं–जमिह निकाइयतित्थं, तिरियभवे तं निसेहियं संतं ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इयरंमि नत्थि दोसो, उव्वट्टणावट्टणासज्झे ॥ १ ॥** અર્થ:— જે તિર્યંચમાં જિનનામની સત્તા નિષેધી છે તે ત્રીજે ભવેજ બંધાય એવા નિકાચિતની અપેક્ષાએ જાણવું. તે નિકાચિત કર્મ તો સકલ કરણને અસાધ્ય હોય અને નિકાચ્યું ન હોય તે કર્મની અપવર્ત્તના [સ્થિતિ-રસનું ઘટાડવું] ઉદ્વર્ત્તના [સ્થિતિ-રસનું વધારવું] તથા સંક્રમણ તે પરપ્રકૃતિ માંહિ સંક્રમાવવું ઈત્યાદિક કરણ સાધ્ય હોય. તે જિનનામ ઘણા ભવ પહેલાં પણ બંધાય. તથા અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ પણ અપવર્ત્તનાએ ઘટતાં તથા પરપ્રકૃતિમાંહિ સંક્રમાવતાં કાંઇ દૂષણ નહીં. તથા એ આઠ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ અને જઘન્ય અબાધાકાળ ભિન્ન મુહૂર્તનો હોય, જે ભણી જિનનામ બાંધ્યા પછી અંતર્મુહૂર્તે પ્રદેશોદય અવશ્ય×હોય. તેણે કરી તેને અન્યજીવની અપેક્ષાએ વિશેષ મહિમા પૂજા આદિ મહત્ત્વવૃદ્ધિ હોય. તથા અપૂર્વકરણ લગે જિનનામનો નિરંતર બંધ કરી પછી અબંધક થઈને અંતર્મુહૂર્તે તેરમે ગુણઠાણે જિનનામનો ઉદય થાય અને આહારક અપ્રમત્તે બાંધીને અંતર્મુહૂર્તે પ્રમત્તે ઉદય આવે તે માટે એ અબાધાકાળ ઘટે. તથા એ આઠ પ્રકૃતિની જઘન્ય સ્થિતિ પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય, પણ એટલું વિશેષ જે ઉત્કૃષ્ટી અંતઃકોડાકોડી થકી જઘન્ય અંતઃકોડાકોડી તે સંખ્યાતગુણ હીન [ઓછી] જાણવી. જે ભણી અંતર્મુહૂર્ત્તની જેમ અંતઃકોડાકોડીના પણ અસંખ્યાતા ભેદ હોય, તે માટે ઇહાં વિરૂદ્ધ નહીં. મનુષ્યાયુ-તિર્યંગાયુની ઉત્કૃષ્ટી સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય; અહિં ગ્રંથે અધિક ન કહી તો પણ પૂર્વકોડીને ત્રીજે ભાગે અધિક જાણવી. તેટલે આયુ થાકતે પરભવાયુ બાંધે તે માટે એટલો અબાધાકાળ ઉત્કૃષ્ટો જાણવો અને ત્રણ પલ્યોપમ તે ભોગ્યકાળ જાણવો. ॥ ૩૩ ॥

---

× જિન નામકર્મ બાંધ્યા પછી કોઇકને અંતર્મુહૂર્તે તેનો પ્રદેશોદય થાય છે, અને તેથી બીજા જીવો કરતાં તેની આજ્ઞા અને ઐશ્વર્યાદિક ઋદ્ધિ વિશેષ-વધારે પ્રમાણમાં હોય છે, એમ કેટલાક આચાર્ય કહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इगविगल पुव्वकोडी, पलिआऽसंखंस आउचउ अमणा।
निरुवकमाण छमासा, अबाह सेसाण भवतंसो ॥३४॥

इगविगल=એકેંદ્રિય અને વિકલેંદ્રિય.
पुव्वकोडी=પૂર્વકોટિ વર્ષનું આયુષ્ય બાંધે.
पलिआसंखंस=પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ.
आउचउ=આયુષ્ય ચતુષ્ક [ચારે આયુષ્ય.]
अमणा=અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા
निरुवकमाण=નિરુપક્રમ આયુષ્યવાળાને
छमासा=છ મહિના
अबाह=અબાધા કાળ [હોય છે]
सेसाण=બાકીના [સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સોપક્રમી અને નિરુપક્રમી]ને.
भवतंसो=ભવનો ત્રીજો ભાગ.

अर्थः—એકેંદ્રિય અને વિકલેંદ્રિય પૂર્વકોટિ વર્ષનું આયુષ્ય બાંધે અને અસંજ્ઞી પંચેંદ્રિયપર્યાપ્ત ચારે આયુષ્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બાંધે. નિરુપક્રમ આયુષ્ય વાળાને છ માસ અબાધાકાળ હોય અને બાકીના જીવોને ભવનો ત્રીજો ભાગ અબાધાકાળ હોય. ॥ ૩૪ ॥

विवेचनः—જે જીવ આગામિ ભવાયુ જેટલું બાંધે તે કહે છે.–એકેંદ્રિય અને વિકલેંદ્રિય જીવ આગામિ ભવનું ઉત્કૃષ્ટ પૂર્વ કોડિનું આયુ પોતાના ભવને ત્રીજે ભાગે અધિક બાંધે. અને અસંજ્ઞી પંચેંદ્રિય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પૂર્વકોટિના ત્રીજા ભાગે અધિક જાણવું. જે અધિક તે એનો અબાધાકાળ જાણવો. નિરૂપક્રમ આયુષ્યવંત તે દેવતા, નારકી અને યુગલિક મનુષ્ય–તિર્યંચ તે પોતાનું આયુ છ માસ બાકી રહે ત્યારે પરભવાયુ બાંધે, એ ૬ માસ પરભવાયુનો અબાધાકાળ જાણવો. કેટલાએક આચાર્યો કહે છે જે યુગલિયાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પોતાનું આયુ બાકી રહે ત્યારે પરભવાયુ બાંધે, ત્યારે એટલો તેનો અબાધાકાળ જાણવો. यदाह–पलियासंखिज्जंसं, जुगधम्मीणं वयंतन्ने । इति. શેષ સંખ્યાત વર્ષાયુવાળા સોપક્રમી નિરૂપક્રમી સર્વ ઉત્કૃષ્ટપણે ભવનો ત્રીજો ભાગ થાકતે પરભવાયુ બાંધે તેને તેટલો પરભવાયુનો અબાધાકાળ હોય. ॥ ૩૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉત્તરપ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ

१ ५ ५ ४
**लहुठिइबंधो संजलण,–लोहपणविग्घनाणदंसेसु ।**
१ १ १
**भिन्नमुहुत्तं ते अट्ठ, जसुच्चे बारस य साए ॥३५॥**

**लहुठिइबंधो**=જઘન્યસ્થિતિબંધ
**संजलणलोह**=સંજ્વલન લોભ,
**पणविग्घ**=પાંચ અંતરાય,
**नाणदंसेसु**=જ્ઞાનાવરણ અને દર્શનાવરણને વિષે.
**भिन्नमुहुत्तं**=અંતર્મુહૂર્ત.
**ते अट्ठ**=આઠ મુહૂર્ત
**जसुच्चे**=યશકીર્તિ નામકર્મ અને ગોત્રને વિષે.
**बारस**=બાર મુહૂર્ત.
**य**=અને
**साए**=સાતા વેદનીયને વિષે.

**અર્થ:**—સંજ્વલન લોભ, પાંચ અંતરાય, પાંચ જ્ઞાનાવરણ અને ચાર દર્શનાવરણને વિષે જઘન્ય સ્થિતિબંધ અંતર્મુહૂર્ત હોય. યશ નામકર્મ તથા ઉચ્ચગોત્રને વિષે આઠ મુહૂર્ત અને સાતાવેદનીયને વિષે બાર મુહૂર્ત જઘન્ય સ્થિતિબંધ હોય ॥૩૫॥

**વિવેચન:**—હવે ઉત્તરપ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ કહે છે–સંજ્વલન લોભ ૧, પાંચ અંતરાય ૬, પાંચ જ્ઞાનાવરણીય ૧૧ અને ચાર દર્શનાવરણીય ૧૫, એ પંદર પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ ભિન્નમુહૂર્તનો હોય; સંજ્વલન લોભનો નવમા ગુણઠાણાને છેડે પોતાના બંધને ઉચ્છેદ કાળે છેલ્લો બંધ અંતર્મુહૂર્તનો જ બંધાય તે માટે. યશ નામ અને ઉચ્ચૈર્ગોત્ર એ બેનો જઘન્ય બંધ આઠ મુહૂર્તનો દશમા ગુણઠાણાને અંતે હોય. સાતાવેદનીયનો સંપરાય [કષાય પ્રત્યયિક] બંધ જઘન્યથી બાર મુહૂર્તનો દશમાને અંતે હોય. ॥ ૩૬ ॥

---

**दोइगमासो पक्खो, संजलणतिगे पुमट्ठ वरिसाणि ।**
८५
**सेसाणुक्कोसाओ, मिच्छत्तठिईइ जं लद्धं ॥३६॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दोइगमासो=બે માસ અને એક માસ.

पक्खो=પખવાડીઉં.

संजलणतिगे=સંજવલનત્રિકને વિષે.

पुं=પુરૂષ વેદ.

अट्ठवरिसाणि=આઠ વર્ષ.

सेसाण=બાકીની પંચાશી પ્રકૃતિનો.

उक्कोसाओ=પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ થકી.

मिच्छत्तठिइइ=મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગતાં.

जं=જે.

लद्धं=પ્રાપ્ત થાય.

**अर्थः**—સંજ્વલનત્રિકને વિષે અનુક્રમે બે માસ, એક માસ અને એક પક્ષ જઘન્ય સ્થિતિબંધ હોય; પુરૂષવેદનો આઠ વર્ષ અને બાકીની પંચાશી પ્રકૃતિનો પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વસ્થિતિ વડે ભાગતાં જે પ્રાપ્ત થાય તે [ એકેંદ્રિયને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જાણવો. ઇત્યાદિ સંબંધ આગળની ગાથામાં ] ॥ ૩૬ ॥

**विवेचन**—સંજ્વલન ક્રોધનો જઘન્ય બંધ બે માસનો. સંજ્વલન માનનો જઘન્ય બંધ એક માસનો અને સંજ્વલની માયાનો જઘન્યબંધ એક પખવાડીઆનો હોય, પુરૂષવેદનો જઘન્ય બંધ આઠ વરસનો હોય. એ ચારેનો જઘન્ય બંધ નવમે ગુણઠાણે પોતપોતાના બંધને ઉચ્છેદ સમયે હોય. હવે શેષ ૮૫ પ્રકૃતિનો જઘન્યબંધ એકેંદ્રિય માંહે જ પામીએ, તે કેટલો હોય; તે કહે છે–શેષ ૮૫ પ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિબંધને મિથ્યાત્વની સ્થિતિએ ૭૦ કોડાકોડિએ ભાગ દીધે જે આવે તેથી દેશોના જઘન્ય સ્થિતિ જાણવી, તે આ પ્રમાણે અસાતા અને નિદ્રાપંચકની સાગરોપમના સાતીયા ત્રણ ભાગ જઘન્ય-સ્થિતિ, મિથ્યાત્વની એક સાગરોપમ; બાર કષાયની સાગરોપમના સાતીયા ચાર ભાગ; મનુષ્યદ્વિક અને સ્ત્રીવેદની ચૌદીયા ત્રણ ભાગ; સૂક્ષ્મત્રિક અને વિકલત્રિકની પાંત્રીશીયા નવ ભાગ; સ્થિરપંચક; હાસ્ય, રતિ, શુભખગતિ, પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, સુગંધ, શ્વેતવર્ણ અને મધુરરસ. મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણ એ ચાર સ્પર્શ, એ ૧૭ પ્રકૃતિની સાતીયો એક ભાગ; બીજા સંઘયણ–સંસ્થાનની પાંત્રીશીયા છ ભાગ; ત્રીજા સંઘયણ–સંસ્થાનની પાંત્રીશીયા સાત ભાગ; ચોથા સંઘયણ–સંસ્થાનની પાંત્રીશીયા આઠ ભાગ; પાંચમા સંઘયણ અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમા સંસ્થાનની પાંત્રીશીયા નવ ભાગ; છેવઠ્ઠા સંઘયણ અને હુંડક સંસ્થાનની સાતીયા બે ભાગ; હારિદ્રવર્ણ અને આમ્લરસની અઠ્ઠાવીશીયા પાંચ ભાગ; લોહિતવર્ણ અને કષાયરસની અઠ્ઠાવીશીયા છ ભાગ; નીલવર્ણ અને કટુરસની અઠ્ઠાવીશીયા સાત ભાગ; કૃષ્ણવર્ણ, તિક્તરસ, દુર્ગંધ, ખર સ્પર્શ, ગુરુસ્પર્શ, રૂક્ષસ્પર્શ અને શીતસ્પર્શ, એ સાતની સાતીયા બે ભાગ; ત્રસચતુષ્ક, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉશ્વાસ, અસ્થિરષટ્ક. ઔદારિકદ્વિક, તિર્યગ્દ્વિક, એકેંદ્રિય તથા પંચેંદ્રિય જાતિ, નિર્માણ નામ, આતપ, ઉદ્યોત, કુખગતિ, સ્થાવર, તૈજસ, કાર્મણ, નીચગોત્ર, અરતિ, શોક, ભય, કુચ્છા અને નપુંસકવેદ, એ ૩૩ પ્રકૃતિની જઘન્યસ્થિતિ એક સાગરોપમના સાતીયા બે ભાગ હોય, ઇહાં વર્ણાદિક ૨૦ ની સ્થિતિ જૂદી જૂદી કહી પણ બંધે સામાન્યપણે ચાર જ લઈયે. એ ૮૫ પ્રકૃતિની એકેંદ્રિયને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી તે વળી પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઓછી કરીએ તેને જઘન્ય સ્થિતિ કહીએ, એ એકેંદ્રિયમાં જ પામીએ. પંચસંગ્રહને અભિપ્રાયે પણ એમ જ વ્યાખ્યા છે, તથા કર્મપ્રકૃતિને અભિપ્રાયે કાંઈક ફેર પડે છે, પણ તે વિચારવા યોગ્ય છે, જે ભણી પન્નવણા સૂત્રને ત્રેવીશમે પદે જઘન્ય સ્થિતિ એમ જ કહી છે. ઇહાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ હીન નથી કહ્યો પણ આગલી ગાથામાં કહેશે તે માટે ઇહાં પણ કહેવો, ૨૨ પ્રકૃતિનો જઘન્ય બંધ પૂર્વે કહ્યો, ૮૫ નો એકેંદ્રિયને વિષે ઇહાં કહ્યો, વૈક્રિયાષ્ટક તો અસંજ્ઞી પંચેંદ્રિયજ બાંધે તે માટે તેનો જઘન્ય બંધ ત્યાં કહેવો અને આહારકદ્વિક જિનનામ, મનુષ્યાયુ અને તિર્યગાયુ એ પાંચનો જઘન્ય બંધ જૂદો જ કહેશે; એ પ્રમાણે ૧૨૦ પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ જાણવો. ॥ ૩૬ ॥

---

**अयमुक्कोसोगिंदिसु, पलियाऽसंखंसहीण लहुबंधो ।**
**कमसो पणवीसाए, पन्ना सय सहस संगुणिओ ॥३७॥**

अयं=આ [પૂર્વોક્ત રીતે ગણતાં આવે તે.]
उक्कोसो=ઉત્કૃષ્ટ સ્થિતિબંધ
गिंदिसु=એકેંદ્રિયને વિષેજાણવો.
पलियासंखलहीण=પલ્યોપમના અસંખ્યમા ભાગે ઓછો.
लहुबंधो=જઘન્ય સ્થિતિબંધ
कमसो=અનુક્રમે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણવીસાપ=પચ્ચીશે. | સહસ=હજારે
પન્ના=પચાસે | સંગુણિઓ=ગુણતાં
સય=સોએ અને

અર્થ:—એકેંદ્રિયને વિષે એ પૂર્વોક્ત સ્થિતિબંધ ઉત્કૃષ્ટ જાણવો અને જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યેય ભાગે ઓછો જાણવો. અનુક્રમે પચીશ, પચાસ, સો અને હજારે ગુણતાં ॥ ૩૭ ॥

વિવેચન:—એ સાગરોપમના ભાગરૂપ સ્થિતિ કહી તે એકેંદ્રિયને વિષે ઉત્કૃષ્ટો સ્થિતિબંધ જાણવો. એકેંદ્રિય ૧૦૯ પ્રકૃતિ બાંધે, તે માંહે ૮૫ નો તો અગાઉ કહ્યો તેમ જાણવો. અને જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪ અને અંતરાય ૫, એ ૧૪ ની ઉત્કૃષ્ટ સ્થિતિને ૭૦ કોડાકોડીએ ભાગ દેતાં સાતીયા ત્રણ ભાગ આવે, સાતા વેદનીયની ચૌદીયા ત્રણ ભાગ, યશનામ અને ઉચ્ચૈર્ગોત્રની સાતીઓ એક ભાગ, પુરૂષવેદની સાતીયો એક ભાગ, ચાર સંજ્વલની કષાયની સાતીયા ચાર ભાગ, બે આઉખાં પૂર્વકોડની સ્થિતિએ બાંધે, એવં ૧૦૯ પ્રકૃતિની એકેંદ્રિયને ઉત્કૃષ્ટી સ્થિતિ હોય, તે પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઓછી કરીએ તેટલી એકેંદ્રિયને ૧૦૭ પ્રકૃતિની જઘન્ય સ્થિતિ હોય× અને બે આયુ તો જઘન્ય ક્ષુલ્લકભવ પ્રમાણ બાંધે. એ એકેંદ્રિયને બે આયુ ટાળી ૧૦૭ પ્રકૃતિનો જે ઉત્કૃષ્ટો બંધ તે અનુક્રમે પચીશ ગુણો કરીએ, પચાસ ગુણો કરીએ, શત ગુણો કરીએ, અને સહસ્ર ગુણો કરીએ ત્યારે ॥ ૩૭ ॥

---

× આ બાબતમાં પંચસંગ્રહ-પાંચમું દ્વાર ગા. ૫૪-૫૫ અને ઉપાધ્યાયજીવાળી કર્મપ્રકૃતિની છાપેલી ટીકા પૃ. ૭૮ ઉપર નીચે મુજબ હકીકત છે:-

મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે, તે તે પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિને ભાગ દેતાં જે આવે તે, તે પ્રકૃતિ આશ્રયી અને એકેંદ્રિય આશ્રયી જઘન્ય સ્થિતિ છે અને તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વધારીએ એટલી ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

એકેંદ્રિયની જઘન્ય સ્થિતિને પચીસ આદિએ ગુણીએ ત્યારે બેઇંદ્રિય આદિની જઘન્ય સ્થિતિ આવે છે અને ઉપર મુજબ પલ્યોપમના અસંખ્યાતમા ભાગાધિક ઉત્કૃષ્ટ સ્થિતિને પચીસ આદિએ ગુણીએ ત્યારે બેઇંદ્રિયાદિની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विगलअसन्निसु जिट्ठो, कणिट्ठओ पल्लसंखभागूणो।**
**सुरनिरयाउ समा दस, सहस्स सेसाउ खुड्डभवं ॥३८॥**

**विगलअसन्निसु**=વિકલેંદ્રિયઅને અસંજ્ઞિ પંચેંદ્રિયને વિષે
**जिट्ठो**=ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય
**कणिट्ठओ**=જઘન્ય સ્થિતિબંધ
**पल्लसंखभागूणो**=પલ્યોપમના સંખ્યાતમે ભાગે ઓછો
**सुरनिरयाउ**=દેવાયુ અને નરકાયુની
**समा**=વર્ષ
**दससहस्स**=દશ હજાર
**सेसाउ**=બાકીના આયુ [મનુષ્યાયુ તિર્યંચાયુ] ની
**खुड्डभवं**=ક્ષુલ્લક ભવ

**અર્થ:**—વિકલેંદ્રિય અને અસંજ્ઞિપંચેંદ્રિયને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ [ અનુક્રમે ] હોય અને જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમે ભાગે ઓછો હોય. દેવાયુ અને નરકાયુની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ અને બાકીનાની ક્ષુલ્લકભવ જઘન્ય સ્થિતિ હોય. ॥ ૩૮ ॥

**વિવેચન:**—અનુક્રમે બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચઉરિંદ્રિય ૩ અને અસંજ્ઞિ પંચેંદ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય, એટલે પચીશ ગુણો કર્યે બેઇંદ્રિયનો થાય, પચાસ ગુણો કર્યે તેઇંદ્રિયનો થાય, શતગુણો ચૌરિંદ્રિયનો અને સહસ્ર ગુણો અસંજ્ઞી પંચેંદ્રિયનો થાય, તથા એ અસંજ્ઞી પંચેંદ્રિયને નરકદ્વિક અને વૈક્રિયદ્વિક એ ચારનો સાતીયા એક હજાર ભાગનો બંધ, ચાર આયુનો પલ્યના અસંખ્યાતમા ભાગનો બંધ, એવં ૧૧૭ બાંધે. એ એ બેઇંદ્રિયાદિકનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ તે પલ્યોપમને સંખ્યાતમે ભાગે ઓછો કરીએ ત્યારે તેનો જઘન્ય સ્થિતિબંધ થાય.*

હવે ૪ આયુનો જઘન્ય સ્થિતિબંધ કહે છે.-દેવાયુ તથા નરકાયુની સ્થિતિ જઘન્યથી દશ હજાર વર્ષની હોય અને શેષ તે મનુષ્યાયુ અને તિર્યંગાયુ, એ બેની જઘન્ય સ્થિતિ ક્ષુલ્લક ભવની હોય. સર્વ ભવથકી ન્હાનો ભવ ૨૫૬ આવલિકાનો હોય તેને ક્ષુલ્લક ભવ કહીએ. ॥ ૩૮ ॥

* મતાંતર માટે જુઓ ગત પૃષ્ઠ ૫૧ ની ફુટનોટ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# सव्वाण वि लहुबंधे, भिन्नमुहु अबाह आउजिट्ठे वि।
# केइ सुराउसमं जिण,-मंतमुहू बिंति आहारं ॥३९॥

| | |
|---|---|
| सव्वाणवि=સર્વ પ્રકૃતિનો વળી | સ્થિતિ બંધને વિષે પણ |
| लहुबंधे=જઘન્ય સ્થિતિબંધને વિષે | केइ=કેટલાએક આચાર્ય |
| भिन्नमुहू=અંતર્મુહૂર્ત્ત. | सुराउसमं=દેવાયુની તુલ્ય |
| अबाह=અબાધા [અનુદય] કાળ. | जिणं=જિન નામકર્મને. |
| आउजिट्ठेवि=આયુષ્યના ઉત્કૃષ્ટ | अंतमुहू=અંતર્મુહૂર્તબંધે. |
| | बिंति=કહે છે. |
| | आहारं=આહારકદ્વિક. |

અર્થ:—સર્વપ્રકૃતિનો વળી જઘન્ય સ્થિતિને વિષે અબાધાકાળ અંતર્મુહૂર્ત હોય. આયુષ્યના ઉત્કૃષ્ટ સ્થિતિબંધને વિષે પણ અબાધાકાળ અંતર્મુહૂર્ત પણ હોય, કેટલાએક આચાર્ય જિનનામ કર્મને દેવાયુષ્યની તુલ્ય જઘન્યબંધ વાળું અને આહારકદ્વિકને જઘન્યથી અંતર્મુહૂર્ત બંધવાળું કહે છે. ॥૩૯॥

વિવેચન:—સર્વ પ્રકૃતિને જઘન્યબંધે અંતર્મુહૂર્ત્તની અબાધા હોય અને આયુ: કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને વિષે પણ જઘન્ય ઉત્કૃષ્ટ અબાધા હોય. ઇહાં ચઉભંગી હોય=જઘન્યાયુ: જઘન્યાબાધા ૧, જઘન્યાયુ: ઉત્કૃષ્ટ અબાધા ૨, ઉત્કૃષ્ટાયુ: જઘન્યાબાધા ૩ અને ઉત્કૃષ્ટાયુ: ઉત્કૃષ્ટાબાધા ૪× જિનનામ અને આહારકદ્વિકની જઘન્ય સ્થિતિ પૂર્વે કહી છે પણ ઇહાં મતાંતરે કહે છે-કેટલાએક આચાર્ય દેવતાના આઉખા જેટલી જિન-

× અંતર્મુહૂર્ત્ત આયુ: બાકી છતે અંતર્મુહૂર્ત્ત આયુ: બાંધે, ત્યારે જઘન્યાયુ: જઘન્યાબાધા. [૧]

અંતર્મુહૂર્ત્તઆયુ:, પૂર્વક્રોડીત્રિભાગ જેટલું આયુ: બાકી છતે બાંધે, ત્યારે જઘન્યાયુ: ઉત્કૃષ્ટાબાધા. [૨]

અંતર્મુહૂર્ત્ત આયુ: બાકી છતે તેત્રીશ સાગરોપમ આયુ બાંધે ત્યારે ઉત્કૃષ્ટાયુ: જઘન્યાબાધા. [૩]

તેત્રીશ સાગરોપમ આયુ:, પૂર્વક્રોડીત્રિભાગ જેટલું આયુ: બાકી છતે બાંધે, ત્યારે ઉત્કૃષ્ટાયુ: ઉત્કૃષ્ટાબાધા. [૪]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામની જઘન્યસ્થિતિ કહે છે; જિનનામ બાંધ્યા પછી દેવતાનો એક પલ્યોપમનો જઘન્ય ભવ કરીને અથવા દશ હજાર વર્ષનો નારકીનો જઘન્ય ભવ કરીને જિન થાય તે માટે. અને આહારકદ્વિકની અંતર્મુહૂર્તની જઘન્ય સ્થિતિ કહે છે; આઠમા ગુણઠાણાને પ્રાંતે ચરિમબંધ અંતર્મુહૂર્તનો છે માટે ॥ ૩૯ ॥

---

ક્ષુલ્લકભવ સ્વરૂપ.

१७
सत्तरस समहिआ किर, इगाणुपाणुंमि हुंति खुड्डभवा ।
३७७३
सगतीससयतिहुत्तर, पाणू पुण इगमुहुत्तंमि ॥४०॥

| | |
|---|---|
| सत्तरस समहिआ=કાંઈક અધિક સત્તર. | खुड्डभवा=ક્ષુલ્લકભવો. |
| किर=નિશ્ચયે. | सगतीससयतिहुत्तर=સાડત્રીશશેં તહોંતેર [૩૭૭૩] |
| इगाणुपाणुंमि=એક શ્વાસોશ્વાસમાં. | पाणू=પ્રાણ=શ્વાસોશ્વાસ. |
| हुंति=થાય છે. | इगमुहुत्तंमि=એક મુહૂર્તમાં. |

अर्थः—એક શ્વાસોશ્વાસમાં કાંઇક અધિક સત્તર ક્ષુલ્લક [ નાના ] ભવો નિશ્ચયે થાય છે અને એક મુહૂર્તમાં સાડત્રીશસો તહોંતેર શ્વાસોશ્વાસ થાય છે. ॥ ૪૦ ॥

विवेचनः—હવે ક્ષુલ્લક ભવનું સ્વરૂપ કહે છે–સર્વ ભવ થકી ન્હાનો ભવ તે ક્ષુલ્લક ભવ કહીએ. તે એક શ્વાસોશ્વાસ માંહે સત્તર ભવ ઝાઝેરા થાય, એમ તીર્થંકર દેવોએ કહ્યું છે. અને સાડત્રીશસો તહોંતેર [૩૭૭૩] શ્વાસોશ્વાસ એક મુહૂર્ત્તને વિષે હોય. તથા એક શ્વાસોશ્વાસના ૬૫૫૩૬ ભાગ કલ્પીએ, તેવા ૩૭૭૩ ભાગ એક ભવમાંહે જાય; તે માટે ૬૫૫૩૬ ને ૩૭૭૩ વડે ભાગ લીજે [ભાગીએ] એટલે લાધ્યા ૧૭ અને શેષ ૧૩૯૫ વધે તે માંહે ૨૩૭૮ અંશ બીજા હોય તો અઢારમો ભવ પૂરો થાય, એટલે સત્તર ભવ ઝાઝેરા એક શ્વાસોશ્વાસ માંહે થાય. એ क्षुल्लक भव કહીએ. ॥ ૪૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૫૫૩૬
**पणसट्ठिसहस पणसय-छत्तीसा इगमुहुत्तखुड्डभवा ।**
૨૫૬
**आवलिआणं दोसय-छप्पन्ना एगखुड्डभवे ॥४१॥**

| | |
|---|---|
| **पणसट्ठिसहस**=પાંસઠ હજાર, | **आवलियाणं**=આવલિકાના. |
| **पणसय छत्तीसा**=પાંચસો અને છત્રીશ | **दोसयछप्पन्ना**=બસોછપ્પન. |
| **इगमुहुत्त**=એક મુહૂર્તમાં. | **एगखुड्डभवे**=એક ક્ષુલ્લકભવને વિષે. |

**અર્થ:**—એક મુહૂર્ત [બે ઘડી] માં પાંસઠ હજાર પાંચસો અને છત્રીશ ક્ષુલ્લક ભવો થાય છે અને એક ક્ષુલ્લક ભવને વિષે બસો છપ્પન આવલિકા થાય છે. ॥ ૪૧ ॥

**વિવેચન:**-એક મુહૂર્તમાંહે ૩૭૭૩ શ્વાસોશ્વાસ થાય તે માટે સત્તર ભવ અને ૧૩૯૫ શેષ અંશો, એ ૧૭ ને ૩૭૭૩ ગુણા કરીએ અને ૧૩૯૫ ઉમેરીએ ત્યારે ૬૫૫૩૬ થાય એટલા એક મુહૂર્તને વિષે ક્ષુલ્લક ભવ થાય; એ ઔદારિક શરીરી મનુષ્ય તિર્યંચ સર્વ માંહે હોય, શ્રી ભગવતી વચનાત્ કર્મ-પ્રકૃતિને વિષે પણ એમજ કહ્યું છે તથા શ્રી આવશ્યકટીકાએ ક્ષુલ્લક ભવ તે વનસ્પતિ માંહે જ હોય એમ કહ્યું છે તે મતાંતર જાણવું, તથા એક મુહૂર્તમાંહે ૧૬૭૭૭૨૧૬ એટલી આવલિકા થાય તેને ૨૫૬ ભાગે હરીએ ત્યારે ૬૫૫૩૬ એટલા એક મુહૂર્તના ભવ થાય. બસો છપ્પન આવલિકાએ એક ક્ષુલ્લક ભવ થાય. એક શ્વાસોશ્વાસમાંહે ૪૪૪૬ આવલિકા અને એક આવલિકાના ૩૭૭૩ ભાગ કરીએ એવા ૨૪૫૮ ભાગ વધે, ત્યારે એક શ્વાસોશ્વાસમાંહે ૧૭ ભવ પૂરા થાય અને ઉપર સાડી ચોરાણું આવલી ઝાઝેરી વધે. એ ક્ષુલ્લક ભવનું સ્વરૂપ જાણવું. ॥ ૪૧ ॥

### ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી

**अविरयसम्मो तित्थं, आहारदुगामराउ य पमत्तो ।**
**मिच्छद्दिट्ठी बंधइ, जिट्ठठिइं सेस पयडीणं ॥४२॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| અવિરયસમ્મો=અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય | પમત્તો=પ્રમત્ત યતિ |
| તિત્થં=તીર્થંકર નામકર્મને | મિચ્છદિટ્ઠી=મિથ્યાદૃષ્ટિ |
| આહારદુગં=આહારકદ્વિક [અને] | બંધઇ=બાંધે છે |
| અમરાઉ=દેવતાના આયુષ્યને | જિટ્ઠઠિઇં=ઉત્કૃષ્ટ સ્થિતિને |
| ચ=વળી | સેસપયડીણં=બાકીની [૧૧૬] પ્રકૃતિની |

**અર્થઃ**—અવિરત સમ્યગ્દૃષ્ટિ જિનનામકર્મને, પ્રમત્તયતિ આહારકદ્વિક તથા દેવાયુને અને મિથ્યાદૃષ્ટિ બાકીની [૧૧૬] પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધે છે. ॥ ૪૨ ॥

**વિવેચનઃ**—હવે ઉત્તરપ્રકૃતિ આશ્રયીને ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી કહે છે.—અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય પૂર્વે નરકાયુ બાંધીને પછી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામી મરણ સમયે મિથ્યાત્વે જાય તે અગાઉના સમયે ઉત્કૃષ્ટ સ્થિતિનું તીર્થંકર નામ બાંધે. તથાવિધ ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામના સંભવ માટે. તથા અપ્રમત્તભાવથી નિવર્તમાન થતો પ્રમત્તયતિ[1] ઉત્કૃષ્ટ સંક્લેશ યુક્ત ઉત્કૃષ્ટ સ્થિતિનું આહારકદ્વિક બાંધે, ઉત્કૃષ્ટ

---

૧ પ્રમત્તયતિ આહારકદ્વિકનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે એમ કહ્યું પણ તે કેમ ઘટે ? કારણ કે તે આહારકદ્વિકનો બંધ જ કરતો નથી, રસબંધના અધિકારમાં પણ આહારકદ્વિકનો જઘન્ય રસબંધ અપ્રમત્તથી પ્રમત્તે જતાં સંક્લિષ્ટ અધ્યવસાયે અપ્રમત્તને અંતે થાય એમ કહ્યું છે. જો સ્થિતિબંધ પ્રમત્તે થાય તો જઘન્યરસબંધ પણ ત્યાં જ થવો જોઈએ. પુન્યપ્રકૃતિમાં જઘન્ય રસબંધ અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સાથે જ થાય છે.

પ્રાચીન શતકમાં શ્રી શિવશર્મસૂરિ મહારાજા પણ તેમ કહે છે—

**देवाउयं पमत्तो, आहारगमप्पमत्त विरओ उ ।**
**तित्थयरं च मणूसो, अविरयसम्मो समज्जेई ॥६०॥**

ઉત્કૃષ્ટ સ્થિતિબંધાધિકારની આ ગાથા છે તેમાં કહ્યું છે કે...

દેવાયુનો પ્રમત્ત, આહારકદ્વિકનો અપ્રમત્ત અને તીર્થંકર નામકર્મનો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે.

ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજકૃત કર્મપ્રકૃતિટીકાના પાન ૮૯ની પહેલી બાજુમાં સ્થિતિબંધના સ્વામિત્વ પ્રસંગે પણ આજ હકીકત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિ અતિસંક્લિષ્ટતાએજ બંધાય માટે. તથા અપ્રમત્તભાવને અભિમુખ પ્રમત્તયતિ પૂર્વકોડિના આયુવાળો, પૂર્વકોડિના શેષ ત્રીજે ભાગે ઉત્કૃષ્ટ [પૂર્વકોડિને ત્રીજે ભાગે અધિક તેત્રીશ સાગરોપમનું] દેવનાનું આયુ બાંધે. આ શુભસ્થિતિ વિશુદ્ધિએ બંધાય માટે. શેષ ૧૧૬ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ પર્યાપ્તો સર્વ સંક્લિષ્ટ પરિણામી મિથ્યાત્વીજ બાંધે, તેનો બંધ સંક્લેશ હેતુક છે તે માટે. પણ ત્યાં તિર્યંચાયુ અને મનુષ્યાયુ તો ઉત્કૃષ્ટ તત્પ્રાયોગ્ય વિશુદ્ધ પરિણામી બાંધે. એ પ્રકારે ગુણઠાણાને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો ॥ ૪૨ ॥

---

## ગતિને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ

**विगलसुहुमाउगतिगं तिरिमणुआ सुरविउव्विनिरयदुगं।**
**एगिंदिथावरायव, आईसाणा सुरुक्कोसं ॥४३॥**

विगलसुहुमाउगतिगं=વિકલત્રિક, સૂક્ષ્મત્રિક અને આયુષ્યત્રિક.
तिरिमणुआ=[મિથ્યાત્વી] તિર્યંચ અને મનુષ્ય.
सुरविउव्विनिरयदुगं=સુરદ્વિક, વૈક્રિયદ્વિક અને નરકદ્વિકને
एगिंदिथावरायव=એકેંદ્રિય જાતિ, સ્થાવર નામ અને આતપ નામકર્મને
आईसाणा=ઈશાન સુધીના
सुर=દેવો.
उक्कोसं=ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે

અર્થ:—મિથ્યાત્વી તિર્યંચ અને મનુષ્ય-વિકલેંદ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક અને આયુષ્યત્રિકને તથા સુરદ્વિક, વૈક્રિયદ્વિક અને નરકદ્વિકને ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે, ઇશાન દેવલોક પર્યંતના દેવો એકેંદ્રિય જાતિ, સ્થાવર નામ અને આતપ નામકર્મને ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે. ॥ ૪૩ ॥

---

કહી છે તે આ પ્રમાણે-आहारकद्विकस्याप्रमत्तयतिः प्रमत्तताभिमुखः

શ્રી પંચસંગ્રહના પાંચમા દ્વારની ગાથા ૬૪ની ટીકામાં પણ આજ હકીકત છે—आहारकद्विकस्यापि योऽप्रमत्तसंयतः प्रमत्तभावाभिमुखः स तद्बंधकेषु सर्वसंक्लिष्टः इत्युत्कृष्टं स्थितिबंधं करोति।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विवेचनः**—હવે ગતિને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહે છે,– વિકલત્રિક ૩, સૂક્ષ્મત્રિક ૬, દેવાયુ વર્જીને આયુત્રિક ૯, સુરદ્વિક ૧૧ વૈક્રિયદ્વિક ૧૩ અને નરકદ્વિક ૧૫, એ ૧૫ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ મિથ્યાત્વી મનુષ્ય તિર્યંચજ બાંધે પણ દેવતા નારકી ન બાંધે, તેને ભવ પ્રત્યયેજ એનો બંધ નથી તે માટે. ત્યાં વિકલત્રિક અને સૂક્ષ્મત્રિકને બંધે તદ્યોગ્ય સંકિલષ્ટ કહેવા: અતિ સંકલિષ્ટ તો તે બંધ ઉલ્લંઘીને નરક યોગ્ય બાંધે તે માટે. આયુત્રિકને બંધે મનુષ્ય–તિર્યંચાયુના બંધમાં તદ્યોગ્ય વિશુદ્ધ અને નરકાયુના બંધમાં તદ્યોગ્ય સંકિલષ્ટ કહેવા; અતિ વિશુદ્ધ અને અતિ સંકિલષ્ટને આયુર્બંધનો સર્વથા નિષેધ છે, નરકદ્વિક વૈક્રિયદ્વિકને બંધે અતિ સંકિલષ્ટ કહેવા. દેવદ્વિકને બંધે પણ તદ્યોગ્ય સંકિલષ્ટ કહેવા. દેવદ્વિકને બંધે પણ તદ્યોગ્ય સંકિલષ્ટ કહેવા અતિ સંકિલષ્ટ તો મનુષ્યાદિ પ્રાયોગ્ય બાંધે અને અતિ વિશુદ્ધ તો ઉત્કૃષ્ટ બંધ ન બાંધે તે માટે. એકેંદ્રિયજાતિ ૧, સ્થાવર ૨ અને આતપ ૩, એ ત્રણ પ્રકૃતિની ઉત્કૃષ્ટી સ્થિતિ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, સૌધર્મ અને ઇશાન સુધીના દેવતા સર્વ સંકિલષ્ટ મિથ્યાત્વીજ બાંધે. સનત્કુમારાદિક દેવતા અને નારકી તો એકેંદ્રિય યોગ્ય પ્રકૃતિ ન બાંધે, ત્યાં ઉપજવું નથી તે માટે. અને મનુષ્ય તિર્યંચ તો એટલે સંકલેશે વર્ત્તતા એ બંધ ઉલ્લંઘીને નરક યોગ્ય બાંધે તે માટે ને નહીં. ॥ ૪૩ ॥

## तिरिउरलदुगुज्जोअं, छिवट्ठ सुरनिरय सेस चउगइआ। आहारजिणमपुव्वो, ऽनिअट्टिसंजलणपुरिसलहुं ॥४४॥

तिरिउरलदुग=તિર્યંચદ્વિક અને ઔદારિકદ્વિક,
उज्जोयं=ઉદ્યોત નામકર્મ.
छिवट्ठ=સેવાર્ત સંઘયણ.
सुरनिरय=દેવતા અને નારકી [બાંધે છે.]
सेस=બાકીની ૯૨ પ્રકૃતિ.
चउगइया=ચારે ગતિવાળા મિથ્યાત્વી.
अपुव्वो=અપૂર્વકરણ ગુણઠાણે વર્ત્તતા ક્ષપક શ્રેણિવાળો,
आहारजिणं=આહારકદ્વિક અને જિનનામને,
अनियट्टि=અનિવૃત્તિ બાદર સંપરાયવાળો.
संजलणपुरिस=સંજ્વલન કષાય અને પુરૂષ વેદનો.
लहुं=જઘન્ય સ્થિતિબંધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, ઉદ્યોત નામકર્મ અને સેવાર્ત્ત સંઘયણને દેવતા અને નારકી ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધે, બાકીની ૯૨ પ્રકૃતિ ચારે ગતિવાળ મિથ્યાત્વી બાંધે. અપૂર્વકરણ ગુણઠાણે વર્તતા ક્ષપક શ્રેણીવાળો આહારકદ્વિક અને જિનનામને જઘન્ય સ્થિતિએ બાંધે. અનિવૃત્તિ બાદર સંપરાયવાળો સંજ્વલન કષાય અને પુરૂષવેદનો જઘન્ય સ્થિતિબંધ કરે. ॥ ૪૪ ॥

**વિવેચન:**—તિર્યગ્દ્વિક ૨, ઔદારિકદ્વિક ૪, ઉદ્યોત ૫, છેવટ્ઠું સંઘયણ ૬, એ છ પ્રકૃતિની ઉત્કૃષ્ટી સ્થિતિ દેવતા નારકી સર્વ ઉત્કૃષ્ટ સંકલિષ્ટ મિથ્યાત્વીજ બાંધે. મનુષ્ય તિર્યંચ ન બાંધે તે તો તદ્બંધ યોગ્ય સંકલેશે વર્તતા એ છની ઉત્કૃષ્ટપણે પણ ૧૮ કોડાકોડી સાગરોપમની મધ્યમજ સ્થિતિ બાંધે અને તેથી અધિક સંકલેશે વર્તતા તો તે બંધ અતિક્રમીને નરક યોગ્યજ બાંધે તે માટે તે ન બાંધે, અને દેવતા નારકી ઉત્કૃષ્ટ સંકલેશે વર્તતા પણ તિર્યગ યોગ્યજ બાંધે, તે માટે એ ૬ પ્રકૃતિની ઉત્કૃષ્ટી ૨૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધે. અહીં સેવાર્ત્ત સંહનન અને ઔદારિક અંગોપાંગની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનાર સર્વ સંકિલષ્ટ સનત્કુમારથી સહસ્રાર લગેના દેવતા જાણવા, હેઠલા નહીં. શેષ [1]૯૨ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ ચાર ગતિના મિથ્યાત્વી બાંધે, ત્યાં પણ સાતા ૧, હાસ્ય ૨, રતિ ૩. સ્રીવેદ ૪. પુંવેદ ૫. અંત્ય વર્જીને પાંચ સંસ્થાન અને પાંચ સંઘયણ ૧૫, મનુષ્યદ્વિક ૧૭, સુખગતિ ૧૮, સ્થિરષટ્ક ૨૪ અને ઉચ્ચૈર્ગોત્ર ૨૫, એ ૨૫ પ્રકૃતિની તદ્યોગ્ય સંકલેશે વર્ત્તતા ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે અને શેષ ૬૭ની ઉત્કૃષ્ટ સંકલેશે વર્ત્તતા ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. હવે જઘન્ય સ્થિતિબંધના સ્વામી કહે છે— આહારકદ્વિક અને જિનનામ, એ ત્રણનો જઘન્યબંધ અપૂર્વ-

---

૧ શેષ ૯૨ પ્રકૃતિઓ નીચે પ્રમાણે.

૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ, ૨ વેદનીય, ૨૬ મોહનીય, ૧ મનુષ્ય ગતિ, ૧ પંચેંદ્રિયજાતિ, ૧ તૈજસ્ શરીર, ૧ કાર્મણ શરીર, ૫ આદિના પાંચ સંઘયણ, ૬ સંસ્થાન, ૪ વર્ણચતુષ્ક, ૧ મનુષ્યાનુપૂર્વી, ૨ વિહાયોગતિ, ૧ પરાઘાત, ૧ ઉશ્વાસ, ૧ અગુરુલઘુ, ૧ નિર્માણ, ઉપઘાત, ૧૦ ત્રસદશક ૧ અસ્થિર, ૧ અશુભ, ૧ દૌર્ભાગ્ય, ૧ દુઃસ્વર, ૧ અનાદેય, ૧ અયશ. ૨ ગોત્ર અને ૫ અંતરાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરણે ક્ષપકશ્રેણિવાળો બાંધે, તેના બંધક માંહે એજ અતિ વિશુદ્ધ છે માટે, અને તિર્યગ્નરદેવાયુ વર્જીને શેષ સર્વ પ્રકૃતિની જઘન્ય સ્થિતિ વિશુદ્ધિ પ્રત્યયિક હોય તે માટે. સંજ્વલન કષાય અને પુરૂષવેદ એ પાંચની જઘન્ય સ્થિતિ અનિવૃત્તિ બાદરે ક્ષપક શ્રેણીવાળો જ બાંધે. પોતાને છેલ્લે સ્થિતિબંધે વર્તતો અતિ વિશુદ્ધ હોય માટે. ॥ ૪૪ ॥

---

**१ १ १ ९ ५ ६**
**साय जसुच्चावरणा, विग्घ सुहुमो विउव्विछ असन्नी।**
**८५**
**सन्नी वि आउ बायर–पज्जेगिंदी उ सेसाणं ॥४५॥**

सायजसुच्च=સાતા વેદનીય, યશઃ નામ, ઉચ્ચગોત્ર;
आवरणाविग्घं=પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ મળી નવ આવરણ અને પાંચ અંતરાય.
सुहुमो=સૂક્ષ્મસંપરાય વાળો
विउव्विछ=વૈક્રિય ષટ્ક,
असन्नी=પર્યાપ્તો અસંજ્ઞિ પંચેંદ્રિય તિર્યંચ.
सन्नी=સંજ્ઞિ પંચેંદ્રિય.
वि=અસંજ્ઞિ પણ.
आउ=ચાર આયુને
बायरपज्जेगिंदी=બાદર પર્યાપ્ત એકેંદ્રિય,
उ=તો,
सेसाणं=બાકીની [ ૮૫ ] પ્રકૃતિનો,

**અર્થ:**—સૂક્ષ્મસંપરાય વાળો સાતાવેદનીય; યશનામ, ઉચ્ચગોત્ર; નવ આવરણ અને પાંચ અંતરાયને જઘન્ય સ્થિતિએ બાંધે. પર્યાપ્તો અસંજ્ઞિ પંચેંદ્રિય તિર્યંચ વૈક્રયષટ્કને જઘન્ય સ્થિતિએ બાંધે, સંજ્ઞિ અને અસંજ્ઞિ પંચેંદ્રિય ચારે પ્રકારના આયુષ્યને જઘન્ય સ્થિતિએ બાંધે. અને બાદર પર્યાપ્તો એકેંદ્રિય બાકીની ૮૫ પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ કરે. ॥ ૪૫ ॥

**વિવેચન:**—સાતાવેદનીય ૧, યશનામ ૨, ઉચ્ચૈગોત્ર; ૩, પાંચ જ્ઞાનાવરણ ૮, ચાર દર્શનાવરણ ૧૨ અને પાંચ અંતરાય ૧૭, એ સત્તરની જઘન્ય સ્થિતિ સૂક્ષ્મસંપરાયે ક્ષપકશ્રેણીવાળો ચરમસ્થિતિબંધવર્તી બાંધે; તે અતિ વિશુદ્ધ છે માટે. નરકદ્વિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવદ્વિક, વૈક્રિયદ્વિક, એ વૈક્રિયષટ્ક અસંજ્ઞિપર્યાપ્તો તિર્યંચ પંચેંદ્રિય લઘુ સ્થિતિનાં બાંધે. સાગરોપમના સાતીયા બે હજાર ભાગ પલ્યને અસંખ્યાતમે ભાગે ઊણા એટલી જઘન્ય સ્થિતિ વૈક્રિયષટ્કની છે તે અસંજ્ઞીજ બાંધે; એકેંદ્રિય તથા વિકલેંદ્રિય તો બાંધે જ નહીં અને સંજ્ઞી પંચેંદ્રિય તો મધ્યમ કે ઉત્કૃષ્ટ બાંધે તે માટે તે નહીં. સંજ્ઞી અને અપિ શબ્દથકી અસંજ્ઞી પણ ચારે આયુ જઘન્ય સ્થિતિનાં બાંધે. ત્યાં દેવનારકાયુના બાંધનાર પંચેંદ્રિય તિર્યંચ મનુષ્ય અને નરતિર્યંચાયુના બાંધનાર એકેંદ્રિયાદિક જાણવા શેષ[1] ૮૫ પ્રકૃતિની જઘન્યસ્થિતિ બાદર પર્યાપ્ત સર્વવિશુદ્ધ એકેંદ્રિયજ બાંધે. અનેરા એકેંદ્રિય તો તેવી વિશુદ્ધિ રહિત માટે અધિક બાંધે અને વિકલેંદ્રિય તથા પંચેંદ્રિય તો સ્વભાવે જ અધિકી બાંધે, તે માટે તે નહીં. ॥ ૪૫ ॥

---

## સ્થિતિબંધમાં મૂળ પ્રકૃતિના ૭૮ ભાંગા.

**उक्कोसजहन्नेअर, भंगा साई अणाइ धुव अधुवा।**
**चउहा सग अजहन्नो, सेसतिगे आउचउसु दुहा ॥४६॥**

उक्कोसजहन्न=ઉત્કૃષ્ટબંધ, જઘન્ય બંધ.
इयर=પ્રતિપક્ષી તે અનુત્કૃષ્ટ, અને અજઘન્ય બંધ.
भंगा=ભાંગા.
साइ=સાદિ બંધ.
अणाइ=અનાદિ બંધ.
धुव=ધ્રુવ બંધ.
अधुवा=અધ્રુવ બંધ.
चउहा=ચાર પ્રકારે.
सग=સાત મૂળ પ્રકૃતિ સંબંધિ
अजहन्नो=અજઘન્ય બંધ.
सेसतिगे=બાકીના ત્રણ [જઘન્ય, ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ] ને વિષે
आउचउसु=ચાર આયુષ્યને વિષે
दुहा=બે પ્રકારે–સાદિ, અધ્રુવ.

---

[1] શેષ ૮૫ પ્રકૃતિઓ નીચે પ્રમાણે—

૫ નિદ્રા, ૧ અશાતા, ૧૨ આદિ ૧૨ કષાયો, ૧ મિથ્યાત્વ, ૬ હાસ્યષટ્ક ૧ સ્ત્રીવેદ, ૧ નપુંસકવેદ, ૧ મનુષ્યગતિ, ૧ તિર્યંગ્ગતિ, ૫ જાતિ, ૧ ઔદારિકશરીર, ૧ તૈજસશરીર, ૧ કાર્મણશરીર, ૧ ઔદારિકાં-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—ઉત્કૃષ્ટ બંધ, જઘન્ય બંધ, અનુત્કૃષ્ટ બંધ અને અજઘન્ય બંધ એ ચાર ભાંગા અથવા સાદિબંધ, અનાદિબંધ, ધ્રુવ બંધ અને અધ્રુવબંધ એ ચાર ભાંગા જાણવા, સાત મૂળ પ્રકૃતિ સંબંધિ અજઘન્ય બંધ ચાર પ્રકારે છે અને બાકીના ત્રણ બંધને વિષે સાદિ અધ્રુવ એ બે પ્રકારે બંધ છે. ચાર આયુષ્યને વિષે સાદિ અને અધ્રુવ એ બે ભાંગે બંધ છે. ॥ ૪૬ ॥

**વિવેચન:**—હવે સ્થિતિબંધને વિષે ચાર ભાંગા કહે છે-ઉત્કૃષ્ટ અને જઘન્ય બંધ, ઈતર તે તેના પ્રતિપક્ષી એટલે અનુત્કૃષ્ટ અને અજઘન્ય બંધ, એ ચાર. ત્યાં સર્વને ઉપરિવર્તી તે ઉત્કૃષ્ટ બંધ ૧, તે ઉત્કૃષ્ટથી માંડીને સમય સમયની હાનિ જ્યાં લગે જઘન્ય થાય ત્યાં લગે સર્વે અનુત્કૃષ્ટ બંધ ૨, એ બે ભેદ માંહે સર્વ સ્થિતિવિશેષ આવ્યા. સર્વથકી અધોવર્તી તે જઘન્ય બંધ ૧, તે જઘન્યથી માંડીને સમય સમયની વૃદ્ધિ જ્યાં લગે ઉત્કૃષ્ટ થાય ત્યાં લગે સર્વ અજઘન્યબંધ ૨; એ બે ભેદમાંહિ પણ સર્વ સ્થિતિના ભેદ આવ્યા. વળી પ્રકારાંતરે બંધ ચાર ભેદે છે; સાદિબંધ ૧, અનાદિબંધ ૨, ધ્રુવબંધ ૩ અને અધ્રુવબંધ ૪. ત્યાં જે વ્યુચ્છેદ પામીને ફરી બંધાય તે सादिबंध ૧, અનાદિકાળથી અવ્યુચ્છિન્ન હોય તે अनादिबंध ૨, જે આગળ કોઇ વારે વ્યુચ્છેદ નહી પામે તે અભવ્ય સંબંધી ध्रुवबंध ૩, અને જે આગળ કોઇવારે વિચ્છેદ પામશે તે ભવ્ય સંબંધિ अध्रुवबंध ૪. આયુ વર્જીને સાત મૂલ પ્રકૃતિનો અજઘન્યબંધ તે ચાર ભેદે હોય.—સાદિ ૧; અનાદિ ૨, ધ્રુવ ૩ અને અધ્રુવ ૪, તે કેમ ? સાત મૂલ પ્રકૃતિમાંહે ક્ષપકને મોહનીયનો અનિવૃત્તિ બાદરે છેલ્લો સ્થિતિબંધ તે જઘન્યસ્થિતિ બંધ અને શેષ ૬ પ્રકૃતિનો સુક્ષ્મસંપરાયે છેલ્લો સ્થિતિબંધ તે જઘન્ય સ્થિતિબંધ તે ક્ષપકથી ઉપશમશ્રેણિ વાળો બમણો બાંધે તે માટે ત્યાં ઉપશમ શ્રેણિવાળાનો છેલ્લો બંધ તે અજઘન્યબંધ કહીએ; તે

ગોપાંગ, ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૪ વર્ણચતુષ્ક, ૧ તિર્યંચાનુપૂર્વી, ૧ મનુષ્યાનુપૂર્વી, ૨ વિહાયોગતિ, ૧ પરાઘાત, ૧ ઉશ્વાસ, ૧ આતપ, ૧ ઉદ્યોત, ૧ અગુરુલઘુ, ૧ નિર્માણ, ૧ ઉપઘાત, ૯ ત્રસનવક, ૧૦ સ્થાવરદશક, ૧ નીચગોત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપશાન્તમોહાવસ્થાએ અજઘન્યબંધનો અબંધક થઇને ત્યાંથી પડતો પાછો અજઘન્ય બાંધે ત્યારે તે અજઘન્યબંધ સાદિ ૧, ઉપશાંતમોહાવસ્થા અણપામ્યા જીવને કોઇ વખતે વ્યુચ્છેદ ગયો નથી તે માટે તેને અનાદિ ૨, અભવ્યને અંત નથી તે માટે ધ્રુવ ૩, ભવ્યને અંત છે તે માટે તે અજઘન્યબંધ અધ્રુવ ૪, સાત મૂળ પ્રકૃતિના શેષ જઘન્ય ૧, ઉત્કૃષ્ટ ૨ અને અનુત્કૃષ્ટ ૩ એ ત્રણ બંધને વિષે સાદિ અને અધ્રુવ એ બે ભેદ હોય તે કેમ? ક્ષપકને મોહનીયનો અનિવૃત્તબાદરને ચરમસ્થિતિબંધે અને શેષ ૬ નો સૂક્ષ્મસંપરાયને ચરમસ્થિતિ બંધે જઘન્ય બંધ હોય, તે પૂર્વે કોઇવારે એ જઘન્ય બંધ બાંધ્યો નથી તે માટે સાદિ ૧, તે પછી ક્ષીણમોહાવસ્થાએ તે બંધ સર્વથા નહીં હોય તે માટે અધ્રુવ: ૨, જઘન્યબંધે એ બેજ ભેદ હોય અન્ય બે ન હોય. ઉત્કૃષ્ટ બંધ તો ૩૦, ૭૦, ૨૦, કોડાકોડી સાગર પ્રમાણ તે તો સર્વ સંકલિષ્ટ મિથ્યાત્વી પર્યાપ્ત સંજ્ઞી પંચે-ન્દ્રિયમાંહે પામીએ; તે તો અનુત્કૃષ્ટ બંધ થકી ઉતરીને કોઇવારેજ બાંધે પણ સદાય તે ન હોય તે માટે સાદિ ૧, અંતર્મુહૂર્ત પછી અવશ્ય અનુત્કૃષ્ટ બાંધે તે માટે અધ્રુવ ૨, ઉત્કૃષ્ટથકી પડીને અનુત્કૃષ્ટ બાંધે એટલે અનુત્કૃષ્ટ પણ સાદિ ૧, ત્યાર પછી તે જઘન્યથી અંતર્મુહૂર્તે ઉત્કૃષ્ટથી અનંતી ઉત્સર્પિણીએ ફરી ઉત્કૃષ્ટ બંધ કરે તે માટે અધ્રુવ ૨, એમ ઉત્કૃષ્ટ અનુત્કૃષ્ટને વિષે જીવ ભ્રમણ કરે તે માટે એ બેને અનાદિપણું અને ધ્રુવપણું ન હોય.

આઉખાના ઉત્કૃષ્ટાદિ ૪ ને વિષે સાદિ અને અધ્રુવ એ બેજ ભાંગા હોય, ભવમાંહે એકજ વાર આયુ બંધાય તે માટે બાંધતાં સાદિ અને અંતર્મુહૂર્ત બાંધી રહે તે માટે અધ્રુવ.

એ પ્રકારે સાત મૂળ પ્રકૃતિ માંહે એકેકીના દશ દશ એવં ૭૦ અને આયુના ૮ એમ ૭૮ ભાંગા થાય. ॥ ૪૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્થિતિબંધમાં ઉત્તર પ્રકૃતિના ૯૯૬ ભાંગા.

४ ९ ५
**चउभेओ अजहन्नो, संजलणावरणनवगविग्घाणं।**
२ २ ४ १०२
**सेसतिगि साइ अधुवो, तह चउहा सेसपयडीणं॥४७॥**

चउभेओ=ચાર ભેદે.
अजहन्नो=અજઘન્ય બંધ.
संजलणावरणनवगविग्घाणं=સંજ્વલન કષાય, નવ આવરણ અને પાંચ અંતરાયનો.
सेसतिगि=બાકીના ત્રણ બંધને વિષે.
साइअधुवो=સાદિ અને અધ્રુવબંધ
तह= તેમજ=સાદિ, અધ્રુવ,
चउहा=જઘન્યાદિ ચાર પ્રકારનો બંધ
सेसपयडीणं=બાકીની [ ૧૦૨ ] પ્રકૃતિનો.

**અર્થ:**—સંજ્વલન કષાય, નવ આવરણ અને પાંચ અંતરાય સંબંધિ અજઘન્ય સ્થિતિબંધ ચાર ભેદે છે અને એજ પ્રકૃતિઓના બાકીના ત્રણ બંધને વિષે સાદિ અને અધ્રુવ બંધ હોય. બાકીની ૧૦૨ પ્રકૃતિ સંબંધિ જઘન્યાદિ ચાર પ્રકારનો બંધ તેવીજ રીતે [સાદિ અધ્રુવ] છે. ॥ ૪૭ ॥

**વિવેચન:**—હવે ઉત્તર પ્રકૃતિને વિષે ભાંગા કહે છે.—ચાર સંજ્વલનના કષાય ૪, પાંચ જ્ઞાનાવરણીય ૯, ચાર દર્શનાવરણીય ૧૩ અને પાંચ અંતરાય ૧૮, એનો અજઘન્ય બંધ ચાર ભેદે હોય. ઉપશમશ્રેણિ વાળાને ૧૮ પ્રકૃતિનો અજઘન્ય બંધ કહીએ; તે-ઉપશાંતમોહાવસ્થાએ અબંધક થઇને પડતો પાછો અજઘન્ય બાંધે તે સાદિ ૧, ઉપશાન્ત મોહાવસ્થા પામ્યા અગાઉ કોઇવારે વ્યુચ્છેદ નથી ગયો તે માટે અનાદિ ૨, અભવ્યને અંત નથી તે માટે ધ્રુવ ૩, અને ભવ્યને અંત છે તે માટે અધ્રુવ ૪. એ ૧૮ પ્રકૃતિના શેષ જઘન્ય ૧, ઉત્કૃષ્ટ ૨ અને અનુત્કૃષ્ટ ૩ એ ત્રણ બંધને વિષે સાદિ ૧, અધ્રુવ ૨, એ બે ભાંગા હોય, તે કેમ? ક્ષપક શ્રેણિએ પોતપોતાના બંધના ઉચ્છેદ સમય અગાઉ જઘન્ય બંધ હોય, તે પ્રથમજ બાંધવા માંડયો છે તે માટે સાદિ ૧, આગળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અબંધક થશે તે માટે અધ્રુવ ૨, ઉત્કૃષ્ટ બંધ તો સંજ્ઞી પંચેંદ્રિય મિથ્યાત્વી કરે, તે તો અંતર્મુહૂર્ત રહે પછી વળી અનુત્કૃષ્ટ કરે. એમ આરોહણ (ચડવું) અવતરણે (ઉતરવું) કરીને એ બેને સાદિ અધ્રુવપણું હોય. શેષ ૧૦૨ પ્રકૃતિનો ચારે પ્રકારનો બંધ તે પણ એમજ સાદિ ૧, અધ્રુવ ૨, એ બે ભાંગે હોય. તે કેમ? નિદ્રાપંચક ૫, મિથ્યાત્વ ૬, બાર કષાય ૧૮, ભય ૧૯, જુગુપ્સા ૨૦, તૈજસ ૨૧, કાર્મણ ૨૨, વર્ણચતુષ્ક ૨૬, ઉપઘાત ૨૭, અગુરુલઘુ ૨૮ અને નિર્માણ ૨૯, એ ઓગણત્રીશ પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ સર્વ વિશુદ્ધ બાદર એકેંદ્રિય પર્યાપ્તો કરે. તે અંતર્મુહૂર્ત્ત પછી સંક્લિષ્ટ થઇને અજઘન્ય બંધ કરે, વળી તેજ ભવમાં અથવા ભવાંતરે શુદ્ધિ પામીને ફરી પણ જઘન્ય સ્થિતિબંધ કરે; એમ જઘન્ય અજઘન્યની પરાવૃત્તિ (ફેરફાર) થાવે કરીને એ જઘન્ય અજઘન્ય બંધ સાદિ અધ્રુવ હોય. અને એ ૨૯નો ઉત્કૃષ્ટ બંધ તો સર્વ સંક્લિષ્ટ સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તો જ કરીને વળી અંતર્મુહૂર્તે ફરી અનુત્કૃષ્ટ બંધ કરે, વળી કોઈ વારે ઉત્કૃષ્ટ કરે, એમ એ બે પણ સાદિ અધ્રુવ હોય અને શેષ ૭૩ પ્રકૃતિ તે તો અધ્રુવબંધી છે તેના જઘન્ય ૧, અજઘન્ય ૨, અનુત્કૃષ્ટ ૩, અને ઉત્કૃષ્ટ ૪, એ ચારે બંધ તે અધ્રુવબંધી છે માટે ૪ સાદિ અને અધ્રુવ એ બે ભેદે હોય. પૂર્વોક્ત ૧૮ પ્રકૃતિના એકેકીના દશ દશ એવં ૧૮૦ ભાંગા થાય અને ૧૦૨ પ્રકૃતિના એકેકીના આઠ આઠ એવં ૮૧૬ભાંગા થાય, એ બે મળીને ૯૯૬ ઉત્તર પ્રકૃતિના ભાંગા થાય અને મૂળ પ્રકૃતિના ૭૮ ભાંગા, એ સર્વ મળીને એક હજાર ચુમ્મોત્તેર [૧૦૭૪] સ્થિતિબંધના ભાંગા થાય. ॥ ૪૭ ॥

---

## ગુણઠાણે સ્થિતિબંધ.

**साणाइअपुव्वंते, अयरंतो कोडिकोडिओ न हिगो।**
**बंधो नहु हीणो न य, मिच्छे भविअरसन्निंमि॥४८॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साणाइअपुव्वंते=સાસ્વાદનથી માંડીને અપૂર્વકરણ ગુણસ્થાન સુધી
अयरंतो कोडिकोडिओ=અંતઃ કોડાકોડી સાગરોપમથી
न हिगो=ન અધિક [ બંધ ] હોય.
बंधो=બંધ
नहु=નજ હોય
हीणो=હીન—ઓછો
न य=વળી ન જ હોય
मिच्छे=મિથ્યાદૃષ્ટિ
भव्वियरसन्निमि=ભવ્ય અને અભવ્ય સંજ્ઞિને વિષે

**अर्थः**—સાસ્વાદનથી અપૂર્વકરણ ગુણસ્થાન પર્યંત અંતઃ કોડાકોડી સાગરોપમથી અધિક બંધ ન હોય, તેમજ તેનાથી હીન બંધ પણ ન જ હોય. મિથ્યાદૃષ્ટિ ભવ્ય અને અભવ્ય સંજ્ઞિને વિષે પણ હીન બંધ ન જ હોય. ॥૪૮॥

**विवेचन**—હવે સંજ્ઞી પંચેંદ્રિયને ગુણઠાણે કર્મનો સ્થિતિબંધ કહે છે.—ત્યાં જે ૭૦, ૩૦ અને ૨૦ કોડાકોડી સાગરોપમનો સ્થિતિબંધ છે તે મિથ્યાત્વ ગુણઠાણેજ હોય. ત્યારપછી સાસ્વાદન ગુણઠાણાથકી માંડીને અપૂર્વકરણ લગે અંતઃકોડાકોડિ સાગરોપમ પ્રમાણજ બંધ હોય. પણ તેથી અધિક ન હોય, અંતઃ કોડાકોડી થકી અધિકો તો મિથ્યાત્વ ગુણઠાણે હોય. તથા સિદ્ધાન્તે એમ કહ્યું છે જે ગ્રંથિભેદ કર્યા પછી મિથ્યાત્વે જાય તો પણ અંતઃકોડાકોડિ સાગરોપમથકી અધિકી સ્થિતિ ન બાંધે, बंधेण न वोलइ कयावि, इत्यावश्यकवचनात् અને કર્મગ્રંથમતે તો ગ્રંથિભેદ કર્યા પછી સાસ્વાદનાદિકેજ અધિકી સ્થિતિ ન બાંધે પણ મિથ્યાત્વે આવ્યો અધિકી બાંધે, યાવત્ ઉત્કૃષ્ટી પણ બાંધે પણ તીવ્રાનુભાગે ન બાંધે, कर्म्मप्रकृतिग्रंथे પણ એમ કહ્યું છે, અને જે એકેંદ્રિયાદિક સાસ્વાદન ગુણઠાણે સાગરોપમના ભાગ બાંધે છે, તે તો તેથી પણ હીણો બાંધે છે, પણ ઇહાં તે એકેંદ્રિયાદિકની વિવક્ષા નથી; ઇહાં તો સંજ્ઞીપંચેંદ્રિયની વિવક્ષા છે, માટે તે સંજ્ઞી પંચેંદ્રિય સાસ્વાદનાદિક અપૂર્વકરણ લગે અંતઃ-કોડાકોડી સાગરોપમથકી હીણો—ઓછો પણ ન બાંધે; અનિવૃત્તિકરણાદિકે હીણો બાંધે ઇત્યર્થઃ. ઇહાં કોઇક પૂછે જે સાસ્વા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કનથી આઠમા ગુણઠાણા લગે જો હીનાધિકપણું નથી તો સ્થિતિબંધનું અલ્પબહુત્વ કહેશો ત્યાં સાધુના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થકી દેશવિરતિનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણો, અને તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્તા અપર્યાપ્તાના જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણા હોય, એ કેમ ઘટે? તત્રોત્તરં-જેમ નવ સમયથી માંડીને સમયોન મુહૂર્ત લગે અંતર્મુહૂર્તના અસંખ્યાતા ભેદ હોય તેમ સાધુના ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી માંડીને સમયાધિકે પર્યાપ્ત સંજ્ઞિ પંચેંદ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ લગે અસંખ્યાતા સ્થિતિબંધના ભેદ હોય, તે સર્વ અંતઃકોડાકોડિ કહીએ; તેથી સંખ્યાતગુણા કહેતાં કાંઈ દૂષણ નહીં અને મિથ્યાદૃષ્ટિ ભવ્ય તથા અભવ્ય સંજ્ઞી પંચેંદ્રિયને વિષે અંતઃકોડાકોડિ સાગરોપમ થકી ઓછો બંધ ન જ હોય, અસંજ્ઞી વિકલેંદ્રિય અને એકેંદ્રિયાદિકને તો મિથ્યાત્વે પણ હીણો હોય છે તે ઇહાં વિવક્ષ્યા નહિં. ॥ ૪૮ ॥

---

## સ્થિતિબંધનું અલ્પબહુત્વ.

**जइलहुबंधो बायर, पज्जअसंखगुण सुहुमपज्जऽहिगो।**
**एसि अपज्जाण लहू, सुहुमेअर अपज्जपज्जगुरु ॥४९॥**

जइलहुबंधो=યતિનો જઘન્ય સ્થિતિબંધ.
बायरपज्ज=બાદર પર્યાપ્તા એકેંદ્રિયનો
असंखगुण=અસંખ્યાત ગુણ
सुहुमपज्ज=સૂક્ષ્મ પર્યાપ્તા એકેંદ્રિયનો
हिगो=વિશેષાધિક
एसि=એના [બાદર સૂક્ષ્મ એકેંદ્રિયના]
अपज्जाण=અપર્યાપ્તાનો
लहू=લઘુ-જઘન્યસ્થિતિબંધ
सुहुमेयरअपज्जपज्जगुरु=સૂક્ષ્મ અપર્યાપ્તા એકેંદ્રિય, બાદર અપર્યાપ્તા એકેંદ્રિય સૂક્ષ્મપર્યાપ્તા એકેંદ્રિય અને બાદર પર્યાપ્તા એકેંદ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ

અર્થઃ—યતિનો જઘન્ય સ્થિતિબંધ સર્વથી થોડો હોય. બાદર પર્યાપ્તા એકેંદ્રિયનો જઘન્ય સ્થિતિબંધ તેથી અસંખ્યાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ હોય અને સૂક્ષ્મ પર્યાપ્તા એકેંદ્રિયનો તેથી વિશેષાધિક હોય. એ [બાદર સૂક્ષ્મ એકેંદ્રિય] ના અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ તેથી વિશેષાધિક; તે થકી સૂક્ષ્મ અપર્યાપ્તા એકેંદ્રિય, બાદર અપર્યાપ્તા એકેંદ્રિય, સૂક્ષ્મ પર્યાપ્તા એકેંદ્રિય અને બાદર પર્યાપ્તા એકેંદ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે વિશેષાધિક હોય. ॥૪૯॥

**વિવેચનઃ**—હવે એકેંદ્રિયાદિકને વિષે સ્થિતિબંધનું અલ્પબહુત્વ કહે છે.-સર્વથકી થોડો યતિનો જઘન્ય સ્થિતિબંધ, સૂક્ષ્મસંપરાયે અંતર્મુહૂર્તનોજ હોય તે માટે ૧, તે થકી બાદર પર્યાપ્ત એકેંદ્રિયનો જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાત ગુણો, સાગરોપમના ભાગનો હોય તે માટે ૨, તે થકી સૂક્ષ્મ પર્યાપ્ત એકેંદ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક હોય ૩; તે થકી એ બેના અપર્યાપ્તાનો લઘુ એટલે બાદર અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક ૪; તે થકી સૂક્ષ્મ અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક ૫; તે થકી ઇતર તે બાદર અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૭, તે થકી સૂક્ષ્મ પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૮, અને તે થકી બાદર પર્યાપ્તા એકેંદ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૯; ॥ ૪૯ ॥

---

**लहु बिअपज्जअपज्जे, अपजेअरबिअगुरुऽहिगो एवं ।**
**तिचउअसन्निसु नवरं, संखगुणो बिअअमणपज्जे ॥५०॥**

| | |
|---|---|
| लहु=જઘન્ય સ્થિતિબંધ, | एवं=એ પ્રકારે |
| बिय=બેઇંદ્રિય | तिचउअसन्निसु=તેઇંદ્રિય ચૌરિંદ્રિય અને અસંજ્ઞિ પંચેંદ્રિયને વિષે |
| पज्जअपज्जे=પર્યાપ્તા અપર્યાપ્તાને વિષે | नवरं=એટલું વિશેષ |
| अपजेयर=અપર્યાપ્તા અને પર્યાપ્તા | संखगुणो=સંખ્યાત ગુણ |
| बियगुरु=બેઇંદ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | बियअमणपज्जे=બેઇંદ્રિય પર્યાપ્તા અને અસંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે |
| अहिगो=અધિક | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—બેઇંદ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ તે થકી સંખ્યાતગુણ અને વિશેષા૦, તે થકી બેઇંદ્રિય અપર્યાપ્તા અને પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક; તેઇંદ્રિય ચૌરિંદ્રિય અને અસંજ્ઞિ પંચેંદ્રિયને વિષે એ પ્રકારે [બેઇંદ્રિયમાં કહ્યા પ્રમાણે] જાણવું. એટલું વિશેષ કે બેઇંદ્રિય પર્યાપ્તા અને અસંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે સંખ્યાતગુણ કહેવો. ॥૫૦॥

**વિવેચન:**—તે થકી બેઇંદ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણો ૧૦. પચ્ચીશ ગુણો માટે; તે થકી બેઇંદ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક ૧૧; તે થકી બેઇંદ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૧૨; તે થકી બેઇંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૧૩; એમ તેઇંદ્રિય ચઉરિંદ્રિય, અસંજ્ઞી પંચેંદ્રિયને વિષે પણ ચાર ચાર બોલ કહેવા, એટલું વિશેષ છે જે-બેઇંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિયને પહેલે બોલે સંખ્યાત ગુણા કહેવા; અન્યત્ર સઘળે વિશેષાધિક કહેવા. તે આ પ્રમાણે–તે થકી તેઇંદ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક, ૧૪, તે થકી તેઇંદ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક ૧૫, તે થકી તેઇંદ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૧૬, તે થકી તેઇંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૧૭, તે થકા ચઉરિંદ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક ૧૮ તે થકી ચઉરિંદ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક ૧૯, તે થકી ચઉરિંદ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૨૦, તે થકી ચઉરિંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૨૧, તે થકી અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાત ગુણો છે, ચઉરિંદ્રિય થકી દશ ગુણો માટે ૨૨, તે થકી અસંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ વિશેષાધિક ૨૩, તે થકી અસંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૨૪, તે થકી અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક ૨૫. ॥ ૫૦ ॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२६ २७ २८
# तो जइजिट्ठो बंधो, संखगुणो देसविरयहस्सिअरो।
३२ ३६
# सम्मचउ सन्निचउरो, ठिइबंधाऽणुकम संखगुणा॥५१॥

तो=તે થકી.
जइजिट्ठोबंधो=યતિનો ઉત્કૃષ્ટબંધ
संखगुणो=સંખ્યાત ગુણ.
देसविरयहस्स=દેશવિરતિનો જઘન્ય [અને]
इयरो=ઉત્કૃષ્ટ સ્થિતિબંધ.
सम्मचउ=સમ્યગ્દ્રષ્ટિના ચાર પ્રકારના [સ્થિતિબંધો]
सन्निचउरो=સંજ્ઞિ પંચેંદ્રિય મિથ્યાદ્રષ્ટિના ચાર
ठिइबंधा=સ્થિતિબંધો
अणुकम=અનુક્રમે.
संखगुणा=સંખ્યાત ગુણા.

**अर्थः—**તે થકી યતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ; તે થકી દેશવિરતિનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, સમ્યગ્દ્રષ્ટિના ચાર સ્થિતિબંધ અને સંજ્ઞી પંચેંદ્રિય મિથ્યાત્વીના ચાર સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાતગુણ હોય. ॥ ૫૧ ॥

**विवेचनः—**તે થકી યતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાત ગુણો છટ્ઠે પ્રમત્ત ગુણઠાણે અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધે તે માટે ૨૬, તે થકી દેશવિરતિનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણો ૨૭, તે થકી દેશવિરતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાત ગુણો ૨૮. તે થકી અવિરતિ સમ્યગ્દ્રષ્ટિના ચાર બોલ તે કેમ? સમ્યકત્વી પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણો ૨૯, તે થકી સમ્યકત્વી અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ ૩૦, તે થકી સમ્યકત્વી અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ ૩૧, તે થકી સમ્યકત્વી પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ ૩૨, તે પછી સંજ્ઞીના ચાર બોલ તે કેમ? તે થકી સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ ૩૩, તે થકી, સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણ ૩૪, તે થકી સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ ૩૫, તે થકી સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણો, ૭૦ કોડાકોડિ સાગરપ્રમાણ છે માટે ૩૬. એ સ્થિતિબંધમાં અનુક્રમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬ થી માંડીને ૩૬ લગે ૧૧ બોલ સંખ્યાતગુણા કહેવા. ઈહાં ૨૬ થકી ૩૫ લગે ૧૦ બોલ અંતઃકોડાકોડિ સાગર પ્રમાણ કર્મ-પ્રકૃતિમાં કહ્યા છે પણ તે સંખ્યાતગુણા કેમ થાય? વિશેષાધિકજ ઘટે, એ વિચારવા[1] યોગ્ય છે. પંડિતે વિચારવું. ॥૫૧॥

---

## કર્મસ્થિતિનું શુભાશુભપણું.

**सव्वाणवि जिट्ठठिई, असुभा जं साइसंकिलेसेणं।**
**इअरा विसोहिओ पुण, मुत्तुं नरअमरतिरिआउं॥५२॥**

| | |
|---|---|
| सव्वाणवि=સર્વ [કર્મ પ્રકૃતિ]ની | इअरा=જઘન્ય સ્થિતિ |
| जिट्ठठिइ=ઉત્કૃષ્ટ સ્થિતિ | विसोहिओ=વિશુદ્ધિવડે |
| असुभा=અશુભ-અપ્રશસ્ત | पुण=વળી. |
| जं=જે કારણ માટે | मुत्तुं=મૂકી દઈને-વર્જીને |
| सा=તે [ઉત્કૃષ્ટ સ્થિતિ] | नरअमरतिरिआउं=મનુષ્ય, દેવ અને તિર્યંચના આયુષ્યને |
| अइसंकिलेसेणं=તીવ્ર કષાયના ઉદયે | |

**અર્થઃ**—મનુષ્ય, દેવ અને તિર્યંચના આયુષ્યને વર્જીને બાકીની સર્વ કર્મપ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ તે અશુભ જાણવી, જે કારણ માટે તે તીવ્ર કષાયના ઉદયે બંધાય. જઘન્ય સ્થિતિ વિશુદ્ધિવડે બંધાય. ॥૫૨॥

**વિવેચનઃ**—સર્વ શુભ અશુભ પ્રકૃતિની જે ઉત્કૃષ્ટી સ્થિતિ તે અશુભ જાણવી, જે ભણી તે જયેષ્ઠ સ્થિતિ અતિ સંકલેશે-તીવ્ર કષાયોદયે-ઉત્કૃષ્ટ સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનકે કરીને બંધાય, સર્વ શુભાશુભ પ્રકૃતિની સ્થિતિ સંકલેશની વૃદ્ધિએ વધે અને સંકલેશ ઘટવાથી ઘટે, અને અનુભાગ તો કષાયવૃદ્ધિએ અશુભ પ્રકૃતિનો વધે અને શુભ પ્રકૃતિનો ઘટે, અને કષાયની હાનિએ અશુભ પ્રકૃતિનો ઘટે, અને શુભ પ્રકૃતિનો વધે **ठिइअणुभागं कसायाओ. वचनात्** અને ઈતર જે જઘન્ય સ્થિતિ તે વિશુદ્ધિએ-કષાયને મંદપણે બંધાય, તે શુભ જાણવી, જેમ જેમ જે સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિવંત થાય તેમ તેમ તે કર્મની જઘન્ય

---

[1] જુઓ ૪૮ મી ગાથાના વિવેચનમાં આ ટબાકારનો પોતાનો જ ખુલાસો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિ બાંધે. મનુષ્યાયુઃ ૧; દેવાયુઃ ૨ અને તિર્યંગાયુઃ ૩. એ ત્રણ આયુ વર્જીને શેષની જ્યેષ્ઠ સ્થિતિ અશુભ જાણવી, પણ એ ત્રણની નહીં. એ ત્રણ તો વિશુદ્ધિની વૃદ્ધિએ વધે, વળી એ ત્રણ આયુનો સ્થિતિની વૃદ્ધિએ રસ પણ વધે અને તે પણ શુભ હોય. ॥૫૨॥

---

## યોગનું અલ્પબહુત્વ.

सुहुमनिगोआइखण,-प्पजोग बायर य विगलअमणमणा।
अपज्जलहु पढमदुगुरु, पजहस्सिअरो असंखगुणो॥५३॥

(૧ ૨ ૫ ૬ ૭ ... ૯ ૧૧ ૧૩)

| | |
|---|---|
| सुहुमनिगोअ=લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદનો | પંચેંદ્રિય અપર્યાપ્તાનો |
| आइखण=[ઉત્પત્તિના] પહેલા સમયે | लहु=જઘન્ય યોગ- |
| अप्पजोग=અલ્પયોગ. | पढमदु=પ્રથમદ્વિક [ અપર્યાપ્તા સૂક્ષ્મબાદર નિગોદ ] નો |
| बायर य विगलअमणमणाअपज्ज= બાદરનિગોદ, વિકલેંદ્રિય, અસંજ્ઞિપંચેંદ્રિય અને સંજ્ઞિ | गुरु=ઉત્કૃષ્ટ યોગ [અને] |
| | पजहस्सिअरो=પર્યાપ્તાનો જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગ. |
| | असंखगुणो=અસંખ્યાતગુણ |

**अर्थ:**—સૂક્ષ્મ નિગોદ [લબ્ધિ અપર્યાપ્તા] નો પહેલા સમયે અલ્પ યોગ હોય. તે થકી અપર્યાપ્તા એવા બાદર એકેંદ્રિય, વિકલેંદ્રિય, અસંજ્ઞિ અને સંજ્ઞિ પંચેંદ્રિયનો, પહેલા સમયે જઘન્ય યોગ [ક્રમે] અસંખ્યાત ગુણ હોય. તે થકી પહેલા દ્વિકનો ઉત્કૃષ્ટ યોગ તે થકી પહેલા દ્વિકનો પર્યાપ્તાનો જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે અસંખ્યાત ગુણ હોય. ॥૫૩॥

**विवेचन:**—હવે યોગનું અલ્પબહુત્વ કહે છે.—×યોગ તે

---

× મનોયોગ વચનયોગ અને કાયયોગ એમ યોગ ત્રણ પ્રકારે છે. આ યોગરૂપ વીર્ય તે પરિણામ આલંબન અને ગ્રહણનું સાધન છે, તે આ પ્રમાણે-યોગરૂપ વીર્ય વડે ઔદારિકાદિ શરીર પ્રાયોગ્ય પુદ્ગલો જીવ પ્રથમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીર્ય–સ્થામ–ઉત્સાહ–પરાક્રમ–ચેષ્ટા–શક્તિ–સામર્થ્ય કહીએ. વીર્યાંતરાયના ક્ષયોપશમથી ઉપન્યો જે કાયાદિકનો પરિસ્પંદ તે યોગ કહીએ, ત્યાં લબ્ધિ અપર્યાપ્તા આદિ[1] ક્ષણે [ઉત્પત્તિના પ્રથમ સમયે] વર્ત્તતા સૂક્ષ્મ નિગોદનો જઘન્ય યોગ સર્વ થકી થોડો હોય ૧. તે થકી બાદર નિગોદ અપર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાત ગુણો ૨. તે થકી બેઇંદ્રિય અપર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાત ગુણો ૩. તે થકી તેઇંદ્રિય અપર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાત ગુણો ૪. તે થકી ચઉરિંદ્રિય અપર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાત ગુણો ૫. તે થકી અસંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાતગુણો ૬. તે થકી સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તનો જઘન્ય યોગ અસંખ્યાતગુણો ૭. તે થકી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણો ૮. તે થકી બાદર નિગોદિયા અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણો ૯. તે થકી સૂક્ષ્મ નિગોદિયા પર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાત ગુણો ૧૦. તે થકી બાદર નિગોદિયા પર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાત ગુણો ૧૧. તે થકી સૂક્ષ્મ નિગોદિયા પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણો ૧૨. તે થકી બાદર નિગોદિયા પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણો ૧૩. ॥ ૫૩ ॥

---

ગ્રહણ કરે છે, ગ્રહણ કરી પરિણમાવે છે અને પ્રાણાપાનાદિ પુદ્ગલોને ગ્રહણ કરી પરિણમાવીને તેને વિસર્જવાની સામર્થ્ય સિદ્ધિને માટે તેજ પુદ્ગલોનું અવલંબન કરે છે. [જેમ મંદ શક્તિવાળો કોઇ મનુષ્ય નગરમાં ફરવા માટે લાકડીનું આલંબન લે છે તેમ.] તે પછી તેના આધારથી શક્તિ પ્રાપ્ત થયે છતે તે પ્રાણાપાનાદિ પુદ્ગલોને છોડી દે છે. કાર્યની નિકટતા અને જીવ પ્રદેશોનો શૃંખલાના અવયવ [ સાંકળના અંકોડા ]ની પેઠે પરસ્પર સંબંધને લીધે વીર્યનું ઓછા–વત્તાપણું હોય છે, જેમકે હસ્તાદિગત આત્મપ્રદેશોનું ઘટાદિ ઉપાડવાના કાર્યમાં નજીકપણું છે તેથી ચેષ્ટા વધારે, ખભા વિગેરેની તેથી ઓછી અને પગ વિગેરેની તેથી પણ ઓછી હોય છે, આ વાત અનુભવસિદ્ધ છે. જો કે પથ્થર વગેરે વાગવાથી સર્વ પ્રદેશોમાં એક સાથે વેદના થાય છે તો પણ જે આત્મપ્રદેશોને ઘા વાગ્યો હોય ત્યાં તીવ્રતર વેદના અને તે પછીના પ્રદેશોમાં અનુક્રમે મંદ મંદતર વેદના જાણવી.

૧ 'આદિક્ષણે'નો સંબંધ સાતે અપર્યાપ્તા સાથે કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યોગ તથા સ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ.

१८ २३
×अपजत्ततसुक्कोसो, पज्जजहन्निअरु एव ठिइठाणा ।
अपजेअर संखगुणा, परमपजबिए असंखगुणा ॥५४॥

अपजत्ततस=અપર્યાપ્તાત્રસનો
उक्कोसो=ઉત્કૃષ્ટ યોગ.
पज्जजहन्न=પર્યાપ્તા ત્રસનો જઘન્ય યોગ [અને]
इयरु=ઉત્કૃષ્ટ યોગ.
एव=એ પ્રકારે
ठिइठाणा=સ્થિતિનાં સ્થાનો [કહેવાં]
अपजेयर=અપર્યાપ્તા કરતાં પર્યાપ્તાનાં
संखगुणा=સંખ્યાતગુણાં
परं=એટલું વિશેષ-પરંતુ
अपजबिए=અપર્યાપ્તા બેઇંદ્રિયને વિષે.
असंखगुणा=અસંખ્યાત ગુણ.

**अर्थ:**—તે થકી અપર્યાપ્તા ત્રસનો ઉત્કૃષ્ટ યોગ, પર્યાપ્તા ત્રસનો જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગ સંખ્યાત ગુણ અનુક્રમે હોય. એ પ્રકારે [સૂક્ષ્મ એકેંદ્રિયાદિ જીવનાં અનુક્રમે] સ્થિતિનાં સ્થાનો કહેવાં. ત્યાં [પૂર્વોક્ત સૂક્ષ્મબાદર એકેંદ્રિયાદિ] અપર્યાપ્તા કરતાં પર્યાપ્તાનાં સંખ્યાત ગુણાં કહેવાં પરંતુ અપર્યાપ્ત બેઇંદ્રિયને વિષે અસંખ્યાત ગુણ કહેવાં. ॥૫૪॥

**विवेचन:**—તે થકી ત્રસ પાંચ તે બેઇંદ્રિયાદિકનો કહેવો, તે કેમ ? તે થકી બેઇંદ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૧૪. તે થકી તેઇંદ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૧૫. તે થકી ચઉરિંદ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૧૬. તે થકી અસંજ્ઞીપંચેંદ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૧૭. તે થકી સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાતગુણ ૧૮. તે થકી બેઇંદ્રિય પર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ ૧૯. તે થકી તેઇંદ્રિય પર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ ૨૦. તે થકી ચઉરિંદ્રિય પર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ ૨૧. તે થકી અસંજ્ઞી પંચેંદ્રિય

* અસમત્ત ઇતિ પાઠાન્તરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્યાપ્તાનો જઘન્ય યોગ અસંખ્યાતગુણ ૨૨. તે થકી સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાનો જઘન્યયોગ અસંખ્યાતગુણ, ૨૩. ઇતર તે પાંચનો ઉત્કૃષ્ટો તે આ પ્રમાણે–તે થકી બેઇંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૨૪. તે થકી તેઇંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૨૫. તે થકી ચઉરિંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૨૬. તે થકી અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૨૭. તે થકી સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ હોય ૨૮. પાંચ બોલ વળી ગ્રંથાંતરે કહ્યા છે. તે આ પ્રમાણે–તે થકી અનુત્તરવાસી દેવતાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ [1]૨૯. તે થકી ૯ ગ્રૈવેયકના દેવતાનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૩૦ તે યૌગલિક તિર્યંગ્નરનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૩૧. તે થકી આહારક શરીરીનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ ૩૨. તે થકી શેષ દેવતા, નારક, તિર્યગ્ અને મનુષ્યનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યાત ગુણો ૩૩. એ સર્વજીવના યોગનું અલ્પબહુત્વ જાણવું. એ અલ્પબહુત્વ શ્રી ભગવતીજીના ૨૫ મા શતકના ૧ લે ઉદ્દેશે કહ્યું છે. ત્યાં પર્યાપ્તાના જઘન્ય યોગ થકી અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ યોગ અધિકો કહ્યો છે. બોલ આઘા પાછા ઘણા છે તે તો શું જાણીએ શા હેતુએ કહ્યા હશે? તે બહુશ્રુત જાણે. [2]એમજ ચૌદે જીવભેદે સ્થિતિસ્થાનકનું અલ્પબહુત્વ કહેવું; ત્યાં પૂર્વે અપર્યાપ્તા પછી પર્યાપ્તાના એકેક થકી સંખ્યાતગુણાં સ્થિતિ સ્થાનક કહેવાં. [સુક્ષ્મ ક્ષેત્ર] પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમય હોય એટલાં સ્થિતિસ્થાનક અસંજ્ઞીલગે સર્વને છે, અને એકેક થકી સંખ્યાતગુણાં છે, પરન્તુ અપર્યાપ્તા બેઇંદ્રિયનાં અસંખ્યાતગુણાં કહેવાં એટલું વિશેષ છે; તે અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે તે માટે પરસ્પર વિરોધ નથી. એ અલ્પબહુત્વની સ્થાપના આ પ્રમાણે,—॥૫૪॥

૧ અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તનો ઉત્કૃષ્ટ યોગ કહ્યા પછી અનુત્તરવાસી દેવતા વિગેરેનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ કહેવો એટલે એ સ્થાન ૨૯ ને બદલે ૨૮ મું થશે. અને સર્વ અંક ૩૨ થશે. કર્મપ્રકૃતિમાં એ પ્રમાણે છે.

૨ યોગપ્રરૂપણાની પેઠે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૪ જીવસ્થાનેષુ સ્થિતિસ્થાનાનામલ્પબહુત્વયંત્રકમ્

| | |
|---|---|
| ૧ | એકેંદ્રિય સૂક્ષ્મ અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાનક સર્વસ્તોક |
| ૨ | તે થકી એકેંદ્રિય બાદર અપર્યાપ્તાનાં સ્થિતિ૰ સંખ્યાતગુણ |
| ૩ | તે થકી એકેંદ્રિય સૂક્ષ્મ પર્યાપ્તાનાં સ્થિતિ૰ સંખ્યાતગુણ |
| ૪ | તે થકી એકેંદ્રિય બાદર પર્યાપ્તાનાં સ્થિતિ૰ સંખ્યાતગુણ |
| ૫ | તે થકી બેઈંદ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિ૰ અસંખ્યાતગુણ |
| ૬ | તે થકી બેઈંદ્રિય પર્યાપ્તાના સ્થિતિ૰ સંખ્યાતગુણ |
| ૭ | તે થકી તેઈંદ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિ૰ સંખ્યાતગુણ |
| ૮ | તે થકી તેઈંદ્રિય પર્યાપ્તાનાં સ્થિતિ૰ સંખ્યાતગુણ |
| ૯ | તે થકી ચઉરિંદ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિ૰ સંખ્યાતગુણ |
| ૧૦ | તે થકી ચઉરિંદ્રિય પર્યાપ્તાનાં સ્થિતિ૰ સંખ્યાતગુણ |
| ૧૧ | તે થકી અસંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિ૰ સંખ્યાતગુણ |
| ૧૨ | તે થકી અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાનાં સ્થિતિસ્થાન સંખ્યાતગુણ |
| ૧૩ | તે થકી સંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાન સંખ્યાતગુણ |
| ૧૪ | તે થકી સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાનાં સ્થિતિસ્થાન સંખ્યાતગુણ |

## યોગવૃદ્ધિ અને કર્મમાં અધ્યવસાય સંખ્યા

**पइखणमसंखगुणविरिअ, अपजपइठिइमसंखलोगसमा।**
**अज्झवसाया अहिआ, सत्तसु आउसु असंखगुणा॥५५॥**

पइखणं=પ્રત્યેક સમયે
असंखगुण विरिय=અસંખ્યાત ગુણ વીર્યવાળા
अपज्ज=અપર્યાપ્તા જીવો
पइठिइं=પ્રત્યેક સ્થિતિબંધે
असंखलोगसमा=અસંખ્યેય લોકાકાશના પ્રદેશ પ્રમાણ

अज्झवसाया=અધ્યવસાયો
अहिया=અધિક-વિશેષાધિક
सत्तसु=સાત કર્મને વિષે
आउसु=આયુષ્ય કર્મને વિષે
असंखगुणा=અસંખ્યાત ગુણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—અપર્યાપ્તા જીવો પ્રત્યેક સમયે અસંખ્યાત ગુણ વીર્ય વાળા હોય અને પ્રત્યેક સ્થિતિબંધે અસંખ્યેય લોકાકાશના પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોય. સાત કર્મને વિષે તે સ્થિતિબંધના અધ્યવસાયો વિશેષાધિક અને આયુષ્ય કર્મને વિષે અસંખ્યાત ગુણ હોય ॥૫૫॥

**વિવેચન:**—હવે પ્રતિ સમયે યોગવૃદ્ધિનું સ્વરૂપ કહે છે.- અપર્યાપ્તાને પ્રતિ સમયે અસંખ્યાત ગુણી યોગવૃદ્ધિ હોય. પહેલા સમય થકી બીજે સમયે અસંખ્યાતગુણી વીર્યવૃદ્ધિ હોય, બીજાથી ત્રીજે સમયે અસંખ્યાત ગુણી વીર્યવૃદ્ધિ, એમ ઉત્કૃષ્ટ સ્થિતિપર્યંત જાણવું.

**यदुक्तं-सव्वोवि अपज्जत्तो पइखणं असंखगुणाए जोगवुड्ढीए वड्ढईत्ति ॥** અને એકેકે સ્થિતિબંધે તેના હેતુભૂત અસંખ્ય લોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાયસ્થાન હોય. તે અધ્યવસાયસ્થાન આયુ વર્જીને સાત કર્મને વિષે પ્રતિ સ્થિતિએ વિશેષાધિક હોય, તે આ પ્રમાણે-પ્રથમ જઘન્ય સ્થિતિએ અસંખ્ય લોકાકાશપ્રદેશ પ્રમાણ હોય, તે થકી સમયાધિક બીજી સ્થિતિએ વિશેષાધિક હોય, ત્રીજી સ્થિતિએ તેથી વિશેષાધિક હોય; યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ લગે વિશેષાધિક હોય. આયુ: કર્મને વિષે અસંખ્યાત ગુણા કહેવા. તે આ પ્રમાણે-આઉખાની પહેલી જઘન્ય સ્થિતિએ અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ હોય, સમયાધિક બીજી સ્થિતિએ અસંખ્યાત ગુણા, એમ યાવત્ ઉત્કૃષ્ટ લગે કહેવું. ॥૫૫॥

---

## પ્રકૃતિઓનો અબંધ કાળ

३ ३ १ १६३

**तिरिनिरयतिजोआणं, नरभवजुअ सचउपल्ल तेसट्ठं ।**

४ १ ३ १ १८५

**थावरचउइगविगला-यवेसु पणसीइसयमयरा ॥५६॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिरिनिरयतिजोआणं=તિર્યંચ ત્રિક, નરકત્રિક અને ઉદ્યોત નામકર્મના
नरभवजुअ=મનુષ્ય ભવો સહિત
सचउपल्ल=ચાર પલ્યોપમ સહિત
तेसट्ठं=ત્રેસઠ [અધિક સો સાગરોપમ-૧૬૩]
थावरचउइगविगलायवेसु=સ્થાવર ચતુષ્ક, એકેંદ્રિય જાતિ, વિકલેંદ્રિય અને આતપ નામકર્મને વિષે
पणसीइसयं=એકસો પંચાશી
अयरा=સાગરોપમ

अर्थ—તિર્યંચત્રિક, નરકત્રિક અને ઉદ્યોત નામકર્મ (એ-સાત) નો મનુષ્યભવો સહિત ચાર પલ્યોપમ અધિક એકસો ત્રેસઠ સાગરોપમ ઉત્કૃષ્ટ અબંધકાળ જાણવો. સ્થાવરચતુષ્ક, એકેંદ્રિય જાતિ, વિકલેંદ્રિય અને આતપ નામકર્મને વિષે મનુષ્યભવ યુક્ત ચાર પલ્યોપમ અધિક એકસો પંચાશી સાગરોપમ ઉત્કૃષ્ટ અબંધકાળ જાણવો. ॥૫૬॥

**विवेचन:**—હવે ઉત્તર પ્રકૃતિનો **अबंधकाळ** કહે છે. ત્યાં સર્વ પ્રકૃતિનો જઘન્યથી તો એક સમય અબંધકાળ અને ઉત્કૃષ્ટ-પણે મિથ્યાત્વ સાસ્વાદને છેદ પામતી ૪૧ પ્રકૃતિનો પંચેંદ્રિયને વિષે અબંધકાળ કહે છે. તિર્યંચત્રિક ૩, નરકત્રિક ૩ અને ઉદ્યોતનામ ૧, એ સાત પ્રકૃતિનો મનુષ્યના પૂર્વકોડના ૭ ભવોએ યુક્ત ચાર પલ્યોપમ અને એકસો ત્રેસઠ સાગરોપમ એટલો અબંધકાળ હોય એટલા કાળલગે એ સાત પ્રકૃતિ બાંધેજ નહી, તે આ પ્રમાણે–કોઇક ત્રણ પલ્યોપમના આઉખાવાળો યુગલિક મનુષ્ય તે ભવે એ ૭ પ્રકૃતિ[1] ન બાંધે, નરક તિર્યંચમાં ઉપજવું નથી તે માટે. તે ભવને અંતે સમ્યકત્વ પામીને એક પલ્યની સ્થિતિનો સૌધર્મ કલ્પે દેવતા ઉપજે ત્યાં પણ સમ્યકત્વ પ્રત્યયે એ ૭ પ્રકૃતિ ન બાંધે. ત્યાંથી મનુષ્યમાં ઉપજી દીક્ષા પાળી નવમે ગ્રૈવેયકે ૩૧ સાગરોપમની સ્થિતિએ દેવપણે ઉપજે; ત્યાં મિથ્યાત્વ પામે, પણ ભવ પ્રત્યયેજ એ ૭ પ્રકૃતિ ત્યાં ન બાંધે. અંતે સમ્યકત્વ પામી મરીને મનુષ્યમાં ઉપજી દીક્ષા અથવા

૧ આ સાત પ્રકૃતિ નારક તિર્યગ્ પ્રાયોગ્યજ બંધાય છે અને તે ગતિમાં જાયજ નહિ માટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશવિરતિપણું પાળી ત્રણ વાર અચ્યુતે જઇને ૬૬ સાગરોપમ પૂરા કરીને મનુષ્યમાં અંતર્મુહૂર્ત્ત મિશ્રપણું અનુભવી પાછું સમ્યક્ત્વ પામી બે વાર અનુત્તર વિમાને અથવા ત્રણ વાર અચ્યુતે ૬૬ સાગરોપમ સમ્યક્ત્વકાળ ફરીથી પૂરે. ત્યાં સમ્યક્ત્વ પ્રત્યયે જ એ ૭ પ્રકૃતિ ન બાંધે, એટલે ચાર પલ્યોપમે અધિક અને આંતરે ૭ ભવ મનુષ્યના કર્યા તેણે પણ અધિક ૧૬૩ સાગરોપમ લગે મિથ્યાત્વ સાસ્વાદનના અભાવ થકી તથા ભવસ્વભાવથકી એ ૭ પ્રકૃતિ ન બાંધે.

उक्तंच-पलियाइं तिन्नि भोगा-वणिमि भवपच्चयं पलियमेगं।
सोहम्मे सम्मत्तेण, नरभवे सव्वविरईए ॥ १ ॥
मिच्छी भवपच्चयओ गेविज्जे सागराइं इगतीसं।
अंतमुहुत्तुणाइं, सम्मत्तं तंमि लहिऊणं ॥ २ ॥
विरयनरभवंतरिओ, अणुत्तरसुरो य अयरछावट्ठा।
मिस्सं मुहुत्तमेगं, फासिय मणुओ पुणो विरओ ॥ ३ ॥
छावट्ठी अयराणं, अच्चुयए विरयनरभवंतरिओ॥
तिरिनरयतिगुज्जोया-ण, एस कालो अबंधंमि ॥ ४ ॥

સ્થાવર ચતુષ્ક ૪, એકેંદ્રિય જાતિ ૫, વિકલેંદ્રિય ૮ અને આતપનામ ૯, એ નવ પ્રકૃતિનો ૪ પલ્યોપમ સહિત એકસો પંચાશી સાગરોપમનો અબંધકાળ હોય, તે આ પ્રમાણે–કોઇક જીવ તમઃપ્રભાએ ૨૨ સાગરને આઉખે નારકી થઇ અંતે સમ્યક્ત્વ પામી મનુષ્ય થઈ સૌધર્મકલ્પે ૪ પલ્યને આઉખે દેવતા થઈ મનુષ્ય થઇ સંયમ પાળી પૂર્વોક્તની પરે નવમ ગ્રૈવેયકાદિકે ૧૬૩ સાગરોપમ પૂરે, એવં ૧૮૫ સાગરોપમ અને પલ્યોપમ ૪ લગે એ નવ પ્રકૃતિ ભવપ્રત્યયે તથા સમ્યક્ત્વ પ્રત્યયે ન બાંધે.

यदुक्तं-छट्ठीए नेरइओ, भवपच्चयओ उ अयरबावीसं।
देसविरओ य भविउं पलियचउक्कं पढमकप्पे ॥ १ ॥
पुव्वुत्तकालजोगो पंचासीय सयं सचउपल्लं।
आयवथावरचउविग-लतियगएगिंदिअ अबंधो ॥ २ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५ ५ १ ४ १ ३ ३
अपढमसंघयणागिइ-खगइ अणमिच्छदुहगथिणतिगं।
१ १ १ १३२
निअनपुइत्थि दुतीसं, पणिंदिसु अबंधठिइ परमा ॥५७॥

अपढमसंघयणागिइखगइ=પહેલાને વર્જીને સંઘયણ. સંસ્થાન અને વિહાયોગતિ
अण=અનંતાનુબંધી કષાય
मिच्छ=મિથ્યાત્વ મોહનીય
दुहगथीणतिगं=દુર્ભગત્રિક અને થીણદ્ધિત્રિક
निय=નીચ ગોત્ર
नपुइत्थि=નપુંસક વેદ અને સ્ત્રી વેદની
दुतीसं=નરભવ સાહિત એક સો બત્રીસ સાગરોપમ
पणिंदिसु=પંચેંદ્રિયને વિષે
अबंधठिइ=અબંધ સ્થિતિ
परमा=ઉત્કૃષ્ટ

अर्थः—પહેલાને વર્જીને સંઘયણ સંસ્થાન અને વિહાયોગતિ, અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વ મોહનીય, દુર્ભગત્રિક અને થીણદ્ધિત્રિક, નીચગોત્ર, નપુંસક વેદ અને સ્ત્રીવેદ એ [પચીશ પ્રકૃતિ] ની અબંધ સ્થિતિ નરભવ યુક્ત એકસો બત્રીશ સાગરોપમ જાણવી. એ ૪૧ પ્રકૃતિની ઉત્કૃષ્ટ અબંધસ્થિતિ પંચેંદ્રિયને વિષે જાણવી. ॥ ૫૭॥

विवेचनः—પહેલું સંઘયણ વર્જી પાંચ સંઘયણ ૫, પહેલું સંસ્થાન વર્જી પાંચ સંસ્થાન ૧૦, પહેલી શુભ ખગતિ ટાળી બીજી અશુભ ખગતિ ૧૧, અનંતાનુબંધિ ચાર કષાય ૧૫, મિથ્યાત્વ મોહનીય, ૧૬, દુર્ભગ, દુઃસ્વર અને અનાદેય એ દુર્ભગ ત્રિક ૧૯ થીણદ્ધિત્રિક ૨૨, નીચૈર્ગોત્ર ૨૩. નપુંસક વેદ ૨૪ અને સ્ત્રીવેદ ૨૫, એ પચીશ પ્રકૃતિનો એકસો બત્રીશ સાગરોપમનો અબંધકાળ હોય. તે આ પ્રમાણે—ઇહાં મનુષ્યભવે સમ્યક્ત્વ સહિત ચારિત્ર પાળી ત્રણવાર અચ્યુતાદિકે જઇ ૬૬ સાગર સમ્યક્ત્વનો કાળ પૂરી મનુષ્યભવે અંતર્મુહૂર્ત્ત મિશ્રપણું પામી ફરી સમ્યક્ત્વ પામી ચારિત્ર પાળી ત્રણવાર અચ્યુતે અથવા બે વાર વિજયાદિકે જઇ ૬૬ સાગર સમ્યક્ત્વકાળ પૂરે, એટલે ૧૩૨ સાગર લગે સમ્યક્ત્વ પ્રત્યયે જ એ પચીશ પ્રકૃતિ ન બાંધે. यदुक्तं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पणवीसाए अबंधो, उक्कोसो होइ सम्ममीसजुए ॥
बत्तीसं सयमयरा दो विजए अच्चुए तिमवा ॥ १ ॥

પંચેન્દ્રિયને વિષે ૪૧ પ્રકૃતિની અબંધ સ્થિતિ-અબંધકાળ ઉત્કૃષ્ટો એટલો હોય, એ ઉપરાંત અવશ્ય બાંધે કે અબંધક થાય. હવે ૭૯ પ્રકૃતિનો અબંધકાળ ગ્રંથાંતર થકી લખીએ છીએ- પ્રત્યાખ્યાનીય ૪, અપ્રત્યાખ્યાનીય ૪, મનુષ્યત્રિક ૩, ઔદારિકદ્વિક ૨, અને વજ્રઋષભનારાચ સંઘયણ ૧, એ ચૌદ પ્રકૃતિ દેશોન પૂર્વકોડી લગે સંયત ન બાંધે અને શેષ ૬૫ પ્રકૃતિનો અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટો અબંધકાળ હોય. ા૫૭ા

---

## અબંધકાળ પૂરવાનાં સ્થાન અને સતત બંધકાળ.

१३२ १६३ १८५
**विजयाइसु गेविज्ज, तमाइ दहिसय दुतीस तेसट्ठं ।**

२ २
**पणसीइ सययबंधो, पल्लतिगं सुरविउव्विदुगे ॥५८॥**

विजयाइसु=વિજયાદિને વિષે (ગયેલ જીવની)
गेविज्जे=ગ્રૈવેયકને વિષે
तमाइ=તમઃપ્રભા નારકીમાં
दहिसयदुतीस=એકસો બત્રીશ સાગરોપમ
तेसट्ठं=એકસો ત્રેસઠ સાગરોપમ
पणसीइ=એકસો પંચાશી સાગરોપમ
सययबंधो=સતત-નિરંતર બંધ
पल्लतिगं=ત્રણ પલ્યોપમ
सुरविउव्विदुगे=સુરદ્વિક અને વૈક્રિયદ્વિકને વિષે

અર્થ:—વિજયાદિકને વિષે, ગ્રૈવેયક અને વિજયાદિકને વિષે તેમજ તમઃપ્રભા ગ્રૈવેયક અને વિજયાદિકને વિષે ગયેલ જીવની ઉત્કૃષ્ટ અબંધ સ્થિતિ અનુક્રમે એકસો બત્રીસ, એકસોત્રેસઠ અને એકસો પંચાશી સાગરોપમ નરભવોએ યુક્ત હોય. સુરદ્વિક અને વૈક્રિયદ્વિકનો ત્રણ પલ્યોપમ નિરંતર બંધ હોય. ા૫૮ા

**વિવેચન:**—એ પૂર્વોક્ત કાળ તે કયાં પૂરો થાય તે કહે છે. વિજયાદિકે ૧ વાર અને અચ્યુતે ૩ વાર એવં ૧૩૨ સાગરોપમ. ગ્રૈવેયકે ૧ વાર, પછી વિજયાદિકે ૨ વાર અને અચ્યુતે ૩ વાર એવં ૧૬૩ સાગરોપમ થાય. તમઃપ્રભાએ ૧ વાર, નવમે ગ્રૈવેયકે ૧ વાર, પછી વિજયાદિકે ૨ વાર અને અચ્યુતે ૩ વાર એવં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૮૫ સાગરોપમ થાય. વચ્ચે મનુષ્યના જેટલા ભવ થાય તેટલો કાળ અધિક જાણવો. એ પ્રકારે ૨૫, ૯ અને ૭ પ્રકૃતિનો અનુક્રમે અબંધકાળ હોય.

હવે અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિનો નિરંતર બંધ કહે છે.=સુરદ્વિક ૨ અને વૈક્રિયદ્વિક ૪, એ ચાર પ્રકૃતિ ત્રણ પલ્યોપમ લગે ઉત્કૃષ્ટપણે નિરંતર બંધાય, યુગલીયાં બાંધે માટે. ॥૫૮॥

---

## નિરંતર બંધ.

२ १ ४

**समयादसंखकालं, तिरिदुगनीएसु आउ अंतमुहू।**
**उरलि असंखपरट्टा, सायठिई पुव्वकोडूणा ॥ ५९ ॥**

**समयादसंखकालं**=સમયથી માંડીને અસંખ્યાત કાળ પર્યંત
**तिरिदुगनीएसु**=તિર્યંચદ્વિક અને નીચ ગોત્રને વિષે
**आउ**=ચાર પ્રકારના આયુષ્યને વિષે
**अंतमुहू**=અંતર્મુહૂર્ત કાળ સુધી
**उरलि**=ઔદારિક શરીરનો
**असंखपरट्टा**=અસંખ્યાત પુદ્ગલ પરાવર્ત
**सायठिई**=સાતાવેદનીયનો સતત બંધ
**पुव्वकोडूणा**=પૂર્વકોડી વર્ષથી ન્યૂન

**અર્થ:**—તિર્યંચદ્વિક અને નીચગોત્રનો સમયથી માંડીને અસંખ્યાત કાળ પર્યંત નિરંતર બંધ હોય. આયુષ્ય કર્મનો અંતર્મુહૂર્ત, ઔદારિક શરીરનો અસંખ્યાત પુદ્ગલપરાવર્ત અને સાતાવેદનીયનો કંઇક ન્યૂન પૂર્વ કોડી નિરંતર બંધ હોય ॥૫૯॥

**વિવેચન:**—જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ, તિર્યંચદ્વિક અને નીચૈર્ગોત્રનો સતતબંધ છે, એ ત્રણે પ્રકૃતિ તેઉ વાઉમાંહે તથા સાતમી નરકે નિરંતર બંધાય માટે. ચારે આઉખાં અંતર્મુહૂર્ત લગેજ નિરંતર બંધાય, કેમકે આઉખાનો બંધકાળ એટલોજ છે. ઔદારિક શરીર અસંખ્યાતા પુદ્ગલ પરાવર્ત લગે એકેંદ્રિયને વિષે નિરંતર બંધાય. સાતાવેદનીય નવ વરસે ઊણી પૂર્વકોડિ લગે સંયતને અપ્રમત્ત ગુણઠાણાથી સયોગિ કેવળી ગુણઠાણા લગે નિરંતર બંધાય ॥૫૯॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१८५ १ १ १ ४
जलहिसयं पणसीअं, परघुस्सासे पणिंदि तसचउगे।
१३२ १ १ ३ १ १
बत्तीसं सुहविहगइ, पुमसुभगतिगुच्चचउरंसे ॥६०॥

| | |
|---|---|
| जलहिसयं पणसीयं=એકસો પંચાશી સાગરોપમ | सुहविहगइपुम=શુભવિહાયોગતિ, પુરૂપ વેદ. |
| परघुस्सासे=પરાઘાત નામ અને ઉશ્વાસ નામકર્મને વિષે | सुभगतिग=સુભગત્રિક |
| पणिंदितसचउगे=પંચેંદ્રિયજાતિ અને ત્રસ ચતુષ્કને વિષે. | उच्च=ઉચ્ચગોત્ર |
| बत्तीसं=એકસો બત્રીશ સાગરોપમ | चउरंसे=સમચતુરસ્ર સંસ્થાનને વિષે |

अर्थः—પરાઘાત નામ તથા ઉશ્વાસ નામકર્મને વિષે અને પંચેંદ્રિય જાતિ તથા ત્રસ ચતુષ્કને વિષે એકસો પંચાશી સાગરોપમ નિરંતર બંધ હોય. શુભવિહાયોગતિ, પુરૂષવેદ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, ઉચ્ચગોત્ર, સમચતુરસ્ર સંસ્થાનને વિષે એકસો બત્રીસ સાગરોપમ સતતબંધની સ્થિતિ હોય ॥૬૦॥

विवेचनः—પરાઘાત ૧, ઉશ્વાસ ૨, પંચેંદ્રિય જાતિ ૩ અને ત્રસચતુષ્ક ૭, એ સાત પ્રકૃતિ એકસો પંચાશી સાગરોપમ લગે નિરંતર બાંધે, તમઃપ્રભાએ નવ ગ્રૈવેયકે એકેકવાર, અચ્યુતે ત્રણ વાર, અને વિજયાદિકે બે વાર મનુષ્ય ભવને આંતરે જાય ત્યારે ૧૮૫ સાગર થાય, ત્યાં લગે નિરંતર એ ૭ પ્રકૃતિ બાંધે, તે ઉપરાંત ન બાંધે. શુભ વિહાયોગતિ ૧, પુરૂષવેદ ૨, સુભગ ૩, સુસ્વર ૪, આદેય ૫, ઉચ્ચૈર્ગોત્ર ૬ અને સમચતુરસ્ર સંસ્થાન ૭, એ સાત પ્રકૃતિ એકસો બત્રીસ સાગરોપમ લગે નિરંતર બંધાય. મનુષ્યભવને આંતરે ત્રણ વાર અચ્યુતે અને બે વાર વિજયાદિકે જાય ત્યારે ૧૩૨ સાગર લગે એ ૭ પ્રકૃતિ નિરંતર બાંધે, તે ઉપરાંત ન બાંધે ॥૬૦॥

---

१ ४ ५ ५ २ २ २
असुखगइजाइआगिइ,—संघयणाहारनिरयजोअदुगं;
१ १ १ १० १ १ ४ १
थिरसुभजसथावरदस, नपुइत्थीदुजुअलमसायं. ॥६१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

असुखगइजाइआगिइसंघयण=અશુભ વિહાયોગતિ, એકેંદ્રિય બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિયની જાતિ, પહેલા શિવાયનાં પાંચ સંસ્થાન અને પાંચ સંઘયણ.
आहारनिरयजोअदुगं=આહારકદ્વિક, નરકદ્વિક અને ઉદ્યોતદ્વિક
थिरसुभजस=સ્થિર નામ, શુભનામ, યશનામ,
थावरदस=સ્થાવર દશક,
नपुइत्थी=નપુંસક વેદ, સ્ત્રી વેદ,
दुजुअलं=બે યુગલ [અને]
असायं=અસાતા વેદનીય

**अर्थ:**—અશુભવિહાયોગતિ, અશુભજાતિ અશુભ સંસ્થાન અશુભ સંઘયણ, આહારકદ્વિક, નરકદ્વિક, ઉદ્યોતદ્વિક, સ્થિરનામ, શુભનામ, યશનામ, સ્થાવર દશક, નપુંસકવેદ, સ્ત્રીવેદ, બે યુગલ અને અસાતાવેદનીય ॥૬૧॥

**विवेचन:**—અશુભ વિહાયોગતિ ૧; એકેંદ્રિય અને વિકલેંદ્રિય એ ચાર જાતિ ૫, પહેલું વર્જીને પાંચ સંસ્થાન ૧૦, પહેલું વર્જીને પાંચ સંઘયણ ૧૫, આહારકદ્વિક ૧૭, નરકદ્વિક ૧૯, ઉદ્યોત અને આતપ એ ઉદ્યોતદ્વિક ૨૧, સ્થિરનામ ૨૨, શુભનામ ૨૩, યશનામ ૨૪, સ્થાવર દશક ૩૪, નપુંસકવેદ ૩૫, સ્ત્રીવેદ ૩૬. હાસ્ય, રતિ, અરતિ, શોક એ બે યુગલ ૪૦ અને અસાતાવેદનીય ૪૧ ॥૬૧॥

---

४१ २ १ १ १
**समयादंतमुहुत्तं, मणुदुगजिणवइरउरलुवंगेसु ।**
४ १
**तित्तीसयरा परमो, अंतमुहु लहूवि आउजिणे ॥६२॥**

समयादंतमुहुत्तं=સમયથી માંડીને અંતર્મુહૂર્ત પર્યંત.
मणुदुगजिण=મનુષ્યદ્વિક, જિન નામ.
वइरउरलुवंगेसु=વજ્રઋષભનારાચ સંઘયણ અને ઔદારિક અંગોપાંગને વિષે.
तित्तीसयरा=તેત્રીશ સાગરોપમ
परमो=ઉત્કૃષ્ટ સતતબંધ.
अंतमुहु=અંતર્મુહૂર્ત.
लहूवि=જઘન્ય સતત બંધ વળી
आउजिणे=આયુષ્યકર્મ અને જિન નામકર્મને વિષે.

**अर्थ:**—એ પૂર્વોક્ત ૪૧ પ્રકૃતિનો સમયથી માંડીને અંતર્મુહૂર્ત પર્યંત નિરંતર બંધ હોય. મનુષ્યદ્વિક, જિન નામ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વજ્રઋષભનારાચ સંઘયણ અને ઔદારિક અંગોપાંગ નામકર્મને વિષે તેત્રીશ સાગરોપમ ઉત્કૃષ્ટ સતત બંધ હોય. જઘન્ય નિરંતર બંધ વળી ચાર આયુષ્ય અને જિન નામકર્મને વિષે અંતર્મુહૂર્ત હોય. ॥૬૨॥

**વિવેચન:—** એ ૪૧ પ્રકૃતિનો જઘન્ય એક સમયથી માંડીને ઉત્કૃષ્ટો અંતર્મુહૂર્ત્ત લગે નિરંતર બંધ હોય, તે પછી અધ્રુવબંધી છે તે માટે પરાવર્ત્ત અવશ્ય થાય. મનુષ્યદ્વિક ૨, જિનનામ ૩, વજ્રઋષભનારાચ સંઘયણ ૪, અને ઔદારિક અંગોપાંગ ૫, એ પાંચ પ્રકૃતિનો તેત્રીશ સાગરોપમ લગે ઉત્કૃષ્ટો નિરંતર બંધ રહે, જિનનામ બાંધીને અનુત્તર વિમાને જાય ત્યાં એટલો કાળ એ પાંચ પ્રકૃતિ નિરંતર બાંધે. ચાર આયુ અને જિનનામ એ પાંચનો જઘન્યપણે અંતર્મુહૂર્ત્ત બંધકાળ હોય, જે ભણી આયુબંધ તો અંતર્મુહૂર્ત્તનોજ હોય, પણ સમયનો ન હોય, અને જિનનામ તો બાંધતો થકો ઉપશમશ્રેણિ ચઢે ત્યાં જિનનામનો અબંધક થઇ પાછો પડે ત્યાં અંતર્મુહૂર્ત્ત લગે જિનનામ બાંધી વળી બીજીવાર ઉપશમશ્રેણિ કરતો અબંધક થાય ત્યારે અંતર્મુહૂર્ત્ત લગેજ જિનનામનો બંધ પામીએ પણ એક સમય નહી. અને એ પાંચ પ્રકૃતિ ટાળી શેષ સર્વ પ્રકૃતિ જઘન્યથી એક સમયજ બાંધે, અધ્રુવબંધી છે માટે. ॥ ૬૨ ॥

॥ इति स्थितिबन्धः समाप्तः ॥

એ પ્રકારે સ્થિતિબંધાધિકાર પૂર્ણ થયો.

---

## અનુભાગબંધનું સ્વરૂપ.

**तिव्वो[८२] असुहसुहाणं[४२], संकेसविसोहिओ विवज्जयओ।**

**मंदरसो गिरि[१]महि[२]रय[३],-जल[४]रेहासरिसकसाएहिं ॥६३॥**

तिव्वो=તીવ્રરસ.
असुहसुहाणं=અશુભ અને શુભ પ્રકૃતિનો.
संकेसविसोहिओ=સંક્લેશ અને વિશુદ્ધિ વડે.
विवज्जयओ=વિપરીતપણા વડે
मंदरसो=મંદ રસ.
गिरिमहिरयजलरेहा=પર્વત, પૃથ્વી, રેતી અને પાણીને વિષે રેખા.
सरिस=સમાન.
कसाएहिं=કષાયો વડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ**—અશુભ અને શુભ પ્રકૃતિનો તીવ્રરસ અનુક્રમે સંક્લેશ અને વિશુદ્ધિ વડે બંધાય. મંદરસ વિપરીતપણા વડે બંધાય. પર્વત, પૃથ્વી, રેતી અને પાણીને વિષે કરેલ રેખા સમાન કષાયો વડે; ॥ ૬૩ ॥

**વિવેચન:**હવે અનુભાગબંધની વ્યાખ્યા કહે છે.–ત્યાં પ્રથમ **અનુભાગનું સ્વરૂપ** કહે છે. ઇહાં રાગાદિકને વશ થકો જીવ સિદ્ધને અનંતમે ભાગે અને અભવ્યથી અનંતગુણા એટલા પરમાણુએ નિષ્પન્ન કર્મસ્કંધનાં દલિયાં જૂદાં જૂદાં સમયે સમયે ગ્રહે છે. તે દલિયાંને વિષે પરમાણુ દીઠ કષાયના વિશેષ થકી સર્વ જીવ થકી અનંતગુણા અનુભાગ [ રસ ] ના અવિભાગ પલિચ્છેદ કરે, જે કેવળીની બુદ્ધિએ છેદે તો પણ અત્યંત સૂક્ષ્મ અનુભાગનો અંશ અતિ સૂક્ષ્મપણા માટે અર્દ્ધ ન થાય તે अविभाग परिच्छेद કહીયે. ત્યાં એકેકા કર્મસ્કંધને વિષે જે સર્વથી જઘન્ય રસાંશનો પરમાણુ તે પણ કેવળીની બુદ્ધિએ છેદે તો સર્વ જીવ થકી અનંતગુણા રસભાગ દીયે. તે થકી અનેરા પરમાણુને વિષે એકેક રસના અવિભાગની વૃદ્ધિ, જયાં લગે સર્વોત્કૃષ્ટ રસનો અંત્ય પરમાણુ ઉપરલી રાશિના અનંતગુણા રસના અવિભાગ પ્રત્યે દે, ત્યાં લગે કહેવું. ઇહાં જઘન્યરસવાળા પરમાણુને વિષે અસત્કલ્પનાએ એકસો રસના અવિભાગ કલ્પીએ, તેનો જે સમુદાય તે સમાન જાતિય માટે એક वर्गणा કહીએ. તે પછી એકસો એક રસાંશ યુક્ત પરમાણુની બીજી વર્ગણા. એકસો બે રસાંશયુક્ત પરમાણુની ત્રીજી વર્ગણા. એમ એકેક રસાંશની વૃદ્ધિ ત્યાં સુધી કરવી કે જ્યાં લગે તે અભવ્ય થકી અનંતગુણા થાય. એટલી વર્ગણાનો સમુદાય તે એક स्पर्द्धक કહીએ. એ સ્પર્દ્ધકની અસત્કલ્પનાએ સ્થાપના ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫; તે પછી એકેક રસને અવિભાગે વધતા પરમાણુ ત્યાં લગે ન પામીએ કે જ્યાં લગે સર્વ જીવ થકી અનંતગુણા રસને અવિભાગે વધતા થાય. તે પછી તે આગળ બીજું સ્પર્દ્ધક મંડાય, તે સ્થાપના આ પ્રમાણે–૨૦૫, ૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૦; તે પછી વળી એક રસાવિભાગે વધતા પરમાણુ ત્યાં લગે ન પામીએ કે જ્યાં લગે સર્વ જીવ થકી અનંતગુણ રસાવિભાગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધતા થાય, તે વાર પછી તે આગળ ત્રીજું સ્પર્દ્ધક મંડાય, તે સ્થાપના આ પ્રમાણે–૩૧૦, ૩૧૧, ૩૧૨, ૩૧૩, ૩૧૪, ૩૧૫; એ અનુક્રમે એ રીતે અનંતા સ્પર્દ્ધક થાય એનો જે રસ તે અનુભાગ કહીએ. એ શુભ અશુભ ભેદે બે પ્રકારે જાણવો. તે વળી તીવ્ર મંદે બે પ્રકારે છે, તેનો હેતુ કહે છેઃ–

અશુભ–૮૨ પાપપ્રકૃતિનો અને શુભ–૪૨ પુણ્યપ્રકૃતિનો જે તીવ્ર–આકરો–ચઉઠાણિયો રસ બંધાય તે સંકલેશ અને વિશુદ્ધિ થકી બંધાય તે આ પ્રમાણે–૮૨ અશુભ પ્રકૃતિનો તીવ્ર રસ સંકલેશ થકી બંધાય અને ૪૨ શુભ પ્રકૃતિનો તીવ્ર રસ વિશુદ્ધિ થકી બંધાય અને એના વિપરીતપણા થકી મંદરસ–એકઠાણિયો બંધાય. તે આ પ્રમાણે–સંકલેશ થકી ૪૨ શુભ પ્રકૃતિનો મંદરસ બંધાય અને વિશુદ્ધિ થકી ૮૨ અશુભ પ્રકૃતિનો મંદ રસ બંધાય. સંકલેશ તે તીવ્ર કષાય અને વિશુદ્ધિ તે વિશુદ્ધપણું. એ તીવ્ર મંદરસ પર્વતની રાય [રેખા] ૧, પૃથ્વીની રાય ૨, રજ–રેતીની રાય ૩ અને પાણીની રાય ૪, સરખા કષાયે કરીને—॥ ૬૩ ॥

---

**चउठाणाई असुहो, सुहऽन्नहा विग्घदेसआवरणा[५ ७] ।**
**पुमसंजलणिगदुतिचउ–ठाणरसा सेस दुगमाइ ॥६४॥**
[१ ४]

**चउठाणाई**=ચતુ:સ્થાનાદિ— ચાર ઠાણિયો વગેરે.
**असुहो**=અશુભ પ્રકૃતિનો
**सुहऽन्नहा**=શુભ પ્રકૃતિનો વિપરીતપણાએ.
**विग्घदेसआवरणा**=અંતરાય અને દેશઘાતિ આવરણ કરનારી સાત પ્રકૃતિ.
**पुम संजलण**=પુરૂષ વેદ અને સંજ્વલન કષાયો.
**इगदुतिचउठाणरसा**=એક ઠાણિયા, બે ઠાણિયા, ત્રણ ઠાણિયા અને ચાર ઠાણિયા રસવડે [બંધાય]
**सेस**=બાકીની પ્રકૃતિઓ
**दुगमाइ**=બે ઠાણિયા વગેરે રસવડે.

**અર્થ:**–અશુભ પ્રકૃતિનો ચાર ઠાણિયો વગેરે રસ થાય. શુભ પ્રકૃતિનો વિપરીતપણે ચતુ:સ્થાનાદિ રસ થાય. પાંચ અંતરાય, દેશઘાતિ આવરણ કરનારી સાત પ્રકૃતિ, પુરૂષ વેદ, અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંજ્વલન ૪ કષાયો [એ સત્તર પ્રકૃતિ] એક ઠાણિયા, બે ઠાણિયા, ત્રણ ઠાણિયા, અને ચાર ઠાણિયા રસવાળી છે-રસ યુક્ત બંધાય છે, બાકીની પ્રકૃતિઓ બે ઠાણિયા વગેરે ત્રણ પ્રકારના રસ યુક્ત બંધાય છે. ॥ ६४॥

**વિવેચન:**—અશુભ પ્રકૃતિનો ચતુ:સ્થાનાદિક રસ બંધાય, તે આ પ્રમાણે–ગિરિરેખા સમાન અનંતાનુબંધી કષાયે કરીને સર્વ અશુભપ્રકૃતિનો ચોઠાણિયો રસ બંધાય ૧; પૃથ્વીરેખા સમાન અપ્રત્યાખ્યાનીય કષાયે કરીને ત્રિઠાણિયો બંધાય ૨; રજ રેખા સમાન પ્રત્યાખ્યાનીય કષાયે કરીને બેઠાણિયો બંધાય ૩ અને જળરેખા સમાન સંજ્વલન કષાયે કરીને એક ઠાણિયો બંધાય ૪. શુભ પ્રકૃતિનો રસબંધ એથી અન્યથા કહેવો. તે આ પ્રમાણે જળ–રેખા અને રજરેખા સરખા સંજ્વલન અને પ્રત્યાખ્યાનીય કષાયે શુભ પ્રકૃતિનો રસ ચોઠાણિયો બંધાય ૧. પૃથ્વીની રેખા સમાન અપ્રત્યાખ્યાનીય કષાયે કરીને ત્રિઠાણિયો બંધાય ૨, ગિરિરેખા સમાન અનંતાનુબંધી કષાયે કરીને બેઠાણિયો રસ બંધાય ૩. એક ઠાણિયો રસ તો શુભપ્રકૃતિને નથી. હવે જે પ્રકૃતિનો જેટલે પ્રકારે રસ બંધાય તે કહે છે.–અંતરાય ૫, દેશ આવરણ તે કેવળદ્વિક વર્જીને શેષ ચાર જ્ઞાનાવરણીય અને ત્રણ દર્શનાવરણીય મળી ૭, પુરૂષવેદ ૧ અને સંજ્વલન કષાય ૪, એવં ૧૭ પ્રકૃતિ એકઠાણિયે, બેઠાણિયે, ત્રિઠાણિયે અને ચાર-ઠાણિયે, એમ ચારે પ્રકારના રસયુક્ત–બંધાય. ત્યાં અનિવૃત્તિ-બાદર ગુણઠાણાના સંખ્યાતા ભાગ ગયે થકે એ ૧૭ પ્રકૃતિનો એકઠાણિયો રસ બંધાય. શેષ ૧૦૩ પ્રકૃતિનો રસ બે ઠાણિયો, ત્રિઠાણિયો, ચઉઠાણિયો બંધાય પણ એકઠાણિયો ન બંધાય, જે ભણી અશુભનો એકઠાણિયો રસ તે અનિવૃત્તિબાદર ગુણ-ઠાણાના સંખ્યાતા ભાગ પછી જ હોય અને ત્યાં તો એ સત્તર વર્જીને અનેરી અશુભ પ્રકૃતિનો બંધજ નથી, તે માટે શેષ ૬૫ અશુભ પ્રકૃતિનો એકઠાણિયો રસ ન બંધાય અને જે કેવળ જ્ઞાનાવરણીય ૧, અને કેવલદર્શનાવરણીય ૨, એ બે ત્યાં અશુભ બંધાય છે, પણ તે તો સર્વઘાતી છે માટે ત્યાં બેઠાણીઓ જ રસ બંધાય પણ એકઠાણિઓ ન બંધાય. અને શુભ પ્રકૃતિને તો એકઠાણિયો રસ જ ન હોય જે માટે સંક્લેશ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનક અને વિશુદ્ધિસ્થાનક એ બે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ તુલ્ય જ છે, તો પણ વિશુદ્ધિસ્થાનક કાંઇક અધિકાં છે. કેમકે ઉપશામક જેટલે વિશુદ્ધિસ્થાનકે ચઢે છે તે પડતો પણ તેટલે સંકલેશસ્થાનકે પાછો ઉતરે છે, એટલે તે તુલ્ય છે. અને ક્ષપક જે વિશુદ્ધાધ્યવસાયસ્થાનકે ચઢે છે તેથી પાછો ઉતરતો નથી તે માટે એટલાં વિશુદ્ધિસ્થાનક અધિકાં છે, તે માટે અતિ વિશુદ્ધિએ વર્તતો શુભ પ્રકૃતિનો ચઉઠાણિઓ રસ બાંધે અને અતિ સંકલેશે વર્તતાને તો શુભ પ્રકૃતિ બંધેજ ન આવે અને જે વૈક્રિયાદિક શુભ પ્રકૃતિ નરક યોગ્ય બાંધે તે સર્વ સંકિલષ્ટ પણે [જઘન્યથી] પણ બેઠાણિયે રસેજ બાંધે; શુભનો સ્વભાવ જ એવો છે અને જે મધ્યમ અધ્યવસાય સ્થાનકે શુભ બંધાય તે પણ બેઠાણિયા લગે જ બંધાય તેથી શુભ પ્રકૃતિનો એક-ઠાણિયા રસનો બંધ જ ન હોય. ॥ ૬૪ ॥

---

१ २ १ २ ३ ४

**निंबुच्छुरसो सहजो, दुतिचउभागकढिइक्कभागंतो ।**

**इगठाणाई असुहो, असुहाण सुहो सुहाणं तु ॥६५॥**

निंबुच्छुरसो=લીંબડાનો રસ અને શેરડીનો રસ.
सहजो=સ્વાભાવિક-એકઠાણિયો રસ.
दुतिचउभागकढि= બે, ત્રણ અને ચાર ભાગે ઉકાળેલનો
इक्कभागंतो=એક ભાગ બાકી રહે તે
इगठाणाई=એક ઠાણિયો વગેરે.
असुहो=અશુભ રસ
असुहाण=અશુભ પ્રકૃતિનો.
सुहो=શુભ રસ.
सुहाणं=શુભ પ્રકૃતિનો
तु=તો.

અર્થઃ—લીંબડા અને શેરડીનો સ્વાભાવિક રસ તથા તે બે ત્રણ અને ચાર ભાગે ઉકાળેલો એક ભાગ રહે તે અશુભ પ્રકૃતિનો એક ઠાણિયો વગેરે અશુભ રસ અને શુભ પ્રકૃતિનો શુભ રસ જાણવો. ॥ ૬૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विवेचन**–હવે અશુભ પ્રકૃતિ અને શુભપ્રકૃતિનો એક ઠાણી-યાદિક રસ ઉપર દ્રષ્ટાંત કહે છે, જેમ–નિંબ [લીંબડા]નો રસ અશુભ તથા ઈક્ષુ [શેલડી] નો રસ શુભ તે સહજનો હોય તે **एकठाणियो** કહીએ. તે બે ભાગે કરી–ઉકાળીને એક ભાગનો રાખીએ તે **बेठाणियो** રસ, ત્રણ ભાગ કરી–ઉકાળીને એક ભાગ રાખીએ તે **त्रिठाणियो** રસ, અને ચાર ભાગે કરી એક ભાગનો રાખીએ તે **चउठाणियो** રસ કહીએ, એમ એકઠાણિયાદિક અશુભ પ્રકૃતિનો અશુભ રસ હોય અને શુભ પ્રકૃતિનો શુભ રસ હોય: ૧૭ અશુભ પ્રકૃતિના એકઠાણિયા રસનાં સ્પર્દ્ધક અસંખ્યાતાં હોય, તે સ્પર્દ્ધક ઉત્તરોત્તર અનંતગુણ[1] રસવંત હોય એમ બે ત્રણ, ચાર, ઠાણિઆ રસના સ્પર્દ્ધક પણ જાણવા, તથા એક ઠાણિયા રસ થકી અનંતગુણ વીર્યવંત બે ઠાણિયો રસ હોય. એમ બે ઠાણિયાથી ત્રિઠાણિયો, ત્રિઠાણિયાથી ચઉઠાણિયો રસ પણ અનંતગુણ વીર્યવંત જાણવો. ॥૬૫॥

---

ઉત્કૃષ્ટ રસબંધના સ્વામી.

**तिव्वमिगथावरायव, सुरमिच्छाविगलसुहुमनिरयतिगं।**
**तिरिमणुआउ तिरिनरा, तिरिदुगछेवट्ठ सुरनिरया॥६६॥**

**तिव्वं**=ઉત્કૃષ્ટ અનુભાગ
**इगथावरायव**=એકેંદ્રિય જાતિ, સ્થાવર નામ અને આતપ નામનો.
**सुरमिच्छा**=મિથ્યાદ્રષ્ટિ દેવતા.
**विगल सुहुम निरयतिगं**=વિકલેંદ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક અને નરકત્રિકનો
**तिरिमणुआउ**=તિર્યંચાયુ અને મનુષ્યાયુનો.
**तिरिनरा**=મિથ્યાત્વી તિર્યંચ અને મનુષ્યો.
**तिरिदुग छेवट्ठ**=તિર્યંચદ્વિક અને છેવટ્ઠા સંઘયણનો.
**सुरनिरया**=દેવતા અથવા નારકી.

---

૧ એકઠાણીયા સ્પર્ધકો કરતાં બેઠાણીયા સ્પર્ધકો અનંતગુણ રસવંત છે એમ અહિં સમજવું પણ ઉત્તરોત્તર સ્પર્ધક અનંતગુણ રસવાળા છે એમ ન સમજવું, કારણ કે કોઈપણ એક સ્પર્ધક પછીનું સ્પર્ધક અનંત રસાણુએ અધિક હોય પણ અનંતગુણ રસાણુવાળું ન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ:-એકેંદ્રિય જાતિ, સ્થાવર નામ અને આતપ નામ-કર્મનો ઉત્કૃષ્ટ રસબંધ મિથ્યાદ્રષ્ટિ દેવતા કરે, વિકલેંદ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, નરકત્રિક, તિર્યંચાયુ અને મનુષ્યાયુ [એ અગ્યાર પ્રકૃતિ] નો ઉત્કૃષ્ટ રસબંધ મિથ્યાત્વી તિર્યંચ અને મનુષ્યો કરે. તિર્યંચદ્વિક અને છેવટ્ઠા સંઘયણનો ઉત્કૃષ્ટ રસબંધ દેવતા અથવા નારકી કરે. ॥૬૬॥

વિવેચન:-એકેંદ્રિય જાતિ ૧, સ્થાવર નામ ૨; આતપ નામ ૩, એ ત્રણ પ્રકૃતિ ઇશાન લગેના મિથ્યાત્વી દેવતા તીવ્રરસે બાંધે. ઉપરના દેવો તો એ ૩ બાંધે જ નહીં અને ઇશાન લગેના દેવતા પણ અતિ સંક્લિષ્ટ થકા એકેંદ્રિય સ્થાવરપણું તીવ્રરસે બાંધે અને આતપ તો તદ્યોગ્ય વિશુદ્ધ થકા બાંધે. નારકી તો એકેંદ્રિયપણું બાંધેજ નહીં. એકેંદ્રિય વિકલેંદ્રિય તો દેવતા જેવા સંક્લિષ્ટ ન હોય તે માટે તીવ્રરસે ન બાંધે, મનુષ્ય તિર્યંચ તો જેટલે સંક્લેશે વર્તતા દેવતા એકેંદ્રિય સ્થાવરપણું તીવ્રરસે બાંધી શકે તેટલે સંક્લેશે વર્તતા હોય તો નરકગતિ યોગ્ય બાંધે, અને દેવતા તો ઉત્કૃષ્ટ સંક્લેશે પણ ભવસ્વભાવે એકેંદ્રિય યોગ્યજ બાંધે તે માટે તે કહ્યા. વિકલત્રિક ૩, સૂક્ષ્મત્રિક ૬, નરકત્રિક ૯, તિર્યંચાયુ: ૧૦, મનુષ્યાયુ: ૧૧; એ અગ્યાર પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસ મિથ્યાત્વી તિર્યંચ તથા મનુષ્ય બાંધે, દેવતા–નારકી તો ભવ પ્રત્યયેજ એમાંની નવ પ્રકૃતિ ન બાંધે અને ઉત્કૃષ્ટ રસનું તિર્યંચ–મનુષ્યાયુ: જે યુગલિયાનું તે પણ દેવતા નારકી ન બાંધે, મનુષ્ય તિર્યંચ પણ તદ્યોગ્ય સંક્લિષ્ટ થકા નવ પ્રકૃતિ ઉત્કૃષ્ટ રસે બાંધે, અને તદ્યોગ્ય વિશુદ્ધ થકા ઉત્કૃષ્ટ રસે યુગલિક તિર્યંચ કે મનુષ્યનું આઉખું બાંધે.[1] તિર્યંચદ્વિક ૨, છેવટ્ઠું સંઘયણ ૩, એ ત્રણ પ્રકૃતિ સનત્કુમારથી સહસ્રાર લગેના દેવતા અને નારકી અતિસંક્લિષ્ટ થકા ઉત્કૃષ્ટ રસે બાંધે, ઇશાન લગેના તો અતિ સંક્લિષ્ટ એકેંદ્રિય યોગ્ય

૧ તિર્યગ્દ્વિકનો ભવનપતિથી માંડી સહસ્રાર સુધીના અને છેવટ્ઠા સંઘયણનો સનત્કુમારથી માંડી સહસ્રાર સુધીના દેવો ઉત્કૃષ્ટ રસબંધ કરે છે, જુઓ ટીકા ગા૦ ૬૬ મીની, અને એજ યુક્ત સંભવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાંધે અને તિર્યંચ મનુષ્ય તો એવે સંક્લેશે વર્ત્તતા નરક યોગ્ય જ બાંધે તે માટે તે ગણ્યા નહીં. ॥ ૬૬ ॥

---

२ २ २ १ ४ ४ १ १
**विउव्विसुराहारगदुगं, सुखगइवन्नचउतेअजिणसायं ।**
१ १ १० १ १ १ ३२
**समचउपरघातसदस, पणिंदिसासुच्च खवगा उ॥६७॥**

**विउव्विसुराहारगदुगं**=વૈક્રિયદ્વિક, સુરદ્વિક, અને આહારકદ્વિકને,
**सुखगइवन्नचउतेय**=શુભ વિહાયોગતિ, વર્ણચતુષ્ક, તૈજસચતુષ્ક,
**जिण सायं**=જિનનામ કર્મ અને સાતાવેદનીયને;
**समचपरघातसदस**=સમચતુરસ્ર સંસ્થાન, પરાઘાત નામ, ત્રસ દશક,
**पणिंदिसासुच्च**=પંચેંદ્રિય જાતિ. ઉચ્છ્વાસ નામકર્મ અને ઉચ્ચૈર્ગોત્રને.
**खवगा उ**=ક્ષપક [સૂક્ષ્મસંપરાય અને અપૂર્વકરણ ગુણસ્થાનવાળા.]

**अर्थः**—વૈક્રિયદ્વિક, સુરદ્વિક, આહારકદ્વિક, શુભવિહાયોગતિ, વર્ણચતુષ્ક, તૈજસ ચતુષ્ક, જિનનામ, સાતાવેદનીય, સમચતુરસ્ર સંસ્થાન, પરાઘાત નામ, ત્રસદશક, પંચેંદ્રિય જાતિ, ઉચ્છ્વાસનામકર્મ અને ઉચ્ચ ગોત્ર [એ ૩૨ પ્રકૃતિ] નો ઉત્કૃષ્ટ રસબંધ [યથાસંભવ] સૂક્ષ્મસંપરાય અને અપૂર્વકરણ ગુણસ્થાનવાળા ક્ષપક કરે. ॥ ૬૭ ॥

**विवेचनः**—વૈક્રિયદ્વિક ૨, દેવદ્વિક ૪, આહારકદ્વિક ૬, શુભવિહાયોગતિ ૭, વર્ણ ચતુષ્ક ૧૧, તૈજસ–કાર્મણ–અગુરુલઘુ અને નિર્માણ એ તૈજસ ચતુષ્ક ૧૫, જિનનામ ૧૬, સાતા વેદનીય ૧૭, સમચતુરસ્ર સંસ્થાન ૧૮, પરાઘાત નામ ૧૯, ત્રશદશક ૨૯, પંચેંદ્રિય જાતિ ૩૦, ઉશ્વાસનામ ૩૧ અને ઉચ્ચૈ-ર્ગોત્ર ૩૨, એ ૩૨ પ્રકૃતિ ક્ષપક શ્રેણિવાળા ઉત્કૃષ્ટ રસે બાંધે. ત્યાં યશ ૧, ઉચ્ચગોત્ર ૨, અને સાતા ૩, એ ત્રણ સૂક્ષ્મસંપરાય ચરિમસમયવર્તી ઉત્કૃષ્ટ રસે બાંધે, તે સર્વથી અનંતગુણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશુદ્ધ હોય તે માટે. શેષ ૨૯ પ્રકૃતિ અપૂર્વકરણે દેવયોગ્ય બંધને ઉચ્છેદ સમયે વર્તતા તીવ્ર રસે બાંધે, અતિ વિશુદ્ધ છે માટે. ॥૬૭॥

---

तमतमगा[1] उज्जोअं, सम्मसुरा[2] मणुअउरलदुगवइरं[2] ।[1]
अपमत्तो[1] अमराउं, चउगइ मिच्छा उ सेसाणं[68] ॥६८॥

| | |
|---|---|
| तमतमगा=તમસ્તમપ્રભા નરકના જીવો. | अपमत्तो=અપ્રમત્ત યતિ. |
| उज्जोअं=ઉદ્યોત નામકર્મને | अमराउं=દેવાયુને. |
| सम्मसुरा=સમ્યગ્દષ્ટિ દેવતા | चउगइ मिच्छा=ચારે ગતિના મિથ્યાદષ્ટિ જીવો. |
| मणुअउरलदुगवइरं=મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણને. | उ=ઉત્કટ કષાયવાળા |
| | सेसाणं=બાકીની [૬૮] પ્રકૃતિને |

**અર્થ:**—તમસ્તમપ્રભા નરકના જીવો ઉદ્યોત નામકર્મને ઉત્કૃષ્ટ રસે બાંધે. સમ્યગદૃષ્ટિ દેવતા મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણને ઉત્કૃષ્ટ રસે બાંધે. અપ્રમત્ત યતિ દેવાયુને અને ઉત્કૃષ્ટ કષાયવાળા મિથ્યાદષ્ટિ જીવો બાકીની [૬૮ પ્રકૃતિ] નો ઉત્કૃષ્ટ રસબંધ કરે. ॥ ૬૮ ॥

**વિવેચન:**—તમસ્તમપ્રભા પૃથ્વીના નારકજીવો ઉદ્યોતનામ ઉત્કૃષ્ટરસે બાંધે, સમ્યકત્વ પામતાં મિથ્યાત્વની ચરિમ સ્થિતિ વેદવાને સમયે તદ્યોગ્ય વિશુદ્ધિપણું છે માટે. મનુષ્યદ્વિક ૨, ઔદારિકદ્વિક ૨, વજ્રઋષભનારાચ સંઘયણ ૧; એ પાંચ પ્રકૃતિ વિશુદ્ધ સમ્યકત્વી દેવતા ઉત્કૃષ્ટ રસે [1]બાંધે. નારકીને તો તેવી ઉત્કૃષ્ટી વિશુદ્ધિ ન હોય અને મનુષ્ય તિર્યંચ તો તેવી વિશુદ્ધિવંત દેવ યોગ્ય બાંધે તે માટે તે નહીં. દેવતાનું આઉખું ઉત્કૃષ્ટ રસનું અપ્રમત્ત યતિ બાંધે, તેવા વિશુદ્ધિવંત તેજ છે માટે, એ પ્રમાણે ૪૨ પુણ્યપ્રકૃતિ અને ૧૪ પાપપ્રકૃતિ કહી,

---

૧ એક અથવા બે સમય સુધી બાંધે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]શેષ ૬૮ પાપપ્રકૃતિ રહી તે ચારે ગતિના મિથ્યાદષ્ટિ તીવ્ર કષાયવંત થકા ઉત્કૃષ્ટ રસે બાંધે.[2]॥ ૬૮ ॥

## જઘન્ય રસબંધના સ્વામી.

३ ४ १

**थीणतिगं अणमिच्छं मंदरसं संजमुम्मुहो मिच्छो।**

४ ४ १ १

**बिअ तिअकसाय अविरय, देस पमत्तो अरइसोए॥६९॥**

**थिणतिगं**=થીણદ્ધિત્રિકને.
**अणमिच्छं**=અનંતાનુબંધિકષાય અને મિથ્યાત્વ મોહનીયને.
**मंदरसं**=જઘન્ય અનુભાગે બાંધે
**संजमुम्मुहो**=સમ્યક્ત્વ ચારિત્રને પ્રાપ્ત કરતો.
**मिच्छो**=મિથ્યાત્વી.
**बियतिय कसाय**=બીજા ત્રીજા કષાયને.
**अविरयदेस**=અવિરત સમ્યગ્ દૃષ્ટિ અને દેશવિરતિ.
**पमत्तो**=પ્રમત્ત યતિ.
**अरइसोए**=અરતિ અને શોક મોહનીયને વિષે

---

૧ શેષ ૬૮ પ્રકૃતિઓ નીચે પ્રમાણે–

૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ, ૧ અશાતાવેદનીય, ૨૬ મોહનીય, ૪ મધ્યસંઘયણ ચતુષ્ક, ૫ પ્રથમ સિવાય પાંચ સંસ્થાન, ૪ અશુભવર્ણ ચતુષ્ક, ૧ અશુભખગતિ, ૧ ઉપઘાત, ૬ અસ્થીરષટ્ક, ૧ નીચગોત્ર અને પાંચ અંતરાય.

૨ અહિં સામાન્યથી ૬૮ પાપપ્રકૃતિના તીવ્રરસબંધક ચારે ગતિના તીવ્ર કષાયવંત મિથ્યાદષ્ટિ કહ્યા છે પણ એમાં આટલું વિશેષ છે–હાસ્ય રતિ, સ્ત્રીવેદ, પુંવેદ, પહેલા અને છેલ્લાને છોડી બાકીનાં સંઘયણો તથા સંસ્થાનો સિવાયની બાકીના ૫૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ તીવ્રકષાયી ચારે ગતિના મિથ્યાદષ્ટિ કરે અને બાર પ્રકૃતિઓનો તો તે પ્રકૃતિબંધને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—થીણદ્ધિત્રિક, અનંતાનુબંધિ કષાય અને મિથ્યાત્વ મોહનીયને સમ્યક્ત્વ [સહિત] ચારિત્ર પ્રાપ્ત કરતો મિથ્યાદૃષ્ટિ જઘન્ય રસે બાંધે. દેશવિરતિ ચારિત્રની સન્મુખ થયેલો અવિરત સમ્યગ્દૃષ્ટિ બીજા કષાયોને અને સર્વવિરતિ ચારિત્રની સન્મુખ વર્તતો દેશવિરતિ ત્રીજા કષાયને જઘન્યરસે બાંધે, પ્રમત્ત યતિ, અરતિ અને શોક મોહનીયને જઘન્ય રસે બાંધે. ॥ ૬૯ ॥

**વિવેચન:**—થીણદ્ધિત્રિક ૩, અનંતાનુબંધી ૪ અને મિથ્યાત્વ ૧, એ આઠ પ્રકૃતિ સમ્યક્ત્વ [સહિત] ચારિત્ર પામવાને સન્મુખ એવો મિથ્યાત્વી જીવ મંદ રસે બાંધે, તદ્યોગ્ય વિશુદ્ધિવંત તે જ હોય તે માટે. બીજા અપ્રત્યાખ્યાનીય ૪ કષાયને અવિરત સમ્યગ્દૃષ્ટિ પોતાના ગુણઠાણાને અંત્ય સમયે દેશવિરતિ પામવાને સન્મુખ થકો મંદરસે બાંધે, તથા ત્રીજા પ્રત્યાખ્યાનીય ચાર કષાયનો મંદરસ તે દેશવિરતિ પોતાના ગુણઠાણાને અંત્ય સમયે વર્તતો સર્વવિરતિ પામવાને સન્મુખ થકો બાંધે; તથા અરતિ, શોક, એ બે પ્રકૃતિનો મંદરસ પ્રમત્ત સાધુ અપ્રમત્તપણાની સન્મુખ થકો બાંધે. ॥૬૯॥

**अपमाइ हारगदुगं[२], दुनिद्द[२]असुवन्न[४]हास[१]रइ[१]कुच्छा[१] ।**
**भय[१]मुवघाय[१]मपुव्वो, अनिअट्टी[१] पुरिससंजलणे[४] ॥७०॥**

अपमाइ=અપ્રમત્ત યતિ.
आहारगदुगं=આહારકદ્વિકને.
दुनिद्द असुवन्न=બે નિદ્રા, અપ્રશસ્તવર્ણચતુષ્ક.
अपुव्वो–અપૂર્વકરણ ગુણઠાણાવાળો ક્ષપક.
अनियट्टी=અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનવર્તી
हास रइ कुच्छा=હાસ્ય, રતિ અને જુગુપ્સા.
भयं=ભયને
उवघायं=ઉપઘાત નામકર્મને ક્ષપક
पुरिस संजलणे=પુરૂષવેદ અને સંજ્વલન કષાયને.

---

યોગ્ય સંકલેશે વર્તતા ઉત્કૃષ્ટ રસબંધ કરે. દૃષ્ટાંત તરીકે નપુંસક વેદના તીવ્ર રસબંધમાં તીવ્ર સંકલેશ જોઇએ, તેના કરતાં સ્ત્રીવેદના ઉત્કૃષ્ટ રસબંધમાં ઓછો અને તે કરતાં પણ પુરૂષવેદના ઉત્કૃષ્ટ રસબંધમાં ઓછો સંકલેશ જોઈએ. એમ સર્વત્ર સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ:—અપ્રમત્તયતિ આહારકદ્વિકને મંદ રસે બાંધે; બે નિદ્રા, અપ્રશસ્ત વર્ણચતુષ્ક, હાસ્ય, રતિ, જુગુપ્સા, ભય અને ઉપઘાત નામકર્મ [એ ૧૧ પ્રકૃતિ] ને અપૂર્વકરણ ગુણઠાણાવાળો ક્ષપક જઘન્ય રસે બાંધે, અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનવર્તિ ક્ષપક પુરૂષવેદ અને સંજ્વલન કષાયોને જઘન્ય રસે બાંધે. ॥ ૭૦ ॥

વિવેચન:—અપ્રમત્તાદિ મુનિ પ્રમત્તપણું પડિવજતો [પ્રાપ્ત કરતો થકો] તદ્યોગ્ય સંક્લિષ્ટ આહારકદ્વિક મંદ રસે બાંધે. બે નિદ્રા ૨, અપ્રશસ્ત વર્ણચતુષ્ક ૬, હાસ્ય ૭, રતિ ૮, કુચ્છા ૯, ભય ૧૦, અને ઉપઘાત ૧૧, એ અગ્યાર પ્રકૃતિ ક્ષપકશ્રેણિએ અપૂર્વકરણ ગુણઠાણી પોતપોતાના બંધોચ્છેદને સમયે જઘન્ય રસે બાંધે; એ પ્રકૃતિ અશુભ છે તેનો અતિવિશુદ્ધ જ મંદ રસ કરે, પુરૂષવેદ ૧, સંજ્વલનના ૪ કષાય એવં ૫ પ્રકૃતિનો મંદ રસ તે ક્ષપક અનિવૃત્તિબાદર ગુણઠાણી, પોતપોતાને બંધોચ્છેદ સમયે બાંધે. ॥૭૦॥

**विग्घावरणे सुहुमो, मणुतिरिआ सुहुमविगलतिगआउं**

**वेउव्विछक्कममरा, निरया उज्जोअउरलदुगं ॥ ७१ ॥**

(૫ ૯ ૩ ૩ ૪ ૬ ૧ ૨)

विग्घावरणे=પાંચ અંતરાય અને નવ આવરણને.
सुहुमो=સૂક્ષ્મસંપરાય વાળો.
मणुतिरिया=મનુષ્ય અને તિર્યંચો
सुहुमविगलतिगआउं=સૂક્ષ્મત્રિક, વિકલત્રિક અને ચાર આયુષ્યને.
विउव्विछक्कं=વૈક્રિય ષટ્કને.
अमरा निरया=દેવતા તથા નારકી.
उज्जोयउरलदुगं=ઉદ્યોતનામ અને ઔદારિકદ્વિકને

અર્થ:—પાંચ અંતરાય અને નવ [જ્ઞાન–દર્શનનાં] આવરણોને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનવાળો જઘન્ય રસે બાંધે, મનુષ્ય અને તિર્યંચો સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, ચાર આયુષ્ય અને વૈક્રિયષટ્ક [૧૬ પ્રકૃતિ] ને જઘન્ય રસે બાંધે. દેવતા તથા નારકી ઉદ્યોતનામ અને ઔદારિકદ્વિકને જઘન્ય રસે બાંધે. ॥૭૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચનઃ**—પાંચ અંતરાય ૫, પાંચ જ્ઞાનાવરણ ૧૦, ચાર દર્શનાવરણ ૧૪. એ ચઉદ પ્રકૃતિનો મંદ રસ સુક્ષ્મ સંપરાયને ચરિમ સમયે વર્તતો બાંધે. સૂક્ષ્મત્રિક ૩; વિકલત્રિક ૬; ચાર આયુ ૧૦, અને દેવદ્વિક નરકદ્વિક વૈક્રિયદ્વિક એ વૈક્રિયષટ્ક ૧૬, એ સોળ પ્રકૃતિનો જઘન્ય રસ મનુષ્ય તિર્યંચ બાંધે. દેવ નારકી એ માંહેલી ૧૪ તો ભવપ્રત્યયેજ ન બાંધે, નરાયુ તિર્યંચાયુ જઘન્ય સ્થિતિબંધે જઘન્ય રસનું હોય તે તો દેવ અને નારકી જઘન્ય સ્થિતિવાળા માંહે ન ઉપજે માટે નજ બાંધે. ઉદ્યોતનામ ૧; ઔદારિકદ્વિક ૩, એ ત્રણ પ્રકૃતિ દેવતા નારકી ઉત્કૃષ્ટ સંક્લેશવર્તી મંદ રસે બાંધે, તે દેવતા [1]સનત્કુમારાદિથી સહસ્રારાંત જાણવા, તિર્યંચ મનુષ્ય તો એવા સંક્લેશવર્તી નરક યોગ્ય જ બાંધે. ॥ ૭૧ ॥

---

## तिरिदुगनिअंतमतमा, जिणमविरयनिरयविणिगथावरयं
## आसुहमायव सम्मो, व सायथिरसुभजसा सिअरा॥७२॥

**तिरिदुगनिअं**=તિર્યંચદ્વિક અને નીચ ગોત્રને
**तमतमा**=તમસ્તમપ્રભા નારકના જીવો
**जिणं**=જિન નામકર્મને.
**अविरय**=અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય.
**निरयविण**=નારકી વિના બાકીના ત્રણ ગતિવાળા જીવો.
**इगथावरयं**=એકેંદ્રિય જાતિ અને સ્થાવર નામકર્મને.
**आसुहमा**=સૌધર્મ અને ઈશાન દેવલોક સુધીના દેવતાઓ.
**आयव**=આતપ નામકર્મને.
**सम्मो व**=સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ.
**सायथिरसुभजसा**=સાતાવેદનીય, સ્થિરનામ, શુભ નામ અને યશ નામને,
**सिअरा**=તેની પ્રતિપક્ષી સહિત

---

[1] માત્ર ઔદારિક અંગોપાંગ નામકર્મનેજ સનત્કુમારાદિ દેવો ઉત્કૃષ્ટ સંક્લેશે વર્તતા જઘન્ય રસથી બાંધે છે. બીજી બે પ્રકૃતિને તો સામાન્યતઃ દેવો અને નારકો જઘન્ય રસથી બાંધે એ વિશેષ જાણવું. જુઓ કર્મગ્રંથ ટીકા ગા. ૭૧.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—તિર્યંચદ્વિક અને નીચગોત્રને તમસ્તમપ્રભા નારકીના જીવો જઘન્ય રસે બાંધે. અવિરત સમ્યગ્દષ્ટિ મનુષ્ય જિનનામને જઘન્ય રસે બાંધે. નારકી વિના બાકીના ત્રણ ગતિવાળા જીવો એકેંદ્રિય જાતિ અને સ્થાવર નામકર્મને જઘન્ય રસે બાંધે, સૌધર્મ અને ઇશાન દેવલોક સુધીના દેવતાઓ આતપ નામકર્મને જઘન્ય રસે બાંધે, સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ સાતા વેદનીય, સ્થિરનામ, શુભ નામ અને યશનામને તેની પ્રતિપક્ષી સહિત [આઠ પ્રકૃતિને] જઘન્ય રસે બાંધે. ॥૭૨॥

**વિવેચન:**—તિર્યંગ્દ્વિક ૨, નીચૈર્ગોત્ર ૧, એ ત્રણ પ્રકૃતિ તમસ્તમા પૃથ્વીના નારકી સમ્યક્ત્વાભિમુખ થતા મિથ્યાત્વના ચરિમ પુદ્ગલ વેદતા મંદરસે બાંધે. અવિરતિ સમ્યગ્દષ્ટિ મનુષ્ય પૂર્વે નરકાયુ બાંધીને પછી જિનનામ બાંધતો મરતાં મિથ્યાત્વ સન્મુખ વેળાએ સર્વ સંકિલષ્ટ થકો જિનનામ મંદ રસે બાંધે; નારકી વર્જી શેષ ત્રણ ગતિના જીવ પરાવર્તમાન મધ્યમ પરિણામવંત થકા એકેંદ્રિયજાતિ ૧, સ્થાવર નામ ૨, એ બે પ્રકૃતિ મંદ રસે બાંધે. સૌધર્મ ઈશાન લગેના સર્વસંકિલષ્ટ આતપ નામ મંદ રસે બાંધે, સમ્યક્ત્વી સમ્યક્ત્વથી પડતો સાતા ૧, સ્થિર ૨, શુભ ૩, યશ ૪, એ ચાર પ્રકૃતિ મંદરસે બાંધે અને વા શબ્દથી સમ્યક્ત્વ પામતો મિથ્યાત્વી ઇતર તે અસાતા ૧, અસ્થિર ૨, અશુભ ૩, અયશ ૪, એ ચાર પ્રકૃતિ મંદરસે બાંધે.[1]

---

૧ પ્રમત્તથી મિથ્યાત્વ ગુણસ્થાન સુધી પરાવર્તમાન મધ્યમ પરિણામે અંતઃકોડાકોડીથી પંદર કોડાકોડી સાગરોપમ સુધીના સ્થિતિબંધના અધ્યવસાયે વર્તતા સાતા અસાતા અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત પરાવર્તે મંદરસે બાંધે તે પછી ત્રીસ કોડાકોડી સાગરોપમ સુધીના સ્થિતિબંધના અધ્યવસાયે માત્ર અસાતાજ બાંધે પણ ત્યાં મંદ રસ ન હોય. સાતાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૫ કોડાકોડી સાગરોપમની અને અસાતાની ૩૦ કોડાકોડી સાગરોપમની છે. પ્રમત્તથી આગળ વધતા દશમા ગુણસ્થાન સુધી કેવળ સાતાજ બાંધે, તે બાર મુહૂર્તના જઘન્ય સ્થિતિબંધના અધ્યવસાય સુધી બાંધે. ત્યાં પણ મંદરસ ન હોય. તેજ પ્રમાણે પ્રમત્તથી મિથ્યાત્વ સુધી દશ કોડાકોડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४ ४ ४ २ २ १ १ १ १

**तसवन्नतेअचउमणु–खगइदुगपणिंदिसासपरघुच्चं ।**

६ ६ १ ३ ३

**संघयणागिइनपुथी,सुभगिअरतिमिच्छचउगइआ ।७३।**

**तसवन्नतेयचउ**=ત્રસ ચતુષ્ક, વર્ણચતુષ્ક અને તૈજસ ચતુષ્ક,
**मणुखगइ दुग**=મનુષ્યદ્વિક, ખગતિદ્વિક,
**पणिंदि सास परघुच्चं**=પંચેંદ્રિય જાતિ, ઉચ્છ્વાસનામ, પરાઘાત નામ અને ઉચ્ચગોત્રને
**संघयणागिइ**=૭ સંઘયણ, ૭ સંસ્થાન,
**नपुथी**=નપુંસક વેદ, સ્રીવેદ,
**सुभगिअरति**=સુભગત્રિક, દુર્ભગત્રિકને
**मिच्छ**=મિથ્યાદષ્ટિ
**चउगइआ**=ચારે ગતિવાળા.

**અર્થ:**—ત્રસ ચતુષ્ક, વર્ણ ચતુષ્ક, તૈજસ ચતુષ્ક, મનુષ્યદ્વિક, ખગતિદ્વિક, પંચેંદ્રિય જાતિ, ઉચ્છ્વાસ નામ, પરાઘાત નામ, ઉચ્ચગોત્ર, ૭ સંઘયણ, ૭ સંસ્થાન, નપુંસક વેદ, સ્રીવેદ, સુભગત્રિક દુર્ભગત્રિક [૪૦ પ્રકૃતિ] ને ચારે ગતિવાળા મિથ્યાદષ્ટિ જીવો જઘન્ય રસે બાંધે. ॥ ૭૩ ॥

**વિવેચન:**—ત્રસ ૧, બાદર ૨, પર્યાપ્ત ૩, પ્રત્યેક ૪, એ ત્રસચતુષ્ક ૪, વર્ણચતુષ્ક ૮, તૈજસ ૧, કાર્મણ ૨, અગુરુલઘુ

---

સુધીના સ્થિતિબંધના અધ્યવસાય સુધી પરાવર્તમાન મધ્યમ પરિણામે સ્થિર અસ્થિર, શુભ અશુભ અને યશ અયશ અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત પરાવર્તે મંદ રસે બાંધે. તે પછી વીશ કોડાકોડી સુધી સ્થિતિબંધના અધ્યવસાયે કેવળ અસ્થિર, અશુભ અને અયશજ બાંધે પણ તે મંદ રસે ન બાંધે, આ ૭ પ્રકૃતિમાં ત્રણ શુભ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ કોડાકોડીની અને ત્રણ અશુભ પ્રકૃતિની વીશ કોડાકોડી સાગરોપમની છે. પ્રમત્તથી આગળ એ ૭ માંહેલી ત્રણ શુભ પ્રકૃતિજ બંધાય, એ બાબત સાતાના બંધની પેઠે પૂર્વોક્ત રીતે વિચારી લેવી. [ આનો અર્થ એ થાય છે કે કેટલીક સપ્રતિપક્ષ પ્રકૃતિઓનો પરાવર્તમાન મધ્યમ પરિણામે જ મંદ રસ બંધાય છે, પણ અવસ્થિત પરિણામે નહિ ]—જુઓ આ ગાથાની ટીકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩, નિર્માણ ૪, એ તૈજસ ચતુષ્ક ૧૨, મનુષ્યદ્વિક ૧૪, વિહાયોગતિદ્વિક ૧૬; પંચેંદ્રિયજાતિ ૧૭, ઉચ્છ્વાસ ૧૮, પરાઘાત ૧૯, ઉચ્ચૈર્ગોત્ર ૨૦, ૭ સંઘયણ ૨૬, ૭ સંસ્થાન ૩૨, નપુંસકવેદ ૩૩, સ્ત્રીવેદ ૩૪, સુભગ નામ–સુસ્વર નામ–આદેય નામ એ સુભગત્રિક ૩૭, ઇતર તે દુર્ભગ–દુઃસ્વર–અનાદેય એ દુર્ભગત્રિક ૪૦, એ ચાળીસ પ્રકૃતિનો મંદ રસ ચારે ગતિના મિથ્યાત્વી જીવ બાંધે. ત્યાં પણ પંચેંદ્રિય જાતિ ૧, તૈજસ ૨, કાર્મણ ૩, શુભવર્ણ ચતુષ્ક ૭, પરાઘાત ૮, અગુરુલઘુ ૯, ઉચ્છ્વાસ ૧૦, ત્રસચતુષ્ક ૧૪ અને નિર્માણ ૧૫, એ ઉત્કૃષ્ટ સંક્લેશી મંદ રસે બાંધે અને સ્ત્રીવેદ નપુંસકવેદનો મંદ રસ તદ્યોગ્ય વિશુદ્ધ હોય તે બાંધે. શેષ ૨૩ પ્રકૃતિનો મંદ રસ મિથ્યાદૃષ્ટિ પણ પરાવર્ત્તમાન મધ્યમ પરિણામી બાંધે.[1] ॥ ૭૩ ॥

---

**चउ तेअ[४] वन्न[४] वेअणिअ[१], नामणुक्कोस[१] सेसधुवबंधी[४३] ।**
**घाईणं[४] अजंहन्नो, गोए[१] दुविहो इमो चउहा ॥७४॥**

---

१ મનુષ્યદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોડાકોડી સાગરોપમની અને શુભ વિહાયોગતિ સુભગ, સુસ્વર, આદેય, ઉચ્ચૈર્ગોત્ર, પ્રથમ સંઘયણ તથા પ્રથમ સંસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ કોડાકોડી સાગરોપમની છે, આ શુભ પ્રકૃતિઓનો મંદ રસ પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિથી આરંભીને પ્રતિપક્ષી પ્રકૃતિઓની સાથે તેઓની જઘન્ય સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ સુધીના સ્થિતિબંધના અધ્યવસાય સુધી પરાવર્તમાન મધ્યમ પરિણામે બંધાય, તે અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત પરાવર્તે બંધાય. હુંડક સંસ્થાન અને સેવાર્ત સંઘયણની અનુક્રમે વામન સંસ્થાન તથા કીલિકા સંઘયણ સાથે પોતપોતાની જઘન્ય સ્થિતિ સુધી પરાવૃત્તિ લાભે. તેજ પ્રમાણે શેષ સંઘયણ સંસ્થાનની સંભવતાં શેષ સંઘયણ અને સંસ્થાન સાથે પોતપોતાની જઘન્ય સ્થિતિ સુધી પરાવૃત્તિ લાભે. એ સ્થિતિસ્થાનો વિષે મિથ્યાદૃષ્ટિ પરાવર્ત્તમાન મધ્યમ પરિણામે મંદ રસ બાંધે. અહીં ભાવના પોતાની મેળે વિચારી લેવી: જુઓ આ ગાથાની ટીકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चउतेअवन्न=તૈજસ ચતુષ્ક અને શુભ વર્ણચતુષ્કનો.
वेयणिअनाम=વેદનીય કર્મ અને નામકર્મનો,
अणुक्कोस=અનુત્કૃષ્ટ રસબંધ
सेसधुवबंधी=બાકીની [૪૩] ધ્રુવબંધિ પ્રકૃતિનો
घाईणं=ઘાતી પ્રકૃતિનો
अजहण्णो=અજઘન્ય રસબંધ
गोए=ગોત્ર કર્મનો
दुविहो=અનુત્કૃષ્ટ અને અજઘન્ય રસબંધ;
इमो=આ
चउहा=ચાર પ્રકારે સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવ

અર્થ:—તૈજસ ચતુષ્ક, શુભ વર્ણ ચતુષ્ક, વેદનીયકર્મ અને નામકર્મનો અનુત્કૃષ્ટ રસબંધ તથા બાકીની [૪૩] ધ્રુવબંધી પ્રકૃતિ અને [૪] ઘાતી પ્રકૃતિનો અજઘન્ય રસબંધ અને ગોત્ર કર્મના [અનુત્કૃષ્ટ અને અજઘન્ય] બંને રસબંધ, એ ચાર પ્રકારે [સાદિ ધ્રુવાદિ] છે. ॥ ૭૪ ॥

વિવેચન:—હવે અનુભાગબંધને સુગમ કરવા માટે મૂળ પ્રકૃતિને વિષે ભાંગા કહે છે.–તૈજસ ૧, કાર્મણ ૨, અગુરુલઘુ ૩, નિર્માણ ૪ અને પ્રશસ્ત વર્ણ ચતુષ્ક ૮, એનો અનુત્કૃષ્ટ રસ બંધ તે સાદિ ૧, અનાદિ ૨, ધ્રુવ ૩, અધ્રુવ ૪, એ ચારે ભેદે હોય. चउहा પદ આગળ કહેશે તે ઇંહાં લેવું. તથા વેદનીય ૧, નામકર્મ ૨, એ બે મૂલ પ્રકૃતિનો અનુત્કૃષ્ટ બંધ તે પણ ચારે ભેદે હોય. તથા તૈજસ ચતુષ્ક વર્જીને શેષ ૪૩ ધ્રુવબંધી પ્રકૃતિનો અજઘન્ય રસબંધ તે પણ ચાર ભેદે હોય. ઘાતી તે જ્ઞાનાવરણ ૧, દર્શનાવરણ ૨, મોહનીય ૩, અંતરાય ૪; એ ચાર મૂળ પ્રકૃતિનો અજઘન્ય રસબંધ તે ચાર ભેદે હોય. અને ગોત્રકર્મનો અનુત્કૃષ્ટ અને અજઘન્ય એ બે પ્રકારનો રસબંધ તે ચારે ભેદે હોય. ॥ ૭૪ ॥

---

## सेसंमि दुहा અનુભાગબંધે સમત્તો વર્ગણાનું સ્વરૂપ

**इग दुगणुगाइ जा अभवणंतगुणिआणू।**
**खंधा उरलोचिअवग्गणा उ तह अगहणंतरिआ ॥७५॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેસંમિ=બાકીના ત્રણ પ્રકારના રસબંધને વિષે.
દુહા=બે પ્રકારે–સાદિ, અધ્રુવ
ઇગ દુગણુગાઇ=એકાણુક, દ્વયણુકથી માંડીને
જા=યાવત્
અભવણંતગુણિયાણૂ=અભવ્યથી અનંતગુણ પરમાણુવાળા
ખંધા=સ્કંધો.
उरलोचियवग्गणा=ઔદારિકને લાયક વર્ગણા [થાય છે.]
तह=તથા
अगहणंतरिआ=અગ્રહણયોગ્ય વર્ગણાની વચ્ચે અગ્રહણ યોગ્ય વર્ગણા.

**અર્થ:**—બાકીની પ્રકૃતિ અને બાકીના ત્રણ પ્રકારના રસબંધોને વિષે બે પ્રકારે [સાદિ–અધ્રુવ] બંધ હોય. એકાણુક દ્વયણુકથી માંડીને યાવત્ અભવ્ય જીવો કરતાં અનંતગુણા પરમાણુવાળા સ્કંધોની ઔદારિકને ગ્રહણ યોગ્ય વર્ગણા થાય છે, તેમજ એકેક પરમાણુની વૃદ્ધિએ ગ્રહણ યોગ્ય વર્ગણાના અંતરે અગ્રહણ યોગ્ય વર્ગણા હોય. ॥ ૭૪ ॥

**વિવેચન:**—શેષ અનુક્ત સર્વ પ્રકારનો રસબંધ તે સાદિ ૧, અધ્રુવ ૨, એ બે ભેદે હોય. હવે એ સર્વ ભાંગા જાણવાનો ભાવાર્થ લખીએ છીએ, પ્રથમ તૈજસ ૧, કાર્મણ ૨; અગુરુલઘુ ૩, નિર્માણ અને પ્રશસ્ત વર્ણાદિક ચતુષ્ક ૮; એ આઠ પ્રકૃતિનો અનુત્કૃષ્ટ રસબંધ ચારે ભેદે હોય; તે આ પ્રમાણે–એ ૮ નો ઉત્કૃષ્ટ રસબંધ તો ક્ષપક અપૂર્વકરણવાળો દેવગતિ યોગ્ય ૩૦ પ્રકૃતિના બંધને ઉચ્છેદ સમયે કરે; શુભ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસબંધ તે અતિ વિશુદ્ધજ કરે; તદ્યોગ્ય અતિ વિશુદ્ધતા ત્યાં જ હોય તે માટે. તે ૮ પ્રકૃતિનો ઉપશમ શ્રેણીએ અનુત્કૃષ્ટ રસબંધ પામીયે ક્ષપક થકી ઉપશામક શુભ પ્રકૃતિનો રસબંધ ઓછો કરે તે માટે. તે ઉપશાંતમોહે સર્વથા અબંધક થઇને પડતો વળી અનુત્કૃષ્ટ રસ બાંધે ત્યારે તે સાદિ ૧. તે ઉપશાંતપણું પૂર્વે નથી પામ્યા તેને અનાદિ ૨, અભવ્યને ધ્રુવ ૩; ભવ્યને અધ્રુવ ૪. સેસંમિ દુહા એ પદ સઘળે જોડવું. તે માટે એ ૮ પ્રકૃતિના શેષ ઉત્કૃષ્ટ ૧, જઘન્ય ૨ અને અજઘન્ય ૩, એ ત્રણ રસબંધને વિષે સાદિ ૧,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્રુવ ૨, એ બે ભેદ હોય, તે આ પ્રમાણે—એ ૮ નો ઉત્કૃષ્ટ રસબંધ ક્ષપકને અપૂર્વકરણે હોય, તે પ્રથમ જ બાંધવા માંડ્યો તે માટે સાદિ ૧, તે એક [બે] સમય જ હોય આગળ ન જ હોય તે માટે અધ્રુવ ૨. તથા એ ૮ નો જઘન્ય રસ સર્વોત્કૃષ્ટ સંક્લેશવર્તી મિથ્યાત્વી પર્યાપ્તો સંજ્ઞી પંચેંદ્રિય બાંધે; શુભ પ્રકૃતિ માટે; તે એક સમય કે બે સમય લગે બાંધે તે વાર પછી વળી કાળાંતરે સર્વોત્કૃષ્ટ સંક્લેશ પામીને જઘન્ય બાંધે; એમ જઘન્ય અજઘન્યને વિષે ફરતા જીવને સાદિ અને અધ્રુવપણું હોય તથા વેદનીય અને નામકર્મનો અનુત્કૃષ્ટ રસબંધ ચારે ભેદે હોય; તે આ પ્રમાણે—તે બેને અંતર્ગત સાતા અને યશ એ બે પ્રકૃતિ આશ્રયીને ક્ષપક સૂક્ષ્મસંપરાયને અંત્ય સમયે ઉત્કૃષ્ટ રસબંધ પામીએ; ઉપશામક શુભપ્રકૃતિનો તેથી ઓછો રસ બાંધે તે તે માટે તેને અનુત્કૃષ્ટ રસબંધ હોય; તે ઉપશાંતમોહાવસ્થાએ સર્વથા અબંધક થઇને પડતો વળી બાંધે ત્યારે સાદિ ૧, પૂર્વે તે ઉપશાન્તપણું જેઓ પામ્યા નથી તેને અનાદિ ૨, ધ્રુવ અધ્રુવ પૂર્વવત્ ૪. અને શેષ ઉત્કૃષ્ટ, જઘન્ય અને અજઘન્ય રસબંધને વિષે સાદિ, અધ્રુવ એ બે ભાંગા હોય. તે આ પ્રમાણે—વેદનીય કર્મ અને નામકર્મનો ઉત્કૃષ્ટ રસ ક્ષપક સૂક્ષ્મસંપરાયે બાંધે, તે પ્રથમ બાંધવા માંડે ત્યારે સાદિ, આગળ નહીં બાંધે તે માટે અધ્રુવ; એનો જઘન્ય રસ તો સમ્યક્ત્વી અથવા મિથ્યાત્વી મધ્યમ પરિણામવંત બાંધે, સર્વવિશુદ્ધ તો શુભ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસ બાંધે અને સર્વસંક્લિષ્ટ તો અશુભ–અસાતા અયશનો ઉત્કૃષ્ટ રસ બાંધે તે માટે ઇહાં મધ્યમ પરિણામી કહ્યો. એ જઘન્ય તે અજઘન્યથી ઉતરીને બાંધે તે માટે સાદિ, તે જઘન્યથી ૧ સમય, ઉત્કૃષ્ટો ૪ સમય લગે બાંધે; પછી અજઘન્ય બાંધે તે માટે અધ્રુવ. અજઘન્યપણું જઘન્ય સાથે પરિવર્ત્તતાં હોય, માટે સાદિ અને અધ્રુવપણું હોય. તથા તૈજસચતુષ્ક વર્જીને શેષ ૪૩ ધ્રુવબંધીનો અજઘન્ય રસબંધ ચાર [૪] ભેદે હોય. તે આ પ્રમાણે-જ્ઞાનાવરણીય ૫ દર્શનાવરણીય ૪ અને અંતરાય ૫, એ ૧૪ પ્રકૃતિનો ક્ષપક સૂક્ષ્મસંપરાયને ચરમ સમયે અશુભ માટે જઘન્ય રસ બંધાય, તેથી અન્ય સર્વ અને ઉપશમશ્રેણિએ પણ અજઘન્ય બંધ હોય; તે ઉપશાંતમોહાવસ્થાએ સર્વથા અબંધક થઇને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડતો વળી બાંધે તે સાદિ ૧, ઉપશમશ્રેણિ જેઓ પામ્યા નથી તેને અનાદિ ૨, ધ્રુવ અધ્રુવ પૂર્વવત્ ૪. સંજ્વલન ૪ કષાય ક્ષપક અનિવૃત્તિબાદરે પોતપોતાના બંધોચ્છેદને સમયે જઘન્ય રસે બંધાય. તેથી અન્યને ઉપશમશ્રેણિએ અજઘન્ય બંધ હોય. તે ઉપશાન્તમોહે સર્વથા અબંધક થઇને પડતો અજઘન્ય રસ બાંધે ત્યારે સાદિ ૧, એ ઉપશાન્તપણું પૂર્વે અપ્રાપ્તને [જે નથી પામ્યા તેને] અનાદિ ૨. ધ્રુવ અધ્રુવ પૂર્વની જેમ ૪. બે નિદ્રા, અપ્રશસ્ત વર્ણચતુષ્ક, ભય, જુગુપ્સા અને ઉપઘાત એ ૯ પ્રકૃતિ ક્ષપક અપૂર્વકરણવાળો પોતપોતાને બંધોચ્છેદસમયે જઘન્ય રસે બાંધે. તેથી અન્ય તે અજઘન્ય. તે ઉપશમશ્રેણિએ બંધનો છેદ કરીને પડતો વળી અજઘન્ય બાંધે ત્યારે તે સાદિ ૧, તે અબંધકપણું પૂર્વે નથી પામ્યો તેને અનાદિ ૨, ધ્રુવ અધ્રુવ પૂર્વવત્ ૪, પ્રત્યાખ્યાનીય ૪ કષાયનો સંયમસન્મુખ દેશવિરતિ અતિ વિશુદ્ધ પોતાના ગુણઠાણાને અંત્ય સમયે વર્ત્તતો જઘન્ય રસ બાંધે. તે થકી અન્ય તે સર્વ અજઘન્ય. તે સંયમાદિક પામી અબંધક થઇને વળી પડતો અજઘન્ય બાંધે તે સાદિ ૧, તે સ્થાનક પૂર્વે નથી પામ્યો તેને અનાદિ ૨, ધ્રુવ અધ્રુવ પૂર્વવત્ ૪. અપ્રત્યાખ્યાનીય ૪ કષાયનો જઘન્ય રસબંધ અવિરતિ ગુણઠાણાને અંતે એમ જ [પૂર્વોક્ત રીતે] કહેવો, ભાંગા ૪ પણ એમ જ જાણવા. અનંતાનુબંધી ૪, થીણદ્ધિત્રિક અને મિથ્યાત્વ એ આઠ પ્રકૃતિનો જઘન્ય રસબંધ મિથ્યાત્વી સમ્યકત્વ સહિત સંયમને સન્મુખ થકો પોતાના ગુણઠાણાને ચરમ સમયે બાંધે. તેથી અન્ય તે અજઘન્ય. સમ્યકત્વ પ્રાપ્ત થયે તેનો અબંધક થઈ પડતો પાછો બાંધે ત્યારે સાદિ ૧, પૂર્વે અબંધકપણું નથી પામ્યો તેને અનાદિ ૨, અભવ્યને ધ્રુવ ૩, ભવ્યને અધ્રુવ ૪. હવે એ ૪૩ ધ્રુવબંધિના શેષ જઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એ ત્રણને વિષે બે ભાંગા હોય; તે આ પ્રમાણે—એ સર્વ પ્રકૃતિના જઘન્ય રસબંધનાં સ્થાન કહ્યાં, ત્યાં પ્રથમ જ બાંધવા માંડે તે સાદિ ૧, તેનો અબંધક થાય ત્યારે અધ્રુવ ૨, એ ૪૩ નો ઉત્કૃષ્ટ બંધ મિથ્યાત્વી ઉત્કૃષ્ટ સંક્લેશી સંજ્ઞી પર્યાપ્ત પંચેંદ્રિય બાંધે, તે ૧-૨ સમય બાંધે; ત્યારપછી અનુત્કૃષ્ટ બાંધે, કાળાન્તરે વળી ઉત્કૃષ્ટ રસ બાંધે; તે માટે સાદિ અધ્રુવ; એ બે ભાંગા હોય. તથા જ્ઞાનાવ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રણીય ૧, દર્શનાવરણીય ૨. મોહનીય ૩ અને અંતરાય ૪ એ ચાર મૂળ ઘાતિ પ્રકૃતિનો અજઘન્ય બંધ ચાર ભેદે હોય, તે આ પ્રમાણે–મોહનીયનો અનિવૃત્તિબાદર ક્ષપકને ચરમ સમયે જઘન્ય રસ બંધાય, શેષ ૩ કર્મનો ક્ષપક સૂક્ષ્મસંપરાયને ચરમ સમયે જઘન્ય રસ બંધાય. તેથી અન્યત્ર ઉપશમશ્રેણિએ પણ ઘાતીનો અનુભાગ અજઘન્ય જ બંધાય, ક્ષપક થકી ઉપશામક વિશુદ્ધિએ અનંતગુણ હીન હોય તે માટે. તે અજઘન્ય બંધનો ઉપશાંત-મોહે અબંધક થઇને પડતો વળી બંધક થાય ત્યારે સાદિ ૧; તે ઉપશાન્તપણું પૂર્વે નથી પામ્યા તેને અનાદિ ૨, ધ્રુવ, અધ્રુવ પૂર્વવત્ ૪. તે ૪ ઘાતીના શેષ જઘન્ય, અનુત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ એ ત્રણ રસબંધ બે ભેદે હોય; તે આ પ્રમાણે–મોહનીયનો ક્ષપક અનિવૃત્તિબાદરને અંત્ય સમયે અને શેષ ૩ કર્મનો ક્ષપકને સૂક્ષ્મસંપરાયને અંત્ય સમયે જઘન્ય રસબંધ હોય; તે પ્રથમ બાંધે તે માટે સાદિ ૧, આગળ અબંધક થાય તે માટે અધ્રુવ ૨. ઘાતી ચાર મૂળ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ રસ તો સર્વસંક્લિષ્ટ મિથ્યાત્વી પર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિય બાંધે, તે એક સમય અથવા બે સમય લગે બાંધે પછી અનુત્કૃષ્ટ બાંધે, તે વળી જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીએ ઉત્કૃષ્ટ રસ બાંધે, એમ ઉત્કૃષ્ટ–અનુત્કૃષ્ટની પરાવૃત્તિએ બેનો રસબંધ સાદિ અધ્રુવ હોય, ૨. ગોત્ર કર્મનો અજઘન્ય અને અનુત્કૃષ્ટ બંધ ચાર ભેદે હોય, તે આ પ્રમાણે–કોઇક સાતમી નરકનો નારકી સમ્યક્ત્વ પામવાને સન્મુખ યથાપ્રવૃત્ત્યાદિ ત્રણ કરણ કરીને મિથ્યાત્વની બે સ્થિતિ કરવે કરીને અંતરકરણ કરે, ત્યાં હેઠલી સ્થિતિ પ્રતિસમયે વેદતો થકો સમ્યક્ત્વ પ્રાપ્તિ અગાઉ મિથ્યાત્વને ચરમ સમયે નીચગોત્રનો જઘન્ય રસબંધ કરે, એ મિથ્યાત્વની સત્તા લગે ભવસ્વભાવે જ તિર્યગ્ યોગ્ય નીચગોત્ર બાંધે, તે થકી અધિક મિથ્યાત્વાવસ્થાએ નીચ ગોત્રનો અજઘન્ય રસ બાંધે અને સમ્યક્ત્વ પામ્યો થકો ઉચ્ચગોત્રનો અજઘન્ય રસ બાંધે. એ અજઘન્ય પ્રથમ બાંધવા માંડે તે માટે સાદિ, પૂર્વે સમ્યક્ત્વ નથી પામ્યા તેને અનાદિ, અભવ્યને ધ્રુવ, ભવ્યને પછીથી જઘન્ય થાય તે માટે અધ્રુવ ૪; જઘન્ય પણ આદિ અંત સહિત માટે સાદિ અધ્રુવ તથા એનો ઉત્કૃષ્ટ રસબંધ ઉચ્ચગોત્ર આશ્રયીને ક્ષપક સૂક્ષ્મસંપરાયને અંત્ય સમયે પામીએ અને ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપશામકને અનુત્કૃષ્ટ રસબંધ હોય તેનો ઉપશાન્તમોહે અબંધક થઈ પડતો ફરી અનુત્કૃષ્ટ બાંધે ત્યારે સાદિ ૧. પૂર્વે ઉપશામક પણું અણપામ્યાને અનાદિ ૨, ભવ્યને અધ્રુવ ૩, અભવ્યને નીચગોત્ર આશ્રયી ધ્રુવ ૪. અને ઉચ્ચૈર્ગોત્રનો ઉત્કૃષ્ટ રસ તો સૂક્ષ્મસંપરાયે ક્ષપક બાંધવા માંડે તે માટે સાદિ, ક્ષીણમોહે અબંધક થાશે તે માટે અધ્રુવ. હવે શેષ અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિ અને આયુ કર્મ મૂળ પ્રકૃતિ એનો જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એ ચારે પ્રકારનો રસબંધ તે સાદિ અધ્રુવ, એ બેજ ભેદે હોય. અધ્રુવબંધી અને પરાવર્ત્તમાન છે માટે.

હવે એના ભાંગાની સંખ્યા લખીએ છીએ–૭ મૂળ પ્રકૃતિના એકેકીના દશ દશ એવં ૬૦, ગોત્રના ૧૨ અને આયુના ૮, એવં આઠે મૂળ પ્રકૃતિના ૮૦ ભાંગા થાય. ધ્રુવબંધી ૪૭ ના એકેકીના દશ દશ એવં ૪૭૦ અને અધ્રુવબંધી ૭૩ ના એકેકીના આઠ આઠ એવં ૫૮૪, એ બંને મળી ૧૦૫૪ ઉત્તર પ્રકૃતિના ભાંગા થાય. મૂળ ઉત્તર બન્નેના મળી ૧૧૩૪ ભાંગા થાય. એ રીતે અનુભાગબંધ સવિસ્તરપણે વખાણ્યો. इति अनुभागबंध ॥

## ॥ પ્રદેશબંધ ॥

હવે **प्रदेशबंध** કહે છે—ત્યાં પ્રથમ ઔદારિકાદિક આઠ વર્ગણા કહે છે. ઇહાં લોકને વિષે એકેકા પરમાણુ જેટલા છે તેટલા સર્વની એક વર્ગણા, એકાકીપણે કરીને પરસ્પર સજાતીય માટે. દ્વયણુક સર્વની એક વર્ગણા, ત્ર્યણુક સર્વની એક વર્ગણા, ઇત્યાદિ એકેક પરમાણુની વૃદ્ધિએ સંખ્યાત પ્રદેશના અનંતા સ્કંધની સજાતીયવર્ગરૂપ સંખ્યાતી વર્ગણા, અસંખ્ય પ્રદેશના સ્કંધની અસંખ્યાતી વર્ગણા, અનંત પ્રદેશી સ્કંધની અનંતી વર્ગણા અને અનંતાનંત પ્રદેશી સ્કંધની અનંતાનંત વર્ગણા; સજાતીય પુદ્‌ગલનો સમૂહ તે[1] **वर्गणा** કહીએ. એ સર્વ

---

૧ કર્મગ્રંથની ટીકામાં સ્વજાતીય સ્કંધના સમૂહનું નામ વર્ગણા કહ્યું છે, જ્યારે કર્મપ્રકૃતિની ટીકામાં સ્કંધ અને વર્ગણા એકાર્થક કહ્યા છે, કારણ કે સ્કંધ–વર્ગણાની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની કહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તોકઅણુમયપણે કરીને સ્થૂલમાટે જીવને ગ્રહવાને કામ ન આવે તે માટે અગ્રહણ યોગ્ય જાણવી. એ સર્વ ઉલ્લંઘીને અભવ્યથી અનંતગુણે અને સિદ્ધને અનંતમે ભાગે એટલા પરમાણુએ નિષ્પન્ન સ્કંધ તે ઔદારિકપણે ગ્રહણ યોગ્ય વર્ગણા થાય, તે કહે છે—એક પરમાણુ, બે પરમાણુ, યાવત્ અભવ્ય જીવ થકી અનંતગુણા અને સિદ્ધને અનંતમે ભાગે એટલે પરમાણુએ નિષ્પન્ન જે સ્કંધ તે औदारिक शरीरयोग्य वर्गणा હોય ૧; ઉદાર–સ્થૂલ સ્કંધવડે નિષ્પન્ન તે ઔદારિક શરીર, તેની વર્ગણા તે સજાતીય પુદ્ગલનો સમૂહ, એ ઔદારિકની જઘન્ય વર્ગણા; તે પછી એકેક પરમાણુની વૃદ્ધિએ મધ્યમ ગ્રહણ યોગ્ય વર્ગણા ત્યાં લગે જાણવી કે જ્યાં લગે ઉત્કૃષ્ટી થાય. તે ઉત્કૃષ્ટી વર્ગણા થકી ઉપરાંત એક પરમાણુની વૃદ્ધિએ ઔદારિકને અગ્રહણ યોગ્ય જઘન્ય વર્ગણા થાય ॥ ૭૫ ॥

---

## एमेव[1] विउव्वाहार,[2]-तेअ[3]भासा[4]णुपाण[5]मण[6]कम्मे[7]।
## सुहुमा[8] कमावगाहो, ऊणूणंगुलअसंखंसो ॥ ७६ ॥

एमेव=એ પૂર્વોક્ત પ્રમાણેજ
विउव्वाहारतेअभासाणुपाणमणकम्मे=વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ મન અને કાર્મણ વર્ગણાછે.
सुहुमा=સૂક્ષ્મ
कम=અનુક્રમે
अवगाहो=અવગાહના
ऊणूण=ઓછી ઓછી
अंगुल असंखंसो=અંગુલનો અસંખ્યાતમો ભાગ.

---

સ્વજાતીય સ્કંધના સમૂહને વર્ગણા કહેવામાં આવે તો તે લોકવ્યાપી હોવાથી તેની અવગાહના લોકપ્રમાણ થાય. વર્ગણા અને સ્કંધ એકાર્થક જ્યાં કહ્યાં હોય ત્યાં તો અવગાહનાનો વાંધો નથી, જ્યાં સ્વજાતીય સ્કંધના સમૂહનું નામ વર્ગણા કહ્યું હોય ત્યાં અવગાહના સ્કંધની લેવામાં આવે તો બરાબર બંધબેસતું થાય એટલે કર્મગ્રંથની ટીકાના હિસાબે સ્કંધની અવગાહના લેવી પણ વર્ગણાની નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—એ પૂર્વોક્ત પ્રકારેજ વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણ વર્ગણા હોય એ ઔદારિકાદિ વર્ગણા અનુક્રમે સૂક્ષ્મ જાણવી, અને તેની અવગાહના ઓછી ઓછી અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય. ॥ ૭૬ ॥

**વિવેચન:**—એમજ પૂર્વોક્ત ઔદારિકની ગ્રહણયોગ્ય તથા અગ્રહણયોગ્ય વર્ગણાની જેમ વૈક્રિય વર્ગણા ૨, આહારક વર્ગણા ૩, તૈજસ વર્ગણા ૪, ભાષા વર્ગણા ૫, આનપ્રાણ તે શ્વાસોચ્છ્વાસ વર્ગણા ૬, મનોવર્ગણા ૭ અને કાર્મણવર્ગણા ૮ જાણવી. એનો ભાવાર્થ આ પ્રમાણે-જે ઔદારિક વર્ગણા પૂર્વે કહી તેથી એકાદિ પરમાણુએ અધિક તે બહુ અણુએ નિષ્પન્ન અને સૂક્ષ્મ પરિણામ માટે ઔદારિકને ગ્રહવા યોગ્ય નહીં, તેમજ વૈક્રિયને પણ સ્વલ્પ અણુએ નિષ્પન્ન અને સ્થૂલ પરિણામ માટે અગ્રહણયોગ્ય હોય. ત્યાર પછી એક અણુની વૃદ્ધિએ જઘન્ય વૈક્રિય ગ્રહણયોગ્ય વર્ગણા થાય, એમ બે ત્રણ યાવત્ અનંત પરમાણુની વૃદ્ધિએ ઉત્કૃષ્ટ वैक्रिय ग्रहणयोग्य वर्गणा थाय, ત્યાર પછી એક પરમાણુની વૃદ્ધિએ જઘન્ય અગ્રહણયોગ્ય વર્ગણા થાય એમ બે ત્રણ યાવત્ અનંત પરમાણુની વૃદ્ધિએ ઉત્કૃષ્ટી અગ્રહણ વર્ગણા થાય. તે વૈક્રિયને બહુ અણુ અને સૂક્ષ્મ પરિણામ માટે અગ્રહણ યોગ્ય હોય અને આહારકને સ્તોક અણુ અને સ્થૂલ પરિણામ માટે અગ્રહણ યોગ્ય હોય. તે પછી એક પરમાણુની વૃદ્ધિએ જઘન્ય आहारक ग्रहणयोग्य वर्गणा થાય, એમ અનુક્રમે આઠેને ગ્રહણ યોગ્ય વર્ગણા અને વચ્ચે અગ્રહણ યોગ્ય વર્ગણા કહેવી. એ પ્રમાણે વર્ગણા કહી. કર્મપ્રકૃત્યાદિક ગ્રંથને વિષે તો તે ઉપર પણ ધ્રુવ अचित्तादिक વર્ગણા કહી છે પણ તેનું અહીં પ્રયોજન નથી તે માટે ન કહી. એ વર્ગણા યથોત્તરે [અનુક્રમે] એકેક થકી સૂક્ષ્મ છે. એ આઠેની અવગાહના-ક્ષેત્રવ્યાપ્તિ અંગુલને અસંખ્યાતમે ભાગે અને તે એકેકથી હીણી-એકેકથી ન્હાની હોય; પુદ્ગલ દ્રવ્યને વિષે જેમ ઘણાનો સમુદાય મળે તેમ સૂક્ષ્મ પરિણામ થાય તે માટે. ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણા અંગુલને અસંખ્યાતમે ભાગે હોય; તે થકી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની અગ્રહણયોગ્ય વર્ગણાની અવગાહના ન્હાની, એમ અનુક્રમે સર્વ વર્ગણાની અવગાહના એકેક થકી ન્હાની કહેવી. ॥૭૬॥

---

## इक्किकहिआ सिद्धा-णंतंसा अंतरेसु अग्गहणा।
## सव्वत्थ जहन्नुचिआ, निअणंतंसाहिआ जिट्ठा ॥७७॥

**इक्किकहिया**=એકેક પરમાણુ વડે અધિક
**सिद्धाणंतंसा**=સિદ્ધોના અનંતમે ભાગે
**अंतरेसु**=અંતરાલે—ઔદારિકાદિ વર્ગણાના મધ્યે
**अग्गहणा**=અગ્રહણયોગ્ય વર્ગણા
**सव्वत्थ**=સર્વ વર્ગણાને વિષે
**जहन्नुचिया**=જઘન્ય ગ્રહણ વર્ગણાથી.
**नियणंतंसाहिया**=પોતાના અનંતમે ભાગે અધિક
**जिट्ठा**=ઉત્કૃષ્ટ વર્ગણા.

**અર્થ:**—એકેક પરમાણુવડે અધિક સિદ્ધોના અનંતમે ભાગે ઔદારિકાદિ વર્ગણાના મધ્યે અગ્રહણયોગ્ય વર્ગણા હોય સર્વ વર્ગણાને વિષે જઘન્ય ગ્રહણ યોગ્ય વર્ગણાથી પોતાના અનંતમે ભાગે અધિક ઉત્કૃષ્ટ વર્ગણા હોય. ॥૭૭॥

**વિવેચન:**—અને તે વર્ગણા પરમાણુએ એકેક થકી અધિકી હોય અને અંતરે એટલે ઔદારિકાદિ વર્ગણાના વચ્ચે એકેક પરમાણુની વૃદ્ધિ છે જેને વિષે એવા સ્કંધો વાળી સિદ્ધને અનંતમે ભાગે અને અભવ્ય થકી અનંતગુણી એટલી અગ્રહણ વર્ગણા હોય. સર્વત્ર–સઘળે જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણા થકી પોતાને અનંતમે ભાગે અધિક ઉત્કૃષ્ટ વર્ગણા હોય. ઔદારિકની જઘન્ય ગ્રહણ વર્ગણાના પરમાણુનો અનંતમો ભાગ ઔદારિકની જઘન્ય ગ્રહણ વર્ગણા માંહે ભેળવીએ ત્યારે ઔદારિકને ઉત્કૃષ્ટ ગ્રહણ યોગ્ય વર્ગણા થાય, એમ સર્વ વર્ગણા કહેવી. એટલાજ માટે જઘન્ય ઉત્કૃષ્ટને અંતરાલે અનંતી મધ્યમ વર્ગણા સર્વ વર્ગણાને વિષે હોય ॥૭૭॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## कवां कर्मदलिक ग्रहण थाय?

**अंतिमचउफासदुगंध,–पंचवन्नरसकम्मखंधदलं ।**
**सव्वजिअणंतगुणरस,-मणुजुत्तमणंतयपएसं ॥७८॥**

**एगपएसोगाढं, निअसव्वपएसओ गहेइ जिओ।**
**थोवो आउ तदंसो, नामे गोए समो अहिओ ॥७९॥**

अंतिमचउफास=छेवटना चार स्पर्श,
दुगंध=बे गंध,
पंच वण्णरस=पांच वर्ण, अने पांच रसवाळा.
कम्मखंधदलं=कर्मस्कंध द्रव्यने
सव्वजियणंतगुणरसं=सर्व जीवो करतां अनंतगुण रसवाळा,
अणुजुत्तं=अणुओ वडे युक्त
अणंतयपएसं=अनंत प्रदेशोवाळा.
एगपएसोगाढं=एक प्रदेश [क्षेत्र] ने विषे अवगाही रहेल
नियसव्वपएसओ=पोताना सर्व प्रदेशो वडे.
गहेइ=ग्रहण करे.
जिओ=जीव
थोवो=सर्व थकी थोडो.
आउ=आयुष्य कर्मने.
तदंसो=ते [अनंत स्कंधमय कर्म द्रव्य] नो अंश.
नामे=नामकर्मने विषे.
गोए=गोत्रकर्मने विषे,
समो=सरखो.
अहिओ=विशेषाधिक

**अर्थः**—छेवटना चार स्पर्श, बे गंध, पांच वर्ण अने पांच रसवाळा कर्मस्कंधने सर्व जीवो करतां अनंतगुण रसवाळा अणुओवडे युक्त, अनंत प्रदेशोवाळा; एक प्रदेश [क्षेत्र]ने विषे अवगाही रहेल कर्मस्कंधने पोताना सर्व प्रदेशोवडे जीव ग्रहण करे छे, ते [ग्रहण करेला अनंत स्कंधमय कर्मद्रव्य] नो सर्वथी थोडो भाग आयुष्य कर्मरूपे परिणमे, नामकर्म अने गोत्रकर्मने विषे सरखो अने आयुष्य करतां अधिक भाग परिणमे ॥ ७८–७९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન**—હવે જેવાં કર્મના દાલયાં જીવ લે છે તે કહે છે.– આઠ [સ્પર્શ] મધ્યે છેલ્લા ચાર સ્પર્શ–શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ એ ચાર સ્પર્શવંત હોય. એક પરમાણુ માંહે તો સ્નિગ્ધ–ઉષ્ણ ૧, રૂક્ષ–શીત ૨, સ્નિગ્ધ–શીત ૩, રૂક્ષ–ઉષ્ણ ૪ એમ એ બે સ્પર્શજ હોય પણ ઘણા પરમાણુ માટે ૪ સ્પર્શવંત હોય. તથા બે ગંધવંત, પાંચ વર્ણવંત અને પાચ રસવંત એવું કર્મસ્કંધનું દલિયું છે, વળી સર્વ જીવ થકી અનંતગુણ રસવંત પરમાણુએ યુક્ત–એકેકા પરમાણુને વિષે સર્વ જીવ થકી અનંતગુણા રસના અવિભાગ પાલચ્છેદ છે જ્યાં એવા પરમાણુએ યુક્ત અને અનંતગુણ પરમાણુએ યુક્ત, એક પ્રદેશાવગાઢ તે જે પ્રદેશે [આકાશપ્રદેશોને વિષે] જીવ અવગાહી રહ્યો છે તે પ્રદેશે અવગાહી રહેલ પણ અનંતર પરંપર પ્રદેશાવગાઢ નહીં, એવા કર્મસ્કંધના દલપ્રત્યે જીવ[1] પોતાને સર્વ પ્રદેશે કરીને ગ્રહે. સ્વક્ષેત્રાવગાઢ કર્મદલ લેવાને એક પ્રદેશ પ્રવર્ત્તે એટલે સર્વ પ્રદેશે કરીને અનંતર પરંપરાએ તે દ્રવ્ય લેવાને પ્રવર્ત્તે, જેમ કોઇક વસ્તુ લેવાને કાજે અંગુલી પ્રવર્ત્તે એટલે કરતલ મણિબંધ ભુજા ખભો એ સર્વ અનંતર પરંપરાએ બળ કરે, સર્વ જીવપ્રદેશોનો સાંકળના આંકડાની પેઠે પરસ્પર સંબંધ છે માટે. એ દૃષ્ટાંત જાણવું.

## ॥ કર્મપ્રદેશોની વહેંચણ ॥

હવે એક અધ્યવસાયે ગ્રહ્યા જે કર્મ પુદ્ગલ તેનો આઠે કર્મને કેટલો ભાગ આવે તે કહે છે– અષ્ટવિધ બંધકને કર્મદલના આઠ ભાગ થાય, સપ્તવિધ બંધકને સાત ભાગ થાય અને ષડ્વિધ બંધકને છ ભાગ થાય. ત્યાં અષ્ટવિધ બંધક હોવાથી આયુઃકર્મને ભાગ થોડો પરિણમે; અન્ય કર્મની અપેક્ષાએ અલ્પસ્થિતિક માટે. તે થકી નામકર્મ અને ગોત્રકર્મને વિષે ભાગ અધિકો પરિણમે, અધિકી સ્થિતિ માટે. બંનેને સ્વસ્થાને [ માંહોમાંહે ] સરખો ભાગ હોય. સરખી સ્થિતિ છે માટે. ॥ ૭૮–૭૯ ॥

---

૧ રાગાદિ સ્નેહગુણના યોગે જીવ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विग्घावरणे मोहे सव्वोवरि वेअणीइ जेणप्पे ॥**
**तस्स फुडत्तं न हवइ, ठिईविसेसेण सेसाणं ॥ ८० ॥**

**विग्घावरणे**=અંતરાય, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મને વિષે.
**मोहे**=મોહનીય કર્મને વિષે.
**सव्वोवरि**=સર્વથી અધિક
**वेयणीइ**=વેદનીય કર્મને વિષે.
**जेण**=જે કારણ માટે.
**अप्पे**=થોડાં દાલક છતે.
**तस्स**=તે [વેદનીય કર્મ] ના
**फुडत्तं**=સ્પષ્ટ રીતે અનુભવ
**न हवइ**=ન હોય, ન થાય.
**ठिईविसेसेण**=સ્થિતિ વિશેષે કરીને, સ્થિતિની અપેક્ષાએ.
**सेसाणं**=બાકીના કર્મનો.

**અર્થ**—અંતરાય, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મને વિષે અધિક અને માંહોમાંહે સરખો; મોહનીય કર્મને વિષે તેથી અધિક અને વેદનીય કર્મને વિષે સર્વથી અધિક ભાગ પરિણમે. જે કારણ માટે થોડાં દાલક છતે તે [વેદનીય] નો સ્પષ્ટ રીતે અનુભવ ન થાય અને બાકીના કર્મનો સ્થિતિવિશેષે કરીને હીનાધિક ભાગ હોય. ॥ ૮૦ ॥

**વિવેચન:**—તે થકી અંતરાય, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય એ ત્રણનો ભાગ અધિક અને સ્વસ્થાને એ ત્રણેનો તુલ્ય. તે થકી મોહનીયનો ભાગ અધિક; અધિકી સ્થિતિ માટે, સર્વ ઉપર-સર્વથી અધિક વેદનીયનો ભાગ હોય. જે કારણ માટે તે વેદનીયનો ભાગ અલ્પ હોય તો તે વેદનીયના સુખ-દુઃખાદિકનો અનુભવ સ્પષ્ટ ન હોય. સ્વભાવે જ વેદનીયનાં પુદ્ગલ ઘણાં મળે ત્યારે સ્વકાર્ય કરવા સમર્થ [1]થાય, વેદનીય ટાળી સાત

---

[1] જેમ ચાર પ્રકારના આહારમાં અશન, પાન અને ખાદિમના પુદ્ગલો ઘણાં છતાં પોતાના [તૃપ્તિલક્ષણ] કાર્યને કરી શકે છે અને સ્વાદિમના પરમાણુ થોડાં છતાં સ્વકાર્યને કરી શકે છે તેમ અહીં અશનાદિ તુલ્ય વેદનીય અને સ્વાદિમ તુલ્ય બાકીનાં સાત કર્મ જાણવાં—**પંચસંગ્રહ.**

વળી જેમ વિષ અલ્પ હોય તોપણ મારણાદિ કાર્ય કરી શકે અને ઢેફાં ઘણાં હોય ત્યારે મારણાદિ થાય, તેમ અહીં પણ ઘટાવવું—સ્વોપજ્ઞ ટીકા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મને સ્થિતિ વિશેષ કરીને હીનાધિક ભાગ જાણવો, એટલે જે કર્મની અધિકી સ્થિતિ તેને અધિકો ભાગ અને જેની ઓછી સ્થિતિ તેને ઓછો ભાગ આવે. ॥૮૦॥

અહીં કોઇક પૂછે કે–જો સ્થિતિને અનુરોધે ભાગનું અલ્પબહુત્વ કહો છો, તો આયુભાગની અપેક્ષાએ નામ–ગોત્રનો ભાગ સંખ્યાતગુણો પામે, તો ઇહાં વિશેષાધિક કેમ કહ્યો? તત્રોત્તરં–સ્થિતિને અનુસારે તો આયુ: સંખ્યાતગુણ હીન ભાગ પામે પણ શેષ કર્મના ઉદયની અપેક્ષાએ આયુનું પ્રધાનપણું છે તે માટે નામ–ગોત્ર થકી કાંઇક જ હીન ભાગ પામે. તથા જ્ઞાનાવરણાદિક થકી મોહનીય સંખ્યાતગુણો ભાગ પામે ત્યાં વિશેષાધિકપણું કેમ કહ્યું? તત્રોત્તરં–એકજ દર્શનમોહનીયની ૭૦ કોડાકોડિની સ્થિતિ છે, અને ચારિત્રમોહનીયની તો ૪૦ કોડાકોડિની સ્થિતિ છે તે માટે વિશેષાધિકપણું કહ્યું. એ પણ યુક્તિમાત્રજ છે. પરમાર્થથી તો શ્રી જિનવચનનેજ પ્રમાણકરવું. તથા એક સમયે એકાધ્યવસાયે ગૃહીત પુદ્ગલ આઠે કર્મપણે પરિણમે છે, અહીં જીવની શક્તિ અચિંત્ય છે અને પુદ્ગલનો પરિણામ વિચિત્ર છે માટે એ આશ્ચર્ય નહીં ॥ ૮૦ ॥

---

## ઉત્તરપ્રકૃતિનો કર્મદલિકભાગ.

**निअजाइलद्धदलिया–णंतंसो होइ सव्वघाईणं ।**
**बज्झंतीण विभज्जइ, सेसं सेसाण पइसमयं ॥८१॥**

निअजाइलद्धदलिय=પોતાની મૂળ પ્રકૃતિરૂપ જાતિએ પ્રાપ્ત કરેલ દલિકનો
अणंतंसो=અનંતમો ભાગ.
सव्वघाईणं=સર્વઘાતિ પ્રકૃતિનો
बज्झंतीण=બંધાતી.
विभज्जइ=વહેંચાય છે.
सेसं=બાકી રહેલા પ્રદેશાગ્ર
सेसाण=સર્વઘાતિ સિવાય બાકીની પ્રકૃતિઓને.
पइसमयं=સમયે સમયે, દરેક ક્ષણે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ:-પોતાની મૂળ પ્રકૃતિરૂપ જાતિવડે પ્રાપ્ત કરેલ દલિકનો અનંતમો ભાગ સર્વઘાતિ પ્રકૃતિને ભાગે આવે અને બાકી રહેલા પ્રદેશાગ્ર બાકીની બંધાતી પ્રકૃતિઓને સમયે સમયે વહેંચાય છે. ॥ ૮૧ ॥

**વિવેચન:**—હવે ઉત્તર પ્રકૃતિના ભાગ કહે છે.-પોતપોતાની મૂલ પ્રકૃતિરૂપ જાતિવડે જે પ્રાપ્ત થયેલ દલિક તેનો જે અનંતમો ભાગ સર્વઘાતિ રસયુક્ત તેજ સર્વઘાતી પ્રકૃતિને ભાગે આવે. જ્ઞાનાવરણીયનો અનંતમો ભાગ કેવળજ્ઞાનાવરણીયને ભાગે આવે, દર્શનાવરણીયનો અનંતમો ભાગ કેવલદર્શનાવરણીય અને નિદ્રાપંચકને ભાગે આવે, મોહનીયનો અનંતમો ભાગ મિથ્યાત્વ અને બાર કષાયને ભાગે આવે, સર્વ પુદ્ગલ માંહે અનંતમો ભાગજ સર્વઘાતિ રસવંત હોય અને શેષ અનુક્રમે હીન હીનતર રસવંત હોય. તે અનંતમા ભાગ થકી શેષ પ્રદેશાગ્ર-દલિઉં રહ્યું તે શેષ દેશઘાતિ અઘાતી પ્રકૃતિ રહી તે જેટલી તે સમયે બંધાતી હોય તેને વહેંચી આપીએ. પ્રતિ સમયે [સમયે સમયે] એમ બંધાય અને ભાગે વહેંચાય, જે સમયે બંધાય તે સમયે જ તે દલિયાના ભાગ વહેંચાય. તથા જે જે પ્રકૃતિનો જે જે ગુણઠાણે બંધોચ્છેદ થાય ત્યારે તેના ભાગનું દ્રવ્ય તેની સજાતીય પ્રકૃતિને આવે અને જ્યારે તેની સર્વ સજાતીય પ્રકૃતિનો બંધ ઉચ્છેદ થાય ત્યારે તેને ભાગે લાધું દ્રવ્ય તે તેની મૂલ પ્રકૃતિ માંહેલી વિજાતીય પ્રકૃતિ હોય તેને ભાગે આવે. સર્વ ઉત્તર પ્રકૃતિનો બંધ ઉચ્છેદ થાય ત્યારે તેની મૂલ પ્રકૃતિનો પણ બંધ ઉચ્છેદ થાય, તેથી તે કર્મવર્ગણાનું દલિઉં પ્રથમ સાત ભાગે અથવા છ ભાગે જ વહેંચાય, એમ સૂક્ષ્મસંપરાય લગે જાણવું, ઉપશાંતમોહાદિકે તો સમગ્ર કર્મનું દલિઉં સાતાવેદનીયપણેજ બંધાય. ઇહાં કર્મપ્રકૃતિ ગ્રંથોક્ત સર્વ ઉત્તર પ્રકૃતિને વિષે કર્મસ્કંધ દલિકનું અલ્પબહુત્વ આ સાથે આપેલ યંત્રની સ્થાપનાથી જાણવું.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# उत्तरप्रकृतिषु उत्कृष्टपदे कर्मदलिक-भागाल्पबहुत्वयंत्रम् ॥

ज्ञानावरणे–केवलज्ञानावरणस्य उत्कृष्टपदे सर्वस्तोकः कर्मदलिकभागः १
ततोमनःपर्यवज्ञानावरणस्यानंतगु०
ततोऽवधिज्ञानावरणस्यविशेषाधिकः
ततो श्रुतज्ञानावरणस्यविशेषाधिकः
ततो मतिज्ञानावरणस्यविशेषाधिकः

---

दर्शनावरणे–प्रचलायाःसर्वस्तोकः
ततो निद्राया विशेषाधिकः २
ततःप्रचलाप्रचलाया विशेषाधिकः
ततो निद्रानिद्राया विशेषाधिकः ४
ततः स्त्यानर्द्धयां विशेषाधिकः ५
ततः केवलदर्शनावरणस्यविशेषा.६
ततोऽवधिदर्शनावरणस्यविशेषा. ७
ततोऽचक्षुर्दर्शनावरणस्य विशेषा.८
ततश्चक्षुर्दर्शनावरणस्यविशेषाधिकः

---

वेदनीये–सातस्य भागः स्तोकः१
ततोऽसातस्य विशेषाधिकः २

---

मोहनीये–अप्रत्याख्यानमानस्य स्तोकः १
ततोऽप्रत्याख्यानक्रोधस्यविशेषा २
ततोऽप्रत्याख्यानमायायाविशेषा ३
ततोऽप्रत्याख्यानलोभस्य विशेषा४
तत एवंप्रत्याख्यानावरणचतु वि ८
तत एवं अनंतानुबंधिनामपि,वि१२
ततो मिथ्यात्वस्य विशेषाधिकः१३
ततो जुगुप्साया अनन्तगुणः १४
ततो भयस्य विशेषाधिकः १५
ततो हास्यशोकयोर्विशे० स्वस्थाने तुल्यौ १७
ततो रत्यरत्योर्विशे० स्वस्थाने तुल्यौ १९
ततः स्त्रीनपुंसकयोर्विशेषा० २१
ततः संज्वलनक्रोधस्य विशेषा.२२
ततःसंज्वलनमानस्यविशेषाधिक२३
ततः पुंवेदस्य विशेषाधिकः २४
ततःसंज्वलनमायाया विशेषा०२५
ततः संज्वलनलोभस्यासंख्ये०२६

---

आयुषां चतुर्णामपिस्वस्थानेसमः४

---

नामकर्मणि-गतिषु देवनरकगत्योः स्तोकःस्वस्थाने समः२

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ततो मनुष्यगतेर्विशेषा० ३
ततस्तिर्यग्गतेर्विशे० ४
जातिषु–द्वींद्रियादिजातिचतुष्के
स्तोकः स्वस्थाने समः ४
तत एकेन्द्रियजातेर्विशेषा० ५
शरीरेषु–आहारकस्य स्तोकः १
ततो वैक्रियस्य विशेषा० २
तत औदारिकशरीरस्य वि० ३
ततस्तैजसशरीरस्य विशे० ४
ततःकार्मणशरीरस्य विशे ५
एवं संघातनपंचकस्यापि ज्ञेयं ५
उपांगेषु–आहारकोपाङ्गस्तोकः १
ततो वैक्रियोपांगस्य विशेषा० २
तत औदारिकोपांगस्य विशेषा. ३
बंधनेषु आहारकआहारकबंधन–
स्य स्तोकः १
तत आहारकतैजसबंधनस्यविशे. २
तत आहारककार्मणबंधनस्य
विशेषा० ३
तत आहारकतैजसकार्मणबंधन–
स्य विशेषाधिकः ४
ततो वैक्रियवैक्रियबंधनस्य वि. ५
ततो वैक्रियतैजसबंधनस्य वि० ६
ततो वैक्रियकार्मणबं० वि० ७
ततो वैक्रियतैजसकार्मणबंधनस्य
विशेषा० ८

तत औदारिकऔदारिकबंधन–
स्य विशेषा० ९
तत औदारिकतैजसबंधनस्य
विशेषाधिकः १०
तत औदारिककार्मणबंधनस्य
विशेषा० ११
तत औदारिकतैजसकार्म्मणबंध–
नस्य विशेषा० १२
ततस्तैजसतैजसबंधनस्य वि० १३
ततस्तैजसकार्म्मणबंध० वि० १४
ततः कार्म्मणकार्म्मणबंधनस्य
विशेषा० १५
संस्थानेषु–मध्यसंस्थानचतुष्कस्य
स्तोकः। स्वस्थाने तुल्यः ४
ततः समचतुरस्रस्य विशे० ५
ततो हुंडस्य विशेषाधिकः ६
संहननेषु आद्यपंचकस्य तुल्यः
स्तोकः ५
ततः सेवार्त्तस्य विशेषाधिकः ६
वर्णेषु–कृष्णस्य सर्वस्तोकः १
ततो नीलस्य विशेषाधि० २
ततो लोहितस्य विशेषा० ३
ततो हारिद्रस्य विशेषाधिकः ४
ततः शुक्लस्य विशेषाधिकः ५
गंधयोर्मध्ये–सुरभेः स्तोकः १
ततो दुरभिगंधस्य विशेषाधिकः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रसेषु तिक्तस्य भागःसर्वस्तोकः १
ततः कटुकस्य विशेषाधिकः २
ततः कषायस्य विशेषाधिकः ३
तत आम्लस्य विशेषाधिकः ४
ततो मधुरस्य भागो विशेषा० ५
स्पर्शेषु-कर्कशगुरुस्पर्शयोःस्तोकः
ततो मृदुलघुस्पर्शयोः विशेषा. ४
ततो रुक्षशीतयोर्विशे० ६
ततो स्निग्धोष्णयोर्विशेषा० ।
स्वस्थाने समः ८
आनुपूर्वीषु देवनारकानुपूर्व्योः
स्तो० २ । ततो मनुष्यानुपूर्व्याः
विशे० ३ ततस्तिर्यगानुपू० वि० ४
खगतिद्वये प्रशस्तगतेः स्तोकः १
ततोऽप्रशस्तखगतेर्विशेषाधिकः २
त्रसद्विशतो—त्रसनाम्नः स्तोकः १
ततः स्थावरस्य भागो विशेषाधि-
कः २। बादरस्य भागस्तोकः ?
सूक्ष्मस्य विशेषाधिकः २
एवं पर्याप्तादिष्वपिद्वयोर्द्वयोर्वाच्यं
आतपोद्योतयोः समं २
निर्माण १ च्छ्वास२ पराघात३
उपघात ४ अगुरुलघु ५ जिन-
नाम्नो ६ अल्पबहुत्वं नास्ति,
परस्परं सजातीयप्रकृत्यपेक्षा—
भावात्

गोत्रयार्नीचैर्गोत्रस्यभागःस्तोकः१
तत उच्चैर्गोत्रस्य भागो विशे०२

अंतरायेषु-दानांतरायस्य स्तोकः१
ततोलाभान्तरायस्य भागो विशे०
ततो भोगान्तरायस्य विशे० ३
तत उपभोगान्तरायस्य विशे० ४
ततोवीर्यांतरायस्यभागोविशे० ५

## जघन्यपदे कर्मदलिकभागाऽल्पबहुत्वयंत्रम्

ज्ञानावरणे—केवलज्ञानावरणस्य
जघन्यपदे कर्म्मदलिकभागः स-
र्वस्तोकः १
ततो मनःपर्यवज्ञानावरणस्याऽनं-
तगुणः२ ।ततोऽवधिज्ञानावरणस्य
भागो विशे० ३
तत श्रुतज्ञानावरणस्य विशेषाधि—
कः ४। ततो मतिज्ञानावरणस्य
विशेषा० ५

दर्शनावरणे निद्रायाः सर्वस्तोकः १। ततः प्रचलाया भागो विशेषाधिकः २। ततो निद्रानिद्राया विशेषा० ३। ततः प्रचलाप्रचलाया विशे० ४॥ ततःस्त्यानर्द्धया विशेषाधिकः ५। ततः केवलदर्शनावरणस्य विशेषा० ६

ततोऽवधिदर्शनावरणस्याऽनंतगुणः ७

ततोऽचक्षुर्दर्शनावर० विशे० ८

ततश्चक्षुर्दर्शनावरणस्य विशे०९

---

वेदनीये—असातस्य भागः स्तोकः ततः सातस्य भागो विशेषाधिकः

---

मोहनीये—अप्रत्याख्यानमानस्य स्तोकः १। ततोऽप्रत्याख्यानक्रोधस्य विशेषा० २। ततोऽप्रत्याख्यानमायाया विशेषा० ३। ततोऽप्रत्याख्यानलोभस्य विशे० ४। एवं क्रमेण प्रत्याख्यानावरणानंतानुबंधिचतुष्कयोरपि विशेषाधिकत्वं १२। ततो मिथ्यात्वस्य जघन्यभागो विशे० १३। ततो जुगुप्सायाभागोऽनंतगुणः १४। ततो भयस्य विशेषाधिकः १५। ततो हास्यशोकयोर्विशे०स्वस्थानेसमः१७।ततोरत्यरत्योर्विशे० १९। त्रिण्यन्यतरस्य वेदस्यभागो विशे० २२। क्रोधाधिचतुर्णां संज्वलनानां यथोत्तरं विशे० २६

---

आयुषि तिर्यग्नरायुषोः स्तो० २ ततो देवनरकायुषोरसंख्येयगुणः ४

---

नामकर्मणि गतिषु—तिर्यग्गतेः स्तो० १। ततोमनुष्यगतेर्विशेषाधिकः२। ततोदेवगतेरसंख्येयगुणः३ततोनरकगतेरसंख्येयगुणः ४

जातिषु—द्वींद्रियादिजातिचतुष्के स्तोकः ४। तत एकेंद्रियजातेर्विशेषाधिकः ५

शरीरेषु—औदारिकशरीरस्यस्तोकः ततस्तैजसशरीरस्य विशेषा० २ ततःकार्मणशरीरस्य विशे० ३ ततो वैक्रियशरीरस्याऽसंख्येयगु० ततःआहारकशरीरस्यासंख्येयगु. ५ एवं ५ संघातनेऽपि वाच्यं ६

अंगोपांगेषु-औदारिकोपांगस्य स्तो० १। ततो वैक्रियोपांगस्याऽसंख्येयगुणः२। ततो आहारकोपांगस्यासंख्येयगुणः ३

आनुपूर्वीषु—नरकदेवानुपूर्व्योः स्तो० २

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ततो मनुष्यानुपूर्व्या विशेषा० ३
ततस्तिर्यगानुपूर्व्या विशेषा० ४
त्रसविंशतौ–त्रसनाम्नः स्तोकः १
ततःस्थावरनाम्नो विशेषाधिकः २
एवं बादरसूक्ष्मयोः २ पर्याप्ता–
पर्याप्तयोः२प्रत्येकसाधारणयोश्च२
शेषाणां नामप्रकृतीनां जघन्य–
भागाऽल्पबहुत्वं नास्ति.

गोत्रयोर्नीचैर्गोत्रस्य भागःस्तोकः
तत उच्चैर्गोत्रस्य विशेषाधिकः २

अंतरायेषु-दानान्तरायस्यस्तोकः १
ततोलाभान्तरायस्यविशेषाधिकः२
ततोभोगान्तरायस्यविशेषाधिकः३
तत उपभोगांतरायस्य विशेषा०४
ततो वीर्यांतरायस्यविशेषाधिकः५

उत्कृष्टजघन्यपदयोरुत्तरप्रकृतिषु
इदंकर्मदलिकभागाऽल्पबहुत्वयं–
त्रकं कर्मप्रकृतिग्रंथानुसारेण लि–
खितमस्ति.

## ११. ગુણશ્રેણિ.

**सम्मदरसव्वविरई, अणवीसंजोअदंसखवगे अ।**
**मोहसमसंतखवगे, खीणसजोगिअरगुणसेढी ॥८२॥**

सम्मदरसव्वविरई=સમ્યકૃત્વ, દેશવિરતિ અને સર્વવિરતિને વિષે.
अणवीसंजोअ=અનંતાનુબંધિની વિસંયોજનાને વિષે
दंसखवगे=દર્શનમોહનીયના ક્ષપક સંબંધી.
मोहसम=મોહનીયના ઉપશમક સંબંધી.
संत=ઉપશાંતમોહ ગુણસ્થાનવાળા સંબંધી.
खवगे=ક્ષપક સંબંધી.
खीण=ક્ષીણમોહીની
सजोगियर=સયોગિ કેવળી અને અયોગિ કેવળીની.
गुणसेढी=ગુણશ્રેણિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—સમ્યક્ત્વ દેશવિરતિ તથા સર્વવિરતિને વિષે, અનંતાનુબંધની વિસંયોજનાને વિષે, દર્શનમોહનીયના ક્ષપક સંબંધિ, ચારિત્રમોહનીયના ઉપશમને વિષે, ઉપશાંતમોહ ગુણસ્થાનવાળા સંબંધિ, ક્ષપકને વિષે, ક્ષીણમોહી અને સયોગિ તથા અયોગિ કેવળીની એમ અગ્યાર ગુણશ્રેણિ [ગુણાકારે પ્રદેશની રચના] હોય છે. ॥ ૮૨ ॥

**વિવેચન:**—હવે એ પૂર્વોક્ત ભાગે લાધ્યાં જે દલિયાં તે ગુણશ્રેણિની રચનાએજ ખેપવે તે માટે હવે ઇંહાં ગુણશ્રેણીનું સ્વરૂપ કહે છે.—સમ્યક્ત્વની પ્રાપ્તિએ પહેલી ગુણશ્રેણિ ૧. દર તે ધ્યત–સગારેક વિરતિ તે દેશવિરતિ કહીએ, તે દેશવિરતિને લાભે બીજી ગુણશ્રેણિ ૨, સર્વવિરતિને લાભે ત્રીજી ગુણશ્રેણિ ૩, અનંતાનુબંધી કષાયની વિસંયોજનાએ ચોથી ગુણશ્રેણિ ૪, દર્શનમોહનીયના ખપાવનારને તે સંબંધિ પાંચમી ગુણશ્રેણિ ૫, [ચારિત્ર] મોહનીયના ઉપશમાવનારને તે સંબંધિ ઉપશમશ્રેણિમાં ૯–૧૦ ગુણઠાણે[1] છઠ્ઠી ગુણશ્રેણિ ૬, ઉપશાન્તમોહ ગુણઠાણે સાતમી ગુણશ્રેણિ ૭. [ચારિત્ર] મોહનીય ખપાવનારને તે સંબંધિ ક્ષપકશ્રેણિએ ૯–૧૦ ગુણઠાણે[1] આઠમી ગુણશ્રેણિ ૮, ક્ષીણમોહ ગુણઠાણે નવમી ગુણશ્રેણિ ૯, સયોગિ કેવળીને દશમી ગુણશ્રેણિ ૧૦, અને અયોગિ કેવળીને અગ્યારમી ગુણશ્રેણિ ૧૧, જ્યાં ગુણની વૃદ્ધિએ કરીને અસંખ્યાતગુણી નિર્જરા એકેકથી થાય તે માટે તે ગુણશ્રેણી કહીએ. સમ્યક્ત્વ લાભકાળે મંદ વિશુદ્ધિપણા માટે જીવ મોટા અંતર્મુહૂર્તની અને અલ્પ પ્રદેશની ગુણશ્રેણિ રચે ૧, ત્યારપછી દેશવિરતિને લાભે અસંખ્યાત ગુણહીન અંતર્મુહૂર્તની અને અસંખ્યાતગુણ પ્રદેશવૃદ્ધિની બીજી ગુણશ્રેણિ રચે ૨, એમ સર્વને વિષે [અનુક્રમે] અંતર્મુહૂર્તનું હીનપણું અને પ્રદેશનું બહુપણું એકેકીથી જાણવું. ॥ ૮૨ ॥

---

1 આ બંને ગુણશ્રેણી આઠમે ગુણઠાણે પણ હોઈ શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણશ્રેણિનું સ્વરૂપ.

**गुणसेढी दलरयणाणुसमयमुदयादसंखगुणणाए ।**
**एयगुणा पुण कमसो, असंखगुणनिज्जरा जीवा ॥८३॥**

| | |
|---|---|
| गुणसेढी=ગુણાકારે પ્રદેશની રચના | ગુણનાએ. |
| दलरयणा=ઉપરની સ્થિતિ થકી ઉતારેલ પ્રદેશાગ્રની રચના. | एयगुणा=એ પૂર્વોક્ત ગુણવાળા. |
| अणुसमयं=પ્રત્યેક સમયે. | पुण=વળી. |
| उदयाद्=ઉદય ક્ષણ થકી. | कमसो=અનુક્રમે. |
| (अ) संखगुणणाए=અસંખ્ય. | असंखगुणनिज्जरा=અસંખ્યાત ગુણ નિર્જરાવાળા [હોય]. |
| | जीवा=જીવો. |

**અર્થ:**—ઉપરની સ્થિતિ થકી ઉતારેલ પ્રદેશાગ્રની પ્રત્યેક સમયે ઉદય ક્ષણ-કરતાં અસંખ્ય ગુણનાએ રચના તે ગુણશ્રેણિ જાણવી વળી એ પૂર્વોક્ત ગુણવાળા જીવો અનુક્રમે અસંખ્યાત-ગુણ નિર્જરાવાળા હોય. ॥ ૮૩ ॥

**વિવેચન:**—દલ-જે ઉપરલી સ્થિતિ થકી ઉતર્યા પ્રદેશ તેની શ્રેણી-રચના તે ગુણશ્રેણિ કહીએ, તે સમયે સમયે ઉદય થકી આંદીને અસંખ્યાત ગુણનાએ હોય. તે આ પ્રમાણે-ઉપરલી સ્થિતિ થકી જે ઉતાર્યું દલિઉં તેની ઉદય સમયે સ્તોક રચના કરે, બીજે સમયે અસંખ્યાત ગુણ કરે, ત્રીજે સમયે તેથી અસંખ્યાત ગુણ કરે, એમ સમયે સમયે વૃદ્ધિ ત્યાં લગે કરે, કે જ્યાં લગે ગુણશ્રેણિનો અંત્ય સમય હોય, આગળ પણ સર્વ ગુણશ્રેણિએ એમજ સ્થિતિ ઘટાડતો તેનાં દલિયાં અસંખ્યાતગુણાં વધારે. એ ગુણશ્રેણિવંત જીવ વળી અનુક્રમે અસંખ્યાતગુણ નિર્જરાવંત હોય, તે આ પ્રમાણે-સમ્યક્ત્વ ગુણવંત જીવને થોડી નિર્જરા હોય, તે થકી દેશવિરતિ જીવ અસંખ્યાતગુણી નિર્જરા કરે અને તે થકી સર્વવિરતિ જીવ અસંખ્યાતગુણી કર્મ પુદ્ગલની નિર્જરા કરે; એમ સમ્યક્ત્વાદિક ગુણશ્રેણિએ વર્ત્તતા જીવ યથોત્તરે અસંખ્યાતગુણી નિર્જરાવંત હોય. ॥ ૮૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણસ્થાનપ્રાપ્તિનું અંતર.

**पलिआऽसंखंसमुहू, सासणइअरगुणअंतरं हस्सं ।**
**गुरु मिच्छि बे छसट्ठी, इअरगुणे पुग्गलद्धंतो ॥८४॥**

पलियासंखंसमुहू=પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને અંતર્મુહૂર્ત.
सासणइयरगुण=સાસ્વાદન અને બીજાં ગુણસ્થાનોનું
अंतरं=આંતરૂં.
हस्सं=જઘન્ય.
गुरु=ઉત્કૃષ્ટ
मिच्छि=મિથ્યાત્વે.
बे छसट्ठि=બે વખત છાસઠ સાગરોપમ
इयरगुणे=બીજાં ગુણસ્થાનોને વિષે.
पुग्गलद्धंतो=કાંઇક ઊણું અર્દ્ધ-પુદ્ગલપરાવર્ત.

**अर्थः**—સાસ્વાદન અને બીજાં ગુણસ્થાનોનું જઘન્ય આંતર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને અંતર્મુહૂર્ત [અનુક્રમે] હોય. ઉત્કૃષ્ટ અંતર મિથ્યાત્વે બે વખત છાસઠ સાગરોપમ અને બીજાં ગુણસ્થાનોને વિષે કાંઇક ઊણું અર્દ્ધ પુદ્ગલપરાવર્ત હોય. ॥ ૮૪ ॥

**विवेचनः**—હવે ગુણઠાણાનો જઘન્ય ઉત્કૃષ્ટ अंतरकाळ કહે છે.–સાસ્વાદન ગુણઠાણાને જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અંતર હોય, તે આ પ્રમાણે–જે અનાદિ મિથ્યાત્વી હોય અથવા સમ્યક્ત્વ અને મિશ્ર પુંજ ઉવેલ્યે જે ૨૬ ની સત્તાવાળો મિથ્યાત્વી હોય તે અંતરકરણાદિકે ઔપશમિક સમ્યક્ત્વ પામીને ત્યાંથી અનંતાનુબંધીને ઉદયે પડતો સાસ્વાદનપણું પામીને મિથ્યાત્વે ગયો થકો ફરીને સાસ્વાદનપણું પામે, તો જઘન્ય પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ઉપરાંતે જ પામે પણ તેથી અગાઉ ન પામે, તે આ પ્રમાણે–સાસ્વાદન થકી મિથ્યાત્વે ગયેલાને પહેલા સમય થકી જ સમ્યક્ત્વપુંજ મિશ્રપુંજ સત્તાએ અવશ્ય હોયજ એને તે સત્તાએ છતે ઔપશમિક સમ્યક્ત્વ ન પામે અને તેને ઔપશમિક સમ્યક્ત્વ વિના સાસ્વાદનપણું સર્વ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થા ન હોય જ, તે માટે મિથ્યાત્વે ગયો થકો પ્રતિસમયે સમ્યક્ત્વ મિશ્રના પુંજ ઉવેલે અને તેનાં દળિયાં મિથ્યાત્વ માંહે નાંખે; એમ સમયે સમયે ઉવેલતો થકો પલ્યોપમને અસંખ્યાતમે ભાગે સર્વ દલિયાં ઉવેલી રહે [સમ્યક્ત્વ મિશ્રની સત્તા રહિત થાય], તે વાર પછી બીજીવાર ઔપશમિક સમ્યક્ત્વ પામીને સાસ્વાદને આવે ત્યારે જઘન્ય થકી એટલો કાળ થાય. તથા અનેરા ૧૦ ગુણઠાણાનો અંતરકાળ જઘન્યથી અંતર્મુહૂર્ત્તનો હોય, તે આ પ્રમાણે—કોઇક ઉપશમશ્રેણિએ ચઢીને ત્યાંથી પડતો સર્વ ગુણઠાણાં ફરસતો મિથ્યાત્વે આવીને અંતર્મુહૂર્તે જ ફરી શ્રેણિ માંડીને પાછો ચઢતો સાસ્વાદન મિશ્ર વર્જીને શેષ સર્વ ગુણઠાણાં સ્પર્શે ત્યારે અંતર્મુહૂર્ત્તનું જઘન્ય અંતર થાય ઉપશમશ્રેણિ થકી પડીને ચઢતાને સાસ્વાદન અને મિશ્ર હોય નહીં તે માટે ના કહી અને ઉપરનાં ૩ ગુણઠાણાને તો પડવાનો અભાવ છે માટે અંતર છે નહી. અને મિશ્રને તો સહજે જ મિથ્યાત્વ થકી સમ્યક્ત્વ પામતાં તથા સમ્યક્ત્વથી પડતાં મિશ્રપણું આવે ત્યારે જઘન્યથી અંતર્મુહૂર્ત્તનું અંતર પડે, મિથ્યાત્વ ગુણઠાણાને ઉત્કૃષ્ટ અંતર બે છાસઠ એટલે એકસો બત્રીસ સાગરોપમનું હોય, તે આ પ્રમાણે—કોઇક જીવ સમ્યક્ત્વ પામ્યો થકો ઉત્કૃષ્ટપણે ૬૬ સાગરોપમ ક્ષાયોપશમિક સમ્યક્ત્વપણે રહીને એક અંતર્મુહૂર્ત્ત લગે મિશ્રપણું અનુભવીને ફરી સમ્યક્ત્વ પામીને ૬૬ સાગરોપમ લગે સમ્યક્ત્વ કાળ પાળીને તે ઉપરાંત જો ન સીઝે તો તે નિશ્ચયે મિથ્યાત્વે જાય એટલે ૧૩૨ સાગરોપમનું મિથ્યાત્વને ઉત્કૃષ્ટ અંતર પડે અને અનેરાં ૧૦ ગુણઠાણાંને ઉત્કૃષ્ટો અંતરકાળ કાંઇક ઊણો અર્ધપુદ્ગલપરાવર્ત્ત હોય, તે આ પ્રમાણે—સાસ્વાદન આદિ દઇને ઉપશાન્તમોહ લગે ૧૦ ગુણઠાણાવાળા જીવ ત્યાંથી પડયા થકા મિથ્યાત્વ પામીને કંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત્ત સંસાર માંહે ભમીને પછી તે ગુણઠાણાં અવશ્ય સ્પર્શીને મોક્ષે જાય જ, તે ઉપરાંત સંસારમાં ન રહે ઇત્યર્થ: ॥ ૮૮ ॥

## પલ્યોપમનું સ્વરૂપ.

**उद्धारअद्धखित्तं, पलिअ तिहा समयवाससयसमए।**
**केसवहारो दीवो–दहिआउतसाईपरिमाणं ॥८५॥**

| | |
|---|---|
| उद्धार अद्ध खित्तं=ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર | केसवहारो=વાલાગ્રનું ઉદ્ધરણ કરીએ. |
| पलिय=પલ્યોપમ. | दीवोदहि=દ્વીપ સમુદ્ર, |
| तिहा=ત્રણ પ્રકારે. | आउतसाइ=આયુષ્ય અને ત્રસાદિ જીવોનું. |
| समय वाससय समए=સમયે, સો વર્ષે અને સમયે. | परिमाणं=પરિમાણ ગણતરી |

अर्थः—ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર એ ત્રણ પ્રકારે પલ્યોપમ જાણવું. તેમાં [અનુક્રમે] સમયે, સો વર્ષે અને સમયે વાલાગ્રનું ઉદ્ધરણ કરીએ, તે વડે [અનુક્રમે] દ્વીપસમુદ્ર, આયુષ્ય અને ત્રસાદિ જીવોની ગણતરી થાય છે. ॥ ૮૫ ॥

विवेचनः—હવે પલ્યોપમનું સ્વરૂપ કહે છે–ઉદ્ધાર તે વાલાગ્રનો અપહાર, તે પાલામાંહેથી સમયે સમયે એકેક વાલાગ્ર અપહરતાં પાલો ખાલી થાય તે ઉદ્ધાર પલ્યોપમ ૧. અદ્ધા તે કાળ, તે તો સો સો વર્ષે એકેકો વાલાગ્ર અપહરતાં પાલો ઠાલો થાય તે અદ્ધાપલ્યોપમ ૨. ક્ષેત્ર તે આકાશ, તે સમયે સમયે વાલાગ્ર સ્પૃષ્ટ અસ્પૃષ્ટ આકાશપ્રદેશ એકેકો અપહરતાં પાલો ઠાલો થાય તે ક્ષેત્ર પલ્યોપમ ૩. ઉદ્ધાર પલ્યોપમે કરીને દ્વીપ સમુદ્ર મપાય છે, ૨૫ કોડાકોડ પલ્યોપમના જેટલા સમય તેટલા દ્વીપ સમુદ્ર છે. ૧. અદ્ધા પલ્યોપમે કરીને દેવતા, નારકી, મનુષ્ય અને તિર્યંચનાં આઉખાં મપાય છે ૨. ક્ષેત્ર પલ્યોપમે કરીને દૃષ્ટિવાદે ત્રસાદિ પૃથ્વ્યાદિના જીવ માપ્યા છે ૩

એ ત્રણ પલ્યોપમના બાદર અને સૂક્ષ્મ એવં છ ભેદ હોય. તેનું સ્વરૂપ કાંઇક વિસ્તાર થકી લખીએ છીએ. અનંત પરમા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ણુએ એક ત્રસરેણુ થાય, આઠ ત્રસરેણુએ ૧ રથરેણુ થાય, આઠ રથરેણુએ ૧ વાલાગ્ર થાય, તે આઠ વાલાગ્રે ૧ લિક્ષા થાય, આઠ લિક્ષાએ ૧ યૂકા, આઠ યૂકાએ ૧ યવ અને આઠ યવે ૧ उत्सेध अंगुल થાય એ ૨૪ ઉત્સેધાંગુલે ૧ હાથ, ૪ હાથે ૧ ધનુષ, બે હજાર ધનુષે ૧ ગાઉ અને ૪ ગાઉએ એક ઉત્સેધાંગુલનું યોજન થાય. એવા ૧ યોજનનો લાંબો પોહોળો અને ઉંડો પાલો કલ્પીએ, તે પાલામાં દેવકુરૂ ઉત્તરકુરૂના યુગલિયાંના માથાના વાળના એક ખંડનો બીજો ખંડ ન થાય[1] એવા સૂક્ષ્મખંડ કરીને ભરીએ. તે અગ્નિએ બળે નહી, વાયરે ઉડે નહી અને પાણી તેને ભેદે નહી એવા ઠાંસી ઠાંસીને ભરીએ, તેમાંથી સમયે સમયે એકેક ખંડ કાઢીયે, કાઢતાં તે પાલો નિર્લેપ-ઠાલો થાય ત્યારે એક बादर उद्धार पल्योपम સંખ્યાતા જ સમયનું થાય. તેવા દશ કોડાકોડિ પલ્યોપમે એક બાદર ઉદ્ધાર સાગરોપમ થાય. એ બાદર ઉદ્ધાર સાગરોપમ કહેવા-માત્રજ છે પણ કામના નથી ૧. તથા તે વાલાગ્રના એકેકા ખંડના અસત્કલ્પનાએ પર્યાપ્તા સ્થૂળ પૃથ્વીકાય જીવનાં શરીર જેવડા અસંખ્યાતા ખંડ કલ્પીએ તે ખંડ પ્રતિસમયે એકેકો કાઢીએ, કાઢતાં પાલો ખાલી થયે એક सूक्ष्म उद्धार पल्योपम સંખ્યાતી કોડિ વરસનું થાય. તેવા દશ કોડાકોડિ પલ્યોપમે એક સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થાય. તેવા અઢી સાગરોપમના જેટલા સમય થાય તેટલા જંબૂદ્વીપ આદિ દઇને સ્વયંભૂરમણ લગે દ્વીપ સમુદ્ર છે. ૨. તથા તે વાલાગ્ર સો સો વરસે એકેકો કાઢીએ, કાઢતાં પાલો ઠાલો થાય ત્યારે એક बादर अद्धा पल्योपम સંખ્યાતી કોડાકોડિ વર્ષ પ્રમાણ થાય. તેવા દશ કોડાકોડિ પલ્યોપમે એક બાદર અદ્ધા સાગરોપમ થાય એ બાદર પલ્યોપમ સાગરોપમ કહેવા માત્ર જ છે, પણ કામના નથી ૩. તથા એકેકા વાલાગ્રનો અસંખ્યાતા ખંડ કલ્પવા અને તે ખંડ સો સો વરસે એકેકો

૧ એક ખંડનો બીજો ખંડ ન થાય આ હકીકત ટીકામાં નથી. ટીકામાં તો શિરનું મુંડન કરી લીધા પછી એક દિવસથી માંડી સાત દિવસ સુધીમાં જેવડો વાળ ઉગે તેવડા વાલાગ્રોથી કૂવો ભરવાનું કહ્યું છે જુઓ. ટીકા ગાથા ૮૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાઢતાં પાલો ઠાલો થાય ત્યારે એક **सूक्ष्म अद्धा पल्योपम** અસંખ્યાતી કોડાકોડિ વર્ષ પ્રમાણ થાય. તેવા દશ કોડાકોડિ પલ્યોપમે એક અદ્ધા સાગરોપમ થાય. એ પલ્યોપમ સાગરોપમે કરીને જીવનાં આઉખાં, કાયસ્થિતિ, કર્મસ્થિતિ અને પુદ્ગલસ્થિતિ એ સર્વ [માપીએ] જેમકે–મનુષ્ય તિર્યંચનું ઉત્કૃષ્ટાયુઃ ત્રણ પલ્યોપમનું હોય, દેવતા નારકીનું ઉત્કૃષ્ટાયુઃ તેત્રીસ સાગરોપમનું હોય ૪, તથા તે પાલાના વાલાગ્રે સ્પૃષ્ટ જે આકાશપ્રદેશ તે સમયે સમયે એકેકો અપહરતાં સ્પૃષ્ટ પ્રદેશ સર્વને અપહારે **बादर क्षेत्र पल्योपम** અસંખ્યાતી ઉત્સર્પિણી પ્રમાણ થાય. તેવા દશ કોડાકોડિ પલ્યોપમે બાદર ક્ષેત્ર સાગરોપમ થાય. એ બાદર ક્ષેત્ર પલ્યોપમ સાગરોપમનું કાર્ય નથી ૫. તથા તે પાલાને વાલાગ્રે ફરસ્યા અને અણફરસ્યા સર્વ આકાશપ્રદેશને સમયે સમયે એકેકો અપહરતાં પાલાના સર્વ પ્રદેશ અપહરાઈ રહે ત્યારે એક **सूक्ष्म क्षेत्र पल्योपम** થાય. તે બાદરથકી અસંખ્યાતગુણું કાળમાને હોય. તેવા દશ કોડાકોડિ પલ્યોપમે એક સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ થાય એ પલ્યોપમ સાગરોપમે કરીને દ્રષ્ટિવાદને વિષે પૃથિવી, અપ્, તેઉ, વાયુ, પ્રત્યેક વનસ્પતિ અને ત્રસ એ છ કાયના જીવનું પરિમાણ કહ્યું છે. પ્રશ્ન સૂક્ષ્મ વાલાગ્રને અંતરે અસ્પૃષ્ટ આકાશપ્રદેશ કેમ હોય ? ઉત્તર-કુષ્માંડ [કોળું] ભૃત માંચાને વિષે તે કુષ્માંડને આંતરે ન્હાનાં બીજોરાદિનાં ફળ ઘણાં રહે. તે ફળને આંતરે વાલ પ્રમુખના દાણા ઘણા રહે, તે ફળને આંતરે વળી સરસવના દાણા ઘણા રહે, એમ એ દૃષ્ટાંતે વાલાગ્રથકી આકાશપ્રદેશ અતિસૂક્ષ્મ છે તેથી ઠાંસીને ભરેલા વાલાગ્રને [1]આંતરે પણ અસંખ્યાતા આકાશપ્રદેશ અસ્પૃષ્ટ હોય. એ છ પ્રકારે પલ્યોપમ–સાગરોપમનું સ્વરૂપ શ્રી અનુયોગદ્વારસૂત્ર થકી કહ્યું ॥ ૮૫ ॥

---

૧ દરેક વાલાગ્રની અંદર પણ અસંખ્ય અસ્પૃષ્ટ આકાશપ્રદેશ હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પુદ્ગલ પરાવર્ત્તનું સ્વરૂપ

दव्वे खित्ते काले, भावे चउह दुह बायरो सुहुमो।
होइ अणंतुस्सप्पिणि–परिमाणो पुग्गलपरट्टो ॥८६॥

दव्वे=દ્રવ્ય વિષયક.
खित्ते=ક્ષેત્ર વિષયક.
काले=કાળ વિષયક.
भावे=ભાવ વિષયક.
चउह=ચાર પ્રકારે.
दुह=બે પ્રકારે.
बायरो=બાદર
सुहुमो=સૂક્ષ્મ
होइ=હોય.
अणंतुस्सप्पिणिपरिमाणो=અનંત ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ.
पुग्गलपरट्टो=પુદ્ગલપરાવર્ત્ત

અર્થ:—દ્રવ્ય વિષયક, ક્ષેત્રવિષયક, કાળવિષયક અને ભાવ વિષયક. એમ ચાર પ્રકારે પુદ્ગલપરાવર્ત બાદર અને સૂક્ષ્મ એ બે બે ભેદે હોય, તે દરેક અનંત ઉત્સાર્પિણી અવસાર્પિણી પ્રમાણ હોય છે. ॥ ૮૬ ॥

વિવેચન:-દ્રવ્યથકી પુદ્ગલપરાવર્ત ૧, ક્ષેત્ર થકી પુદ્ગલ પરાવર્ત્ત ૨, કાળ થકી પુદ્ગલપરાવર્ત ૩ અને ભાવ થકી પુદ્ગલ પરાવર્ત્ત ૪, એમ ચાર ભેદે પુદ્ગલપરાવર્ત્ત છે. તે વળી દરેક બાદર અને સૂક્ષ્મ એમ બે બે ભેદે હોય એટલે આઠ ભેદે પુદ્ગલ પરાવર્ત્ત હોય. એ આઠ માંહેનું એકેક પુદ્ગલપરાવર્ત્ત અનંતી ઉત્સર્પિણી[1] અવસર્પિણી[2] પ્રમાણ હોય ॥૮૬॥

---

૧ જેમાં સમયે સમયે પ્રાણીઓના શરીર તથા આયુષ્યનાં પ્રમાણાદિકની અપેક્ષાએ વૃદ્ધિ અનુભવાય તે ઉત્સર્પિણી.

૨ જેમાં સમયે સમયે પ્રાણીઓનાં શરીર તથા આયુષ્યનાં પ્રમાણાદિકની અપેક્ષાએ હાનિ અનુભવાય તે અવસર્પિણી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દ્રવ્ય- પુદ્ગલ પરાવર્ત્તનું સ્વરૂપ.**

# उरलाइसत्तगेणं, एगजिओ मुअइ फुसिअ सव्वअणू।
# जत्तिअकालि स थूलो, दव्वे सुहुमो सगन्नयरा ।८७।।

उरलाइसत्तगेणं=ઔદારિકાદિ સાતપણે
एगजिओ=એક જીવ.
मुअइ=મુકે-છોડી દે.
फुसिअ=સ્પર્શ કરીને-પરિણમાવીને
सव्वअणू=ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પરમાણુઓને
जत्तियकालि=જેટલા કાળે.
स=તેટલો કાળ.
थूलो=સ્થૂલ-બાદર.
दव्वे=દ્રવ્ય પુદ્ગલપરાવર્ત્ત થાય.
सुहुमो=સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ-પરાવર્ત.
सगन्नयरा=સાત માંહેલી એનેકેકી વર્ગણા વડે.

**અર્થ:**—જેટલા કાળે ચૌદ રાજલોકમાં રહેલા સર્વ પરમાણુઓ ઔદારિકાદિ સાતપણે એક જીવ સ્પર્શી પરિણમાવીને ત્યાગ કરે તે [તેટલા કાળે] સ્થૂલ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત થાય. અને સાત માંહેથી એકેકી કોઇપણે એક પણે સર્વ પરમાણુઓ સ્પર્શી પરિણમાવીને ત્યાગ કરે તેટલે કાળે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલપરાવર્ત થાય. ॥૮૭॥

**વિવેચન**—હવે દ્રવ્ય થકી પુદ્ગલ*પરાવર્ત કહે છે, સંસાર અટવીમાં ભમતો એક જીવ અનેકભવ ગ્રહણ કરવાવડે ચૌદ રાજ પ્રમાણ લોકના સર્વ પરમાણુઓ આહારક વિના ઔદારિક શરીરાદિ સાતપણે યથાયોગ્ય પરિણમાવી તદ્રૂપપણે કરીને જેટલે કાળે મૂકે તેટલે કાળે એ દ્રવ્ય થકી સ્થૂલ પુદ્ગલપરાવર્ત થાય ૧ અને તે સાત માંહેથી ઔદારિકાદિ કોઇ પણ એકપણે ચૌદ રાજલોકનાં સર્વ પરમાણુઓ ફરસી પરિણમાવીને એક જીવ જેટલે

* **પુદ્ગલાનાં** ચતુર્દશ રજ્વાત્મક લોકવર્તિ શમસ્ત પરમાણુનો **परावर्तः** ઔદારિકાદિ શરીરપણે ગ્રહણ કરીને મૂકવું તે રૂપ ફેરફાર છે. **यस्मिन् कालविशेषे** જે કાળને વિષે **स पुद्गलपरावर्तः** તે પુદ્ગલપરાવર્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાળ મૂકે ત્યારે તેટલે કાળે દ્રવ્યથકી સૂક્ષ્મ પુદ્‌ગલપરાવર્ત્ત થાય. આમાં વચ્ચે વચ્ચે શેષ છ વર્ગણાપણે પરિણમાવેલા પુદ્‌ગલો ગણવાના નથી. એ સૂક્ષ્મમાંહે બાદર પુદ્‌ગલપરાવર્ત અનંતા વહી જાય. એ દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્‌ગલપરાવર્ત્ત સાત ભેદે હોય ઔદારિક ૧, વૈક્રિય ૨, તૈજસ ૩, કાર્મણ ૪, મન ૫, ભાષા ૬, અને ઉચ્છ્વાસ ૭, એ સાતનું અલ્પબહુત્વ કહીએ છીએ–કાર્મણ શરીર પુદ્‌ગલપરાવર્ત્તનો નિવર્ત્તનકાળ સર્વ થકી થોડો હોય. ૧, તે થકી તૈજસશરીર પુદ્‌ગલપરાવર્ત્તનો નિવર્ત્તનકાળ અનંતગુણો ૨, એમ અનુક્રમે ઔદારિક ૩, શ્વાસોચ્છ્વાસ ૪, મન ૫, ભાષા ૬ અને વૈક્રિય પુદ્‌ગલપરાવર્ત્તનો નિવર્ત્તનકાળ એકેકથી અનંતગુણો અધિક જાણવો ૭. એ પ્રકારે નિવર્ત્તનકાળનું અલ્પ બહુત્વ જાણવું.

હવે વૈક્રિય પુદ્‌ગલપરાવર્ત્ત જીવે અનંતા કીધા પણ તે બીજા સર્વ થકી થોડા કીધા છે ૧, તે થકી ભાષા પુદ્‌ગલપરાવર્ત્ત અનંતગુણા કીધા છે ૨, એમ મન ૩, શ્વાસોચ્છ્વાસ ૪. ઔદારિક ૫, તૈજસ ૬ અને કાર્મણ પુદ્‌ગલપરાવર્ત્ત ૭ ઉત્તરોત્તર એકેક થકી અનંતગુણા કીધા છે. એ સર્વ પુદ્‌ગલપરાવર્ત્તનું માન અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ જાણવું. ॥ ૮૭ ॥

## ક્ષેત્રાદિ પુદ્‌ગલપરાવર્ત્તનું સ્વરૂપ.

**लोगपएसोसप्पिणि,–समया अणुभागबंधठाणा य।**
**जहतह कममरणेणं, पुट्ठा खित्ताइथुलिअरा ॥८८॥**

૧ કેટલાક આચાર્ય દ્રવ્ય પુદ્‌ગલપરાવર્તનું સ્વરૂપ આ પ્રમાણે વર્ણવે છે–જ્યારે એક જીવ અનેક ભવ ગ્રહણ કરવા વડે ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ચાર શરીરપણે યથાયોગ્ય સકલ લોકવર્તિ સર્વ પુદ્‌ગલોને પરિણમાવીને મૂકે છે ત્યારે બાદર દ્રવ્ય પુદ્‌ગલપરાવર્ત થાય છે, વળી જ્યારે ઔદારિકાદિ ચાર માંહેથી કોઈ પણ એક શરીર વડે સર્વ પુદ્‌ગલોને પરિણામાવીને મૂકે છે ત્યારે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલપરાવર્ત થાય. આમાં વચ્ચે વચ્ચે બાકીનાં શરીરરૂપે પરિણમાવેલા પુદ્‌ગલોની ગણનરી કરવાની નથી.

इति स्वोपज्ञटीकायाम्।



Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

लोगपएसा=લોકક્ષેત્રના પ્રદેશો.
उसप्पिणिसमया=ઉત્સર્પિણી અવસર્પિણીના સમયો.
अणुभागबंधठाणा=રસબંધનાં સ્થાનો.
जहतह=જેમ તેમ—આડાઅવળા
कम=અનુક્રમે.
मरणेणं=મરણ વડે.
पुट्ठा=સ્પર્શ કરેલા.
खित्ताइ=ક્ષેત્રાદિક.
थूलिअरा=બાદર અને સૂક્ષ્મ પુદ્‌ગલપરાવર્ત.

**અર્થઃ**—લોકક્ષેત્રના પ્રદેશો. ઉત્સર્પિણી અવસર્પિણીના સમયો અને રસબંધના સ્થાનો જેમ[1] તેમ [ ક્રમ વગર ] અને અનુક્રમે મરણ વડે સ્પર્શ કરાય ત્યારે ક્ષેત્રાદિ બાદર અને સૂક્ષ્મ પુદ્‌ગલ-પરાવર્ત્ત અનુક્રમે થાય ॥ ૮૮ ॥

**વિવેચનઃ**—હવે ક્ષેત્રાદિક ૩ પુદ્‌ગલપરાવર્ત્ત કહે છે.—ચૌદ રાજલોકના સર્વ આકાશપ્રદેશ ૧, ઉત્સર્પિણી અવસર્પિણીના સર્વ સમય ૨ અને અનુભાગબંધનાં સ્થાનક એટલે રસબંધના હેતુ રૂપ અધ્યવસાયનાં સ્થાનક ૩, એ ત્રણે જેમ તેમ—આઘાપાછા [ ક્રમોત્ક્રમ ] મરણે કરીને ફરસી રહે ત્યારે ક્ષેત્રાદિક એટલે ક્ષેત્રથી, કાળથી અને ભાવથી સ્થૂલ પુદ્‌ગલપરાવર્ત્ત અનુક્રમે થાય; અને એ ત્રણે અનુક્રમેજ મરણે કરીને ફરસે ત્યારે ક્ષેત્રથી, કાળથી અને ભાવથી સૂક્ષ્મ પુદ્‌ગલપરાવર્ત્ત થાય. તે આ પ્રમાણે—

ચૌદ રાજલોકના આકાશપ્રદેશ સર્વ મરતી વેળાએ એવી રીતે ફરસે કે એક મરણે એક આકાશપ્રદેશ લેખાય અને પૂર્વે જે આકાશપ્રદેશ મર્યો હોય તે આકાશપ્રદેશે ફરી મરે તે લેખામાં આવે નહીં. એમ કોઇ આકાશપ્રદેશ મરણે કરી ફરસ્યા વિના ન રહે ત્યારે क्षेत्रथकी बादर पुद्‌गलपरावर्त्त થાય ૩. મેરૂ પર્વતના મધ્યે ૮ રૂચક પ્રદેશ છે તે માંહિલા એક પ્રદેશે પ્રથમ મરે ત્યાર-પછી વળી કોઇક કાળાંતરે તે પ્રદેશની પાસેના બીજા પ્રદેશે મરે તે લેખાય. ત્યાર પછી વળી કોઇક કાળાંતરે તેને અડકતાં [નજી-કના ] ત્રીજે પ્રદેશે મરે તે લેખાય. તેના ગાળામાં આઘે પાછે પ્રદેશે મરે તે લેખામાં નહીં. એમ અનુક્રમે મરતાં એક એક પ્રદેશ ફરસતો સમગ્ર ચૌદ રાજલોકના આકાશપ્રદેશ ફરસી રહે

૧ "જેમ તેમ, અનુક્રમે" આ શબ્દો પહેલા પુ૦ પરા૦ માં કહ્યા નથી તેનું કારણ કે સૂ૦ બા૦ પુ૦ પરા૦ કોઈપણ એક જ વર્ગણાવડે પૂર્ણ ગણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે **क्षेत्रथी सूक्ष्म पुद्गलपरावर्त्त** થાય ૪. ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બે મળીને વીશ કોડાકોડિ સાગરોપમે એક કાળચક્ર કહેવાય, તેના સર્વ સમય જીવ મરણે કરીને ફરસે એટલે જે સમયે પૂર્વે મર્યો હોય તેજ સમયે ફરી મરે તે લેખાય નહીં અનેરે સમયે મરે તે લેખાય. એમ કાળચક્રના સર્વ સમય મરણ [વડે] ફરસી રહે ત્યારે **काळ थकी बादर पुद्गलपरावर्त्त** થાય ૫. તે કાળચક્રને પહેલે સમયે મરે ત્યાર પછી વળી ક્યારેક કાળચક્રને બીજે સમયે મરે તે લેખાય ત્યાર પછી વળી ક્યારેક કાળચક્રને ત્રીજે સમયે મરે તે લેખાય. વચ્ચે વચ્ચે આઘે પાછે સમયે મરે તે લેખામાં નહીં; એમ અનુક્રમે મરતો કાળચક્રના સર્વ સમય ફરસી રહે ત્યારે **काळ थकी सूक्ष्म पुद्गलपरावर्त्त** થાય ૬. એક સમયના ઉપજેલા સૂક્ષ્મ તેઉકાય જીવ અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ છે, તે થકી સર્વ તેઉકાય જીવ અસંખ્યાતગુણા છે, તે થકી તે તેઉકાય જીવની કાયસ્થિતિ અસંખ્યાતગુણી છે, તે થકી સંયમનાં સ્થાનક અસંખ્યાતગુણાં છે, તે થકી રસબંધના અધ્યવસાયસ્થાનક તીવ્રમંદાદિ ભેદે અસંખ્યાતગુણાં છે. તે રસબંધને સ્થાનકે મરતો જીવ ક્યારેક મંદાધ્યવસાયે મરે, કોઇ વારે તીવ્રે અને કોઇવારે અતિ તીવ્રે મરે, એમ મરતો સર્વ રસબંધનાં અધ્યવસાયસ્થાનક ફરસી રહે ત્યારે **भावथकी बादर पुद्गलपरावर्त्त** થાય ૭, અને જ્યારે પ્રથમ અતિ મંદ સ્થાનકે વર્ત્તતો મરે, પછી કોઇક કાળાંતરે તેથી ચઢતે બીજે અધ્યવસાય સ્થાનકે વર્ત્તતો મરે, તે પછી વળી કોઈક કાળાંતરે તેથી ચઢતે ત્રીજે અધ્યવસાયસ્થાનકે વર્ત્તતો મરે, વચમાં આઘે પાછે સ્થાનકે મરે તે લેખામાં નહીં, એમ અનુક્રમે રસબંધના અધ્યવસાયસ્થાનકે મરતો સર્વ સ્થાનક ફરસી રહે ત્યારે **भावथकी सूक्ष्म पुद्गलपरावर्त्त** થાય ૮. તથા પ્રકારાંતરે વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, સ્પર્શ ૮, અગુરુલઘુ ૧ અને ગુરુલઘુ ૧, એ બાવીશ ભેદે કરીને સર્વ લોકના પરમાણુ ફરસીને મૂકે ત્યારે બાદર ભાવ પુદ્ગલપરાવર્ત્ત થાય, એ ૨૨ માંહેથી એકેકાપણે સર્વ પુદ્ગલ ફરસી રહે ત્યારે સૂક્ષ્મ ભાવ પુદ્ગલપરાવર્ત્ત થાય. એમ ૨૨ ભેદે પણ સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્ત્ત થાય. ॥ ઇતિ પુદ્ગલપરાવર્ત્તસ્વરૂપં જ્ઞેયં. ॥ ૮૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉત્કૃષ્ટ જઘન્ય પ્રદેશબંધક.

**अप्पयरपयडिबंधी, उक्कडजोगी अ सन्निपज्जत्तो ।**
**कुणइ पएसुक्कोसं, जहन्नयं तस्स वच्चासे ॥८९॥**

अप्पयरपयडिबंधी=અલ્પતર પ્રકૃતિનો બંધક
उक्कडजोगी=સર્વોત્કૃષ્ટ યોગવાળો
सन्निपज्जत्तो=સંજ્ઞિપર્યાપ્તો
कुणइ=કરે છે.
पएसुक्कोसं=પ્રદેશોનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ.
जहन्नयं=જઘન્ય પ્રદેશબંધ
तस्स=તેના.
वच्चासे=વિપરીતપણે.

અર્થઃ-અલ્પતર પ્રકૃતિનો બંધક, સર્વોત્કૃષ્ટ યોગવાળો અને સંજ્ઞિપર્યાપ્તો પ્રદેશોનો ઉત્કૃષ્ટ બંધ કરે અને તેથી વિપરીતપણે જઘન્ય પ્રદેશબંધ કરે. ॥ ૮૯ ॥

વિવેચન-હવે ઉત્કૃષ્ટ પ્રદેશ બંધક અને જઘન્ય પ્રદેશબંધક કેવા હોય તેનું સ્વરૂપ કહે છે,

જે મૂળ પ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિ થોડી બાંધે તે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે; કર્મદલિયાના ભાગ થોડા થાય તેથી દરેકને પ્રદેશ ઘણા આવે માટે અલ્પતર પ્રકૃતિનો બંધક અને સર્વોત્કૃષ્ટ યોગવંત[1] એવો [2]સંજ્ઞી [3]પર્યાપ્તો જીવ उत्कृष्ट प्रदेशबंध કરે. તેને વિપર્યાસે એટલે બહુ પ્રકૃતિના બાંધનારને કર્મદલિક ઘણે ભાગે વહેંચાતા હોવાથી દરેકને પ્રદેશ થોડા આવે માટે ઉત્કૃષ્ટ પ્રકૃતિનો બંધક અને મંદયોગવંત એવો અસંજ્ઞી અપર્યાપ્તો જીવ जघन्य प्रदेशबंध કરે. ॥ ૮૯ ॥

## પ્રદેશબંધના સ્વામી

**मिच्छअजयचउआउ, बितिगुणविणुमोहिसत्तमिच्छाई ।**
**छण्हं सतरस सुहुमो, अजया देसा बितिकसाए ॥९०॥**

(Printed numerals above the verse words: १ over मिच्छ, २ over अजय, ७ over सत्त; १७ over सतरस, १ over अजया, २ over देसा, १ and २ over बितिकसाए.)

---

૧-૨-૩ ઉત્કૃષ્ટ યોગે ઉત્કૃષ્ટ પ્રદેશ બંધાય, અને સંજ્ઞી તથા પર્યાપ્તાને જ ઉત્કૃષ્ટ યોગ હોય તેથી એ પણ ત્રણ વિશેષણ સાર્થક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| मिच्छ=મિથ્યાદષ્ટિ | छण्हं=૭ મૂળ પ્રકૃતિનો |
| अजयचउ=અવિરત સમ્યગ્દષ્ટિ આદિ ચાર ગુણસ્થાનવાળા | सतरस=સત્તર ઉત્તર પ્રકૃતિનો |
| आऊ=આયુષ્યનો. | सुहुमो=સૂક્ષ્મસંપરાય ગુણઠાણાવાળો |
| वितिगुणविणु=બીજા ત્રીજા ગુણઠાણા વિના | अजया=અવિરત સમ્યગ્દષ્ટિ |
| मोहि=મોહનીય કર્મને વિષે. | देसा=દેશવિરતિ. |
| सत्त=સાત ગુણઠાણાવાળા | वितिकसाए=બીજા ત્રીજા કષાયોનો. |
| मिच्छाई=મિથ્યાત્વાદિ | |

**अर्थ**:-મિથ્યાદષ્ટિ અને અવિરત સમ્યગ્દષ્ટિ આદિ ગુણઠાણાવાળા આયુકર્મનો, બીજા ત્રીજા ગુણઠાણા વિના મિથ્યાત્વાદિ સાત ગુણઠાણાવાળા મોહનીય કર્મનો, સૂક્ષ્મસંપરાયવાળો છ મૂળ પ્રકૃતિ અને સત્તર ઉત્તર પ્રકૃતિનો, અવિરતિ બીજા કષાયોનો અને દેશવિરતિ ત્રીજા કષાયોનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે ॥ ૯૦ ॥

**विवेचन**:-હવે મૂળ અને ઉત્તર પ્રકૃતિના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી કહે છે.—

મિથ્યાદષ્ટિ ૧, અને અવિરત ૨, દેશવિરત ૩, પ્રમત્ત ૪, અને અપ્રમત્ત ૫ એ પાંચ ઉત્કૃષ્ટ યોગી સંજ્ઞીપર્યાપ્તા આયુઃકર્મ ઉત્કૃષ્ટ પ્રદેશનું બાંધે, બીજું ત્રીજું [ સાસ્વાદન મિશ્ર ] ગુણઠાણું વર્જીને શેષ મિથ્યાત્વથી અનિવૃત્તિ પર્યંત સાત ગુણઠાણાવાળા ઉત્કૃષ્ટ યોગી થકા મોહનીયકર્મ ઉત્કૃષ્ટ પ્રદેશનું બાંધે. સપ્તવિધબંધક હોવાથી. આયુ મોહ વર્જીને શેષ ૬ મૂળ પ્રકૃતિનો અને જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, અંતરાય[1] ૫, સાતાવેદનીય ૧, યશનામ ૧ અને ઉચ્ચગોત્ર ૧, એ ૧૭ ઉત્તર પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સૂક્ષ્મસંપરાય ગુણઠાણાવાળો કરે; ત્યાં એટલીજ પ્રકૃતિનો બંધ છે તે માટે.

---

૧ दातृप्रतिग्राहकयोरन्तर्विघ्नतया દાતાર અને ગ્રહણ કરનારના વચ્ચે વિઘ્નપણે अयते-गच्छति આવે इति अन्तरायम् એ અંતરાય. અને विशेषेण हन्यन्ते વિશેષ પ્રકારે હણાય જે दानादिलब्धयो દાનાદિ લબ્ધિઓ अनेन इति विघ्नम् જે વડે તે વિઘ્ન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવિરત સમ્યગ્દ્રષ્ટિ સપ્તવિધબંધક ઉત્કૃષ્ટયોગી બીજા અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. દેશવિરતિ સપ્તવિધ બંધક ઉત્કૃષ્ટ યોગી થકો ત્રીજો પ્રત્યાખ્યાનીય કષાય ઉત્કૃષ્ટ પ્રદેશ બાંધે. ॥ ૯૦ ॥

---

५ १ १ ३ ३

**पणअनिअट्टीसुखगइ, नराउसुरसुभगतिगविउव्विदुगं।**

१ १ १

**समचउरंसमसायं, वइरं मिच्छो व सम्मो वा ॥९१॥**

| | |
|---|---|
| पण=પુરુષવેદ અને સંજ્વલન કષાય એ પાંચ | विउव्विदुगं=વૈક્રિયદ્વિક. |
| अनिअट्टि=અનિવૃત્તિબાદરવાળો | समचउरंसं=સમચતુરસ્ર સંસ્થાન |
| सुखगइ=શુભ વિહાયોગતિ. | असायं=અસાતાવેદનીય. |
| नराउ=મનુષ્યાયુ, | वइरं=વજ્રઋષભનારાચ સંઘયણ. |
| सुरसुभगतिग=દેવત્રિક, સુભગ ત્રિક | मिच्छो=મિથ્યાદ્રષ્ટિ. |
| | व=અથવા |
| | सम्मो=સમ્યગ્દ્રષ્ટિ |

अर्थः–અનિવૃત્તિબાદર ગુણસ્થાનવાળો [ પુરુષવેદ અને સંજ્વલન કષાય ] પાંચનો અને મિથ્યાત્વી અથવા સમ્યગ્દ્રષ્ટિ શુભવિહાયોગતિ, મનુષ્યાયુ, સુરત્રિક, સુભગત્રિક, વૈક્રિયદ્વિક, સમચતુરસ્રસંસ્થાન, અસાતાવેદનીય અને વજ્રઋષભનારાચ સંઘયણ [ ૧૩ પ્રકૃતિ ] નો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. ॥ ૯૧ ॥

विवेचन–પુરુષવેદ ૧ અને સંજ્વલનના ૪ કષાય એ પાંચને અનિવૃત્તિબાદર ઉત્કૃષ્ટયોગી ઉત્કૃષ્ટ પ્રદેશ બાંધે, એક અથવા બે સમય લગે; ઇહાં પ્રકૃતિ થોડી બંધાય તેથી ભાગ ઘણો આવે તે માટે. શુભવિહાયોગતિ ૧, મનુષ્યાયુ ૨, દેવત્રિક ૫, સુભગ સુસ્વર આદેય એ સુભગત્રિક ૮, વૈક્રિયદ્વિક ૧૦, સમચતુરસ્ર સંસ્થાન ૧૧, અસાતાવેદનીય ૧૨ અને વજ્રઋષભનારાચ સંઘ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યણ ૧૩, એ તેર પ્રકૃતિ મિથ્યાત્વી અથવા સમ્યક્ત્વી ઉત્કૃષ્ટ યોગે વર્તતો ઉત્કૃષ્ટ પ્રદેશથી બાંધે. તે ઉપરાંતનાં બંધક નામની પ્રકૃતિ અધિકી બાંધે, તે માટે ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશબંધ હોય નહીં ॥ ૯૧ ॥

---

निद्दापयलादुजुअल–भयकुच्छातित्थ* सम्मगो सुजई।
आहारदुगं सेसा, उक्कोसपएसगा मिच्छो ॥ ९२ ॥

निद्दापयला=નિદ્રા, પ્રચલા
दुजुअल=બે યુગલ
भयकुच्छातित्थ=ભય, જુગુપ્સા અને તીર્થંકર નામકર્મને
सम्मगो=સમ્યગ્દષ્ટિ.
सुजई=અપ્રમત્તયતિ અને અપૂર્વકરણ ગુણઠાણાવાળા
आहारदुगं=આહારકદ્વિકને
सेसा=બાકીની ૬૬ પ્રકૃતિ.
उक्कोसपएसगा=ઉત્કૃષ્ટ પ્રદેશ બંધવાળી.
मिच्छो=મિથ્યાદષ્ટિ કરે.

अर्थः–સમ્યગ્દષ્ટિ નિદ્રા, પ્રચલા, બે યુગલ, ભય, જુગુપ્સા અને તીર્થંકર નામને, રૂડો સાધુ આહારકદ્વિકને, અને મિથ્યાદષ્ટિ બાકીની [૬૬] પ્રકૃતિઓને ઉત્કૃષ્ટ પ્રદેશબંધવાળી કરે.

विवेचनः—[1]નિદ્રા ૧, પ્રચલા ૨, હાસ્ય રતિ, શોક અરતિ એ બે યુગલ ૬, ભય ૭, જુગુપ્સા ૮ અને તીર્થંકર નામ ૯, એ નવ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સમ્યક્ત્વી કરે. ઉત્કૃષ્ટયોગી સપ્તવિધ બંધક સુયતિ અપ્રમત્ત તથા અપૂર્વ કરણે વર્તતો નામની ૩૦ બાંધતો આહારકદ્વિક ઉત્કૃષ્ટ પ્રદેશનું બાંધે શેષ ૬૬

---

* सम्यग् गच्छति ज्ञानादिमोक्षमार्गं इति सम्यगः।

१ नितरां તદ્દન द्राति–कुत्सितत्वं–अविस्पष्टत्वं गच्छति આચ્છાદનપણાને પામે चैतन्यं ચેતના अनया इति निद्रा જે વડે તે નિદ્રા.

× આ બે ગુણઠાણાવાળા પ્રમાદરહિત હોવાથી તેઓ સુયતિ છે, માટે સુયતિ (રૂડો સાધુ) શબ્દે આ બે ગુણસ્થાનકવાળા લીધા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

=પ્રકૃતિ રહી તેનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ઉત્કૃષ્ટયોગી મિથ્યાત્વી જ કરે; જ્યાં જ્યાં ઓછી પ્રકૃતિ બંધાય ત્યાં ત્યાં જે જે પ્રકૃતિ બાંધે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ઉત્કૃષ્ટ યોગવંત થકો કરે; એ હેતુ સઘળે જાણવો. ॥ ૯૨ ॥

**सुमुणी दुन्नि[२] असन्नि[३], निरयतिग[१]सुराउ[२]सुरविउव्वि[२]दुगं।**
**सम्मो[१] जिणं जहन्नं सुहुमनिगोआइखणि सेसा[१०९] ॥९३॥**

**सुमुणी**=સારા મુનિ-અપ્રમત્ત યતિ.
**दुन्नि**=બે પ્રકૃતિ [ આહારક દ્વિક ] ને
**असन्नी**=અસંજ્ઞી પર્યાપ્તો.
**निरयतिग**=નરકત્રિક,
**सुराउ**=દેવાયુને.
**सुरविउव्विदुगं**=સુરદ્વિક અને વૈક્રિયદ્વિકને.
**सम्मो**=સમ્યગ્દષ્ટિ,
**जिणं**=જિન નામકર્મને.
**जहन्नं**=જઘન્ય પ્રદેશબંધ
**सुहुमनिगोअ**=અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ જીવ.
**आइखणि**=ઉત્પત્તિના પહેલા સમયે.
**सेसा**=બાકીની ૧૦૯ પ્રકૃતિ

**અર્થઃ**—અપ્રમત્ત યતિ આહારકદ્વિકને, અસંજ્ઞિ પર્યાપ્તો નરકત્રિક તથા દેવાયુને સમ્યગ્દષ્ટિ દેવદ્વિક, વૈક્રિયદ્વિક તથા જિનનામકર્મને અને અપર્યાપ્ત સૂક્ષ્મનિગોદ જીવ ઉત્પત્તિના પહેલા સમયે બાકીની [૧૦૯] પ્રકૃતિને જઘન્ય પ્રદેશબંધવાળી કરે. ॥ ૯૩ ॥

**વિવેચનઃ**—હવે ઉત્તર પ્રકૃતિના જઘન્ય પ્રદેશબંધના સ્વામી કહે છે.—

= શેષ. ૬૬ પ્રકૃતિઓ નીચે પ્રમાણે–

૩ થીણદ્ધિત્રિક, ૧ મિથ્યાત્વમોહ, ૪ અનંતાનુબંધી કષાય, ૧ સ્ત્રીવેદ, ૧ નપુંસકવેદ, ૩ તિર્યંચત્રિક, ૩ નરકત્રિક, ૨ મનુષ્યદ્વિક, ૫ જાતિ, ૨ ઔદારિકદ્વિક, ૧ તૈજસશરીર, ૧ કાર્મણશરીર, ૫ પ્રથમ સિવાય પાંચ સંઘયણ, ૫ પ્રથમ સિવાય પાંચ સંસ્થાન, ૪ વર્ણ ચતુષ્ક ૧ અશુભવિહાયોગતિ, ૧ પરાઘાત, ૧ ઉશ્વાસ, ૧ ઉદ્યોત, ૧ અગુરુલઘુ ૧ આતપ ૧ નિર્માણ, ૧ ઉપઘાત, ૬ ત્રસષટ્ક, ૧૦ સ્થાવરદશક, અને ૧ નીચગોત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્રમત્ત યતિ પરાવર્ત્તમાન અષ્ટવિધબંધક સ્વપ્રાયોગ્ય [1]જઘન્ય વીર્યવંત[2] નામની ૩૧ પ્રકૃતિ બાંધતો આહારકદ્વિકનો જઘન્ય પ્રદેશબંધ કરે. તથા અસંજ્ઞી ઘોલમાન[3] યોગવંત પર્યાપ્તો નરકત્રિક અને દેવાયુ એ ૪ પ્રકૃતિનો જઘન્ય પ્રદેશબંધ કરે; તે જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટ ૪ સમય લગે કરે. જઘન્ય બંધનો કાળ *સઘળે એ પ્રમાણે જાણવો. તથા દેવદ્વિક ૨ વૈક્રિયદ્વિક ૨ અને જિનનામ ૧, એ પાંચ પ્રકૃતિનો જઘન્ય પ્રદેશબંધ સમ્યગ્દષ્ટિ પોતાના ભવને પ્રથમ સમયે વર્ત્તતો બાંધે, તે આ પ્રમાણે–કોઇ એક જીવ જિનનામ બાંધીને અનુત્તર વિમાને દેવતા ઉપન્યો; ત્યાં પ્રથમ સમયેજ સ્વપ્રાયોગ્ય જઘન્યવીર્યવંત થકો જિનનામનો જઘન્ય પ્રદેશબંધ નામની ૩૦ પ્રકૃતિઓ બાંધતો થકો કરે, અને દેવદ્વિક વૈક્રિયદ્વિકને જિનનામ બાંધતો થકો જ દેવતા નારકી ચ્યવીને મનુષ્યપણે ઉપન્યો થકો પ્રથમ સમયે સ્વપ્રાયોગ્ય જઘન્યવીર્યવંત જિનનામ યુક્ત દેવયોગ્ય નામની ૨૯ પ્રકૃતિ બાંધતો થકો જઘન્ય પ્રદેશે બાંધે. સૂક્ષ્મનિગોદ જીવ અપર્યાપ્તો પોતાના ભવને પહેલે સમયે વર્ત્તતો સર્વથી જઘન્ય વીર્યવંત યથાસંભવ ઘણી પ્રકૃતિ બાંધતો થકો શેષ ૧૦૯ પ્રકૃતિનો જઘન્ય પ્રદેશબંધ કરે. ॥ ૯૩ ॥

---

૧ **जघनमधस्तात्—निकृष्टो भागः** જઘન્ય એટલે નીચેનો ભાગ **तत्र भवं जघन्यं** ત્યાં ઉત્પન્ન થયેલ તે **જઘન્ય**; રોમ મલાદિ ત્યાં નિશ્ચે થોડા થાય છે તેની જેમ, આ લક્ષણવડે જઘન્ય એટલે સર્વસ્તોક અર્થ જાણવો.

૨ **विविधप्रकारैः** વિવિધ પ્રકારે **ईरयति** પ્રેરે **यत्प्राणिनं** જે પ્રાણિને **क्रियासु** ક્રિયાઓમાં **तद् वीर्यम्** તે **વીર્ય**,

૩ એક યોગમાંથી બીજા યોગમાં સંચાર કરતો. 'પરાવર્ત્તમાન'નો પણ એજ અર્થ છે.

* ભવોત્પત્તિના પ્રથમ સમય વિના સઘળે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રદેશબંધના ભાંગા

$^{6}$ दंसणछग$^{1}$भयकुच्छा, $^{4}$बि$^{4}$ति$^{4}$तुरिअकसाय$^{5}$विग्घ$^{5}$नाणाणं।
$^{6}$ मूलछगेऽणुक्कोसो, चउह दुहा सेसि सव्वत्थ ॥९४॥

दंसणछगभयकुच्छा=દર્શન-ષટ્ક ભય, જુગુપ્સા,
बितितुरियकसाय=બીજા ત્રીજા અને ચોથા કષાયો
विग्घनाणाणं=પાંચ અંતરાય અને પાંચ જ્ઞાનાવરણનો
मूलछगे=મોહનીય અને આયુ વર્જીને મૂળ પ્રકૃતિને વિષે.
अणुक्कोसो=અનુત્કૃષ્ટ પ્રદેશબંધ.
चउह=ચાર પ્રકારે [જાણવો.]
दुहा=બે પ્રકારે સાદિ, અધ્રુવ.
सेसि=બાકીના ત્રણ પ્રકારના બંધને વિષે
सव्वत्थ=બધે.

अर्थ:—દર્શનષટ્ક, ભય, જુગુપ્સા, બીજા ત્રીજા ચોથા કષાયો, પાંચ અંતરાય અને પાંચ જ્ઞાનાવરણનો તથા મોહનીય અને આયુ વર્જીને છ મૂળ પ્રકૃતિને વિષે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ ચાર પ્રકારે [સાદિ અનાદિ વગેરે] જાણવો. બાકીના ત્રણ પ્રકારના પ્રદેશબંધને વિષે અને બાકી રહેલ પ્રકૃતિના સર્વ પ્રકારના પ્રદેશબંધને વિષે સર્વત્ર બે ભેદે [સાદિ અધ્રુવ] બંધ હોય. ॥૯૪॥

विवेचन:—હવે એ પ્રદેશબંધને વિષે ભાંગા કહે છે.—ચાર દર્શનાવરણીય અને બે નિદ્રા એવં ૬, ભય ૭, જુગુપ્સા ૮, બીજા-અપ્રત્યાખ્યાનીય ૪, ત્રીજા પ્રત્યાખ્યાનીય ૪ અને ચોથા સંજ્વલન ૪ કષાય એવં ૧૨ કષાય મળીને ૨૦, પાંચ અંતરાય ૨૫ અને પાંચ જ્ઞાનાવરણીય, એ ૩૦ ઉત્તર પ્રકૃતિનો અને મોહ તથા આયુ વર્જીને છ મૂળ પ્રકૃતિનો જે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ તે સાદિ ૧, અનાદિ ૨, ધ્રુવ ૩ અને અધ્રુવ ૪. એ ચારે ભેદે હોય એ [૩૦=૬] પ્રકૃતિઓને વિષે બાકીના બંધ અને શેષ સર્વ પ્રકૃતિને વિષે પણ સર્વ બંધ તે સાદિ અને અધ્રુવ એ બે ભેદે હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહની ભાવના આ પ્રમાણે-જ્યાં સર્વ થકી ઘણા કર્મ-સ્કંધ ગ્રહે તે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કહીએ; ત્યાંથી ઉતરતા યાવત્ સર્વથી થોડા ગ્રહે ત્યાં લગે તે સર્વ અનુત્કૃષ્ટ કહીએ; એ બે પ્રકાર માંહે સર્વ પ્રદેશબંધ આવ્યા. તથા જ્યાં સર્વથી થોડા પ્રદેશ બંધાય તે જઘન્ય પ્રદેશબંધ અને ત્યાંથી અનુક્રમે ચઢતાં યાવત્ સર્વથી ઘણા કર્મસ્કંધ બાંધે ત્યાં લગે સર્વ અજઘન્ય કહીએ; એ બે પ્રકાર માંહે પણ સર્વ પ્રદેશબંધ આવ્યા. ત્યાં ચાર દર્શનાવરણીયનો ક્ષપક અને ઉપશામક સૂક્ષ્મસંપરાયે ઉત્કૃષ્ટ યોગવંત એક અથવા બે સમય લગે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે; ઉત્કૃષ્ટ યોગની સ્થિતિ એટલીજ છે તે માટે. એમ ઉત્કૃષ્ટ પ્રદેશ-બંધ કરીને ઉપશાન્તાવસ્થાએ અબંધક થઇને પડતો વળી એક અથવા બે સમય લગે ઉત્કૃષ્ટ બંધ કરીને પછી અનુત્કૃષ્ટ બંધ કરે ત્યારે તે અનુત્કૃષ્ટ બંધ સાદિ ૧, એ અવસ્થા નથી પામ્યા તેને અનાદિ ૨, અભવ્યને ધ્રુવ ૩, ભવ્યને અધ્રુવ ૪. તથા નિદ્રા, પ્રચલા, ભય અને કુચ્છા એ ચારનો તો અવિરતાદિક અપૂર્વ-કરણ લગેના ઉત્કૃષ્ટ યોગી સપ્તવિધ બંધકાળે એક અથવા બે સમયલગે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. એ અવિરતાદિક જ્યારે ઉત્કૃષ્ટ યોગ થકી અથવા બંધોચ્છેદ થકી પડીને અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે ત્યારે તે સાદિ ૧. એ અવસ્થા નથી પામ્યા તેને અનાદિ ૨, ધ્રુવ અધ્રુવ પૂર્વવત્ ૪. તથા અપ્રત્યાખ્યાનીય ૪ કષાયનો તો અવિરત સમ્યગ્દષ્ટિ ઉત્કટ યોગી સપ્તવિધબંધક ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. ત્યાંથી પડતો અનુત્કૃષ્ટ બંધ કરે ત્યારે તે સાદિ ૧, તે ઉત્કૃ-ષ્ટપણું નથી પામ્યા તેને અનાદિ ૨, ધ્રુવ, અધ્રુવ, પૂર્વવત્ ૪. એમ પ્રત્યાખ્યાનીય ૪ કષાયનો દેશવિરતિએ કહેવો, સંજ્વલન ૪ કષાયનો અનિવૃત્તિબાદરે પુરુષવેદનો બંધોચ્છેદ કર્યા પછી પોતપોતાના બંધોચ્છેદ અગાઉ એક અથવા બે સમય પર્યંત ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે, તે જ્યારે બંધોચ્છેદ થકી અથવા ઉત્કૃષ્ટ બંધ થકી પડતો અનુત્કૃષ્ટ બંધ કરે તે સાદિ ૧, એ સ્થાનક પૂર્વે નથી જ પામ્યા તેને અનાદિ ૨, ધ્રુવ અધ્રુવ પૂર્વવત્ ૪. તથા જ્ઞાનાવરણીય ૫ અને અંતરાય ૫, એ દશનો સૂક્ષ્મસંપ-રાયે ઉત્કૃષ્ટયોગી એક અથવા બે સમય ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે, જ્યારે બંધોચ્છેદ કરીને પડતો તથા ઉત્કૃષ્ટ બંધ થકી પણ પડતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુત્કૃષ્ટ બંધ કરે ત્યારે તે સાદિ ૧, તે સ્થાનક નથી પામ્યા તેને અનાદિ ૨, ધ્રુવ અધ્રુવ, પૂર્વવત્ ૪. એટલે એ ૩૦ ઉત્તર પ્રકૃતિનો અનુત્કૃષ્ટ બંધ ચારે ભેદે કહ્યો, હવે "दुहा सेसि सव्वत्थ त्ति" શેષ જઘન્ય અજઘન્ય અને ઉત્કૃષ્ટ એ ત્રણ બંધને વિષે સાદિ અધ્રુવ એ ભેદ હોય. ત્યાં એ ૩૦ પ્રકૃતિનો પૂર્વે ઉત્કૃષ્ટ બંધ કહ્યો તે પ્રથમજ બાંધવા માંડે તે માટે સાદિ ૧, અને પછી અબંધક થાય તથા અનુત્કૃષ્ટ બંધક થાય તે માટે અધ્રુવ ૨. હવે એ ૩૦ નો જઘન્ય પ્રદેશબંધ સૂક્ષ્મનિગોદિયા અપર્યાપ્તાને સર્વ થકી મંદ વીર્યવાળાને ભવને પહેલે સમયેજ પામીએ, દ્વિતીયાદિક સમયે અજઘન્ય બાંધે; વળી સંખ્યાતે કાળે જઘન્ય યોગ પામીને જઘન્ય પ્રદેશબંધ કરે વળી અજઘન્ય કરે, એમ એ બેને પરાવર્તે સાદિ અધ્રુવ એ બે ભાંગા હોય. હવે શેષ ૯૦ નો ચારે પ્રકારનો પ્રદેશબંધ તે સાદિ અધ્રુવ એ બે ભેદે હોય. ત્યાં થીણદ્ધિત્રિક ૩, મિથ્યાત્વ ૧, અનંતાનુબંધી ૪, એ આઠનો મિથ્યાત્વી ઉત્કટ યોગી સપ્તવિધબંધક એક અથવા બે સમય લગે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે, પછી તે ઉત્કૃષ્ટ યોગ થકી પડતો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે વળી ઉત્કૃષ્ટ કરે એમ એ બેના સાદિ અધ્રુવ એ બે ભાંગા ઉપજે; અને એ આઠ પ્રકૃતિનો જઘન્યબંધ તો સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તો સર્વથી જઘન્ય વીર્યવંત ભવને પ્રથમ સમયે વર્ત્તતો કરે, તે પછી દ્વિતીયાદિક સમયે અજઘન્ય બંધ કરે, કાળાંતરે વળી જઘન્ય કરે, એમ એ બે બંધ સાદિ અને અધ્રુવ હોય. એમ વર્ણ ચતુષ્ક ૪, તૈજસ ૫ કાર્મણ ૬, ઉપઘાત ૭, નિર્માણ ૮ અને અગુરુલઘુ ૯, એ નવ પ્રકૃતિનો ચારે પ્રકારનો બંધ તે સાદિ અધ્રુવ એ બે ભેદે કહેવો. પણ એનો ઉત્કૃષ્ટબંધ તે મિથ્યાત્વી ઉત્કૃષ્ટ યોગી સપ્તવિધ બંધક નામની ૨૩ નો બંધક કરે શેષ પૂર્વવત્; તથા અધ્રુવબંધી ૭૩નો ચારે પ્રકારનો બંધ તે તો અધ્રુવબંધી છે માટે સાદિ અધ્રુવ એ બે ભેદેજ હોય.

હવે મૂળ પ્રકૃતિના ભાંગા કહે છે–मूलछगे त्ति–મોહનીય અને આયુ વર્જી શેષ ૬ મૂળ પ્રકૃતિનો અનુત્કૃષ્ટબંધ ચાર ભેદે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય; તે આ પ્રમાણે—એ છનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ક્ષપક અથવા ઉપશામક સૂક્ષ્મસંપરાયે ઉત્કટયોગી એક અથવા બે સમય લગે કરે, પછી ઉપશાન્તમોહે અબંધક થઇને પડતો અથવા ઉત્કૃષ્ટ યોગ થકી પણ પડતો જ્યારે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે ત્યારે તે સાદિ ૧, પૂર્વે એ સ્થાનક પામ્યો નથી તેને અનાદિ ૨, ધ્રુવ અધ્રુવ પૂર્વવત્ ૪. અને શેષ ૩ બંધ બે ભેદે હોય. ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સૂક્ષ્મ સંપરાયે કહ્યો તે માટે સાદિ ૧, ત્યારપછી ઉપશાન્તમોહે છેદ કરે તથા પડતો અનુત્કૃષ્ટ કરે તે માટે અધ્રુવ ૨. એ ૬ નો જઘન્ય પ્રદેશબંધ તો સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તો સર્વથી મંદ વીર્યવંત ભવને આદ્ય સમયે કરે, તેજ દ્વિતીયાદિક સમયે અજઘન્ય પ્રદેશબંધ કરે વળી કાળાન્તરે જઘન્ય કરે, તે માટે એ બંને બન્ધ સાદિ અધ્રુવ એ બે ભાંગે હોય. હવે મોહના તથા આયુના ચારે પ્રકારના પ્રદેશબંધને વિષે બે ભેદે હોય ત્યાં મિથ્યાત્વી અથવા સમ્યક્ત્વી અનિવૃત્તિબાદરના અંતસગે સપ્તવિધબંધ વેળાએ ઉત્કૃષ્ટ યોગી છતો મોહનીયનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે પછી અનુત્કૃષ્ટ, વળી ઉત્કૃષ્ટ, એમ એ બે બંધ સાદિ અધ્રુવ હોય. અને જઘન્ય અજઘન્ય તો સૂક્ષ્મ નિગોદમાંહે પૂર્વની પેરે કહેવા. આયુકર્મ તો અધ્રુવબંધી છે માટે તેના ઉત્કૃષ્ટાદિ ચાર બંધ સાદિ અધ્રુવ હોય.

હવે એ ભાંગાની સંખ્યા—મૂળ છ પ્રકૃતિના એકેકીના દશ દશ એવં ૬૦ તથા બેના આઠ આઠ એવં ૭૬ અને ૩૦ ઉત્તર પ્રકૃતિના દશ દશ એવં ૩૦૦, અને ૯૦ પ્રકૃતિના આઠ આઠ એવં ૭૨૦ બે મળી ૧૦૨૦. મૂળ પ્રકૃતિના ૭૬ સહિત ૧૦૯૬ પ્રદેશબંધના ભાંગા થાય ॥ ૯૪ ॥

---

## યોગસ્થાનાદિ સાત બોલનું અલ્પબહુત્વ

**सेढिअसंखिज्जंसे, जोगट्ठाणाणि[1] पयडि[2]ठिइभेआ[3]।**

**ठिइबंधज्झवसाया[4]-णुभागठाणा[5] असंखगुणा ॥९५॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेढिअसंखिज्जंसे=શ્રેણિના અસંખ્યાતમે ભાગે
जोगट्ठाणाणि=યોગસ્થાનો
पयडिठिइभेया=પ્રકૃતિભેદો, સ્થિતિભેદો.
ठिइबंधज्झवसाया=સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો,
अणुभागठाणा=રસબંધના અધ્યવસાયસ્થાનો.
असंखगुणा=અસંખ્યાતગુણા

અર્થ:—શ્રેણિના અસંખ્યાતમે ભાગે યોગસ્થાનો છે, તેથી પ્રકૃતિભેદો, સ્થિતિભેદો, સ્થિતિબંધનાં અધ્યવસાયસ્થાનો અને રસબંધના અધ્યવસાયસ્થાનો અનુક્રમે અસંખ્યાતગુણા છે. ॥૯૫॥

વિવેચન:—હવે પૂર્વોક્ત યોગસ્થાનક વિગેરે સાત બોલનું અલ્પબહુત્વ કહે છે–ઘનીકૃત લોકની સાત રાજ લાંબી એક પ્રદેશની આકાશશ્રેણિ તેના અસંખ્યાતમા ભાગને વિષે જેટલા આકાશપ્રદેશ હોય તેટલાં योग स्थानक [વીર્યના સૂક્ષ્મ વિભાગ] છે. અહીં જીવ અનંતા છે અને યોગસ્થાન અસંખ્યાતાં છે, તે એકેકે સરખે યોગસ્થાને અનંતા સ્થાવર જીવ છે માટે વળી સર્વ સૂક્ષ્મ અપર્યાપ્તા એક સમય લગે એક યોગસ્થાને હોય, બીજે સમયે અસંખ્યાતગુણો યોગ વધે, ત્યારે જૂદે જૂદે સ્થાનકે હોય અથવા એક સ્થાને પણ હોય અને ત્રસ જીવો તો સરખે યોગસ્થાને અસંખ્યાતા હોય, તે માટે અસંખ્યાતાંજ યોગસ્થાનક છે પણ અનંતા નહીં. વળી પર્યાપ્તા સર્વ જીવ સ્વપ્રાયોગ્ય સર્વ જઘન્ય યોગસ્થાને જઘન્યથી ૧ સમય, અને ઉત્કૃષ્ટપણે ૪ સમય લગે રહે અને સ્વપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ યોગસ્થાને જઘન્ય ૧ સમય, તથા ઉત્કૃષ્ટ બે સમય રહે. મધ્યમ યોગસ્થાને જઘન્ય ૧ સમય, ઉત્કૃષ્ટા ૩–૪થી યાવત્ ૮ સમય પણ રહે, પછી વધે–ઘટે [યોગાન્તર થાય] એ યોગ પન્નર ભેદે છે તે પૂર્વે ચોથા કર્મગ્રંથમાંહે વિસ્તારે કહ્યા છે. તે યોગસ્થાનથકી મૂલપ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિના ભેદ અસંખ્યાતગુણા[1] છે. મૂળ પ્રકૃતિ ૮ અને ઉત્તર પ્રકૃતિ તો ૧૫૮ જ છે, પણ ક્ષેત્રાદિ સંબંધે કરીને બંધના વિચિત્રપણા થકી અને ઉદયના વિચિત્રપણા થકી અસંખ્યાતા

૧. એક એક યોગસ્થાને વર્તતા નાના જીવો વડે અથવા કાળ ભેદે એક જીવવડે સર્વ પ્રકૃતિઓ બંધાય છે તેથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભેદ થાય છે. તેનું સ્વરૂપ સવિસ્તરપણે આવશ્યકવૃત્તિ થકી જાણવું. ચાર આનુપૂર્વીનાં બંધોદયને વિચિત્રપણે કરીને લોકને અસંખ્યાતમે ભાગે જેટલા આકાશપ્રદેશ હોય તેટલા અસંખ્યાતા [આનુપૂર્વીના ભેદ] છે, એમ બૃહચ્છતકતચૂર્ણિને વિષે કહ્યું છે. તે પ્રકૃતિભેદ થકી સ્થિતિભેદ અસંખ્યાતગુણા છે. અન્તર્મુહૂર્ત્તની સ્થિતિ ૧, સમયાધિક અન્તર્મુહૂર્ત્તની સ્થિતિ ૨, દ્વિસમયાધિક અન્તર્મુહૂર્તની સ્થિતિ ૩, એમ યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ લગે એકેકી પ્રકૃતિ અસંખ્યાતે સ્થિતિવિશેષે કરીને બંધાય, તે માટે અસંખ્યાતગુણા ૩, તે થકી स्थितिबंधना अध्यवसायस्थानक અસંખ્યાતગુણા[1] છે; કષાયજનિત જીવપરિણામવિશેષ તે અધ્યવસાયસ્થાનક એકેકું અંતર્મુહૂર્ત્તમાન હોય ૪, તે થકી अनुभागबंधना अध्यवसायस्थानक અસંખ્યાગુણા હોય; એકેકું અનુભાગબંધાધ્યવસાયસ્થાનક જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૮ સમયનું હોય તે માટે એકેકા સ્થિતિબંધાધ્યવસાયસ્થાનકને વિષે એક જીવ તથા અનેક જીવને આશ્રયીને અસંખ્યાત લોકાકાશપ્રદેશપ્રમાણ અનુભાગ[2] બંધાધ્યવસાયસ્થાનક હોય ૫. ॥ ૯૫ ॥

---

## तत्तो कम्मपएसा, अणंतगुणिआ तओ रसच्छेआ ।
## जोगा पयडिपएसं, ठिइअणुभागं कसायाओ ॥९६॥

---

૧ પ્રત્યેક સ્થિતિસ્થાનક અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાને બંધાય છે તેથી.

૨ કષાયજન્ય તેમજ લેશ્યાજન્ય આત્મપરિણામોની તરતમતાને લીધે સ્થિતિ સરખી બંધાવા છતાં રસમાં અસંખ્ય પ્રકારની (અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણની) તરતમતા થાય છે. તેથીજ સ્થિતિબંધાધ્યવસાયસ્થાનકથી રસબંધાધ્યવસાયસ્થાનક અસંખ્યગુણાં છે. સ્થિતિબંધ થવામાં કષાયજન્ય આત્મપરિણામ કારણ છે જ્યારે રસબંધ થવામાં કષાય તેમજ લેશ્યા બંને કારણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्तो=તે કરતાં
कम्मपएसा=કર્મપ્રદેશો-કર્મના સ્કંધો.
अणंतगुणिया=અનંતગુણા
तओ=તે કરતાં
रसच्छेआ=રસના અવિભાગ પલિચ્છેદો
जोगा=યોગથકી,
पयडिपएसं=પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ
ठिइअणुभागं=સ્થિતિબંધ અને રસબંધ [થાય]
कसायाओ=કષાયવડે

अर्थः—તે કરતાં કર્મના સ્કંધો અનંતગુણા અને તે કરતાં રસના અવિભાગપલિચ્છેદો અનંતગુણા છે. યોગ થકી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય તથા કષાય વડે સ્થિતિબંધ અને રસબંધ થાય. ॥ ૯૬ ॥

विवेचनः—તે થકી એકેક कर्मस्कंधना परमाणु અનંતગુણા છે; અભવ્યથકી અનંતગુણા અને સિદ્ધને અનંતમે ભાગે પરમાણુએ નિષ્પન્ન સ્કંધ પ્રત્યેજ જીવ ગ્રહી શકે તે માટે ૬, તે થકી रसबंधना अविभाग पलिच्छेद અનંતગુણા છે; એકેકા કર્મસ્કંધના પરમાણુમાંહિ પણ સર્વ જીવથકી અનંતગુણા રસના અવિભાગ પલિચ્છેદ પામીએ તે માટે ૭. એ યોગસ્થાનાદિ સાત બોલનું અલ્પબહુત્વ જાણવું.

હવે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધના હેતુ કહે છે.-પ્રકૃતિબંધ અને પ્રદેશબંધનો હેતુ યોગ છે; યદ્યપિ ષડશીતિકે બંધના મિથ્યાત્વાદિક ચાર હેતુ કહ્યાં છે તોપણ મિથ્યાત્વ અવિરતિ અને કષાયને અભાવે પણ યોગ માત્ર જ હેતુએ કરીને ૧૧, ૧૨, ૧૩ ગુણઠાણે વેદનીયના પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે, અને અયોગી ગુણઠાણે યોગને અભાવે તે ન બાંધે તથા પ્રકૃતિબંધે મંદ વીર્યવંત થોડી પ્રકૃતિ બાંધે અને તીવ્ર વીર્યવંત ઘણી પ્રકૃતિ બાંધે છે, અને પ્રદેશબંધે પણ સ્વામી દેખાડ્યા ત્યાં મંદ તીવ્ર વીર્યવંત કહ્યા; તે માટે યોગ પ્રધાન કારણ છે. તથા સ્થિતિબંધ અને અનુભાગબંધનો હેતુ કષાય છે; મિથ્યાત્વ અવિરતિને અભાવે પણ કષાય માત્રજ હેતુએ કરીને સ્થિતિ અને અનુભાગબંધ થાય. અને સ્થિતિ અનુભાગના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામી દેખાડ્યા ત્યાં પણ સંકુલિષ્ટ પરિણામી અને વિશુદ્ધ પરિણામી એ હેતુ કહ્યા છે, ત્યાં સંકુલિષ્ટ તે તીવ્ર કષાયી અને વિશુદ્ધ તે મંદકષાયી જાણવો, અને તે કષાયને અભાવે તો ઉપશાન્તમોહાદિકને વિષે વેદનીય જ બાંધે છે, તે પણ બે સમયની જ બાંધે તે માટે કષાય જ પ્રધાન હેતુ છે. ॥ ૯૬ ॥

---

**चउदसरज्जू लोगो, बुद्धिकओ [1]सत्तरज्जुमाणघणो ।**
**तद्दीहेगपएसा, सेढी पयरो अ तव्वग्गो ॥ ९७ ॥**

| | |
|---|---|
| **चउदसरज्जू**=ચૌદરાજ પ્રમાણ. | **तद्**=તે [ ઘનીકૃત લોક ] ની |
| **लोगो**=લોક. | **दीहेगपएसा**=લાંબી એક પ્રદેશની. |
| **बुद्धिकओ**=મતિકલ્પનાએ કરેલો. | **सेढी**=શ્રેણિ. |
| **सत्तरज्जुमाणघणो**=સાતરાજ પ્રમાણનો ઘન | **पयरो**=પ્રતર. |
| | **तव्वग्गो**=તેનો વર્ગ. |

**અર્થ:**—ચૌદ રાજ પ્રમાણ લોક તેને મતિકલ્પનાએ ઘન કરેલો સાત રાજ પ્રમાણ થાય. તે ઘનીકૃત લોકની લોકપ્રમાણ લાંબી એક પ્રદેશની શ્રેણિ તે સૂચિશ્રેણિ. તેનો વર્ગ તે પ્રતર જાણવો. ॥ ૯૭ ॥

**વિવેચન:**—હવે ઘન અને પ્રતર અને શ્રેણિનું સ્વરૂપ કહે છે. માઘવતીના તળા થકી મોક્ષ લગે લોક ચૌદ રાજ ઉંચપણે છે, એ લોક તળે સાત રાજ પહોળો છે, ત્યારપછી ઉતરતો ઉતરતો મધ્ય તિર્યગ્લોક એક રાજ પહોળો છે, ત્યાંથી વળી ચઢતો ચઢતો બ્રહ્મલોકકલ્પે પાંચ રાજ પહોળો છે, ત્યાંથી વળી ઉતરતો

---

૧ કોઈ **સત્તરજ્જુઘણો** ઇતિ પાઠાંતરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


ઉતરતો ઉપર એક રાજ પહોળો છે; તે બુદ્ધિએ-કલ્પનાએ કીધો થકો સાતરાજ ઘન થાય.

હવે તે બુદ્ધિએ કીધો [કલ્પનાએ કલ્પ્યો] થકો સાત રાજ ઘન કેમ થાય? તે લખીએ છીએ. તે લોકના મધ્યભાગે ઉભી ચૌદ રાજ ઉંચી અને એક રાજ પહોળી ત્રસનાડી છે. ત્રસજીવ સર્વ તે માંહે છે તે માટે ત્રસનાડી કહીએ. તે ત્રસનાડી થકી દક્ષિણ દિશિનો અધોલોકનો ખંડ હેઠે ત્રણ રાજ પહોળો, ઉપર સાંકડો અને સાત રાજ ઉંચો છે તે ઉપાડીને ત્રસનાડીની ઉત્તર દિશિએ વિપરીતપણે જોડીએ એટલે ઉપરનો સાંકડો હેઠે અને હેઠલો પહોળો ઉપર આણીએ ત્યારે એ અધોલોક સાત રાજ ઉંચો અને ચાર રાજ પહોળો સઘળે સરખો થાય. તથા ઉર્ધ્વ લોકે ત્રસનાડી થકી દક્ષિણ દિશિનો ખંડ બે રાજ પહોળો, સાત રાજ ઉંચો, તેના બ્રહ્મ દેવલોકના મધ્યથકી હેઠલો ઉપરલો બે ખંડ કરીને ત્રસનાડીને ઉત્તર પાસે વિપરીતપણે એટલે પહોળપણું હેઠે ઉપર ને સાંકડાપણું વચ્ચે આણીને સ્થાપીએ, એમ કીધે ઉર્ધ્વલોક ત્રણ રાજ પહોળો અને સાત રાજ ઉંચો સઘળો સરખો થાય. કોઇ ઠેકાણે થોડું ઘણું અધિકું ઓછું હોય તે પોતાની બુદ્ધિએ અધિકું ઓછામાં ભેળી સરખું કરીએ. ત્યાર પછી તે લોકનું ઉપરલું અર્દ્ધ ઉપાડીને સંવર્તિત અધોલોકને દક્ષિણ પાસ જોડીએ એટલે સાત રાજ પહોળો, સાત રાજ લાંબો અને સાત રાજ ઉંચો સમચતુરસ્ર ઘન લોક થયો. હવે લોક તો વૃત્ત છે અને એ ઘન તો સમચતુરસ્ર થયો તેથી વૃત્ત કરવાને માટે તેને ૧૯ ગુણા કરી બાવીશે ભાગ હરીએ-ભાંગીએ ત્યારે કંઇક ન્યૂન સાત રાજ વૃત્ત લાંબો પહોળો થાય પણ વ્યવહારથકી સઘળે સાત રાજનો જ ચતુરસ્ર ઘનલોક જાણવો. ઇહાં રાજમાન તે સ્વયંભૂરમણ સમુદ્રની પૂર્વ દિશાની વેદિકા થકી દક્ષિણ વેદિકા લગે અસંખ્યાતી કોડાકોડિ યોજન પ્રમાણ જાણવું. એ ઘન ચતુરસ્ર લોકનાં એકેક રાજનાં ઘન ચતુરસ્ર ખંડક ૩૪૩ થાય અને ઘનવૃત્ત લોકનાં ઘનચતુરસ્ર ખંડક ૩૯૭ થાય. इति घनलोक स्वरूपम् ।

તે ઘનલોક જેવડી લાંબી એટલે સાત રાજ લાંબી અને એક પ્રદેશની પહોળી શ્રેણિ જ્યાં કહી છે ત્યાં એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# चतुर्दशरज्ज्वात्मकलोकस्यस्थापना





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂચના:—આ પાછળ બતાવેલ ચૌદ રાજલોકની સ્થાપનામાં બ્લૅક લાઈન [કાળી લીંટી] વચ્ચે આવેલ લોકક્ષેત્ર છે. નીચે સાતમી નારકીના તળે સાત રાજ, વચ્ચે સમભૂતળ આગળ એક રાજ, બ્રહ્મદેવલોક પાસે પાંચ રાજ અને ઊંચે ગ્રૈવેયક પાસે એક રાજ પહોળાઇ છે अ ब પાસાની નીચેની પહોળાઇ દેશે ઊણી ત્રણત્રણ રાજની છે. क ड લાઈનની પહોળાઇ બએ રાજની છે. ब પાસુ ડાબી તરફ મેળવીએ અથવા अ પાસુ જમણી તરફ મેળવીએ એટલે ચાર રાજ પહોળો અને સાત રાજ ઊંચો લોક થાય. તે પ્રમાણે इ અને ग પાસા જમણી તરફ મેળવીએ અથવા फ અને ह પાસા ડાબી તરફ મેળવીએ ત્યારે ત્રણ રાજ પહોળો અને સાત રાજ ઊંચો લોક થાય. તે અધો અને ઉર્ધ્વલોકના બંને વિભાગને એક સાથે મેળવીએ એટલે સાત રાજ ઘનલોક થાય. તેની સ્થાપના આ સાથેજ આપી છે. આ પ્રમાણે કરવાથી સર્વત્ર સાત રાજ થઈ શકતું નથી પરંતુ અપૂર્ણને પૂર્ણ ગણી લેવાને ન્યાયે સાત રાજ ગણેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# बुध्ध्या घनीकृत लोकस्यस्थापना ※




※ સાતરાજ પહોળો, સાતરાજ લાંબો અને સાતરાજ ઉંચો એવો

સાતરાજ ઘનલોક કલ્પનાવડે કરીએ ત્યારે થાય તેના એકરાજ પહોળા, એકરાજ લાંબા અને એકરાજ ઉંચા એવા સમચોરસ ઘનખંડુક કરીએ ત્યારે ૩૪૩ થાય. ઉપરનું દરેક ખાનું એકરાજ લાંબુંપહોળું સમજવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘનીકૃત લોકની સાતરાજની લેવી, એકસરી મોતીની માળાની પરે. અને તે શ્રેણિના વર્ગ કરીએ એટલે એક શ્રેણિના જેટલા પ્રદેશ હોય તેટલા ગુણા કરીએ તેને **प्रतर** કહીએ, તેને વળી શ્રેણિના પ્રદેશ સાથે ગુણીએ તેને **घन** કહીએ. યથા–અસત્કલ્પનાએ એક શ્રેણિએ પાંચ પ્રદેશ છે તે સૂચિ કહીએ. તેને વળી પાંચ-ગુણા કરીએ તો ૨૫ થાય. તેને પ્રતર કહીએ. તેને વળી પાંચ ગુણા કીધે ૧૨૫ થાય એ ઘન કહીએ. ઇહાં સાત રાજ લાંબો સાત રાજ પહોળો અને જાડપણે એક પ્રદેશનો તે પ્રતરરાજ જાણવો, અને સમસ્ત લોક તે ઘન લોક કહીએ ॥ ૯૭ ॥

## ઉપશમ શ્રેણિનું સ્વરૂપ.

४ ३ १ १ ६ १

**अणदंसनपुंसित्थी वेअच्छक्कं च पुरिसवेअं च ।**
**दो दो एगंतरिए, सरिसे सरिसं उवसमेइ ॥ ९८ ॥**

**अणदंसनपुंसित्थीवेय**=અનંતાનુબંધિ કષાય, દર્શનમોહનીય, નપુંસકવેદ, સ્ત્રીવેદ.
**छक्कं**=હાસ્યાદિષટ્ક.
**पुरिसवेअं**=પુરૂષવેદ.
**दोदो**=બબે [ ક્રોધાદિ કષાય ].
**एगंतरिए**=એકેક [ સંજ્વલન ક્રોધાદિ ] ના આંતરે.
**सरिसेसरिसं**=સરખેસરખાને.
**उवसमेइ**=ઉપશમાવે.

**अर्थः**—[ ઉપશમશ્રેણિ કરનાર ] અનંતાનુબંધિ કષાય, ત્રણ દર્શનમોહનીય, નપુંસક વેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિષટ્ક, પુરૂષવેદ અને સંજ્વલન એકેક કષાયને આંતરે બબે કષાયો સરખે સરખાને અનુક્રમે ઉપશમાવે. ॥ ૯૮ ॥

**विवेचनः**–તે ઉપશમ શ્રેણિનો કરનાર અપ્રમત્ત યતિજ હોય. કોઇક આચાર્ય કહે છે–અવિરતિ, દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્ત એ માંહેલો ઉપશમશ્રેણિ કરે, તે પ્રથમ અનંતાનુબંધિ ચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કષાય સમકાળે અંતર્મુહૂર્તમાંહે ઉપશમાવે. કેટલાએક કહે છે કે અનંતાનુબંધિની ઉપશમના ન હોય તે માટે તેની વિસંયોજના કરે કે ખપાવે. ત્યારપછી સમ્યક્ત્વ મિશ્ર મિથ્યાત્વ રૂપ ત્રણ દર્શન મોહનીય સમકાળે ઉપશમાવે. ત્યાં મિથ્યાદૃષ્ટિને પ્રથમ સમ્યક્ત્વ પામતાં મિથ્યાત્વ ઉપશમાવ્યા બાદ અનંતર સમયે મિથ્યાત્વના અનુદય થકી ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. ત્યારપછી દેશવિરત પ્રમત્ત અપ્રમત્તે પણ મિથ્યાત્વ ઉપશમેલું પામીએ. અને વેદક સમ્યગ્દૃષ્ટિ ત્રણે દર્શનમોહનીયનો ઉપશામક હોય. તે અપૂર્વકરણ ગુણઠાણે ચઢતો તે ગુણઠાણાનો સંખ્યાતમો ભાગ ગયે થકે નિદ્રા અને પ્રચલાનો બંધોચ્છેદ કરે. તથા વળી તે ગુણઠાણાના સંખ્યાતા ભાગ ગયે થકે અને એક ભાગ થાકતે થકે દેવગતિ ૧, દેવાનુપૂર્વી ૨, પંચેંદ્રિય જાતિ ૩, વૈક્રિય શરીર ૪, વૈક્રિયોપાંગ ૫, આહારક શરીર ૬, આહારકોપાંગ ૭, તૈજસ શરીર ૮, કાર્મણ શરીર ૯, સમચતુરસ્ર સંસ્થાન ૧૦, વર્ણચતુષ્ક ૧૪, અગુરુલઘુ નામ ૧૫, પરાઘાત નામ ૧૬, ઉપઘાત નામ ૧૭, ઉચ્છ્વાસ નામ ૧૮, ત્રસ નવક ૨૭, શુભવિહાયોગતિ ૨૮, નિર્માણ નામ ૨૯ અને જિન નામ ૩૦, એ ત્રીશ પ્રકૃતિને બંધથી ટાળે. વળી તેજ ગુણઠાણાને ચરમ સમયે હાસ્ય, રતિ, ભય અને કુચ્છા એ ચારનો બંધ ટાળે એનું સ્વરૂપ વિસ્તાર થકી કર્મપ્રકૃતિની ટીકાથી જાણવું. હવે નવમે ગુણઠાણે આવ્યો શું કરે ? તે કહે છે—ત્યાર પછી જો પુરૂષ આરંભતો હોય તો પ્રથમ નપુંસક વેદ, પછી સ્રીવેદ, પછી હાસ્યષટ્ક અને પછી પુરૂષવેદ ઉપશમાવે. જો સ્રી આરંભતી હોય તો પ્રથમ નપુંસક વેદ, પછી પુરૂષ વેદ પછી હાસ્ય ષટ્ક અને પછી સ્રીવેદ ઉપશમાવે, અને જો નપુંસક આરંભતો હોય તો પ્રથમ સ્રીવેદ, પછી પુરૂષવેદ, પછી હાસ્ય ષટ્ક અને પછી નપુંસક વેદ ઉપશમાવે. ત્યારપછી બે બે ક્રોધાદિક એકેક સંજ્વલન કષાયને આંતરે સરખે સરખા ઉપશમાવે, તે આ પ્રમાણે—અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય એ બે ક્રોધ સમકાળે ઉપશમાવે, ત્યાર પછી સંજ્વલન ક્રોધ ઉપશમાવે, ત્યારપછી અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય એ બે માન સમકાળે ઉપશમાવે, ત્યાર પછી સંજ્વલન માન ઉપશમાવે. ત્યારપછી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખ્યાનીય એ બે માયા સમકાળે ઉપશમાવે. ત્યાર પછી સંજ્વલન માયા ઉપશમાવે. ત્યારપછી અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય એ બે લોભ ઉપશમાવે. ત્યારપછી સંજ્વલન લોભ ઉપશમાવે. ત્યાં અંતે સંજ્વલન લોભ ઉપશમાવતા થકો તે લોભના ત્રણ ખંડ કરે, ત્યાં બે ભાગ ભેગા ઉપશમાવે અને ત્રીજા ભાગના સંખ્યાતા ખંડ કરીને જૂદા જૂદા ઉપશમાવે. એ દશમે ગુણઠાણે ઉપશમાવે. પ્રશ્ન:–એ ઉપશમ શ્રેણિ તો અપ્રમત્ત સંયતજ પ્રારંભ કરે અને તેને તો અપ્રમત્ત સંયતપણું સાત પ્રકૃતિના ક્ષય તથા ઉપશમથીજ હોય, અન્યથા તે સાતને ઉદયે તો સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ ન હોય તો ચારિત્ર ક્યાંથી હોય? તો હમણાં તેનો ઉપશમ કહેવાનું શું કામ? तत्रोत्तरं—પૂર્વે તેનો ક્ષયોપશમ કહ્યો હતો અને હમણાં તેનો ઉપશમ કહીએ. ઉદિત કર્માંશને ક્ષયે અને અનુદિતને ઉપશમે ક્ષયોપશમ કહીએ. અને ઉપશમે તેને ઉપશમજ કહીએ, તો એ બે માંહે શું વિશેષ છે? તત્રોત્તરં–તદાવરણ કર્મને ક્ષયોપશમે પ્રદેશથી વેદન છે અને ઉપશમે તે ન હોય यदुक्तं—

वेएइ संतकम्मं, खओवसमिएत्थ नाणुभावं सो।
उवसंतकसाओ पुण, वेएइ न संतकम्मं पि* ॥१॥

એ કષાયનો ઉપશામક ઉપશાંતકષાયાવસ્થાએ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટપણે અંતર્મુહૂર્ત્ત લગે રહે. ત્યાર પછી નિશ્ચયે પડે, તે [કાળક્ષયે] અનુક્રમેજ પડતો કોઇક અપ્રમત્ત ગુણઠાણે આવી રહે, કોઇક પ્રમત્ત ગુણઠાણે રહે, કોઇક દેશવિરતિએ રહે, કોઇક સમ્યક્ત્વે રહે અને કોઈક સાસ્વાદને પણ આવે અને ત્યાંથી મિથ્યાત્વે આવે, અને ભવક્ષયે પડે તો અનુત્તર વિમાને જાય ત્યાં પહેલે સમયેજ સર્વે બંધોદયાદિક કરણ પ્રવર્ત્તાવે. જેથી અગ્યારમાથી પાવરો ચોથેજ ગુણઠાણે આવે. ઉત્કૃષ્ટપણે એક ભવમાં બે વાર ઉપશમશ્રેણિ પડિવજજે તેને તે તે ભવે ક્ષપકશ્રેણિ ન હોય અને જે એકવાર ઉપશમ શ્રેણિ કરે તેને કોઈકને તે ભવે ક્ષપકશ્રેણિ પણ હોય.यदुक्तं—

* ક્ષાયોપશમિકવાળો સત્તામાં રહેલ કર્મને વેદે, અહીં રસોદય ન હોય પણ પ્રદેશોદય એટલે પરરૂપે અનુભવ હોય, અને ઉપશાંત કષાયી સત્તામાં રહેલ કર્મને પ્રદેશથી પણ ન વેદે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]उवसमसेणिचउक्कं, जायइ जीवस्स आभवं नूणं ।
संसारंमि वसंते, एगभवे दुन्नि वाराओ ॥ १ ॥
जीवो हु एगजम्मंमि, इक्कसि उवसामगो ।
खयंपि कुज्जा नो कुज्जा, दोवारि उवसामगो ॥ २ ॥

એ કાર્મગ્રંથિક અભિપ્રાય છે. આગમને અભિપ્રાયે તો એક ભવે એક જ શ્રેણિ પડિવજ્જે, यदुक्तं कल्पभाष्ये—

[2]एवं अप्परिवडिए, सम्मत्ते देवमणुयजम्मेसु ।
अन्नयरसेढिवज्जं, एगभवेणं च सव्वाइं ॥१॥ सर्वाणि देशविरत्यादीनि । अन्यत्राप्युक्तं—

[3]मोहोपशम एकस्मिन्, भवे द्विः स्यादसंततः ।
यस्मिन् भवे तूपशमः क्षयो मोहस्य तत्र न ॥ २ ॥ इति.

એ ઉપશામક ધુરલાં [ પ્રથમનાં ] ૩ સંઘયણવંત હોય. ત્યાં ઉપશમશ્રેણિથી પડીને પછી તે ભવે જ જે મરણ પામે તથા ઉપશમશ્રેણિથી પડીને પાછી તે ભવે જ જે ચરમશરીરી ક્ષપકશ્રેણિ કરે તે તો નિશ્ચયે જ વજ્રઋષભનારાચ સંઘયણવંત હોય. આ પ્રમાણે ઉપશમશ્રેણિનું સ્વરૂપ કહ્યું. ॥ ૯૮ ॥

---

૧ સંસારમાં વસતા જીવને સમસ્ત ભવોમાં ઉપશમશ્રેણિ ચાર જ વખત આવે અને એક ભવમાં બે વખત આવે ॥ ૧ ॥

એક જન્મમાં જે જીવ એકજ વખત ઉપશામક હોય તે ક્ષય (ક્ષપકશ્રેણિ) ને પણ કરી શકે, અને જે બે વખત ઉપશામક હોય તે ન કરે ॥૨॥

૨ એ પ્રકારે દેવ અથવા મનુષ્ય જન્મને વિષે જેણે સમ્યક્ત્વ વમ્યું નથી તે જીવ બેમાંથી એક શ્રેણિ વર્જીને એક ભવમાં દેશવિરતિ આદિ સર્વ પ્રાપ્ત કરે. ॥ ૧ ॥

૩ મોહનો ઉપશમ એક ભવમાં જૂદો જૂદો બે વખત થાય, પણ જે ભવે ઉપશમ હોય તે ભવે મોહનો ક્ષય ન થાય. ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# उपशमश्रेणिक्रमस्य यंत्रम्

उपशमयति

संज्वलनलोभं २८

अप्रत्याख्यानलोभं २६ | प्रत्याख्यान लोभं २७

संज्वलनमायां २५

अप्रत्याख्यान-मायां २३ | प्रत्याख्यानमायां २४

संज्वलनमानं २२

अप्रत्याख्यान-मानं २० | प्रत्याख्यानमानं २१

संज्वलनक्रोधं १९

अप्रत्या० क्रोधं १७ | प्रत्याख्यानक्रोधं १८

पुंवेदं १६

हास्यादिषट्कं १५

स्त्रीवेदं ९

नपुंसकवेदं ८

मिथ्यात्व १ मिश्र २ सम्यक्त्वमोहान् ७

अनंतानुबंधि क्रोध १ मान २ माया ३ लोभान् ४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ક્ષપકશ્રેણિનું સ્વરૂપ.

૪ ૧ ૧ ૧ ૩ ૧ ૩ ૩ ૧
**अणमिच्छमीससम्मं, तिआउइगविगलथीणतिगुज्जोअं।**
२ २ २ १ १ ८ १ १
**तिरिनिरयथावरदुगं, साहारायवअडनपुत्थी ॥ ९९ ॥**

**अणमिच्छ**=અનંતાનુબંધિ કષાય, મિથ્યાત્વ મોહનીય.
**मीससम्मं**=મિશ્ર મોહનીય સમ્યક્ત્વ મોહનીયને.
**तिआउ**=ત્રણ આયુષ્ય.
**इगविगल**=એકેંદ્રિય વિકલેંદ્રિય
**थीणतिगुज्जोअं**=થીણદ્ધિત્રિક ઉદ્યોતનામ.
**तिरिनिरयथावरदुगं**=તિર્યંચદ્વિક, નરકદ્વિક, સ્થાવરદ્વિક
**साहारायव**=સાધારણ નામ, આતપ નામ.
**अड**=આઠ [બીજા ત્રીજા] કષાય.
**नपुत्थी**=નપુંસક અને સ્ત્રીવેદ.

**अर्थः**—[ક્ષપકશ્રેણિ વાળો] અનંતાનુબંધિ કષાય, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, ત્રણ આયુષ્ય, એકેંદ્રિય, વિકલેંદ્રિય, થીણદ્ધિત્રિક, ઉદ્યોતનામ, તિર્યંચદ્વિક, નરકદ્વિક, સ્થાવરદ્વિક, સાધારણ નામ; આતપનામ, આઠ [બીજા ત્રીજા] કષાય, નપુંસકવેદ, સ્ત્રીવેદ; ॥ ૯૯ ॥

**विवेचनः**—ક્ષપકશ્રેણિને પડિવજતો મનુષ્ય આઠ વરસ ઉપરની વયવાળો અત્યંત શુદ્ધ પરિણામવંત અવિરત ૧, દેશવિરત ૨, પ્રમત્ત ૩ અને અપ્રમત્ત ૪, એ ચાર માંહેનો કોઇ પ્રથમ અંતર્મુહૂર્ત માંહે અનંતાનુબંધી ચારેનો સમકાળે ક્ષય કરે, તેનો અનંતમો ભાગ રહે તે મિથ્યાત્વ માંહે નાખે, ત્યાર પછી મિથ્યાત્વને તેના અંશ સહિત જ સમકાળે ભસ્મ કરે, ત્યાર પછી મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયનો પૂર્વોક્ત રીતે ક્ષય કરે. તે સમ્યક્ત્વ મોહનીયનો છેલ્લો સ્થિતિખંડ ઉકેર્યે થકે તે कृतकरण કહીએ. એ અવસ્થાએ વર્તતો કોઇક કાળ પણ કરીને અનેરી ગતિમાં જાય. તથા જો કોઈ બદ્ધાયુ થકો ક્ષપકશ્રેણિ પ્રારંભે અને અનંતાનુબંધી ક્ષય કર્યા પછી મરે તો ક્ષપકશ્રેણિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થકી વિરમે ત્યારે તે કોઇક મિથ્યાત્વના ઉદય થકી ફરીને વળી અનંતાનુબંધી પણ બાંધે, મિથ્યાત્વ બીજનું અસ્તિત્વ હોવાથી, મિથ્યાત્વને ક્ષયે તો બીજના અભાવ થકી ફરી અનંતાનુબંધી નજ બાંધે. સાતને ક્ષયે તો અપતિત પરિણામી હોઇને અવશ્ય વૈમાનિક દેવતામાંહે જાય અને પતિત પરિણામી હોય તો પછી પરિણામની વિશુદ્ધિને અનુસારે અનેરી ગતિએ જાય. અને બદ્ધાયુ થકો જો કૃતકરણાવસ્થાએ કાળ ન કરે તો પણ સાત પ્રકૃતિનો ક્ષય કરીને તેટલે રહે પણ ચારિત્રમોહનીય ક્ષય કરવા તત્પર ન થાય. જે અબદ્ધાયુ ક્ષપકશ્રેણિ આરંભે તે સાતનો ક્ષય કરીને ચારિત્રમોહનીય ક્ષય કરવાને અવશ્ય તત્પર થાય. તે સકળ ક્ષપકને નરક, તિર્યંચ અને દેવ, એ ત્રણ આયુ પોતપોતાના ભવમાં ક્ષય થયેલજ હોય. તે ક્ષપક સ્વલ્પ સમ્યક્ત્વમોહનીય થાકતે અપ્રત્યાખ્યાનીય ૪ અને પ્રત્યાખ્યાનીય ૪ એ આઠ કષાય ક્ષય કરવાનો આરંભ કરે, તે અર્ધા ખપ્યા હોય ત્યાં વચ્ચે એકેંદ્રિય જાતિ ૧, બેઇંદ્રિય ૧, તેઇંદ્રિય ૨, ચઉરિંદ્રિય ૩; એ ત્રણ વિકલેંદ્રિય જાતિ એવં ૪, થીણદ્ધિત્રિક ૭, ઉદ્યોત નામ ૮, તિર્યંચદ્વિક ૧૦; નરકદ્વિક ૧૨, સ્થાવર નામ ૧૩, સૂક્ષ્મ નામ ૧૪, સાધારણ નામ ૧૫ અને આતપનામ ૧૬, એ ૧૬ પ્રકૃતિનો ક્ષય કરે. ત્યાર પછી જે આઠ કષાય અવશેષ રહ્યા હોય તેનો ક્ષય કરે. એ સર્વ અંતર્મુહૂર્તમાંજ ખપાવે. ઈહાં કોઇક કહે છે કે, એકેંદ્રિય જાતિ આદિક ૧૬ પ્રકૃતિ ખપાવવા માંડે તેની વચગાળે આઠ કષાયનો ક્ષય કરે; તે પછી સોળ પ્રકૃતિનો ક્ષય કરે.× ત્યારપછી નપુંસકવેદ અને તે પછી સ્ત્રીવેદનો ક્ષય કરે. ॥ ૯૯ ॥

---

× ટબાકારના પોતાના અભિપ્રાયને આ મતાંતર અનુકૂળ હોય, એમ સમજાય છે [ જુઓ ક્ષપકશ્રેણિનું યંત્ર ] એટલે કે, તેઓ ૮ ના ક્ષય પછી જ ૧૬ નો ક્ષય માને છે અને ૧૬ પછી ૮ના ક્ષયને મતાંતર ગણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# क्षपकश्रेणिक्रमयंत्रमिदम्

| | | |
|---|---|---|
| | ततः सिध्यति | |
| | क्षपयति १४८ | |
| | १२ प्रकृतीः | १४मेगुणठा |
| | ७३ प्रकृतीः | गुण० १३मे |
| ज्ञानाव० ५ दर्शना० ४ अंतराय ५ए १४ (१२ मे). | | |
| | निद्राद्वयं २ | १२ मे गुण० |
| | संज्वलनलोभं १ | १०मेगुणठा |
| | संज्वलनमायां १ | नवमे गुणठाणे |
| | संज्वलनमानं १ | |
| | संज्वलनक्रोधं १ | |
| | पुंवेदं १ | |
| | हास्यादिषट्कं ६ | |
| | स्त्रीवेदं १ | |
| | नपुंसकवेदं १ | |
| | एकेंद्रियादि १६ | |
| अप्रत्या०क्रोधमानमायालोभप्रत्या० क्रोधमानमायालोभान् ८ | | ९ मे. |
| | देवनारकतिर्यगायूंषि ३ | ४-५-६-७ गुणठाणे. |
| | सम्यक्त्वमोहनीयम् १ | |
| | मिश्रमोहनीयम् १ | |
| | मिथ्यात्वम् १ | |
| | अनंतानुबंधिक्रोधमानमायालोभान् | |

६ १ ४ २ ५ ८

**छगपुमसंजलणा दो,-निद्दाविग्घावरणखए नाणी ।**
**देविंदसूरिलिहिअं, सयगमिणं आयसरणट्ठा ॥१००॥**

छग=હાસ્યષટ્ક.
पुम=પુરુષવેદ
संजलणा=સંજ્વલન કષાયો.
दोनिद्दा=બેનિદ્રા [નિદ્રા પ્રચલા]
विग्घावरणखए=પાંચ અંતરાય અને નવ આવરણના ક્ષયે
नाणी=કેવળી.

देविंदसूरि=દેવેંદ્રસૂરિએ.
लिहिअं=લખ્યો.
सयगं=સો ગાથા પ્રમાણ શતક નામા ગ્રંથને
इणं=આ
आयसरणट्ठा=પોતાને સંભારવા માટે.

**અર્થ:**—હાસ્યષટ્ક, પુરૂષવેદ, સંજ્વલન કષાયો, બે નિદ્રા, પાંચ અંતરાય અને નવ આવરણનો ક્ષય થયે છતે કેવળી થાય. શ્રી દેવેંદ્રસૂરિએ આ શતકનામા કર્મગ્રંથ પોતાને સંભારવા માટે લખ્યો.

**વિવેચન:**—ત્યારપછી હાસ્યષટ્ક ખેપવે, તે પછી પુરૂષવેદના ત્રણ ખંડ કરીને બે ખંડ સમકાળે ખેપવે, ત્રીજો ખંડ સંજ્વલન ક્રોધ માંહે નાંખે. પુરૂષ આરંભે ત્યારે એ અનુક્રમ જાણવો. સ્ત્રી પ્રારંભે ત્યારે પ્રથમ નપુંસકવેદ, પછી પુરૂષવેદ પછી હાસ્યષટ્ક અને તે પછી સ્ત્રીવેદ ખેપવે, નપુંસક પ્રારંભે ત્યારે અનુદિત પણ પ્રથમ સ્ત્રીવેદ, તે પછી પુરૂષવેદ, તે પછી હાસ્યષટ્ક, અને તે પછી નપુંસક વેદ ક્ષય કરે, ત્યારપછી સંજ્વલન ક્રોધ ખેપવે, તેનો અંશ રહે તે માનમાં નાંખે. તે પછી સંજ્વલન માન ખેપવે, તેનો અંશ માયામાં નાંખે. તે પછી સંજ્વલની માયા ખેપવે, તેનો અંશ રહે તે લોભમાં નાંખે. તે પછી સંજ્વલન લોભ ખેપવે, તે લોભનો છેલ્લો અંશ તેના અસંખ્યાતા ખંડ કરીને પૃથક્ પૃથક્ કાળભેદે ખેપવે. તેનો વળી છેલ્લો ખંડ તેના અસંખ્યાતા ખંડ કરીને પ્રતિસમયે એકેક ખંડ ખેપવે. એમ અસંખ્યાતી વાર કરીને મૂળથી લોભ ખેપવે, ત્યાર પછી બે નિદ્રા ખેપવે. તે પછી ક્ષીણમોહને અંતે પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ અંતરાય, એ ચૌદ પ્રકૃતિ ક્ષય કરીને કેવળજ્ઞાની–કેવલ-દર્શની થાય. એ સર્વ મોહપ્રકૃતિ અંતર્મુહૂર્તે પ્રત્યેક ખપવે; અને શ્રેણિનો કાળ પણ અંતર્મુહૂર્તનો હોય અંતર્મુહૂર્ત્તના અસંખ્યાતા ભેદ છે તે માટે. એ પ્રમાણે ક્ષપકશ્રેણિનું સ્વરૂપ કહ્યું.


શ્રી તપાગચ્છાધિરાજ ભટ્ટારક શ્રી દેવેંદ્રસૂરીશ્વરે એ શતક-નામા પાંચમો કર્મગ્રંથ પોતાના આત્માને સંભારવાને અર્થે લખ્યો–પુસ્તકન્યાસ કર્યો. એકસો ગાથાનો છે તે માટે તેનું શતક એવું નામ જાણવું ॥ ૧૦૦ ॥

એ પ્રમાણે શતકનામા પાંચમા કર્મગ્રંથનો સ્તબુકાર્થઃ સંપૂર્ણઃ

એ પાંચમો કર્મગ્રંથ કેવો છે? અક્ષરે અલ્પ છે છતાં મહા અર્થવંત છે–ગંભીરાર્થ છે. તપાગચ્છાધિરાજ ભટ્ટારક શ્રી જગચ્ચંદ્રસૂરિપટ્ટપૂર્વાચલસહસ્રકરભટ્ટારક શ્રી દેવેન્દ્રસૂરિએ રચ્યો છે.

आर्या–श्रीमत्कर्म्मग्रंथे, स्तबुकार्थो वृत्तितः सुगमरीत्या।
बुधजीवविजयविहितः शतकाख्यस्यास्य पूर्तिमगात्× ॥१॥

॥ इति शतकनामा पञ्चम कर्मग्रंथ संपूर्ण ॥



× શ્રી કર્મગ્રંથને વિશે આ શતકનામા પંચમકર્મગ્રંથનો ટીકા થકી સુગમ રીતે પંડિત જીવવિજયજીનો કરેલ ટબાર્થ સંપૂર્ણ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ॥ १५८ प्रकृतिओनी गुणस्थानोमां ध्रुवाध्रुवसत्ता ॥

| પ્રકૃતિ | ( ગુણસ્થાને ) ધ્રુવસત્તા | ( ગુણસ્થાને ) અધ્રુવસત્તા |
|---|---|---|
| ૫ જ્ઞાનાવરણ | ૧ થી ૧૨ | ૦ |
| ૫ અન્તરાય | ,, | ૦ |
| ૪ દર્શનાવરણ | ,, | ૦ |
| ૨ નિદ્રા | ,, (ના ઉપાન્ત્ય સમય સુધી) | ૦ |
| ૩ થિણદ્ધિઆદિ | ૧ થી દેશોન ૯ | કિંચિત્ શેષ ૯ થી ૧૧ |
| ૨ વેદનીય | ૧ થી ૧૩ | ૧૪ મે |
| ૧ મિથ્યાત્વ | ૧-૨-૩ | ૪ થી ૧૧ |
| ૧ મિશ્ર | ૨-૩ | ૧-૪ થી ૧૧ |
| ૧ સમ્યક્ત્વ | બીજે | ૧-૩-૪ થી ૧૧ |
| ૪ અનંતાનુ૦ | ૧-૨ | ૩ થી ૧૧ |
| ૮ મધ્યકષાય | ૧ થી દેશોન ૯ | +કિં૦ ૯ થી ૧૧ |
| ૩ સંજ્વ૦ ક્રોધાદિ | ,, | ,, |
| ૧ સંજ્વ૦ લોભ | ૧ થી ૧૦ | ૧૧ મે |
| ૯ નોકષાય | ૧ થી દેશોન ૯ | કિં૦ ૯ થી ૧૧ |
| ૧ નરકાયુઃ | ૦ | ૧ થી ૭ |
| ૧ તિર્યંચાયુઃ | ૦ | ૧ થી ૫ |
| ૧ નરાયુઃ | ૬ થી ૧૪ | ૧ થી ૫ |
| ૧ દેવાયુઃ | ૦ | ૧ થી ૧૧ |

+ કિં૦ એટલે કિંચિત્ શેષ.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૧ મનુષ્યગતિ | ૨ થી ૧૪ | ૧ લે. |
| ૧ મનુષ્યાનુપૂર્વી | ,, (અથવા ૨ થી સમયોન ૧૪) | ૧ લે. |
| ૨ દેવદ્વિક | ૩ થી ૧૧ | ૧ થી ૨ |
| ૨ નરકદ્વિક | ૨ થી દેશોન ૯ | ૧-કિં૦ ૯ થી ૧૧ |
| ૨ તિર્યંચદ્વિક | ૧ થી દેશોન ૯ | કિં૦ ૯ થી ૧૧ |
| ૪ એકેન્દ્રિયાદિ | ,, | ,, |
| ૧ પંચેન્દ્રિય | ૩ થી ૧૪ | ૧-૨ |
| ૭ ઓદારિકસપ્તક | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૭ વૈક્રિયસપ્તક | ૧ થી દેશોન ૯ | ૧-કિં. ૯ થી ૧૧ |
| ૭ આહારકસપ્તક | ૦ | ૧ થી ૧૪ |
| ૭ તૈ૦ કા૦ સપ્તક | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૩૪સંસ્થાન ૬-સંઘ૦ ૬-વર્ણાદિ ૨૦-ખગતિ ૨ | ,, | ૦ |
| ૬ ત્ર૦-બા૦-પર્યા૦ -સુભગ-આદેય -યશ: | ૧ થી ૧૪ | ૦ |
| ૪ પ્રત્યેક-સ્થિર-શુભ-સુસ્વર | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૩ સ્થા૦સૂક્ષ્મ-સાધા૦ | ૧ થી દેશોન ૯ | કિં. ૯ થી ૧૧ |
| ૭ અપર્યાપ્ત-દુ:સ્વર-અનાદેય-અસ્થિર -અશુભ-દુર્ભાગ્ય-અયશ | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૨ આતપ-ઉદ્યોત | ૧ થી દેશોન ૯ | કિં. ૯ થી ૧૧ |
| ૫ ઉપ૦-પરા૦-અગુ૦ ઉચ્છ્વાસ-નિર્માણ. | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૧ જિનનામ | ૦ | ૨-૩વિના શેષ ૧૨માં |
| ૧ ઉચ્ચગોત્ર | ૨ થી ૧૪ | ૧ લે. |
| ૧ નીચગોત્ર | ૧ થી સમયોન ૧૪ | ૦ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# यंत्र २ जुं ॥ ९१ परावर्त्तमान प्रकृतिनुं यंत्र ॥

| પ્રકૃતિઓ | કોની સાથે વિરોધી? | કઈ બાબતમાં વિરોધી? |
|---|---|---|
| ઔદારિકાદિ ૩ શરીર | પરસ્પર | બંધ-ઉદયમાં |
| ઉપાંગ ૩ | ” | ” |
| સંસ્થાન ૬ | ” | ” |
| સંઘયણ ૬ | ” | ” |
| જાતિ ૫ | ” | ” |
| ગતિ ૪ | ” | ” |
| ખગતિ ૨ | ” | ” |
| આનુપૂર્વી ૪ | ” | ” |
| વેદ ૩ | ” | ” |
| હાસ્યયુગલની ૨ | શોકયુગલ સાથે | ” |
| શોકયુગલની ૨ | હાસ્યયુગલ સાથે | ” |
| ૪ ક્રોધ | શેષ ૧૨ કષાય સાથે | ઉદયમાં |
| ૪ માન | ” | ” |
| ૪ માયા | ” | ” |
| ૪ લોભ | ” | ” |
| ૧ ઉદ્યોત | આતપ સાથે | બંધ-ઉદયમાં |
| ૧ આતપ | ઉદ્યોત સાથે | ” |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૨ ગોત્ર | પરસ્પર | બંધ-ઉદયમાં |
| ૨ વેદનીય | ,, | ,, |
| ૫ નિદ્રા | ,, | ઉદયમાં |
| ત્રસાદિ ૪ | સ્થાવરાદિ ૪ સાથે ક્રમશઃ | બંધ-ઉદયમાં |
| સ્થિર-શુભ ૨ | અસ્થિર-અશુભ સાથે ક્રમશઃ | બંધમાં |
| સૌભાગ્યાદિ ૪ | દૌર્ભાગ્યાદિ ૪ સાથે ક્રમશઃ | બંધ-ઉદયમાં |
| સ્થાવરાદિ ૪ | ત્રસાદિ ૪ સાથે ક્રમશઃ | ,, |
| અસ્થિર-અશુભ ૨ | સ્થિર-શુભ સાથે ક્રમશઃ | બંધમાં |
| દૌર્ભાગ્યાદિ ૪ | સૌભાગ્યાદિ ૪ સાથે ક્રમશઃ | બંધ-ઉદયમાં |
| ૪ આયુષ્ય | પરસ્પર | ,, |
| ૯૧ | | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ॥ अष्टकर्मसु प्रत्येकामुत्तरप्रकृतिं समाश्रित्य बंधस्थानानि भूयस्कारबंधानि च ॥

| ૮ કર્મ | બંધાતી ઉત્તર-પ્રકૃતિ | બંધ સ્થાન સંખ્યા | કેટલી કેટલી પ્રકૃતિનાં બંધસ્થાન ? | ભૂયસ્કાર બંધ | અલ્પતર બંધ | અવસ્થિત બંધ | અવક્તવ્ય બંધ | |
|---|---|---|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૫ | ૧ | ૫ પ્રકૃતિનું | ૦ | ૦ | ૧ | ૧ | |
| દર્શનાવરણ | ૯ | ૩ | ૯-૬-૪ નું | ૨ | ૨ | ૩ | ૨ | |
| વેદનીય | ૨ | ૧ | ૧ નું | ૦ | ૦ | ૧ | ૦ | |
| મોહનીય | ૨૬ | ૧૦ | ૨૨-૨૧-૧૭-૧૩-૯-૫-૪-૩-૨-૧નું | ૯ | ૮ | ૧૦ | ૨ | |
| આયુષ્ય | ૪ | ૧ | ૧ નું | ૦ | ૦ | ૧ | ૧ | |
| નામકર્મ | ૬૭ | ૮ | ૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૩૧-૧નું | ૬ | ૭ | ૮ | ૩ | |
| ગોત્રકર્મ | ૨ | ૧ | ૧ નું | ૦ | ૦ | ૧ | ૧ | |
| અંતરાય | ૫ | ૧ | ૫ નું | ૦ | ૦ | ૧ | ૧ | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહિં દેશાન એટલે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હીન સમજવો

યંત્ર ૪ થું

## ॥ स्थितिबंध, अबाधा अने स्थितिबंधस्वामिनुं यंत्र ॥

આ યંત્રમાં ૧૨૦ બંધ પ્રકૃતિને બદલે ૧૬ વર્ણ અધિક ગણવાથી ૧૩૬ બંધ પ્રકૃતિ ગણાવી છે.

| પ્રકૃતિનો. | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ (સાગરોપમ) | ઉત્કૃષ્ટ અબાધા. | જઘન્ય સ્થિતિબંધ | જઘન્ય અબાધા. | ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી | જઘન્ય સ્થિતિબંધના સ્વામી. |
|---|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ ૫... ... | ૩૦ કોડાકોડી | ૩૦૦૦ વર્ષ | અન્તમુ૦ | અન્તમુ૦ | મિથ્યાદ્રષ્ટિ ૪ ગતિનાજીવ | ૧૦ માન્તે |
| દર્શનાવરણ ૪... ... | ” | ” | ” | ” | ” | ” |
| નિદ્રા ૨ ... ... | ” | ” | દેશોન ⅔ સા૦ | ” | ” | બાદરપર્યાપ્ત એકેન્દ્રિય |
| સ્ત્યાનર્દ્ધિત્રિક... ... | ” | ” | ” | ” | ” | ” |
| સાતાવેદનીય ... ... | ૧૫કોડાકોડી | ૧૫૦૦ વર્ષ | ૧૨ મુહૂર્ત | ” | ” | ૧૦ માન્તે |
| અસાતાવેદનીય ... | ૩૦ કોડાકોડી | ૩૦૦૦ વર્ષ | દેશોન ⅔ સા૦ | ” | ” | બા૦ ૫૦ એકે૦ |
| મિથ્યાત્વ ... ... | ૭૦ કોડાકોડી | ૭૦૦૦ વર્ષ | દેશોન ૧ સા૦ | ” | ” | ” |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અનંતાનુ૦ ૪... ... | ૪૦ કો૦ કો૦ | ૪૦૦૦ વર્ષ | દેશોન ૪/૭ સા૦ | અન્તર્મુહૂર્ત | મિથ્યાદૃષ્ટિ ૪ ગતિના જીવ | બા૦ ૫૦ એકે૦ |
| અપ્રત્યા૦ ૪... ... | ” | ” | ” | ” | ” | ” |
| પ્રત્યા૦ ૪ ... ... | ” | ” | ” | ” | ” | ” |
| સંજ્વ૦ ૩ ... .. | ” | ” | ક્રોધ ૨ માસ, માન ૧ માસ, માયા ૦।। માસ | ” | ” | ૯ માન્તે |
| ” લોભ ... ... | ” | ” | અન્તર્મુ૦ | ” | ” | ” |
| હાસ્ય-રતિ ... ... | ૧૦ કો૦ કો૦ | ૧૦૦૦ વર્ષ | દેશોન ૧/૭ સા૦ | ” | ” | બા૦ ૫૦ એકે૦ |
| શોક-અરતિ ... ... | ૨૦ કો૦ કો૦ | ૨૦૦૦ વર્ષ | દેશોન ૨/૭ સા૦ | ” | ” | ” |
| ભય-જુગુપ્સા ... ... | ” | ” | ” | ” | ” | ” |
| સ્ત્રીવેદ ... ... | ૧૫ કો૦ કો૦ | ૧૫૦૦ વર્ષ | દેશોન ૩/૧૪ સા૦ | ” | ” | ” |
| નપુંસકવેદ ... ... | ૨૦ કો૦ કો૦ | ૨૦૦૦ વર્ષ | દેશોન ૨/૭ સા૦ | ” | ” | ” |
| પુરુષ વેદ ... ... | ૧૦ કો૦ કો૦ | ૧૦૦૦ વર્ષ | ૮ વર્ષ | ” | ” | ૯ માન્તે |
| દેવદ્વિક ૨ ... ... | ૧૦ કો૦ કો૦ | ૧૦૦૦ વર્ષ | દેશોન ૨૮૫ ૫/૭ સા૦ | ” | મિથ્યા૦ તિર્યગ્-નર | પર્યાપ્તઅસંજ્ઞિ પંચે૦ તિર્યંચ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મનુષ્યદ્વિક ૨ ... ... | ૧૫ કો૦ કો૦ | ૧૫૦૦ વર્ષ | દેશોન ૩/૧૪ સા૦ | અન્તર્મુ૦ | મિથ્યા.૪ગતિ | અ. ૫. એકે. |
| તિર્યગ્દ્વિક ૨ ... ... | ૨૦ કો૦ કો૦ | ૨૦૦૦ વર્ષ | ,, ૨/૭ સા૦ | ,, | ,, દેવનારક | ,, |
| નરકદ્વિક ૨ ... ... | ,, | ,, | ,, ૨૮૫ ૫/૭ સા૦ | ,, | ,, તિર્યગ્.નર | પર્યાપ્ત અસંજ્ઞિ તિ૦ પંચે૦ |
| એકેન્દ્રિય ... ... | ,, | ,, | ,, ૨/૭ સા૦ | ,, | મિથ્યા૦ઇશા-નાન્તસુરા: | આ. ૫. એકે. |
| વિકલે૦ ૩ ... ... | ૧૮ કો૦ કો૦ | ૧૮૦૦ વર્ષ | ,, ૯/૩૫ સા૦ | ,, | મિ૦તિ૦-નર | ,, |
| પંચેન્દ્રિય ... ... | ૨૦ કો૦ કો૦ | ૨૦૦૦ વર્ષ | ,, ૨/૭ સા૦ | ,, | મિ૦ ૪ ગતિ | ,, |
| ઔદારિક૦ ૨... ... | ,, | ,, | ,, | ,, | મિ. દેવનારક | ,, |
| વૈક્રિય૦ ૨ ... ... | ,, | ,, | ,, ૨૮૫ ૫/૭ સા૦ | ,, | ,, તિર્ય૦-નર | પર્યાપ્ત અસંજ્ઞિ તિર્યંચ પંચે૦ |
| આહારક૦ ૨ ... ... | અંત:કો૦કો૦ | અન્ત-મુહૂર્ત | લઘુ અંત: કો૦ કો૦ સા૦ | ,, | અપ્રમત્ત: (૭ મ:) | ૮મે ષષ્ઠભાગન્તે |
| તૈજસ-કાર્મણ ... | ૨૦ કો૦ કો૦ | ૨૦૦૦ વર્ષ | દેશોન ૨/૭ સા૦ | ,, | મિ. ૪ ગતિ | આ.પ. એકેંદ્રિય |
| વજ્રર્ષભનારાચ ... | ૧૦ ,, | ૧૦૦૦ વર્ષ | ,, ૧/૭ સા૦ | ,, | ,, | ,, |
| ઋષભનારાચ ... ... | ૧૨ ,, | ૧૨૦૦ વર્ષ | ,, ૬/૩૫ સા૦ | ,, | ,, | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| નારાચ ... ... | ૧૪ કો૦ કો૦ | ૧૪૦૦વર્ષ | દેશોન ૭/૩૫ સા. | અન્તર્મુ૦ | મિથ્યા.૪ગતિ | બા. પ. એકે. |
| અર્ધનારાચ ... ... | ૧૬ ,, | ૧૬૦૦ ,, | ,, ૮/૩૫ સા. | ,, | ,, | ,, |
| કીલિકા ... ... | ૧૮ ,, | ૧૮૦૦ ,, | ,, ૯/૩૫ સા. | ,, | ,, | ,, |
| સેવાર્ત્ત ... ... | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, ૨/૭ સા. | ,, | મિથ્યા.દેવ-નારકા: | ,, |
| સમચતુરસ્ર ... ... | ૧૦ ,, | ૧૦૦૦ ,, | ,, ૧/૭ સા. | ,, | મિથ્યા.૪ગતિ | ,, |
| ન્યગ્રોધ ... ... | ૧૨ ,, | ૧૨૦૦ ,, | ,, ૬/૩૫ સા. | ,, | ,, | ,, |
| સાદિ ... ... ... | ૧૪ ,, | ૧૪૦૦ ,, | ,, ૭/૩૫ સા. | ,, | ,, | ,, |
| કુબ્જ ... ... ... | ૧૬ ,, | ૧૬૦૦ ,, | ,, ૮/૩૫ સા. | ,, | ,, | ,, |
| વામન ... ... | ૧૮ ,, | ૧૮૦૦ ,, | ,, ૯/૩૫ સા. | ,, | ,, | ,, |
| હુંડક... ... ... | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, ૨/૭ સા. | ,, | ,, | ,, |
| કૃષ્ણવર્ણ ... ... | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, ૨/૭ સા. | ,, | ,, | ,, |
| નીલવર્ણ ... ... | ૧૭॥ ,, | ૧૭૫૦ ,, | ,, ૦। સા. | ,, | ,, | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | ૧૫ કો૦ કો૦ | ૧૫૦૦ વર્ષ | દેશોન $\frac{૩}{૧૪}$ સા. | અન્તર્મુ૦ | મિથ્યા.૪ગતિ | બા૦ ૫૦ એકે૦ |
|---|---|---|---|---|---|---|
| રક્તવર્ણ … … | ૧૫ કો૦ કો૦ | ૧૫૦૦ વર્ષ | દેશોન $\frac{૩}{૧૪}$ સા. | અન્તર્મુ૦ | મિથ્યા.૪ગતિ | બા૦ ૫૦ એકે૦ |
| પીતવર્ણ … … | ૧૨॥ ,, | ૧૨૫૦ ,, | ,, $\frac{૫}{૨૮}$ સા. | ,, | ,, | ,, |
| શ્વેતવર્ણ … … | ૧૦ ,, | ૧૦૦૦ ,, | ,, $\frac{૧}{૭}$ સા. | ,, | ,, | ,, |
| દુરભિગંધ … … | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, $\frac{૨}{૭}$ સા. | ,, | ,, | ,, |
| સુરભિગંધ … … | ૧૦ ,, | ૧૦૦૦ ,, | ,, $\frac{૧}{૭}$ સા. | ,, | ,, | ,, |
| તિક્તરસ … … | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, $\frac{૨}{૭}$ સા. | ,, | ,, | ,, |
| કટુરસ … … | ૧૭॥ ,, | ૧૭૫૦ ,, | ,, ૦।($\frac{૧}{૪}$) સા. | ,, | ,, | ,, |
| કષાયરસ … … | ૧૫ ,, | ૧૫૦૦ ,, | ,, $\frac{૩}{૧૪}$ સા. | ,, | ,, | ,, |
| આમ્લરસ … … | ૧૨॥ ,, | ૧૨૫૦ ,, | ,, $\frac{૫}{૨૮}$ સા. | ,, | ,, | ,, |
| મધુર રસ … … | ૧૦ ,, | ૧૦૦૦ ,, | ,, $\frac{૧}{૭}$ સા. | ,, | ,, | ,, |
| શીત-રૂક્ષ … … | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, $\frac{૨}{૭}$ સા. | ,, | ,, | ,, |
| ગુરૂ-કર્કશ … … | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, | ,, | ,, | ,, |
| ઉષ્ણ-સ્નિગ્ધ … … | ૧૦ ,, | ૧૦૦૦ ,, | ,, $\frac{૧}{૭}$ સા. | ,, | ,, | ,, |
| લઘુ-મૃદુ … … | ૧૦ ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| શુભવિહાયોગતિ … | ૧૦ ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| અશુભવિહાયોગતિ … | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, $\frac{૨}{૭}$ સા. | ,, | ,, | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અગુરુલઘુ ... ... | ૨૦ કો૦ કો૦ | ૨૦૦૦ વર્ષ | દેશોન ૨/૭ સા૦ | અન્તમુ૦ | મિથ્યા.૪ગતિ | બા. ૫. એકે. |
| ઉપઘાત ... ... | ” | ” | ” | ” | ” | ” |
| પરાઘાત ... ... | ” | ” | ” | ” | ” | ” |
| ઉચ્છ્વાસ ... ... | ” | ” | ” | ” | ” | ” |
| આતપ ... ... | ” | ” | ” | ” | મિ.ઇશાનાન્ત સુરાઃ | ” |
| ઉદ્યોત ... ... | ” | ” | ” | ” | મિ. દેવનારક | ” |
| નિર્માણ ... ... | ” | ” | ” | ” | મિ૦ ૪ ગતિ. | ” |
| જિનનામ ... ... | અંતઃ કો. કો. | અન્તમુ૦ | લઘુ અંતઃ કો૦ કો૦ સા૦ | ” | મિથ્યાત્વો-ન્મુખ નરકા-ભિમુખજ્યર્થાઃ | ૮મે ષષ્ઠભાગાન્તે |
| ત્રસ-બાદર-પર્યા૦ ... | ૨૦ ” | ૨૦૦૦ વર્ષ | દેશોન ૨/૭ સા૦ | ” | મિ૦ ૪-ગતિ | બા. ૫. એકે. |
| પ્રત્યેક ... ... | ૨૦ ” | ” | ” | ” | ” | ” |
| સ્થિરાદિ ૫ ... ... | ૧૦ ” | ૧૦૦૦ ” | દેશોન ૧/૭ સા૦ | ” | ” | ” |
| યશઃ | ૧૦ ” | ” | ૮ મુહૂર્ત | ” | ” | ૧૦ માન્તે |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સ્થાવર ... ... | ૨૦ કો૦ કો૦ | ૨૦૦૦ વર્ષ | દેશોન ૨/૭ સા૦ | અન્તર્મુ૦ | મિ.ઇશાનાન્ત સુરા: | આ. પ. એકે. |
| સૂક્ષ્મ ... ... | ૧૮ ,, | ૧૮૦૦ ,, | ,, ૯/૩૫ સા૦ | ,, | મિ. તિર્યગ્નર | ,, |
| અપર્યાપ્ત ... ... | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| સાધારણ ... ... | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| અસ્થિરાદિ ૬... ... | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, ૨/૭ સા૦ | ,, | મિ. ૪ ગતિના | ,, |
| ઉચ્ચગોત્ર ... ... | ૧૦ ,, | ૧૦૦૦ ,, | ૮ મુહૂર્ત | ,, | ,, | ૧૦ માન્તે |
| નીચગોત્ર ... ... | ૨૦ ,, | ૨૦૦૦ ,, | દેશોન ૨/૭ સા૦ | ,, | ,, | આ. પ. એકે. |
| અન્તરાય ૫ ... ... | ૩૦ ,, | ૩૦૦૦ ,, | અન્તર્મુ૦ | ,, | ,, | ૧૦ માન્તે |
| નરકાયુ: ... ... | ૩૩ સાગ૦ | ૧/૩ પૂર્વક્રોડ વર્ષ. | ૧૦૦૦૦ વર્ષ | ,, | મિ.તિર્યગ્નરા | સંજ્ઞિ પંચે૦ તિર્યગ્નર. |
| તિર્યગાયુ: ... ... | ૩ પલ્યોપમ | ,, | ક્ષુલ્લકભવ | ,, | ,, | એકેન્દ્રિયાદિ (આદેવનારકા:) |
| નરાયુ: ... ... | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| દેવાયુ: ... ... | ૩૩ સાગરો૦ | ,, | ૧૦૦૦૦ વર્ષ | ,, | અપ્રમત્ત | સંજ્ઞિ પંચે૦ તિર્યગ્નર. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ॥ ૧૨૦ ઉત્તરપ્રકૃતિના ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી ॥

| | |
|---|---|
| જિનનામ | અનંતર સમયે મિથ્યાદૃષ્ટિ નારકપણે ઉત્પન્ન થશે એવા ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિઓ. |
| આહારકદ્વિક (૨) | પ્રમત્તાભિમુખ અપ્રમત્તઃ |
| દેવાયુઃ | અપ્રમત્તાભિમુખ પ્રમત્ત(પૂર્વ ક્રોડ વર્ષાન્તિમતૃતીયભાગના પ્રથમ સમયે ) |
| વિકલે૦ ૩. સૂક્ષ્મ ૩. અદેવાયુ ૩ દેવ૦૨–વૈ૦૨–નરક૦૨ | મિથ્યાદૃષ્ટિ તિર્યંચ મનુષ્ય |
| એકેન્દ્રિય–સ્થાવર–આતપ | ઇશાનાન્તદેવ. |
| તિર્યગ્ ૨–ઔદા૦૨–ઉદ્યોત–સેવાર્ત્ત | મિથ્યાદૃષ્ટિ દેવનારકો |
| શેષ ૯૨ | મિથ્યાદૃષ્ટિ ચારે ગતિના |

## ॥ ૧૨૦ ઉત્તરપ્રકૃતિના જઘન્યસ્થિતિબંધના સ્વામી ॥

| | |
|---|---|
| (૩) આહા૦ ૨–જિનનામ | ક્ષપકશ્રેણિવંત ૮ મા ગુણસ્થાને |
| (૫) સંજ્વ૦ ૪–પુંવેદ | ક્ષપકશ્રેણિવંત ૯ માન્તે |
| (૧૭) શાતા–યશઃ–ઉચ્ચ ૪ દર્શના૦-૫ વિઘ્ન-૫ જ્ઞાના૦ | ક્ષપકશ્રેણિવંત ૧૦ માન્તે |
| (૬) વૈક્રિયષટ્ક | પર્યાપ્ત અસંજ્ઞિપંચેન્દ્રિય |
| (૨) દેવાયુ–નરકાયુ | ” |
| (૨) તિર્યગાયુ-મનુષ્યાયુષ્ય | એકેન્દ્રિયથી મનુષ્ય સુધીના (એટલે દેવ-નારક યુગલિકવિના સર્વે) |
| (૮૫) શેષ પ્રકૃતિ | બાદર પર્યાપ્ત એકેન્દ્રિયો |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# યંત્ર ૭ મું ॥ સ્થિતિબંધના અલ્પબહુત્વનું કોષ્ટક ॥

| જીવભેદમાં | સ્થિ૦ બંધનું | અલ્પબહુ૦ |
|---|---|---|
| સંયતનો | જઘન્ય | અલ્પ |
| બા૦ ૫૦ એકે૦ નો | ,, | અસં૦ ગુણ |
| સૂ૦ ૫૦ એકે૦ નો | ,, | વિશેષાધિક |
| બા૦ અ૫૦ એકે૦ નો | ,, | ,, |
| સૂ૦ અ૫૦ એકે૦ | ,, | ,, |
| ,, | ઉત્કૃષ્ટ | ,, |
| બા૦ અ૫૦ એકે૦ નો | ,, | ,, |
| સૂ૦ પર્યાપ્ત એકે૦ | ,, | ,, |
| બા૦ ૫૦ એકે૦ નો | ,, | ,, |
| ૫૦ દ્વીન્દ્રિયનો | જઘન્ય | સંખ્યાતગુણ |
| અ૫૦ ,, | ,, | વિશેષાધિક |
| ,, ,, | ઉત્કૃષ્ટ | ,, |
| પર્યા૦ ,, | ,, | ,, |
| પર્યા૦ ત્રીન્દ્રિયનો | જઘન્ય | ,, |
| અ૫૦ ,, | ,, | ,, |
| ,, ,, | ઉત્કૃષ્ટ | ,, |
| પર્યા૦ ,, | ,, | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| પર્યા૦ ચતુરિં૦ નો | જઘન્ય | ,, |
| અપ૦ ,, | ,, | ,, |
| અપ૦ ,, | ઉત્કૃષ્ટ | ,, |
| પર્યા૦ ,, | ,, | ,, |
| પર્યા૦ અસંજ્ઞિ પંચે૦ | જઘન્ય | સંખ્યાતગુણ |
| અપ૦ ,, | ,, | વિશેષાધિક |
| અપ૦ ,, | ઉત્કૃષ્ટ | ,, |
| પર્યા૦ ,, | ,, | ,, |
| સંયતનો | ,, | સંખ્યાતગુણ |
| દેશવિરતનો | જઘન્ય | ,, |
| ,, | ઉત્કૃષ્ટ | ,, |
| પર્યાપ્ત સમ્યગ્દૃષ્ટિનો | જઘન્ય | ,, |
| અપર્યા૦ ,, | ,, | ,, |
| અપર્યા૦ ,, | ઉત્કૃષ્ટ | ,, |
| પર્યાપ્ત ,, | ,, | ,, |
| પર્યાપ્ત સંજ્ઞિપંચે૦ | જઘન્ય | ,, |
| અપર્યા૦ ,, | ,, | ,, |
| અપર્યા૦ ,, | ઉત્કૃષ્ટ | ,, |
| પર્યાપ્ત ,, | ,, | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યંત્ર ૮ મું ॥ જીવસ્થાનોમાં યોગનું અલ્પબહુત્વ ॥

| જીવસ્થાનો | યોગ | અલ્પ વા અધિક ? |
|---|---|---|
| અપ૦સૂક્ષ્મ એકેન્દ્રિયનો | જઘન્યયોગ | સર્વથી અલ્પ |
| ,, બાદર એકેન્દ્રિયનો | ,, | અસંખ્યગુણ |
| ,, દ્વીન્દ્રિયનો | ,, | ,, |
| ,, ત્રીન્દ્રિયનો | ,, | ,, |
| અપર્યાપ્ત ચતુરિન્દ્રિયનો | ,, | ,, |
| ,, અસંજ્ઞિપંચેન્દ્રિયનો | ,, | ,, |
| ,, સંજ્ઞિપંચેન્દ્રિયનો | ,, | ,, |
| *સૂ૦અપ૦એકેન્દ્રિયનો | ઉત્કૃષ્ટયોગ | ,, |
| બા૦ ,, ,, | ,, | ,, |
| સૂ૦પર્યા૦ ,, | જઘન્યયોગ | ,, |
| બા૦પર્યા૦ ,, | ,, | ,, |
| સૂ૦પર્યા૦ ,, | ઉત્કૃષ્ટયોગ | ,, |
| *બા૦પર્યા૦ ,, | ,, | ,, |
| અપર્યા૦દ્વીન્દ્રિયનો | ,, | ,, |
| ,, ત્રીન્દ્રિયનો | ,, | ,, |
| ,, ચતુરિન્દ્રિયનો | ,, | ,, |
| અપર્યાપ્ત અસંજ્ઞિપંચે૦નો | ,, | ,, |
| ,, સંજ્ઞિપંચે૦ નો | ,, | ,, |
| પર્યાપ્ત દ્વીન્દ્રિયનો | જઘન્યયોગ | ,, |
| ,, ત્રીન્દ્રિયનો | ,, | ,, |

*સૂક્ષ્માર્થ વિચારસારોદ્ધારમાં સૂક્ષ્મ અપર્યાપ્તથી સૂ૦પર્યાપ્તનો યોગ સંખ્યાતગુણો, અને બા૦ એકે૦ અપર્યાપ્તના યોગથી બા૦એકે૦પર્યાપ્તનો યોગ અસંખ્યાતગુણહીન કહ્યો છે. ગા. ૮૮ ની વૃત્તિમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| પર્યાપ્ત ચતુરિન્દ્રિયનો | જઘન્યયોગ | અસંખ્યગુણ |
| ,, અસંજ્ઞિ પંચે૦નો | ,, | ,, |
| ,, સંજ્ઞિપંચેન્દ્રિયનો | ,, | ,, |
| ,, દ્વીન્દ્રિયનો | ઉત્કૃષ્ટયોગ | ,, |
| ,, ત્રિન્દ્રિયનો | ,, | ,, |
| ,, ચતુરિન્દ્રિયનો | ,, | ,, |
| ,, અસંજ્ઞિ પંચે૦નો | ,, | ,, |
| અનુત્તરદેવનો | ,, | ,, |
| ગ્રૈવેયકદેવનો | ,, | ,, |
| યુગલિકોનો | ,, | ,, |
| આહારક શરીરનો | ,, | ,, |
| *શેષદેવોનો<br>નારકોનો<br>શેષ તિર્યંચોનો<br>શેષ મનુષ્યોનો | ,,* | ,, |

*ઉપર કહેલા યોગના અલ્પબહુત્વ પ્રમાણે અપર્યાપ્ત અને પર્યાપ્ત જીવસ્થાનોમાં સ્થિતિસ્થાનોનું પણ અલ્પબહુત્વ સંખ્યગુણ કહેવું, પરન્તુ અપર્યાપ્તદ્વીન્દ્રિયમાં અસંખ્યગુણ કહેવું તેનું કોષ્ટક આ પ્રમાણે:—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યંત્ર ૯ મું

| | | |
|---|---|---|
| અપર્યાપ્ત સૂક્ષ્મએકેન્દ્રિયના | સ્થિતિસ્થાનો | સર્વથી અલ્પ |
| ,, બાદર ,, | ,, | સંખ્યાતગુણ |
| પર્યાપ્ત સૂક્ષ્મ ,, | ,, | ,, |
| ,, બાદર ,, | ,, | ,, (પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક[1]) |
| અપર્યાપ્ત દ્વીન્દ્રિયનાં | ,, | અસંખ્યાતગુણ[2] |
| પર્યાપ્ત ,, | ,, | અસંખ્યાતગુણ[3] |
| અપર્યાપ્ત ત્રીન્દ્રિયનાં | ,, | ,, |
| પર્યાપ્ત ,, | ,, | ,, |
| અપર્યાપ્ત ચતુરિન્દ્રિયનાં | ,, | ,, |
| પર્યાપ્ત ,, | ,, | ,, |
| અપર્યાપ્ત અસંજ્ઞિપંચેન્દ્રિયનાં | ,, | ,, |
| પર્યાપ્ત ,, | ,, | ,, |
| અપર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિયનાં | ,, | ,, |
| પર્યાપ્ત ,, | ,, | ,, |

૧ કારણ કે એકેન્દ્રિયોના જઘન્યસ્થિતિબંધથી ઉત્કૃષ્ટસ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો અધિક છે, તેથી તેટલા સમયપ્રમાણ સ્થિતિસ્થાનો હોય છે.

૨–૩ કારણ કે દ્વીન્દ્રિયના જઘન્યસ્થિતિબંધથી દ્વીન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો અધિક છે અને તે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ એકેન્દ્રિયના પલ્યાસંખ્યેયભાગ (જેટલા સ્થિતિસ્થાનો)થી અસંખ્યગુણ મોટો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## यंत्र १० मुं : अबंधकाल

(૭) તિર્યગ્ ૩-નરક ૩-ઉદ્યોતનો-૧૬૩ સાગરોપમ—૪ પલ્યો૦-૭ પૂર્વક્રોડવર્ષ.

(૯) સ્થાવરાદિ ૪, કુજાતિ ૪, આતપ-૧૮૫ સાગરોપમ-૪ પલ્યો૦-૮ પૂર્વક્રોડવર્ષ.

૨૫ { ૫ કુસંઘયણ-૫-કુસંસ્થાન- ૧ કુખગતિ- ૪ અનંતાનુ૦ ૧ મિથ્યા૦-દૌર્ભાગ્યાદિ ૩- સ્ત્યાન૦-૩, ૧-નીચગોત્ર- ૧ નપું૦વેદ-૧-સ્ત્રીવેદ } - ૧૩૨ સાગરોપમ-૦પલ્યો૦ -૬ પૂર્વક્રોડવર્ષ.

શેષ ૭૯ નો અબંધકાલ કહ્યો [1]નથી.
૧૨૦

---

૧ ૫૮ મી ગાથામાં ૪ પ્રકૃતિઓનો, ૫૯ મીમાં ૯ નો, ૬૦ માં ૧૪ નો, ૬૧ માં ૪૧ નો અને ૬૨ માં ૫ નો એ પ્રમાણે સર્વ મળી ૭૩ પ્રકૃતિઓ જે અધ્રુવબંધિ છે, તેનો સતતબંધકાળ કહ્યો. ૪૭ ધ્રુવબંધિ હોવાથી સતતબંધ કહ્યો નથી, કારણ કે ધ્રુવબંધ તેજ સતતબંધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# યંત્ર ૧૧ મું

## *૭૩ અધ્રુવબંધિનો સતતબંધ

૨૩ { દેવ૦ ૨ વૈક્રિય૦ ૨—૩ પલ્યોપમ
તિર્યગ્ ૨-નીચ૦—અસંખ્ય કાળચક્ર
આયુષ્ય ૪ —અન્તર્મુ૦
ઔદા૦શરીર —અસંખ્ય (આવલિકાસંખ્યેય ભાગ-
મિત સમય પ્રમાણ) પુદ્‌ગલપરાવર્ત.

(૧) શાતાવેદનીય —દેશોનપૂર્વક્રોડવર્ષ.

(૭) પરા૦ઉચ્છ્વાસ-પંચે૦ત્રસાદિ ૪—{ ૧૮૫ સાગરો૦-૪ પલ્યો-૮ પૂર્વક્રોડવર્ષ

(૭) સુખગતિ-પુંવેદ-સૌભા૦૩-ઉચ્ચ-સમચ૦——૧૩૨ સાગરો૦
૬ પૂર્વક્રોડવર્ષ

૪૧ { કુખગતિ-કુજાતિ ૪-કુસંઘયણ ૫ -કુસંસ્થાન ૫-આહા૦૨-નરક ૨-ઉદ્યોત-આતપ-સ્થિર-શુભ-યશ-સ્થાવ૦૧૦-નપું૦સ્રી૦-હાસ્યાદિ૪ -અશાતા } -૧ સમયથી અન્તર્મુ૦ સુધી (-જઘ૦ ૧ સમય ઉત્કૃષ્ટ અંતર્મુ૦)

(૫) નારક ૨-જિન-વજ્ર૦-ઔદા૦ઉપાંગ-૩૩ સાગરોપમ

---

*૪૭ ધ્રુવબંધિ તો સતતબંધી જ હોય તેનો સતતબંધ કહેવાની આવશ્યકતા નથી, તથા અહિં જઘન્યસતતબંધ સર્વત્ર ૧ સમય સુધી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યંત્ર ૧૨ મું ॥ ઉત્કૃષ્ટ રસબંધ સ્વામી યંત્ર ॥

| | |
|---|---|
| (૩) એકેન્દ્રિય–સ્થાવર–આતપ. | ઇશાન સુધીના મિથ્યાદૃષ્ટિ દેવો. |
| (૧૧) વિકલ ૩–સૂક્ષ્માદિ ૩–નરકાદિ ૩–તિર્યંચાયુ–નરાયુ | મિથ્યાદૃષ્ટિ તિર્યંચ અને મિથ્યા૦મનુષ્ય (અયુગલિક). |
| (૩) તિર્યંચ ૨–સેવાર્ત્ત | મિથ્યાદૃષ્ટિ દેવ અને મિથ્યા૦ નારક |
| (૨૯) વૈક્રિય ૨–દેવ–૨–આહા૦ ૨ સુખગતિ–શુભવર્ણાદિ ૪ તૈજસાદિ ૪ (તૈ૦કા૦અગુ૦ નિર્માણ)–જિન–સમચ૦–પરાઘાત–ત્રસાદિ ૯–પંચે૦ઉચ્છ્વાસ | ક્ષપકશ્રેણિવંત ૮ મા ગુણસ્થાને |
| (૩) શાતા–ઉચ્ચ–યશઃ | ક્ષપકશ્રેણિવંત ૧૦ માન્તે |
| (૧) ઉદ્યોત | સાતમી પૃથ્વીનો નારક મિથ્યાત્વાન્ત્યસમયે (અનિવૃત્તિકરણાન્તે) |
| (૫) નરક ૨–ઔદા૦૨–વજ્રર્ષ૦ | સમ્યગ્દૃષ્ટિ દેવો |
| (૧) દેવાયુઃ | અપ્રમત્તઃ |
| ૬૮ શેષ પ્રકૃતિ | ૪ ગતિના મિથ્યાદૃષ્ટિ |

૧૨૪ (વર્ણાદિ ૪ શુભાશુભમાં બે વાર ગણવાથી ૪ અધિક છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યંત્ર ૧૩ મું ॥ જઘન્યરસબંધ સ્વામી-યંત્ર ॥

| | | |
|---|---|---|
| (૮) | સ્ત્યાનર્દ્ધિ ૩-અનંતાનુ૦૪-મિથ્યાત્વ- | સંયમાભિમુખ મિથ્યાદૃષ્ટિ. |
| (૪) | અપ્રત્યાખ્યાની કષાય— | ” સમ્યગ્દૃષ્ટિ |
| (૪) | પ્રત્યાખ્યાની કષાય— | ” દેશવિરતિ |
| (૨) | અરતિ—શોક— | અપ્રમત્તાભિમુખ પ્રમત્ત |
| (૨) | આહારકદ્વિક— | પ્રમત્તાભિમુખ અપ્રમત્ત |
| (૧૧) | નિદ્રા ૨-અશુભવર્ણાદિ ૪-હાસ્ય-<br>રતિ-ભય-જુગુ૦-ઉપઘાત | —અપૂર્વકરણ ક્ષપક |
| (૫) | પુરુષવેદ-૪ સંજ્વલનકષાય—ક્ષપકશ્રેણિવંત | ૯ મે. |
| (૧૪) | ૫ વિઘ્ન-૯ આવરણ— | ” ૧૦ માન્તે |
| ૧૬ | સૂક્ષ્માદિ ૩-વિકલે૦ ૩<br>આયુ ૪-વૈક્રિય ૬ | —મનુષ્ય અને તિર્યંચ. |
| ૧૦ | ઉદ્યોત-ઔદા૦૨ | —દેવ-નારકો |
| | તિર્યંચ ૨-નીચગોત્ર- | સાતમી પૃથ્વીના નારકો(મિથ્યાત્વાન્તે) |
| | જિનનામ | —અવિરત સમ્યગ્દૃષ્ટિ |
| | એકેન્દ્રિય-સ્થાવર | અનારકા (નારક સિવાય ૩ ગતિના જીવો) |
| | આતપ | —ઇશાનાન્ત દેવો |
| ૮ | શાતા-સ્થિર-શુભ-યશઃ<br>અશાતા-અસ્થિર-અશુભ-અયશઃ | (પરાવર્ત્તમાન પરિણામી) સમ્યગ્દૃષ્ટિઓ અને મિથ્યાદૃષ્ટિઓ |
| ૪૦ | ત્રસાદિ ૪-શુભવર્ણાદિ ૪-તૈજસાદિ ૪-<br>મનુ૦૨-ખગતિ ૨-પંચે૦ઉચ્છ્વાસ-<br>પરાઘાત-ઉચ્ચ૦ સંઘ૦ ૬-સંસ્થાન ૬-<br>નપું૦-સ્ત્રી-સૌભા૦ ૩-દૌર્ભાગ્યાદિ૦ ૩ | (પરાવર્ત્તમાન પરિણામી) ૪ ગતિના મિથ્યાદૃષ્ટિઓ. |

૧૨૪ (વર્ણાદિ બે વાર ગણવાથી ૪ અધિક છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યંત્ર ૧૪ મું.

॥ ૪ પ્રકારના રસબંધમાં ૪ કાળભાંગાનું કોષ્ટક ॥

| પ્રકૃતિઓનો | જઘન્ય રસ કેટલા પ્રકારે ? | અજઘન્ય કેટલા પ્રકારે ? | ઉત્કૃષ્ટ રસબંધ કેટલા પ્રકારે ? | અનુત્કૃષ્ટ રસબંધ કેટલા પ્રકારે ? |
|---|---|---|---|---|
| તૈજસ-કાર્મણ-અગુરુલઘુ-નિર્માણ-શુભવર્ણાદિ ૪ એ ૮ શુભ ધ્રુવબંધિ | સાદિ-અધ્રુવ | સાદિ-અધ્રુવ | સાદિ-અધ્રુવ | સાદિ-અનાદિ-ધ્રુવ-અધ્રુવ |
| વેદનીય નામ (મૂળ) | ,, | ,, | ,, | ,, |
| જ્ઞાના૦-દર્શના૦-મો-હ૦-વિઘ્ન (મૂળ) | ,, | સાદિ-અનાદિ-ધ્રુવ-અધ્રુવ | ,, | સાદિ-અધ્રુવ |
| ગોત્ર (મૂળપ્રકૃતિ) | ,, | ,, | ,, | સાદિ-અનાદિ ધ્રુવ અધ્રુવ |
| ૪૩ અશુભ ધ્રુવબંધિ | ,, | ,, | ,, | સાદિ-અધ્રુવ |
| ૧ આયુષ્ય (મૂળ) ૭૩ અધ્રુવબંધિ | ,, | સાદિ-અધ્રુવ | ,, | ,, |

## યંત્ર ૧૫ મું ॥ ૮ મૂલપ્રકૃતિના ઉત્કૃષ્ટપ્રદેશબંધ સ્વામી ॥

| | | | |
|---|---|---|---|
| ૧ આયુષ્યના — | ૧-૪-૫-૬-૭ ગુણસ્થા૦ | ઉત્કૃષ્ટયોગી | ૮ ના બંધક |
| ૧ મોહનીયના — | ૧-૪-૫-૬-૭-૮-૯ ગુ૦ | ,, | ૭ ના બંધક |
| ૬ શેષ મૂળકર્મના | ૧૦ મા ગુણસ્થાન | ,, | ૬ ના બંધક |
| ૮ | | | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યંત્ર ૧૬ મું.

### ॥ ૧૨૦ ઉત્તરપ્રકૃતિના ઉત્કૃષ્ટપ્રદેશબંધ સ્વામી ॥

| | | | |
|---|---|---|---|
| (૧૭) { ૫ જ્ઞાનાવ૦૪ દર્શના૦-૫ વિઘ્ન -શાતા-યશઃ- ઉચ્ચ } | ૧૦મા ગુણસ્થાનાન્તે | ઉત્કૃષ્ટયોગી | ૬ મૂલ બંધક |
| (૪) અપ્રત્યા૦કષાય | ૪થા ગુણસ્થાનવર્તી | ,, | ૭ મૂલ બંધક |
| (૪) પ્રત્યાખ્યાનીકષાય | ૫મા ગુણસ્થાનવર્તી | ,, | ,, |
| (૫) પું૦-સંજ્વ૦ ૪ | ૯મા ગુણસ્થાનવર્તી | ,, | ,, |
| (૧૩) { સુખગ૦નરાયુ-દેવ ૩-સુભગ-સુસ્વર- આદેય વૈ૦રસમચ અસાત-વજ્રર્ષ૦ } | મિથ્યા૦ અને સમ્ય૦ | ,, | ,, |
| (૯) નિદ્રા ૨-હાસ્યાદિ ૬-જિન૦ | ૪ થી ૮ ગુણસ્થાન૦ | ,, | ,, |
| (૨) આહારકદ્વિક | ૭-૮ ગુણસ્થાન | ,, | ,, |
| (૬૬) શેષપ્રકૃતિ | મિથ્યાદૃષ્ટિઓ | ,, | ,, |
| ૧૨૦ | | | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યંત્ર ૧૭ મું

## ॥ મૂળપ્રકૃતિના જઘન્યપ્રદેશબંધ સ્વામી ॥

૮ મૂળપ્રકૃતિ-લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મનિગોદ (ભવપ્રથમ સમયે) સર્વજઘન્ય યોગી.

## યંત્ર ૧૮ મું.

## ॥ ઉત્તરપ્રકૃતિના જઘન્ય પ્રદેશ બંધ સ્વામી ॥

| | | | |
|---|---|---|---|
| આહા૦ ૨ | અપ્રમત્તઃ | પરાવર્તયોગી (જઘન્યયોગી) | ૮ મૂળબંધક |
| નરક ૩ સુરાયુ | અસંજ્ઞિ મિથ્યાદૃષ્ટિ | ,, | ,, |
| દેવ ૨-વૈક્રિ૦ ૨ | સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય ભવપ્રથમસમયવર્તી | જઘન્યયોગી | ૭ મૂળ બંધક |
| જિનનામ | (બદ્ધજિનનામ મનુષ્યથી આવેલ) ભવાદ્યસમયવર્તી સમ્યગ્દૃષ્ટિ દેવ. | ,, | ,, |
| શેષ ૧૦૯ | ભાવદ્યસમયવર્તી અપર્યાપ્તસૂક્ષ્મ નિગોદ | ,, | ૭-૮ બંધક |

॥ इति पञ्चम-कर्मग्रंथ-यंत्रसंग्रहः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ श्री शङ्खेश्वर-पार्श्वनाथाय नमः ॥

# સપ્તતિકાનામા ષષ્ઠ કર્મગ્રંથ

## મંગળ અને અભિધેય.

सिद्धपएहिं महत्थं, बंधोदयसंतपयडिठाणाणं ।
वुच्छं सुण संखेवं, नीसंदं दिट्ठिवायस्स ॥१॥

**सिद्धपएहिं**=સિદ્ધ થયેલાં છે પદો જેને વિષે એવા ગ્રંથો થકી
**महत्थं**=મ્હોટા અર્થવાળા.
**बंधोदयसंतपयडिठाणाणं**=બંધ, ઉદય અને સત્તા પ્રકૃતિનાં સ્થાનોના.
**वुच्छं**=કહીશ.
**सुण**=સાંભળ.
**संखेवं**=સંક્ષેપને.
**नीसंदं**=ઝરણરૂપ.
**दिट्ठिवायस्स**=દૃષ્ટિવાદ સૂત્ર [બારમા અંગ] ના.

**અર્થ**:-સિદ્ધ થયેલાં છે પદો જેને વિષે એવા ગ્રંથોથકી બંધ ઉદય અને સત્તા પ્રકૃતિનાં સ્થાનોના મહોટા અર્થવાળા અને દૃષ્ટિવાદ સૂત્રના ઝરણરૂપ [બિંદુ તુલ્ય] સંક્ષેપને હું [ચંદ્રમહત્તરાચાર્ય] કહીશ. [હે શિષ્ય! તું] સાંભળ. ॥ ૧ ॥

**વિવેચન**—હવે ચંદ્રમહત્તરાચાર્યકૃત સપ્તતિકા નામે છઠ્ઠા કર્મગ્રંથની વ્યાખ્યા કરીએ છીએ.-

---

*सिद्ध સ્વસમયમાં પ્રસિદ્ધ **पएहिं** ચૌદ જીવસ્થાન ચૌદ ગુણસ્થાન વગેરે પદને આશ્રયીને, એમ અર્થ પણ થઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધ–અચલ એવાં પદ છે જે ગ્રંથને વિષે તે સિદ્ધપદ એવા કર્મપ્રાભૃત કર્મપ્રકૃત્યાદિક ગ્રંથ તેનાં પદ સર્વજ્ઞોક્તાર્થને અનુસારે હોવાથી કોઈ પણ ચલાયમાન કરી ન શકે માટે અબાધ્ય નિઃસંદેહ વચનવાળા જે ગ્રંથ તે થકી મહા અર્થવંત એવા બંધ ઉદય અને સત્તાપણે પરિણમી જે કર્મની પ્રકૃતિ તેનાં સ્થાનકનો સંક્ષેપ–વિસ્તારવંત અર્થનું થોડામાંહે આણવું તે સંક્ષેપ કહીએ, તેને હું કહીશ. અહો! શિષ્ય! તે તું સાંભળ. તે સંક્ષેપ કેવો છે? પરિકર્મ ૧, સૂત્ર ૨, પ્રથમાનુયોગ ૩, પૂર્વગત ૪, અને ચૂલિકા ૫, એ પાંચ ભેદે જે દૃષ્ટિવાદ નામે બારમું અંગ તેનો નિસ્યંદ એટલે સારભૂત રહસ્ય છે, જે માટે દૃષ્ટિવાદનો ચોથો ભેદ જે પૂર્વગત નામે છે તેમાં ચૌદ પૂર્વ છે. તેમાં બીજું અગ્રાયણીય નામે પૂર્વ છે તેમાં ચૌદ વસ્તુ છે. તેમાંની પાંચમી વસ્તુમાં વીશ પ્રાભૃત છે, તેમાં ચોથું કર્મપ્રકૃતિ નામે પ્રાભૃત ચોવીશ અનુયોગદ્વારમય છે, તેમાંથી એ ત્રીજો બંધોદય સત્તાનો સંક્ષેપ કહીશ એટલે એ શાસ્ત્રનું મૂળ સર્વજ્ઞવાક્ય છે એવું દેખાડ્યું. ॥ ૧ ॥

---

## कइ बंधंतो वेयइ ?, कइ कइ वा संतपयडिठाणाणि।
## मूलुत्तरपगईसुं, भंगविगप्पा मुणेअव्वा ॥२॥

| | |
|---|---|
| कइ=કેટલી પ્રકૃતિ. | સત્તાસ્થાન. |
| बंधंतो=બાંધતો. | मूलुत्तरपगईसु=મૂળ અને ઉત્તર પ્રકૃતિને વિષે. |
| वेयइ=વેદે. | भंगविगप्पा=ભાંગાના વિકલ્પો. |
| कइ कइ=કેટલી કેટલાં. | मुणेअव्वा=જાણવા. |
| वा=અથવા, | |
| संतपयडिठाणाणि=પ્રકૃતિનાં | |

अर्थः—કેટલી પ્રકૃતિ બાંધતો કેટલી પ્રકૃતિ વેદે? અથવા કેટલી પ્રકૃતિ બાંધતાં અને કેટલી પ્રકૃતિ વેદતાં પ્રકૃતિનાં સત્તાસ્થાન કેટલાં હોય? [તે સંબંધિ] મૂળ અને ઉત્તર પ્રકૃતિને વિષે ભાંગાના વિકલ્પો જાણી લેવા. ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચનઃ**—આ પ્રમાણે આચાર્યે કહે થકે શિષ્ય પ્રશ્ન કરે છે.–કેટલી પ્રકૃતિ બાંધતો થકો કેટલી કર્મપ્રકૃતિ વેદે? અથવા કેટલી પ્રકૃતિ બાંધતાં તથા કેટલી પ્રકૃતિ વેદતાં કેટલી પ્રકૃતિ સત્તામાં હોય? શિષ્યે એવો પ્રશ્ન કર્યે થકે આચાર્ય કહે છે– મૂળ પ્રકૃતિને વિષે અને ઉત્તરપ્રકૃતિને વિષે પ્રત્યેકે બંધોદય-સત્તાના સંવેધને આશ્રયીને ઘણા ભાંગા થાય, તે અનેક પ્રકારની ભંગજાળ સર્વ પ્રકારે વચને કરી કહેવાય નહીં, તો પણ એટલા ભાંગાના વિકલ્પો જાણવા તે કહીએ છીએ. ॥ ૨ ॥

---

## મૂળ પ્રકૃતિનો બંધોદયસત્તા સંવેધ.

**अट्ठविहसत्तछब्बंधएसु, अट्ठेव उदयसंतंसा ।**
**एगविहे तिविगप्पो, एगविगप्पो अबंधंमि ॥३॥**

अट्ठविहसत्तछब्बंधएसु=અષ્ટવિધ, સપ્તવિધ અને ષડ્વિધ બંધકને વિષે.
अट्ठेव=આઠે કર્મ.
उदयसंतंसा=ઉદય અને સત્તાને વિષે.
एगविहे=એકવિધ બંધને વિષે.
तिविगप्पो=ત્રણ વિકલ્પો.
एगविगप्पो=એક વિકલ્પ.
अबंधंमि=બંધના અભાવે.

**અર્થ.**—અષ્ટવિધ, સપ્તવિધ અને ષડ્વિધ બંધકને વિષે ઉદય અને સત્તાએ આઠે કર્મ હોય, એકવિધ બંધકને વિષે ત્રણ વિકલ્પો અને બંધના અભાવે એક વિકલ્પ હોય. ॥ ૩ ॥

**વિવેચનઃ**–હવે પ્રથમ મૂળ પ્રકૃતિને વિષે બંધોદયસત્તાનો સંવેધ કહે છે, અષ્ટવિધ બંધકને વિષે સપ્તવિધ બંધકને વિષે અને ષડ્વિધ બંધકને વિષે પ્રત્યેકે ઉદયે અને સત્તાએ આઠે કર્મપ્રકૃતિ પામીએ. એ ત્રણ ભાંગા દેખાડયા, તે આ પ્રમાણે– પ્રથમ આઠનો બંધ આઠનો ઉદય અને આઠની સત્તા; એ ભાંગો આયુર્બંધકાળે અંતર્મુહૂર્ત પ્રમાણ હોય, તે મિથ્યાત્વ-થકી માંડીને ત્રીજા સિવાય અપ્રમત્ત ગુણઠાણા લગે જાણવો ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા સાતનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા; એ બીજો ભાંગો આયુર્બંધને અભાવે જઘન્ય અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ છમાસે ઊણાં ૩૩ સાગરોપમ અંતર્મુહૂર્ત્ત ન્યૂન પૂર્વકોટિ ત્રિભાગે અધિક એટલા કાળ પ્રમાણ મિથ્યાત્વથી નવમા ગુણઠાણા લગે સર્વને જાણવો ૨. તથા છનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા, એ ત્રીજો ભાંગો સૂક્ષ્મસંપરાયેજ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જાણવો; ત્યાં મોહનીયનો બંધ નથી તે માટે ૩. તથા એકવિધબંધે કેવળ એક વેદનીય બાંધતાં ત્રણ ભાંગા હોય, તે આ પ્રમાણે-એકનો બંધ, સાતનો ઉદય અને આઠની સત્તા, એ ભાંગો ઉપશાન્તમોહ ગુણઠાણે જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત લગે પામીએ; ત્યાં મોહનીયનો ઉદય નથી અને સત્તા છે તે માટે ૪. એકનો બંધ, સાતનો ઉદય અને સાતની સત્તા; એ ભાંગો ક્ષીણમોહ ગુણઠાણે અંતર્મુહૂર્ત્ત લગે પામીએ. ત્યાં મોહનીયની સત્તા પણ નથી તે માટે ૫. એકનો બંધ, ચારનો ઉદય અને ચારની સત્તા, એ ભાંગો સયોગિ કેવલીને વિષે પામીએ; ઘાતી કર્મના અભાવથકી. તે જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ દેશે ઊણી પૂર્વકોડિ લગે હોય ૬. તથા અબંધે-બંધને અભાવે ચારનો ઉદય અને ચારની સત્તા, એ ભાંગો અયોગી ગુણઠાણે પામીએ ૭. એમ સર્વ મળી સાત ભાંગા મૂળ પ્રકૃતિના થાય. ॥ ૩ ॥

---

## જીવસ્થાનને વિષે મૂળપ્રકૃતિના ભાંગા.

**सत्तट्ठबंध अट्ठुदय-संत तेरससु जीवठाणेसु ।**
**एगंमि पंच भंगा, दो भंगा हुंति केवलिणो ॥४॥**

सत्तट्ठबंध अट्ठुदयसंत=સાતનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા અને આઠનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા.

तेरससु=તેર [ પહેલા ].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **जीवठाणेसु**=જીવસ્થાનને વિષે. | **दो**=બે |
| **एगम्मि**=એક [પર્યાપ્તા સંજ્ઞિ પંચેંદ્રિય] જીવસ્થાનને વિષે. | **हुंति**=હોય છે. |
| **पंच भंगा**=પાંચ ભાંગા. | **केवलिणो**=કેવળીને. |

**अर्थः**—(પ્રથમના) તેર જીવસ્થાનોને વિષે સાતનો બંધ, આઠનો ઉદય. આઠની સત્તા અને આઠનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા હોય, એક (પર્યાપ્તા સંજ્ઞિપંચેંદ્રિય) જીવસ્થાનને વિષે પાંચ ભાંગા હોય અને કેવળીને બે ભાંગા હોય. ॥ ૪ ॥

**विवेचनः**—હવે એ ૭ ભાંગા ચૌદ **जीवस्थानकने विषे** કહે છે સંજ્ઞીપર્યાપ્તો વર્જીને શેષ તેર જીવસ્થાનકને વિષે બે બે ભાંગા હોય, તે આ પ્રમાણે-સપ્તવિધબંધ, આઠનો ઉદય અને આઠની સત્તા; એ ભાંગો આયુર્બંધ કાળ વિના સદાય હોય અને આઠનો બંધ. આઠનો ઉદય અને આઠની સત્તા; એ ભાંગો આયુર્બંધ-કાળે અંતર્મુહૂર્ત લગે હોય. એક સંજ્ઞી પર્યાપ્તાને વિષે પહેલા પાંચ ભાંગા હોય, ત્યાં આઠનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા, એ ભાંગો આયુર્બંધકાળે હોય ૧ સાતનો બંધ આઠનો ઉદય અને આઠની સત્તા; એ ભાંગો આયુર્બંધકાળ વિના શેષકાળે હોય ૨. છનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા; એ સૂક્ષ્મસંપરાયે હોય ૩. એકનો બંધ સાતનો ઉદય અને આઠની સત્તા, એ ઉપશાન્તમોહે હોય ૪. એકનો બંધ સાતનો ઉદય અને સાતની સત્તા; એ ભાંગો ક્ષીણમોહે હોય ૫. તથા છેલ્લા બે ભાંગા કેવળીને હોય; તે આ પ્રમાણે-એકનો બંધ, ચારનો ઉદય અને ચારની સત્તા; એ ભાંગો સયોગિ કેવળીને હોય ૧, તથા બંધને અભાવે ચારનો ઉદય અને ચારની સત્તા; એ ભાંગો અયોગિ કેવળીને હોય ૨, ઈહાં સંજ્ઞાથકી કેવળી જૂદા કહ્યો તે કેવળી મન રહિત માટે સંજ્ઞી નહિ તેમ અસંજ્ઞી પણ નહિ એટલે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી કહીએ તે માટે કેવળીને દ્રવ્યમન હોય પણ ભાવમન ન હોય. ॥ ૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણસ્થાનને વિષે ભાંગા.

**अट्ठसु एगविगप्पो, छस्सुवि गुणसन्निएसु दुविगप्पो।**
**पत्तेअं पत्तेअं बंधोदयसंतकम्माणं ॥५॥**

| | |
|---|---|
| **अट्ठसु**=આઠ ગુણસ્થાનને વિષે. | **दुविगप्पो**=બે વિકલ્પો. |
| **एगविगप्पो**=એક વિકલ્પ. | **पत्तेयं**=દરેકને. |
| **छस्सुविगुणसंनिएसु**=૭ ગુણઠાણાને વિષે. | **बंधोदयसंतकम्माणं**=બંધ, ઉદય અને સત્તા પ્રકૃતિસ્થાનોના. |

**અર્થ:**—આઠ ગુણસ્થાનને વિષે દરેકને એક વિકલ્પ અને છ ગુણસ્થાનોને વિષે દરેકને બે વિકલ્પો બંધ, ઉદય અને સત્તા પ્રકૃતિસ્થાનોના જાણવા. ॥ ૫ ॥

**વિવેચનઃ**—હવે એ સાત ભાંગા ગુણઠાણે કહે છે.—મિશ્ર અને અપૂર્વકરણાદિક સાત, એવં ૮ ગુણઠાણે એકેકો ભાંગો હોય, તે આ પ્રમાણે—મિશ્ર, અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદર એ ૩ ગુણઠાણે આઉખુ ન બાંધે તે માટે સાતનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા એ ભાંગો હોય. સૂક્ષ્મસંપરાયે મોહનીયનો બંધ ન હોય પણ ઉદય અને સત્તા હોય, તે માટે ૬નો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા એ ભાંગો હોય. ઉપશાન્તમોહે એકનો બંધ, સાતનો ઉદય અને આઠની સત્તા, એ ભાંગો હોય; એક વેદનીયજ બાંધે અને મોહનીયનો ઉદય ન હોય પણ સત્તા હોય તે માટે. ક્ષીણમોહે એકનો બંધ, સાતનો ઉદય અને સાતની સત્તા એ ભાંગો હોય. સયોગિ કેવળીને એકનો બંધ, ચારનો ઉદય અને ચારની સત્તા એ ભાંગો હોય. અયોગિ કેવળીને બંધનો અભાવ હોવાથી ચારનો ઉદય અને ચારની સત્તા એ ભાંગો હોય. તથા મિથ્યાદૃષ્ટિ ૧, સાસ્વાદન ૨, અવિરત ૩, દેશવિરત ૪, પ્રમત્ત ૫, અને અપ્રમત્ત ૬. એ છ ગુણઠાણાને વિષે પ્રત્યેકે બે બે ભાંગા હોય, તે આ પ્રમાણે—આયુર્બંધકાળે આઠનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા, એ ભાંગો હોય અને આયુર્બંધકાળ વિના સાતનો બંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠનો ઉદય અને આઠની સત્તા એ ભાંગો હોય; એવં બે ભાંગા હોય. એમ પ્રત્યેકે પ્રત્યેકે બંધ, ઉદય અને સત્તાના ભાંગા ગુણઠાણે હોય. એટલે મૂળ પ્રકૃતિ આશ્રયી સંવેધ અને સ્વામીપણું કહ્યું. ॥ ૫ ॥

## मूल प्रकृतिना बंधोदयसत्ता संवेधभांगा

| भांगा | बंध | उदय | सत्ता | १४ जीवभेदे | १४ गुणस्थाने | भंगानां कालमानं |
|---|---|---|---|---|---|---|
| १ | ८ | ८ | ८ | १४ | १।२।४।५।६।७। | अंतर्मुहूर्त्तमानं |
| २ | ७ | ८ | ८ | १४ | १।२।३।४।५।६।७।८।९ | जघन्यअंत०। उत्कृष्टषड्मासोन३३ सागर अन्तर्मु० न्यून पूर्वकोटित्रिभागाधिकं |
| ३ | ६ | ८ | ८ | संज्ञिपर्या०१ | १० मे | ज० १ समय उ० अंतर्मुहूर्त्त |
| ४ | १ | ७ | ८ | संज्ञिपर्या०१ | ११ मे | ज० १ समय उ० अंतर्मुहूर्त्त |
| ५ | १ | ७ | ७ | संज्ञिपर्या०१ | १२ मे | अंतर्मुहूर्त्त |
| ६ | १ | ४ | ४ | केवलिनः | १३ मे | ज०अंतर्मु०उ०नव वर्षोनपूर्वकोटिः |
| ७ | ० | ४ | ४ | केवलिनः | १४ मे | ह्रस्वपंचाक्षरमितं |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કર્મની ઉત્તરપ્રકૃતિની સંખ્યા

**पंचनवदुन्निअट्ठा–वीसा चउरो तहेव बायाला ।
दुन्नि अ पंच य भणिया, पयडीओ आणुपुव्वीए ॥६॥**

पंच=પાંચ.
नव=નવ.
दुन्नि=બે.
अट्ठावीसा=અઠ્ઠાવીશ.
चउरो=ચાર.
तहेव=તેમજ.
बायाला=બહેંતાળીશ.
दुन्नि=બે.
पंच=પાંચ.
य=અને.
भणिया=કહી છે.
पयडीओ=પ્રકૃતિઓ.
आणुपुव्वीए=અનુક્રમે.

अर्थः—પાંચ, નવ, બે, અઠ્ઠાવીશ, ચાર તેમજ બહેંતાળીશ બે અને પાંચ પ્રકૃતિઓ અનુક્રમે આઠ કર્મની કહેલી છે. ॥ ૬ ॥

विवेचनः—હવે ઉત્તર પ્રકૃતિ આશ્રયીને બંધ ઉદય તથા સત્તાનો સંવેધ અને સ્વામીપણું કહે છે. ત્યાં પ્રથમ ૮ કર્મની ઉત્તરપ્રકૃતિની સંખ્યા કહે છે. જ્ઞાનાવરણીયની પાંચ, દર્શનાવરણીયની નવ, વેદનીયની બે, અને મોહનીયની સત્તાદિકે અઠ્ઠાવીશ અને બંધે ૨૬. આયુઃકર્મની ૪ અને નામકર્મની બેંતાળીશ પ્રકૃતિ હોય; તે બંધ અને ઉદયે ૬૭ હોય અને સત્તાએ ૯૩ અથવા ૧૦૩ હોય. ગોત્રકર્મની બે પ્રકૃતિ હોય અને અંતરાય કર્મની પાંચ પ્રકૃતિ હોય. એ અનુક્રમે આઠ કર્મની ઉત્તર પ્રકૃતિ કહી. હવે એના બંધ, ઉદય અને સત્તા સંવેધે ભાંગા કહે છે. ॥ ૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉત્તર પ્રકૃતિનો બંધોદયસત્તા સંવેધ

**बंधोदयसंतंसा, नाणावरणंतराइए पंच ।**
**बंधोवरमेवि [1]उदय, संतंसा हुंति पंचेव ॥ ७ ॥**

**बंधोदयसंतंसा**=બંધ, ઉદય અને સત્તારૂપ અંશો.
**नाणावरणंतराइए**=જ્ઞાનાવરણ અને અંતરાય કર્મને વિષે
**पंच**=પાંચ પ્રકૃતિના.
**बंधोवरमेवि**=બંધના અભાવે પણ
**उदय संतंसा**=ઉદય અને સત્તા.
**हुंति**=હોય.
**पंचेव**=પાંચ પ્રકૃતિ રૂપજ.

**अर्थः**—જ્ઞાનાવરણ અને અંતરાય કર્મને વિષે બંધ, ઉદય અને સત્તારૂપ અંશો પાંચ પ્રકૃતિના હોય. બંધના અભાવે પણ ઉદય અને સત્તા પાંચ પ્રકૃત્યાત્મકજ હોય. ॥ ૭ ॥

**विवेचनः**—જ્ઞાનાવરણીયની પાંચ અને અંતરાયની પાંચ મળી દશ પ્રકૃતિ ધ્રુવબંધી છે માટે સૂક્ષ્મસંપરાય લગે સર્વ પાંચે ભેગી બાંધે તે માટે પાંચનો બંધ, પાંચનો ઉદય અને પાંચની સત્તા એ એક ભાંગો જ્ઞાનાવરણીય અને અંતરાયનો સૂક્ષ્મસંપરાય ગુણઠાણા લગે સર્વ જીવને હોય. એ બે કર્મનો બંધ ટળ્યે થકે પણ પાંચનો ઉદય અને પાંચની સત્તા, એ ભાંગો ઉપશાન્તમોહ અને ક્ષીણમોહે પામીએ. એમ એ જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મના બંધોદયસત્તા સંવેધે બે બે ભાંગા હોય ॥૭॥

[1] તહા, ઉદ સંતા હુંતિ પંચેવ ॥ ઇતિ પાઠાંતરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| ज्ञानावरणांतराययोः संवेधभंगो | | | | | |
|---|---|---|---|---|---|
| भंग | बंध | उदय | सत्ता | गुणठाणे | जीवभेदे |
| १ | ५ | ५ | ५ | १।२।३।४।५।६।७ ८।९।१० | १४ |
| २ | ० | ५ | ५ | ११।१२ | १ संज्ञि-पर्या० |

દર્શનાવરણના સંવેધભાંગા

**बंधस्स य संतस्स य, पगइट्ठाणाइ तिण्णि तुल्लाइं ।**
**उदयट्ठाणाइँ दुवे, चउ पणगं दंसणावरणे ॥ ८ ॥**

**बंधस्स**=બંધનાં.
**संतस्स**=સત્તાનાં.
**पगइट्ठाणाइ**=પ્રકૃતિસ્થાનો.
**तिन्नि**=ત્રણ [૯-૬-૪]
**तुल्लाइं**=સરખાં.
**उदयट्ठाणाइँ**=ઉદયસ્થાનો.
**दुवे**=બે [હોય.]
**चउ**=ચાર.
**पणगं**=પાંચ.
**दंसणावरणे**=દર્શનાવરણને વિષે.

**अर्थः**—દર્શનાવરણને વિષે બંધનાં અને સત્તાનાં પ્રકૃતિ સ્થાનો ત્રણ [૯-૬-૪] સરખાં હોય. ઉદયસ્થાનો ચાર તથા પાંચ પ્રકૃતિનાં એમ બે હોય. ॥ ૮ ॥

**विवेचनः**—હવે दर्शनावरणीय કર્મના સંવેધભાંગા કહે છે:-દર્શનાવરણીયને વિષે બંધના અને સત્તાનાં સ્થાનક ૯, ૬, ૪, એ ત્રણ સરખાં હોય. ત્યાં પહેલું નવનું બંધસ્થાનક મિથ્યાત્વે અને સાસ્વાદને પામીએ; તે અભવ્યને અનાદિ અનંત હોય, ભવ્યને અનાદિસાન્ત હોય અને સમ્યક્ત્વ થકી પડીને મિથ્યાત્વે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયેલાને સાદિસાન્ત હોય, તે જઘન્ય અંતર્મુહૂર્ત્ત લગે હોય અને ઉત્કૃષ્ટ દેશે ઊણા અર્દ્ધ પુદ્ગલપરાવર્ત્ત લગે હોય. તે નવ માંહેથી થીણદ્ધિત્રિકનો બંધ ટળ્યે છ નું બંધસ્થાનક મિશ્રગુણઠાણાથી માંડીને અપૂર્વકરણ ગુણઠાણાના પહેલા ભાગ લગે હોય, તે જઘન્ય અંતર્મુહૂર્ત લગે હોય અને ઉત્કૃષ્ટ એકસો બત્રીશ સાગરોપમ અધિક લગે રહે, તે પછી કોઈક ક્ષપકશ્રેણિ પડિવજે-પ્રાપ્ત કરે, અને કોઇક મિથ્યાત્વ પામતો નવવિધ બંધક થાય. તે છ માંહેથી નિદ્રાદ્વિકનો બંધ ટળ્યે ચારનું બંધસ્થાનક અપૂર્વકરણના બીજા ભાગથી માંડીને સૂક્ષ્મસંપરાય લગે હોય, તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત લગે રહે. હવે દર્શનાવરણીયનું નવ પ્રકૃતિનું સત્તાસ્થાનક મિથ્યાત્વથી માંડીને ઉપશાન્તમોહ લગે હોય. તે ઉપશમશ્રેણિએ અને ક્ષપકશ્રેણિએ નવમાના પહેલા ભાગ લગે હોય. તે અભવ્યને અનાદિ અનંત અને ભવ્યને અનાદિ સાન્ત હોય પણ સાદિસાન્ત ન હોય, કેમકે નવનું સત્તાસ્થાનક તો ક્ષપકશ્રેણિએ જ ટળે અને તે ક્ષપકશ્રેણિ થકી તો પડે નહીં તે માટે. તે માંહેથી થીણદ્ધિત્રિકની સત્તા ટળ્યે છ પ્રકૃતિનું સત્તાસ્થાનક અનિવૃત્તિ બાદર ગુણઠાણાના બીજા ભાગ થકી માંડીને ક્ષીણમોહના દ્વિચરમ સમયલગે હોય તે જઘન્યથી અને ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય. તે માંહેથી વળી બે નિદ્રાની સત્તા ટળ્યે ચાર પ્રકૃતિનું સત્તાસ્થાનક ક્ષીણમોહને છેલ્લે સમયે હોય, તે એક સમય રહે. હવે દર્શનાવરણીયનાં ઉદયસ્થાનક બે હોય, ચારનું અને પાંચનું; ત્યાં ચક્ષુર્દર્શનાવરણીય પ્રમુખ ચાર ધ્રુવોદયી છે, તે માટે ચારનું ઉદયસ્થાનક મિથ્યાત્વથી માંડીને ક્ષીણમોહના છેડા લગે હોય તથા નિદ્રા પાંચ માંહેથી એક કાળે એકનો જ ઉદય હોય પણ બે ત્રણનો ઉદય ન હોય, અધ્રુવોદયી માટે. પૂર્વોક્ત ૪ માંહે એક નિદ્રા ભળે ત્યારે પાંચનું ઉદયસ્થાનક હોય, તે કયારેક હોય, કયારેક ન હોય. એ પ્રકારે દર્શનાવરણીયનાં બંધ ઉદય અને સત્તાનાં સ્થાનક કહ્યાં. હવે સંવેધે તેના ભાંગા કહે છે. ॥ ૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**बीआवरणे नवबंधए(गे)सु, चउपंचउदय नवसंता।**
**छच्चउबंधे चेवं, चउबंधुदए छलंसा य ॥ ९ ॥**

बीआवरणे=બીજા દર્શનાવરણને વિષે.
नवबंधएसु=નવવિધ બંધકને વિષે
चउपंच=ચાર અથવા પાંચનો
उदय=ઉદય.
नवसंता=નવ પ્રકૃતિની સત્તા
छच्चउबंधे=છ અને ચારના બંધે
चेवं=પૂર્વોક્ત પ્રકારે ઉદય સત્તા.
चउबंधुदए=ચારના બંધ અને ચાર ઉદયને વિષે.
छलंसा=છની સત્તા [હોય]
य=પણ.

**અર્થ:**-દર્શનાવરણને વિષે નવવિધ બંધકને વિષે ચાર અથવા પાંચનો ઉદય અને નવ પ્રકૃતિની સત્તા હોય. છ અને ચારના બંધે પૂર્વોક્ત પ્રકારે ઉદય સત્તા હોય. ચારના બંધ અને ચારના ઉદયને વિષે છની સત્તા પણ હોય ॥૯॥

**વિવેચન:**—દ્વિતીયાવરણ તે દર્શનાવરણીય કર્મ તેને વિષે નવવિધબંધક એવા મિથ્યાત્વી અને સાસ્વાદનીને ચાર તથા પાંચનો ઉદય હોય અને નવની સત્તા હોય એટલે એ બે ભાંગા દેખાડયા, તે આ પ્રમાણે—નવનો બંધ, ચારનો ઉદય અને નવની સત્તા એ ભાંગો નિદ્રાનો ઉદય ન હોય ત્યારે હોય. તથા નવનો બંધ પાંચનો ઉદય અને નવની સત્તા એ ભાંગો નિદ્રાની ઉદયાવસ્થાએ હોય. એ બીજા ભાંગા માંહે પાંચ ભાંગા થાય તે આ પ્રમાણે-એક કાળે પાંચ નિદ્રા માંહેલી એક નિદ્રાનો ઉદય હોય તે એકેકી નિદ્રાનું નામ લઈને ગણીએ ત્યારે પાંચ ભાંગા [વિકલ્પ] થાય તથા છને બંધે અને ચારને બંધે પણ એમજ બે બે ભાંગા હોય. છનો બંધ મિશ્ર ગુણઠાણાથી માંડીને અપૂર્વકરણના પહેલા ભાગ લગે હોય, ત્યાં બે ભાંગા હોય, તે આ પ્રમાણે-છનો બંધ ચારનો ઉદય અને નવની સત્તા એ ભાંગો નિદ્રાનો ઉદય ન હોય ત્યારે હોય, અને છનો બંધ, પાંચનો ઉદક અને નવની સત્તા એ ભાંગો નિદ્રાને ઉદયે હોય. એ ભાંગા માંહે પણ એકેકી નિદ્રાનું નામ લઇ ઉદય કહીએ ત્યારે પાંચ વિકલ્પ પ્રમત્ત લગે થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપ્રમત્ત થકી તો થીણદ્ધિત્રિકનો ઉદય ટળ્યો તે માટે બે ભાંગા થાય. એ નિદ્રાના ઉદયના ભાંગા ક્ષપકશ્રેણિવાળાને હોય નહિ, ક્ષપકશ્રેણિવાળો અતિ વિશુદ્ધ છે માટે તેને નિદ્રા અને પ્રચલાનો ઉદય ન હોય. યદ્યપિ કર્મસ્તવે ક્ષીણમોહના દ્વિચરમ સમય લગે નિદ્રા અને પ્રચલાનો ઉદય કહ્યો છે પણ તે સંભવે નહીં. તથા ચતુર્વિધબંધ તે અપૂર્વકરણના બીજા ભાગ થકી માંડીને સૂક્ષ્મસંપરાય લગે હોય; ત્યાં ચારનો બંધ, પાંચનો ઉદય અને નવની સત્તા એ ભાંગો ઉપશમશ્રેણિવાળાનેજ હોય તેના પણ બે નિદ્રાનો ઉદય ગણતાં બે વિકલ્પ થાય; અને ચારનો બંધ, ચારનો ઉદય અને નવીન સત્તા એ ભાંગો ઉપશામક અને ક્ષપક બેને હોય. ત્યાં ક્ષપકને અનિવૃત્તિબાદરના પહેલા ભાગ લગેજ હોય અને ઉપશામકને સૂક્ષ્મસંપરાય લગે હોય. તથા ક્ષપકને અનિવૃત્તિબાદરના સંખ્યાતા ભાગ ગયા પછી થીણદ્ધિત્રિકની સત્તા પણ ટળે ત્યારે ચારનો બંધ, ચારનો ઉદય અને છની સત્તા એ ભાંગો સૂક્ષ્મસંપરાયના છેલ્લા સમય લગે હોય, પછી બંધ ટળે. એ પ્રકારે ચારના બંધના ત્રણ ભાંગા થયા. અહીં અંશ શબ્દે સત્તા કહીએ ॥ ૯ ॥

---

**उवरयबंधे चउ पण, नवंस चउरुदय छच्चचउसंता ।**
**वेअणिआउयगोए, विभज्ज मोहं परं वुच्छं ॥१०॥**

उवरयबंधे=બંધનો વિચ્છેદ થયે છતે.
चउपण=ચાર અથવા પાંચનો ઉદય.
नवंस=નવની સત્તા.
चउरुदय=ચારનો ઉદય.
छ=છની
च्चचउ=અને ચારની.
संता=સત્તા.
वेअणियाउयगोए=વેદનીય, આયુષ્ય અને ગોત્રકર્મને વિષે
विभज्ज=બંધાદિસ્થાન અને સંવેધના ભાંગા કહેવા.
मोहं=મોહનીય કર્મને.
परं=હવે પછી.
वुच्छं=કહીશું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**–બંધનો વિચ્છેદ થયે છતે ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા [એ બે ભાંગા] તેમજ ચારનો ઉદય અને છ અથવા ચારની સત્તા હોય. વેદનીય, આયુષ્ય અને ગોત્રકર્મને વિષે [સંવેધ આશ્રયીને બંધાદિ સ્થાનના] ભાંગા કહીને મોહનીય કર્મના ભાંગા હવે પછી કહીશું. ॥ ૧૦ ॥

**વિવેચન:**–તથા બંધ ટળે થકે ચારનો ઉદય નવની સત્તા અને પાંચનો ઉદય નવની સત્તા એ બે ભાંગા ઉપશાન્તમોહ ગુણઠાણેજ પામીએ; ઉપશમશ્રેણિએ નિદ્રા–પ્રચલાનો ઉદય સંભવે અને સ્ત્યાનર્દ્ધિત્રિક પણ સત્તાએ હોય તે માટે. તથા ચારનો ઉદય છની સત્તા એ ભાંગો ક્ષીણકષાયના દ્વિચરમ સમય લગે પામીયે. તથા ચારનો ઉદય ચારની સત્તા એ ભાંગો ક્ષીણકષાયને છેલ્લે સમયે હોય; ત્યાંજ નિદ્રા પ્રચલાની સત્તા ટળે તે માટે. એ પ્રમાણે દર્શનાવરણીયના અગ્યાર ભાંગા હોય, તે વળી જ્યાં જેટલી નિદ્રા ઉદયે હોય તેટલીનાં નામ લઇને જૂદાજૂદા ભાંગા કરીએ ત્યારે ૨૧ ભાંગા થાય, અને વળી કર્મસ્તવ કહ્યા પ્રમાણે ક્ષપકને નિદ્રાદ્વિકનો ઉદય કહીએ ત્યારે ચારનો બંધ, પાંચનો ઉદય અને છની સત્તા એ ભાંગો નવમે–દશમે ગુણઠાણે વર્તતા ક્ષપકને હોય. તથા બંધને અભાવે પાંચનો ઉદય અને છ ની સત્તા એ ભાંગો ક્ષીણમોહે દ્વિચરમ સમય લગે હોય; એમ ૧૩ ભાંગા થાય. નિદ્રાને પૃથક નામ અહી કહીએ ત્યારે ૨૫ ભાંગા થાય. એ પ્રકારે દર્શનાવરણીય કર્મના બંધોદયસત્તા–સંવેધે ભાંગા કહ્યા.

હવે વેદનીય કર્મ, આયુ કર્મ અને ગોત્ર કર્મ એ ત્રણના બંધોદયસત્તા સંવેધના ભાંગા થોડા માટે તેને પૂર્વે કહીને મોહનીય કર્મના બંધોદયસત્તા સંવેધના ભાંગા ઘણા છે માટે પછી કહીશું. ॥ ૧૦ ॥

## दर्शनावरणस्य बंधोदयसत्तासंवेधे भंगाः ११ऽ१३

## निद्राणां पृथग् नामग्रहणेन भंगाः १३ऽ२५

| क्रमांक. | बंध | उदय | सत्ता | | गुणस्थानेषु. |
|---|---|---|---|---|---|
| १ | ९ | ४ | ९ | १ | १।२ |
| २ | ९ | ५ | ९ | ५ | १।२ |
| ३ | ६ | ४ | ९ | १ | ૩।૪।૫।૬।૭।૮ |
| ४ | ६ | ५ | ९ | ५ | ૩।૪।૫ ૬।૭।૮× |
| ५ | ४ | ४ | ९ | १ | [1]૮।૯।૧૦ |
| ६ | ४ | ५ | ९ | २ | ૮।૯।૧૦उपशमश्रेणि |
| ७ | ४ | ४ | ६ | १ | ૯।૧૦ क्षपकने |
| ८ | ४ | ५ | ६ | २ | ૯।૧૦ मतांतरे |
| ९ | ० | ४ | ९ | १ | ११ उपशामक |
| १० | ० | ५ | ९ | २ | ११ उपशामक |
| ११ | ० | ४ | ६ | १ | १२ द्विचरमसमयपर्यंत |
| १२ | ० | ५ | ६ | २ | १२ मतान्तरे |
| १३ | ० | ४ | ४ | १ | १२ चरमसमये |

એ ભાંગામાં આઠમો અને બારમો એ બે ભાંગા કર્મસ્તવને અભિપ્રાયે લખ્યા છે અને શેષ ૧૧ ભાંગા આ ગ્રંથના મતે કહ્યા છે.

× અહીં નિદ્રાના પાંચ ભાંગા છઠ્ઠા ગુણસ્થાન સુધી ઘટે, માત્ર બેજ ભાંગા આગળના ગુણસ્થાને ઘટે.

૧ ઉપશામકને અને ક્ષપકને નવમાના પહેલા ભાગ સુધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગોત્ર, વેદનીય અને આયુઃકર્મના સંવેધે ભાંગા.

**गोअंमि सत्त भंगा, अट्ठ य भंगा हवंति वेअणिए।**
**पण नव नव पण भंगा, आउचउक्के वि कमसो उ ॥११॥**

गोअंमि=ગોત્રકર્મને વિષે.
सत्त भंगा=સાત ભાંગા
अट्ठ=આઠ.
भंगा=ભાંગા
हवंति=હોય.
वेअणिए=વેદનીયકર્મને વિષે.
पण नव नव पण भंगा=પાંચ, નવ, નવ અને પાંચ ભાંગા.
आउचउक्केवि=આયુષ્યચતુષ્કને વિષે વળી.
कमसो=અનુક્રમે.
उ=તો.

**અર્થ:**—ગોત્રકર્મને વિષે સાત ભાંગા, અને વેદનીય કર્મને વિષે આઠ ભાંગા હોય. ચારે આયુષ્યને વિષે તો અનુક્રમે પાંચ, નવ, નવ અને પાંચ ભાંગા હોય. ॥૧૧॥

**વિવેચન:**—ગોત્રકર્મને વિષે બંધોદયસત્તા સંવેધે સાત ભાંગા થાય, તે આ પ્રમાણે-ગોત્રનું બંધસ્થાનક એકજ હોય. પહેલે બીજે ગુણઠાણે નીચ ગોત્ર અથવા ઉંચ ગોત્ર બાંધે પણ સમકાળે બે ગોત્ર ન બાંધે, પરસ્પર વિરૂદ્ધ છે માટે, અને મિશ્ર થકી દશમા ગુણસ્થાન લગે તો ઉચ્ચૈર્ગોત્રજ બાંધે, અને ઉદયસ્થાનક પણ એકજ હોય. મિથ્યાત્વ થકી માંડીને દેશવિરત લગે નીચ અથવા ઉંચ એ બે ગોત્ર ઉદયે હોય પણ સમકાળે એકજ ઉદયે હોય, પરસ્પર વિરૂદ્ધ માટે, અને પ્રમત્ત થકી અયોગી લગે તો ઉચ્ચૈર્ગોત્રનોજ ઉદય હોય. તથા સત્તાસ્થાનક બે હોય, બેનું અને એકનું; તે આ પ્રમાણે-ઉચ્ચૈર્ગોત્ર અને નીચૈર્ગોત્ર એ બેની સત્તા સમકાળે સાથે સર્વ ગુણઠાણે હોય. તથા તેઉકાય વાયુકાયની અવસ્થાએ ઉચ્ચૈર્ગોત્ર ઉવેલ્યે એક નીચૈર્ગોત્રની સત્તા હોય અથવા અયોગી કેવળીને નીચૈર્ગોત્રની સત્તા ગયે છેલ્લે સમયે એક ઉચ્ચૈર્ગોત્રની સત્તા હોય. હવે એનો સંવેધ કહે છે-નીચ્ચૈર્ગોત્રનો બંધ નીચૈર્ગોત્રનો ઉદય અને નીચૈર્ગોત્રની સત્તા, એ ભાંગો તેઉકાય અને વાયુકાય માંહે પામીએ; ત્યાં ઉચ્ચૈર્ગોત્ર ઉવેલે તે માટે. તથા તેઉકાય અને વાયુકાયના ભવ થકી નીકળ્યા એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચેંદ્રિય તિર્યંચ માંહે કિયત્કાલ લગે પણ એ ભાંગો પામીએ તથા નીચૈર્ગોત્રનો બંધ, નીચનો ઉદય અને ઉચ્ચ નીચની સત્તા અથવા નીચનો બંધ, ઉચ્ચનો ઉદય અને બેની સત્તા, એ બે ભાંગા મિથ્યાત્વી તથા સાસ્વાદનીને વિષે હોય. તથા ઉચ્ચનો બંધ, નીચનો ઉદય અને બેની સત્તા, એ ભાંગો મિથ્યાત્વથી માંડીને દેશવિરતિ લગે પામીએ; તે પછી નીચનો ઉદય નથી તે માટે. તથા ઉચ્ચનો બંધ, ઉચ્ચનો ઉદય અને બેની સત્તા, એ ભાંગો મિથ્યાત્વથકી માંડીને સૂક્ષ્મસંપરાય લગે પામીયે. તે પછી બંધનો અભાવ હોવા થકી ઉચ્ચનો ઉદય અને બેની સત્તા, એ ભાંગો ઉપશાન્ત મોહથી માંડીને અયોગી કેવળીના દ્વિચરમ સમય લગે પામીએ. ઉચ્ચનો ઉદય ઉચ્ચની સત્તા, એ ભાંગો અયોગી કેવળીને ચરમ સમયે હોય. એ સર્વ મળી સાત ભાંગા ગોત્રકર્મના જાણવા.

**વેદનીય** કર્મને વિષે બંધોદયસત્તા સંવેધે આઠ ભાંગા હોય. ત્યાં વેદનીયનું બંધસ્થાનક અને ઉદયસ્થાનક પણ એકેકી પ્રકૃતિનું એકેકુંજ હોય, યદ્યપિ છઠ્ઠા ગુણઠાણા લગે બેનો બંધ છે અને પછી એક સાતાનો બંધ છે તો પણ પરસ્પર વિરોધી છે માટે સમકાળે બે ન બાંધે પણ એકજ બાંધે, અને ઉદયે સર્વ ગુણઠાણે બે હોય તો પણ એક કાળે એકજ ઉદય આવે. તથા સત્તાસ્થાનક બે હોય, એકનું અને બેનું. જ્યાં લગે એક સત્તા થકી ટળ્યું ન હોય ત્યાં લગે બેની સત્તા હોય અને એક ટળ્યે એકની સત્તા રહે. હવે એનો સંવેધ કહે છે. અસાતાનો બંધ અસાતાનો ઉદય અને બેની સત્તા ૧, તથા અસાતાનો બંધ, સાતાનો ઉદય અને બેની સત્તા ૨, એ બે ભાંગા મિથ્યાત્વથી માંડીને પ્રમત્ત ગુણઠાણા લગે પામીએ; તે પછી અસાતાનો બંધ ન હોય તે માટે નહીં. સાતાનો બંધ, અસાતાનો ઉદય અને બેની સત્તા ૩, સાતાનો બંધ, સાતાનો ઉદય અને બેની સત્તા ૪, એ બે ભાંગા મિથ્યાત્વથી માંડીને સયોગી કેવળી લગે હોય તે પછી બંધને અભાવે અસાતાનો ઉદય અને બેની સત્તા ૫, સાતાનો ઉદય બેની સત્તા ૬, એ બે ભાંગા અયોગીને દ્વિચરમ સમય લગે પામીયે. અસાતાનો ઉદય અને અસાતાની સત્તા ૭, સાતાનો ઉદય અને સાતાની સત્તા ૮, એ બે ભાંગા અયોગી કેવળીને ચરમ સમયે એક સમય લગે પામીએ. એ સર્વ મળીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેદનીય કર્મના આઠ ભાંગા હોય. તે સાથેના યંત્રથી જાણવા.

## गोत्रकर्मणः बंधोदयसत्तासंवेधे भंगाः ७

| भांगा ७ | बं० | उ० | स० | गुणस्थानेषु. |
|---|---|---|---|---|
| १ | नीच | नीच | नीच | १ तेजोवायुषु तदागततिर्यक्षु वाकियत्कालं |
| २ | नी | नी | २ | १।२ |
| ३ | नी | उ | २ | १।२ |
| ४ | उ | नी | २ | १।२।३।४।५ |
| ५ | उ | उ | २ | १।२।३।४।५।६।७।८।९।१० |
| ६ | ० | उ | २ | ११।१२।१३।१४ मानाद्विचरमसमयपर्यंत |
| ७ | ० | उ | उ | १४ चरम समये. |

## वेदनीयस्य बंधोदयसत्तसंवेधे भंगाः ८

| भां०८ | बं० | उ० | स० | गुणस्थानेषु |
|---|---|---|---|---|
| १ | अ | अ | २ | १।२।३।४।५।६ |
| २ | अ | सा | २ | १।२।३।४।५।६ |
| ३ | सा | अ | २ | १ थी १३ लगे |
| ४ | सा | सा | २ | १ थी १३ लगे |
| ५ | ० | अ | २ | १४ द्विचरम समय पर्यंत |
| ६ | ० | सा | २ | १४ ,, |
| ७ | ० | अ | अ | १४ चरम समये |
| ८ | ० | सा | सा | १४ चरम समये |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયુઃકર્મને વિષે બંધોદયસત્તા સંવેધે નરકને વિષે પાંચ, તિર્યંચને વિષે નવ, મનુષ્યને વિષે નવ અને દેવતાને વિષે પાંચ ભાંગા એમ ચારે મળીને અઠ્ઠાવીશ ભાંગા થાય. આયુઃકર્મનું બંધ સ્થાનક એક છે, કેમ કે એક કાળે પરસ્પર વિરોધી છે માટે ચાર માંહેલું એકજ આયુ બાંધે છે. એમ ઉદયસ્થાનક પણ એકજ; એક ભવે એકજ આયુનો ઉદય હોય તે માટે. સત્તા સ્થાનક બે હોય, એકનું અને બેનું. પરભવાયુર્બંધકાળ થકી પૂર્વે એકનું સત્તાસ્થાનક અને પરભવાયુર્બંધ પછી તે પરભવે ન ઉપજે ત્યાં લગે બેનું સત્તાસ્થાનક. હવે સંવેધ કહે છે.– આઉખાની ત્રણ અવસ્થા છે, પરભવાયુર્બંધકાળ થકી પૂર્વે પૂર્વાવસ્થા ૧, પરભવાયુર્બંધ વેળાએ બંધાવસ્થા ૨, અને પરભવાયુ બાંધ્યા પછી પરાવસ્થા ૩. ત્યાં નારકીને પૂર્વાવસ્થાએ બંધને અભાવે નરકાયુનો ઉદય અને નરકાયુની સત્તા એ ભાંગો ચારે ગુણઠાણે હોય ૧. બંધાવસ્થાએ તિર્યગાયુનો બંધ, નરકાયુનો ઉદય અને નરક તિર્યગાયુની સત્તા, એ ભાંગો મિથ્યાત્વે અને સાસ્વાદને હોય ૨, અથવા મનુષ્યાયુનો બંધ, નારકાયુનો ઉદય અને મનુષ્ય–નારકાયુની સત્તા, એ ભાંગો મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરત એ ત્રણ ગુણઠાણે હોય ૩, તથા બંધકાળ પછી નારકાયુનો ઉદય અને નારક–તિર્યગાયુની સત્તા એ ચારે ગુણઠાણે હોય ૪, અથવા નારકાયુનો ઉદય અને મનુષ્ય–નારકાયુની સત્તા એ ભાંગો પણ ચારે ગુણઠાણે હોય ૫. એમ એ નારકી માંહે આયુઃ કર્મના પાંચ ભાંગા હોય. દેવતાને વિષે પણ પાંચ ભાંગા એમજ કહેવા. તિર્યંચને વિષે પરભવાયુર્બંધ થકી પૂર્વે તિર્યગાયુનો ઉદય અને તિર્યગાયુની સત્તા, એ ભાંગો ધુરલે પાંચ ગુણઠાણે પામીએ ૨, બંધકાળે નરકાયુનો બંધ, તિર્યગાયુનો ઉદય અને તિયગ્–નારકાયુની સત્તા, આ ભાંગો મિથ્યાત્વ ગુણઠાણે જ હોય ૨, અથવા તિર્યગાયુનો બંધ, તિર્યગાયુનો ઉદય અને બે તિર્યગાયુની સત્તા, એ ધુરિલે બે ગુણઠાણે હોય ૩ અથવા મનુષ્યાયુનો બંધ, તિર્યગાયુનો ઉદય અને મનુષ્ય–તિર્યગાયુની સત્તા, એ ભાંગો પણ મિથ્યાત્વે અને સાસ્વાદને હોય ૪, અથવા દેવાયુનો બંધ તિર્યગાયુનો ઉદય અને દેવ તિર્યગાયુની સત્તા, એ ભાંગો મિથ્યાત્વે, સાસ્વાદને, અવિરતે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને દેશવિરતે હોય, મિશ્રે આયુર્બંધ ન હોય ૫, એ ચાર ભાંગા પરભવાયુર્બંધકાળે જાણવા. તથા બંધકાળ પછી તો તિર્યગાયુનો ઉદય અને નારક-તિર્યગાયુની સત્તા ૬, અથવા તિર્યગાયુનો ઉદય અને બે તિર્યગાયુની સત્તા ૭, અથવા તિર્યગાયુનો ઉદય અને મનુષ્ય-તિર્યગાયુની સત્તા ૮, અથવા તિર્યગાયુનો ઉદય અને દેવ-તિર્યગાયુની સત્તા ૯, એ ચારે ભાંગા ધુરિલે પાંચે ગુણઠાણે પામીએ. એ પ્રમાણે તિર્યંચને વિષે નવ ભાંગા હોય, મનુષ્યને વિષે પરભવાયુર્બંધ થકી પૂર્વે મનુષ્યાયુનો ઉદય અને મનુષ્યાયુની સત્તા એ ભાંગો ચૌદે ગુણઠાણે હોય ૧, પરભવાયુર્બંધકાળે નારકાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય અને મનુષ્ય નારકાયુની સત્તા એ ભાંગો મિથ્યાત્વેજ હોય ૨, તિર્યગાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય અને તિર્યગ્-મનુષ્યાયુની સત્તા એ ભાંગો મિથ્યાત્વે અને સાસ્વાદને હોય ૩, મનુષ્યાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય અને બે મનુષ્યાયુની સત્તા, એ પણ મિથ્યાત્વે અને સાસ્વાદને હોય ૪, દેવાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય અને દેવ-મનુષ્યાયુની સત્તા, એ ભાંગો મિથ્યાત્વથી માંડીને મિશ્રવર્જીને અપ્રમત્ત ગુણઠાણા લગે હોય ૫, તથા બંધકાળ પછી તો મનુષ્યાયુનો ઉદય અને નારક-મનુષ્યાયુની સત્તા ૬. અથવા મનુષ્યાયુનો ઉદય અને તિર્યગ્-મનુષ્યાયુની સત્તા ૭, અથવા મનુષ્યાયુનો ઉદય અને બે મનુષ્યાયુની સત્તા ૮ એ ત્રણ ભાંગા મિથ્યાત્વથી માંડીને અપ્રમત્ત ગુણઠાણા લગે પામીએ. તથા મનુષ્યાયુનો ઉદય અને દેવ-મનુષ્યાયુની સત્તા એ ભાંગો મિથ્યાત્વથી માંડી ઉપશાન્તમોહ ગુણઠાણા લગે પામીએ ૯, એ પ્રકારે મનુષ્ય માંહે નવ ભાંગા હોય. સર્વ મળીને આયુઃકર્મના ૨૮ ભાંગા થાય. એ પ્રકારે આયુઃકર્મના ભાંગા કહ્યા. ॥ ૧૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## आयुःकर्म्मणः बंधोदयसत्तासंवेधे भंगाः २८। तद् यंत्रकमिदम्।

### नरकगतौ आयुःसंवेधे भंगाः ५

| भां० | बं० | उ० | स० | गुणठाणे | भंगावस्था |
|---|---|---|---|---|---|
| १ | ० | न | न | १।२।३।४ | बंधकालात्पूर्वम् |
| २ | ति | न | न,ति | १।२ | बंधावस्थायां |
| ३ | म | म | न,म | १।२।४ | बंधावस्थायां |
| ४ | ० | म | न,ति | १।२।३।४ | बंधकाल पछी |
| ५ | ० | म | न,म | १।२।३।४ | बंधकाल पछी |

### तिर्यग्गतौ आयुःसंवेधे भंगाः ९

| | | | | | |
|---|---|---|---|---|---|
| १ | ० | ति | ति | १।२।३।४।५ | बंधकालात्पूर्वं |
| २ | न | ति | न, ति | १ | बंधावस्थायां |
| ३ | ति | ति | ति,ति | १।२ | बंधावस्थायां |
| ४ | म | ति | म, ति | १।२ | बंधावस्थायां |
| ५ | दे | ति | दे, ति | १।२।४।५ | बंधावस्थायां |
| ६ | ० | ति | ति, न | १।२।३।४।५ | बंधकाल पछी |
| ७ | ० | ति | ति,ति | १।२।३।४।५ | बंधकाल पछी |
| ८ | ० | ति | ति, म | १।२।३।४।५ | बंधकाल पछी |
| ९ | ० | ति | ति, दे | १।२।३।४।५ | बंधकाल पछी |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मनुष्यगतौ आयुःसंवेधे भंगाः ९

| | | | | | |
|---|---|---|---|---|---|
| १ | ० | म | म | सर्वगुणेषु | बंधकालात्पूर्वं |
| २ | न | म | म, न | १ | आयुर्बंधकाले |
| ३ | ति | म | म, ति | १।२ | आयुर्बंधकाले |
| ४ | म | म | म, म | १।२ | आयुर्बंधकाले |
| ५ | दे | म | म, दे | १।२।४।५।६।७ | आयुर्बंधकाले |
| ६ | ० | म | म, न | १।२।३।४।५।६।७ | बंधकाल पछी |
| ७ | ० | म | म, ति | १।२।३।४।५।६।७ | बंधकाल पछी |
| ८ | ० | म | म, म | १।२।३।४।५।६।७ | बंधकाल पछी |
| ९ | ० | म | म, दे | १ थी ११ लगे | बंधकाल पछी |

## देवगतौ आयुःसंवेधे भंगाः ५

| | | | | | |
|---|---|---|---|---|---|
| १ | ० | दे | दे | १।२।३।४ | बंधकालात्पूर्वं |
| २ | ति | दे | दे, ति | १।२ | आयुर्बंधकाले |
| ३ | म | दे | दे, म | १।२।४ | आयुर्बंधकाले |
| ४ | ० | दे | दे, ति | १।२।३।४ | बंधकाल पछी |
| ५ | ० | दे | दे, म | १।२।३।४ | बंधकाल पछी |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મોહનીય કર્મનાં ૧૦ બંધસ્થાન.

૧ ૨ ૩ ૪ ૫ ૬

**बावीस इक्कवीसा, सत्तरसं तेरसेव नव पंच ।**

૭ ૮ ૯ ૧૦

**चउ तिग दुगं च इक्कं, बंधट्ठाणाणि मोहस्स ॥१२॥**

**बावीस**=બાવીસ પ્રકૃતિનું.
**इक्कवीसा**=એકવીશ પ્રકૃતિનું
**सत्तरसं**=સત્તર પ્રકૃતિનું.
**तेरसेव**=તેર પ્રકૃતિનું નિશ્ચયે,
**नव पंच**=નવ, પાંચ,
**चउ तिग दुगं**=ચાર, ત્રણ, બે. [**च**=અને.]
**इक्कं**=એક પ્રકૃતિનું.
**बंधट्ठाणाणि**=બંધસ્થાનો.
**मोहस्स**=મોહનીય કર્મનાં.

**अर्थः**–બાવીશ, એકવીશ, સત્તર તેર, નવ, પાંચ, ચાર, ત્રણ, બે અને એક પ્રકૃતિનાં (એમ દશ) બંધસ્થાનકો મોહનીય કર્મનાં હોય ॥ ૧૨ ॥

**विवेचनः**—હવે મોહનીય કર્મના બંધોદયસત્તા સંવેધે ભાંગા કહે છે. ત્યાં પ્રથમ મોહનીયનાં બંધસ્થાનક કહે છે. ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨, ૧, એ દશ બંધસ્થાનક છે. મોહનીયની સર્વ પ્રકૃતિ ૨૮ છે, તેમાં સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય એ બે બંધે આવે નહીં, **न य सम्ममीसया बंधे इति वचनात्** તથા ત્રણ વેદ માંહેથી એક કાળે એકજ વેદનો બંધ હોય. અને હાસ્ય રતિ ૧, અરતિ શોક ૨; એ બે યુગલ માંહેથી ૬ એક કાળે એકજ યુગલ બંધાય. એટલે ૨૮ માંહેથી છ ઓછી કર્યે ઉત્કૃષ્ટપણે બાવીશનું બંધસ્થાનક તે મિથ્યાત્વ ગુણઠાણે હોય ૧, તે પછી મિથ્યાત્વનો બંધ ટળ્યે સાસ્વાદને એકવીશનો બંધ હોય; અહીં નપુંસકવેદનો બંધ ન હોય, પણ તેને ઠેકાણે સ્ત્રીવેદ તથા પુરૂષવેદ ગણીએ ૨, આગળ મિશ્રે અને અવિરતે અનંતાનુબંધી ૪ નો બંધ ટળ્યે સત્તરનું બંધસ્થાનક ૩, તે પછી દેશવિરતિએ અપ્રત્યાખ્યાની ચારનો બંધ ટળ્યે તેરનું બંધસ્થા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નક ૪, તે પછી પ્રત્યાખ્યાની ચારનો બંધ ટળ્યે પ્રમત્ત, અપ્રમત્ત અને અપૂર્વકરણે નવનું બંધસ્થાનક; હહાં અરતિ-શોકનો પણ બંધ ટળે છે પણ તેને ઠેકાણે હાસ્યરતિ રહે છે માટે ૫, આગળ હાસ્ય, રતિ, ભય અને કુચ્છા એ ચારનો બંધ ટળ્યે અનિવૃત્તિબાદરને પ્રથમ ભાગે પાંચનો બંધ ૬, બીજે ભાગે પુરૂષવેદનો બંધ ટળ્યે ચારનો બંધ ૭; ત્રીજે ભાગે સંજ્વલનના ક્રોધનો બંધ ટળ્યે ત્રણનો બંધ ૮, ચોથે ભાગે સંજ્વલનના માનનો બંધ ટળ્યે બેનો બંધ ૯, પાંચમે ભાગે સંજ્વલનની માયાનો બંધ ટળ્યે એક સંજ્વલન લોભનો જ બંધ હોય ૧૦, તે પછી દશમે ગુણઠાણે મોહનીયનો અબંધક થાય એ દશ બંધસ્થાનક કહ્યાં ॥ ૧૨ ॥

---

## મોહનીયકર્મમાં ૯ ઉદયસ્થાન.

**एगं व दो व चउरो, एत्तो एगाहिआ दसुक्कोसा ।**
**ओहेण मोहणिज्जे, उदयट्ठाणाणि नव हुंति* ॥१३॥**

एगं=એક.
दो=બે
व=અથવા.
चउरो=ચાર
एत्तो=એ (ચાર) થી આગળ.
एगाहिया=એકેક પ્રકૃતિએ અધિક
दस=દશ સુધી.
उक्कोसा=ઉત્કૃષ્ટથી,
ओहेण=ઓઘે-સામાન્યે.
मोहणिज्जे=મોહનીય કર્મને વિષે.
उदयट्ठाणाणि=ઉદયસ્થાનો.
नव=નવ.
हुंति=હોય છે.

અર્થઃ-એક, બે, ચાર, એ (ચાર) થી આગળ એકેક પ્રકૃતિએ અધિક ઉત્કૃષ્ટ દશ પ્રકૃતિ સુધીનાં (એમ) નવ ઉદયસ્થાનકો મોહનીય કર્મને વિષે સામાન્ય હોય છે. ॥ ૧૩ ॥

---

* उदयट्ठाणा नव हवंति इति पाठान्तरे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચનઃ-હવે મોહનીયનાં ઉદયસ્થાનક કહે છે-૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ એ ૯ ઉદયસ્થાનક છે. એ સૂક્ષ્મસંપરાયથી માંડીને પશ્ચાનુપૂર્વીએ કહે છે. સંજ્વલન ચાર કષાય માંહેથી એકને ઉદયે એકનું ઉદયસ્થાનક ૧, તે સાથે એક વેદને ઉદયે બેનું ઉદયસ્થાનક ૨, તે માંહે હાસ્ય રતિ ભળયે ચારનું ઉદયસ્થાનક ૩, ભય ભળયે પાંચનું ૪, જુગુપ્સા ભળયે છનું ૫. પ્રત્યાખ્યાનીય એક કષાય ભળયે સાતનું ૬, અપ્રત્યાખ્યાનીય એક ભળયે આઠનું ૭, અનંતાનુબંધી એક ભળયે નવનું ૮, તેમાં વળી મિથ્યાત્વને ઉદયે દશ પ્રકૃતિનું ઉદયસ્થાનક ૯, એ નવ ઉદયસ્થાનક સામાન્યપણે કહ્યાં, વિશેષ થકી તો આગળ કહેશે. એ મોહનીયનાં ઉદયસ્થાનક જાણવાં. ॥ ૧૩ ॥

---

## મોહનીય કર્મનાં સત્તાસ્થાન.

૨૮ ૨૭ ૨૬ ૨૪ ૨૩ ૨૨ ૨૧
**अट्ठ य सत्त य छ च्चउ, तिग दुग एगाहिआ भवे वीसा।**
१३ ११ ११ ५ ४ ३ २ १
**तेरस बारिक्कारस, इत्तो पंचाइ एगूणा ॥ १४ ॥**

**संतस्स पयडिठाणाणि, ताणि मोहस्स हुंति पन्नरस ।**
**बंधोदयसंते पुण, भंगविगप्पे बहू जाण ॥१५॥**

अट्ठ य सत्त य छच्चउतिगदुगएगाहियावीसा=આઠ, સાત, છ, ચાર, ત્રણ, બે અને એક અધિક વીશ [૨૮-૨૭-૨૬-૨૪-૨૩-૨૨ ૨૧ ] પ્રકૃતિનાં
भवे=હોય
तेरस=તેર પ્રકૃતિનું.
बार=બાર પ્રકૃતિનું.
इक्कारस=અગ્યાર પ્રકૃતિનું.
इत्तो=એ પછી આગળ
पंचाइ=પાંચ પ્રકૃતિથી માંડીને
एगुणा=એક પછી એક ઓછી પ્રકૃતિનું.
संतस्स=સત્તાનાં.
पयडिठाणाणि=પ્રકૃતિસ્થાનો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तानि=તે.
मोहस्स=મોહનીય કર્મનાં.
हुंति=હોય છે.
पन्नरस=પંદર.
बंधोदयसंते=બંધ, ઉદય અને સત્તાસ્થાનને વિષે.
पुण=વળી.
भंगविगप्पे=ભાંગાના વિકલ્પો.
बहु=ઘણા.
जाण=જાણ.

अर्थ:–૨૮, ૨૭, ૨૬, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧, એથી આગળ પાંચથી માંડીને એક એક ઓછી પ્રકૃતિ [ ૫–૪–૩–૨–૧] નાં; તે મોહનીય કર્મનાં સત્તાનાં પ્રકૃતિ સ્થાનો પંદર હોય છે. બંધ, ઉદય, અને સત્તાસ્થાનને વિષે વળી ભાંગાના વિકલ્પો ઘણા [ થાય છે તે ] જાણો. ॥ ૧૪–૧૫ ॥

विवेचन:–હવે મોહનીયનાં સત્તાસ્થાનક કહે છે. મોહનીયનાં ૧૫ સત્તાસ્થાનક છે, તે આ પ્રમાણે–૨૮, ૨૭, ૨૬, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧; ત્યાં મોહનીયની સર્વ પ્રકૃતિની સત્તાએ ૨૮નું સત્તાસ્થાનક હોય તે સમ્યક્ત્વ પામીને પડયાને હોય તે વાર પછી સમ્યક્ત્વમોહનીય ઉવેલ્યે ૨૭, તે માંહેથી વળી મિશ્રમોહનીય ઉવેલ્યે ૨૬, અનાદિ મિથ્યાત્વીને પણ એ સ્થાનક હોય. તથા અઠ્ઠાવીશની સત્તાવંતને અનંતાનુબંધી ચારને ક્ષયે ૨૪, તે માંહેથી મિથ્યાત્વને ક્ષયે ૨૩; તેમાંથી મિશ્ર ક્ષયે ૨૨, તેમાંથી સમ્યક્ત્વ મોહનીય ક્ષયે ૨૧, એ સ્થાનકે ક્ષાયિક સમ્યક્ત્વ થાય, એ આગળનાં સ્થાનક તે ક્ષપકનેજ હોય. તેમાંથી અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય મળી ૮ ને ક્ષયે અનિવૃત્તિને ત્રીજે ભાગે ૧૩ ની સત્તા હોય, તેમાંથી નપુંસકવેદને ક્ષયે ચોથે ભાગે ૧૨ ની સત્તા, પાંચમે ભાગે સ્ત્રીવેદને ક્ષયે ૧૧ ની સત્તા, છટ્ઠે ભાગે હાસ્યાદિક છને ક્ષયે ૫ ની સત્તા, સાતમે ભાગે પુરૂષવેદને ક્ષયે ૪ ની સત્તા આઠમે ભાગે સંજ્વલન ક્રોધને ક્ષયે ૩ ની સત્તા, નવમે ભાગે સંજ્વલન માનને ક્ષયે ૨ની સત્તા, સૂક્ષ્મસંપરાયે સંજ્વલની માયાને ક્ષયે એક સંજ્વલન લોભની સત્તા હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર બતાવ્યા પ્રમાણે એ પન્નર સત્તાસ્થાનક મોહનીય કર્મની પ્રકૃતિનાં હોય. હવે એ બંધ ઉદય સત્તાનાં સ્થાનકને વિષે પ્રત્યેકે સંવેધે કરીને ઘણા ભાંગા થાય, તે હું કહું છું તે પ્રમાણે તું સમ્યક્ જાણ, એમ શિષ્ય પ્રતિ આમંત્રણ કરીને ગુરુ કહે છે. ॥ ૧૫. ॥

---

## મોહનીયના બંધસ્થાને ભાંગા.

**छब्बावीसे चउ इगवीसे, सत्तरस तेरसे दो दो ।**
**नवबंधगे वि दुण्णि उ, इक्किक्कमओ परं भंगा ॥१६॥**

| | |
|---|---|
| छ=છ વિકલ્પ. | नवबंधगेवि=નવ પ્રકૃતિના બંધકને પણ. |
| ब्बावीसे=બાવીશના બંધે. | दुण्णि उ=બે ભાંગા. |
| चउ=ચાર વિકલ્પ. | इक्किक्कं=એક એક |
| इगवीसे=એકવીશના બંધે. | अओ परं=એથી આગળ. |
| सत्तरस=સત્તરના બંધે. | भंगा=ભાંગા. |
| तेरसे=તેરના બંધે. | |
| दोदो=બેબે વિકલ્પ. | |

અર્થ:-બાવીશના બંધે છ, એકવીશના બંધે ચાર; સત્તર તથા તેરના બંધે બે બે અને નવના બંધકને પણ બે ભાંગા હોય, એ [નવના બંધ] થી આગળના બંધે એક એક ભાંગો હોય ॥ ૧૬. ॥

**વિવેચન:**-હવે પ્રથમ મોહનીયકર્મના બંધસ્થાનકોને વિષે યથાસંભવપણે ભાંગા ઉપજે તે કહે છે:-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાવીશને બંધસ્થાનકે છ ભાંગા હોય, તે કેમ ? હાસ્યરતિ યુક્ત ૨૨, તથા શોક અરતિ યુક્ત ૨૨, એમ બે ભાંગા એકેક વેદ યુક્ત ૨૨ હોય, તે માટે તે બે ભાંગા ત્રણ વેદ સાથે ગુણતાં ૬ ભાંગા થાય. એકવીશને બંધસ્થાનકે ચાર ભાંગા હોય, તે આ પ્રમાણે-અહીં નપુંસકવેદ ન બાંધે તે માટે બે યુગલને બે વેદ સાથે ગુણતાં ચાર ભાંગા થાય, તથા સત્તર અને તેરને બંધસ્થાનકે બે બે ભાંગા હોય. તે આ પ્રમાણે-ઇહાં મિશ્રાદિક ગુણઠાણે એક પુરુષવેદનોજ બંધ હોય તે માટે બે યુગલના બે બે ભાંગા હોય. નવને બંધસ્થાનકે પણ બે ભાંગા હોય, તે આ પ્રમાણે-નવનો બંધ પ્રમત્ત ગુણઠાણે હોય ત્યાં બે યુગલ સાથે બે ભાંગા થાય, અને અપ્રમત્તાદિક ગુણઠાણે પણ નવનો બંધ હોય. ત્યાં અરતિ શોક ન બાંધે, એકજ યુગલ બાંધે, તે માટે એકેકો જ ભાંગો હોય. તેવાર પછી પંચાદિક બંધસ્થાનકે એકેકોજ ભાંગા હોય, એવં સર્વ મળીને દશ બંધસ્થાનકે થઇને એકવીશ ભાંગા થાય. ॥ ૧૬ ॥

## મોહનીયના બંધસ્થાને ઉદયસ્થાન

**दस बावीसे नव इगवीसे, सत्ताइ उदयकम्मंसा ।**
**छाई नव सत्तरसे, तेरे पंचाइ अट्ठेव ॥१७॥**

| | |
|---|---|
| दस=દશ પર્યંત. | उदयकम्मंसा=ઉદયસ્થાનો. |
| बावीसे=બાવીશ પ્રકૃતિના બંધે | छाईनव=છથી નવ પર્યંત |
| नव=નવ પર્યંત. | सत्तरसे=સત્તર પ્રકૃતિના બંધે. |
| इगवीसे=એકવીશ પ્રકૃતિના બંધે. | तेरे=તેર પ્રકૃતિના બંધે. |
| सत्ताइ=સાતથી માંડીને | पंचाइ=પાંચથી. |
| | अट्ठेव=આઠ પ્રકૃતિ પર્યંત. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—બાવીશ પ્રકૃતિના બંધે સાતથી દશ પર્યંત, એકવીશના બંધે સાતથી નવ પર્યંત, સત્તરના બંધે છઃથી નવ પર્યંત અને તેરના બંધે પાંચથી આઠ પર્યંત ઉદયસ્થાનો હોય. ॥ ૧૭ ॥

**વિવેચન:**—હવે એજ બંધસ્થાનક માંહિ કયા કયા બંધસ્થાનકે કેટલાં કેટલાં પૂર્વોક્ત ઉદયસ્થાનક હોય તે કહે છે:-

બાવીશને બંધસ્થાનકે સાતથી માંડીને દશ લગે એટલે સાત, આઠ, નવ અને દશનું એ ચાર ઉદયસ્થાનક હોય. ત્યાં કોઈક જીવ પૂર્વે સમ્યગ્દૃષ્ટિ થકો અનંતાનુબંધી કષાયની વિસંયોજના કરીને એટલે જ થાકયો તથાવિધ સામગ્રીને અભાવે મિથ્યાત્વાદિકનો ક્ષય કરવા ન માંડે તે કાળાંતરે મિથ્યાત્વ પામીને ફરી અનંતાનુબંધી બાંધે ત્યારે મિથ્યાત્વે પણ બંધાવલિકા લગે અનંતાનુબંધીનો ઉદય ન હોય અહીં કોઇક કહે છે કે અનંતાનુબંધીનો જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ચાર હજાર વરસનો અબાધાકાળ કહ્યો છે. તો તે પૂરા થયા વિના એક આવલિકાએ જ ઉદયે કેમ આવે? તત્રોત્તર બંધ સમયથી માંડીને તેની સત્તા હોય, તે સત્તા છતે શેષ સમાન જાતીય અપ્રત્યાખ્યાનાદિક કર્મપ્રકૃતિનાં દલિયાં અનંતાનુબંધીપણે તે માંહિ સંક્રમે-તે પણ પરિણમે, તે સંક્રમાવલિકા ગયે તેનો ઉદય થાય, તે માટે અનંતાનુબંધીનો બંધાવલિકા પછી ઉદય કહીએ, ઇહાં વિરૂદ્ધ નહીં તે માટે મિથ્યાત્વે પણ બંધસંક્રમાવલિકા લગે અપ્રત્યાખ્યાનીયાદિક ત્રણ કષાયનો જ ઉદય હોય એક વેદનાં જેટલાનો જ્યાં ઉદય હોય તેટલા સર્વ વેદાતા કહીએ સમાન જાતીય માટે, પરંતુ ક્રોધાદિક ચાર માંહેલો એકજ સમકાળે હોય; પરસ્પર વિરૂદ્ધ માટે. તે માટે ત્રણ કષાય ૩, ત્રણ વેદ માંહેલો એક વેદ ૪, બે યુગલ માંહેલું એક યુગલ ૬, અને મિથ્યાત્વ ૭, એ સાત પ્રકૃતિનો ઉદય બાવીશના બંધક મિથ્યાદૃષ્ટિને નિશ્ચયે હોય. ઇહાં ચાર કષાયને બે યુગલથી ગુણા કરીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે ૮ થાય, તેને ત્રણ વેદ સાથે ગુણીએ ત્યારે ૨૪ ભાંગા થાય-એક ચોવીશી ઉપજે તે સાતના ઉદયમાંહિ ભય ભેળવીએ. અથવા જુગુપ્સા ભેળવીએ અથવા અનંતાનુબંધી ૪ માંહેલો એક કષાય ભેળવીએ ત્યારે ૮ નો ઉદય થાય. તેને પૂર્વોક્ત પ્રકારે ૪ કષાય, ૨ યુગલ અને ૩ વેદ સાથે પરસ્પર ગુણતાં ભાંગાની ચોવીશી ઉપજે, તેમાં એક ભય ભેળવે અથવા એક જુગુપ્સા ભેળવે અથવા એક અનંતાનુબંધી ભેળવે આઠને ઉદયે ત્રણ ચોવીશી ઉપજે. તથા તે સાતમાંહિ ભય અને જુગુપ્સા ભેળવીએ અથવા ભય અને અનંતાનુબંધી ભેળવીએ અથવા જુગુપ્સા અને અનંતાનુબંધી ભેળવીએ ત્યારે એ ત્રણ પ્રકારે નવનો ઉદય થાય. ત્યાં પૂર્વોક્ત પ્રકારે ત્રણ ચોવીશી ભાંગા થાય. તથા તે જ સાત માંહિ ભય, જુગુપ્સા અને અનંતાનુબંધી એ ત્રણ ભેળવે દશનો ઉદય થાય. ઇહાં એક ચોવીશી ઉપજે. એમ બાવીશને બંધે ચારે ઉદયસ્થાનકે થઇને આઠ ચોવીશી ભાંગા થાય. તથા એકવીશને બંધસ્થાનકે સાત આદિ દઇને નવ લગે [૭, ૮, ૯,] ત્રણ ઉદયસ્થાનક હોય. એકવીશનું બંધસ્થાનક તે સાસ્વાદને જ હોય, ત્યાં અનંતાનુબંધીનો ઉદય નિશ્ચે હોય તે માટે ક્રોધાદિક એકના અનંતાનુબંધીયાદિક ૪, ત્રણ વેદ માંહેલો એક વેદ ૫, અને એક યુગલ ૭ એ સાત પ્રકૃતિનો અહીં ધ્રુવ ઉદય હોય ત્યાં પૂર્વોક્ત પ્રકારે ચોવીશ ભાંગા ઉપજે. તે સાત માંહિ ભય ભેળવે અથવા જુગુપ્સા ભેળવે આઠનો ઉદય હોય. ત્યાં બે ચોવીશી ઉપજે, તે સાત માંહિ ભય અને જુગુપ્સા બે ભેળવ્યે નવનો ઉદય હોય, ઇહાં એક ચોવીશી ભાંગા ઉપજે. સર્વ મળી એકવીશને બંધે ત્રણ ઉદયસ્થાનકે થઇને ચાર ચોવીશી ઉદયભાંગા થાય. તથા સત્તરને બંધસ્થાનકે છ આદિ દઇને નવ લગે [૬, ૭, ૮, ૯] ચાર ઉદયસ્થાનક હોય. સત્તરના બંધક મિશ્રદૃષ્ટિ અને અવિરત સમ્યગ્દૃષ્ટિ એ બે હોય; ત્યાં મિશ્રદૃષ્ટિને ૭, ૮, ૯, એ ત્રણ ઉદયસ્થાનક હોય. ઇહાં અનંતાનુબંધીનો ઉદય ન હોય, તે માટે ક્રોધાદિક એકના અપ્રત્યાખ્યાનીયાદિક ૩, એક વેદ ૪, એક યુગલ ૬ અને મિશ્રમોહનીય ૭, એ સાતનો ઉદય ધ્રુવ હોય, ત્યાં પૂર્વલી પરે એક ચોવીશી ઉપજે. તે સાતમાંહિ ભય અથવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુગુપ્સા ભેળવે આઠનો ઉદય હોય. અહીં ૧ ચોવીશી ઉપજે. તે સાતમાંહે ભય જુગુપ્સા એ બે ભેળવે નવનો ઉદય હોય. ત્યાં ૧ ચોવીશી ઉપજે. એમ મિશ્રદૃષ્ટિને સત્તરને બંધે ત્રણ ઉદયસ્થાનકે થઈને ચાર ચોવીશી ઉપજે. હવે અવિરતસમ્યગ્દૃષ્ટિ સત્તરના બંધકને ૬, ૭, ૮, ૯, એ ચાર ઉદયસ્થાનક હોય. ત્યાં ક્રોધાદિક એકના અપ્રત્યાખ્યાનીયાદિક ૩, એક વેદ ૪ અને એક યુગલ ૬, એ છ નો ધ્રુવ ઉદય હોય, ત્યાં એક ચોવીશી ઉપજે. એ છ માંહે ભય ભેળવીએ અથવા જુગુપ્સા અથવા વેદક[1] સમ્યકૃત્વ ભેળવીએ ત્યારે સાતનો ઉદય હોય, ઇહાં પ્રત્યેકે એકેકી ચોવીશી એમ ત્રણ ચોવીશી ઉપજે તથા તેજ છ માંહે ભય, જુગુપ્સા ભેળવીએ અથવા ભય વેદક સમ્યકૃત્વ ભેળવીએ અથવા જુગુપ્સા, વેદક સમ્યકૃત્વ ભેળવીએ ત્યારે પ્રત્યેકે આઠનો ઉદય થાય. ઇહાં પણ ત્રણ ચોવીશી ઉપજે. તથા તે છ માંહે ભય, જુગુપ્સા, વેદક સમ્યકૃત્વ એ ત્રણે ભેળવ્યે નવનો ઉદય થાય, ઇહાં એક ચોવીશી ઉપજે. એમ અવિરત સમ્યગ્દૃષ્ટિને ચારે ઉદય સ્થાનકે આઠ ચોવીશી ઉપજે. એમ સર્વ મળીને સત્તરને બંધસ્થાનકે બાર ચોવીશી હોય, મિશ્રે અને અવિરતે ઉદયસ્થાનક તો તે જ છે પણ ત્યાં પ્રકૃતિ જુદી છે તે માટે બેવાર લીધાં છે તથા તેરને બંધસ્થાનકે પાંચથી માંડીને આઠ લગે [૫, ૬, ૭, ૮] ચાર ઉદયસ્થાનક હોય. એ સ્થાનક દેશવિરતિને હોય તે માટે અપ્રત્યાખ્યાનીયનો ઉદય ટળ્યે પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એ બે કષાય ૨, એક વેદ ૩ અને એક યુગલ ૫, એ પાંચનો ઉદય ધ્રુવ હોય. ઇહાં એક ચોવીશી ભાંગા થાય. તે પાંચ માંહે ભય ભેળવે અથવા જુગુપ્સા ભેળવે અથવા વેદક સમ્યકૃત્વ ભેળવે છ નો ઉદય થાય, ત્યાં ત્રણ ચોવીશી ઉપજે તથા તે પાંચમાં ભય, જુગુપ્સા ભેળવે અથવા ભય, વેદક સમ્યકૃત્વ ભેળવે અથવા જુગુપ્સા, વેદક સમ્યકૃત્વ ભેળવે સાતનો ઉદય થાય, ઇહાં પણ ત્રણ ચોવીશી ઉપજે. તે પાંચ માંહે ભય જુગુપ્સા અને વેદક સમ્યકૃત્વ એ ત્રણ ભેળવે

૧ વેદક સમ્યકૃત્વવાળી ચોવીશી ક્ષાયોપશમિક સમ્યકૃત્વીને હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠનો ઉદય થાય, ત્યાં એક ચોવીશી ઉપજે. એમ સર્વ સંખ્યાએ તેરને બંધસ્થાનકે ચારે ઉદયસ્થાનકે થઇને આઠ ચોવીશી ભાંગા ઉપજે. ॥ ૧૭ ॥

---

**चत्तारिआइ नवबंधएसु, उक्कोस सत्तमुदयंसा ।**
**पंचविहबंधगे पुण, उदओ दुण्हं मुणेअव्वो ॥१८॥**

**चत्तारिआइ**=ચારથી માંડીને.
**नवबंधएसु**=નવ પ્રકૃતિના બંધકોને વિષે.
**सत्तं**=સાત પર્યંત.
**उदयंसा**=ઉદયસ્થાનો.
**पंचविहबंधगे**=પાંચ પ્રકૃતિના બંધકે.
**पुण**=વળી.
**उदओ**=ઉદય.
**दुण्हं**=બે પ્રકૃતિનો.
**मुणेयव्वो**=જાણવો.

**अर्थः**–નવ પ્રકૃતિના બંધકોને વિષે ચારથી માંડીને ઉત્કૃષ્ટ સાત પર્યંત ઉદયસ્થાનો હોય. પાંચ પ્રકૃતિના બંધકને વિષે વળી બે પ્રકૃતિનો ઉદય જાણવો ॥ ૧૮ ॥

**विवेचनः**–નવને બંધસ્થાને ચાર આદિ દઈને સાત લગે [૪, ૫, ૬, ૭,] ચાર ઉદયસ્થાનક હોય. એ બંધસ્થાનક છઠ્ઠે, સાતમે અને આઠમે ગુણઠાણે હોય ત્યાં પ્રત્યાખ્યાનીક કષાયનો પણ ઉદય ન હોય તે માટે એક સંજવલન ક્રોધાદિક ૧, એક વેદ ૨, અને એક યુગલ ૪, એ ચારનો ઉદય ક્ષાયિક તથા ઔપશમિક સમ્યક્ત્વીને ધ્રુવ હોય, ત્યાં એક ચોવીશી ભાંગા થાય. એ ચાર માંહે ભય ભેળવે અથવા જુગુપ્સા ભેળવે અથવા વેદક સમ્યક્ત્વ ભેળવે પ્રત્યેકે પાંચનો ઉદય હોય. ત્યાં ત્રણ ચોવીશી ભાંગા ઉપજે. તે જ ચાર માંહે ભય, જુગુપ્સા ભેળવે અથવા ભય, વેદક સમ્યક્ત્વ ભેળવે અથવા જુગુપ્સા વેદક સમ્યક્ત્વ ભેળવે પ્રત્યેકે છનો ઉદય હોય, ત્યાં પણ ત્રણ ચોવીશી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપજે. તથા તે ચાર માંહે ભય, જુગુપ્સા અને વેદક સમ્યક્ત્વ એ ત્રણે ભેળવે સાતનો ઉદય હોય, ત્યાં એક ચોવીશી ભાંગા ઉપજે. એ પ્રકારે નવને બંધસ્થાનકે ચારે ઉદયસ્થાનકે થઇને આઠ ચોવીશી ભાંગા થાય.

તથા પાંચને બંધસ્થાનકે બે જ પ્રકૃતિનો ઉદય હોય એટલે બે પ્રકૃતિનું એક જ ઉદયસ્થાનક હોય, ત્યાં ચાર સંજ્વલન માંહેલો ક્રોધાદિક ૧, અને એક વેદ ૨, એ બેનો જ ઉદય હોય પાંચનો બંધ નવમા ગુણઠાણાને પહેલે ભાગે હોય, ત્યાં હાસ્યાદિ ષટ્કનો ઉદય ટળ્યો છે તે માટે, ઇહાં ચાર સંજ્વલન કષાયને ત્રણ વેદે ગુણીએ ત્યારે બારજ ભાંગા ઉપજે ॥ ૧૮ ॥

---

**इत्तो चउबंधाइ, इक्किक्कुदया हवंति सव्वेवि ।**
**बंधोवरमे वि तहा, उदयाभावे वि वा हुज्जा ॥१९॥**

| | |
|---|---|
| इत्तो=એ [પાંચના બંધ] પછી. | बंधोवरमेवि=બંધના અભાવે પણ |
| चउबंधाइ=ચાર પ્રકૃતિ વિગેરેના બંધો. | तहा=તેમજ. |
| इक्किक्कुदया=એક એક પ્રકૃતિના ઉદયવાળા. | उदयाभावेवि=ઉદયના અભાવે. |
| हवंति=હોય છે. | वा=વિકલ્પે. |
| सव्वेवि=સર્વે. | हुज्जा=હોય. |

**अर्थ:**—એ [પાંચ પ્રકૃતિના બંધ] પછી ચાર પ્રકૃતિ વગેરે [૪-૩-૨-૧]ના બંધો સર્વે એક પ્રકૃતિનો ઉદયવાળા હોય છે. બંધના અભાવે પણ તેમજ [એક પ્રકૃતિનો ઉદય] હોય ઉદયના અભાવે પણ મોહનીયની સત્તા વિકલ્પે હોય. ॥ ૧૯ ॥

**विवेचन:**—ઇહાં થકી હવે ચતુર્બંધાદિક એટલે ચારનો બંધ, ત્રણનો બંધ, બેનો બંધ અને એકનો બંધ, એ ચારે બંધસ્થાનકને વિષે એકેકી પ્રકૃતિના ઉદયનું એકેકજ ઉદયસ્થાનક હોય, તે આ પ્રમાણે-પુરુષવેદનો બંધ ટળ્યે ચાર સંજ્વલનના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કષાયનો બંધ હોય, પુરુષવેદના બંધ વિચ્છેદ સાથે જ ઉદય પણ ટળે તે માટે ચતુર્વિધ બંધ વેળાએ ચાર સંજ્વલન કષાય માંહેલા એકનો જ ઉદય હોય. કોઇકને સંજ્વલન ક્રોધનો ઉદય હોય ૧, કોઇકને સંજ્વલન માનનો ઉદય હોય ૨, કોઇકને સંજ્વલની માયાનો ઉદય હોય ૩, અને કોઇકને સંજ્વલન લોભનો ઉદય હોય ૪, એમ ચાર ભાંગા ઉપજે. ઇહાં કોઇક આચાર્ય ચતુર્વિધ બંધને સંક્રમકાળે ત્રણ વેદ માંહેલા એક વેદનો ઉદય* માને છે. ત્યારે તેને મતે ચતુર્વિધ બંધકને પણ પ્રથમ કાળે બેના ઉદયના બાર ભાંગા પામીએ, ત્યારે તેને મતે દ્વિકોદયે ચોવીશ ભાંગા થાય. બાર ભાંગા પંચવિધબંધે દ્વિકોદયના અને બાર ભાંગા ચતુર્વિધબંધે દ્વિકોદયના એવં ૨૪. એ પ્રથમ કાળે હોય, તે વાર પછી સંજ્વલન ક્રોધને ઉચ્છેદે ત્રિવિધ બંધ હોય, ત્યાં એકનો ઉદય હોય તેના ભાંગા ૩ ઉપજે તેવાર પછી સંજ્વલન માનને ઉચ્છેદે દ્વિવિધબંધે એકનો ઉદય હોય, ત્યાં બે ભાંગા હોય, તેવાર પછી સંજ્વલન માયાને વ્યુચ્છેદે એક સંજ્વલન લોભનો બંધ અને તે જ એકનો ઉદય હોય, ત્યાં એક જ ભાંગો હોય. તથા બંધને ઉપરમે અભાવે પણ સૂક્ષ્મસંપરાયે એક સંજ્વલનના લોભનો ઉદય હોય. ત્યાં ઉદયનો એક ભાંગો હોય. તે પછી ઉદયને અભાવે-પણ ઉપશાન્તમોહે મોહનીયની સત્તા હોય [આ બાબત પ્રસંગાગત કહી]. ક્ષીણમોહે બંધ ઉદય ન હોય ॥ ૧૯ ॥

---

### મોહનીયના ઉદયસ્થાને ભાંગા.

१० ९ ८ ७ ६ ५ ४
इक्कग छक्किक्कारस, दस सत्त चउक्क इक्कग चेव ।
४० २ १
एए चउवीसगया, बार दुगिक्कंमि इक्कारा ॥२०॥
१ २ ३
[पाठांतरं चउवीसं दुगिक्किमिक्कारा, एतन्मतांतरं]

---

* સૂક્ષ્મલોભવત્ સૂક્ષ્મવેદનો ઉદય માને છે, બાદરનો નહિં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इक्कग=એક,
छक्किक्कारस=છ, અગ્યાર.
दस=દશ,
सत्तचउक्कइक्कगं=સાત, ચાર અને એક.
चेव=નિશ્ચયે.
एए=એ ભાંગા.
चउवीसगया=ચોવીશીની સંખ્યાવાળા હોય.
बार=બાર ભાંગા.
दुग=બે પ્રકૃતિના ઉદયે.
इक्कंमि=એકના ઉદયે.
इक्कारा=અગ્યાર.

**अर्थः**—દશ વિગેરે ઉદયસ્થાન (૧૦–૯–૮–૭–૬–૫–૪) આશ્રયીને અનુક્રમે એક, છ, અગ્યાર, દશ, સાત, ચાર અને એક એ પ્રકારે ચોવીશની સંખ્યાવાળા ભાંગા નિશ્ચયે હોય, બે પ્રકૃતિના ઉદયે બાર અને એક પ્રકૃતિના ઉદયે અગ્યાર ભાંગા હોય [મતાંતરે બે પ્રકૃતિના ઉદયે ચોવીશ ભાંગા હોય] ॥ ૨૦ ॥

**विवेचनः**—હવે દશાદિક પશ્ચાનુપૂર્વીએ એક પર્યંત ઉદયસ્થાનકને વિષે જેટલા ભાંગા હોય તે કહે છે. દશને ઉદયે એક ચોવીશી ભાંગા હોય નવને ઉદયે છ ચોવીશી હોય, આઠને ઉદયે અગ્યાર ચોવીશી હોશ, સાતને ઉદયે દશ ચોવીશી હોય, છને ઉદયે સાત ચોવીશી હોય, પાંચને ઉદયે ચાર ચોવીશી હોય અને ચારને ઉદયે એક ચોવીશી હોય. એ સર્વ મળીને ચાલીશ ચોવીશી ભાંગા થાય, એ ભાંગા ઉપજાવવાની ભાવના પૂર્વે કહી છે તેમ જાણવી. તથા બેને ઉદયે બાર ભાંગા હોય અને એકને ઉદયે અગ્યાર ભાંગા હોય. તે આ પ્રમાણે–ચારને બંધે ચાર, ત્રણને બંધે ત્રણ, બેને બંધે બે, એકને બંધે એક અને અબંધે એક. એવં અગ્યાર ભાંગા થાય, અને અન્ય આચાર્યને મતે બેને ઉદયે ચોવીશ ભાંગા ઉપજે, બાર ભાંગા પાંચને બંધે બેને ઉદયે અને બાર ભાંગા ચારને બંધે બેને ઉદયે, એવં ૨૪; એની ભાવના પૂર્વે કહી છે, અને એકને ઉદયે અગ્યાર ભાંગા હોય તે આ પ્રમાણે–ચારને બંધે ૪, ત્રણને બંધે ૩, બેને બંધે ૨, એકને બંધે ૧, અને અબંધે ૧, એવં ૧૧. ॥ ૨૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉદયભાંગા તથા પદવૃંદ.

९८३
**नवतेसीइसएहिं, उदयविगप्पेहिं मोहिआ जीत्रा।**
६९४७
**अउणुत्तरिसीआला, पयविंदसएहिं विन्नेआ ॥२१॥**

| | |
|---|---|
| **नवतेसीइसएहिं**=નવસો ત્ર્યાસી [ ૯૮૩ ] | **अउणुत्तरिसीयालापयविंदस-एहिं**=૬૯૪૭ પદ [ પ્રકૃતિ ] ના સમૂહે, |
| **उदयविगप्पेहिं**=ઉદયના વિકલ્પે | **विन्नेया**=જાણવા. |
| **मोहिया**=મુંઝાયેલા | |
| **जीवा**=સંસારી જીવો. | |

**अर्थः**–નવસો ત્ર્યાસી ઉદયના વિકલ્પે તેમજ ૬૯૪૭ પદ [પ્રકૃતિ]ના સમૂહે સંસારી જીવો મુંઝાયેલા જાણવા ॥ ૨૧ ॥

**विवेचनः**—હવે એજ ભાંગાની વિશિષ્ટપણે સંખ્યા અને તેનાં પદની સંખ્યા પોતાને મતે કહે છે.–ઇહાં ૧૦, ૯. ૮, ૭, ૬, ૫, ૪, એ સાત ઉદયસ્થાનકે થઇને ૪૦ ચોવીશી લાધી, તે માટે તે ચાલીશને ચોવીશ ગુણા કર્યે ૯૬૦ થયા, તે માંહે બેના ઉદયસ્થાનકના ૧૨ ભાંગા અને એકના ઉદયસ્થાનકના ૧૧ ભાંગા એવં ૨૩ ભાંગા ભેળવીએ એટલે નવશેં ત્ર્યાશી ભાંગા થયા, એટલા મોહનીયકર્મના ઉદયના વિકલ્પે–ભાંગે કરીને સર્વ સંસારી જીવ મોહ્યા છે–મુંઝાણા પડયા છે, એ ૯૮૩ ભાંગાને વિષે ૬૯૪૭ પદના વૃંદ [સમૂહ] હોય. ઇહાં એકેકી પ્રકૃતિનું નામ તે એકેકું પદ કહીએ, તે દશને ઉદયે એકેકા ભાંગા માંહે દશ દશ પદ હોય, નવને ઉદયે એકેકા ભાંગા માંહે નવ નવ પદ હોય, એમ યાવત્ એકને ઉદયે એકેકા ભાંગા માહે એકેક જ પદ હોય, તે માટે દશોદયના ભાંગા દશગુણા કરીએ, નવો-દયના ભાંગા નવગુણા કરીએ, એમ સર્વનો ગુણાકાર કરીને એનું ઐકય કીધે ૬૯૪૭ પદવૃંદ થાય એટલા મોહનીયના પદ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદવૃંદે કરીને સર્વ સંસારી જીવ મુંઝાએલા જાણવા. ચોવીશી ઉદય ગુણી કરીએ તે પદ કહીએ. પદ તે ઉદયનાં સ્થાનક કહીએ. ચોવીશી ચોવીશ ગુણી કરીએ તે ભાંગા થાય એકેકા પદ માંહે ચોવીશ ભાંગા પામીએ તે માટે પદ ચોવીશ ગુણા કરીએ, તથા એકેકા ભાંગા માંહે ઉદય જેટલાં પદ હોય, તે માટે ભાંગા માંહે ઉદય જેટલાં પદ હોય, તે માટે ભાંગા ઉદય ગુણા કરીએ તે પદવૃંદ સંખ્યા થાય. યથા દશોદયે એકેકા ભાંગા માંહે દશ દશ પદ હોય. પદ તે પ્રકૃતિ કહીએ. ॥ ૨૧ ॥

---

## અન્યમતે ઉદયભાંગા તથા પદવૃંદ.

૭૭૫
**नवपंचाणउअसए, उदयविगप्पेहिं मोहिआ जीवा।**
૬૯૭૧
**अउणुत्तरि एगुत्तरि, पयविंदसएहिं विन्नेआ ॥२२॥**

| | |
|---|---|
| **नवपंचाणउअसए**=નવશેં પંચાણું. | **सएहिं**=૬૯૭૧ પદના સમૂહે કરી. |
| **अउणुत्तरिएगुत्तरिपयविंद-** | |

× એટલે દશને ઉદયે એક ચોવીશીને દશે ગુણતાં દશ ચોવીશી આવે, નવને ઉદયે છને નવે ગુણતાં ૫૪, આઠને ઉદયે અગ્યારને આઠે ગુણતાં ૮૮, સાતને ઉદયે દશને સાતે ગુણતાં ૭૦, છને ઉદયે સાતને છએ ગુણતાં ૪૨, પાંચને ઉદયે ચારને પાંચે ગુણતાં ૨૦, ચારને ઉદયે એકને ચારે ગુણતાં ચાર અને બેને ઉદયે એકને બેએ ગુણતાં ૨, એમ સર્વ મળી ૨૯૦ ચોવીશી થઇ એટલે ૨૯૦ ને ચોવીશે ગુણતાં ૬૯૬૦ થાય, તેમાં એકોદયનાં અગ્યાર પદ નાંખતાં ૬૯૭૧ પદ થાય. પણ સ્વમતે, બેને ઉદયે બે ચોવીશીને બદલે બે બાર બાર ભાંગા કહ્યા છે તેથી ચોવીશ પદ ઓછા કરતાં ૬૯૪૭ પદ આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ:-મતાંતરે નવશેં પંચાણું ઉદયના અને ૬૯૭૧ પ્રકૃતિના સમૂહે સંસારી જીવો મુંઝાયેલા જાણવા. ॥ ૨૨ ॥

विवेचनः—અન્ય આચાર્યને મતે ભાંગાની સંખ્યા અને પદવૃંદની સંખ્યા કહે છે,—સ્વમતે બેને ઉદયે ૧૨ ભાંગા કહ્યા છે અને મતાંતરે બેને ઉદયે ચોવીશ ભાંગા કહ્યા છે, તે બાર ભાંગા પૂર્વોક્ત ૯૮૩ માંહે અધિકા કરીએ ત્યારે ૯૯૫ ભાંગા થાય, એટલા મોહનીય કર્મના ઉદયના વિકલ્પે કરીને સર્વ સંસારી જીવ મુંઝાઇ રહ્યા છે, ઇહાં અધિકા ૧૨ ભાંગા તે દ્વિકોદયના છે તે માટે બમણા કીધે ૨૪ થયા, તે પૂર્વોક્ત ૬૯૪૭ માંહે ભેળવીએ એટલે ૬૯૭૧ પદવૃંદ—પ્રકૃતિસંખ્યા થાય. એટલા મોહનીયના પદવૃંદે કરીને સર્વ સંસારી જીવ મુંઝાણા જાણવા. એ દશ પ્રમુખ ઉદય અને ઉદયના સર્વ ભાંગા તે જઘન્યથી એક સમયના અને ઉત્કૃષ્ટપણે અંતર્મુહૂર્તના જાણવા, જે માટે જીવ ઉત્કૃષ્ટપણે પણ અંતર્મુહૂર્તને અંતરે બંધસ્થાનકના ભેદથી તથા ગુણઠાણાના ભેદથી અથવા સ્વરૂપ થકી અવશ્ય અન્ય ઉદયે અન્ય ઉદયે ભંગાન્તરે જાય.[1] ॥ ૨૨ ॥

---

૧ ચારથી દશ પર્યંતના ઉદયે વેદ તથા હાસ્યાદિ યુગલનું અંતર્મુહૂર્તે અવશ્ય પરાવર્તન થાય, તે માટે પંચસંગ્રહ મૂળ ટીકામાં કહ્યું છે કે **वेदेन युगलेन वा अवश्यं मुहूर्तादारतः परावर्तितव्यं ।** અને દ્વિકોદય તથા એકોદયના ભાંગા તો અંતર્મુહૂર્તના જ છે. તથા વિવક્ષિત ઉદય અથવા ભાંગે એક સમય રહીને બીજે સમયે અન્ય ગુણસ્થાને જાય ત્યારે બંધસ્થાન, ગુણસ્થાન અથવા સ્વરૂપના ભેદે કરીને જુદા ઉદયે અથવા ભાંગે જાય તેથી સર્વ ઉદયો અને ભાંગા જઘન્યથી એક સમયના જાણવા.

**मलयगिरिटीकायाम्.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| उदयस्थानेषु | चोवीशी | पदानां चोवीशी | भांगा | पदवृंद. |
|---|---|---|---|---|
| दशोदये | १ | १० | २४ | २४० |
| नवोदये | ६ | ५४ | १४४ | १२९६ |
| अष्टोदये | ११ | ८८ | २६४ | २११२ |
| सप्तोदये | १० | ७० | २४० | १६८० |
| षडुदये | ७ | ४२ | १६८ | १००८ |
| पंचोदये | ४ | २० | ९६ | ४८० |
| चतुरुदये | १ | ४ | २४ | ९६ |
| द्विकोदये | | | १२ | २४ |
| एकोदये | | | ११ | ११ |
| ऐक्ये | ४० | २८८ | ९८३ | ६९४७ |
| मतांतरे द्विकोदये | १ | २ | २४ | ४८ |
| तदा ऐक्यं | ४१ | २९० | ९९७ | ६९७१ |

## બંધસ્થાને સત્તાસ્થાન.

**तिन्नेव य बावीसे, इगवीसे अट्ठवीस सत्तरसे ।**
**छच्चेव तेरनवबं-धएसु पंचेव ठाणाणि ॥२३॥**

तिन्नेव=ત્રણ સત્તાસ્થાનો
बावीसे=બાવીશ પ્રકૃતિના બંધે
इगवीसे=એકવીશના બંધે.
अट्ठवीस=અઠ્ઠાવીશનું સત્તા સ્થાન
सत्तरसे=સત્તરના બંધે,

छच्चेव=છ સત્તાસ્થાનક નિશ્ચે
तेर नवबंधएसु=તેર અને નવપ્રકૃતિના બંધકને
पंचेव=પાંચ નિશ્ચે.
ठाणाणि=સત્તાસ્થાનો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ**–બાવીશ પ્રકૃતિના બંધે ત્રણજ સત્તાસ્થાનો હોય, એકવીશના બંધે અઠ્ઠાવીશ પ્રકૃતિનું એક સત્તાસ્થાન, સત્તરના બંધે છ સત્તાસ્થાન અને તેર તથા નવ પ્રકૃતિના બંધકને પાંચ પાંચ સત્તાસ્થાનો નિશ્ચયે હોય. ॥ ૨૩ ॥

**વિવેચન:**—હવે બંધસ્થાન ઉદયસ્થાનકનો સત્તાસ્થાનક સાથે સંવેધ કહે છે.–બાવીશને બંધે ૨૮, ૨૭, ૨૬, એ ત્રણ સત્તાસ્થાનક હોય તે આ પ્રમાણે–બાવીશનો બંધ મિથ્યાત્વીનેજ હોય, તેને ૪ ઉદયસ્થાનક હોય ૭, ૮, ૯, ૧૦. ત્યાં સાતને ૨૮ નું એકજ સત્તાસ્થાનક હોય, સાતનો ઉદય તો અનંતાનુબંધીને અભાવે હોય અને તે તો જેણે પૂર્વે સમ્યગ્દૃષ્ટિ થકે અનંતાનુબંધી ઉવેલીને પછી કાળાંતરે પરિણામવશે મિથ્યાત્વ પામ્યો થકો ફરીને મિથ્યાત્વપ્રત્યયિક અનંતાનુબંધી બાંધવા માંડે તે મિથ્યાદૃષ્ટિ બંધ વા સંક્રમની આવલિકા લગે અનંતાનુબંધિના ઉદયરહિત પામીએ, તેને નિશ્ચયે ૨૮ પ્રકૃતિની સત્તા હોય. આઠને ઉદયે ૨૮, ૨૭, ૨૬, એ ત્રણ સત્તાસ્થાનક હોય, ત્યાં અનંતાનુબંધીયા રહિત આઠના ઉદયે અઠ્ઠાવીશની જ સત્તા હોય. અને અનંતાનુબંધીયા સહિત આઠના ઉદયને વિષે ત્રણ સત્તાસ્થાક હોય, ત્યાં જ્યાં લગે સમ્યક્ત્વમોહનીય ઉવેલે નહીં ત્યાં લગે ૨૮ ની સત્તા હોય, સમ્યક્ત્વ ઉવેલ્યે ૨૭ની સત્તા, મિશ્રમોહનીય ઉવેલ્યે ૨૬ની સત્તા અથવા અનાદિ મિથ્યાત્વીને ૨૬ ની સત્તા હોય. એમજ નવને ઉદયે પણ ત્રણ સત્તાસ્થાનક કહેવાં. દશનો ઉદય તો અનંતાનુબંધિયા સહિત જ હોય, ત્યાં પણ ત્રણ સત્તાસ્થાનક તેમજ કહેવાં. એકવીશને બંધે એકજ ૨૮નું સત્તાસ્થાનક હોય. એકવીશનો બંધ તો સાસ્વાદને જ હોય, તે સાસ્વાદન સમ્યક્ત્વથી પડતાં હોય, તે માટે ત્રણ દર્શનમોહનીયની ત્યાં સત્તા હોય, એટલે ત્યાં ત્રણે ઉદયસ્થાનકે ૨૮ નું એક જ સત્તા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનક હોય. સત્તરને બંધે ૨૮, ૨૭, ૨૪, ૨૩, ૨૨, ૨૧, એ છ સત્તાસ્થાનક હોય. સત્તરનો બંધ મિશ્રદષ્ટિને તથા અવિરત સમ્યક્ત્વીને હોય. ઈહાં ૬, ૭, ૮, ૯, એ ચાર ઉદયસ્થાનક હોય. ત્યાં છનો ઉદય અવિરત સમ્યગ્દષ્ટિને જ હોય; તે પણ ઔપશમિક તથા ક્ષાયિકને પામીએ; ત્યાં ઔપશમિકને ૨૮, ૨૪ એ બે સત્તાસ્થાનક હોય ત્યાં પ્રથમ સમ્યક્ત્વ પામતાને અને ઉપશમશ્રેણિએ અનંતાનુબંધિયા ઉપશમાવ્યા હોય તેને અઠ્ઠાવીશની સત્તા હોય અને અનંતાનુબંધિયા ઉવેલ્યા હોય તેને ૨૪ ની સત્તા હોય, ક્ષાયિકને ૨૧ ની સત્તા હોય, એમ છને ઉદયે ૨૮, ૨૪, ૨૧, એ ત્રણ સત્તાસ્થાનક હોય, મિશ્રદષ્ટિને ૭, ૮, ૯, ને ઉદયે ૨૮, ૨૭, ૨૪, એ ત્રણ સત્તાસ્થાનક હોય, ત્યાં જે ૨૮ ની સત્તાવાળો મિશ્રપણું પડિવજે તેને ૨૮ ની સત્તા હોય, જેને મિથ્યાદષ્ટિ થકે સમ્યક્ત્વ ઉવેલ્યું અને મિશ્રપણું હજી ઉવેલવા માંડ્યું નથી એવે અવસરે પરિણામવશે મિથ્યાત્વ નિવર્ત્તીને મિશ્રપણું પડિવજે તેને ૨૭ ની સત્તા અને જે વળી પૂર્વે સમ્યગ્દષ્ટિ થકો અનંતાનુબંધિયાની વિસંયોજના કરીને પરિણામવશે પછી મિશ્રપણું પડિવજે તેને ૨૪ ની સત્તા; એ સ્થાનક ચારે ગતિને વિષે પામીએ, કેમકે ચારે ગતિના સમ્યગ્દષ્ટિઓ અનંતાનુબંધિયાની વિસંયોજના કરે. અવિરત સમ્યગ્દષ્ટિને સાતને ઉદયે ૨૮, ૨૪, ૨૩. ૨૨, ૨૧. એ પાંચ સત્તાસ્થાનક હોય. ત્યાં ૨૮ નું ઔપશમિક તથા વેદક સમ્યગ્દષ્ટિને હોય અને ૨૪ નું પણ એ બેને અનંતાનુબંધિની વિસંયોજના થયા પછી હોય. તથા ૨૩, ૨૨, વેદક સમ્યક્ત્વીનેજ હોય, તે આ પ્રમાણે-કોઈક મનુષ્ય આઠ વર્ષ ઉપર વર્તતો વેદક સમ્યક્ત્વી [1]ક્ષપક (શ્રેણિ)નો પ્રારંભક હોય તેને અનંતાનુબંધી અને મિથ્યાત્વનો ક્ષય કરે ત્યારે ૨૩ ની સત્તા હોય. તે પછી મિશ્ર ક્ષય કર્યે ૨૨ ની સત્તા હોય. ૨૨ ની સત્તાવાળો સમ્યક્ત્વમોહનીય ક્ષય કરતો થકો તેને છેલ્લે ગ્રાસે વર્તતો કોઈક પૂર્વબદ્ધાયુ હોય તો કાળ પણ કરે, તે કાળ કરીને ચારે ગતિ

૧ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટે ક્ષપણા કરતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંહેલી કોઈપણ ગતિમાં [1]જાય ત્યારે ૨૨ ની સત્તા ચારે ગતિએ પામીએ, ૨૧ ની સત્તા તો ક્ષાયિકનેજ હોય. એમ આઠને ઉદયે પણ એજ પાંચ સત્તાસ્થાનક કહેવાં. નવનો ઉદય અવિરત વેદક સમ્યક્ત્વીનેજ હોય તે માટે ૨૮, ૨૪, ૨૩, ૨૨ એ ચાર સત્તાસ્થાનક પૂર્વલીપરે કહેવાં.

તથા તેરને બંધે અને નવને બંધે પ્રત્યેકે પાંચ પાંચ સત્તા સ્થાનક હોય-૨૮, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ત્યાં તેરના બંધકને ૫, ૬, ૭, ૮, એ ચાર ઉદયસ્થાનક હોય. તેરના બંધક તે દેશવિરતિ તિર્યંચ અને મનુષ્ય હોય. ત્યાં જે તિર્યંચ છે તેને ચારે ઉદયસ્થાનકે ૨૮, ૨૪ એ બેજ સત્તાસ્થાનક હોય; ત્યાં ૨૮ નું ઔપશમિક તથા વેદક સમ્યક્ત્વીને હોય. ત્યાં ઉપશમ સમ્યક્ત્વીને પ્રથમ સમ્યક્ત્વ ઉપજવાને કાળે અંતરકરણે વર્તતો કોઈક દેશવિરતિ પણ પડિવજે, મનુષ્ય કોઇક સર્વવિરતિ પણ પડિવજે તેને હોય. અને ૨૪ નું અનંતાનુબંધી વિસંયોજ્યે વેદક સમ્યક્ત્વીનેજ હોય. શેષ ૨૩; ૨૨, ૨૧ તો તિર્યંચને ન હોય, તે તો ક્ષાયિક સમ્યક્ત્વ પામતાંજ હોય અને ક્ષાયિક સમ્યક્ત્વ તો તિર્યંચ નવું ન પામે; મનુષ્યજ પામે તે માટે. મનુષ્યને પાંચને ઉદયે ૨૮, ૨૪, ૨૧ એ ત્રણ સત્તાસ્થાનક હોય. છને ઉદયે અને સાતને ઉદયે પ્રત્યેકે પાંચ પાંચ સત્તાસ્થાનક હોય. આઠને ઉદયે ૨૮, ૨૪, ૨૩, ૨૨ એ ચારજ હોય તે અવિરત સમ્યગ્દૃષ્ટિને કહ્યાં તેમ ભાવવાં. એમ નવના બંધક પ્રમત્ત અપ્રમત્ત મનુષ્યને પણ ચારને ઉદયે ૨૮, ૨૪, ૨૧ એ ત્રણ સત્તાસ્થાનક હોય. પાંચને ઉદયે અને છને ઉદયે પ્રત્યેકે પાંચ પાંચ સત્તાસ્થાનક હોય, સાતને ઉદયે ૨૮, ૨૪, ૨૩, ૨૨ એ ચાર સત્તાસ્થાનક હોય. ॥ ૨૩ ॥

---

૧ ત્યાં જીવને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનું કાર્ય પૂર્ણ કરે, મનુષ્ય કે તિર્યંચમાં જાય તો અસંખ્યાત વર્ષના આયુષ્યવાળામાં જ જાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पंचविहचउविहेसुं, छछक्क सेसेसु जाण पंचेव।**
**पत्तेअं पत्तेअं, चत्तारि अ बंधवुच्छेए ॥२४॥**

पंचविह चउविहेसुं=પંચવિધ અને ચતુર્વિધ બંધને વિષે.
छ छक्क=૭ ૭ સત્તાસ્થાનો.
सेसेसु=બાકીના બંધસ્થાનને વિષે.
जाण=જાણવા.
पंचेव=પાંચજ સત્તાસ્થાન.
पत्तेअं पत्तेअं=દરેકને.
चत्तारि=ચાર સત્તાસ્થાન.
बंधवुच्छेए=બંધનાવ્યુચ્છેદે -બંધના અભાવે.

**अर्थः**—પંચવિધ અને ચતુર્વિધ બંધને વિષે ૭ ૭ સત્તાસ્થાનો અને બાકીનાં બંધસ્થાનને વિષે દરેકને પાંચજ સત્તાસ્થાન જાણવાં. બંધના વિચ્છેદે ચાર સત્તાસ્થાન હોય. ॥ ૨૪॥

**विवेचन**—પંચવિધ બંધને વિષે અને ચતુર્વિધ બંધને વિષે પ્રત્યેકે ૭ ૭ સત્તાસ્થાનક હોય. ત્યાં પાંચને બંધે ૨૮, ૨૪, ૨૧, ૧૩, ૧૨, ૧૧ એ ૭ સત્તાસ્થાનક હોય, પાંચને બંધે એનું એકજ ઉદયસ્થાનક હોય, ત્યાં ૨૮, ૨૪ નું ઔપશમિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિએ હોય અને ૨૧ નું ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપશમશ્રેણિએ હોય. અને ક્ષપકશ્રેણિએ જ્યાં લગે આઠ કષાય ન ગયા હોય ત્યાં લગે ૨૧ નું સત્તાસ્થાનક હોય આઠ કષાયને ક્ષયે ૧૩નું, તે પછી નપુંસકવેદને ક્ષયે ૧૨ નું અને તે પછી સ્રીવેદને ક્ષયે ૧૧ નું સત્તાસ્થાનક હોય. હવે ચતુર્વિધબંધને વિષે ૨૮, ૨૪, ૨૧, ૧૧, ૫, ૪ એ ૭ સત્તાસ્થાનક હોય. ત્યાં ૨૮, ૨૪, ૨૧, એ ત્રણ તો ઉપશમશ્રેણિએ હોય અને શેષ ત્રણ ક્ષપકશ્રેણિએ હોય. ઇહાં નપુંસકવેદી કોઇક ક્ષપકશ્રેણિ પડિવજે તે સ્રીવેદ તથા નપુંસકવેદનો ક્ષય કરે તે વેળાએ જ સમકાળે પુરૂષવેદનો બંધ ટાળે, ત્યાર પછી પુરૂષવેદ અને હાસ્યાદિષટ્ક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમકાળે ક્ષય કરે, અને જો સ્ત્રીવેદી ક્ષપકશ્રેણિ પ્રારંભે તો તે પૂર્વે નપુંસકવેદ ક્ષય કરે, ત્યાર પછી અંતર્મુહૂર્ત્તમાં સ્ત્રીવેદના ક્ષય સાથેજ પુરૂષવેદનો બંધ છેદે, ત્યારપછી પુરૂષવેદ અને હાસ્યાદિષટ્ક સમકાળે ક્ષય કરે. જ્યાં લગે તે ક્ષય ન થાય ત્યાં લગે એ ઠામે ચતુર્વિધ બંધે વેદોદય રહિત એકોદયે વર્ત્તતાને અગ્યારનું સત્તાસ્થાનક પામીએ. અને પુરૂષવેદ તથા હાસ્યાદિષટ્કના સમકાળે ક્ષય થયે થકે ચારનું સત્તાસ્થાનક હોય અને પુરૂષવેદી ક્ષપકશ્રેણિ પ્રારંભે તેને હાસ્યાદિષટ્કના ક્ષયની સાથેજ પુરૂષવેદનો બંધ ટળે ત્યારે તેને ચતુર્વિધ બંધકાળે પાંચ પ્રકૃતિનું સત્તાસ્થાનક પામીએ. તે પાંચની સત્તા બે સમયે ઊણી બે આવલિકા લગે વિદ્યમાન જાણવી, ત્યાર પછી પુરૂષવેદ ક્ષય ગયે ચારની સત્તા હોય, તે પણ અંતર્મુહૂર્ત લગે રહે, ચારને બંધે નપુંસકવેદી અને સ્ત્રીવેદી ક્ષપકને ૫ નું સત્તાસ્થાનક ન હોય અને પુરૂષવેદીને ૧૧ નું ન હોય પણ ત્રણ વેદે છએ સત્તાસ્થાનક હોય. તથા શેષ ત્રિવિધ, દ્વિવિધ અને એકવિધ એ ત્રણ બંધસ્થાનકને વિષે પ્રત્યેકે પાંચ પાંચ સત્તાસ્થાનક હોય. ત્યાં પ્રથમ ત્રિવિધ બંધને વિષે ૨૮, ૨૪, ૨૧, ૪, ૩ એ પાંચ સત્તાસ્થનક હોય; ત્યાં પુરલાં ૨૮, ૨૪, ૨૧, એ ત્રણ ઉપશમશ્રેણિએ હોય, શેષ ૪, ૩ એ બે ક્ષપકશ્રેણિએ હોય, તે આ પ્રમાણે–સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિ આવલિકા શેષ છતે તેનો બંધ ઉદય ઉદીરણા સમકાળે વ્યુચ્છેદ ગયે થકે માનાદિનો ત્રિવિધબંધ થયો, ત્યારે સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિગત આવલિકા માત્ર અને બે સમયે ઊણી બે આવલિકા બંધાદ્ધા (બંધકાળ) મૂકીને અન્ય સર્વ ક્ષય ગયું. અને તે સત્તા પણ બે સમયે ઊણી બે આવલિકા માત્ર કાળે ક્ષય પામશે, જ્યાં લગે તે ક્ષય ન જાય ત્યાં લગે ત્રિવિધ બંધે ચાર પ્રકૃતિ સત્તાએ હોય. તેમાંથી સંજ્વલન ક્રોધ ક્ષય ગયે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણની સત્તા હોય, તે અંતર્મુહૂર્ત્ત લગે જાણવી. હવે દ્વિવિધ બંધે ૨૮, ૨૪, ૨૧, ૩. ૨ એ પાંચ સત્તાસ્થાનક હોય. ત્યાં ત્રણ પૂર્વલી પરે અને બે ક્ષપકશ્રેણિએ હોય. હવે એકવિધ બંધે ૨૮, ૨૪, ૨૧. ૨, ૧ એ પાંચ સત્તાસ્થાન હોય તે માંહે ત્રણ પૂર્વલી પરે ઉપશમશ્રેણિએ ભાવવાં અને બે ક્ષપકશ્રેણિએ ભાવવાં, એ સર્વ હકીકત નવમે ગુણઠાણે વર્તતાને જાણવી. તથા બંધને વ્યુચ્છેદે—બંધને અભાવે સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ૨૮, ૨૪, ૨૧, ૧ એ ચાર સત્તાસ્થાન હોય. ત્યાં ત્રણ પૂર્વલીપરે ઉપશમશ્રેણિએ કહેવાં અને એક સંજ્વલન લોભની સત્તા ક્ષપકશ્રેણિએ હોય, અને બંધ ઉદયને અભાવે પણ ઉપશાન્તમોહ ગુણઠાણે ૨૮, ૨૪, ૨૧ એ ત્રણ સત્તાસ્થાનક હોય. તેની ભાવના પૂર્વવત્ જાણવી. ।। ૪૨ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## मोहनीयकर्मणः बंधोदयसत्तास्थानभंगानां यंत्रम् ॥

| गुण० | १० बंध स्थानेषु. | भंगा | उदयस्थान | | उदय चोवीशी. | | उदयभंगा | | उदयपदानि | | उदय पदवृंद संख्या | | सत्तास्थानानि. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | २२ बंधे | ६ | ७ | | १ | ८ | २४ | १९२ | ७ | ६८ | १६८ | १६३२ | १ | २८ |
| | | | ८ | ४ | ३ | | ७२ | | २४ | | ५७६ | | ३ | २८,२७,२६ |
| | | | ९ | | ३ | | ७२ | | २७ | | ६४८ | | ३ | २८,२७,२६ |
| | | | १० | | १ | | २४ | | १० | | २४० | | ३ | २८,२७,२६ |
| २ | २१ बंधे | ४ | ७ | | १ | ४ | २४ | ९६ | ७ | ३२ | १६८ | ७६८ | १ | २८ |
| | | | ८ | ३ | २ | | ४८ | | १६ | | ३८४ | | १ | २८ |
| | | | ९ | | १ | | २४ | | ९ | | २१६ | | १ | २८ |
| ३ ४ | १७ बंधे | २ | ६ | | १ | १२ | २४ | २८८ | ६ | ९२ | १४४ | २२०८ | ३ | २८।२४।२१ |
| | | | ७ | ४ | ४ | | ९६ | | २८ | | ६७२ | | ६ | २८,२७,२४,२३,२२,२१ |
| | | | ८ | | ५ | | १२० | | ४० | | ९६० | | ६ | ,, |
| | | | ९ | | २ | | ४८ | | १८ | | ४३२ | | ५ | २८,२७'२४,२३,२२ |
| ५ | १३ बंधे | २ | ५ | ४ | १ | ८ | २४ | १९२ | ५ | ५२ | १२० | १२४८ | ३ | २८।२४।२१ |
| | | | ६ | | ३ | | ७२ | | १८ | | ४३२ | | ५ | २८,२४,२३,२२,२१ |

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ७ | | ३ | | ७२ | | २१ | | ५०४ | | ५ | २८,२४,२३,२२,२१ |
| | | | ८ | | १ | | २४ | | ८ | | १९२ | | ४ | २८,२४,२३,२२ |
| ६ | ९ बंधे | २ | ४ | ४ | १ | ८ | २४ | १९२ | ४ | ४४ | ९६ | १०५६ | ३ | २८,२४,२१ |
| ७ | | | ५ | | ३ | | ७२ | | १५ | | ३६० | | ५ | २८,२४,२३,२२,२१ |
| ८ | | | ६ | | ३ | | ७२ | | १८ | | ४३२ | | ५ | २८,२४,२३,२२,२१ |
| | | | ७ | | १ | | २४ | | ७ | | १६८ | | ४ | २८,२४,२३,२२ |
| ९ | ५ बंधे | १ | २ | १ | | | | १२ | | | २४ | २४ | ६ | २८,२४,२१,१३,१२,११ |
| ९ | ४ बंधे | १ | १ | | | | | ४ | | | ४ | ४ | ६ | २८,२४,२१,११,५,४ |
| ९ | ३ बंधे | १ | १ | | | | | ३ | | | ३ | ३ | ५ | २८,२४,२१,४,३ |
| ९ | २ बंधे | १ | १ | | | | | २ | | | २ | २ | ५ | २८,२२,२१,३,२ |
| ९ | १ बंधे | १ | १ | | | | | १ | | | १ | १ | ५ | २८,२४,२१,२;१ |
| १० | ० | ० | १ | | | | | १ | | | १ | १ | ४ | २८,२४,२१,१ |
| ११ | ० | ० | ० | ० | | | | ० | | | ० | ० | ३ | २८,२४,२१ |
| | पेत्रयं | २१ | | २५ | | ४० | | ९८३ | | २८८ | | ६९४७-७१ | १०१ | |
| | | | | | | ४१ | | ९९५ | | २९० | | | | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**दसनवपन्नरसाइं, बंधोदयसंतपयडिठाणाणि ।**
**भणिआणि मोहणिज्जे, इत्तो नामं परं वुच्छं ॥२५॥**

| | |
|---|---|
| दस नव पन्नरसाइं=દશ, નવ અને પંદર. | भणिआणि=કહ્યા. |
| बंधोदयसंतपयडिठाणाणि=બંધ, ઉદય અને સત્તા પ્રકૃતિનાં સ્થાનો. | मोहणिज्जे=મોહનીય કર્મને વિષે. |
| | इत्तो परं=અહીંથી આગળ |
| | नामं=નામકર્મનાં |
| | वुच्छं=કહીશું |

**અર્થ:**—મોહનીય કર્મને વિષે બંધ, ઉદય અને સત્તા પ્રકૃતિનાં સ્થાનો (અનુક્રમે) દશ, નવ અને પંદર કહ્યાં. અહીંથી આગળ નામકર્મનાં કહીશું.

**વિવેચન:**—દશ, નવ અને પન્નર એ બંધ ઉદય અને સત્તાનાં સ્થાનક, અનુક્રમે એટલે દશ બંધનાં સ્થાનક, નવ ઉદયનાં સ્થાનક, પન્નર સત્તાનાં સ્થાનક-તે પ્રત્યેકે તેના ભાંગા અને બંધોદયસત્તાને સંવેધે પ્રકૃતિનાં સ્થાનક એ સર્વ મોહનીયકર્મને વિષે કહ્યાં. હવે ઇહાં આગળ નામકર્મના બંધોદયસત્તાના સંવેધે ભાંગા કહીશું. ॥ ૨૫ ॥

---

## નામકર્મનાં બંધસ્થાન

**तेवीस[१] पणवीसा[२], छव्वीसा[३] अट्ठवीस[४] गुणतीसा[५] ।**
**तीसे[६]गतीस[७]मेगं[८], बंधट्ठाणाणि नामस्स ॥ २६ ॥**

| | |
|---|---|
| तेवीसपणवीसा=ત્રેવીશનું, [પચ્ચીશનું | तीसेगतिसं=ત્રીશ, એકત્રીશનું |
| छव्वीसा=છવીશનું | एगं=એકનું, |
| अट्ठवीस=અઠ્ઠાવીશનું | बंधट्ठाणाणि=બંધસ્થાનો. |
| गुणतीसा=ઓગણત્રીસનું | नामस्स=નામકર્મનાં |

**અર્થ:**-૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૧ પ્રકૃતિના (એમ આઠ) બંધસ્થાનો નામકર્મનાં જાણવાં ॥ ૨૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચનઃ**—પ્રથમ નામકર્મનાં બંધસ્થાનક કહે છેઃ-ત્રેવીશ પ્રકૃતિનું પહેલું બંધસ્થાનક ૧, પચીશ પ્રકૃતિનું ૨, છવ્વીશ પ્રકૃતિનું ૩, અઠ્ઠાવીશનું ૪, ઓગણત્રીશનું ૫, ત્રીશનું ૬, એકત્રીશનું ૭, અને એક પ્રકૃતિનું બંધસ્થાનક આઠમું ૮, આઠ નામકર્મનાં બંધસ્થાનક હોય. એ તિર્યંચ મનુષ્યાદિક ગતિપ્રાયોગ્યપણે કરીને અનેક પ્રકારનાં છે, તે માટે તે રીતે દેખાડીએ છીએ.—ત્યાં તિર્યંચગતિપ્રાયોગ્ય બાંધતાં સામાન્યપણે પાંચ બંધસ્થાનક હોય, તે આ પ્રમાણે-૨૩, ૨૫, ૨૬, ૨૯, ૩૦; તેમાં પણ એકેંદ્રિય પ્રાયોગ્ય બાંધતાં ત્રણ બંધસ્થાનક હોય, તે આ પ્રમાણે-૨૩, ૨૫, ૨૬. તિર્યંગ્ગતિ ૧, તિર્યંગાનુપૂર્વી ૨, એકેંદ્રિય જાતિ ૩, ઔદારિક શરીર ૪, હુંડ સંસ્થાન ૫, સ્થાવર નામ ૬, અપર્યાપ્ત નામ ૭, અસ્થિર ૮, અશુભ ૯, દુર્ભગ ૧૦, અનાદેય ૧૧, અયશકીર્તિ ૧૨, સૂક્ષ્મબાદર માંહેથી એક ૧૩, સાધારણ પ્રત્યેક માંહેથી એક, એવં ૧૪ અને નવ નામકર્મની ધ્રુવબંધી, તે કઇ? વર્ણચતુષ્ક ૪, તૈજસ ૫, કાર્મણ ૬, અગુરુલઘુ ૭, ઉપઘાત ૮ અને નિર્માણ ૯; એવં ૨૩ પ્રકૃતિનો સમુદાય એ પહેલું બંધસ્થાન. તે અપર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય બાંધતા તિર્યંચ કે મનુષ્ય મિથ્યાદષ્ટિને જાણવું ઇહાં ભાંગા ૪ ઉપજે તે આ પ્રમાણે-સૂક્ષ્મપણું સાધારણ સહિત ૧, સૂક્ષ્મપણું પ્રત્યેક સહિત ૨, બાદરપણું સાધારણ સહિત ૩, બાદરપણું પ્રત્યેક સહિત ૪, એ ત્રેવીશ માંહે પરાઘાત અને ઉચ્છ્વાસ ભેળવ્યે પચીશનું બંધસ્થાનક પર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય મિથ્યાદષ્ટિ તિર્યંચ મનુષ્ય તથા દેવતા બાંધે ઇહાં અપર્યાપ્તને ઠામે પર્યાપ્ત નામ કહેવું અને સ્થિર અસ્થિર માંહેથી એક, શુભ અશુભ માંહેથી એક અને યશ અયશ માંહેથી એક બાંધે, ઇહાં ભાંગા ૨૦ ઉપજે, તે આ પ્રમાણે-બાદર પર્યાપ્ત પ્રત્યેકપણું બાંધતાં સ્થિર અસ્થિરે બે ભાંગા, શુભ અશુભે ચાર, અને યશ અયશે આઠ ભાંગા થાય, એમ પર્યાપ્ત બાદર સાધારણપણું બાંધતાં સ્થિર અસ્થિરે ૨, તે શુભ અશુભે ૪ ભાંગા થાય, ત્યાં સાધારણ સાથે યશકીર્ત્તિ ન બંધાય અયશજ હોય તે માટે; એમ પર્યાપ્ત સૂક્ષ્મ પ્રત્યેકના ચાર ભાંગા, વળી પર્યાપ્ત સૂક્ષ્મ સાધારણ સાથે ચાર ભાંગા, એમ સર્વ સંખ્યાએ પચીશને બંધે ૨૦ ભાંગા ઉપજે. તેમાં દેવતા બાંધે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે બાદર પર્યાપ્ત પ્રત્યેકના આઠજ ભાંગા ઉપજે, પણ તે વીશ માંહેલાજ જાણવા એ ૨૫ માંહે આતપનામ તથા ઉદ્યોતનામ ભેળવીએ ત્યારે ૨૬ નું બંધસ્થાનક હોય. ઈહાં બાદર સૂક્ષ્મને ઠામે બાદર જ અને પ્રત્યેક સાધારણને ઠામે પ્રત્યેકજ કહેવા. એ બંધસ્થાનક પર્યાપ્ત બાદર પ્રત્યેક એકેંદ્રિય પ્રાયોગ્ય, મિથ્યાદૃષ્ટિ તિર્યંચ મનુષ્ય અને દેવતા બાંધે, ઇહાં ભાંગા ૧૬ થાય, તે આતપ ઉદ્યોત સાથે સ્થિર અસ્થિર, શુભ, અશુભ, યશ અયશને પરાવર્તે જાણવા. આતપ ઉદ્યોત તે સૂક્ષ્મ સાધારણ અપર્યાપ્ત સાથે ન હોય, તે માટે તે સાથે ભાંગા ન કહેવા, અને યશકીર્તિ પણ સૂક્ષ્મ સાધારણ અપર્યાપ્ત સાથે ન બંધાય. એમ એકેંદ્રિયપ્રાયોગ્ય બાંધતાં ત્રણે બંધસ્થાનકે થઇને ૪૦ ભાંગા થયા. હવે **બેઇંદ્રિયપ્રાયોગ્ય** બાંધતાને ત્રણ બંધસ્થાનક હોય, તે આ પ્રમાણે-૨૫, ૨૯, ૩૦, ત્યાં નામકર્મની ધ્રુવબંધી ૯, તિર્યંચગતિ ૧૦, તિર્યગાનુપૂર્વી ૧૧, બેઇંદ્રિય જાતિ ૧૨, ઔદારિક શરીર ૧૩, હુંડ સંસ્થાન ૧૪, છેવટ્ઠું સંઘયણ ૧૫ ઔદારિકોપાંગ ૧૬, ત્રસ ૧૭, બાદર ૧૮, અપર્યાપ્ત ૧૯, પ્રત્યેક ૨૦, અસ્થિર ૨૧, અશુભ ૨૨, દુર્ભગ ૨૩, અનાદેય ૨૪, અને અયશ ૨૫; એ પચીશ પ્રકૃતિનું બંધસ્થાનક અપર્યાપ્ત બેઇંદ્રિયપ્રાયોગ્ય મિથ્યાદૃષ્ટિ મનુષ્ય તિર્યંચ બાંધે. અપર્યાપ્ત સાથે પરાવર્ત્તમાન પ્રકૃતિ અશુભ જ બંધાય તે માટે ઇહાં એકજ ભાંગો હોય. એ ૨૫ માંહે પરાઘાત ૧, ઉચ્છ્વાસ ૨, અપ્રશસ્ત વિહાયોગતિ ૩ અને દુઃસ્વર ૪, એ ચાર ભેળવીએ અને અપર્યાપ્તાને ઠામે પર્યાપ્ત કહીએ ત્યારે ૨૯ નું બંધસ્થાનક પર્યાપ્ત બેઇંદ્રિયપ્રાયોગ્ય મિથ્યાદૃષ્ટિ બાંધે. ઇહાં સ્થિર અસ્થિર, શુભ અશુભ યશ અયશને પરાવર્તે ૮ ભાંગા ઉપજે. તે ૨૯ માંહે ઉદ્યોત ભેળવે ૩૦ નું બંધસ્થાનક થાય, ત્યાં પણ તે રીતેજ આઠ ભાંગા થાય. એમ **તેઇંદ્રિયપ્રાયોગ્ય** અને **ચઉરિંદ્રિયપ્રાયોગ્ય** બાંધતાં મિથ્યાદૃષ્ટિને ત્રણ બંધસ્થાનક અને પ્રત્યેકે ૧૭ ભાંગા કહેવા. બેઇંદ્રિય જાતિને ઠામે તેઇંદ્રિય કે ચઉરિંદ્રિય જાતિ કહેવી. સર્વ સંખ્યાએ વિકલેંદ્રિય પ્રાયોગ્ય ૫૧ ભાંગા થાય. હવે **પંચેંદ્રિય તિર્યંચ પ્રાયોગ્ય** બાંધતાં ત્રણ બંધસ્થાનક હોય, તે આ પ્રમાણે-૨૫, ૨૯, ૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં ૨૫નું બંધસ્થાનક બેઇંદ્રિયપ્રાયોગ્ય બાંધતાની પેરે કહેવું, જાતિ પંચેંદ્રિયની કહેવી, એ મિથ્યાત્વી તિર્યંચ મનુષ્ય અપર્યાપ્તપ્રાયોગ્ય બાંધે ત્યારે ભાંગો ૧ પૂર્વની પેઠે હોય. તથા નામકર્મની ધ્રુવબંધી ૯, તિર્યંચ ગતિ ૧૦, તિર્યંગાનુપૂર્વી ૧૧, પંચેંદ્રિયજાતિ ૧૨, ઔદારિક શરીર ૧૩, ઔદારિકોપાંગ ૧૪, પરાઘાત ૧૫, ઉચ્છ્વાસ ૧૬, ત્રસ ૧૭, બાદર ૧૮, પર્યાપ્ત ૧૯, પ્રત્યેક ૨૦, છ સંસ્થાન માંહેથી એક ૨૧, છ સંઘયણ માંહેથી એક ૨૨, પ્રશસ્ત અપ્રશસ્ત વિહાયોગતિ માંહેથી એક ૨૩, સ્થિર અસ્થિર માંહેથી એક ૨૪, શુભ અશુભ માંહેથી એક ૨૫, સુભગ દુર્ભગ માંહેથી એક ૨૬. સુસ્વર દુઃસ્વર માંહેથી એક ૨૭, આદેય અનાદેય માંહેથી એક ૨૮ અને યશ અયશ માંહેથી એક ૨૯; એ ૨૯ પ્રકૃતિનું બંધસ્થાનક પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચપ્રાયોગ્ય મિથ્યાત્વી તથા સાસ્વાદની ચારે ગતિવાળા બાંધે. ત્યાં છ સંસ્થાનને છ સંઘયણ ગુણા કરતાં ૩૬, બે વિહાયોગતિ ગુણા કરતાં ૭૨, તે સ્થિર અસ્થિરે બે ગુણા કરતાં ૧૪૪, શુભ અશુભ બે ગુણા કરતાં ૨૮૮, તે સુભગ દુર્ભગ સાથે બે ગુણા કરતાં ૫૭૬, તે સુસ્વર દુઃસ્વર સાથે બે ગુણા કરતાં ૧૧૫૨, તે આદેય અનાદેય સાથે બે ગુણા કરતાં ૨૩૦૪, તે યશ અયશ સાથે બે ગુણા કરતાં ૪૬૦૮ ભાંગા થાય ત્યાં વિશેષને આશ્રયીને સાસ્વાદની બાંધતો વિચારીએ ત્યારે તે હુંડ સંસ્થાન અને છેવટ્ઠું સંઘયણ ન બાંધે, ત્યારે ૫ સંઘયણ ૫ સંસ્થાન સાથે ગુણતાં ૨૫ થાય, પછી સાત વાર બે ગુણા પૂર્વલીપરે ગણતાં ૩૨૦૦ ભાંગા થાય, પણ તે ભાંગા ૪૬૦૮ માંહેલા છે તે માટે પૃથક્ ગણવા નહીં. એજ ૨૯ માંહે ઉદ્યોત ભેળવીએ ત્યારે ૩૦નું બંધસ્થાનક થાય. ઇહાં પણ મિથ્યાત્વી અને સાસ્વાદની આશ્રયીને પૂર્વલી પરે ભાંગા કરવા, તે ભાંગા સામાન્યપણે ૪૬૦૮ થાય. ત્રણ બંધસ્થાનકે થઇને પંચેંદ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૯૨૧૭ ભાંગા થાય. સર્વ તિર્યંચગતિ પ્રાયોગ્ય ૯૩૦૮ ભાંગા થાય. હવે મનુષ્યગતિપ્રાયોગ્ય બાંધતાં ત્રણ બંધસ્થાનક હોય, ૨૫, ૨૯, ૩૦. ત્યાં ૨૫નું બંધસ્થાનક જેમ પૂર્વે અપર્યાપ્ત બેઇંદ્રિય પ્રાયોગ્ય કહ્યું તેમ કહેવું. ભાંગો ૧ જ પણ ઇહાં મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, પંચેંદ્રિય જાતિ એમ કહેવું. ૨૯નું બંધસ્થાનક મિથ્યાત્વી ૧, સાસ્વાદની ૨, મિશ્રદષ્ટિ ૩,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને અવિરત સમ્યગ્દૃષ્ટિ ૪, એ ચારે બાંધે, ત્યાં મિથ્યાત્વી સાસ્વાદની ચારે ગતિના બાંધે, તે જેમ પંચેંદ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯નું સ્થાનક કહ્યું તેમ કહેવું. ભાંગા પણ ૪૬૦૮ અને ૩૨૦૦ તે રીતે જ કહેવા તથા મિશ્રદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ બાંધે તે નામકર્મની ધ્રુવબંધી ૯, મનુષ્યગતિ ૧૦, મનુષ્યાનુપૂર્વી ૧૧, પંચેંદ્રિયજાતિ ૧૨, ઔદારિકદ્વિક ૧૪, સમચતુરસ્ર સંસ્થાન ૧૫, વજ્રઋષભનારાચ સંઘયણ ૧૬, પરાઘાત ૧૭, ઉચ્છ્વાસ ૧૮, શુભખગતિ ૧૯, ત્રસ ૨૦, બાદર ૨૧, પર્યાપ્ત ૨૨, પ્રત્યેક ૨૩, સ્થિર અસ્થિર માંહેલી એક ૨૪, શુભ અશુભ માંહેલી એક ૨૫, સુભગ ૨૬, સુસ્વર ૨૭, આદેય ૨૮, યશ અયશ માંહેલી એક ૨૯, એના ભાંગા સ્થિર અસ્થિર, શુભ અશુભ, યશ અયશે કરીને આઠ થાય પણ એ સર્વ ૪૬૦૮ માંહેલા જ છે તે માટે પૃથક્ ગણવા નહીં. એ ૨૯ પ્રકૃતિને તીર્થંકર નામ સહિત કરીએ ત્યારે ૩૦નું બંધસ્થાનક મનુષ્ય પ્રાયોગ્ય સમ્યગ્દૃષ્ટિ દેવતા નારકી બાંધે, ત્યાં પણ એમજ ૮ ભાંગા ઉપજે સર્વ મળીને મનુષ્યગતિ પ્રાયોગ્ય ૩ બંધસ્થાનકે ૪૬૧૭ ભાંગા થાય. તથા દેવગતિ પ્રાયોગ્ય બાંધતાં ચાર બંધસ્થાનક હોય, તે આ પ્રમાણે–૨૮, ૨૯, ૩૦, ૩૧, એ પંચેંદ્રિય તિર્યંચ તથા મનુષ્ય બાંધે ત્યાં નામકર્મની ધ્રુવબંધી ૯, દેવગતિ ૧૦, દેવાનુપૂર્વી ૧૧, પંચેંદ્રિયજાતિ ૧૨, વૈક્રિયદ્વિક ૧૪, સમચતુરસ્ર સંસ્થાન ૧૫, પરાઘાત ૧૬, ઉચ્છ્વાસ ૧૭, પ્રશસ્ત વિહાયોગતિ ૧૮, ત્રસ ૧૯, બાદર ૨૦, પર્યાપ્ત ૨૧, પ્રત્યેક ૨૨, સ્થિર અસ્થિર માંહેલી એક ૨૩, શુભ અશુભ માંહેલી એક ૨૪, સુભગ ૨૫, સુસ્વર ૨૬, આદેય ૨૭, યશ અયશ માંહેલી એક ૨૮, એ ૨૮નું બંધસ્થાનક મિથ્યાત્વથી માંડીને દેશવિરત લગેના મનુષ્ય તિર્યંચ બાંધે, તથા પ્રમત્ત મનુષ્ય પણ બાંધે. ત્યાં સ્થિર અસ્થિર, શુભ અશુભ, યશ અયશને પરાવર્તે ૮ ભાંગા થાય. અપ્રમત્ત અને અપૂર્વકરણ ગુણસ્થાનવાળા મનુષ્ય પણ બાંધે પણ ત્યાં સ્થિર, શુભ યશજ બાંધે તે માટે ભાંગો ૧ ઉપજે પણ તે આઠ માંહેલો જ છે તે માટે પૃથક્ ગણવો નહીં. તે ૨૮ માંહે જિનનામ ભેળવ્યે ૨૯નું બંધસ્થાનક દેવપ્રાયોગ્ય, તે અવિરતિ, દેશવિરતિ અને પ્રમત્ત મનુષ્યજ બાંધે ત્યાં પણ ભાંગા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮ પૂર્વલી પેરે જાણવા. અપ્રમત્ત અપૂર્વકરણી પણ બાંધે ત્યાં ભાંગો ૧, તદંતભૂત જાણવો, તથા ૨૮ માંહે આહારકદ્વિક ભેળવીએ ત્યારે ૩૦નું બંધસ્થાનક થાય તે દેવગતિપ્રાયોગ્ય અપ્રમત્ત અને અપૂર્વકરણવાળો મનુષ્યજ બાંધે, તે સ્થિર શુભ યશજ બાંધે અસ્થિર અશુભ અયશ ન બાંધે, તે માટે ત્યાં ભાંગો ૧ જ હોય. તથા એ ૩૦ માંહે વળી જિનનામ ભેળવીએ ત્યારે ૩૧નું બંધસ્થાનક થાય તે દેવપ્રાયોગ્ય અપ્રમત્ત અને અપૂર્વકરણવાળો મનુષ્યજ બાંધે, ઇહાં પણ સર્વ શુભ પ્રકૃતિનોજ બંધ છે તે માટે એકજ ભાંગો હોય. સર્વ મળીને દેવગતિપ્રાયોગ્ય ચારે બંધસ્થાનકે થઇને ૧૮ ભાંગા થાય. હવે नरकगति प्रायोग्य બાંધતાં એકજ ૨૮નું બંધસ્થાનક હોય. નરકદ્વિક ૨, પંચેંદ્રિયજાતિ ૩, વૈક્રિયદ્વિક ૫, હુંડસ્થાન ૬, પરાઘાત ૭, ઉચ્છ્વાસ ૮, અશુભ વિહાયોગતિ ૯, ત્રસ ૧૦, બાદર ૧૧, પર્યાપ્ત ૧૨, પ્રત્યેક ૧૩, અસ્થિર ૧૪, અશુભ ૧૫, દુર્ભગ ૧૬, દુ:સ્વર ૧૭. અનાદેય ૧૮, અયશ ૧૯, નવ નામકર્મની ધ્રુવબંધી ૨૮, એ અઠ્ઠાવીશનું બંધસ્થાનક પંચેંદ્રિય તિર્યંચ મનુષ્ય મિથ્યાત્વી બાંધે, ઇહાં સર્વ અશુભજ બાંધે તે માટે ભાંગો એકજ હોય. હવે દેવગતિ પ્રાયોગ્ય બંધવ્યુચ્છેદ પામ્યે અપૂર્વકરણને સાતે ભાંગે અનિવૃત્તિબાદરે અને સૂક્ષ્મસંપરાયે મનુષ્ય એક યશ:કીર્તિ નામકર્મજ બાંધે, ત્યાં પણ એક ભાંગો હોય ॥ ૨૬ ॥

---

## બંધસ્થાને ભાંગા

૨૩ ૨૫ ૨૬ ૨૮ ૨૯

**चउपणवीसा सोलस, नव बाणउईसया य अडयाला।**

૩૦ ૩૧ ૧ ૧૩૯૪૫

**एयालुत्तर छाया–लसया इक्किक्क बंधविही ॥२७॥**

चउपणवीसा=ચાર, પચીશ,
सोलस नव=સોળ, નવ
बाणउइसया=બાણુંશે.
य=અને

अडयाला=અડતાલીશ (૯૨૪૮)
एयालुत्तर छायालसया=૪૬૪૧
इक्किक्क=એક, એક.
बंधविही=બંધનાપ્રકાર, ભાંગા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થઃ-ત્રેવીશ વગેરે બંધસ્થાન આશ્રયીને અનુક્રમે ચાર, પચીશ, સોળ, નવ, બાણુંશે અડતાળીશ (૯૨૪૮) છેંતાલીશશે એકતાળીશ (૪૬૪૧) એક અને એક એટલા બંધના ભાંગા જાણવા. ॥ ૨૭ ॥

**વિવેચનઃ**-હવે કયા બંધસ્થાનકે કેટલા ભાંગા સર્વ સંખ્યાએ થાય તે કહે છે.-અપર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય ત્રેવીશને બંધે ચાર ભાંગા હોય. પચીશને બંધે એકેંદ્રિય યોગ્ય ૨૦, બેઇંદ્રિય યોગ્ય

| | बंध-स्था-नक८ | भंगा १३९४५ | आगामिभवप्रायोग्याः | तेषां बंधकाः |
|---|---|---|---|---|
| १ | २३ | ४ | अपर्याप्तैकेंद्रियप्रायोग्य४ | तिर्यग्मनुष्याः ४ |
| २ | २५ | २५ | एकें २०, बे०१, ते०१, च०१, पं० ति०१, म०१ | तिर्यग्मनुष्याः २५. देवाः ८ |
| ३ | २६ | १६ | पर्याप्तैकेंद्रियप्रायोग्य१६ | तिर्यग्मनुष्यदेवाः १६ |
| ४ | २८ | ९ | देव प्रायोग्य ८, नरक प्रायो० १ | पंचेंद्रियतिर्यग्मनुष्याः ९ |
| ५ | २९ | ९२४८ | बे०८, ते०८ च०८, पं० ति०४६०८, म०४६०८ दे० ८. | ति९,२४०म९२४८ दे९२१६ना९२१६ |
| ६ | ३० | ४६४१ | बे०८, ते०८, च०८, पं० ति०४६०८म०८ दे०१. | ति४६३२म४६३३ दे४६१६ना४६१६ |
| ७ | ३१ | १ | देवप्रायोग्य १ | मनुष्या एव १ |
| ८ | १ | १ | अप्रायोग्य १ | मनुष्या एव १ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧, તેઇંદ્રિય યોગ્ય ૧, ચઉરિંદ્રિય યોગ્ય ૧, પંચેંદ્રિય તિર્યંચ યોગ્ય ૧, મનુષ્ય યોગ્ય ૧, એવં ૨૫ ભાંગા હોય. એકેંદ્રિય યોગ્ય છવીશને બંધે સોળ ભાંગા હોય દેવપ્રાયોગ્ય ૨૮ ને બંધે ૮ ભાંગા હોય, નરકયોગ્ય ૨૮ ને બંધે ૧ ભાંગો હોય એમ અઠાવીશને બંધે નવ ભાંગા હોય, બેઇંદ્રિય યોગ્ય ૮, તેઇંદ્રિય યોગ્ય ૮, ચઉરિંદ્રિય યોગ્ય ૮ પંચેંદ્રિય તિર્યંચ યોગ્ય ૪૬૦૮, મનુષ્ય યોગ્ય ૪૬૦૮ અને દેવયોગ્ય ૮, એવં સર્વ મળી ઓગણત્રીશને બંધે બાણુંશે અને અડતાલીશ ભાંગા હોય. બેઇંદ્રિય યોગ્ય ૮, તેઇંદ્રિય યોગ્ય ૮, ચઉરિંદ્રિય યોગ્ય ૮. પંચેંદ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૪૬૦૮. મનુષ્ય પ્રાયોગ્ય ૮, દેવ પ્રાયોગ્ય એક, એવં સર્વ મળી ત્રીશને બંધે છેંતાળીશશેં ને એકતાલીશ ભાંગા હોય. એકત્રીશને બંધસ્થાનકે દેવપ્રાયોગ્ય ૧ જ ભાંગો હોય. એક યશ:કીર્તિને બંધે પણ ૧ જ ભાંગો હોય. એ સર્વ મળીને આઠે બંધસ્થાનકે થઇને તેર હજાર નવશેં પીસ્તાળીશ ભાંગા નામકર્મના થાય. ॥ ૨૭ ॥

---

## નામકર્મનાં ઉદયસ્થાનક.

**वीसिगवीसा चउवी–सगा उ एगाहिआ य इगतीसा।**
**उदयट्ठाणाणि भवे, नव अट्ठ य हुंति नामस्स ॥२८॥**

| | |
|---|---|
| **वीसिगवीसा**=વીશ, એકવીશનું | **उदयट्ठाणाणि**=ઉદયસ્થાનો. |
| **चउवीसगा उ**=ચોવીશથી માંડીને. | **भवे**=હોય. |
| **एगाहिआ**=એક એક અધિક | **नव अट्ठ य**=નવ અને આઠ પ્રકૃતિનું. |
| **इगतीसा**=એકત્રીશ પર્યંત પ્રકૃતિનું. | **हुंति**=હોય છે. |
| | **नामस्स**=નામકર્મનાં. |

**અર્થ:**—વીશ, એકવીશ, ચોવીશથી માંડીને એક એક પ્રકૃતિએ અધિક એકત્રીશ પર્યંત (૨૪–૨૫–૨૬–૨૭–૨૮–૨૯–૩૦–૩૧),

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવ અને આઠ પ્રકૃતિનાં એમ નામકર્મનાં ઉદયસ્થાનો [ બાર ] હોય. ॥ ૨૮ ॥

**વિવેચનઃ**-વીશનું ઉદયસ્થાનક ૧, એકવીશ પ્રકૃતિનું ઉદયસ્થાનક ૨. ચોવીશ થકી માંડીને એકેકે અધિકાં નિરંતર એકત્રીશ લગે આઠ ઉદયસ્થાનક હોય, તે આ પ્રમાણે-ચોવીશનું ૩, પચીશનું ૪, છવીશનું ૫, સત્તાવીશનું ૬, અઠ્ઠાવીશનું ૭, ઓગણત્રીશનું ૮, ત્રીશનું ૯, એકત્રીશનું ૧૦, નવપ્રકૃતિનું ૧૧ અને આઠ પ્રકૃતિનું ૧૨, એ બાર નામકર્મનાં ઉદયસ્થાનક હોય.

નામકર્મનાં બાર ઉદયસ્થાન છે તે માંહે એકેંદ્રિયને ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, એ પાંચ ઉદયસ્થાનક હોય. ત્યાં તૈજસ ૧, કાર્મણ ૨, અગુરુલઘુ ૩, સ્થિર ૪, અસ્થિર ૫, શુભ ૬, અશુભ ૭, વર્ણચતુષ્ક ૧૧ અને નિર્માણ ૧૨ એ બાર પ્રકૃતિ તેરમા ગુણઠાણાલગે ઉદય આશ્રયીને સર્વને હોય તે માટે ધ્રુવોદયી છે. અને તિર્યંચદ્વિક ૧૪, સ્થાવર ૧૫, એકેંદ્રિયજાતિ ૧૬, બાદર સૂક્ષ્મ માંહેથી એક ૧૭, પર્યાપ્ત અપર્યાપ્તમાંથી એક ૧૮, દુર્ભગ ૧૯, અનાદેય ૨૦ અને યશ અયશ માંહેથી એક ૨૧, એ એકવીશનું ઉદયસ્થાનક ભવને અપાંતરાલે વર્ત્તતા એકેંદ્રિયને હોય. ઇહાં ભાંગા ૫ ઉપજે, તે આ પ્રમાણે-બાદર પર્યાપ્તા ૧, અપર્યાપ્તા ૨, સૂક્ષ્મ અપર્યાપ્તા ૩; પર્યાપ્તા ૪, એ ચારે અયશ સહિત કહેવા અને એ ચાર માંહેલો એક બાદર પર્યાપ્તો તે યશ સહિત પણ કહેવો ૫. એ પાંચ ભાંગા જાણવા. ઇહાં જે આગળ પોતાને યોગ્ય સર્વે પર્યાપ્તિ પૂરી કરશે તેને યોગ્ય પણે લબ્ધિ આશ્રયીને ભવાંતરાલે પણ પર્યાપ્તો કહીએ, ઇહાં લબ્ધિપર્યાપ્તાનીજ વિવક્ષા જાણવી. ત્યાર પછી તે શરીરસ્થને ૨૧ માંહે ઔદારિક ૧, હુંડક ૨, ઉપઘાત ૩; પ્રત્યેક સાધારણ માંહેલી એક ૪. એ ચાર ભેળવીએ અને તિર્યંચની આનુપૂર્વી કાઢીએ ત્યારે ૨૪ નો ઉદય હોય. ઇહાં પૂર્વોક્ત ૫ ભાંગાને પ્રત્યેક સાધારણ સાથે બે ગુણા કર્યે ૧૦ થાય. અને વાઉકાયને વૈક્રિય કરતાં ઔદારિકને ઠામે વૈક્રિય કહીએ, ત્યારે તેને ૨૪ નો ઉદય હોય ઇહાં કેવળ બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, અયશ એજ પ્રકૃતિ કહેવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે ભાંગો ૧ ઉપજે, તેઉ વાયુમાંહે સાધારણ અને યશનો ઉદય ન હોય તે માટે. તથા બાદર વાયુકાય પર્યાપ્તો જે વૈક્રિય શરીર કરે તે શરીરસ્થ વૈક્રિય આશ્રયી જાણવો, તેનીજ મુખ્યતા છે, તે વેળાએ ઔદારિકની મુખ્યતા નથી. એ સર્વ સંખ્યાએ ચોવીશને ઉદયે ૧૧ ભાંગા હોય. ત્યાર પછી શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને ૨૪ માંહે પરાઘાત ભેળવ્યે ૨૫ નો ઉદય હોય. ઈહાં બાદરને પ્રત્યેક સાધારણ અને યશ અયશ સાથે ચાર ભાંગા થાય, અને સૂક્ષ્મને પ્રત્યેક સાધારણે કરીને અયશ સાથે બે ભાંગા થાય એવં ૬ અને બાદર વાયુકાયને વૈક્રિય કરતા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાત ભેળવ્યે ૨૫ નો ઉદય હોય, ત્યાં ૧ ભાંગો એમ સર્વ મળીને ૨૫ ને ઉદયે ૭ ભાંગા હોય, તે પછી શ્વાસો-શ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને ૨૫ માંહે ઉચ્છ્વાસ ભેળવ્યે ૨૬ નો ઉદય હોય, ઈહાં પૂર્વલીપેરે ૬ ભાંગા હોય, અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસને અનુદયે ૨૫ માંહે આતપ તથા ઉદ્યોત એ માંહેલી ૧ ભેળવીએ ત્યારે ૨૬ નો ઉદય હોય. આતપ ઉદ્યોતનો ઉદય તે બાદરનેજ હોય, સૂક્ષ્મને ન હોય, તે માટે ત્યાં ઉદ્યોત સહિત બાદરનેજ પ્રત્યેક સાધારણ અને યશ અયશે કરીને ચાર ભાંગા અને આતપ સહિત પ્રત્યેકને યશ અયશે બે ભાંગા, એવં ૬. આતપ તે પૃથ્વીકાય માંહેજ હોય અને ઉદ્યોત તો વનસ્પતિ માંહે પણ હોય. તથા બાદર વાયુકાયને વૈક્રિય કરતાં ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તને ૨૫ માંહે ઉચ્છ્વાસ ભેળવ્યે ૨૬નો ઉદય થાય, ત્યાં ૧ ભાંગો હોય. તેઉ વાયુને આતપ, ઉદ્યોત અને યશનો ઉદય ન હોય, એટલે સર્વ સંખ્યાએ ૨૬ ને ઉદયે ૧૩ ભાંગા ઉપજે. તથા શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસ સહિત ૨૬ માંહે આતપ અથવા ઉદ્યોત એક ભેળવ્યે ૨૭ નો ઉદય હોય. ઇહાં છ ભાંગા આતપ ઉદ્યોત સહિત ૨૬ ના ઉદયની પેરે જાણવા. એમ એકેંદ્રિયને વિષે પાંચે ઉદયસ્થાનકે થઇને સર્વ સંખ્યાએ ૪૨ ભાંગા હોય. **બેઇંદ્રિયને** ઉદય સ્થાનક ૬ હોય, તે આ પ્રમાણે-૨૧, ૨૬, ૨૮ ૨૯, ૩૦, ૩૧. ત્યાં બાર ધ્રુવોદયી ૧૨, તિર્યંચદ્વિક ૧૪, બેઇંદ્રિય જાતિ ૧૫, ત્રસ ૧૬, બાદર ૧૭, પર્યાપ્ત અપર્યાપ્ત માંહેથી એક ૧૮, દુર્ભગ ૧૯, અનાદેય ૨૦, યશ અયશ માંહેલી એક ૨૧.

૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ૨૧નું ઉદયસ્થાનક ભવની અપાંતરાલ ગતિએ વર્તતા બેઇંદ્રિયને પામીએ, ઇહાં ભાંગા ૩ હોય. અપર્યાપ્તાને ઉદયે વર્ત્તતાને અયશ સાથે ૧ ભાંગો, પર્યાપ્તાને ઉદયે વર્ત્તતાને યશ અયશ સાથે બે ભાંગા એમ ૩ ભાંગા હોય તે પછી તેજ શરીરસ્થને ઔદારિકદ્વિક ૨, હુંડક સંસ્થાન ૩, છેવઠું સંઘયણ ૪, ઉપઘાત ૫, પ્રત્યેક ૬, એ છ ૨૧ માંહે ભેળવીએ અને તિર્યંચાનુપૂર્વી કાઢીએ ત્યારે ૨૬ નો ઉદય હોય. ત્યાં પણ ભાંગા ૩ પૂર્વલીપેરે હોય. તે પછી શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને અપ્રશસ્ત વિહાયોગતિ ૧, પરાઘાત ૨, એ બે ૨૬ માંહે ભેળવ્યે ૨૮ નો ઉદય હોય. ઇહાં યશ અયશે કરીને ૨ ભાંગા થાય. તે પછી શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને ૨૮ માંહે ઉચ્છ્વાસ ભેળવ્યે ૨૯ નો ઉદય હોય ઇહાં પણ તેજ બે ભાંગા થાય અથવા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૨૯ નો ઉદય હોય, ઇહાં પણ તેજ બે ભાંગા થાય. એમ ૨૯ ને ઉદયે ૪ ભાંગા થાય. તે પછી ઉચ્છ્વાસ સહિત ૨૯ માંહે સુસ્વર દુઃસ્વર માંહેલી એક ભેળવ્યે ૩૦ નો ઉદય થાય. ઇહાં સુસ્વર દુઃસ્વરે અને યશ અયશે ભાંગા ૪, અથવા પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વરને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૩૦ નો ઉદય હોય; ઇહાં યશ અયશે ભાંગા ૨, એમ સર્વ મળી ૩૦ ને ઉદયે ભાંગા ૬ થાય તે પછી ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને ૩૦ માંહે ઉદ્યોત ભેળવ્યે ૩૧ નો ઉદય હોય. ત્યાં યશ અયશે અને સુસ્વર દુઃસ્વરે ભાંગા ૪ થાય, એમ સર્વ મળીને છએ ઉદયસ્થાનકે થઇને બેઇંદ્રિયને વિષે ૨૨ ભાંગા થાય. એમ તેઇંદ્રિય અને ચઉરિંદ્રિયને પણ પ્રત્યેકે છ છ ઉદયસ્થાનકે ૨૨ ભાંગા હોય. એમ સર્વ મળીને વિકલેંદ્રિય માંહે ૬૬ ભાંગા હોય.

હવે સામાન્ય પંચેંદ્રિયતિર્યંચને ૬ ઉદયસ્થાનક હોય, તે આ પ્રમાણે-૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧. ત્યાં બાર ધ્રુવોદયી ૧૨, તિર્યંચદ્વિક ૧૪, પંચેંદ્રિય જાતિ ૧૫, ત્રસ ૧૬, બાદર ૧૭, પર્યાપ્ત અપર્યાપ્ત માંહેલી એક ૧૮, સુભગ દુર્ભગ માંહેલી એક ૧૯, આદેય-અનાદેય માંહેલી એક ૨૦. યશ અયશ માંહેલી એક ૨૧, એ ૨૧નું ઉદયસ્થાનક ભવને અપાંતરાલે વર્તતા પંચેંદ્રિય તિર્યંચને જાણવું. ઇહાં પર્યાપ્તનામને ઉદયે વર્ત્તતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુભગ દુર્ભગે, આદેય અનાદેયે અને યશ અયશે કરીને ૮ ભાંગા થાય, અને અપર્યાપ્તનામને ઉદયે વર્ત્તતાને દુર્ભગ, અનાદેય અને અયશ સાથે એકજ ભાંગો હોય. એવં ભાંગા ૯. ઇહાં કોઇક કહે છે કે–સુભગ અને આદેય સમકાળે ઉદયે આવે અને દુર્ભગ અનાદેય સમકાળે ઉદયે આવે, તે માટે પર્યાપ્તાને સુભગાદેય અને દુર્ભગાનાદેયના યશ અયશે કરીને ૪ જ ભાંગા, અને ૧ અપર્યાપ્તાને એવં ૫ જ ભાંગા હોય, એ મતાંતર છે, આગળ પણ સઘળે એમજ જાણવું. તે પછી શરીરસ્થને ૨૧ માંહેથી તિર્યંચાનુપૂર્વી કાઢીએ અને ઔદારિકદ્વિક ૨, છ માંહેલું એક સંસ્થાન ૩, છ માંહેલું એક સંઘયણ ૪, પ્રત્યેક ૫, ઉપઘાત ૬, એ છ ભેળવીએ ત્યારે ૨૬ નું ઉદયસ્થાનક હોય. ઇહાં પર્યાપ્તાને છ સંસ્થાને, છ સંઘયણે, સુભગ દુર્ભગે, આદેય અનાદેયે અને યશ અયશે ગણતાં ૨૮૮ ભાંગા થાય. અપર્યાપ્તાને હુંડ, છેવટું, દુર્ભગ, અનાદેય અને અયશે કરીને એકજ ભાંગો હોય, એમ ૨૮૯ ભાંગા હોય. તે શરીરપર્યાપ્તાને ૨૬ માંહે પરાઘાત ૧ અને શુભ અશુભ માંહેલી ૧ વિહાયોગતિ એ બે ભેળવ્યે ૨૮નું ઉદયસ્થાનક હોય ત્યાં પર્યાપ્તાના પૂર્વોક્ત ૨૮૮ ભાંગાને બે વિહાયોગતિએ ગુણતાં ૫૭૬ થાય. ઇહાં અપર્યાપ્તો હોય નહીં. તે પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસ ભેળવ્યે ૨૯ નું ઉદયસ્થાનક હોય, ઇહાં પણ ભાંગા ૫૭૬ પૂર્વલીપરે જાણવા. અથવા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૨૯ નો ઉદય હોય. ઇહાં પણ ભાંગા ૫૭૬ પૂર્વવત્ થાય, બંને મળીને ૨૯ ને ઉદયે ૧૧૫૨ ભાંગા થાય. તે ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને ૨૯ માંહે સુસ્વર દુસ્વર માંહેલી એક ભેળવ્યે ૩૦ નો ઉદય હોય, ઇહાં જે પૂર્વે ઉચ્છ્વાસને ઉદયે ૫૭૬ ભાંગા કહ્યા તે ઇહાં સુસ્વર દુસ્વરે બમણા કર્યે ૧૧૫૨ થાય. અથવા પ્રાણાપાનપર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વરને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૩૦નો ઉદય હોય, ત્યાં ભાંગા ૫૭૬ પૂર્વવત્ હોય, બંને મળીને ત્રીશને ઉદયે ૧૭૨૮ ભાંગા થાય, તે સ્વર સહિત ૩૦ માંહે ઉદ્યોત ભેળવ્યે ૩૧ નો ઉદય થાય. ઇહાં ભાંગા ૧૧૫૨ સ્વર સહિતના પૂર્વે કહ્યા તેમ જાણવા. એ છ ઉદયસ્થાનકે થઇને પંચેંદ્રિય તિર્યંચને ૪૯૦૬ ભાંગા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય તથા તેજ પંચેંદ્રિય તિર્યંચને વૈક્રિય કરતાં પાંચ ઉદયસ્થાનક હોય. તે આ પ્રમાણે–૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦. ત્યાં પૂર્વોક્ત પંચેંદ્રિય તિર્યંચ યોગ્ય ૨૧ માંહે વૈક્રિયદ્વિક ૨, સમચતુરસ્ત્ર સંસ્થાન ૩, ઉપઘાત ૪, પ્રત્યેક ૫, એ પાંચ પ્રકૃતિઓ ભેળવીએ અને તિર્યગાનુપૂર્વી કાઢીએ ત્યારે ૨૫ નો ઉદય થાય. ઇહાં સુભગ દુર્ભગ, આદેય અનાદેય અને યશ અયશે ગુણતાં ૮ ભાંગા થાય તે પછી શરીરપર્યાપ્તાને પરાઘાત અને પ્રશસ્ત વિહાયોગતિ એ બે ભેળવ્યે ૨૭ નું ઉદયસ્થાનક થાય ત્યાં પણ ભાંગા ૮ પૂર્વવત્ હોય. તે પછી પ્રાણાપાને પર્યાપ્તાને ઉચ્છ્વાસ ભેળવ્યે ૨૮ નું ઉદયસ્થાનક થાય, ઈહાં પણ ૮ ભાંગા પૂર્વવત્ હોય. અથવા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૨૮ નો ઉદય હોય, ત્યાં પણ ૮ ભાંગા પૂર્વવત્ હોય, સર્વ મળીને ૨૮ ને ઉદયે ૧૬ ભાંગા થાય. તે ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસ સહિત ૨૮ માંહે સુસ્વર ભેળવ્યે ૨૯ નો ઉદય હોય, ત્યાં પણ ૮ ભાંગા, અથવા પ્રાણાપાને પર્યાપ્તાને સ્વરને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૨૯ નો ઉદય હોય, ત્યાં પણ ૮ ભાંગા, બંને મળીને ૨૯ ને ઉદયે ૧૬ ભાંગા હોય. તે સ્વર સહિત ૨૯ માંહે ઉદ્યોત ભેળવ્યે ૩૦ નો ઉદય થાય ત્યાં પણ ભાંગા–૮ હોય સર્વ સંખ્યાએ વૈક્રિય કરતાં તિર્યંચને ૫૬ ભાંગા થાય એટલે સર્વ પંચેંદ્રિય તિર્યંચને ૪૯૬૨ ભાંગા થાય. એકેંદ્રિયાદિ સર્વ તિર્યંચગતિ માંહે ૫૦૭૦ ભાંગા ઉપજે.

હવે **સામાન્ય મનુષ્યને** પાંચ ઉદસ્થાનક હોય, તે આ પ્રમાણે–૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦. એ સર્વ જેમ પૂર્વે પંચેંદ્રિય તિર્યંચને કહ્યાં તેમ કહેવાં. ૨૯ અને ૩૦ ઉદ્યોત રહિત કહેવા. ત્યાં ૨૯ ના ભાંગા ૫૭૬ અને ૩૦ ના ભાંગા ૧૧૫૨; વૈક્રિયાહારક સંયત ટાળીને શેષ મનુષ્યને ઉદ્યોતનો ઉદય ન હોય. સર્વ સંખ્યાએ પ્રાકૃત [ સામાન્ય ] મનુષ્યને ૫ ઉદયસ્થાનકે થઇને ૨૬૦૨ ભાંગા હોય. **વૈક્રિય** કરતાં **મનુષ્યને** ૫ ઉદયસ્થાનક હોય –૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦. ત્યાં મનુષ્યગતિ ૧, પંચેંદ્રિય જાતિ ૨, વૈક્રિયદ્વિક ૪, સમચતુરસ્ત્ર સંસ્થાન ૫, ઉપઘાત ૬, ત્રસ ૭, બાદર ૮, પર્યાપ્ત ૯, પ્રત્યેક ૧૦, સુભગ દુર્ભગ માંહેલી એક ૧૧, આદેય અનાદેય માંહેલી એક ૧૨, યશ અયશ માંહેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક ૧૩, અને બાર ધ્રુવોદયી ૨૫, એ ૨૫નું ઉદયસ્થાનક વૈક્રિયના પ્રારંભકાળે હોય. ઈહાં સુભગ દુર્ભગ, આદેય અનાદેય અને યશ અયશે ગણતાં ભાંગા ૮ હોય. દેશવિરતિ અને પ્રમત્તસંયત વૈક્રિય કરનારને સર્વ પ્રશસ્ત પ્રકૃતિનો જ ઉદય હોય, તે માટે ભાંગો ૧ અંતર્ગત જાણવો. તે પછી શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાત અને પ્રશસ્ત વિહાયોગતિ ભેળવ્યે ૨૭ નો ઉદય હોય, ત્યાં પણ તેમજ ભાંગા ૮ હોય, તે પછી પ્રાણાપાને પર્યાપ્તાને ઉચ્છ્વાસ ભેળવ્યે ૨૮ નો ઉદય હોય, ત્યાં પણ તેમજ ૮ ભાંગા થાય, અથવા સંયત ઉત્તરવૈક્રિય કરતાને શરીર પર્યાપ્તિએ પર્યાપ્તને ઉચ્છ્વાસને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૨૮ નો ઉદય થાય, ત્યાં એકજ ભાંગો હોય. સંયતને દુર્ભગ અનાદેય અને અયશનો ઉદય ન હોય. બન્ને મળીને ૨૮ ને ઉદયે ૯ ભાંગા હોય. ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તને ઉચ્છ્વાસ સહિત ૨૮ માંહે સુસ્વર ભેળવ્યે ૨૯નો ઉદય થાય, ત્યાં પણ ભાંગા ૮ થાય, અથવા સંયતને સ્વરને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૨૯નો ઉદય હોય. ત્યાં ભાંગો ૧ હોય, બે મળીને ૨૯ ને ઉદયે ૯ ભાંગા હોય. પર્યાપ્તાને સુસ્વર સહિત ૨૯ માંહે ઉદ્યોત ભેળવ્યે ૩૦નો ઉદય હોય, ત્યાં એક ભાંગો પૂર્વવત્ હોય. સર્વ સંખ્યાએ વૈક્રિય મનુષ્યને ૫ ઉદયસ્થાનકે થઇને ૩૫ ભાંગા હોય આહારકશરીર કરતાં સંયતને ૫ ઉદયસ્થાનક હોય. ૨૫. ૨૭, ૨૮, ૨૯, ૩૦. ત્યાં ૨૫ તો વૈક્રિય કરતા મનુષ્યને કહી તેજ જાણવી. વૈક્રિયદ્વિકને ઠામે આહારકદ્વિક કહેવું. ઇહાં કેવળ પ્રશસ્ત પ્રકૃતિ હોય. સંયતને દુર્ભગ અનાદેય અને અયશનો ઉદય ન હોય તે માટે ભાંગો ૧, તે પછી શરીરપર્યાપ્તને પરાઘાત અને પ્રશસ્ત વિહાયોગતિ ભેળવ્યે ૨૭ નો ઉદય હોય, ઈહાં પણ પૂર્વલીપેરે ૧ ભાંગો. તે પછી પ્રાણાપાને પર્યાપ્તને ઉચ્છ્વાસ ભેળવ્યે ૨૮ નો ઉદય, ત્યાં પણ ૧ ભાંગો. અથવા શરીરપર્યાપ્તને ઉચ્છ્વાસને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૨૮ નો ઉદય હોય, ઇહાં પણ ૧ ભાંગો. એમ ૨૮ ને ઉદયે ૨ ભાંગા, તે પછી ભાષાપર્યાપ્તાને ઉચ્છ્વાસ સહિત ૨૮ માંહે સુસ્વર ભેળવ્યે ૨૯ નો ઉદય હોય, ઇહાં પણ ૧ ભાંગો. અથવા પ્રાણાપાને પર્યાપ્તને સુસ્વરને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૨૯નો ઉદય હોય ઈહાં પણ ૧ ભાંગો. એમ ૨૯ ને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદયે ૨ ભાંગા. તે પછી ભાષા પર્યાપ્તને સુસ્વર સહિત ૨૯ માંહે ઉદ્યોત ભેળવ્યે ૩૦ નો ઉદય; ઇહાં પણ ૧ ભાંગો સર્વ મળીને આહારકશરીરી મનુષ્યને ૫ ઉદયસ્થાનકે થઇને ૭ ભાંગા ઉપજે. કેવળી મનુષ્યને ૧૦ ઉદય સ્થાનક હોય. તે આ પ્રમાણે ૨૦, ૨૧, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૯, ૮. ત્યાં મનુષ્યગતિ ૧, પંચેંદ્રિયજાતિ ૨, ત્રસ ૩, બાદર ૪, પર્યાપ્ત ૫, સુભગ ૬, આદેય ૭, યશ:કીર્તિ ૮. બાર ધ્રુવોદયી ૨૦, એ વીશ પ્રકૃતિનો ઉદય અતીર્થંકર કેવલીને કેવલીસમુદ્ઘાતે કાર્મણ કાયયોગે વર્ત્તતાં જાણવો ત્યાં ભાંગો ૧. તીર્થંકરને જિનનામ ભેળવ્યે ૨૧ નો ઉદય, ઇહાં પણ ભાંગો ૧. એ તીર્થંકરને કેવળીસમુદ્ઘાતે કાર્મણ કાયયોગે વર્ત્તતાં હોય. તે વીશ માંહે ઔદારિકદ્વિક ૨, ૭ માંહેલું એક સંસ્થાન ૩, વજ્રઋષભનારાચ સંઘયણ ૪, ઉપઘાત ૫, પ્રત્યેક ૬, એ ૭ ભેળવ્યે ૨૬ નો ઉદય, એ અતીર્થંકર કેવળીને કેવળીસમુદ્ઘાતે ઔદારિકમિશ્ર કાયયોગે વર્ત્તતાં હોય. ઇહાં ૭ સંસ્થાને ૭ ભાંગા હોય પણ તે સામાન્ય મનુષ્યને પણ હોય છે, તે માટે પૃથક્ ન ગણીએ. એજ ૨૬ ને તીર્થંકરનામ સહિત કરતાં ૨૭ નો ઉદય તીર્થંકર કેવલીને કેવળી સમુદ્ઘાતે ઔદારિકમિશ્ર કાયયોગે વર્તતા હોય, ત્યાં સંસ્થાન સમચતુરસ્રજ હોય, તે માટે ભાંગો ૧ જ હોય. તથા તે ૨૬ માંહે પરાઘાત ૧, ઉચ્છ્વાસ ૨, બે વિહાયોગતિ માંહેથી એક ૩, બે સ્વર માંહેલો એક ૪, એ ચાર ભેળવ્યે ૩૦ નો ઉદય અતીર્થંકર સયોગિકેવલીને ઔદારિકકાયયોગે વર્ત્તતાને હોય, ઇહાં ૭ સંસ્થાનને બે વિહાયોગતિએ અને સુસ્વર દુસ્વરે ગુણતાં ૨૪ ભાંગા થાય, તે સામાન્ય મનુષ્યને ઉદયસ્થાનકે પણ પામીએ તે માટે પૃથક્ ન ગણીએ. એ ૩૦ ને જિનનામ સહિત કરતાં ૩૧ નો ઉદય તીર્થંકર સયોગી કેવળીને ઔદારિકકાયયોગે વર્ત્તતાને જાણવો. ઇહાં સમચતુરસ્ર સંસ્થાન, પ્રશસ્ત વિહાયોગતિ અને સુસ્વરનોજ ઉદય હોય, તે માટે ભાંગો ૧ જ હોય. એ ૩૧ માંહેથી વચનયોગ રૂંધ્યે ૩૦ નો ઉદય તીર્થંકરને હોય, ભાંગો ૧. તેમાંથી ઉચ્છ્વાસ રૂંધ્યે ૨૯ નો ઉદય તીર્થંકરને હોય તેનો ભાંગો ૧. અતીર્થંકર કેવલીને પૂર્વોક્ત ૩૦ માંહેથી વચનયોગ રૂંધ્યે ૨૯ નો ઉદય, ઇહાં પણ ૭ સંસ્થાન અને બે વિહાયોગતિએ ૧૨ ભાંગા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય, પણ એ પૃથક્ ગણવાં નહીં. તથા તે ૨૯ માંહેથી ઉચ્છ્વાસનો રોધ કર્યે ૨૮ નું ઉદયસ્થાનક અતીર્થંકર કેવલી આશ્રયી જાણવું. ત્યાં ભાંગા ૧૨ થાય. તથા મનુષ્યગતિ ૧, પંચેંદ્રિયજાતિ ૨, ત્રસ ૩, બાદર ૪, પર્યાપ્ત ૫, સુભગ ૬, આદેય ૭, યશઃકીર્ત્તિ ૮, અને તીર્થંકર નામ ૯, એ નવનો ઉદય તીર્થંકર અયોગી કેવળીને ચરમ સમયે વર્ત્તતાં હોય, ભાંગો ૧૦ તેજ ૯ માંથી અતીર્થંકરને તીર્થંકરનામ વિના ૮ નો ઉદય હોય, ભાંગો ૧. ઇહાં કેવળીનાં ૧૦ ઉદયસ્થાનક માંહે ભાંગા ૬૨ થાય. પણ ૨૦, ૨૧, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૯, ૮ એ આઠ સ્થાનકનો પ્રત્યેકે એકેક ભાંગો લેવો. ત્યાં ૨૦ ને ૮ ના અતીર્થંકરના ભાંગા અને શેષ ૬ ઉદયસ્થાનકના તીર્થંકરના એકેકા ભાંગા લેવા; એમ ૮ ભાંગા લેવા. શેષ ૫૪ ભાંગા તો સામાન્ય મનુષ્યના ભાંગા માંહે અંતર્ભૂત છે, તે માટે પૃથક્ ન ગ્રહણ કરવા. સર્વ સંખ્યાએ સર્વ મનુષ્યના ઉદયભાંગા ૨૬૫૨ થાય.

**દેવતાને** ઉદયસ્થાનક ૬ હોય, તે આ પ્રમાણે—૨૧, ૨૫, ૨૭ ૨૮, ૨૯, ૩૦. ત્યાં દેવદ્વિક ૨, પંચેંદ્રિય જાતિ ૩, ત્રસ ૪, બાદર ૫, પર્યાપ્ત ૬, સુભગ દુર્ભગ માંહેલી એક ૭, આદેય અનાદેય માંહેલી એક ૮, યશ અયશ માંહેલી એક ૯ અને બાર ધ્રુવોદયી ૨૧; એ એકવીશનું ઉદયસ્થાનક ભવને અપાંતરાલ ગતિએ વર્ત્તતાને હોય, ત્યાં સુભગ, દુર્ભગ આદેય અનાદેય અને યશ અયશ સાથે ભાંગા ૮ થાય. ઇહાં દુર્ભગ, અનાદેય અને અયશનો ઉદય તે પિશાચાદિકને જાણવો. તે પછી શરીરસ્થને ૨૧ માંહે વૈક્રિયદ્વિક ૨, ઉપઘાત ૩, પ્રત્યેક ૪, સમચતુરસ્ર ૫, એ પાંચ ભેળવ્યે અને દેવાનુપૂર્વી કાઢયે ૨૫ નો ઉદય હોય; ત્યાં પણ તેમજ ૮ ભાંગા જાણવા. તે પછી શરીરપર્યાપ્તને પરાઘાત પ્રશસ્ત વિહાયોગતિ, એ બે ભેળવ્યે ૨૭ નો ઉદય હોય, ત્યાં પણ ભાંગા ૮ હોય. દેવતાને અપ્રશસ્ત વિહાયોગતિનો ઉદય ન હોય. તે પછી પ્રાણાપાનપર્યાપ્તને ઉચ્છ્વાસ ભેળવ્યે ૨૮ નો ઉદય હોય, ત્યાં પણ ૮ ભાંગા. અથવા શરીરપર્યાપ્તને ઉચ્છ્વાસને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૨૮ નો ઉદય, ત્યાં પણ ૮ ભાંગા. બે મળીને ૨૮ ને ઉદયે ૧૬ ભાંગા હોય. તે પછી ભાષાપર્યાપ્તને સુસ્વર ભેળવ્યે ૨૯ નો ઉદય, ઇહાં પણ ૮ ભાંગા. દેવતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃસ્વરનો ઉદય ન હોય, અથવા પ્રાણાપાનપર્યાપ્તને સુસ્વરને અનુદયે અને ઉદ્યોતને ઉદયે ૨૯ નો ઉદય, ઇહાં પણ ભાંગા ૮ ઉત્તર વૈક્રિય કરતાં દેવતાને ઉદ્યોતનો ઉદય પામીએ. બે મળીને ૨૯ ને ઉદયે ૧૬ ભાંગા થાય. તે પછી ભાષાપર્યાપ્તને સુસ્વર સહિત ૨૯ માંહે ઉદ્યોત ભેળવ્યે ૩૦ નો ઉદય, ઇહાં પણ ભાંગા ૮ પૂર્વવત્ હોય, એ છએ ઉદયસ્થાનકે થઇને સર્વ મળી દેવતાને ભાંગા ૬૪ ઉપજે.

હવે **નારકીને** ઉદયસ્થાનક ૫ હોય તે આ પ્રમાણે–૨૧, ૨૫, ૨૭, ૨૮, ૨૯. ત્યાં નરકદ્વિક ૨, પંચેંદ્રિય જાતિ ૩, ત્રસ ૪, બાદર ૫, પર્યાપ્ત ૬, દુર્ભગ ૭, અનાદેય ૮, અયશકીર્તિ ૯, ધ્રુવોદયી બાર ૨૧. એ ૨૧ નો ઉદય ભવાપાંતરાલ ગતિએ વર્ત્તતાને હોય, ત્યાં ભાંગો ૧. નારકીને પરાવર્ત્તમાન પ્રકૃતિ માંહેલી સર્વ અશુભ પ્રકૃતિજ ઉદયે હોય તે માટે. તે પછી શરીરસ્થને વૈક્રિયદ્વિક ૨, હુંડસંસ્થાન ૩, ઉપઘાત ૪, પ્રત્યેક ૫, એ પાંચ ભેળવીએ અને નરકાનુપૂર્વી કાઢીએ ત્યારે ૨૫ નો ઉદય હોય ત્યાં ભાંગો ૧. તે પછી શરીરપર્યાપ્તને પરાઘાત ૧, અપ્રશસ્ત વિહાયોગતિ ૨, ભેળવ્યે ૨૭ નો ઉદય હોય. ત્યાં ભાંગો ૧ તે પછી પ્રાણાપાનપર્યાપ્તને ઉચ્છ્વાસ ભેળવ્યે ૨૮ નો ઉદય હોય, ત્યાં ભાંગો ૧. તે પછી ભાષાપર્યાપ્તને દુઃસ્વરને ઉદયે ૨૯ નું ઉદયસ્થાનક થાય, ત્યાં ભાંગો ૧. એ પાંચે ઉદયસ્થાનકે થઇને નારકીને ભાંગા ૫ ઉપજે. ચારે ગતિના સર્વ થઇને ૭૭૯૧ ઉદય ભાંગા થાય. ॥ ૨૮. ॥

---

ઉદયસ્થાને ભાંગા.

२०   २१   २४   २५   २६   २७

**इक्क बिआलिक्कारस, तित्तीसा छस्सयाणि तित्तीसा।**

२८

**बारससत्तरससयाण–हिगाणिबिपंचसोईहिं ॥ २९ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३० ३१
अउणत्तीसिक्कारस, सयाणिहिअ सत्तरपंचसट्ठीहिं।
९ ८ १२ ७७९१
इक्किक्कं च वीसा,-दट्ठुदयंतेसु उदयविही ॥३०॥

इक्क=એક.
त्रियालिक्कारस=બહેંતાળીશ, અગ્યાર.
तित्तीसा=તેત્રીશ.
छस्सयाणि=છશેં.
बारससत्तरससयाणहिगाणि=બારશેં અને સત્તરશેં અધિક.
चिपंचसीईहिं=બે અને પંચાશીએ [૧૨૦૨-૧૭૮૫].

अउणत्तीसिक्कारससयाणिहिअ=ઓગણત્રીશશેં અને અગ્યારશેં અધિક.
सत्तर पंचसट्ठीहिं=સત્તર અને પાંસઠે [૧૯૧૭-૧૧૬૫]
इक्किकं=એક, એક.
वीसादट्ठुदयंतेसु=વીશ પ્રકૃતિના ઉદયસ્થાનથી આઠ પ્રકૃતિના ઉદયસ્થાન સુધી.
उदयविही=ઉદયના ભાંગા.

अर्थः-વીશ પ્રકૃતિના ઉદયસ્થાનથી માંડીને આઠ પ્રકૃતિના ઉદયસ્થાન સુધી અનુક્રમે ૧, ૪૨, ૧૧, ૩૩, ૬૦૦, ૩૩, ૧૨૦૨, ૧૭૮૫, ૨૯૧૭, ૧૧૬૫, ૧ અને ૧ ઉદયના ભાંગા થાય છે. ॥ ૨૯-૩૦ ॥

विवेचनः-હવે કયા ઉદયસ્થાનકે કેટલા ભાંગા પામીયે? તે કહે છે.

વીશને ઉદયસ્થાનકે એક ભાંગા કેવળીનો હોય. ૨૧ ને ઉદયે બેંતાળીશ ભાંગા હોય, ત્યાં એકેંદ્રિયના ૫, વિકલેંદ્રિયના ૯, પંચેંદ્રિય તિર્યંચના ૯, મનુષ્યના ૯, તીર્થંકરનો ૧, દેવતાના ૮, નારકીનો ૧, એવં ૪૨. ચોવીશને ઉદયે અગ્યાર ભાંગા એકેંદ્રિયના હોય. ૨૫ને ઉદયે ૩૩ ભાંગા તે એકેંદ્રિયના ૭, વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, આહારકશરીરીનો ૧, દેવતાના ૮, નારકીનો ૧, એવં ૩૩ હોય. ૨૬ ને ઉદયે ૬૦૦ ભાંગા-એકેંદ્રિયના ૧૩, વિકલેંદ્રિયના ૯, પંચેંદ્રિય તિર્યંચના ૨૮૯, મનુષ્યના ૨૮૯, એવં ૬૦૦ હોય. ૨૭ ને ઉદયે ૩૩ ભાંગા-એકેંદ્રિયના ૬, વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, આહા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રકનો ૧, તીર્થંકરનો ૧, દેવતાના ૮, નારકીનો ૧. એવં ૩૩. ૨૮ ને ઉદયે ૧૨૦૨ ભાંગા-વિકલેંદ્રિયના ૬, તિર્યંચ પંચેંદ્રિયના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, મનુષ્યના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨, દેવતાના ૧૬, નારકીનો ૧, એવં ૧૨૦૨ ભાંગા. ૨૯ ને ઉદયસ્થાનકે ૧૭૮૫ ભાંગા-વિકલેંદ્રિયના ૧૨, પંચેંદ્રિય તિર્યંચના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૧૬, મનુષ્યના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨, તીર્થંકરનો ૧, દેવતાના ૧૬, નારકીનો ૧, એવં ૧૭૮૫ ભાંગા હોય. બારશેં અને સત્તરશેં એ બે અને પંચ્યાશીએ અધિક એટલે ૨૮ને ઉદયે બારશેં ને બે ભાંગા અને અને ૨૯ને ઉદયે સત્તરશેંને પંચ્યાશી ભાંગા હોય.

ત્રીશને ઉદયે ઓગણત્રીશશેં ને સત્તર ભાંગા-વિકલેંદ્રિયના ૧૮, પંચેંદ્રિય તિર્યંચના ૧૭૨૮, વૈક્રિય તિર્યંચના ૮, મનુષ્યના ૧૧૫૨, વૈક્રિય મનુષ્યનો ૧, આહારકનો ૧, તીર્થંકરનો ૧, દેવતાના ૮, એવં ૨૯૧૭ થાય. એકત્રીશને ઉદયે અગ્યારશેં પાંસઠ ભાંગા-વિકલેંદ્રિયના ૧૨, પંચેંદ્રિય તિર્યંચના ૧૧૫૨, તીર્થંકરનો ૧, એવં ૧૧૬૫ ભાંગા થાય. નવને ઉદયે એક ભાંગો તીર્થંકરનો અને આઠને ઉદયે એક ભાંગો સામાન્ય કેવલીનો હોય. વીશના ઉદયસ્થાનક થકી માંડીને આઠના ઉદયસ્થાનક લગે બારે ઉદયસ્થાનકે થઇને સત્તોતેરશેં અને એકાણું નામકર્મના ઉદયના ભાંગા થાય. એ ઉદયસ્થાન ભાંગા અને તેના સ્વામીનું કોષ્ટક આ સાથે આપ્યું છે. ॥ ૨૯-૩૦ ॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| उदय स्थान | तद्भंगाः ७७९१ | तद्भंगस्वामिनः |
|---|---|---|
| २० | १ | सामान्यकेवलिनः |
| २१ | ४२ | एकें०५, विक०९, तिर्य०९, मनु०९, तीर्थं०१, देव०८, नारकी १. |
| २४ | ११ | एकेंद्रिय ११ |
| २५ | ३३ | एकें०७, वैक्रियति०८, वैं०म०८, आहा०१, देव०८, ना०१. |
| २६ | ६०० | एकें०१३, विक०९, ति०२८९, म०२८९. |
| २७ | ३३ | एकें०६ वै०ति०८,वै०म०८, आहा०१, तीर्थं०१. देव०८, ना०१ |
| २८ | १२०२ | विक०६, ति०५७६,वै०ति१६,म०५७६,वैं०म०९, आ०२, दे०१६, ना०१. |
| २९ | १७८५ | वि०१२,ति११५२, वै०ति१६म०५७६, वै०म०९, आ०२, दे०१६, ना१, ती०१. |
| ३० | २९१७ | वि०१८,ति०१७२८,वै०ति०८,म०११५२,वै०म०१. आ०१, ती०१, दे०८, |
| ३१ | ११८५ | वि०१२, ति०११५२, तीर्थं० १ |
| ९ | १ | तीर्थंकर १ |
| ८ | १ | केवली १ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નામકર્મનાં સત્તાસ્થાન.

**तिदुनउई गुणनउई, अडसी छलसी असीइ गुणसीई।**
**अट्ठयछप्पन्नत्तरि, नव अट्ठ य नामसंताणि ॥ ३१ ॥**

तिदुनउई=ત્રાણું, બાણું.
गुणनउई=નેવાશી.
अडसी=અઠ્ઠાશી.
छलसी=છયાશી.
असीइ=એંશી.
गुणसीई=ઓગણ્યાએંશી.
अट्ठयछप्पन्नत्तरि=અઠ્ઠોતેર, છોંતેર, પંચોતેર
नव=નવ.
अट्ठ=આઠ.
य=અને.
नाम=નામકર્મનાં.
संताणि=સત્તાસ્થાનો.

**અર્થ:**-૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૮, ૭૬, ૭૫, ૯. અને ૮ પ્રકૃતિનાં [એ બાર] નામકર્મનાં સત્તાસ્થાનો જાણવાં. ॥ ૩૧ ॥

**વિવેચન**-હવે નામકર્મનાં સત્તાનાં સ્થાનક કહે છે. ત્રાણુંનું સત્તાસ્થાનક ૧; બાણુંનું સત્તાસ્થાનક ૨, નેવ્યાશી પ્રકૃતિનું ૩, અઠયાશીનું ૪, છયાસીનું ૫, એંશીનું ૬, ઓગણ્યાએંશીનું ૭, અઠ્ઠોતેરનું ૮, છોંતેરનું ૯ પંચોત્તરનું ૧૦, નવ પ્રકૃતિનું ૧૧ અને આઠ પ્રકૃતિનું સત્તાસ્થાનક ૧૨, એ બાર નામકર્મનાં સત્તાસ્થાનક હોય. નામકર્મની સર્વ પ્રકૃતિનો સમુદાય સત્તાએ હોય, ત્યારે ૯૩ નું સત્તાસ્થાનક ૧, તે માંહે જિનનામની સત્તા ન હોય ત્યારે ૯૨ નું સત્તાસ્થાનક ૨, તથા ૯૩ માંહેથી આહારકશરીર ૧, આહારકોપાંગ ૨, આહારક બંધન ૩, આહારક સંઘાતન ૪, એ ચારની સત્તા ન હોય ત્યારે ૮૯ નું સત્તાસ્થાનક ૩, તે માંહેથી જિનનામની સત્તા ન હોય ત્યારે ૮૮ નું સત્તાસ્થાનક ૪, તે માંહેથી દેવદ્વિક ઉવેલ્યે અથવા નરકદ્વિક ઉવેલ્યે ૮૬ નું સત્તાસ્થાનક, તથા તેઉ વાયુ માંહે વૈક્રિયાષ્ટક ઉવેલીને ૮૦ ની સત્તાવંત થકો પંચેંદ્રિયપણું પામીને દેવગતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્ય બાંધતો દેવદ્વિક અને વૈક્રિયચતુષ્કને બાંધે ત્યારે ૮૬ નું સત્તા સ્થાનક. તથા તેજ નરકગતિ પ્રાયોગ્ય બાંધતો નરકદ્વિક અને વૈક્રિય ચતુષ્કને બાંધે ત્યારે પણ ૮૬ની સત્તા ૫; તે પછી નરકદ્વિક અને વૈક્રિયચતુષ્ક ઉવેલ્યે ૮૦ની સત્તા અથવા દેવદ્વિક અને વૈક્રિયચતુષ્ક ઉવેલ્યે ૮૦ની સત્તા ૬, તે પછી મનુષ્યદ્વિક ઉવેલ્યે ૭૮ નું સત્તાસ્થાનક ૭; એ સાત સત્તાસ્થાનક ક્ષપક વર્જીને અનેરાને જાણવાં. ત્યાંપણ અભવ્ય તથા પૂર્વે અપ્રાપ્ત સમ્યક્ત્વને ૭૮, ૮૦. ૮૬. ૮૮ એ ચારજ સત્તાસ્થાનક હોય. હવે ક્ષપકને ૬ સત્તાસ્થાનક હોય, તે આ પ્રમાણે-૯૩, ૯૨, ૮૯, ૮૮. એ માંહેથી નરકદ્વિક ૨, તિર્યગ્દ્વિક ૪, એકેંદ્રિય ૫, બેઇંદ્રિય ૬, તેઇંદ્રિય ૭, ચઉરિંદ્રિયજાતિ ૮, સ્થાવર ૯, આતપ ૧૦, ઉદ્યોત ૧૧, સૂક્ષ્મ ૧૨, સાધારણ ૧૩, એ તેર ક્ષય ગયે ૮૦, ૭૯ ૭૬, ૭૫, ની અનુક્રમે સત્તા થાય. તથા મનુષ્યગતિ ૧, પંચેંદ્રિયજાતિ ૨, ત્રસ ૩, બાદર ૪, પર્યાપ્ત ૫, સુભગ ૬, આદેય ૭, યશ ૮ અને તીર્થંકરનામ ૯, એ નવનું સત્તાસ્થાનક અથવા તીર્થંકરનામ વિના ૮ નું સત્તાસ્થાનક, એ બે સત્તાસ્થાનક અયોગીને છેલ્લે સમયે હોય ॥ ૩૧ ॥

---

अट्ठ[1] य बारस[2] बारस[3], बंधोदयसंतपयडिठाणाणि[1 2 3]।
ओहेणाएसेण य, जत्थ जहासंभवं विभजे ॥३२॥

| | |
|---|---|
| अट्ठ=આઠ. | ओहेण=સામાન્યે. |
| बारस=બાર. | आएसेण=વિશેષે. |
| बंधोदयसंतपयडिठाणाणि= બંધ ઉદય અને સત્તા પ્રકૃતિનાં સ્થાનો. | जत्थ=જ્યાં. |
| | जहासंभवं=યથાસંભવજેટલા સંભવે તેટલા. |
| | विभजे=વિકલ્પ કરવા. |

**अर्थः**—નામકર્મનાં બંધ, ઉદય અને સત્તા પ્રકૃતિનાં સ્થાનો અનુક્રમે આઠ, બાર અને બાર હોય. તે સામાન્યે અને વિશેષે જ્યાં જેટલા સંભવે ત્યાં તેટલા કરવા. ॥ ૩૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચનઃ—નામકર્મના બંધસ્થાનક આઠ, ઉદયસ્થાનક બાર અને સત્તાસ્થાનક બાર છે. પ્રકૃતિનાં સ્થાનક તે ઓઘ એટલે સામાન્યપણે અને આદેશ તે વિશેષપણે—અમુક બંધસ્થાનક બાંધતાં એટલાં સત્તાસ્થાનક હોય, એમ પરસ્પર સંવેધ તે આદેશ કહીએ, તે આદેશ–વિશેષે કરીને જ્યાં જેટલાં સંભવે ત્યાં તેટલાં વિભજેત્ કહેવાં. ॥ ૩૨ ॥

## સામાન્યથી બંધ, ઉદય અને સત્તાનો સંવેધ,

**नवपणगोदयसंता, तेवीसे पन्नवीस छव्वीसे ।**
**अट्ठ चउरट्ठवीसे, नव सगिगुणतीस तीसंमि ॥३३॥**

नवपणग=નવ અને પાંચ.
उदयसंता=ઉદય અને સત્તા સ્થાનક.
तेवीसे=ત્રેવીશના બંધસ્થાનકે.
पन्नवीस छव्वीसे=પચીસ અને છવીશના બંધસ્થાનકે.
अट्ठचउर=આઠ ઉદય અને ચાર સત્તાસ્થાન
अट्ठवीसे=અઠ્ઠાવીશના બંધ સ્થાનકે.
नवसग=નવ ઉદય અને સાત સત્તાસ્થાન,
इगुणतीसतीसंमि=ઓગણત્રીસ અને ત્રીસ પ્રકૃતિના બંધે.

અર્થઃ—ત્રેવીશ, પચીશ અને છવીશના બંધે નવ નવ ઉદયસ્થાન અને પાંચ પાંચ સત્તાસ્થાન હોય, અઠ્ઠાવીશના બંધસ્થાનકે આઠ ઉદયસ્થાન અને ચાર સત્તાસ્થાન હોય, ઓગણત્રીશ અને ત્રીશના બંધે નવ ઉદયસ્થાન અને સાત સત્તાસ્થાન હોય. ॥ ૩૩ ॥

વિવેચનઃ—ત્યાં પ્રથમ સામાન્યપણે બંધ, ઉદય અને સત્તાનો સંવેધ કહે છે–ત્રેવીશના બંધસ્થાનકને વિષે, પચીશના બંધસ્થાનકને વિષે અને છવીશના બંધસ્થાનકને વિષે નવ ઉદયસ્થાનક અને પાંચ સત્તાસ્થાનક હોય. ત્યાં ત્રેવીશનો બંધ તે અપર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય જ હોય તેના બંધક એકેંદ્રિય, બેઇંદ્રિય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય હોય, એ ૨૩ના બંધકને યથાયોગ્ય સામાન્યપણે નવ ઉદયસ્થાનક હોય, તે કયા? ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને પાંચ સત્તાસ્થાનક હોય તે આ પ્રમાણે-૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮, ત્યાં (૨૧) એકવીશને ઉદયે વર્ત્તતા સર્વ જીવને પાંચ સત્તાસ્થાનક હોય. મનુષ્યને ૭૮ વર્જીને ચાર સત્તાસ્થાનક હોય, જે માટે મનુષ્યદ્વિક ઉવેલ્યે ૭૮ ની સત્તા થાય. તે ઇહાં ન ઘટે. ચોવીશને ઉદયે પણ પાંચે સત્તાસ્થાનક હોય પણ વૈક્રિય કરતા ૨૪ ને ઉદયે વર્ત્તતા વાયુકાયને ૮૦, ૭૮ વર્જીને ત્રણ સત્તાસ્થાનક હોય; જે માટે તેને વૈક્રિયષટ્કું અને મનુષ્યદ્વિક નિશ્ચયે છે જ. વૈક્રિય તો સાક્ષાત્ અનુભવે છે તે માટે તે ઉવેલતો નથી અને તે ઉવેલ્યા વિના નરકદ્વિક દેવદ્વિક ન ઉવેલે, સમકાળે વૈક્રિયષટ્કું તથાપ્રકારના સ્વભાવથી ઉવેલે માટે. અને વૈક્રિયષટ્કું ઉવેલ્યા પછી મનુષ્યદ્વિક ઉવેળે, પૂર્વ નહિ તે માટે વૈક્રિય કરતા વાયુને ૮૦, ૭૮ એ બે ન હોય. પચીશને ઉદયે પાંચે સત્તાસ્થાનક હોય ત્યાં ૭૮ નું સત્તાસ્થાનક તે અવૈક્રિય વાયુકાય અને તેઉકાય માંહેજ પામીએ, અનેરા માંહે ન પામીએ. જે માટે તેઉ વાયુ વર્જીને અનેરા સર્વ પર્યાપ્તા જીવ નિશ્ચયે મનુષ્યદ્વિક બાંધે. છવીશને ઉદયે પણ પાંચે સત્તાસ્થાનક હોય. ત્યાં ૭૮ ની સત્તા તે અવૈક્રિય વાયુ અને તેઉ માંહે પામીએ અને કેટલાએક તેઉ વાયુ માંહેથી આવ્યા વિકલેંદ્રિય અને પંચેંદ્રિય અપર્યાપ્તા કિયત્કાળ લગે મનુષ્યદ્વિક ન બાંધે ત્યાં લગે તે માંહે ૭૮ પામીએ; અનેરામાં નહીં. સત્તાવીશને ઉદયે ૭૮ વર્જીને ૪ સત્તાસ્થાનક હોય, ૨૭ નો ઉદય તો તેઉ વાયુ વર્જીને પર્યાપ્તા બાદર એકેંદ્રિય અને વૈક્રિય તિર્યંચ મનુષ્યને હોય અને તે તો અવશ્ય મનુષ્યદ્વિક બાંધેજ, તે માટે ત્યાં ૭૮ ની સત્તા ન પામીએ. ૨૮, ૨૯, ૩૦, ૩૧ ને ઉદયે નિશ્ચયે ૭૮ વર્જીને ચાર સત્તાસ્થાનક હોય. એમ ૨૩ ના બંધકને યથાયોગ્ય નવે ઉદયસ્થાનકે થઇને ચાળીશ સત્તાસ્થાનક હોય ૨૫, ૨૬, ના બંધકને પણ એમજ નવ નવ ઉદયસ્થાનકે સત્તાનો સંવેધ જાણવો. પણ પર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય ૨૫, ૨૬ ના બંધક દેવતાને ૨૧, ૨૫, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ એ છ ઉદયસ્થાનકને વિષે ૯૨, ૮૮ એ બે સત્તાસ્થાનક હોય, અપર્યાપ્ત વિકલેંદ્રિય તથા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવતા બાંધે નહીં, ત્યાં અપર્યાપ્તા માંહિ દેવતા ઉપજે નહિ તે માટે.

તથા ૨૮ ના બંધકને આઠ ઉદયસ્થાનક હોય, તે આ પ્રમાણે-૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧. ઇહાં ૨૮ નો બંધ બે ભેદે છે-દેવગતિ પ્રાયોગ્ય અને નરકગતિ પ્રાયોગ્ય. ત્યાં દેવગતિ પ્રાયોગ્ય ૨૮ ને બંધે આઠે ઉદયસ્થાનક અનેક જીવની અપેક્ષાએ પામીએ અને નરકગતિ પ્રાયોગ્ય ૨૮ ને બંધે બે ઉદયસ્થાનક હોય ૩૦, ૩૧. તથા ૨૮ ના બંધકને સામાન્યપણે ચાર સત્તાસ્થાનક હોય ૯૨, ૮૯, ૮૮, ૮૬; ત્યાં દેવગતિ પ્રાયોગ્ય ૨૮ ના બંધક સમ્યગ્દૃષ્ટિ પંચેંદ્રિય તિર્યંચ મનુષ્યને ૨૧ નો ઉદય અપાંતરાલ ગતિએ વર્તતાં જાણવો, પણ મિથ્યાદ્રષ્ટિને નહિ, જે માટે મિથ્યાદૃષ્ટિ તો સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો જ દેવપ્રાયોગ્ય ૨૮ બાંધે અને ૨૧, ૨૬, ૨૮, ૨૯, ને ઉદયે વર્તતો તો અપર્યાપ્ત જ હોય, તે માટે તે મિથ્યાદ્રષ્ટિ દેવગતિ પ્રાયોગ્ય ૨૮ ન બાંધે. ઇહાં કોઇક કહે-જો એમ કહો છો તો મિથ્યાદ્રષ્ટિ વૈક્રિય તિર્યંચ મનુષ્ય ૨૫, ૨૭, ૨૮, ૨૯, ને ઉદયે વર્તતા દેવગતિ પ્રાયોગ્ય ૨૮ બાંધે છે, તે કેમ ઘટે? તત્રોત્તરં તેણે ભવની આદિમાં પર્યાપ્તિ પૂરી કરી છે, પછી વૈક્રિય શરીર કરતાં ઔદારિક શરીરની નિવૃત્તિએ પર્યાપ્તિ પણ ઉદયથી નિવર્તે, પણ તે પર્યાપ્તા જ કહીએ, તે માટે ત્યાં મિથ્યાત્વીને પણ ૨૮ નો બંધ વિરૂદ્ધ નહીં. તે દેવગતિ પ્રાયોગ્ય ૨૮ બંધકને ૨૧ ને ઉદયે વર્તતા બે સત્તાસ્થાન હોય-૯૨, ૮૮; જિનનામની સત્તા નહીં, તે હોય ત્યારે તો તેનો બંધ પણ હોય, તેથી ૨૯ નો બંધક થાય તે માટે નહીં. ૨૫ ને ઉદયે પણ ૨૮ ના બંધક આહારક સંયત વૈક્રિય તિર્યંચ મનુષ્યને સામાન્યપણે બે સત્તાસ્થાનક હોય-૯૨, ૮૮; ત્યાં પણ આહારક સંયતને નિશ્ચયે ૯૨, શેષને બે હોય. ૨૬, ૨૭, ૨૮, ૨૯ ને ઉદયે પણ ૯૨, ૮૮ એ બે સત્તાસ્થાનક સામાન્યપણે જાણવાં. ૩૦ ને ઉદયે દેવ નરકગતિ પ્રાયોગ્ય ૨૮ ના બંધકને સામાન્યપણે ૪ સત્તાસ્થાનક હોય; ૯૨, ૮૯, ૮૮, ૮૬; ત્યાં ૯૨, ૮૮ પૂર્વવત્ જાણવાં અને ૮૯ આ પ્રમાણે-કોઇક મનુષ્ય તીર્થંકરનામકર્મની સત્તાવંત વેદક સમ્યગ્દ્રષ્ટિ પૂર્વે નરકાયુ બાંધ્યું હોય તે નરકે જવાને અભિમુખ સમ્યક્ત્વ થકી પડીને ગયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તીર્થંકર નામકર્મ બાંધવાનો અભાવ હોવાથી નરક પ્રાયોગ્ય ૨૮ બાંધતો ૮૯ ની સત્તાવંત હોય, ૮૬ આ પ્રમાણે-તીર્થંકર નામ ૧, આહારક ચતુષ્ક ૫, દેવદ્વિક ૭, નરકદ્વિક ૯, વૈક્રિય ચતુષ્ટય ૧૩, એ તેરની સત્તા ટળ્યે ૮૦ ની સત્તા હોય. તે ૮૦ ની સત્તાવાળો પંચેંદ્રિય તિર્યંચ અથવા મનુષ્ય થયો થકો સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો જો વિશુદ્ધ પરિણામવંત હોય તો દેવગતિ પ્રાયોગ્ય ૨૮ બાંધે ત્યારે દેવદ્વિક અને વૈક્રિયચતુષ્ક સત્તાએ થાય માટે ૮૬ ની સત્તા, તથા જો સંકિલષ્ટ પરિણામવંત હોય તો તે નરકગતિ પ્રાયોગ્ય ૨૮ બાંધે ત્યારે નરકદ્વિક વૈક્રિયચતુષ્ક સત્તાએ થાય, ત્યારે પણ ૮૬ ની સત્તા. ૩૧ ને ઉદયે ત્રણ સત્તાસ્થાનક ૯૨, ૮૮, ૮૬. એ તિર્યંચને જ હોય, ત્યાં તીર્થંકરનામની સત્તા ન હોય, તે માટે ૮૯ નહીં. ભાવના પૂર્વવત્.

તથા ૨૯, ૩૦ પ્રકૃતિના બંધકને નવ ઉદયસ્થાનક હોય, તે કયા? ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧. અને સાત સત્તાસ્થાનક હોય, તે કયા? ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૮. વિકલેંદ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ બાંધતા પર્યાપ્તા અપર્યાપ્તા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેંદ્રિય તિર્યંચને ૨૧ ને ઉદયે પાંચ સત્તાસ્થાનક હોય; ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮. એ પ્રમાણે ૨૪. ૨૫, ૨૬ ને ઉદયે પણ કહેવું અને ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ ના ઉદયને વિષે ૭૮ વર્જીને ૪ સત્તાસ્થાનક હોય. એની ભાવના જેમ પૂર્વે ૨૩ ના બંધકને કહી તેમ જાણવી. મનુષ્યગતિપ્રાયોગ્ય ૨૯ બાંધતાં એકેંદ્રિય, વિકલેંદ્રિય અને પંચેંદ્રિય તિર્યંચને તથા તિર્યગ્ગતિ મનુષ્યગતિ પ્રાયોગ્ય બાંધતા મનુષ્યને પોતપોતાના ઉદસ્થાનકને વિષે યથાયોગ્યપણે વર્તતાને ૭૮ વર્જીને તેજ ૪ સત્તાસ્થાનક જાણવા. દેવના નારકીને પંચેંદ્રિય તિર્યંચ મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ બાંધતાં સ્વસ્વોદયે વર્ત્તતાને ૯૨, ૮૮, એ બે સત્તાસ્થાનક હોય. તીર્થંકરની સત્તાવંત મિથ્યાત્વી નારકીને મનુષ્યગતિ પ્રાયોગ્ય ૨૯ બાંધતા પાંચે ઉદયે યથાયોગ્ય વર્ત્તતાને ૮૯ ની સત્તા હોય. દેવ ગતિ પ્રાયોગ્ય તીર્થંકર નામ સહિત ૨૯ બાંધતા અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને ૨૧ ને ઉદયે વર્ત્તતાને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૩, ૮૯, એ બે સત્તાસ્થાનક હોય. એજ પ્રકારે ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ ના ઉદયને વિષે પણ તે જ બે સત્તાસ્થાનક કહેવાં. આહારક સંયતને તો પોતાને ઉદયે વર્ત્તતાને ૯૩ નું જ સત્તાસ્થાનક કહેવું. એમ સામાન્યપણે ૨૯ ને બંધે ૨૧ ને ઉદયે સાત સત્તાસ્થાનક. ૨૪ ને ઉદયે પાંચ, ૨૫ ને ઉદયે સાત, ૨૬ ને ઉદયે સાત, ૨૭ ને ઉદયે છ, ૨૮ ને ઉદયે છ, ૨૯ ને ઉદયે છ, ૩૦ ને ઉદયે છ અને ૩૧ ને ઉદયે ચાર સત્તાસ્થાનક હોય. જેમ તિર્યગ્ગતિ પ્રાયોગ્ય ૨૯ બાંધતાં એકેંદ્રિય, વિકલેંદ્રિય, તિર્યંચ મનુષ્ય, દેવતા અને નારકીને ઉદયસ્થાનક કહ્યાં, તેમ તિર્યગ્ગતિ પ્રાયોગ્ય ઉદ્યોત સહિત ૩૦ બાંધતા એકેંદ્રિયને પણ ઉદયસ્થાન કહેવાં. હવે મનુષ્યગતિ પ્રાયોગ્ય તીર્થંકર સહિત ૩૦ બાંધતા દેવતા નારકીને ઉદયસ્થાનક કહીએ છીએ. ત્યાં દેવતાને યથોક્ત ૩૦ બાંધતાને ૨૧ ને ઉદયે વર્ત્તતાને ૯૩, ૮૯, એ બે સત્તાસ્થાનક હોય. નારકીને ૮૯ નું એક સત્તાસ્થાનક, ૯૩ નું તો તેને ન હોય; તીર્થંકર અને આહારકની ભેળી સત્તાવંત નરકે ન ઉપજે તે માટે, એમ ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ને ઉદયે પણ સત્તા કહેવી. પણ નારકીને ૩૦ નો ઉદય ન હોય, કેમકે ૩૦ નો ઉદય ઉદ્યોત સહિત પામીએ અને તે ઉદ્યોતનો ઉદય નારકીને ન હોય. એમ સામાન્યપણે ૩૦ ના બંધકને ૨૧ ને ઉદયે સાત સત્તાસ્થાનક હોય, ૨૪ ને ઉદયે પાંચ, ૨૫ ને ઉદયે સાત, ૨૬ ને ઉદયે પાંચ, ૨૭ ને ઉદયે છ, ૨૮ ને ઉદયે છ, ૨૯ ને ઉદયે છ, ૩૦ ને ઉદયે છ અને ૩૧ ને ઉદયે ૪ સત્તાસ્થાનક હોય. આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્ય ત્રીસના બંધક અપ્રમત સંયત અને અપૂર્વકરણવાળાને ત્રીસનો ઉદય અને ૯૨ ની સત્તા હોય. ॥૩૩॥

---

**एगेगमेगतीसे, एगे एगुदय अट्ठ संतंमि ।**
**उवरयबंधे दस दस वेअगसंतंमि ठाणाणि ॥३४॥**

एगेगं=એક એક ઉદય અને સત્તાસ્થાન | एगतीसे=એકત્રીશના બંધે.
एगे=એકના બંધે

| | |
|---|---|
| एगुदय=એક ઉદયસ્થાનક, | वेयग=ઉદયને વિષે. |
| अट्ठसंतंमि=આઠ સત્તાસ્થાન. | संतंमि=સત્તામાં |
| उवरयबंधे=બંધના અભાવે. | ठाणाणि=સ્થાનો. |
| दस दस=દશ દશ. | |

અર્થ—એકત્રીશના બંધે એક ઉદયસ્થાન+ અને એક સત્તાસ્થાન હોય. એકને બંધે એક ઉદયસ્થાન અને આઠ સત્તાસ્થાન હોય. બંધના અભાવે ઉદય અને સત્તાને વિષે દશ દશ સ્થાનો જાણવાં. ॥ ૩૪ ॥

**વિવેચન:**—તથા ૩૧ ને બંધે ત્રીશનું એક ઉદયસ્થાન હોય જે માટે તીર્થંકરનામ અને આહારકદ્વિક સહિત ૩૧ દેવગતિ પ્રાયોગ્ય બાંધતા અપ્રમત્ત અને અપૂર્વકરણ સંયતજ પામીએ. તે વૈક્રય આહારક ન કરે તે માટે પચીશાદિક ઉદયસ્થાન ન પામીએ. એકજ ૩૦ નું ઉદયસ્થાનક હોય. સત્તાસ્થાનક પણ ૯૩ નું એકજ હોય, તીર્થંકરનામ અને આહારક ચતુષ્કની પણ સતા હોય તે માટે, તથા એક પ્રકૃતિ યશ:કીર્તિ બંધક તે અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાયવાળો જ હોય, તે અતિવિશુદ્ધ હોવાથી વૈક્રિય આહારક કરે નહીં તે માટે તેને પચીશાદિક ઉદયસ્થાનક ન હોય. અને ૧ ને બંધે આઠ સત્તાસ્થાનક હોય, તે આ પ્રમાણે—૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૦, ૭૯, ૭૬, ૭૫. ત્યાં પ્રથમનાં ૯૩, ૯૨, ૮૯, ૮૮ એ ચાર સ્થાનક ઉપશમશ્રેણિએ હોય. અથવા ક્ષપકશ્રેણિએ પણ જયાં લગે અનિવૃત્તિબાદરે જઇને ૧૩ પ્રકૃતિ ક્ષય ન કરી હોય ત્યાં લગે હોય. અને તેર પ્રકૃતિ ક્ષય કર્યે અનેક જીવની અપેક્ષાએ ઉપરનાં ૮૦, ૭૯, ૭૬, ૭૫, એ ચાર સત્તાસ્થાનક હોય તે સૂક્ષ્મસંપરાય લગે જાણવાં. તથા ઉપરત બંધે-બંધને અભાવે વેદક એટલે ઉદયનાં સ્થાનક દશ હોય અને સત્તાનાં સ્થાનક પણ દશ હોય. ત્યાં દશ ઉદયસ્થાનક આ પ્રમાણે ૨૦, ૨૧, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૯, ૮ દશ સત્તાસ્થાનક આ પ્રમાણે—૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૦ ૭૯, ૭૬, ૭૫, ૯, ૮. ત્યાં ૨૦, ૨૬, ૨૮ ને ઉદયે બે બે સત્તાસ્થાનક—૭૯. ૭૫. અને ૨૧, ૨૭, ને ઉદયે બે સત્તાસ્થાનક ૮૦, ૭૬. ૨૯ ને ઉદયે ચાર સત્તાસ્થાનક ૮૦, ૭૯, ૭૬, ૭૫,

+ અહીં વૈક્રિય તથા આહારક શરીરીની વિવક્ષા કરી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સર્વ તીર્થંકર અને અતીર્થંકર કેવળી આશ્રયી સયોગી ગુણઠાણે જાણવાં. ૩૦ ને ઉદયે ૮ સત્તાસ્થાનક–૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૦; ૭૯, ૭૬, ૭૫, ત્યાં ધુરિલાં ૪ સત્તાસ્થાનક ઉપશાન્તકષાયને અને છેલ્લાં ૪ ક્ષીણકષાયને અને સયોગી કેવલીને હોય. ત્યાં આહારક ચતુષ્કની સત્તા સહિત તીર્થંકરને ૮૦, અને અતીર્થંકરને ૭૯ હોય. આહારક ચતુષ્કની સત્તારહિત તીર્થંકરને ૭૬ અને અતીર્થંકરને ૭૫. ૩૧ ને ઉદયે બે સત્તાસ્થાનક–૮૦, ૭૬;એ તીર્થંકર કેવલીનેજ જાણવાં. અતીર્થંકર કેવલીને તો ૩૧ નો ઉદય જ ન હોય. નવને ઉદયે ૩ સત્તાસ્થાનક–૮૦, ૭૬, ૯ ત્યાં બે સ્થાનક તે અયોગી કેવલી તીર્થંકરને દ્વિચરમ સમય લગે જાણવાં અને છેલ્લે સમયે ૯ નું સત્તાસ્થાનક હોય. આઠને ઉદયે ત્રણ સત્તાસ્થાનક ૭૯, ૭૫, ૮, ત્યાં ધુરિલાં બે અયોગી કેવલી અતીર્થંકરને દ્વિચરમ સમય લગે જાણવાં અને ચરમ સમયે ૮ નું સત્તાસ્થાનક હોય. એ નામકર્મનો બંધોદયસત્તા સંવેધ કહ્યો. ॥ ૩૪ ॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | बंध स्थान ८ | भंगाः | उदय स्थान १२ | | तद्भंगाः ७७९१ | | सत्तास्थानानि १२, स्थान संवेधे भेदाः | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| गु०१ | २३ | ४ | २१ | | ३२ | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| | | | २४ | | ११ | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| | | | २५ | ९ | २३ | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| | | | २६ | | ६०० | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| | | | २७ | | २२ | ७७०४ | ४ | ९२।८८।८६।८० | |
| | | | २८ | | ११८२ | | ४ | ९२।८८।८६।८० | |
| | | | २९ | | १७६४ | | ४ | ९२।८८।८६।८० | |
| | | | ३० | | २९०६ | | ४ | ९२।८८।८६।८० | ४० |
| | | | ३१ | | ११६४ | | ४ | ९२।८८।८६।८० | |
| | | | २१ | | ४० | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| गु०१ | २५ | २६ | २४ | | ११ | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| | | | २५ | ९ | ३१ | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| | | | २६ | | ६०० | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| | | | २७ | | ३० | ७७६८ | ४ | ९२।८८।८६।८० | |
| | | | २८ | | ११९८ | | ४ | ९२।८८।८६।८० | |
| | | | २९ | | १७८० | | ४ | ९२।८८।८६।८० | |
| | | | ३० | | २९१४ | | ४ | ९२।८८।८६।८० | ४० |
| | | | ३१ | | १६१४ | | ४ | ९२।८८।८६।८० | |
| | | १६ | २१ | | ४० | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| गु०१ | २६ | | २४ | | ११ | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| | | | २५ | | ३१ | | ५ | ९२।८८।८६।८०।७८ | |
| | | | २६ | ९ | ६०० | ७७६८ | ५ | ९२।८८।८६।८०।७८ | |
| | | | २७ | | ३० | | ४ | ९२।८८।८६।८० | |
| | | | २८ | | ११९८ | | ४ | ९२।८८।८६।८० | |
| | | | २९ | | १७८० | | ४ | ९२।८८।८६।८० | |
| | | | ३० | | २९१४ | | ४ | ९२।८८।८६।८० | ४० |
| | | | ३१ | | ११६४ | | ४ | ९२।८८।८६।८० | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુ૦૪।૫।૬।૭।૮ | | | ૨૧ | | ૧૬ | | ૨ | ૯૨।૮૮ |
| | ૨૮ | ૯ | ૨૫ | ૮ | ૧૭ | | ૨ | ૯૨।૮૮ |
| | | | ૨૬ | | ૫૭૬ | | ૨ | ૯૨।૮૮ |
| | | | ૨૭ | | ૧૭ | | ૨ | ૯૨।૮૮ |
| | | | ૨૮ | | ૧૧૭૧ | ૭૬૦૨ | ૨ | ૯૨।૮૮ |
| | | | ૨૯ | | ૧૭૫૫ | | ૨ | ૯૨।૮૮ |
| | | | ૩૦ | | ૨૮૯૦ | | ૪ | ૯૨।૮૯।૮૮।૮૬ |
| | | | ૩૧ | | ૧૧૫૨ | | ૩ | ૯૨।૮૮।૮૬ |
| ગુ૦૪।૫।૬।૭।૮ | | | ૨૧ | | ૪૧ | | ૭ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૯૨।૮૮ | ૨૪ | | ૧૧ | | ૫ | ૯૩।૮૮।૮૬।૮૦।૭૮ |
| | ૨૯ | | ૨૫ | | ૩૩ | | ૭ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | | ૨૬ | ૯ | ૬૦૦ | | ૭ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | | ૨૭ | | ૩૨ | | ૬ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦ |
| | | | ૨૮ | | ૧૨૦૨ | ૭૭૮૩ | ૬ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦ |
| | | | ૨૯ | | ૧૭૮૪ | | ૬ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦ |
| | | | ૩૦ | | ૨૯૧૬ | | ૬ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦ |
| | | | ૩૧ | | ૧૧૬૪ | | ૪ | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | | | | | | | ૫૪ |
| ગુ૦૬।૭।૮ | | | ૨૧ | | ૪૧ | | ૭ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૯૩।૮૯ | ૨૪ | | ૧૧ | | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | ૩૦ | | ૨૫ | ૯ | ૩૨ | | ૭ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | | ૨૬ | | ૬૦૦ | | ૫ | ૯૩।૯૨।૮૬।૮૦।૭૮ |
| | | | ૨૭ | | ૩૧ | ૭૭૭૩ | ૬ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦ |
| | | | ૨૮ | | ૧૧૯૯ | | ૬ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦ |
| | | | ૨૯ | | ૧૭૮૧ | | ૬ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦ |
| | | | ૩૦ | | ૨૯૧૪ | | ૬ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬ ૮૦ |
| | | | ૩૧ | | ૧૨૬૪ | | ૪ | ૯૨।૮૮।૮૬।૮૦ ૫૨ |
| ગુ૦ ૭।૮ | ૩૧ | ૧ | ૩૦ | ૧ | ૧૪૪ | ૧૪૪ | ૧ | ૯૩ ૧ |
| ગુ૦ ૮।૯ ૧૦ | ૧ | ૧ | ૩૦ | ૧ | ૭૨ | ૭૨ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬<br>૭૫।૮ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગુ૦૧૧।૧૨।૧૩।૧૪ | ૦ | ૦ | ૨૦ | | ૧ | | ૨ ૭૯।૭૫ |
| | | | ૨૧ | | ૧ | | ૨ ૮૦।૭૬ |
| | | | ૨૬ | | ૬ | | ૨ ૭૯।૭૫ |
| | | | ૨૭ | ૧૦ | ૧ | ૬૨ | ૨ ૮૦।૭૬ |
| | | | ૨૮ | | ૧૨ | | ૨ ૭૯।૭૫ |
| | | | ૨૯ | | ૧૩ | | ૪ ૮૦।૭૯।૭૬।૭૫ |
| | | | ૩૦ | | ૨૫ | | ૮ ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |
| | | | ૩૧ | | ૧ | | ૨ ૮૦।૭૬ |
| | | | ૯ | | ૧ | | ૩ ૮૦।૭૬।૯ |
| | | | ૮ | | ૧ | | ૩ ૭૯।૭૫।૮ |
| | | ૧૩૯૪૫ | | ૬૫ | | ૭૭૯૧ | ૨૮૪ |

**तिविगप्पपगइठाणेहिं, जीवगुणसन्निएसु ठाणेसु ।**
**भंगा पउंजियव्वा, जत्थ जहासंभवो भवइ ॥३५॥**

**तिविगप्पपगइठाणेहिं**=બંધ, ઉદય અને સત્તારૂપ ત્રણ વિકલ્પનાં પ્રકૃતિસ્થાનોએ કરી.
**जीवगुणसंनिएसु**=જીવસંજ્ઞાવાળા અને ગુણસંજ્ઞાવાળા,
**ठाणेसु**=સ્થાનોને વિષે.
**भंगा**=ભાંગા.
**पउंजियव्वा**=પ્રયુંજવા, ઘટાવવા
**जत्थ**=જ્યાં
**जहासंभवो**=જેટલાનો સંભવ
**भवइ**=હોય.

**अर्थः**—બંધ, ઉદય અને સત્તારૂપ ત્રણ વિકલ્પનાં પ્રકૃતિસ્થાનોએ કરી જીવ સંજ્ઞાવાળા અને ગુણ સંજ્ઞાવાળા સ્થાનો (જીવસ્થાન, ગુણસ્થાન) ને વિષે જ્યાં જેટલાનો સંભવ હોય ત્યાં તેટલા ભાંગા ઘટાવવા. ॥ ૩૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન**—અનુક્રમે એ આઠે કર્મની પ્રકૃતિનાં સ્થાનક અને તેના સંવેધ ભાંગા કહ્યા, હવે તે જ પ્રમાણે ૧૪ જીવસ્થાનક અને ૧૪ ગુણસ્થાક આશ્રયીને સ્વામી દેખાડે છે. બંધ ઉદય સત્તારૂપ ત્રણે ભેદે આઠ કર્મની પ્રકૃતિના સ્થાનકે કરીને ૧૪ જીવસ્થાનકને વિષે અને ૧૪ ગુણઠાણાને વિષે પૂર્વોક્ત અનુસારે ભાંગા પ્રયુંજવા, જ્યાં જેટલાનો સંભવ હોય ત્યાં તેટલા કહેવા. ॥ ૩૫ ॥

---

## જીવસ્થાનને વિષે જ્ઞાનાવરણ અને અંતરાય કર્મના ભાંગા.

**तेरससु जीवसंखेवएसु, नाणंतरायतिविगप्पो।**
**इक्कंमि तिदुविगप्पो, करणं पइ इत्थ अविगप्पो ॥३६॥**

तेरससु=તેર
जीवसंखेवएसु=જીવના સંક્ષેપો (સ્થાનો) વિષે.
नाणंतराय=જ્ઞાનાવરણ અને અંતરાય કર્મનો
तिविगप्पो=ત્રણ વિકલ્પવાળો
एगंमि=એક પર્યાપ્ત સંજ્ઞિ-પંચેંદ્રિય જીવસ્થાન વિષે.
तिदुविगप्पो=ત્રણ અથવા બે વિકલ્પવાળો.
करणं पइ=દ્રવ્ય મનવાળાને આશ્રયીને.
इत्थ=અહીં (જ્ઞાનાવરણ અને અંતરાયને વિષે)
अविगप्पो=વિકલ્પનો અભાવ.

**अर्थ:**—તેર જીવસ્થાનોને વિષે જ્ઞાનાવરણ અને અંતરાયકર્મનો ત્રણ વિકલ્પવાળો ભાંગો અને એક જીવસ્થાનને વિષે ત્રણ અથવા બે વિકલ્પવાળો ભાંગો હોય. દ્રવ્યમનવાળાને આશ્રયીને અહીં વિકલ્પનો અભાવ છે. ॥ ૩૬ ॥

**વિવેચન:**-હવે પ્રથમ ૧૪ જીવસ્થાનક આશ્રયીને જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મના ભાંગા કહે છે–તેર જીવભેદને વિષે જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મના બંધ, ઉદય અને સત્તા એ ત્રણે વિકલ્પે ભાંગો એક હોય. પાંચનો બંધ, પાંચનો ઉદય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચની સત્તા હોય અને એક તે સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે સૂક્ષ્મસંપરાય ગુણઠાણા લગે ૫ નો બંધ, ૫ નો ઉદય ૫ ની સત્તા એ ત્રિવિકલ્પે ભાંગો હોય. તે વાર પછી બંધને છેદે ઉપશાન્તમોહ અને ક્ષીણમોહે ૫ નો ઉદય ૫ ની સત્તા, એ દ્વિવકલ્પ ભાંગો બીજો હોય. તથા કરણ તે દ્રવ્યમન આશ્રયીને સંજ્ઞી જે સયોગી કેવલી, અયોગી ભવસ્થ કેવલી તેને વિષે જ્ઞાનાવરણીય અને અંતરાયનો અવિકલ્પ છે. મૂળથી છેદ્યા માટે બંધ ઉદય અને સત્તા એ ૩ ત્રણ માંહેલો કોઈ વિકલ્પ ન હોય ॥ ૩૬ ॥

---

## જીવસ્થાને દર્શનાવરણના ભાંગા.

**तेरे[१] नव[२] चउ[३] पणगं, नव संतेगंमि भंगमिक्कारा ।**
**वेअणिआउयगोए, विभज्ज मोहं परं वुच्छं ॥३७॥**

तेरे=તેર જીવસ્થાનને વિષે.
नव=નવ પ્રકૃતિનો બંધ
चउपणगं=ચાર અથવા પાંચનો ઉદય.
नवसंता=નવની સત્તા.
एगम्मि=એક જીવસ્થાનને વિષે
भंगमिक्कारा=અગ્યાર ભાંગા.
वेयणिआउयगोए=વેદનીય, આયુષ્ય અને ગોત્રકર્મને વિષે
विभज्ज=વિકલ્પ કરવા.
मोहं=મોહનીય કર્મને.
परं वुच्छं=આગળ કહીશું

अर्थः-તેર જીવસ્થાનને વિષે દર્શનાવરણ કર્મનો નવનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય, અને એક જીવસ્થાનને વિષે અગ્યાર ભાંગા હોય. વેદનીય, આયુષ્ય અને ગોત્રકર્મને વિષે બંધાદિસ્થાનોના ભાંગા વહેંચીને મોહનીય કર્મ આગળ કહીશું. ॥ ૩૭ ॥

विवेचन-હવે દર્શનાવરણના ભાંગા ૧૪ જીવસ્થાનકને વિષે કહે છે.-તેર જીવભેદને વિષે નવવિધ બંધ, ચતુર્વિધ ઉદય, નવવિધ સત્તા ૧, તથા નવવિધ બંધ, પંચવિધ ઉદય, નવવિધ સત્તા ૨, એ બે ભાંગા દર્શનાવરણના હોય. અને એક જે સંજ્ઞી પંચેદ્રિય પર્યાપ્તો તેને વિષે અગ્યારે ભાંગા હોય, ભાવના પૂર્વ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વત્ જાણવી હવે વેદનીય, આયુકર્મ અને ગોત્રકર્મને વિષે બંધ, ઉદય અને સત્તાએ પ્રકૃતિનાં સ્થાનક અને ભાંગા તે આગમોક્ત પ્રકારે જીવસ્થાનકને વિષે કહીને પછી મોહનીયકર્મના ભાંગા કહીશું. ॥ ૩૭ ॥

---

### વેદનીય અને ગોત્રકર્મના ભાંગા.

**पज्जत्तगसंन्निअरे, अट्ठ चउक्कं च वेअणियभंगा ।**
**सत्त य तिगं च गोए, पत्तेअं× जीवठाणेसु ॥३८॥**

| | |
|---|---|
| पज्जत्तगसन्नियरे=પર્યાપ્ત સંજ્ઞી અને બાકીના તેર જીવ ભેદને વિષે. | सत्तयतिगं च=સાત અને ત્રણ. |
| अट्ठचउक्कं च=આઠ અને ચાર. | गोए=ગોત્રકર્મના. |
| वेयणियभंगा=વેદનીયકર્મના ભાંગા. | पत्तेअं=પ્રત્યેક. |
| | जीवठाणेसु=જીવસ્થાનોને વિષે |

अर्थ–પર્યાપ્તા સંજ્ઞી પંચેંદ્રિયને વિષે વેદનીયકર્મના આઠ અને તેર જીવસ્થાનને વિષે ચાર ભાંગા હોય. ગોત્રકર્મના સંજ્ઞી-પંચેંદ્રિયને વિષે સાત અને તેર જીવસ્થાનને વિષે ત્રણ ભાંગા પ્રત્યેક જીવસ્થાનને વિષે કહેવાં. ॥ ૩૮ ॥

**विवेचन:**—હવે વેદનીયકર્મ ગોત્રકર્મના ભાંગા જાણવાને અહીંયા ભાષ્યની ગાથાનો ભાવ કહે છે.

સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે વેદનીયના આઠ ભાંગા હોય. તે આ પ્રમાણે-અસાતાનો બંધ, અસાતાનો ઉદય, બેની સત્તા ૧; અસાતાનો બંધ, સાતાનો ઉદય, બેની સત્તા ૨; એ બે ભાંગા મિથ્યાત્વથી માંડીને પ્રમત્ત ગુણઠાણા લગે હોય. તે પછી અસાતાનો બંધ નથી તે માટે એ બે ન હોય. સાતાનો બંધ, અસાતાનો ઉદય, બેની સત્તા ૩; સાતાનો બંધ, સાતાનો ઉદય, બેની સત્તા ૪; એ બે ભાંગા મિથ્યાત્વથી માંડીને સયોગી કેવલી લગે પામીએ. તે વાર પછી બંધ ટાળે અસાતાનો ઉદય

---

× जीवट्ठाणेसु वत्तव्वा इति पाठान्तरे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેની સત્તા ૫; સાતાનો ઉદય, બેની સત્તા ૬; એ બે ભાંગા અયોગી કેવલિને દ્વિચરમ સમય લગે હોય, ચરમ સમયે તો અસાતાનો ઉદય અસાતાની સત્તા ૭; અને સાતાનો ઉદય, સાતાની સત્તા ૮; એ બે ભાંગા હોય, ઈહાં કેવલીને દ્રવ્યમન હોય માટે સંજ્ઞી કહ્યા તથા ઈતર તે સંજ્ઞી વર્જીને શેષ ૧૩ જીવભેદને વિષે પ્રત્યેકે હુરલા ચાર ચાર વેદનીયકર્મના ભાંગા હોય, તથા સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે ગોત્રકર્મના ૭ ભાંગા હોય, તે આ પ્રમાણે–નીચનો બંધ, નીચનો ઉદય, નીચની સત્તા ૧; નીચનો બંધ, નીચનો ઉદય બેની સત્તા ૨; નીચનો બંધ, ઉચ્ચનો ઉદય, બેની સત્તા ૩, ઉચ્ચનો બંધ, નીચનો ઉદય, બેની સત્તા ૪, ઉચ્ચનો બંધ, ઉચ્ચનો ઉદય, બેની સત્તા ૫; બંધ ટળ્યે ઉચ્ચનો ઉદય, બેની સત્તા ૬; ઉચ્ચનો ઉદય, ઉચ્ચની સત્તા ૭; એની ભાવના પૂર્વલીપરે જાણવી. તથા સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા ટાળીને શેષ ૧૩ ભેદને વિષે હુરલા ત્રણ ભાંગા હોય,–પહેલો, બીજો અને ચોથો. તિર્યંચ માંહે ઉચ્ચ-ગોત્રનો ઉદય ન હોય, તે માટે જે ભાંગાને વિષે નીચનો ઉદય હોય તે લેવા. ॥ ૩૮ ॥

---

## જીવસ્થાને આયુકર્મના ભાંગા.

**पज्जत्ताऽपज्जत्तग[१][२], समणे पज्जत्तअमण[३] सेसेसु[४]।**
**अट्ठावीसं[१] दसगं[२], नवगं[३] पणगं[४] च आउस्स ॥३९॥**

| | |
|---|---|
| पज्जत्तापज्जत्तगसमणे=પર્યાપ્તા અને અપર્યાપ્તા સંજ્ઞી પંચેંદ્રિયને વિષે. | सेसेसु=બાકીના (અસંજ્ઞી અપર્યાપ્તા અગ્યાર)ને વિષે. |
| पज्जत्तअमण=પર્યાપ્તા અસંજ્ઞી પંચેંદ્રિયને વિષે. | अट्ठावीसंदसगं=અઠ્ઠાવીશ, દશ |
| | नवगंपणगं च=નવ અને પાંચ |
| | आउस्स=આયુષ્ય કર્મના |

**अर्थः**–પર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિય, અપર્યાપ્તા સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા અસંજ્ઞી પંચેંદ્રિય અને બાકીના (અપર્યાપ્તા અગ્યાર અસંજ્ઞી) જીવસ્થાનોને વિષે આયુષ્યકર્મના અનુક્રમે અઠ્ઠાવીશ, દશ, નવ અને પાંચ ભાંગા હોય ॥ ૩૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન:**—હવે ૧૪ જીવભેદને વિષે આયુકર્મના ભાંગા પ્રરૂપવાને અર્થે ભાષ્યની ગાથાનો ભાવ કહે છે,—

પર્યાપ્તા સમન તે સંજ્ઞી પંચેંદ્રિય ૧, અપર્યાપ્તા સંજ્ઞી-પંચેંદ્રિય ૨, પર્યાપ્તા અમન તે અસંજ્ઞી પંચેંદ્રિય ૩, અને શેષ થાકતા ૧૧ જીવસ્થાનક તેહને વિષે અનુક્રમે અઠ્ઠાવીશ ૧, દશ ૨, નવ ૩ અને પાંચ ૪ આયુકર્મના ભાંગા હોય, ત્યાં સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા માંહે ૨૮ ભાંગા હોય, તે નારકીના ૫, તિર્યં-ચના ૯, મનુષ્યના ૯, દેવતાના ૫, એવં ૨૮ જે પૂર્વે કહ્યા છે તે જ જાણવા. તથા અપર્યાપ્ત સંજ્ઞીપંચેંદ્રિયમાંહે ૧૦ ભાંગા હોય. અપર્યાપ્તા તે ઇહાં લબ્ધિ અપર્યાપ્તા જ જાણવા તે તો મનુષ્ય તિર્યંચ જ હોય, અને તે અપર્યાપ્તા પણ મનુષ્ય તિર્યં-ચનું જ આયુ બાંધે તે માટે પાંચ ભાંગા મનુષ્યમાંહે, પાંચ ભાંગા તિર્યંચમાંહે એવં ૧૦ હોય. તે આ પ્રમાણે—બંધકા-ળથી પૂર્વે તિર્યગાયુનો ઉદય, તિર્યગાયુની સત્તા ૧; બંધકાળે તિર્યગાયુનો બંધ, તિર્યગાયુનો ઉદય તિર્યક્ તિર્યગાયુની સત્તા ૨; મનુષ્યાયુનો બંધ, તિર્યગાયુનો ઉદય, તિર્યક્ મનુષ્યની સત્તા ૩; બંધકાળ પછી તિર્યગાયુનો ઉદય તિર્યક્ તિર્યગ્ની સત્તા ૪, તિર્યગાયુનો ઉદય, તિર્યગ્ મનુષ્યની સત્તા ૫, એ પાંચ તિર્યંચના તેમ પાંચ ભાંગા મનુષ્યના એવં ૧૦ ભાંગા હોય. તથા પર્યાપ્તા અસંજ્ઞી પંચેંદ્રિય માંહે ૯ ભાંગા હોય. પર્યાપ્તો અસંજ્ઞી પંચેંદ્રિય તો તિર્યંચ જ હોય અને (બીજા) કોઇ ન હોય, અને તે તો ૪ ગતિનું આયુ બાંધે તે માટે તિર્યંચને વિષે આયુના ૯ ભાંગા પૂર્વે કહ્યા છે તે જ ૯ ઇહાં પણ જાણવા તથા શેષ ૧૧ જીવસ્થાનકને વિષે પ્રત્યેકે પાંચ પાંચ ભાંગા હોય, તે ૧૧ જીવસ્થાનકે તિર્યંચ હોય અને તે દેવનારકીનું આયુ ન બાંધે. તે માટે બંધકાળથી પૂર્વે ૧ ભાંગો બંધકાળે ૨ ભાંગા, બંધકાળ પછી બે ભાંગા એવં ૫ ભાંગા હોય, ઇહાં અસંજ્ઞી પંચેંદ્રિય અપર્યાપ્તા સંમૂર્છિમ મનુષ્ય પણ હોય; ત્યારે ૫ તિર્યંચના ૫ મનુષ્યના એવં ૧૦ ભાંગા ઉપજે પણ તે ઇહાં સૂત્રકારે કહ્યા જ નહીં. તે કોણ જાણે શા હેતુએ વિવક્ષ્યા નહિ એ વિચારવું. ॥ ૩૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# जीवस्थानेषु षट्कर्मणां भंगयंत्रम्

| १४ | जीवस्थानेषु | ज्ञाना० भं. २ | द० भं. ११ | वेद भं. ८ | आयु भं. २८ | गोत्र भं. ७ | अंतराय० भं० २ |
|---|---|---|---|---|---|---|---|
| १ | एकेंद्रियसूक्ष्मऽप० | १ | २ | ४ | ५ | ३ | १ |
| २ | एकेंद्रिय सूक्ष्म पर्या० | १ | २ | ४ | ५ | ३ | १ |
| ३ | एकेंद्रियबादरऽपर्याप्ता | १ | २ | ४ | ५ | ३ | १ |
| ४ | एकेंद्रिय बादर पर्या० | १ | २ | ४ | ५ | ३ | १ |
| ५ | बेइंद्रिय अपर्याप्ता | १ | २ | ४ | ५ | ३ | १ |
| ६ | बेइंद्रिय पर्याप्ता | १ | २ | ४ | ५ | ३ | १ |
| ७ | तेइंद्रिय अपर्याप्ता | १ | २ | ४ | ५ | ३ | १ |
| ८ | तेइंद्रियपर्याप्ता | १ | २ | ४ | ५ | ३ | १ |
| ९ | चउरिंद्रिय अपर्याप्ता | १ | २ | ४ | ५ | ३ | १ |
| १० | चउरिंद्रियपर्याप्ता | १ | २ | ४ | ५ | ३ | १ |
| ११ | असंज्ञीपंचें०ऽपर्याप्ता | १ | २ | ४ | ५<br>१० | ३ | १ |
| १२ | असंज्ञीपंचेंद्रियपर्या० | १ | २ | ४ | ९ | ३ | १ |
| १३ | संज्ञीपंचेंद्रियऽपर्याप्ता | १ | २ | ४ | १० | ३ | १ |
| १४ | संज्ञीपंचेंद्रिय पर्याप्ता | २ | ११ | ८ | २८ | ७ | २ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જીવસ્થાને મોહનીયકર્મના ભાંગા.

**अट्ठसु पंचसु एगे, एग दुगं दस य मोहबंधगए ।**
**तिग चउ नव उदयगए, तिग तिग पन्नरस संतंमि ॥४०॥**

| | |
|---|---|
| अट्ठसु=આઠ જીવસ્થાનને વિષે | બંધગત સ્થાનો |
| पंचसु=પાંચ જીવસ્થાનને વિષે | तिगचउनव=ત્રણ, ચાર અને નવ |
| एगे=એક જીવસ્થાનને વિષે | उदयगए=ઉદયગત સ્થાનો. |
| एगदुगंदस य=એક, બે અને દશ. | तिगतिगपन्नरस=ત્રણ, ત્રણ અને પંદર. |
| मोहबंधगए=મોહનીયકર્મનાં | संतंमि=સત્તાને વિષે સ્થાનો. |

**अर्थः**—આઠ પાંચ અને એક જીવસ્થાનને વિષે અનુક્રમે એક, બે અને દશ મોહનીય કર્મનાં બંધગત સ્થાનો હોય; ત્રણ ચાર અને નવ ઉદયગતસ્થાનો અને ત્રણ ત્રણ અને પંદર સત્તાને વિષે સ્થાનો જાણવા. ॥ ૪૦ ॥

**विवेचनः**—હવે ૧૩ જીવસ્થાનકને વિષે મોહનીય કર્મનાં બંધ, ઉદય સત્તાનાં સ્થાનક કહે છે.-

સૂક્ષ્મ એકેંદ્રિય અપર્યાપ્ત ૧, પર્યાપ્ત ૨, બાદર એકેંદ્રિય અપર્યાપ્ત ૩, બેઇંદ્રિય અપ૦ ૪, તેઇંદ્રિય અપ૦ ૫; ચઉરિંદ્રિય અપર્યા૦ ૬, અસંજ્ઞીપંચે૦ અપર્યા૦ ૭, સંજ્ઞી પંચેંદ્રિય અપર્યા૦ ૮, એ આઠને વિષે તથા બાદર એકેંદ્રિય પર્યાપ્ત ૧, બેઇંદ્રિય પર્યાપ્ત ૨, તેઇંદ્રિય પર્યા૦૩, ચઉરિંદ્રિય પર્યા૦૪, અસંજ્ઞી પંચેંદ્રિય પર્યા૦ ૫, એ પાંચને વિષે તથા એક સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તને વિષે અનુક્રમે કહે છે-આઠને વિષે એક ૨૨નું બંધસ્થાનક અને ત્રણ ઉદયસ્થાનક-૮, ૯, ૧૦ હોય. એને અનંતાનુબંધીનો ઉદય અવશ્ય હોય તે માટે ૭ નું ઉદયસ્થાનક ન હોય તે એકેકે ઉદયસ્થાનકે ત્રણ ત્રણ ૨૮, ૨૭, ૨૬, એ સત્તાસ્થાનક હોય તથા પાંચને વિષે ૨૨, ૨૧ એ બે બે બંધસ્થાનક હોય ત્યાં કેટલાએક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## जीवस्थानेषु मोहनीयभंगयंत्रम्

| | १४ जीवस्थानेषु | बंध स्थान | बंध भांगा | उदयस्थानानि | उदय भांगा | उदय पद | पदवृंद | सत्तास्थानानि |
|---|---|---|---|---|---|---|---|---|
| १ | सूक्ष्मएकें०अप० | २२ | ६ | ८।९।१० | ३२ | ३६ | २८८ | २८।२७।२६ |
| २ | सूक्ष्मएकें०पर्या० | २२ | ६ | ८।९।१० | ३२ | ३६ | २८८ | २८।२७।२६ |
| ३ | बादरएकें०अप० | २२ | ६ | ८।९।१० | ३२ | ३६ | २८८ | २८।२७।२६ |
| ४ | बादरएकें०पर्या० | २२ २१ | १० | ८।९।१० ७।८।९ | ६४ | ६८ | ५४४ | २८।२७।२६ २८ |
| ५ | बेइंद्रिय अपर्याप्ता | २२ | ६ | ८।९।१० | ३२ | ३६ | २८८ | २८।२७।२६ |
| ६ | बेइंद्रिय पर्याप्ता | २२ २१ | १० | ८।९।१० ७।८।९ | ६४ | ६८ | ५४४ | २८।२७।२६ २८ |
| ७ | तेइंद्रिय अपर्या० | २२ | ६ | ८।९।१० | ३२ | ३६ | २८८ | २८।२७।२६ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ८ | तेइंद्रियपर्याप्ता | २२ २१ | १० | ८।९।१० ७।८।९ | ६४ | ६८ | ५४४ | २८।२७।२६ २८ |
| ९ | चउरिंद्रियऽप० | २२ | ६ | ८।९।१० | ३२ | ३६ | २८८ | २८।२७।२६ |
| १० | चउरिंद्रियपर्या० | २२ २१ | १० | ८।९।१० ७।८।९ | ६४ | ६८ | ५४४ | २८।२७।२६ २८ |
| ११ | असंज्ञीपंचें०ऽप० | २२ | ६ | ८।९।१० | ३२ | ३६ | २८८ | २८।२७।२६ |
| १२ | असंज्ञीपंचें०प० | २२ २१ | १० | ८।९।१० ७।८।९ | ६४ | ६८ | ५४४ | २८।२७।२६ २८ |
| १३ | संज्ञीपंचें०ऽप० | २२ | ६ | ८।९।१० | ३२ | ३६ | २८८ | २८।२७।२६ |
| १४ | संज्ञीपंचेंद्रियपर्याप्ता. | सर्वाणि१० | २१ | १०।९।८ ज़ाद्दा५ा४ा२ा१ | ९८३ | २८८ * | ६९४७ | सर्वाणि १५ |

* આ ચોત્રિશી પદો છે અને બાકીનાં અષ્ટક પદો છે.

લબ્ધિ પર્યાપ્તાને કરણ અપર્યાપ્તાવસ્થાએ સાસ્વાદનભાવે મિથ્યાત્વનો બંધ ન હોય ત્યારે ૨૧ નો બંધ પામીએ. ઉદયસ્થાનક ચાર હોય,-૭, ૮, ૯, ૧૦ સત્તાસ્થાનક ત્રણ-૨૮, ૨૭, ૨૬. ત્યાં ૨૧ ને બંધે ૭, ૮, ૯ એ ત્રણ ઉદયસ્થાનક હોય અને તે એકેકે ઉદયસ્થાનકે એકેકું ૨૮ નું સત્તાસ્થાનક હોય. એકવીશનો બંધ તો સાસ્વાદને જ હોય અને સાસ્વાદને તો નિશ્ચયે ૨૮ ની સત્તા હોય. તથા એક સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાને વિષે દશે બંધસ્થાનક હોય, નવે ઉદયસ્થાનક હોય અને પનરે સત્તાસ્થાનક હોય. સ્વરૂપ અને ભાંગા પૂર્વલીપરે જાણવા ॥ ૪૦ ॥

---

## જીવસ્થાને નામકર્મના ભાંગા

**पण[१] दुग[२] पणगं[३] पण[१] चउ[२], पणगं[३] पणगा हवंति तिन्नेव[१]।**
**पण[१] छप्पणगं[२] छच्छ[३],-प्पणगं[१] अट्ठ[२] दसगं[३] ति ॥४१॥**
**सत्तेव अपज्जत्ता, सामी सुहुमा[१] य बायरा[२] चेव[३]।**
**विगलिंदिआउ[४] तिन्निउ, तह य असन्नी[५] असन्नी[६] अ ॥४२॥**

पण दुग पणगं=પાંચ બંધ, બે ઉદય અને પાંચ સત્તાસ્થાન

पण चउ पणगं=પાંચ બંધ, ચાર ઉદય અને પાંચ સત્તાસ્થાન

पणगा=પાંચ પાંચ

हवंति=હોય.

तिन्नेव=બંધ, ઉદય અને સત્તાસ્થાન ત્રણે

पण छप्पणगं=પાંચ, છ, પાંચ.

छच्छप्पणगं=છ, છ, પાંચ.

अट्ठट्ठदसगंति=આઠ, આઠ, દશ એમ.

सत्तेव=સાતે.

अपज्जत्ता=અપર્યાપ્તા.

सामी=સ્વામી

सुहुमा=સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તા

बायरा=બાદરએકેંદ્રિય પર્યાપ્તા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| विगलिंदिआउ=વિકલેંદ્રિય પર્યાપ્તા | असन्नी=અસંજ્ઞિપંચેંદ્રિય પર્યાપ્તા. |
| तिन्निउ=ત્રણ | सन्नी=સંજ્ઞિપંચેંદ્રિય પર્યાપ્તા. |
| तह=તેમજ | |

**अर्थ**–પાંચ, બે. પાંચ; પાંચ, ચાર, પાંચ; પાંચ, પાંચ, પાંચ; પાંચ; છ, પાંચ; છ, છ, પાંચ; અને આઠ, આઠ, દશ એમ બંધ ઉદય અને સત્તા સ્થાનો હોય. તેના સ્વામી અનુક્રમે સાતે અપર્યાપ્તા, સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તા, બાદર એકેંદ્રિય પર્યાપ્તા, ત્રણ વિકલેંદ્રિય પર્યાપ્તા, અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા તેમજ સંજ્ઞિ પંચેંદ્રિય પર્યાપ્તા જાણવા. ॥ ૪૧–૪૨ ॥

**विवेचन**:–હવે ૧૪ જીવસ્થાનકને વિષે નામકર્મનાં બંધ, ઉદય અને સત્તાસ્થાનક કહે છે–સાતે અપર્યાપ્તાને પાંચ પાંચ બંધસ્થાનક હોય,–૨૩ ૨૫, ૨૬, ૨૯, ૩૦; એ તિર્યગ્મનુષ્ય પ્રાયોગ્યજ બાંધે. એકેકા અપર્યાપ્તાને વિષે ૧૩૯૧૭ બંધ ભાંગા ઉપજે. ઉદયસ્થાનક બે હોય, તેમાં અપર્યાપ્તા સૂક્ષ્મ અને બાદર એકેંદ્રિયને ૨૧ અને ૨૪ ના એક અને બે મળી ભાંગા ૩ અને શેષ ૫ * અપર્યાપ્તાને ૨૧ અને ૨૬ ના એક અને એક મળી ભાંગા ૨ પ્રત્યેકે પ્રત્યેકે હોય તથા સાતે અપર્યાપ્તાને સત્તાસ્થાનક પાંચ હોય તે નીપજાવવાનું પૂર્વલીપરે જાણવું. તથા સૂક્ષ્મ પર્યાપ્તાને પાંચ બંધસ્થાનક હોય, તે આ પ્રમાણે–૨૩, ૨૫, ૨૬, ૨૯, ૩૦, એ પાંચે તિર્યંચ મનુષ્ય પ્રાયોગ્ય જાણવાં. સૂક્ષ્મ પર્યાપ્ત એકેંદ્રિય ત્યાંજ ઉપજે તે માટે ભાંગા ૧૩૯૧૭ હોય અને ઉદયસ્થાનક ૪ હોય, તે આ પ્રમાણે–૨૧, ૨૪, ૨૫, ૨૬, તેનો ૧, ૨, ૨, ૨, એમ ભાંગા ૭ હોય. પાંચ સત્તાસ્થાનક હોય તે આ પ્રમાણે–૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ ત્યાં પર્યાપ્ત અને છર્વાશને ઉદયે સાધારણ પદ સહિત જે ભાંગા છે ત્યાં ૭ વર્જીને ચાર સત્તાસ્થાનક કહેવાં, જે માટે તેજો વાયુ વર્જીને શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા સર્વ જીવ મનુષ્યદ્વિક નિશ્ચયે બાંધે અને ૨૫, ૨૬ નો

* અહીં અસંજ્ઞી અને સંજ્ઞીપંચેંદ્રિય અપર્યાપ્તાને વિષે મનુષ્ય અને તિર્યંચ એ બંને હોવાથી તેના પ્રત્યેકે ચાર ચાર હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદય તો શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાનેજ હોય, તે માટે સાધારણ સૂક્ષ્મ પર્યાપ્તાને ૨૫, ૨૬ ને ઉદયે ૭૮ ની સત્તા ન પામીયે અને પ્રત્યેક પદમાંહિ તેજો વાયુ ભેગા આવ્યા તે માટે તે અપેક્ષાએ પ્રત્યેક માંહિ ૭૮ની સત્તા પામીએ તેથી બે ભાંગે ૪ સત્તાસ્થાનક અને પાંચ ભાંગે પાંચ સત્તાસ્થાનક હોય. તથા બાદર એકેંદ્રિય પર્યાપ્તાને પાંચ બંધસ્થાનક, તે આ પ્રમાણે–૨૩, ૨૫, ૨૬, ૨૯ ૩૦, તિર્યંચ મનુષ્ય પ્રાયોગ્ય જાણવાં. ભાંગા ૧૩૯૧૭ હોય. ઉદય-સ્થાનક પાંચ હોય, તે આ પ્રમાણે–૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭ ના ૨, ૫, ૫, ૧૧, ૬, એમ ભાંગા ૨૯ હોય, સત્તાસ્થાનક પાંચ હોય, તે આ પ્રમાણે ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ ઇહાં ૨૫ અને ૨૬ ને ઉદયે પ્રત્યેક અને અયશ સાથે જે એકેકો ભાંગો એટલે બે ભાંગા અને જે ૨૧ ને ઉદયે ૨ ભાંગા અને ૨૪ ને ઉદયે ૪ ભાંગા વૈક્રિય બાદર વાયુકાય વર્જીને એમ આઠ ભાંગાને વિષે પાંચે સત્તાસ્થાનક હોય અને શેષ ૨૧ ભાંગાને વિષે ચાર સત્તા-સ્થાનક હોય. તદ્ભાવના યથા–પર્યાપ્ત બાદરને ૨૧ ને ઉદયે યશ અયશ સાથે બે ભાંગા. ૨૪ ને ઉદયે પ્રત્યેક સાધારણ યશ અયશ સાથે ચઉભંગી અને વૈક્રિય બાદર વાયુનો ભાંગો ૧ એવં ૫ ભાંગા. એમ ૨૫ ને ઉદયે પણ પાંચ ભાંગા. ઉચ્છ્વાસ સંયુક્ત ૨૬ ને ઉદયે પણ પાંચ ભાંગા. આતપસંયુક્ત ૨૬ ને ઉદયે પ્રત્યેકને યશ અયશ સાથે બે ભાંગા, ઉદ્યોતયુક્ત ૨૬ ને ઉદયે પ્રત્યેક સા-ધારણ યશ અયશ સાથે ૪ ભાંગા. એવં ૧૧ ભાંગા, આતપ સહિત ૨૭ ને ઉદયે પૂર્વલી પેરે બે ભાંગા, ઉદ્યોતયુક્ત ૨૭ ને ઉદયે પૂર્વલીપેરે ૪ ભાંગા, એવં ૬ ભાંગા, એમ સર્વ મળીને બાદર પર્યાપ્તાના ૨૯ ભાંગા હોય. ત્યાં પૂર્વોક્ત ૮ ભાંગે પાંચ સત્તાસ્થાનક હોય અને ૨૧ ભાંગે ચાર સત્તાસ્થાનક હોય.

તથા ત્રણ વિકલેંદ્રિય પર્યાપ્તાને પાંચ બંધસ્થાનક હોય. તે આ પ્રમાણે ૨૩, ૨૫, ૨૬, ૨૯, ૩૦, તિર્યંચ મનુષ્ય પ્રાયોગ્ય હોય, ભાંગા ૧૩૯૧૭. છ ઉદયસ્થાનક હોય, તે આ પ્રમાણે–૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ ના ૨, ૨, ૨, ૪, ૬, ૪ એમ ભાંગા ૨૦. પાંચ સત્તાસ્થાનક હોય, તે આ પ્રમાણે–૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮. ઇહાં ૨૧ ને ઉદયે બે ભાંગા અને ૨૬ ને ઉદયે બે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાંગા એ ચાર ભાંગે પાંચ સત્તાસ્થાનક હોય, જે માટે તેઉ વાયુમાંહેથી આવ્યા વિકલેંદ્રિય પર્યાપ્તાને પણ કરણ અપર્યાપ્તપણે કિયત્કાલ લગે ૭૮ નું સત્તાસ્થાનક પામીયે. અને શેષ ૧૬ ભાંગે ચાર સત્તાસ્થાનક હોય. બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય એકેકા પર્યાપ્તાને આ પ્રમાણે હોય. તથા અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાને છ બંધસ્થાનક ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦. અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા નરક દેવ પ્રાયોગ્ય પણ બાંધે તે માટે તેને ૨૮ નું બંધસ્થાનક પણ હોય; ભાંગા ૧૩૯૨૬. છ ઉદય[1] સ્થાનક–૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧. ભાંગા ૪૯૦૪. પાંચ સત્તાસ્થાનક–૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮. ઇહાં ૨૧ ના ઉદયના આઠ ભાંગા અને ૨૬ ના ઉદયના ૨૮૮ ભાંગા એમ ૨૯૬ ને વિષે પાંચ સત્તાસ્થાનક હોય, શેષ ૪૬૦૮ ભાંગે ૭૮ નું વર્જીને ચાર સત્તાસ્થાનક હોય. ઇહાં પૂર્વલી પેરે યુક્તિ જાણવી.

તથા સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાને આઠે બંધસ્થાનક હોય– ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૧, ભાંગા ૧૩૯૪૫. ઉદયસ્થાનક આઠ હોય,–૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧. ભાંગા ૭૬૭૧ હોય.[2] ચોવીશનું તો એકેંદ્રિયને જ હોય અને ૨૦, ૯, ૮ એ ત્રણ તો કેવળીને હોય તે માટે એ ચાર ઇહાં ન કહ્યાં, ઇહાં કેવળી સંજ્ઞી માંહે વિવક્ષ્યા નથી માટે. અને ૯, ૮ એ બે ટાળીને શેષ ૧૦ સત્તાસ્થાનક હોય. ઇહાં પણ ૮, ૯ નું સત્તા સ્થાનક કેવળીને જ હોય, તેથી તે ન ગણ્યા, ઇહાં ૨૧ ના ઉદયના ભાંગા ૮ અને ૨૬ ના ઉદયના ભાંગા ૨૮૮ પર્યાપ્ત પંચેંદ્રિય તિર્યંચના, એટલાને વિષે ૭૮નું સત્તાસ્થાનક પામીએ. અન્યત્ર ન પામીએ.×

---

૧ વૈક્રિય લબ્ધિના અભાવે વૈક્રિયનો આરંભ ન કરે માટે તે સંબંધિ ઉદયભાંગા ન હોય.

૨ એકેંદ્રિયના ૪૨, વિકલેંદ્રિયના ૬૬ અને સંજ્ઞી અપર્યાપ્તાના ૨૧ અને ૨૬ના ઉદયના બે મનુષ્યના અને બે તિર્યંચના, તથા કેવળીના ૮, એમ ૧૨૦ ભાંગા ન હોય.

× સંક્ષેપ આ પ્રમાણે જાણવો–સૂક્ષ્મ એકેંદ્રિય અપર્યાપ્તને ત્રેવીશને બંધે એકવીશને ઉદયે પાંચ (૯૨–૮૮–૮૬–૮૦–૭૮) સત્તાસ્થાન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પૂર્વલી ગાથાએ બંધોદયસત્તાનાં સ્થાન કહ્યાં. હવે તેના સ્વામી કહે છે.**

---

અને ચોવીશને ઉદયે પણ એજ પાંચ સત્તાસ્થાન હોય, એમ બે ઉદયના મળી દશ સત્તાસ્થાન થયાં. ૨૫–૨૬–૨૯ અને ૩૦ ના બંધે પણ બબ્બે ઉદયસ્થાન આશ્રયી દશ દશ ભાંગા પૂર્વોક્ત હોય. એમ પાંચ બંધસ્થાનકે સર્વ મળી સત્તાસ્થાન પચાશ થયાં, બાકીના ૭ અપર્યાપ્તાને એજ રીતે પચાશ પચાશ સત્તાસ્થાન હોય પણ એટલું વિશેષ કે બેઇંદ્રિયાદિ પાંચ અપર્યાપ્તાને ચોવીશના ઉદયને બદલે છવ્વીશનો ઉદય કહેવો.

સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તાને ત્રેવીશના બંધે ચારે (૨૧–૨૪–૨૫–૨૬) ઉદયસ્થાનકે પાંચ પાંચ સત્તાસ્થાન હોવાથી વીશ થયાં, ૨૫–૨૬–૨૯ અને ૩૦ ના બંધસ્થાનકે પણ એજ વીશ વીશ સત્તાસ્થાન હોય તેથી પાંચ બંધસ્થાને સર્વ મળી સો સત્તાસ્થાન થાય.

બાદર એકેંદ્રિય પર્યાપ્તાને ત્રેવીશના બંધે ૨૧–૨૪–૨૫–૨૬ ના ઉદયે પાંચ પાંચ સત્તાસ્થાન. અને સત્તાવીશના ઉદયે ચાર સત્તાસ્થાન મળી ચોવીશ સત્તાસ્થાન હોય એવી રીતે ૨૫–૨૬–૨૯–૩૦ ના બંધસ્થાનકે પણ એજ ચોવીશ ચોવીશ સત્તાસ્થાન હોય, તેથી પાંચ બંધસ્થાને સર્વ મળી એકસો વીશ સત્તાસ્થાન થાય.

બેઇંદ્રિય પર્યાપ્તાને ત્રેવીશના બંધે એકવીશ અને છવ્વીશના ઉદયે પાંચ પાંચ સત્તાસ્થાન અને ૨૮–૨૯–૩૦–૩૧ ના ઉદયે ચાર ચાર સત્તાસ્થાન મળી ૨૬ સત્તાસ્થાન હોય. એવી રીતે ૨૫–૨૬–૨૯ અને ૩૦ ના બંધસ્થાનકે પણ છવ્વીશ છવ્વીશ સત્તાસ્થાન હોય. તેથી પાંચ બંધસ્થાનકે સર્વ મળી એકસો ત્રીસ સત્તાસ્થાન હોય.

અસંજ્ઞિપંચેંદ્રિય પર્યાપ્તાને પણ ૨૩–૨૫–૨૬–૨૯ અને ૩૦ ના બંધસ્થાનકે પૂર્વોક્ત રીતે છવ્વીશ છવ્વીશ સત્તાસ્થાન હોય. અઠ્ઠાવીશના બંધે તો ત્રીશ અને એકત્રીશ એ બે ઉદયસ્થાનકે ત્રણ ત્રણ (૯૨–૮૮–૮૬) સત્તાસ્થાન હોય. સર્વ મળી ૭ બંધસ્થાનકે ૧૩૬ સત્તાસ્થાન હોય અઠ્ઠાવીશનો બંધ દેવગતિ અથવા નરકગતિ પ્રાયોગ્ય હોય તેથી તે બંધાયે છતે વૈક્રિયચતુષ્કાદિ અવશ્ય બંધાય એટલે ૮૦ અને ૭૮ ની સત્તા ન હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સાતે અપર્યાપ્તા જીવસ્થાનક ૧, સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તા ૨, બાદર એકેંદ્રિય પર્યાપ્તા ૩, ત્રણ વિકલેંદ્રિય પર્યાપ્તા ૪. તેમ અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા ૫, અને સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા ૬.**

---

પર્યાપ્તા સંજ્ઞિપંચેંદ્રિયને ત્રેવીશના બંધે પૂર્વોક્ત છવ્વીશ સત્તાસ્થાન હોય. પચ્ચીશના બંધે પૂર્વોક્ત છવ્વીશ સત્તાસ્થાન ઉપરાંત દેવતાને ૨૫ અને ૨૭ ના ઉદયે (૯૨-૮૮) બે સત્તાસ્થાન અધિક હોવાથી ત્રીશ સત્તાસ્થાન હોય. એ પ્રકારે છવ્વીશના બંધે પણ ત્રીશ સત્તાસ્થાન હોય. ૨૮ના બંધે આઠ ઉદયસ્થાન હોય તે પ્રમાણે ૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧. તે મધ્યે ૨૧-૨૫-૨૬-૨૭-૨૮ અને ૨૯ એ ૭ ઉદયસ્થાને ૯૨ અને ૮૮ એ બે સત્તાસ્થાન દરેકને હોય: ત્રીશને ઉદયે ૯૨-૮૯-૮૮-૮૬ એ ચાર સત્તાસ્થાન હોય એકત્રીશને ઉદયે ૯૨-૮૮-૮૬ એ ત્રણ સત્તાસ્થાન હોય એટલે સર્વ મળી ૧૯ સત્તાસ્થાન થયાં, ૨૯ના બંધે ૨૫ ના બંધની પેઠે ત્રીશ સત્તાસ્થાન ઉપરાંત અધિક છે તે કહે છે-અવિરત સમ્યગ્દ્રષ્ટિને દેવ પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિ બાંધતાં ૨૧-૨૬-૨૮-૨૯ અને ૩૦ ના ઉદયે દરેકને ૯૩-૮૯ એ બે સત્તાસ્થાન હોય. ૨૫ અને ૨૭ના ઉદયે વૈક્રિય દેશવિરત અને સંયતને આશ્રયીને પણ એ બે બે સત્તાસ્થાન હોય. અથવા આહારકસંયતને આશ્રયીને ૨૫ અને ૨૭ના ઉદયે ૯૩ ની સત્તા હોય. તીર્થંકર નામકર્મની સત્તાવાળા નારક મિથ્યાદ્રષ્ટિને ૮૯ ની સત્તા હોય એમ સર્વ મળી ૪૪ સત્તાસ્થાન હોય. ત્રીશના બંધે પણ ૨૫ ના બંધની પેઠે ત્રીશ સત્તાસ્થાન ઉપરાંત દેવતાને મનુષ્યગતિ પ્રાયોગ્ય તીર્થંકર નામકર્મ સહિત ત્રીશ પ્રકૃતિ બાંધતાં ૨૧-૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦ એ ૭ ઉદયે ૯૩-૮૯ એ બે બે સત્તાસ્થાન હોવાથી ૪૨ સત્તાસ્થાન હોય, એકત્રીશના બંધે જિનનામ આહારકદ્વિકને બાંધતાં ૯૩ નું સત્તાસ્થાન હોય. એકને બંધે ૯૩-૯૨-૮૯-૮૮-૮૦-૭૯-૭૬-૭૫ એ આઠ સત્તાસ્થાનો હોય. તેમાંના પ્રથમના ચાર ઉપશમશ્રેણિએ અથવા જ્યાં સુધી નામકર્મની તેર પ્રકૃતિ ક્ષય થઇ ન હોય ત્યાં સુધી ક્ષપકશ્રેણિએ પણ હોય અને તેર પ્રકૃતિને ક્ષયે પાછળના ચાર સત્તાસ્થાન હોય. બંધના અભાવે પણ એજ આઠ સત્તાસ્થાન હોય પણ એટલું વિશેષ છે કે પ્રથમના ચાર ઉપશાંતમોહે અને પછીના ચાર ક્ષીણમોહ ગુણસ્થાને હોય. એમ સર્વ મળી ૨૦૮ સત્તાસ્થાન હોય અને જો દ્રવ્યમન સંબંધે કેવળીને સંજ્ઞિ ગણીયે તો તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ છનાં અનુક્રમે પૂર્વ ગાથાએ ઉક્ત બંધોદય સત્તાસ્થાનક કહેવાં. ॥ ૪૧-૪૨ ॥

---

૨૬ સત્તાસ્થાન વધારે ગણતાં સર્વ મળી ૨૩૪ સત્તાસ્થાન સંજ્ઞિ પંચેંદ્રિયનાં થાય. આ ૨૬ સત્તાસ્થાનની ભાવના સામાન્ય સંવેધમાં પૂર્વે કહી છે તે પ્રમાણે જાણવી, ત્યાં ૩૦ ગણેલ છે પણ તેમાં ૪ અગ્યારમા ગુણઠાણાનાં ગણેલ છે તે અહીં ન ગણવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૪ જીવસ્થાનાનાં બંધસ્થાનેષુ ભંગસંખ્યાયંત્રકમ્ ॥

| સૂક્ષ્મએકેં૦ અ૦ | | સૂ. એકેં. પ. | | બા. એ૦ અ૦ | | બા. એ. પ૦. | | બેઈંદ્રિય અ૦ | | બેઈંદ્રિય પર્યા૦ | | તેઈંદ્રિય અ૦ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૪ | ૨૩ | ૪ | ૨૩ | ૪ | ૨૩ | ૪ | ૨૩ | ૪ | ૨૩ | ૪ | ૨૩ | ૪ |
| ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ |
| ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ |
| ૨૯ | ૯૨૪૦ | ૨૯ | ૯૨૪૦ | ૨૯ | ૯૨૪૦ | ૨૯ | ૯૨૪૦ | ૨૯ | ૯૨૪૦ | ૨૯ | ૯૨૪૦ | ૨૯ | ૯૨૪૦ |
| ૩૦ | ૪૬૩૨ | ૩૦ | ૪૬૩૨ | ૩૦ | ૪૬૩૨ | ૩૦ | ૪૬૩૨ | ૩૦ | ૪૬૩૨ | ૩૦ | ૪૬૩૨ | ૩૦ | ૪૬૩૨ |
| ૫ | ૧૩૯૧૭ | ૫ | ૧૩૯૧૭ | ૫ | ૧૩૯૧૭ | ૫ | ૧૩૯૧૭ | ૫ | ૧૩૯૧૭ | ૫ | ૧૩૯૧૭ | ૫ | ૧૩૯૧૭ |

| તેઈંદ્રિય પર્યા૦ | | ચઉરિંદ્રિય અ૦ | | ચઉરિંદ્રિય પર્યા૦ | | અસં. પં. અ૦ | | અસં. પંચે. પ૦ | | સંજ્ઞી. પં. અ૦ | | સંજ્ઞી. પં૦ પ૦ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૪ | ૨૩ | ૪ | ૨૩ | ૪ | ૨૩ | ૪ | ૨૩ | ૪ | ૨૩ | ૪ | ૨૩ | ૪ |
| ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ |
| ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ | ૨૬ | ૧૬ |
| ૨૯ | ૯૨૪૦ | ૨૯ | ૯૨૪૦ | ૨૯ | ૯૨૪૦ | ૨૯ | ૯૨૪૦ | ૨૮ | ૯ | ૨૯ | ૯૨૪૦ | ૨૮ | ૯ |
| ૩૦ | ૪૬૩૨ | ૩૦ | ૪૬૩૨ | ૩૦ | ૪૬૩૨ | ૩૦ | ૪૬૩૨ | ૨૯ | ૯૨૪૦ | ૩૦ | ૪૬૩૨ | ૨૯ | ૯૨૪૮ |
| | | | | | | | | ૩૦ | ૪૬૩૨ | | | ૩૦ | ૪૬૪૧ |
| | | | | | | | | | | | | ૩૧ | ૧ |
| | | | | | | | | | | | | ૧ | ૧ |
| ૫ | ૧૩૯૧૭ | ૫ | ૧૩૯૧૭ | ૫ | ૧૩૯૧૭ | ૫ | ૧૩૯૧૭ | ૫ | ૧૩૯૨૬ | ૫ | ૧૩૯૧૭ | ૮ | ૧૩૯૪૫ |

## ૧૪ જીવસ્થાનાનાં ઉદયસ્થાનસંખ્યા તેષુ ભંગસંખ્યા ચ ॥

| સૂક્ષ્મ એકં૦ ડપ૦ | | સૂક્ષ્મ એકં૦ પર્યા૦ | | બાદર એ૦ડપ૦ | | બાદર એકં૦ પર્યા૦ | | બેઇંદ્રિયડપર્યા૦ | | બેઇંદ્રિયપ૦ | | તેઇંદ્રિયડપર્યા૦ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૧ | ૨૧ | ૧ | ૨૧ | ૧ | ૨૧ | ૨ | ૨૧ | ૧ | ૨૧ | ૨ | ૨૧ | ૧ |
| ૨૪ | ૨ | ૨૪ | ૨ | ૨૪ | ૨ | ૨૪ | ૫ | ૨૬ | ૧ | ૨૬ | ૨ | ૨૬ | ૧ |
| | | ૨૫ | ૨ | | | ૨૫ | ૫ | | | ૨૮ | ૨ | | |
| | | ૨૬ | ૨ | | | ૨૬ | ૧૧ | | | ૨૯ | ૪ | | |
| | | | | | | ૨૭ | ૬ | | | ૩૦ | ૬ | | |
| | | | | | | | | | | ૩૧ | ૪ | | |
| ૨ | ૩ | ૪ | ૭ | ૨ | ૩ | ૫ | ૨૯ | ૨ | ૨ | ૬ | ૨૦ | ૨ | ૨ |

| તેઇંદ્રિયપર્યા૦ | | ચઉરિંદ્રિયડપ૦ | | ચઉરિંદ્રિયપર્યા૦ | | અસં. પં.ડ પ૦ | | અસંજ્ઞીપં૦ પ૦ | | સં૦પં૦ડપ૦ | | સંજ્ઞીપંચેંદ્રિય પર્યાપ્ત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૨ | ૨૧ | ૧ | ૨૧ | ૨ | ૨૧ | ૨ | ૨૧ | ૮ | ૨૧ | ૨ | ૨૧ | ૨૫ |
| ૨૬ | ૨ | ૨૬ | ૧ | ૨૬ | ૨ | ૨૬ | ૨ | ૨૬ | ૨૮૮ | ૨૬ | ૨ | ૨૫ | ૨૬ |
| ૨૮ | ૨ | | | ૨૮ | ૨ | | (અસંજ્ઞી | ૨૮ | ૫૭૬ | | | ૨૬ | ૫૭૬ |
| ૨૯ | ૪ | | | ૨૯ | ૪ | | મનુષ્ય ૧ | ૨૯ | ૧૧૫૨ | | | ૨૭ | ૨૬ |
| ૩૦ | ૬ | | | ૩૦ | ૬ | | | ૩૦ | ૧૭૨૮ | | | ૨૮ | ૧૧૯૬ |
| ૩૧ | ૪ | | | ૩૧ | ૪ | | અસંજ્ઞી | ૩૧ | ૧૧૫૨ | | | ૨૯ | ૧૭૭૨ |
| | | | | | | | તિર્યંચ ૨) | | | | | ૩૦ | ૨૮૯૮ |
| | | | | | | | | | | | | ૩૧ | ૧૧૫૨ |
| ૬ | ૨૦ | ૨ | ૨ | ૬ | ૨૦ | ૨ | ૪ | ૬ | ૪૯૦૪ | ૨ | ૨ | ૨૦ / ૯ | ૧ |
| | | | | | | | | | | | | ૮ | ૫ |
| | | | | | | | | | | | | ૧૧ | ૭૬૭૯ |

## ૧૪ જીવસ્થાનેષુ નામકર્મણઃ પ્રકૃતીનાં બંધોદયસત્તા-સ્થાનાનિ ભંગસંખ્યા ચ તદ્યંત્રકમ્ ।

| ૧૪ જીવસ્થાનેષુ | | નામકર્મના બંધસ્થાન. ૮ | | બંધભંગાઃ ૧૩૯૪૫ |
|---|---|---|---|---|
| ૧ | એકેંદ્રિય સૂ૦ઽપ૦ | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૨ | એકેંદ્રિય સૂ૦પ૦ | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૩ | એકેંદ્રિય બા૦ઽપ | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૪ | એકેંદ્રિય બા૦પ૦ | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૫ | બેઈંદ્રિયઽપર્યા૦ | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૬ | બેઈંદ્રિય પર્યાપ્તા | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૭ | તેઈંદ્રિયઽપર્યાપ્તા | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૮ | તેઈંદ્રિયપર્યાપ્તા | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૯ | ચઉરિંદ્રિયઽપ૦ | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૧૦ | ચઉરિંદ્રિયપર્યા૦ | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૧૧ | અસંજ્ઞી પંચેંઽપ૦ | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૧૨ | ઽસંજ્ઞીપં૦પર્યા૦ | ૬ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦ | ૧૩૯૨૬ |
| ૧૩ | સંજ્ઞીપંચેંદ્રિયઽપ૦ | ૫ | ૨૩।૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૯૧૭ |
| ૧૪ | સંજ્ઞીપંચેંદ્રિયપ૦ | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧ | ૧૩૯૪૫ |
| | | ૭૪ | | ૧૯૪૮૭૫ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નામકર્મણ: ઉદયસ્થાન ૧૨ | | ઉદય ભં૦ ૭૭૯૧ | નામ્નઃ સત્તાસ્થાનાનિ | |
|---|---|---|---|---|
| ૨ | ૨૧।૨૪ | ૩ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૪ | ૨૧।૨૪।૨૫।૨૬ | ૭ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૨ | ૨૧।૨૪ | ૩ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૫ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭ | ૨૯ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૨ | ૨૧।૨૬ | ૨ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૬ | ૨૧।૨૬।૨૮।૨૯।૩૦।૩૧ | ૨૦ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૨ | ૨૧।૨૬ | ૨ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૬ | ૨૧।૨૬।૨૮।૨૯।૩૦।૩૧ | ૨૦ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૨ | ૨૧।૨૬ | ૨ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૬ | ૨૧।૨૬।૨૮।૨૯।૩૦।૩૧ | ૨૦ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૨ | ૨૧।૨૬ | ૪ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૬ | ૨૧।૨૬।૨૮।૨૯।૩૦।૩૧ | ૪૯૦૪ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૨ | ૨૧।૨૬ | ૪ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૮ | ૨૧।૨૫।૨૬।૨૭।૨૮।૨૯ ૩૦।૩૧ | ૭૬૭૧ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦ ૭૯।૭૮।૭૬।૭૫ |
| ૩ | કેવલિનાં ૨૦।૯।૮ | કે. ૮ | ૨ | કે૦૯।૮ |
| ૫૮ | | ૧૨૬૯૯ | ૭૭ | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણસ્થાને જ્ઞાનાવરણ, અંતરાય અને દર્શનાવરણના ભાંગા

**नाणंतराय तिविहमवि, दससु दो हुंति दोसु ठाणेसु।**
**मिच्छासाणे बीए, नव चउ पण नव य संतंसा ॥४३॥**

नाणंतराय=જ્ઞાનાવરણ અને અંતરાય કર્મ.
तिविहमवि=ત્રણ પ્રકારે (બંધ, ઉદય અને સત્તાની અપેક્ષાએ)
दससु=દશ (ગુણસ્થાનક) ને વિષે.
दो=બે (ઉદય અને સત્તા)
हुंति=હોય છે
दोसु=બે (ઉપશાંતમોહ, ક્ષીણમોહ)
ठाणेसु=ગુણસ્થાનકને વિષે
मिच्छासाणे=મિથ્યાત્વ અને સાસ્વાદને
बीए=બીજા (દર્શનાવરણ) ના
नव=નવનો બંધ
चउ पण=ચાર અથવા પાંચનો ઉદય
नव संतंसा=નવ સત્તાપ્રકૃતિ

**अर्थः**-જ્ઞાનાવરણ અને અંતરાય કર્મ ત્રણ પ્રકારનું (બંધ, ઉદય અને સત્તાની અપેક્ષાએ) દશ ગુણસ્થાનકને વિષે હોય બે (૧૧-૧૨) ગુણસ્થાનને વિષે ઉદય અને સત્તા બે હોય. મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણસ્થાને દર્શનાવરણને નવનો બંધ, પાંચ અથવા ચારનો ઉદય અને નવની સત્તા હોય. ॥ ૪૩ ॥

**विवेचनः**-હવે આઠ કર્મના બંધોદય સત્તાસ્થાનક અને તેના ભાંગા તે ૧૪ ગુણઠાણા આશ્રયીને કહે છે. જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મની પાંચે પ્રકૃતિ બંધ, ઉદય અને સત્તાએ મિથ્યાત્વથકી માંડીને દશમા સૂક્ષ્મસંપરાય ગુણઠાણા લગે હોય. એટલે પાંચનો બંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા હોય. અને ત્યારપછી ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ એ બે ગુણઠાણે બંધને અભાવે પાંચનો ઉદય, પાંચની સત્તા હોય, ત્યારપછી તો ઉદય સત્તા પણ ન હોય. તથા બીજું દર્શનાવરણીય કર્મ તેનો મિથ્યાત્વે અને સાસ્વાદન ગુણઠાણે નવનો બંધ, ચારનો ઉદય, નવની સત્તા ૧; નવનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા ૨; એ બે ભાંગા હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मिस्साइ नियट्टीओ, छ च्चउ पण नव य संतकम्मंसा।**
**चउबंध तिगे चउपण, नवंस दुसु जुअल छस्संता ॥४४॥**

मिस्साइ=મિશ્ર ગુણસ્થાનથી માંડીને
नियट्टीओ=અપૂર્વકરણના પહેલા સંખ્યાતમા ભાગ પર્યંત
छ=છનો બંધ.
च्चउपण=ચાર અથવા પાંચનો ઉદય.
नव संतकम्मंसा=નવ સત્તાપ્રકૃતિ
चउबंध=ચાર પ્રકૃતિનો બંધ.
तिगे=અપૂર્વકરણાદિ ત્રણ ગુણસ્થાને.
चउपण=ચાર અથવા પાંચનો ઉદય.
नवंस=નવની સત્તા.
दुसु=અનિવૃત્તિ બાદર અને સૂક્ષ્મસંપરાય ગુણઠાણે.
जुयल=બંધ અને ઉદય ચારનો.
छस्संता=છની સત્તા

**अर्थ**—મિશ્ર ગુણસ્થાનથી માંડીને અપૂર્વકરણ (ના પહેલા સંખ્યાતમા ભાગ) પર્યંત છનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવ સત્તાપ્રકૃતિ હોય. અપૂર્વકરણાદિ ત્રણ ગુણસ્થાનને વિષે ચારનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય. બે (ક્ષપક આશ્રયી ૯-૧૦) ગુણસ્થાને ચારનો બંધ તથા ઉદય અને છની સત્તા હોય. ॥ ૪૪ ॥

विवेचन:-તે પછી મિશ્ર ગુણઠાણથી માંડીને અપ્રમત્ત ગુણઠાણા લગે અને નિવૃત્તિ તે અપૂર્વકરણ તેના પહેલા સંખ્યાતમા ભાગ લગે થીણદ્ધિત્રિકનો બંધ ટળ્યો તે માટે છનો બંધ, ચારનો ઉદય, નવની સત્તા, અને છનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા, એ બે ભાંગા હોય. તે પછી અપૂર્વકરણ, અનિવૃત્તિ અને સૂક્ષ્મસંપરાય એ ત્રણ ગુણઠાણે બે નિદ્રા પણ બંધ થકી ટળી તે માટે ચારનો બંધ, ચારનો ઉદય, નવની સત્તા ૧; ચારનો બંધ પાંચનો ઉદય, નવની સત્તા ૨, એ બે ભાંગા હોય. 'અંસ' શબ્દે સત્તા જાણવી. એ બે ભાંગા ઉપશમશ્રેણિ આશ્રયી જાણવા. તથા ક્ષપકશ્રેણિ આશ્રયીને અનિવૃત્તિ બાદરનો સંખ્યાતમો ભાગ થાકતે અને સૂક્ષ્મસંપરાયે એમ બે ગુણઠાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થીણદ્ધિત્રિકની સત્તા ટળે અને ક્ષપકને અતિ વિશુદ્ધ માટે નિદ્રા એકેનો ઉદય ન હોય, ત્યારે ચારનો બંધ, ચારનો ઉદય. ૭ની સત્તા ૧; એ એકજ ભાંગો હોય. યુગલ તે બંધોદયે ચઉ શબ્દની અનુવૃત્તિ જાણવી. ॥ ૪૪ ॥

---

२ ३ २

**उवसंते चउ पण नव, खीणे चउरुदय छच्च चउ संता।**

**वेअणिआउ अ गोए, विभज्ज मोहं परं वुच्छं ॥४५॥**

| | |
|---|---|
| उवसंते=ઉપશાંતમોહે | खीणे=ક્ષીણમોહે |
| चउपण=ચાર અથવા પાંચનો ઉદય | चउरुदय=ચારનો ઉદય |
| नव=નવની સત્તા | छच्च चउ=છ અને ચારની |
| | संता=સત્તા |

**अर्थः**-ઉપશાંતમોહે ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય. ક્ષીણમોહે ચારનો ઉદય અને છ અથવા ચારની સત્તા હોય. વેદનીય, આયુષ્ય અને ગોત્રકર્મને વિષે ભાંગા વહેંચીને પછી મોહનીય કર્મને કહીશું ॥ ૪૫ ॥

**विवेचनः**-ઉપશાન્તમોહે ૧૧ મે ગુણઠાણે બંધનો અભાવ હોય, ત્યાં ચારનો ઉદય, નવની સત્તા ૧, અને પાંચનો ઉદય, નવની સત્તા ૨, એ બે ભાંગા હોય. ઉપશમને અતિવિશુદ્ધપણું નથી તે માટે નિદ્રાદ્વિકનો ઉદય હોય તેથી બે ભાંગા ઉપજે ક્ષીણમોહ ગુણઠાણે ચારનો ઉદય, ૭ની સત્તા ૧. એ ભાંગો દ્વિચરમ સમય લગે હોય. ચરમ સમયે તો બે નિદ્રાની સત્તા પણ ટળે ત્યારે ચારનો ઉદય, ચારની સત્તા ૨, એ ભાંગો હોય. તે પછી તો સર્વ ટળે.

હવે વેદનીય, આયુઃકર્મ અને ગોત્રકર્મના ભાંગા ગુણઠાણે કહીને પછી મોહનીયકર્મના ગુણઠાણે કહીશું. ॥ ૪૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણસ્થાને વેદનીય અને ગોત્રકર્મના ભાંગા.

**चउ छस्सु दुन्नि सत्तसु, एगे चउगुणिसु वेअणिअभंगा।**

**गोए पण चउ दो तिसु, एगट्ठसु दुन्नि इक्कंमि ॥४६॥**

(१ २ ५ १३ १४)

चउ=ચાર ભાંગા.
छस्सु=છ ગુણઠાણે.
दुन्नि=બે ભાંગા(ત્રીજો ચોથો)
सत्तसु=અપ્રમત્તાદિ સાત ગુણઠાણે.
एगे=એક(અયોગી કેવળી) ગુણઠાણે.
चउ=ચાર ભાંગા.
गुणिसु=ગુણઠાણે,
वेयणियभंगा=વેદનીય કર્મના ભાંગા.
गोए=ગોત્રકર્મને વિષે.
पण=પાંચ ભાંગા
चउ=ચાર ભાંગા.
दो=બે ભાંગા.
तिसु=મિશ્રાદિ ત્રણ ગુણઠાણે.
एग=એક ભાંગો.
अट्ठसु=પ્રમત્તાદિ આઠ ગુણઠાણે.
दुन्नि=બે ભાંગા.
इक्कंमि=એક (અયોગી) ગુણઠાણે

**अर्थ:**-વેદનીય કર્મના છ ગુણસ્થાને ચાર ભાંગા, અપ્રમત્તાદિ સાત ગુણસ્થાને બે ભાંગા, અને એક ગુણસ્થાને ચાર ભાંગા હોય. ગોત્રકર્મના મિથ્યાત્વે પાંચ, સાસ્વાદને ચાર, મિશ્રાદિ ત્રણ ગુણસ્થાને બે, પ્રમત્તાદિ આઠ ગુણઠાણે એક અને એક (અયોગી) ગુણસ્થાને બે ભાંગા હોય. ॥ ૪૬ ॥

**विवेचन:**-વેદનીય કર્મ અને ગોત્રકર્મના ભાંગા જાણવાને અહીં ભાષ્યની ગાથાનો ભાવ કહે છે.-મિથ્યાત્વથી માંડીને પ્રમત્ત લગે એટલે છ ગુણઠાણે વેદનીયના આઠ ભાંગા છે, તે માંહેલા ધુરિલા ચાર ભાંગા હોય, અપ્રમત્તથી સયોગી લગે સાત ગુણઠાણાને વિષે ત્રીજો, ચોથો એ બે ભાંગા હોય; એ શાતાજ બાંધે. એક અયોગી કેવળીને વિષે ચાર ભાંગા હોય, ત્યાં પાંચમો છટ્ઠો દ્વિચરમ સમય લગે અને ૭-૮ ચરમ સમયે હોય. એ પ્રમાણે વેદનીયના ભાંગા ૧૪ ગુણઠાણે જાણવા, તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોત્રકર્મના ૭ ભાંગા છે, તે માંહે મિથ્યાત્વ ગુણઠાણે પુરિલા પાંચ ભાંગા હોય. સાસ્વાદને પહેલો વર્જીને શેષ ૪ ભાંગા હોય. પહેલો ભાંગો તો તેઉ વાયુ માંહે હોય, તથા તેઉ વાયુ માંહેથી નીકળ્યાને કિયત્કાળ લગેજ હોય; ત્યાં સાસ્વાદન ગુણઠાણું ન હોય. તથા મિશ્ર અવિરત, દેશવિરત એ ત્રણ ગુણઠાણે ચોથો પાંચમો એ બે ભાંગા હોય. મિશ્રાદિક નીચૈર્ગોત્ર ન બાંધે, કેટલાએક આચાર્ય કહે છે–દેશવિરતને પાંચમો ભાંગો એકજ હોય, નીચ ઉદયે પણ ન હોય.

પ્રમત્તાદિક પાંચ ગુણઠાણે પ્રત્યેકે એકેકો ભાંગો હોય, ત્યાં પ્રમત્તાદિક પાંચ ગુણઠાણે પાંચમો ભાંગો હોય, તેને ઉચ્ચૈર્ગોત્રનોજ બંધ ઉદય હોય તે માટે, અને ૧૧, ૧૨, ૧૩, ગુણઠાણે છઠ્ઠો ભાંગો હોય. બંધના અભાવથકી એક અયોગી કેવળીને વિષે બે ભાંગાં હોય. ઉચ્ચનો ઉદય, બેની સત્તા એ દ્વિચરમ સમય લગે અને ઉચ્ચનો ઉદય, ઉચ્ચની સત્તા એ ભાંગો ચરમ સમયે હોય. ॥ ૪૬ ॥

---

## ગુણસ્થાને આયુકર્મના ભાંગા

१ २ ३ ४ ५ ७

**अट्ठच्छाहिगवीसा, सोलस वीसं च बारस छ दोसु।**

११ १४

**दो चउसु तीसु इक्कं, मिच्छाइसु आउए भंगा॥४७॥**

अट्ठच्छाहिगवीसा=અઠ્ઠાવીશ, છવ્વીસ.
सोलस वीसं=સોળ, વીશ.
बारस=બાર.
छ=છ.
दोसु=પ્રમત્ત અપ્રમત્ત બે ગુણઠાણે
दो=બે.
चउसु=(અપૂર્વકરણાદિ) ચાર ગુણઠાણે.
तिसु=ત્રણ (૧૨-૧૩-૧૪) ગુણઠાણે.
इक्कं=એક
मिच्छाइसु=મિથ્યાત્વાદિગુણઠાણે.
आउए=આયુષ્ય કર્મને વિષે.
भंगा=ભાંગા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થઃ**—મિથ્યાત્વાદિ ગુણસ્થાનોને વિષે આયુષ્ય કર્મના અઠ્ઠાવીશ, છવ્વીશ, સોળ, વીશ, બાર, બે [પ્રમત્ત અપ્રમત્ત] ને વિષે છ, ચાર ગુણસ્થાને બે અને ત્રણ ગુણસ્થાને એક ભાંગો હોય. ॥ ૪૭ ॥

## ॥ १४ गुणस्थानेषु षट्कर्मणां भंगाः ॥

| १४ | गुणस्थानेषु | ज्ञाना २ | दर्श० ११ | वेद० ८ | आयु २८ | गोत्र ७ | अंत० २ |
|---|---|---|---|---|---|---|---|
| १ | मिथ्यात्वे | १ | ऽ२ | ऽ४ | २८ | ऽ५ | १ |
| २ | सास्वादने | १ | ऽ२ | ऽ४ | २६ | ४ | १ |
| ३ | मिश्रे | १ | ३।४।२ | ऽ४ | १६ | ४।२।४ | १ |
| ४ | अविरते | १ | २ | ऽ४ | २० | २ | १ |
| ५ | देशविरते | १ | २ | ऽ४ | १२ | २ | १ |
| ६ | प्रमत्त सं० | १ | २ | ऽ४ | ६ | १ | १ |
| ७ | अप्रमत्त० | १ | २ | ३।४।२ | ६ | १ | १ |
| ८ | अपूर्वकर० | १ | ४ | २ | २ | १ | १ |
| ९ | अनिवृत्ति० | १ | ३ | २ | २ | १ | १ |
| १० | सूक्ष्मसंपराये | १ | ३ | २ | २ | १ | १ |
| ११ | उपशान्त० | ऽ१ | ५।१।२ | २ | २ | ऽ१ | १ |
| १२ | क्षीणमोहे | ऽ१ | १०।११।२ | २ | १ | ऽ१ | १ |
| १३ | सयोगीकेवली | ० | ० | २ | १ | ऽ१ | ० |
| १४ | अयोगीकेवली | ० | ० | ऽ४ | १ | ऽ१ | ० |

વિવેચન—હવે આયુઃકર્મના ભાંગા જાણવાને અર્થે આ અંતર્ભાષ્ય ગાથાનો ભાવ કહે છે.—મિથ્યાત્વ ગુણઠાણે આયુઃકર્મના અઠ્ઠાવીશે ભાંગા હોય. સાસ્વાદન ગુણઠાણે ૨૬ ભાંગા હોય; જે માટે મનુષ્ય તિર્યંચ સાસ્વાદને વર્ત્તતા નરકાયુ ન બાંધે તે બે ઓછા હોય મિશ્રગુણઠાણે ૧૬ ભાંગા હોય, મિશ્રદૃષ્ટિ આઉખું ન બાંધે તે માટે આયુર્બંધ કાળના નારકીના બે ભાંગા,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિર્યંચના ૪ ભાંગા, મનુષ્યના ૪ ભાંગા અને દેવતાના ૨ ભાંગા એવં ૧૨ ભાંગા ન હોય, શેષ ૧૬ ભાંગા હોય. તથા અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે ૨૦ ભાંગા હોય, તે આ પ્રમાણે=તિર્યંચના આયુર્બંધ કાળે નરક તિર્યંચ મનુષ્યાયુ બંધના ભાંગા ૩. એમ ૩ મનુષ્યના, દેવતાને આયુર્બંધ કાળે તિર્યંચાયુ બંધનો ભાંગો ૧, એમ નારકીને ભાંગો ૧, એવં ભાંગા ૮ અવિરતસમ્યગ્દૃષ્ટિને ન સંભવે, શેષ ૨૦ ભાંગા હોય. દેશવિરત ગુણઠાણે ૧૨ ભાંગા હોય તે આ પ્રમાણે=દેશવિરતિ મનુષ્ય તિર્યંચ એક દેવતાનુંજ આયુ બાંધે તે માટે તિર્યંચ અને મનુષ્યને પ્રત્યેકે પરભવાયુ-બંધકાળ થકી પૂર્વે એકેકો ભાંગો ૧, પરભવાયુર્બંધકાળે એકેક ભાંગો ૧ અને આયુર્બંધકાળ પછી ચારે ભાંગા હોય. જે ભણી કોઇક તિર્યંચ મનુષ્ય ચારે માંહેલું એક આયુ બાંધીને પછી દેશવિરતિપણું પામે તે માટે એ છ મનુષ્યના અને છ તિર્યંચના એવં ૧૨ ભાંગા હોય. તથા પ્રમત્ત અને અપ્રમત્ત એ બે ગુણ-ઠાણે છ છ ભાંગા હોય. એ ગુણઠાણે મનુષ્યના ૬ ભાંગા દેશ-વિરતિની પરે જાણવા. આયુર્બંધકાળથી પૂર્વે ૧, બંધકાળે ૧, બંધકાળ પછી ૪, એવં ૬, તથા અપૂર્વકરણ ૧, અનિવૃત્તિ બાદર ૨, સૂક્ષ્મસંપરાય ૩, અને ઉપશાન્તમોહ ૪. એ ચાર ગુણઠાણે બે બે ભાંગા ઉપશમશ્રેણિ આશ્રયીને હોય. તે કેમ? મનુષ્યાયુનો ઉદય અને મનુષ્યઆયુની સત્તા એ ભાંગો આયુ-ર્બંધ કાળ થકી પૂર્વે હોય અને મનુષ્યાયુનો ઉદય અને મનુષ્ય દેવાયુની સત્તા એ ભાંગો આયુર્બંધ પછી હોય. એ ૪ ગુણઠા-ણાવાળા આયુ તો બાંધે નહીં અને પૂર્વે પણ દેવતાનું આયુ બાંધ્યું હોય તે જ ઉપશમશ્રેણિ કરે પણ શેષ ૩ આયુ બાંધ્યા હોય તે ઉપશશ્રેણિ ન કરે. અને પૂર્વબદ્ધાયુ હોય તે ક્ષપકશ્રેણિ તો પડિવજે જ નહીં તે માટે ક્ષપકશ્રેણિવાળાને તો મનુષ્યાયુ-નો ઉદય. મનુષ્યાયુની સત્તા ૧, એ એકજ ભાંગો આયુઃકર્મનો હોય. તથા ક્ષીણમોહ ૧, સયોગી ૨, અયોગી ૩, એ ૩ ગુણ-ઠાણે એકેકો ભાંગો હોય,–મનુષ્યાયુનો ઉદય, મનુષ્યાયુની સત્તા સત્તા ૧, એ મિથ્યાત્વાદિક ૧૪ ગુણઠાણે આયુઃકર્મના બંધોદય સત્તા સંવેધે ભાંગા જાણવા તે સર્વ મળી [૧૨૫] એકસો પચીસ થાય. ॥ ૪૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણસ્થાને મોહનીય કર્મનાં બંધસ્થાન.

**गुणठाणएसु अट्ठसु, इक्किक्कं मोहबंधठाणं तु ।**
**पंच अनिअट्टिठाणे, बंधोवरमो परं तत्तो ॥४८॥**

| | |
|---|---|
| **गुणठाणएसु**=ગુણસ્થાનને વિષે | **पंच**=પાંચ બંધસ્થાન |
| **अट्ठसु**=આઠ. | **अनियट्टिठाणे**=અનિવૃત્તિગુણઠાણે |
| **इक्किक्कं**=એક એક. | **बंधोवरमो**=બંધનો અભાવ |
| **मोहबंधठाणं**=મોહનીય કર્મનું બંધસ્થાન. | **परं**=આગળ |
| | **तत्तो**=તે [અનિવૃત્તિબાદર] થી |

**अर्थ**–મિથ્યાત્વાદિ આઠ ગુણસ્થાનને વિષે મોહનીય કર્મનું બંધસ્થાન એક એક હોય. અનિવૃત્તિબાદર ગુણસ્થાને પાંચ બંધસ્થાન હોય, તે [અનિવૃત્તિબાદર] થી આગળ બંધનો અભાવ હોય. ॥ ૪૮ ॥

**विवेचनः**–હવે ૧૪ ગુણઠાણાને વિષે મોહનીય કર્મનાં બંધસ્થાનક કહે છે;–મિથ્યાત્વાદિક ૮ ગુણઠાણાને વિષે મોહનીય કર્મનું એકેકું બંધસ્થાનક હોય, તે આ પ્રમાણે–મિથ્યાદૃષ્ટિને ૨૨ નું બંધસ્થાનક હોય. સાસ્વાદને ૨૧ નું, મિશ્રગુણઠાણે ૧૭ નું, અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે ૧૭ નું, દેશવિરત ગુ૦ ૧૩ નું, પ્રમત્તે ૯ નું અપ્રમત્તે ૯ નું અને અપૂર્વકરણે ૯નું બંધસ્થાનક હોય ભાંગા મિથ્યાત્વે ૬, સાસ્વા૦ ૪, મિશ્રે૦ ૨, અવિ૦ ૨ દેશ૦ ૨, પ્રમત્તે ૨, અપ્રમત્તે ૧, અપૂર્વક૦ ૧, તથા અનિવૃત્તિબાદરે પાંચ બંધસ્થાનક હોય, તે આ પ્રમાણે–૫, ૪, ૩, ૨, ૧. ઇહાં ભાંગો એકેકો હોય. તે પછી સૂક્ષ્મસંપરાયાદિ ગુણઠાણે બંધનો ઉપરમ હોય એટલે મોહનીય કર્મનો બંધ નથી. ॥ ૪૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણસ્થાને મોહનીયકર્મનાં ઉદયસ્થાન.

सत्ताइ दस उ मिच्छे, सासायणमीसए नवुक्कोसा ।
छाई नव उ अविरए, देसे पंचाइ अट्ठेव ॥४९॥
विरए खओवसमिए, चउराई सत्त छच्च पुव्वंमि ।
अनिअट्टिबायरे पुण, इक्को व दुवे व उदयंसा ॥५०॥

सत्ताइदसउ=સાતપ્રકૃતિથી માંડીને દશ પર્યંતનાં.
मिच्छे=મિથ્યાત્વે.
सासायणमीसए=સાસ્વાદન અને મિશ્રે.
नवुक्कोसा=સાતથી માંડીને નવ પર્યંતનાં.
छाईनव उ=છથી માંડીને નવ પર્યંતનાં.
अविरए=અવિરત સમ્યગ્દૃષ્ટિએ
देसे=દેશવિરતે.
पंचाइअट्ठेव=પાંચથી આઠનાં
विरएखओवसमिए=પ્રમત્ત, અપ્રમત્તે.
चउराईसत्त=ચારથી સાતપર્યંતનાં
छ=ચારથી ૭ પર્યંતનાં.
पुव्वंमि=અપૂર્વકરણે.
अनियट्टिबायरे=અનિવૃત્તિ બાદર ગુણઠાણે
पुण=વળી.
इक्को=એક.
व=અથવા.
दुवे=બે.
उदयंसा=ઉદયસ્થાનો.

**अर्थ**—મિથ્યાત્વે સાત પ્રકૃતિથી માંડીને ઉત્કૃષ્ટ દશ પર્યંત, સાસ્વાદન અને મિશ્રે સાતથી નવ પર્યંતના, અવિરત સમ્યગ્દૃષ્ટિએ છથી નવ પર્યંતના, દેશવિરતે પાંચથી આઠ પર્યંતના પ્રમત્તે તથા અપ્રમત્તે ચારથી ૭ પર્યંતના, અપૂર્વકરણે ચારથી ૭ પર્યંતના અને અનિવૃત્તિ બાદર ગુણઠાણે વળી એક અથવા બે ઉદયસ્થાનો મોહનીયનાં હોય. ॥ ૪૯-૫૦ ॥

**विवेचन:**—હવે ૧૪ ગુણઠાણે મોહનીય કર્મનાં ઉદયસ્થાનક કહે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાત્વ ગુણઠાણે સાતથી માંડીને દશ લગે ૭, ૮, ૯, ૧૦ એ ચાર ઉદયસ્થાનક હોય. ત્યાં ભાંગા પૂર્વે કહ્યા તેમ જાણવા, ચોવીશી આઠ હોય. તથા સાસ્વાદને અને મિશ્રે સાતથી માંડીને નવ લગે-૭, ૮, ૯. એ ત્રણ ત્રણ ઉદયસ્થાનક હોય. સાસ્વાદને ચાર ચોવીશી અને મિશ્રે ૪ ચોવીશી ભાંગા હોય. અવિરત સમ્યક્ત્વ ગુણઠાણે છ થી માંડી નવ લગે-૬, ૭, ૮, ૯. એ ચાર ઉદયસ્થાનક હોય. ત્યાં આઠ ચોવીશી ભાંગા ઉપજે, દેશવિરતિ ગુણઠાણે પાંચથી માંડીને આઠ લગે-૫, ૬, ૭, ૮. એ ચાર ઉદયસ્થાનક હોય, ત્યાં પણ આઠ ચોવીશી ભાંગા હોય.

શ્રેણિ હેઠે વર્ત્તતો વિરત તે ક્ષાયોપશમિકવિરત કહીયે, તે પ્રમત્ત અપ્રમત ગુણઠાણાવાળો હોય, ત્યાં પ્રમત્તે અને અપ્રમત્તે પ્રત્યેકે ચાર થકી માંડીને સાત લગે ૪, ૫, ૬, ૭ એ ચાર ચાર ઉદયસ્થાનક હોય. ત્યાં પ્રમત્તે આઠ ચોવીશી અને અપ્રમત્તે આઠ ચોવીશી ભાંગા ઉપજે. અપૂર્વકરણ ગુણઠાણે ચારથી માંડી છ લગે-૪, ૫, ૬. એ ત્રણ ઉદયસ્થાનક હોય, ત્યાં ચાર ચોવીશી ભાંગા હોય. અનિવૃત્તિબાદર ગુણઠાણે એક અથવા બેનો ઉદય હોય. એ બે ઉદયસ્થાનક હોય, ત્યાં કષાય સંજ્વલનના ચાર માંહેલો એક અને વેદ ત્રણ માંહેલો એક એવં બે પ્રકૃતિનું ઉદસ્થાનક હોય, ત્યાં બાર ભાંગા હોય. તે ચતુર્વિધ, ત્રિવિધ, દ્વિવિધ અને એકવિધ બંધને વિષે પામીયે. ત્યાં યદ્યપિ પૂર્વે ચતુર્વિધ બંધે ચાર, ત્રિવિધ બંધે ત્રણ, દ્વિવિધ બંધે બે અને એકવિધ બંધે એક, એવં દશ ઉદય ભાંગા કહ્યા છે, તો પણ ઇહાં સામાન્યપણે ચાર, ત્રણ, બે અને એકના બંધની અપેક્ષાએ એકેક ભાંગો હોય, એવં ૪ ભાંગા વિવક્ષીએ એટલે નવમે ગુણ-ઠાણે ૧૬ ભાંગા હોય. ॥ ૪૯-૫૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एगं सुहुमसरागो, वेएइ अवेअगा भवे सेसा ।**
**भंगाणं च पमाणं, पुव्वुद्दिट्ठेण नायव्वं ॥५१॥**

| | |
|---|---|
| एगं=એકને. | सेसा=બાકીના [૧૧-૧૨-૧૩-૧૪] |
| सुहुमसरागो=સૂક્ષ્મસંપરાય-વાળો | भंगाणं=ભાંગાનું. |
| वेएइ=વેદે. | पमाणं=પ્રમાણ |
| अवेअगा=અવેદક. | पुव्वुद्दिट्ठेण=પૂર્વે કહ્યા મુજબ. |
| भवे=હોય. | नायव्वं=જાણવું. |

**अर्थः**—સૂક્ષ્મસંપરાયવાળો એક પ્રકૃતિ વેદે, બાકીના [૧૧-૧૨-૧૩-૧૪] ગુણસ્થાનવાળા અવેદક [ઉદય વિનાના] હોય. ભાંગાનું પ્રમાણ પૂર્વે કહ્યા મુજબ જાણવું ॥ ૫૧ ॥

**विवेचन**—સૂક્ષ્મસંપરાય ગુણઠાણે એક કિટ્ટીકૃત સંજ્વલન લોભ વેદે તે માટે એકનું ઉદયસ્થાનક અને એક ભાંગો હોય. એમ એકોદયના સર્વ મળી ૫ ભાંગા હોય. શેષ ઉપરના ઉપશાન્તમોહાદિક ૪ ગુણઠાણાં અવેદક હોય એટલે ત્યાં મોહનીયનો ઉદય ન હોય. અહીં મિથ્યાત્વાદિક ગુણઠાણે ઉદયસ્થાનકના ભાંગાનું પ્રમાણ અને ભાંગાનું ઉપજાવવું તે પૂર્વે મોહનીયનાં ઉદયસ્થાનકે ભાંગા વિચાર્યા છે તેમ જાણવું. ॥ ૫૧ ॥

## મોહનીયકર્મના ઉદયસ્થાને ભંગ સંખ્યા

**इक्क छडिक्कारिक्का–रसेव इक्कारसेव नव तिन्नि ।**
(૧૦ ૯ ૮ ૭ ૬ ૫ ૪)

**एए चउवीसगया, बार दुगे पंच इक्कंमि ॥५२॥**
(૫૨ ... ૨)

| | |
|---|---|
| इक्क=એક. | इक्कारसेव=અગ્યારજ |
| छड=છ. | नव=નવ. |
| इक्कार=અગ્યાર. | तिन्नि=ત્રણ. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| एए=એ. | पंच=પાંચ. |
| बार=બાર ભાંગા. | इक्कंमि=એકના ઉદયે. |
| दुगे=બે ઉદયે | |

**अर्थः**–દશાદિ (૧૦–૯–૮–૭–૬–૫–૪) ઉદયસ્થાન આશ્રયી અનુક્રમે એક, છ, એક, અગ્યાર, અગ્યાર, નવ અને ત્રણ ચોવીશી ભાંગા હોય. બેના ઉદયે બાર ભાંગા અને એકના ઉદયે પાંચ ભાંગા હોય. ॥ ૫૨ ॥

**विवेचनः**–હવે દશાદિકે ઉદયસ્થાનકે ગુણઠાણાં આશ્રયીને ભાંગાની સંખ્યા કહે છે.–દશને ઉદયે એક ચોવીશી; નવને ઉદયે છ ચોવીશી, આઠને ઉદયે અગ્યાર ચોવીશી, અને સાતને ઉદયે અગ્યાર ચોવીશી ભાંગા ઉપજે. છને ઉદયે પણ અગ્યાર ચોવીશી ઉપજે અને પાંચને ઉદયે નવ ચોવીશી ભાંગા ઉપજે. ચારને ઉદયે ત્રણ ચોવીશી ઉપજે. એ સર્વ મળીને બાવન (૫૨) ચોવીશી ઉપજે. બેને ઉદયે બાર ભાંગા ઉપજે અને એકને ઉદયે પાંચ ભાંગા ઉપજે. ॥ ૫૨ ॥

---

१२९५

**बारसपणसट्ठिसया, उदयविगप्पेहिं मोहिआ जीवा ।**
**चुलसीई सत्तुत्तरि, पयविंदसएहिं विन्नेआ ॥५३॥**

| | |
|---|---|
| बारसपणसट्ठिसया=બારશે પાંસઠ | चुलसीई सत्तुत्तरिपयविंदसएहिं= ૮૪૭૭ પદના સમૂહે કરીને |
| उदयविगप्पेहिं=ઉદયના વિકલ્પે | विन्नेया=જાણવા. |
| मोहिया=મોહ્યા–મૂંઝાયેલા | |
| जीवा=સંસારી જીવો. | |

**अर्थः**–બારસો અને પાંસઠ ઉદયના વિકલ્પોવડે અને ચોરાશીસો ને સીત્યોત્તેર પ્રકૃતિના સમૂહે કરી સંસારી જીવો મુંઝાયેલા જાણવા. ॥ ૫૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચનઃ—હવે એ સર્વ ભાંગાની સરવાળે સંખ્યા કહે છે. બાવન ચોવીશી છે એટલે તે બાવનને ચોવીશ ગુણા કરીને દ્વિકોદયના (૧૨) બાર ભાંગા અને એકોદયના પાંચ ભાંગા ભેળવીએ. ત્યારે બારસો અને પાંસઠ (૧૨૬૫) ભાંગા થાય. એટલા ઉદયને ભાંગે કરીને સર્વ સંસારી જીવ મોહનીય કર્મમાં મોહ્યા-મુંઝાણા પડયા છે-મુંઝાઈ રહ્યા છે. તેની પદ સંખ્યા કહે છે, એકેકા ભાંગા માંહે મોહનીયની જેટલી પ્રકૃતિ બોલાય તે ભાંગા માંહે તેટલાં પદ કહીયે દશને ઉદયે ૧ ચોવીશી, તે માટે દશને એક ગુણા કરતાં ૧૦, નવને ઉદયે છ ચોવીશી તે માટે નવને છ ગુણા કરતાં (૫૪) ચોપન; એમ આઠને અગ્યાર ગુણા કરતાં ૮૮, સાતને અગ્યાર ગુણા કરતાં ૭૭, છને અગ્યાર ગુણા કરતાં ૬૬, પાંચને નવ ગુણા કરતાં ૪૫, ચારને ત્રિગુણા કરતાં ૧૨, એ સર્વ મળીને ૩૫૨ એટલી પદની ચોવીશી થઇ, એકેકી માંહે ૨૪ ભાંગા છે. તે માટે ૩૫૨ને ચોવીશ ગુણા કરીયે ત્યારે ૮૪૪૮ થયા. તે માંહે દ્વિકોદયના ૧૨ ભાંગા છે તે માટે તેને બે ગુણા કીધે ૨૪ થયા, અને એકોદયના પાંચ ભાંગા એવં ૨૯ ભાંગા ભેળવીયે ત્યારે ૮૪૭૭ એટલા મોહનીયના પદબુંદ થાય. ગુણઠાણાની અપેક્ષાએ એટલા મોહનીયકર્મના પદવૃંદે કરીને સર્વ સંસારી જીવ મુંઝાણા જાણવા. ॥ ૫૩ ॥

ગુણસ્થાને મોહનીયકર્મના ઉદયભાંગા.

(૧) अट्ठग (૨) चउ (૩) चउ (૭) चउरट्ठगा य, (૮) चउरो अ हुंति चउवीसा।

मिच्छाइ अपुव्वंता, बारस पणगं च (૯) अनि(૧૦)अट्टी ॥५४॥

| | |
|---|---|
| अट्ठग=આઠ | अट्ठगा=આઠ |
| चउ=ચાર | चउरो=ચાર |
| चउर=ચાર ગુણસ્થાને [૪થી૭] | हुंति=હોય. |

चउवीसा=ચોવીશી ભાંગા
मिच्छाइ=મિથ્યાત્વ ગુણસ્થાનથી
अपुव्वंता=અપૂર્વકરણ પર્યંત
बारस=બાર ભાંગા
पणगं=પાંચ
च=ચ શબ્દે "અનિવૃત્તિબાદરે ચાર અને સૂક્ષ્મસંપરાયે એક" લેવું.
अनियट्टि=અનિવૃત્તિ બાદરે

**अर्थ:**—આઠ, ચાર, ચાર, ચાર ગુણસ્થાને આઠ, આઠ અને ચાર ચોવીશી ભાંગા મિથ્યાત્વ ગુણસ્થાનથી અપૂર્વકરણ પર્યંત અનુક્રમે હોય છે. અનિવૃત્તિબાદર ગુણસ્થાને બાર અને પાંચ ભાંગા હોય. ॥ ૫૪ ॥

**विवेचन:**—હવે મિથ્યાત્વાદિક ગુણઠાણે પ્રત્યેકે મોહનીયના ઉદયના ભાંગા પ્રરૂપવાને અર્થે આ અન્તર્ભાષ્ય ગાથાનો ભાવ કહે છે.–મિથ્યાત્વે આઠ ચોવીશી, સાસ્વાદને ચાર ચોવીશી અને મિશ્રે ચાર ચોવીશી ભાંગા હોય, અવિરત, દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્ત એ ચાર ગુણઠાણે આઠ આઠ ચોવીશી ભાંગા પ્રત્યેકે હોય. અપૂર્વકરણે ચાર ચોવીશી હોય. મિથ્યાત્વ થકી માંડીને અપૂર્વકરણ લગે (૫૨) બાવન ચોવીશી થાય. અનિવૃત્તિ ગુણઠાણે બેને ઉદયે ૧૨ ભાંગા અને એકને ઉદયે ૪ ભાંગા હોય. અને એકને ઉદયે એક ભાંગા સૂક્ષ્મસંપરાયે હોય. એવં ૧૭ ભાંગા થાય. બાવનને ચોવીશ ગુણા કરી તેમાં સત્તર ભેળવીએ એટલે ૧૨૬૫ ભાંગા થાય ॥ ૫૪ ॥

---

## ગુણસ્થાને યોગાદિનાં ભાંગા

**जोगोवओगलेसा,–इएहिं गुणिआ हवंति कायव्वा।**
**जे जत्थ गुणट्ठाणे, हवंति ते तत्थ गुणकारा ॥५५॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **जोगोवओगलेसाइएहिं**=યોગ, ઉપયોગ અને લેશ્યાદિકે | **जत्थ गुणठाणे**=જે ગુણસ્થાનકે |
| **गुणियाकायव्वा**=ગુણેલા કરવા-ગુણવા | **ते**=તેટલા |
| **हवंति**=થાય | **तत्थ**=તે ગુણસ્થાનકે |
| **जे**=જે યોગાદિ | **गुणकारा**=ગુણાકાર-ગુણનારા જાણવા અર્થાત્ તેટલાએ ગુણવા. |

**अर्थः**—યોગ, ઉપયોગ અને લેશ્યાદિકે (એ પૂર્વોક્ત ઉદય ભાંગા વિગેરેને) ગુણવા. જે ગુણસ્થાને જેટલા યોગાદિ હોય તેટલા તે ગુણસ્થાને ગુણકાર જાણવા. ॥ ૫૫ ॥

**વિવેચન**—હવે એ ઉદયભાંગા તથા પદવૃંદ તે યોગ, ઉપયોગ અને લેશ્યા સાથે ગુણવા તે કહે છે.–યોગ, ઉપયોગ અને લેશ્યાદિકે કરીને ઉદયભાંગા તથા પદવૃંદ તે ગુણા કરવા એટલે મિથ્યાત્વાદિક ગુણઠાણે જ્યાં યોગ, ઉપયોગ અને લેશ્યા વગેરે જેટલા હોય, તેટલા ત્યાં ગુણાકાર-ગુણક જાણવા-તેટલા ગુણ કરવા.

ત્યાં પ્રથમ યોગના ગુણાકારની ભાવના લખીએ છીએ-ચાર મનોયોગ, ચાર વચનયોગ અને ઔદારિક કાયયોગ, એ નવ યોગ મિથ્યાત્વથી માંડીને દશ ગુણઠાણે હોય. મિથ્યાત્વે એ નવ યોગ અને વૈક્રિય કાયયોગ મળી ૧૦ હોય. મિથ્યાત્વે ઉદયની આઠ ચોવીશી છે તે દશ યોગ ગુણી કરીએ ત્યારે ૮૦ થાય. અને વૈક્રિયમિશ્ર ૧, ઔદારિક મિશ્ર ૨ અને કાર્મણ ૩ એ ત્રણ યોગે પ્રત્યેકે ચાર ચાર ચોવીશી હોય; અનંતાનુબંધિના ઉદય સહિત જે ૪ ચોવીશી તે ઇહાં જાણવી, પણ અનંતાનુબંધિ રહિત ૪ ચોવીશી ઇહાં ન પામીએ. જે માટે જે વેદક સમ્યક્ત્વવંતે પૂર્વે અનંતાનુબંધિની વિસંયોજના કરી છે તેને પરિણામની પરાવૃત્તિએ મિથ્યાત્વ પામતાં ફરી અનંતાનુબંધિ બાંધવા માંડે ત્યારે બંધાવલિકાલગે જ અનંતાનુબંધિનો ઉદય ન પામીએ. તે અનંતાનુબંધિ રહિત મિથ્યાત્વી કાળ ન કરે અને એ ૩ યોગ તો અપાંતરાલ ગતિએ તથા ઉપજતી વેળાએ હોય તિર્યંચ મનુષ્યને વૈક્રિય કરતાં વૈક્રિયમિશ્ર યોગ હોય તે ઇહાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવક્ષ્યો નથી, તે માટે એ ૩ યોગને વિષે અનંતાનુબંધિ રહિતની ૪ ચોવીશી ન પામીએ. ત્યારે ચાર જ ચોવીશી ૩ યોગ ગુણી કરીએ એટલે ૧૨ થાય. તે પૂર્વલી ૮૦ માંહિ ભેળવીએ ત્યારે મિથ્યાત્વ ગુણઠાણું ૯૨ ચોવીશી થાય. તેના ભાંગા ૨૨૦૮ થાય. તથા સાસ્વાદને ઉદય ચોવીશી ૪ અને યોગ ૧૩ હોય, ત્યાં ૧૨ ને ચોગુણા કરતાં ૪૮ ચોવીશી થાય, અને સાસ્વાદને વર્ત્તતા જીવ નરકે ન ઉપજે તે માટે સાસ્વાદને વૈક્રિય મિશ્રયોગે નપુંસક વેદ ન હોય; ત્યારે ૪ ચોવીશીને બદલે ૪ ષોડશક ઉપજે એટલે સર્વ મળીને ભાંગા ૧૨૧૬ થાય, તથા મિશ્ર ગુણઠાણે ચોવીશી ચાર અને પૂર્વોક્ત નવ યોગ અને વૈક્રિય કાયયોગ એવં ૧૦ યોગ હોય. તેને ચાર ચોવીશી ગુણા કરવાથી ૪૦ ચોવીશી થાય, તેના ભાંગા ૯૬૦ થાય. તથા અવિરત સમ્યક્ત્વ ગુણઠાણે ચોવીશી ૮ અને યોગ ૧૩ હોય. ત્યાં ૧૧ યોગને આઠ ગુણા કરવાથી ૮૮ ચોવીશી થાય. અને વૈક્રિયમિશ્રે સ્ત્રીવેદ ન હોય, વૈક્રિય કાયયોગી અવિરત સમ્યગદૃષ્ટિ સ્ત્રીવેદી દેવી માંહિ ન ઉપજે તે માટે. અને ઔદારિકમિશ્ર કાયયોગે નપુંસક વેદ ન હોય, અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય તે નપુંસકવેદી ઔદારિક કાયયોગી માંહે ન ઉપજે તે માટે એ બે યોગના આઠ આઠ ષોડશક ઉપજે ત્યારે ચોવીશી ૮૮ અને ષોડશક ૧૬ તેનાં ભાંગા સર્વ મળી ૨૩૬૮ થાય. ઈહાં ટીકાકારે ઔદારિકમિશ્રયોગીને અને કાર્મણકાયયોગીને સ્ત્રીવેદની પણ ના કહી છે. પણ તે તો પ્રત્યક્ષ જ બ્રાહ્મી, સુંદરી, શ્રીમલ્લીનાથજી અને રાજીમતી પ્રમુખ સમ્યગ્દૃષ્ટિ થકા ઈહાં સ્ત્રીવેદે ઉપજ્યાં છે. ત્યાં ઉપજતાં કાર્મણ અને ઔદારિક મિશ્રયોગ કેમ નહિ હોય? તે માટે તે વિચારવા યોગ્ય છે.તથા દેશવિરત ગુણઠાણે ચોવીશી ૮ અને વૈક્રિય વૈક્રિયમિશ્ર સહિત યોગ ૧૧ હોય, તેને આઠ ગુણા કરતાં ૮૮ ચોવીશી થાય, તેના ભાંગા ૨૧૧૨ થાય ઇહાં મનુષ્ય તિર્યંચનું ગુણપ્રત્યયિક વૈક્રિય શરીર વિવક્ષ્યું દીસે છે, તથા પ્રમત્તસંયત ગુણઠાણે ચોવીશી ૮ અને ઔદારિકમિશ્ર અને કાર્મણ વિના યોગ ૧૩ હોય. ત્યાં ૧૧ ને આઠ ગુણા કરવાથી ૮૮ ચોવીશી થાય અને આહારમિશ્ર કાયયોગીને સ્ત્રીવેદ ન હોય, જે ભણી આહારક શરીર તો ચૌદ પૂર્વધર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરૂષ જ કરે પણ સ્ત્રી ન કરે તે માટે તે બે યોગનાં બે વેદ ષોડશક થાય. તે આઠને બે ગુણા કરવાથી ૧૬ ષોડશક થાય, તેના સર્વ મળી ભાંગા ૨૩૬૮ થાય. તથા અપ્રમત્ત ગુણઠાણે ચોવીશી ૮ તેને વૈક્રિય રહિત ૧૦ યોગ સાથે ગુણતાં ૮૦ ચોવીશી થાય અને આહારક સાથે ૮ ષોડશક થાય. તેના ભાંગા ૨૦૪૮ થાય અપ્રમત્તને વૈક્રિય આહારકનો પ્રારંભ છે નહીં તે માટે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર યોગ હોય નહીં તથા અપૂર્વકરણ ગુણઠાણે ચોવીશી ૪ ને નવ યોગ સાથે ગુણતાં ૩૬ ચોવીશી થાય, તેના ભાંગા ૮૬૪ થાય. તથા અનિવૃત્તિબાદર ગુણઠાણે ચોવીશી નથી. ભાંગા ૧૬ ને યોગ ૯ની સાથે ગુણતાં ૧૪૪ ભાંગા થાય. તથા સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ભાંગો ૧, યોગ ૯ સાથે ગુણતાં ભાંગા ૯ થાય. હવે ગુણઠાણાના સર્વ મળીને યોગ સાથે ગુણેલા ઉદયભાંગા ૧૪૨૯૭ થાય. ॥ ૫૫ ॥

---

ગુણસ્થાને ઉદયપદ

**अट्ठी[१] बत्तीसं[२], बत्तीसं[३], सट्ठीमेव[४] बावन्ना[५] ।**
**चोआलं[६] दोसु[७] वीसा[८] विअ, मिच्छमाइसु[१] सामन्नं ।५६॥**

| | |
|---|---|
| अट्ठी=અડસઠ [ઉદય પદો] | ગુણસ્થાને |
| बत्तीसं=બત્રીશ | वीसा=વીસ |
| सट्ठीमेव=સાઠજ | विअ=[પાદ પૂરણ] |
| बावन्ना=બાવન | मिच्छमाइसु=મિથ્યાત્વાદિને વિષે |
| चोयालं=ચુમ્માલીશ | सामन्नं=સામાન્યે |
| दोसु=બે [પ્રમત્ત અપ્રમત્ત] | |

---

૧ ચોયાલ ચોયાલં, વીસાવિય મિચ્છમાઇસુ ઇતિ–પાઠાંતરે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ:**—અડસઠ, બત્રીશ, બત્રીશ, સાઠ, બાવન, બે ગુણસ્થાને ચુમાળીશ અને વીશ ઉદયપદો મિથ્યાત્વ ગુણસ્થાનાદિને વિષે સામાન્યે હોય. ॥ ૫૬ ॥

**વિવેચન:**–હવે ઉદયપદવૃંદ યોગ સાથે ગુણવાં તે ભાવીએ છીએ; ત્યાં ૧૪ ગુણઠાણે ઉદયપદ પ્રરૂપવાની અંતર્ભાષ્ય ગાથાનો ભાવાર્થ કહે છે–મિથ્યાત્વ ગુણઠાણે ૬૮ પદ, સાસ્વાદને ૩૨ પદ, મિશ્રે ૩૨ પદ, અવિરત સમ્યકૃત્વે ૬૦ ઉદય પદ દેશવિરતિ ગુણઠાણે (૫૨) બાવન પદ, પ્રમત્તે ૪૪ પદ, અપ્રમત્તે પણ ૪૪ ઉદય પદ, અને અપૂર્વકરણે ૨૦ પદ હોય. એ સર્વ મળીને ૩૫૨ પદ થાય અને એટલી ચોવીશી હોય. તે માટે ૩૫૨ ને ચોવીશ ગુણા કરીએ ત્યારે ૮૪૪૮ થાય અનિવૃત્તિબાદરે દ્વિકોદયે ૧૨ ભાંગા, તે માટે તેને બમણા કરવાથી ૨૪ થાય. અને એકોદયે ૫ ભાંગા એવં ૨૯ થાય. તે પૂર્વોક્ત ભાંગામાં ભેળવીએ ત્યારે ૮૪૭૭ મોહનીયનાં મિથ્યાત્વાદિક સર્વ ગુણઠાણે થઇને સામાન્યપણે થઇને પદવૃંદ થાય.

હવે ઉદયપદ યોગ સાથે ગુણવા તે આ પ્રમાણે–ચાર મનયોગ, ચાર વચનયોગ અને ઔદારિકકાયયોગ એ નવ યોગ તો સૂક્ષ્મસંપરાય લગે ધ્રુવ હોય. મિથ્યાત્વે એ નવ અને વૈક્રિય ૧, વૈક્રિયમિશ્ર ૨, ઔદારિકમિશ્ર ૩, તેમજ કાર્મણ ૪, એવં ૧૩ યોગ હોય અને સાતના ઉદયની ૧ ચોવીશી તે માટે સાત એકું ૭, આઠના ઉદયની ૩ ચોવીશી તે માટે આઠ ત્રી ૨૪, એમ નવ ત્રી ૨૭, દશ એકું ૧૦, એમ મિથ્યાત્વે સર્વ મળી ૬૮ પદ થાય. તે માંહે ૩૬ અનંતાનુબંધી સહિત હોય તેથી તેને ૧૩ યોગ સાથે ગુણીએ ૪૬૭ પદ થાય. અને ૩૨ પદ અનંતાનુબંધિ રહિત હોય, ત્યાં ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણ એ ત્રણ યોગ ન હોય; તે માટે તે ૩૨ ને દશ યોગ સાથે ગુણીએ એટલે ૩૨૦ થાય. તે બે એકઠા કરવાથી ૭૮૮ થાય, એટલાં મિથ્યાત્વ ગુણઠાણે પદ થાય તેને ૨૪ ગુણા કરવાથી ૧૮૯૧૨ પદવૃંદ થાય,

સાસ્વાદને યોગ ૧૩ અને ઉદયપદ ૩૨ હોય. ઉદયના આંકને ચોવીશી જેટલી હોય તે આંક સાથે ગુણીએ તે પદ થાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ સર્વત્ર જાણવું. ત્યાં ૩૨ પદને ૧૨ યોગ સાથે ગુણીએ એટલે ૩૮૪ ચોવીશી પદ થાય. અને વૈક્રિયમિશ્રે નપુંસકવેદ ન હોય તે માટે ૩૨ ષોડશક થાય. એવં ૪૧૬ પદ હોય, તે ૩૮૪ ને ચોવીશ ગુણા અને ૩૨ ને સોળ ગુણા કરવાથી ૯૭૨૮ પદવૃંદ થાય.

મિશ્રગુણઠાણે યોગ ૧૦ અને ઉદયપદ ૩૨ હોય માટે ૩૨ ને દશ ગુણા કરવાથી ૩૨૦ ચોવીશી પદ થાય. તે ૨૪ ગુણા કરવાથી ૭૬૮૦ પદવૃંદ થાય. અવિરત ગુણઠાણે ૧૩ યોગ અને ઉદયપદ ૬૦ હોય, ત્યાં ૧૧ યોગને ૬૦ ગુણા કરવાથી ૬૬૦ ચોવીશી પદ થાય. અને વૈક્રિયમિશ્રે સ્ત્રીવેદ ન હોય તથા ઔદારિકમિશ્રે નપુંસકવેદ ન હોય. તે માટે એ બે યોગને ૬૦ ગુણા કરવાથી ૧૨૦ ષોડશક પદ થાય. ૬૬૦ ને ચોવીશ ગુણા કરવાથી ૧૫૮૪૦ થાય અને ૧૨૦ ને સોળ ગુણા કરવાથી ૧૯૨૦ થાય. બે ભેળા કરવાથી ૧૭૭૬૦ પદવૃંદ થાય. દેશવિરતિ ગુણઠાણે વૈક્રિયદ્વિક સહિત યોગ ૧૧ અને ઉદયપદ (૫૨) બાવન હોય. તેને ૧૧ યોગ ગુણા કરવાથી ૫૭૨ ચોવીશી પદ થાય. તેને ૨૪ ગુણ કરતાં ૧૩૭૨૮ પદવૃંદ થાય. પ્રમત્ત ગુણઠાણે વૈક્રિયદ્વિક સહિત યોગ ૧૩ હોય અને ઉદય પદ ૪૪ હોય માટે ૪૪ ને આહારકદ્વિક ટાળી ૧૧ ગુણા કરીએ ત્યારે ૪૮૪ ચોવીશીપદ થાય. આહારકદ્વિકે સ્ત્રીવેદ ન હોય, ત્યારે ૮૮ ષોડશકપદ હોય, ૪૮૪ ને ચોવીશ ગુણા કરીએ અને ૮૮ ને સોળગુણા કરી ભેળા કરીએ એટલે ૧૩૦૨૪ પદવૃંદ થાય અપ્રમત્ત ગુણઠાણે બે મિશ્ર વિના ૧૧ યોગ હોય. ઉદયપદ ૪૪ હોય. તેને આહારક ટાળી ૧૦ ગુણા કરવાથી ૪૪૦ ચોવીશીપદ થય. અને આહારક સ્ત્રીવેદે ન હોય તે માટે ૪૪ ષોડશક થાય બન્નેનાં મળીને ૧૧૨૬૪ પદવૃંદ થાય. અપૂર્વકરણ ગુણઠાણે યોગ ૯ અને ઉદયપદ ૨૦ હોય માટે ૨૦ ને નવ યોગ ગુણા કરવાથી ૧૮૦ ચોવીશીપદ હોય. તેને ૨૪ ગુણા કરતાં ૪૩૨૦ પદવૃંદ થાય. અનિવૃત્તિબાદરે યોગ ૯ હોય, જ્યહાં ઉદયપદ નથી. ભાંગા ૨૮ છે તેને નવ ગુણા કરવાથી ૨૫૨ પદવૃંદ હોય, સૂક્ષ્મસંપરાયે યોગ ૯ અને ભાંગો ૧ તેથી ૯ પદવૃંદ થાય. એમ સર્વ ગુણઠાણે મળી યોગ ગુણિત કરતાં ૩૮૨૮ ચોવીશીપદ અને ૨૮૪ ષોડશકપદ થાય. તેના ૯૬૬૭૭ પદવૃંદ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે ઉપયોગ ગુણિત ઉદય ભાંગા ભાવીએ છીએ. મિથ્યાત્વે અને સાસ્વાદને અજ્ઞાન ૩ અને દર્શન બે એવં પાંચ ઉપયોગ હોય. મિશ્ર અવિરત અને દેશવિરતે જ્ઞાન ૩ અને દર્શન ૩ એવં ૬ ઉપયોગ હોય. પ્રમત્તાદિકે જ્ઞાન ૪ અને દર્શન ૩ એવં ૭ ઉપયોગ હોય, જે ગુણઠાણે જેટલી ચોવીશી તથા ભાંગા હોય તેને પોતપોતાના ઉપયોગ ગુણા કરીએ ત્યારે ઉપયોગ ગુણિત ચોવીશી અને ઉદય ભાંગા થાય, તે આ પ્રમાણે–મિથ્યાત્વે ચોવીશી ૪૦ અને ભાંગા ૯૬૦ સાસ્વાદને ચોવીશી ૨૦ ભાંગા ૪૮૦. મિશ્રે ચોવીશી ૨૪ અને ભાંગા ૫૭૬ *મતાંતરે ચોવીશી ૨૦ અને ભાંગા ૪૮૦. અવિરતે ચોવીશી ૪૮ અને ભાંગા ૧૧૫૨ દેશવિરતિએ ચોવીશી ૪૮ અને ભાંગા ૧૧૫૨. પ્રમત્તે ચોવીશી ૫૬ અને ભાંગા ૧૩૪૪, અપ્રમત્તે ચોવીશી ૫૬ અને ભાંગા ૧૩૪૪ અપૂર્વે ચોવીશી ૨૮ અને ભાંગા ૬૭૨ અનિવૃત્તિએ ભાંગા ૧૧૨, સૂક્ષ્મસંપરાયે ભાંગા ૭. સર્વ મળી ચોવીશી ૩૨૦ અને ભાંગા ૭૭૪૯, મતાંતરે ૩૧૬ ચોવીશી અને ભાંગા ૭૭૦૩ જાણવા. હવે ઉપયોગ ગુણિત પદવૃંદ ભાવીએ છીએ. મિથ્યાત્વાદિકે 'અઠ્ઠટ્ઠી બત્તીસ'' ઇત્યાદિ પદ કહ્યાં તેને પોતપોતાનાં ઉપયોગ સાથે ગુણીએ તે પદ થાય અને તેને ૨૪ ગુણા કરીએ તે પદવૃંદ થાય. મિથ્યાત્વે પદ ૩૪૦ અને પદવૃંદ ૮૧૬૦ સાસ્વાદને ૧૬૦, ૩૮૪૦. મિશ્રે ૧૯૨, ૪૬૦૮ મતાંતરે ૧૬૦, ૩૮૪૦. અવિરતે ૩૬૦, ૮૬૪૦. દેશવિરતે ૩૧૨, ૭૪૮૮. પ્રમત્તે ૩૦૮, ૭૩૯૨ અપૂર્વે૦ ૧૪૦, ૩૩૬૦. એ પ્રકારે અનુક્રમે પદ અને પદવૃંદ જાણવાં. અનિવૃત્તે પદ નહીં અને પદવૃંદ ૧૯૬. સૂક્ષ્મે પદવૃંદ ૭. સર્વ મળી ઉપયોગ ગુણિત પદ ૨૧૨૦ અને પદવૃંદ ૫૧૦૮૩. મતાંતરે ૨૦૮૭ પદ અને પદવૃંદ ૫૦૩૧૫ હોય.

હવે લેશ્યા ગુણિત ઉદય ભાંગા ભાવીએ છીએ—મિથ્યાત્વાદિકે ૪ ગુણઠાણે છ છ લેશ્યા હોય. દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્તે તેજો, પદ્મ અને શુક્લ એ ૩ લેશ્યા હોય. અપૂર્વકરણા-

* મિશ્ર ગુણઠાણે કોઈ આચાર્ય ત્રણ જ્ઞાન અને બે દર્શન માને છે તે મતે પાંચ ઉપયોગ ગણતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિકે એક શુકલ લેશ્યા હોય. જ્યાં જેટલી ચોવીશી તથા ઉદય ભાંગા હોય તેને પોતાની લેશ્યા ગુણા કરીએ. મિથ્યાત્વે ચોવીશી ૪૮ અને ભાંગા ૧૧૫૨. સાસ્વાદને ૨૪, ૫૭૬, અવિરતે ૪૮, ૧૧૫૨. દેશે ૨૪, ૫૭૬, પ્રમત્તે ૨૪, ૫૭૬. અપ્રમત્તે ૨૪, ૫૭૬. અપૂર્વે ૪, ૯૬. એ પ્રકારે અનુક્રમે ચોવીશી અને ભાંગા હોય. અનિવૃત્તિએ ભાંગા ૧૬. સૂક્ષ્મસંપરાયે ભાંગો ૧. સર્વ મળી ૨૨૦ ચોવીશી અને ૫૨૯૭ ભાંગા થાય. એમ પદ અને પદવૃંદને પણ પોતપોતાની લેશ્યા ગુણિત કરવા[1] ॥ ૫૬ ॥

---

૧ લેશ્યા ગુણિત ભાંગા આ પ્રમાણે જાણવા—મિથ્યાત્વે ઉદયસ્થાનના ભાંગા આઠ, સાસ્વાદને ચાર, મિશ્રે ચાર અને અવિરતે આઠ. એમ સર્વ મળી ચોવીશને છ લેશ્યા સાથે ગુણતાં ૧૪૪ ચોવીશી થાય. દેશવિરતાદિ ત્રણ ગુણઠાણે પ્રત્યેક ઉદયસ્થાનના ભાંગા આઠ આઠ હોવાથી ચોવીશને ત્રણ લેશ્યા સાથે ગુણતાં ૭૨ ચોવીશી થાય. કૃષ્ણાદિ ત્રણ લેશ્યાવાળાને દેશવિરતિ ગુણસ્થાનની પ્રાપ્તિ થતી નથી તે અપેક્ષાએ અહીં ત્રણ લેશ્યા ગણી છે, બાકી દેશવિરતિ અને સર્વવિરતિપણું પામ્યા પછી તો છ લેશ્યા પણ હોઈ શકે. અપૂર્વકરણે ચાર ચોવીશીને એક લેશ્યા સાથે ગુણતાં ચાર ચોવીશી થાય. સર્વ મળી ૨૨૦ ચોવીશી થઈ, તેથી ૨૨૦ને ચોવીશે ગુણતાં ૫૨૮૦ ભાંગા થાય, તેમાં અનિવૃત્તિના દ્વિકોદયના બાર અને એકોદયના પાંચ ભાંગા મેળવતાં ૫૨૯૭ લેશ્યા ગુણિત ઉદય ભાંગા થાય.

હવે પદવૃંદ કહે છે—મિથ્યાત્વે ઉદયસ્થાનપદોની ચોવીશી ૬૮, સાસ્વાદને ૩૨, મિશ્રે ૩૨ અને અવિરતે ૬૦, સર્વ મળી ૧૯૨ ને ૭ લેશ્યાએ ગુણતાં ૧૧૫૨ થાય. દેશવિરતે ૫૨, પ્રમત્તે ૪૪ અને અપ્રમત્તે ૪૪ સર્વ મળી ૧૪૦ ને ત્રણ લેશ્યાએ ગુણતાં ૪૨૦ થાય. અપૂર્વકરણે વીસને એક લેશ્યાએ ગુણતાં વીસ થાય, એમ સર્વ મળીને ૧૫૯૨ ને ચોવીશે ગુણતાં ૩૮૨૦૮ થાય, તેમાં દ્વિકોદયના ચોવીશ અને એકોદયના પાંચ મળી ૨૯ મેળવતાં ૩૮૨૩૭ લેશ્યાગુણિત પદવૃંદ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણસ્થાને મોહનીયકર્મનાં સત્તાસ્થાન.

१ २ ३ ७ ८
तिन्नेगे एगेगं, तिग मीसे पंच चउसु तिग पुव्वे ।
९ १० ११
इक्कार बायरंमि उ, सुहुमे चउ तिन्नि उवसंते ॥५७॥

तिन्नि=ત્રણ સત્તાસ્થાનક
एगे=એક મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે
एगे=એક સાસ્વાદને
एगं=એક સત્તાસ્થાન
तिग=ત્રણ
मीसे=મિશ્ર ગુણસ્થાને
पंच=પાંચ
चउसु=અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ચાર ગુણસ્થાને
तिग=ત્રણ
पुव्वे=અપૂર્વકરણે
इक्कार=અગ્યાર
बायरंमि=અનિવૃત્તિ બાદરે
सुहुमे=સૂક્ષ્મસંપરાયે
चउ=ચાર
तिन्नि=ત્રણ
उवसंते=ઉપશાંતમોહે

**अर्थः**–એક મિથ્યાત્વ ગુણસ્થાને મોહનીય કર્મનાં ત્રણ સત્તાસ્થાનક, એક સાસ્વદને એક સત્તાસ્થાનક, મિશ્રે ત્રણ સત્તાસ્થાન, અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ચાર ગુણસ્થાને પાંચ પાંચ સત્તાસ્થાન અને અપૂર્વકરણે ત્રણ સત્તાસ્થાન હોય. બાદર સંપરાયે અગ્યાર, સૂક્ષ્મસંપરાયે ચાર અને ઉપશાંતમોહે ત્રણ સત્તાસ્થાન હોય. ॥ ૫૭ ॥

**विवेचनः**–હવે ગુણઠાણે મોહનીયકર્મનાં સત્તાસ્થાનક કહે છે–એક મિથ્યાત્વ ગુણઠાણે ત્રણ સત્તાસ્થાનક હોય. તે આ પ્રમાણે–૨૮, ૨૭, ૨૬, એની ભાવના સર્વત્ર પૂર્વે કહી છે તેમ જાણવી. સાસ્વાદને એક ૨૮ નું સત્તાસ્થાનક હોય. મિશ્રે ત્રણ

+ નિયટ્ટિએ તિન્નિ–ઈતિ પાઠાન્તરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્તાસ્થાનક હોય-૨૮, ૨૭, ૨૪. અવિરતાદિક ચાર ગુણઠાણે પાંચ પાંચ સત્તાસ્થાનક હોય-૨૮, ૨૪, ૨૩, ૨૨, ૨૧. અપૂર્વકરણે ત્રણ સત્તાસ્થાનક હોય. ૨૮, ૨૪, ૨૧. ત્યાં ૨૮, ૨૪ નું ઉપશમ સમ્યક્ત્વીને અને ૨૧ નું ક્ષાયિકને હોય. અનિવૃત્તિબાદરે ૧૧ સત્તાસ્થાનક હોય; તે આ પ્રમાણે ૨૮, ૨૪, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧. સૂક્ષ્મસંપરાયે ૪ સત્તાસ્થાનક હોય ૨૮, ૨૪, ૨૧, ૧. ત્યાં ત્રણ ઉપશમશ્રેણિએ અને એક ક્ષપકશ્રેણિએ હોય. ઉપશાન્તમોહ ગુણઠાણે ૨૮, ૨૪, ૨૧. એ ત્રણ સત્તાસ્થાનક હોય. ઇહાં સંવેધ પોતાની મેળે જ વિચારીને કહેવો. *સર્વત્ર ભાવના પૂર્વલી પરે જાણવી ૫૭.

---

* અહીં સંવેધ આ પ્રમાણે જાણવો—

મિથ્યાત્વે બાવીશના બંધસ્થાને ૭-૮-૯-૧૦ એ ચાર ઉદયસ્થાન હોય. તેમાં સાતના ઉદયે એકજ અઠાવીશની સત્તા હોય. આઠ આદિ ત્રણ ઉદયે ૨૮, ૨૭, ૨૬ એ ત્રણ ત્રણ સત્તાસ્થાન પ્રત્યેકે હોય, એમ સર્વ મળી દશ સત્તાસ્થાનક હોય.

સાસ્વાદને એકવીશના બંધસ્થાને ૭-૮-૯ એ ત્રણ ઉદયસ્થાનકે પ્રત્યેકને ૨૮ ની સત્તા હોય એટલે ત્રણ સત્તાસ્થાન હોય,

મિશ્રે સત્તરના બંધસ્થાને ૭-૮-૯ એ ત્રણ ઉદયસ્થાનકે પ્રત્યેકને ૨૮-૨૭-૨૪ એમ ત્રણ સત્તાસ્થાન હોય એટલે નવ સત્તાસ્થાન હોય.

અવિરતે સત્તરના બંધસ્થાને ૬-૭-૮-૯ એ ચાર ઉદયસ્થાન હોય. ત્યાં ૭ ને ઉદયે ૨૮, ૨૪ અને ૨૧ એ ત્રણ સત્તાસ્થાન હોય. સાત અને આઠના ઉદયે ૨૮, ૨૪, ૨૩, ૨૨ અને ૨૧ એ પાંચ પાંચ સત્તાસ્થાન હોય. નવને ઉદયે ૨૧ વિના બાકીના ચાર સત્તાસ્થાન હોય, એટલે સર્વ મળી સત્તર સત્તાસ્થાન હોય.

દેશવિરતે તેરના બંધે ૫-૬-૭-૮ એ ચાર ઉદયસ્થાન હોય તેમાં પાંચને ઉદયે ૨૮-૨૪-૨૧ એ ત્રણ સત્તાસ્થાન હોય. ૭ ને ઉદયે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુણસ્થાને નામકર્મના બંધોદયે સત્તાસ્થાન.

१ २ ३ ४
**छन्नव छक्कं तिग सत्त, दुगं दुग तिग दुगंति अट्ठ चउ।**
५ ६ ७ ८
**दुग छच्चउ दुग पण चउ, चउ दुग चउ पणग एग चऊ।५८।**
९ १०
**एगेगमट्ठ एगेगमट्ठ, छउमत्थकेवलिजिणाणं।**
११ १२ १३ १४
**एग चऊ एग चऊ, अट्ठ चऊ दु छक्कमुदयंसा॥५९॥**

छन्नवछक्कं=છ, નવ અને છ (બંધ, ઉદય અને સત્તાસ્થાનક.)
तिग सत्त दुगं=ત્રણ, સાત, બે
दुगतिग दुगं=બે, ત્રણ, બે
तिअट्ठ चउ=ત્રણ, આઠ, ચાર.
दुगछच्चउ=બે, છ, ચાર
दुगपणचउ=બે, પાંચ, ચાર
चउदुगचउ=ચાર, બે, ચાર
पणगएगचऊ=પાંચ, એક, ચાર
एगेगमट्ठ=એક, એક, આઠ
छउमत्थकेवलिजिणाणं=છદ્મસ્થ જિન (ઉપશાંતમોહક્ષીણમોહ), કેવળીજિન (સયોગિ-અયોગિ) ને અનુક્રમે.
एगचऊ=એક, ચાર, (ઉદય સત્તાસ્થાનક)
अट्ठचऊ=આઠ, ચાર
दुछक्कं=બે, છ
उदयंसा=ઉદય અને સત્તાસ્થાનક

---

૨૮-૨૪-૨૩-૨૨-૨૧ એ પાંચ સત્તાસ્થાન હોય, સાતને ઉદયે પણ પૂર્વોક્ત પાંચ સત્તાસ્થાન હોય, આઠને ઉદયે એકવીશ વિના પૂર્વોક્ત ચાર સત્તાસ્થાન હોય, એમ સર્વ મળી સત્તર સત્તાસ્થાન હોય.

પ્રમત્તે નવને બંધે ૪-૫-૬-૭ એ ચાર ઉદયસ્થાન હોય, તેમાં ચારને ઉદયે ૨૮-૨૪-૨૧ એ ત્રણ સત્તાસ્થાન હોય. પાંચને ઉદયે ૨૮, ૨૪, ૨૩, ૨૨, ૨૧ એ પાંચ સત્તાસ્થાન હોય. ૭ ને ઉદયે પણ એજ પાંચ સત્તાસ્થાન હોય, સાતને ઉદયે ૨૧ વિના ચાર સત્તાસ્થાન હોય. એમ સર્વ મળી સત્તર સત્તાસ્થાન હોય. અપ્રમત્તે પણ એજ સત્તર સત્તાસ્થાન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ:-છ, નવ, છ; ત્રણ, સાત, બે; બે, ત્રણ બે; ત્રણ, આઠ, ચાર; બે, છ, ચાર; બે, પાંચ, ચાર; ચાર, બે, ચાર; પાંચ, એક, ચાર; એક, એક, આઠ; અને એક, એક, આઠ; એ પ્રકારે અનુક્રમે બંધ, ઉદય અને સત્તાસ્થાનકો પહેલા દશ ગુણસ્થાનોને વિષે અનુક્રમે હોય. છદ્મસ્થ જિન (૧૧-૧૨) અને કેવળી જિન (૧૩-૧૪) ને અનુક્રમે એક, ચાર; એક ચાર; આઠ, ચાર અને બે, છ; ઉદય અને સત્તાસ્થાનક હોય. ॥ ૫૮-૫૯ ॥

**વિવેચન:**-હવે ૧૪ ગુણઠાણે નામકર્મનાં બંધોદયસત્તા સ્થાનક અને ભાંગા કહે છે.-મિથ્યાત્વ ગુણઠાણે નામકર્મનાં છ બંધસ્થાનક, નવ ઉદયસ્થાનક અને છ સત્તાસ્થાનક હોય. ત્યાં ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦. એ છ બંધસ્થાનક હોય. અપર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય બાંધતા ૨૩ બાંધે ત્યાં બાદર સૂક્ષ્મ, પ્રત્યેક અને સાધારણ પદે ચાર ભાંગા હોય. પર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય ૨૫ બાંધતાં ૨૦ ભાંગા, અને અપ-

---

અપૂર્વકરણે નવના બંધે ચાર, પાંચ અને છના ઉદયસ્થાનકે ૨૮, ૨૪, ૨૧ એ ત્રણ ત્રણ સત્તાસ્થાનક પ્રત્યેકે હોય એટલે નવ સત્તાસ્થાન હોય.

અનિવૃત્તિબાદરે પાંચ, ચાર, ત્રણ, બે અને એક એ પાંચ બંધસ્થાન હોય. ત્યાં પાંચને બંધે બેને ઉદયે ૨૮-૨૪-૨૧-૧૩-૧૨-૧૧ એ ૭ સત્તાસ્થાન હોય. ચારને બંધે એકને ઉદયે ૨૮, ૨૪, ૨૧, ૧૧, ૫, ૪ એ ૭ સત્તાસ્થાન હોય. ત્રણને બંધે એકના ઉદયે ૨૮, ૨૪, ૨૧, ૪, ૩, એ પાંચ સત્તાસ્થાન હોય, બેને બંધે એકને ઉદયે ૨૮, ૨૪, ૨૧, ૩, ૨, એ પાંચ સત્તાસ્થાન હોય. એકને બંધે એકને ઉદયે ૨૮, ૨૪, ૨૧, ૨, ૧. એ પાંચ સત્તાસ્થાન હોય, એમ સર્વ મળી પાંચ બંધસ્થાનકે ૨૭ સત્તાસ્થાનક હોય.

સૂક્ષ્મસંપરાયે બંધના અભાવે એકના ઉદયે ૨૮, ૨૪, ૨૧, ૧, એ ચાર સત્તાસ્થાનક હોય.

ઉપશાંતમોહે બંધોદય વિના ૨૮, ૨૪, ૨૧ એ ત્રણ સત્તાસ્થાન હોય. એમ ૧૧ ગુણઠાણે સર્વ મળી ૧૩૩ મોહનીયકર્મનાં સત્તાસ્થાન હોય એનું સ્વરૂપ પૂર્વની પેઠે વિચારવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ર્યાપ્ત બેઈંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, અને પંચેંદ્રિય તિર્યંચ મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ બાંધતાં એકેકો ભાંગો હોય. સર્વ મળી ૨૫ ભાંગા હોય. પર્યાપ્ત એકેંદ્રિય પ્રાયોગ્ય ૨૬ બાંધતાં ભાંગા ૧૬ હોય. દેવગતિ પ્રાયોગ્ય ૨૮ બાંધતાં ભાંગા ૮ અને નરકગતિ પ્રાયોગ્ય ૨૮ બાંધતાં ભાંગો ૧, એવં ૯ ભાંગા હોય. પર્યાપ્ત બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય પ્રાયોગ્ય ૨૯ બાંધતાં ભાંગા ૮ પ્રત્યેકે હોય. પંચેંદ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ બાંધતાં ભાંગા ૪૬૦૮ અને મનુષ્યગતિ પ્રાયોગ્ય ૨૯ બાંધતાં ભાંગા ૪૬૦૮ એમ સર્વ મળીને ૯૨૪૦ ભાંગા થાય. પર્યાપ્ત બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય પ્રાયોગ્ય ૩૦ બાંધતાં પ્રત્યેકે આઠ આઠ ભાંગા અને પંચેંદ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ બાંધતાં ૪૬૦૮ ભાંગા સર્વ મળીને ૪૬૩૨ હોય. એવં છ બંધસ્થાનકે થઇને મિથ્યાત્વ ગુણઠાણે ૧૩૯૨૬ ભાંગા હોય. ઉદયસ્થાનક નવ હોય, તે આ પ્રમાણે–૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ ૩૦. ૩૧. ત્યાં આહારક સંયતના ૭, વૈક્રિય સંયતના ૩ * અને કેવલી સંબંધી ૮ ભાંગા ન કહેવા; તે મિથ્યાત્વે ન હોય તે માટે. શેષ સર્વ કહેવા. ૪૧, ૧૧, ૩૨, ૬૦૦, ૩૧, ૧૧૯૯, ૧૭૮૧, ૨૯૧૪, ૧૧૬૪. એ પ્રમાણે ૯ ઉદય સ્થાનકે અનુક્રમે ભાંગા હોય. સર્વ મળી મિથ્યાત્વે ઉદયભાંગા ૭૭૭૩ હોય. મિથ્યાત્વે નામકર્મનાં સત્તાસ્થાનક છ હોય. તે આ પ્રમાણે–૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૮. એ બંધોદય સત્તાનો સંવેધ[1] પોતે જ વિચારવો.

હવે સાસ્વાદન ગુણઠાણે ત્રણ બંધસ્થાનક, સાત ઉદયસ્થાનક અને બે સત્તાસ્થાનક હોય. ત્યાં ૨૮, ૨૯, ૩૦. એ ત્રણ

---

* ઉદ્યોત સહિત ૨૮, ૨૯, અને ૩૦ એ ત્રણ ઉદયના ભાંગા.

૧ સંવેધ આ પ્રમાણે:—૨૩ ના બંધે ૯ ઉદયસ્થાન હોય. ત્યાં દેવતાના ૬૪ અને નારકીના ૫ ભાંગા વિના ૭૭૦૪ ઉદયભાંગા હોય સત્તાસ્થાન પ્રથમના ૪ ઉદયસ્થાને પાંચ પાંચ (૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮,) હોય તેમાં પણ ૨૧ ના ઉદયે મનુષ્યના ૯ ભાંગે ૭૮, અને ૨૪ ના ઉદયે વૈક્રિય વાઉકાયને ૭૮નું તથા ૮૦નું સત્તાસ્થાન ન હોય. ૨૫ ને ઉદયે તેઉ, વાઉના ઉદયના (બાદર તથા સૂક્ષ્મ સાથે અયશઃકીર્તિના) જે બે ભાંગા છે ત્યાંજ ૭૮નું લાભે; શેષ ભાંગે ન લાભે. ૨૬ને ઉદયે ૨૮૯ ભાંગા મનુષ્યના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બંધસ્થાનક હોય, ત્યાં નરકગતિ પ્રાયોગ્ય ૨૮ તો સાસ્વાદની ન બાંધે તેથી દેવગતિ પ્રાયોગ્ય ૨૮ બાંધતાં ૮ ભાંગા હોય. પર્યાપ્ત**

અને દશ એકેંદ્રિયના (તેઉ, વાઉના બે અને વૈક્રિય વાઉનો એક વિનાના) એટલા ભાંગા વર્જીને શેષ ૩૦૦ ભાંગે તેઉ અને વાઉમાંથી આવી ઉત્પન્ન થયેલાની અપેક્ષાએ પાંચ પાંચ સત્તાસ્થાન લાભે, વૈક્રિય વાઉને ત્રણ લાભે. ૨૭ થી ૩૧ સુધી પાંચ ઉદયસ્થાને ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાન લાભે. કુલ ૪૦ થાય ૨૫ અને ૨૬ ના બંધસ્થાને ૨૩ ના બંધની પેઠે સમજવું પણ અહીં ઉદયભાંગાઓમાં દેવતાના ૬૪ ભાંગા ગણવા એટલે ઉદયભાંગા ૭૭૬૮ થાય કેમકે દેવતા પર્યાપ્ત એકેંદ્રિયમાં ઉપજે છે અને તત્પ્રયોગ્ય બાંધતાં તેને સ્થિર અસ્થિર શુભ અશુભ અને યશઃ અયશઃ યોગે ૮ બંધ ભાંગા હોય છે. ૨૮ ના બંધે ૩૦ અને ૩૧ એ બે ઉદયસ્થાન હોય. ૩૦ ના ઉદયે પંચેંદ્રિય તિર્યંચના ભાંગા ૧૧૫૨ અને મનુષ્યના ૧૧૫૨. ૩૧ના ઉદયે તિર્યંચના ભાંગા ૧૧૫૨. કુલ ભાંગા ૩૪૫૬. સત્તાસ્થાન ૩૦ ના ઉદયે ૯૨, ૮૯, ૮૮, અને ૮૬ એ ચાર હોય. અહીં જે વેદક સમ્યગ્દૃષ્ટિ તીર્થંકર નામકર્મ બાંધી પરિણામના પરાવર્ત્તથી મિથ્યાત્વી થતાં નરકગતિ સન્મુખ થઇ નરક પ્રાયોગ્ય ૨૮ બાંધે તેને ૮૯ની સત્તા હોય. શેષ ત્રણ સામાન્યપણે તિર્યંચ મનુષ્યને હોય, ૩૧નો ઉદય તિર્યંચને હોય તેથી તેને ૮૯ વિના ૩ સત્તાસ્થાન હોય. કુલ ૭ થાય. (અહીં વૈક્રિય તિર્યંચ મનુષ્યને ગણવામાં આવ્યા નથી.) દેવગતિ પ્રાયોગ્ય વર્જીને શેષ પ્રાયોગ્ય ૨૯ના બંધે નવે ઉદયસ્થાન હોય. ભાંગા ૭૭૭૩, ૨૧ ના ઉદયે ૭ સત્તાસ્થાન હોય, ૮૯ ની સત્તા સમ્યક્ત્વ વમી નરકે જતાં વચ્ચે હોય. ૯૨ અને ૮૮ નાં ચારે ગતિના જીવને; ૮૬ અને ૮૦ નાં દેવ નારકી વિના સર્વ જીવને અને ૭૮ નું દેવ, નારકી તથા મનુષ્ય વિના સર્વ જીવોને હોય. સર્વને વિગ્રહગતિએ હોય. ૨૪ ના ઉદયે ૮૯ ના વિના પાંચ એકેંદ્રિયનેજ હોય. ૨૫ ના ઉદયે ૭, ૨૧ ની પેઠે ૨૬ ના ઉદયે ૮૯ વિના પાંચ. ૮૯ નું નારકીને હોય, તેને આ ઉદયસ્થાન ન હોય તે માટે. ૨૭ ના ઉદયે ૭૮ વિના પાંચ; ૭૮ નું તેઉ વાઉને હોય તે અહીં નથી, શેષ એકેંદ્રિયાદિ મનુષ્યદ્વિક અવશ્ય બાંધે તેથી તેઓને તથા નારકાદિને પણ ૭૮ નું ન હોય તે માટે ૨૮ ના ઉદયે એજ પાંચ. અહીં ૮૬ અને ૮૦ નાં વિકલેંદ્રિય તથા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યને હોય. બાકીના પૂર્વની પેઠે. ૨૯ ના ઉદયે પણ એજ પાંચ. ૩૦ ના ઉદયે ૮૯ વિના ચાર, ૮૯ નું નારકીનું હોય, તેને આ ઉદય ન હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચેંદ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ બાંધતાં ૩૨૦૦ ભાંગા× અને પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ બાંધતાં ૩૨૦૦ ભાંગા. એવં ૬૪૦૦ ભાંગા હોય. પર્યાપ્ત પંચેંદ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ બાંધતાં ૩૨૦૦ ભાંગા હોય એમ ત્રણે બંધસ્થાનકે થઇને ૯૬૦૮ ભાંગા હોય. ઉદયસ્થાનક ૭ છે, તે આ પ્રમાણે ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૯, ૩૦, ૩૧ ત્યાં એકેંદ્રિયને ૨૧ ના ઉદયે બાદર પર્યાપ્તા સાથે યશ અયશના બે ભાંગા જ સાસ્વાદને હોય; સૂક્ષ્મ અપર્યાપ્તામાંહે સાસ્વાદન ન હોય તે માટે. બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિયને ૨૧ ના ઉદયે અપર્યાપ્તાનો એકેકો ભાંગો ટાળીને શેષ બે બે ભાંગા હોય, પંચેંદ્રિય તિર્યંચને પણ અપર્યાપ્તાનો એકેક ભાંગો ટાળીને આઠ આઠ ભાંગા હોય. દેવતાને ૨૧ ને ઉદયે આઠ ભાંગા હોય. એમ સર્વ મળી ૨૧ ને ઉદયે ૩૨ ભાંગા હોય. ૨૪ નો ઉદય તો એકેંદ્રિયને વિષે ઉત્પન્ન માત્રને હોય. અહિં પણ બાદર પર્યાપ્તાને યશ અયશ સાથે જે બે ભાંગા છે તેજ હોય. સૂક્ષ્મ સાધારણ તેઉ અને વાયુ માંહે સાસ્વાદની ન ઉપજે તે માટે. સાસ્વાદનીને ૨૫ નો ઉદય તો દેવતા માંહે ઉત્પન્ન માત્રનેજ હોય, અન્ય કોઇને ન હોય. ત્યાં ભાંગા ૮ હોય. તે સુભગ, દુર્ભગ, આદેય, અનાદેય, યશ અને અયશે ઉપજે. ૨૬ નો ઉદય વિકલેંદ્રિય, પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય માંહે

---

તે માટે. શેષની ભાવના પૂર્વ પ્રમાણે. ૩૧ ના ઉદયે પણ એજ પ્રમાણે ચાર, સર્વ મળી ૨૯ના બંધે ૪૫ સત્તાસ્થાન થાય. દેવ તથા મનુષ્ય ગતિ પ્રાયોગ્ય વિના શેષ–વિકલેંદ્રિય તથા તિર્યંચ પંચેંદ્રિય પ્રાયોગ્ય ૩૦ના બંધે નવે ઉદયસ્થાન હોય. ત્યાં ભાંગા ૭૭૭૩ પૂર્વની જેમ હોય. અહીં સત્તાસ્થાન પ્રથમના ચાર ઉદયે પાંચ પાંચ અને પછીના પાંચ ઉદયે ચાર ચાર હોય. સર્વ મળી ૪૦ હોય. ૮૯ નું અહીં ન લાભે, ૮૯ ની સત્તાએ તિર્યંચ ગતિ પ્રાયોગ્ય બંધનો અસંભવ છે તે માટે. એ પ્રમાણે મિથ્યાત્વ ગુણઠાણે સંવેધ વિચારતાં સર્વ મળી ૨૧૨ સત્તાસ્થન થાય.

× પાંચ સંઘયણ, પાંચ સંસ્થાન અને સાત યુગલના વિકલ્પ વડે, છેવટું સંઘયણ અને હુંડક સંસ્થાન અહીં ન બંધાય તે માટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પન્ન માત્રનેજ હોય. ત્યાં અપર્યાપ્તાનો એકેકો ભાંગો ટાળીને વિકલેંદ્રિયના ૬, પંચેંદ્રિય તિર્યંચના ૨૮૮ અને મનુષ્યના ૨૮૮, એવં ૫૮૨ ભાંગા ૨૬ ને ઉદયે હોય. ૨૮ નો ઉદય તો સાસ્વાદને હોય નહીં. એ બે ઉદયસ્થાનક તો ઉપજ્યા પછી અંતર્મુહૂર્ત ગયે હોય અને સાસ્વાદન તો ન્યૂન છ આવળી લગે જ હોય, તે માટે ન હોય. ૨૯ નો ઉદય તો દેવતા નારકી પર્યાપ્તાને પ્રથમ પ્રાપ્ત સમ્યક્ત્વ થકી પડતાને પામીએ, ત્યાં દેવતાને ભાંગા ૮ અને નારકીને ૧ ભાંગો એવં ૯ ભાંગા હોય. ૩૦ નો ઉદય તિર્યંચ મનુષ્ય પર્યાપ્તાને પ્રથમ પ્રાપ્ત સમ્યક્ત્વથી પડતાને અને ઉત્તરવૈક્રિયે વર્તતા દેવતાને હોય. ત્યાં તિર્યંચ મનુષ્યને પ્રત્યેકે ૧૧૫૨ ભાંગા અને દેવતાને ૮ ભાંગા, સર્વ મળીને ૨૩૧૨ ભાંગા હોય. ૩૧ નો ઉદય પંચેંદ્રિય તિર્યંચ પર્યાપ્તાને પ્રથમ પ્રાપ્ત સમ્યક્ત્વથી પડતાને હોય, ત્યાં ભાંગા ૧૧૫૨ હોય. એમ સાત ઉદયસ્થાનકે થઇને સાસ્વાદન ગુણઠાણે ૪૦૯૭ ઉદયભાંગા હોય. સત્તાસ્થાનક ૯૨ અને ૮૮ એ બે હોય. ત્યાં આહારક ચતુષ્ક બાંધીને ઉપશમશ્રેણિ થકી પડતાં સાસ્વાદન પામે તેને ૯૨ નું સત્તાસ્થાનક હોય. અને ૮૮ નું તો ચારે ગતિના સાસ્વાદનીને હોય. હવે સંવેધ કહે છે.–૨૮ બાંધતા સાસ્વાદનીને બે ઉદયસ્થાનક હોય, ૩૦, ૩૧. કરણ અપર્યાપ્તો સાસ્વાદની દેવગતિ પ્રાયોગ્ય ૨૮ ન બાંધે તે માટે શેષ બે ઉદયસ્થાનક ન હોય. ત્યાં મનુષ્ય આશ્રયી ૩૦ ને ઉદયે બે સત્તાસ્થાનક હોય. અને પંચેંદ્રિય તિર્યંચ આશ્રયી ૩૦ને ઉદયે ૮૮નું એકજ સત્તા* સ્થાનક હોય. ૩૧ ના ઉદયે તિર્યંચને ૮૮ નું સત્તાસ્થાનક હોય પંચે૦- તિર્યંચ–મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ બાંધતાં સાસ્વાદનીને સાતે ઉદયસ્થાનક હોય. ત્યાં ૮૮ નું એકેકું જ સત્તાસ્થાનક હોય. ૩૦ ને ઉદયે વર્તતા મનુષ્યને બે સત્તાસ્થાનક હોય. એમ ૨૯ ના બંધકની પેઠે ૩૦ ના બંધકનો પણ સંવેધ કહેવો. કુલ સત્તાસ્થાનના ભાંગા ૧૯ થાય.

---

* ઉપશમશ્રેણિ માંડે નહિ તેથી શ્રેણિથી પડવાનો અભાવ હોવાથી તિર્યંચનેે૯૨ ની સત્તા ન હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે મિશ્ર ગુણઠાણે નામકર્મનાં બે બંધસ્થાનક, ત્રણ ઉદયસ્થાનક અને બે સત્તાસ્થાનક હોય. ત્યાં બંધસ્થાનક ૨૮, ૨૯ એ બે હોય. ત્યાં દેવગતિ પ્રાયોગ્ય બાંધતાં મિશ્રદ્રષ્ટિ મનુષ્ય તિર્યંચને ૨૮ નું બંધસ્થાનક હોય, તેના ભાંગા ૮. અને મનુષ્યગતિ પ્રાયોગ્ય બાંધતા દેવતા નારકીને ૨૯ નું બંધસ્થાનક હોય, ત્યાં ભાંગા ૮, એવં ભાંગા ૧૬. ઉદય[1]સ્થાનક ૨૯ ૩૦, ૩૧ એ ત્રણ અને સત્તાસ્થાનક ૯૨, ૮૮, એમ બે હોય. હવે તેનો સંવેધ કહે છે–૨૮ ના બંધક મિશ્રદ્રષ્ટિને બે ઉદયસ્થાનક હોય–૩૦, ૩૧. એકેકા ઉદયસ્થાનકને વિષે બે સત્તાસ્થાનક હોય, ૯૨, ૮૮. ૨૯ ના બંધકને ૨૯ નું એક ઉદયસ્થાનક હોય, ત્યાં પણ બે સત્તાસ્થાનક હોય, કુલ ૬ થાય.

તથા અવિરત સમ્યગ્દ્રષ્ટિ ગુણઠાણે ત્રણ બંધસ્થાનક, આઠ ઉદયસ્થાનક અને ચાર સત્તાસ્થાનક હોય. ત્યાં ૩ બંધ[2]સ્થાનક આ પ્રમાણે–૨૮, ૨૯, ૩૦. ત્યાં તિર્યંચ મનુષ્ય અવિરતને દેવગતિ પ્રાયોગ્ય બાંધતાને ૨૮, તીર્થંકર સહિત દેવપ્રાયોગ્ય બાંધતા મનુષ્યને ૨૯, મનુષ્ય પ્રાયોગ્ય બાંધતા દેવતા નારકીને પણ ૨૯, તેનેજ તીર્થંકર સહિત મનુષ્ય પ્રાયોગ્ય બાંધતાં ૩૦ નું બંધસ્થાનક હોય. ઉદયસ્થાનક[1] ૮ હોય, તે આ પ્રમાણે

૧–૨૯ ના ઉદયે દેવતાના ભાંગા ૮ તથા નારકીનો ૧, ૩૦ ના ઉદયે તિર્યંચ તથા મનુષ્ય પ્રત્યેકના ભાંગા ૧૧૫૨ અને ૩૧ ના ઉદયે તિર્યંચના ભાંગા ૧૧૫૨ હોય. કુલ ભાંગા ૩૪૬૫ થાય. (૩૦ નો ઉદય સ્વર રહિત અને ઉદ્યોત સહિત લઇએ તો અપર્યાપ્તાવસ્થા આવી જાય છે, ત્યાં મિશ્ર ગુણઠાણું ન હોય તેથી તે સંબંધી ૫૭૬ ભાંગા અહીં ગણવામાં આવ્યા નથી. યંત્રમાં પણ આમજ છે પણ ટીકામાં ગણ્યા છે. તત્ત્વ કેવલિગમ્ય.)

૨–૨૮ ના બંધે ભાંગા ૮, ૨૯ ના બંધે ૧૬ અને ૩૦ના બંધે ૮, કુલ બંધભાંગા ૩૨ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

–૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ ૩૧. ત્યાં ૨૧ નો ઉદય નારકી, પંચેંદ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવતાને જાણવો. ક્ષાયિક સમ્યક્ત્વી પૂર્વબદ્ધાયુ એ સર્વને વિષે ઉપજે. પણ તે અપર્યાપ્તાને વિષે ન ઉપજે તે માટે ઈહાં અપર્યાપ્તાના ભાંગા વર્જીને શેષ ૨૫ ભાંગા હોય, ૨૫, ૨૭ નો ઉદય દેવતા, નારકી અને વૈક્રિય તિર્યંચ મનુષ્યને જાણવો. ત્યાં નારકી ક્ષાયિક વેદક સમ્યગ્દ્રષ્ટિ જાણવા, દેવતા ત્રિવિધ સમ્યક્ત્વી હોય, ૨૬ નો ઉદય તિર્યંચ મનુષ્ય ક્ષાયિક કે વેદક સમ્યગ્દ્રષ્ટિને હોય, ઉપશમ સમ્યક્ત્વી તિર્યંચ મનુષ્યમાં ન ઉપજે. ૨૮, ૨૯ નો ઉદય નારકી, દેવતા, મનુષ્ય, તિર્યંચ, વૈક્રિય તિર્યંચ અને મનુષ્યને જાણવો. ૩૦ નો ઉદય વૈક્રિય તથા સહજ પંચેંદ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવતાને હોય. ૩૧ નો ઉદય પંચેંદ્રિય તિર્યંચને હોય. સત્તાસ્થાનક ૪ હોય, તે આ પ્રમાણે–૯૩, ૯૨, ૮૯, ૮૮. ત્યાં જે અપ્રમત્ત સંયત અને અપૂર્વકરણવાળો તીર્થંકરાહારકદ્વિક સહિત ૩૧ બાંધીને પછી દેવતા થયો હોય તેને ૯૩ ની સત્તા અને જે આહારક બાંધીને પડે તેને ચારે ગતિએ ૯૨ ની સત્તા હોય. ૮૯ ની સત્તા દેવતા નારકી મનુષ્ય અવિરતને તીર્થંકર સહિત અને

---

૧–૨૧ ના ઉદયે તિર્યંચ મનુષ્ય તથા દેવતાના આઠ ભાંગા અને નારકીનો ૧, કુલ ૨૫. ૨૫ના ઉદયે વૈક્રિય મનુષ્ય તિર્યંચના આઠ, આઠ, દેવતાના ૮ અને નારકીનો ૧, કુલ ૨૫. ૨૬ના ઉદયે મનુષ્ય તથા તિર્યંચ પ્રત્યેકના ૨૮૮ ગણતાં ૫૭૬, ૨૭ના ઉદયે ૨૫ના ઉદયની પેઠે ૨૫. ૨૮ ના ઉદયે મનુષ્યના ૫૭૬, તિર્યંચના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ૮, વૈક્રિય તિર્યંચના ૧૬, દેવતાના ૧૬ અને નારકીનો ૧, કુલ ૧૧૯૩. ૨૯ના ઉદયે મનુષ્યના ૫૭૬, તિર્યંચના ૧૧૫૨, વૈક્રિય મનુષ્યના ૮, વૈક્રિય તિર્યંચના ૧૬, દેવતાના ૧૬ અને નારકીનો ૧, કુલ ૧૭૬૯. ૩૦ ના ઉદયે મનુષ્યના ૧૧૫૨ તિર્યંચના ૧૭૨૮. વૈક્રિય તિર્યંચના ૮ અને દેવતાના ૮. કુલ ૨૮૯૬. ૩૧ ના ઉદયે તિર્યંચના ૧૧૫૨. કુલ અવિરત ગુણઠાણે ઉદય ભાંગા ૭૬૬૧ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૮ની સત્તા ચારે ગતિના અવિરત સમ્યક્ત્વીને હોય. ઇહાં સંવેધ[1] સ્વયમેવ વિચારી લેવો.

તથા દેશવિરતિ ગુણઠાણે બે બંધસ્થાનક, છ ઉદયસ્થાનક અને ચાર સત્તાસ્થાનક હોય. બે બંધસ્થાનક[2] તે ૨૮, ૨૯નાં હોય, ત્યાં મનુષ્ય, તિર્યંચ પંચેંદ્રિય દેશવિરતિ દેવગતિ પ્રાયોગ્ય ૨૮ બાંધે. તથા મનુષ્યજ તીર્થંકર સહિત દેવપ્રાયોગ્ય ૨૯ બાંધે. ઉદયસ્થાનક[3] છ છે તે આ પ્રમાણે–૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧. સત્તાસ્થાનક ચાર હોય, તે આ પ્રમાણે–૯૩, ૯૨, ૮૯, ૮૮ ત્યાં જે અપ્રમત્ત અપૂર્વકરણવાળો તીર્થંકર અને આહારકદ્વિક બાંધીને પડે, ને પરિણામે દેશવિરત થાય, ત્યારે ૯૩ ની સત્તા

---

૧–૨૮ ના બંધે આઠ ઉદયસ્થાન હોય. તેમાં ૨૫ અને ૨૭ નાં વૈક્રિય તિર્યંચ મનુષ્યને હોય. દરેક ઉદયે સત્તાસ્થાન બે બે હોય (૯૨, ૮૮) કુલ ૧૬ થયા. દેવગતિ પ્રાયોગ્ય ૨૯ બાંધતાં મનુષ્યને ૩૧ વિના ૭ ઉદયસ્થાનક હોય, તે પ્રત્યેકે ૯૩ અને ૮૯ એ બે બે સત્તાસ્થાનક હોય કુલ ૧૪ થાય. મનુષ્યગતિ પ્રાયોગ્ય ૨૯ ના બંધક દેવતા તથા નારકી હોય. દેવતાને પોતાના છએ ઉદયસ્થાન હોય, ત્યાં પ્રત્યેકે ૯૨ અને ૮૮ એ બે બે સત્તાસ્થાન હોય. કુલ ૧૨ થાય. બન્ને મળી ૨૬ થાય. નારકીને ૩૦ નું ઉદયસ્થાન ન હોય. શેષ પાંચ હોય. તેને સત્તાસ્થાનો દેવતાની પેઠે હોય. મનુષ્યગતિ પ્રાયોગ્ય ૩૦ બાંધતાં દેવતા તથા નારકીને પોતપોતાના ઉદય સ્થાનો હોય. દેવતાને દરેક ઉદયે ૯૩ અને ૮૯ એ બે બે સત્તાસ્થાન હોય નારકીને એક ૮૯ નું જ હોય. જિનનામ અને આહારકચતુષ્ક એ ઉભયની સત્તા નારકીને ન હોય તે માટે. કુલ ૧૨ થાય. સર્વ મળી ૫૪ સત્તાસ્થાન થાય.

૨–૨૮ ના બંધે ૮ ભાંગા અને ૨૯ના બંધે ૮ ભાંગા. કુલ ૧૬ બંધભાંગા થાય.

૩–પ્રથમના ચાર ઉદય વૈક્રિય તિર્યંચ મનુષ્યને હોય. ત્યાં વૈક્રિય તિર્યંચને પહેલા બે ઉદયના બે ભાંગા અને છેલ્લા બેના ચાર ભાંગા. વૈક્રિય મનુષ્યને એજ ચાર ઉદયના ચાર ભાંગા. અહીં સર્વ પદ શુભ હોય તેથી વિશેષ ભાંગા ન થાય. કુલ ૧૦ થાય. ૩૦ નો ઉદય વૈક્રિય તથા સામાન્ય તિર્યંચ અને મનુષ્યને હોય. અહીં એક ભાંગો વૈક્રિય તિર્યંચને હોય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય શેષની ભાવના અવિરતની પેરે જાણવી. [1]સંવેધ તો સઘળો પોતાની મેળેજ જાણવો.

તથા પ્રમત્તસંયત ગુણઠાણે બે બંધસ્થાનક, પાંચ ઉદય સ્થાનક અને ચાર સત્તાસ્થાનક હોય. ત્યાં બંધસ્થાનક ૨૮, ૨૯ એ બે દેશવિરતિની પેરે જાણવા.[2] ઉદયસ્થાનક[3] ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦ એ સર્વ આહારક સંયત અને વૈક્રિય સંયતને જાણવાં. સ્વભાવસ્થ સંયતને તો ૩૦ નું જ ઉદયસ્થાનક હોય. સત્તા-સ્થાનક ૯૩, ૯૨, ૮૯, ૮૮ એ ચાર પૂર્વની પેરે જાણવાં.[4]

તથા અપ્રમત્ત ગુણઠાણે ચાર બંધસ્થાનક, બે ઉદયસ્થાનક

---

સામાન્ય તિર્યંચ તથા મનુષ્યને [૬ સંઘ૦ × ૬ સંસ્થાન × ૨ વિહાયો. × ૨ સુસ્વર–દુસ્વર] ૧૪૪ ભાંગા હોય. દુર્ભગ, અનાદેય તથા અયશનો અહીં ઉદય ન હોય તેથી વિશેષ ભાંગા ન થાય, કુલ ભાંગા ૨૮૯ થાય. ૩૧ નો ઉદય તિર્યંચને જ હોય, ભાંગા ૧૪૪ હોય સર્વ ઉદય ભાંગા ૪૪૩ થાય.

૧—૨૮ ના બંધે ૭ ઉદયે ૯૨, ૮૮ એ બે સત્તાસ્થાનક હોય અને ૨૯ ના બંધે ૩૧ વિના પાંચ ઉદયે ૯૩, ૮૯ એ બે સત્તાસ્થાન હોય. ૩૧ નો ઉદય તિર્યંચને હોય, તેને ૨૯ નું બંધસ્થાનક ન હોય તેથી કુલ સત્તાસ્થાનક ૨૨ થાય.

૨—દેશવિરતિની પેઠે બન્ને બંધસ્થાનના ભાંગા ૧૬ થાય.

૩—પાંચે ઉદયસ્થાન વૈક્રિય અને આહારક સંયતને હોય. તેના દરેકના ભાંગા ૭, કુલ ૧૪. ૩૦ નો ઉદય સ્વભાવસ્થ સંયતને પણ હોય. તેના ભાંગા ૧૪૪, કુલ ઉદયભાંગા ૧૫૮ થાય.

૪—૨૮ ના બંધે પાંચે ઉદયે ૯૨, ૮૮ અને ૨૯ ના બંધે પાંચે ઉદયે ૯૩, ૮૯ ગણતાં સર્વ મળી સત્તાસ્થાનક ૨૦ થાય. જિનનામની સત્તાવાળો ૨૮ ન બાંધે તેથી ૨૮ ના બંધે ૯૩ અને ૮૯ ના ન હોય. આહારકસંયતને તો ૯૨ અથવા ૯૩ નાં જ હોય, ૮૮ અથવા ૮૯ નાં સત્તાસ્થાન ન હોય; આહારકની સત્તાવાળો જ આહારક શરીર કરે માટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ચાર સત્તાસ્થાનક હોય. ત્યાં ચાર બંધસ્થાનક[1] હોય તે આ પ્રમાણે ૨૮, ૨૯, ૩૦, ૩૧. બે ઉદયસ્થાનક[2]–૨૯, ૩૦ ત્યાં જે પૂર્વે પ્રમત્ત થકો આહારક તથા વૈક્રિય કરીને તે છતાં જ અપ્રમત્ત થાય તેને ૨૯ નું ઉદયસ્થાનક પામીએ.[3] અને ૩૦ નું સ્વાભાવિક પામીએ. સ્વભાવસ્થ અપ્રમત્તને તો ૩૦ નું જ એક ઉદયસ્થાનક હોય. સત્તાસ્થાનક ૪ હોય તે આ પ્રમાણે–૯૩, ૯૨, ૮૯, ૮૮.[4]

તથા અપૂર્વકરણ ગુણઠાણે પાંચ બંધસ્થાનક એક ઉદયસ્થાનક અને ચાર સત્તાસ્થાનક હોય. પાંચ બંધસ્થાનક[5] હોય તે આ પ્રમાણે–૨૮, ૨૯, ૩૦, ૩૧, ૧. ત્યાં દેવગતિ પ્રાયોગ્ય બંધને વ્યુચ્છેદે એક જ યશ:કીર્તિ બાંધે. ઉદયસ્થાનક એક ૩૦ નું જ હોય. ઇહાં વજ્રઋષભનારાચ સંઘયણ, છ સંસ્થાન, સુસ્વર, દુ:સ્વર અને અપ્રશસ્ત વિહાયોગતિએ કરીને ૨૪ ભાંગા થાય. તે ક્ષપક શ્રેણિવાળા આશ્રયી જાણવા. ઉપશમ શ્રેણિવાળાને તો ધુરિલાં ૩ સંઘયણ માંહેલું એક સંઘયણ હોય, તે માટે ૭૨

૧–ચાર બંધસ્થાનના ભાંગા ૪. અહીં અસ્થિર, અશુભ અને અયશનો બંધ નથી તેથી.

૨–બન્ને ઉદયે વૈક્રિય તથા આહારક સંયતને બે બે ભાંગા હોય. પ્રત્યેકને દરેક ઉદયે એક એક ભાંગો હોય, સ્વભાવસ્થ સંયતને ૩૦ના ઉદયે ૧૪૪ ભાંગા હોય. કુલ ઉદયભાંગા ૧૪૮ થાય.

૩–વૈક્રિય તથા આહારક અપ્રમત્તને ૨૯ નો ઉદય ઉદ્યોત રહિતનો સંભવે. ઉદ્યોત સહિત લઈએ તો અપર્યાપ્તાવસ્થા આવી જાય જે ઘટે નહિ.

૪–૨૮ ના બંધે બન્ને ઉદયે ૮૮ની સત્તા હોય, ૨૯ના બંધે બન્ને ઉદયે ૮૯ની સત્તા હોય, આહારકદ્વિક સહિત ૩૦ ના બંધે બન્ને ઉદયે ૯૨ની સત્તા હોય, અને તે સાથે જિનનામ સહિત ૩૧ ના બંધે બન્ને ઉદયે ૯૩ ની સત્તા હોય. કુલ સત્તાસ્થાનક ૮ થાય. અહીં તીર્થંકર અથવા આહારકની જેને સત્તા હોય તે તે બાંધે જ એવો નિયમ છે તેથી પ્રત્યેક ઉદયે એક એકજ સત્તાસ્થાન હોય.

૫–પાંચ બંધસ્થાનના ભાંગા ૫ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાંગા થાય. સત્તા[1]સ્થાનક ૪ હોય, તે આ પ્રમાણે. ૯૩, ૯૨, ૮૯, ૮૮.

તથા અનિવૃત્તિબાદરે યશઃકીર્ત્તિનું એક જ બંધસ્થાનક અને ૩૦ નું એક ઉદયસ્થાનક હોય, ત્યાં ક્ષપકને ભાંગા ૨૪ અને ઉપશમકને ભાંગા ૭૨ હોય. સત્તાસ્થાનક આઠ હોય, તે આ પ્રમાણે ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૦, ૭૯, ૭૬, ૭૫. ત્યાં પુરિલાં ચાર ૯૩, ૯૨, ૮૯, ૮૮ નાં સત્તાસ્થાન ઉપશમશ્રેણિએ હોય. અને ક્ષપકશ્રેણિએ પણ જ્યાં લગે નામકર્મની ૧૩ પ્રકૃતિ ક્ષય ન થઇ હોય ત્યાં લગે હોય અને તેર પ્રકૃતિ ક્ષય કર્યે ૮૦, ૭૯, ૭૬, ૭૫, એ ચાર સત્તાસ્થાનક હોય. ઈહાં બંધોદયનો ભેદ નથી તે માટે સંવેધ નથી.

તથા સૂક્ષ્મસંપરાયે પણ એમ જ એક બંધસ્થાનક, એક ઉદયસ્થાનક અને આઠ સત્તાસ્થાનક અનિવૃત્તિબાદરની પેરે જાણવાં. ત્યાં સત્તાસ્થાનક માંહે પુરિલાં ૪ ઉપશમકને હોય અને પછીનાં ચાર ક્ષપકને હોય, તથા છદ્મસ્થ જિન તે ઉપશાન્ત-મોહ તથા ક્ષીણમોહ અને કેવળી જિન તે સયોગી અને અયોગી કેવળી; તે ૪ને નામકર્મનો બંધ ન હોય. ઉપશાન્તમોહને ૩૦ નું એક ઉદયસ્થાનક હોય, ત્યાં ભાંગા ૭૨ હોય. સત્તાસ્થાનક ૪ હોય–૯૩, ૯૨, ૮૯, ૮૮. ક્ષીણમોહે ૩૦ નું એક ઉદયસ્થાનક હોય, ત્યાં ભાંગા ૨૪ હોય. પણ તીર્થંકર નામ સહિતને સર્વ સંસ્થાનાદિક પ્રશસ્ત જ હોય, તે માટે તેને ભાંગો ૧ હોય. સત્તા-સ્થાનક ચાર હોય, ૮૦, ૭૯, ૭૬, ૭૫. ત્યાં ૮૦ અને ૭૬ નું તીર્થંકરને અને ૭૯ તથા ૭૫ નું અતીર્થંકરને હોય.

---

૧–પ્રથમના ચાર બંધસ્થાને ૩૦ ના ઉદયે અનુક્રમે ૮૮, ૮૯, ૯૨ અને ૯૩ નાં સત્તાસ્થાનો હોય અને એકના બંધે ૩૦ ના ઉદયે એ ચાર સત્તાસ્થાન હોય. કુલ ૮ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સયોગી કેવળીને ઉદય સ્થાનક ૮ હોય, [૧]તે આ પ્રમાણે-૨૦, ૨૧, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧. ત્યાં સામાન્ય કેવળીને કેવળી સમુદ્ઘાતે કાર્મણ કાયયોગે વર્તતાં ૨૦ નું ઉદયસ્થાનક હોય, ત્યાં ભાંગો ૧ ત્યાં તીર્થંકરને ૨૧ ના ઉદયનો ભાંગો ૧; એમ પૂર્વે ઉદયસ્થાનક વિવર્યાં છે તેમ જાણવાં. આઠે ઉદયસ્થાનકે થઇને ૬૦ ભાંગા હોય. સત્તાસ્થાનક ૮૦, ૭૯, ૭૬, ૭૫. એ ચાર હોય.[૨]

અયોગી કેવલીને બે ઉદયસ્થાનક ૯ અને ૮ નું હોય. તેના ભાંગા ૨ હોય અને સત્તાસ્થાનક[૩]છ હોય તે આ પ્રમાણે ૮૦, ૭૯, ૭૬, ૭૫, ૯, ૮. એમ ૧૪ ગુણસ્થાને બંધોદય સત્તાસ્થાનક, તેના ભાંગા અને સંવેધ સ્થાનની સંખ્યા તથા તેના ભાંગાની સંખ્યા કહી. ૫૮-૫૯.

---

## મિથ્યાત્વે બંધ ભાંગા.

२३ २५ २६ २८ २९
**चउ पणवीसा सोलस, नव चत्ताला सया य बाणउई।**
३० १३९२६
**बत्तीसुत्तर छायाल-सया मिच्छस्स बंधविही ॥६०॥**

---

૧-ઉદયસ્થાને ભાંગા ૬૦ થાય. તે પ્રમાણેઃ—૨૦ (૧), ૨૧ (૧), ૨૬ (૬), ૨૭ (૧), ૨૮ (૧૨), ૨૯ (૧૩), ૩૦ (૨૫), ૩૧ (૧).

૨-૨૦ ના ઉદયે ૭૯, ૭૫. ૨૧ ના ઉદયે ૮૦, ૭૬. ૨૬ ના ઉદયે ૭૯, ૭૫. ૨૭ ના ઉદયે ૮૦, ૭૬, ૨૮ ના ઉદયે ૭૯, ૭૫. ૨૯ તથા ૩૦ ના ઉદયે પ્રત્યેકે ૮૦, ૭૯, ૭૬, ૭૫. ૩૧ ના ઉદયે ૮૦, ૭૬. કુલ સત્તાસ્થાન ૨૦ થાય.

૩-૯ ના ઉદયે ૮૦, ૭૬ અને ૯, ૮ ના ઉદયે ૭૯, ૭૫ અને ૮. કુલ ૬ સત્તાસ્થાન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| चउ=ચાર ભાંગા | बत्तीसुत्तर छायालसया=૪૬૩૨. |
| पणवीसा=પચ્ચીશ. | मिच्छस्स=મિથ્યાત્વ ગુણસ્થાનના. |
| सोलस=સોળ. | बंधविहीं=બંધના ભાંગા |
| नव=નવ. | |
| चत्तालासयाय बाणउई=૯૨૪૦ | |

**अर्थः**—મિથ્યાત્વ ગુણસ્થાને ૨૩-૨૫-૨૬-૨૮-૨૯ અને ૩૦ ના બંધસ્થાનકને વિષે અનુક્રમે ચાર, પચ્ચીશ, સોળ, નવ, બાણુશેં ચાળીશ અને છેંતાળીશસો બત્રીશ બંધના ભાંગા હોય ॥ ૬૦ ॥

**विवेचनः**—હવે મિથ્યાત્વ ગુણઠાણાના જે ત્રેવીશ આદિ દઇને બંધસ્થાનક છે તેને વિષે કેટલા કેટલા બંધના ભાંગા ઉપજે તે પ્રરૂપવાને આ ભાષ્યની ગાથાનો ભાવાર્થ કહે છે.–

ત્રેવીશને બંધસ્થાનકે ૪ ભાંગા હોય. પચ્ચીશને બંધસ્થાનકે ૨૫ ભાંગા ઉપજે. છવીશને બંધસ્થાનકે ૧૬ ભાંગા ઉપજે, અઠ્ઠાવીશને બંધસ્થાનકે ૯ ભાંગા ઉપજે, ઓગણત્રીશને બંધસ્થાનકે બાણુશેં ચાલીશ (૯૨૪૦) ભાંગા ઉપજે, ત્રીશને બંધસ્થાનકે છેંતાલીશશેં અને બત્રીશ (૪૬૩૨) ભાંગા હોય, એમ મિથ્યાત્વ ગુણઠાણે છ બંધસ્થાનકે થઇને તેર હજાર નવશે છવીશ (૧૩૯૨૬) ભાંગા હોય, એની ભાવના પૂર્વે કહી છે તે પ્રમાણે જાણવી. ॥ ૬૦ ॥

---

## સાસ્વાદને બંધ ભાંગા.

૨૮ ૨૯ ૩૦
अट्ठ सया चउसट्ठी बत्तीससयाइं सासणे भेआ ।
૩ ૯૬૦૮
अट्ठावीसाईसुं, सव्वाणऽट्ठहिगछन्नउई ॥ ६१ ॥

अट्ठ=આઠ.
सयाचउसट्ठी=ચોસઠશે.
बत्तीससयाइं=બત્રીશશે.
सासणे=સાસ્વાદન ગુણસ્થાને
भेआ=બંધના ભેદો–ભાંગા.
अट्ठावीसाइसु=અઠ્ઠાવીશ વગેરે (ત્રણ બંધસ્થાનક) ને વિષે.
सव्वाण=સર્વની સંખ્યા.
अट्ठहिगछन्नउई=૯૬૦૮.

अर्थः–સાસ્વાદન ગુણસ્થાને ૨૮–૨૯ અને ૩૦ ના બંધકને વિષે અનુક્રમે આઠ, ચોસઠશે અને બત્રીશશે બંધના ભાંગા હોય. અઠ્ઠાવીશ આદિ ( ત્રણ ) બંધસ્થાનકને વિષે સર્વ ભાંગાની સંખ્યા છન્નુશે ને આઠ થાય. ॥ ૬૧ ॥

विवेचनः—હવે સાસ્વાદન ગુણઠાણાના જે ૨૮ આદિ દઇને ત્રણ બંધસ્થાનક છે, તેને વિષે કેટલા કેટલા ભાંગા ઉપજે ? તે પ્રરૂપવાને ભાષ્યની ગાથાનો ભાવાર્થ કહે છે—અઠ્ઠાવીશને બંધ સ્થાનકે ૮ ભાંગા ઉપજે. ઓગણત્રીશને બંધસ્થાનકે ચોસઠશે (૬૪૦૦) ભાંગા હોય. ત્રીશને બંધસ્થાનકે બત્રીશશે ( ૩૨૦૦) ભાંગા હોય. એ પ્રકારે સાસ્વાદન ગુણઠાણે અઠ્ઠાવીશાદિક ત્રણ બંધસ્થાનકે થઇને સર્વ મળીને છન્નુશે અને આઠ (૯૬૦૮) ભાંગા થાય. ભાવના પૂર્વે કહી છે. અને મિશ્રાદિક ગુણઠાણે તો બંધસ્થાનકના ભાંગા થોડા છે, તેથી તે પૂર્વે કહ્યા છે તેમ જાણવા. ॥ ૬૧ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મિથ્યાત્વ ગુણસ્થાને નામ્નો બંધોદયસત્તા-સંવેધયંત્રકમ્ ૧.

| બંધ | ભાંગા. | ઉદય. | ઉદય. સંખ્યા. | ભંગ. | સત્તાસ્થાનાનિ. |
|---|---|---|---|---|---|
| | | ૨૧ | ૩૨ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૨૩ | ૪ | ૨૪ | ૧૧ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૫ | ૨૩ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૬ | ૬૦૦ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૭ | ૨૨ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૨૮ | ૧૧૮૨ | ૭૭૦૪ | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૨૯ | ૧૭૬૪ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૩૦ | ૨૯૦૬ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૩૧ | ૧૧૬૪ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૨૧ | ૪૦ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૨૫ | ૨૫ | ૨૪ | ૧૧ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૫ | ૩૧ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૬ | ૬૦૦ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૭ | ૩૦ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૨૮ | ૧૧૯૮ | ૭૭૬૮ | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૨૯ | ૧૭૮૦ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૩૦ | ૨૯૧૪ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૩૧ | ૧૧૬૪ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૨૧ | ૪૦ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૪ | ૧૧ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૨૬ | ૧૬ | ૨૫ | ૩૧ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૬ | ૬૦૦ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૭ | ૩૦ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૨૮ | ૧૧૯૮ | ૭૭૬૮ | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૨૯ | ૧૭૮૦ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૩૦ | ૨૯૧૪ | | ૯૨।૮૮।૮૬।૮૦ |
| | | ૩૧ | ૧૧૬૪ | | ૯૨।૮૮।૮૬।૮૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | |
|---|---|---|---|---|---|
| × | | ૨૫ | ૧૬ | | ૯૨।૮૮ |
| ૨૮ | ૯ | ૨૭ | ૧૬ | | ૯૨।૮૮ |
| | | ૨૮ | ૨૪ | | ૯૨।૮૮ |
| | | ૨૯ | ૨૪ | ૩૫૪૪ | ૯૨।૮૮ |
| | | ૩૦ | ૨૩૧૨+ | | ૯૨।૮૯।૮૮।૮૬ |
| | | ૩૧ | ૧૧૫૨ | | ૯૨।૮૮।૮૬ |
| | | ૨૧ | ૪૧ | | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૪ | ૧૧ | | ૯૨। ૮૮।૮૬।૮૦।૭૮ |
| ૨૯ | ૯૨૪૦ | ૨૫ | ૩૨ | | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૬ | ૬૦૦ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૭ | ૩૧ | | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦ |
| | | ૨૮ | ૧૧૯૯ | ૭૭૭૩ | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦ |
| | | ૨૯ | ૧૭૮૧ | | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦ |
| | | ૩૦ | ૨૯૧૪ | | ૯૨।૮૮।૮૬।૮૦। |
| | | ૩૧ | ૧૧૬૪ | | ૯૨।૮૮।૮૬।૮૦। |
| | | ૨૧ | ૪૧ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૪ | ૧૧ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૩૦ | ૪૬૩૨ | ૨૫ | ૩૨ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૬ | ૬૦૦ | | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| | | ૨૭ | ૩૧ | | ૯૨।૮૮।૮૬।૮૦। |
| | | ૨૮ | ૧૧૯૯ | ૭૭૭૩ | ૯૨।૮૮।૮૬।૮૦। |
| | | ૨૯ | ૧૭૮૧ | | ૯૨।૮૮।૮૬।૮૦। |
| | | ૩૦ | ૨૯૧૪ | | ૯૨।૮૮।૮૬।૮૦। |
| | | ૩૧ | ૧૧૬૪ | | ૯૨।૮૮।૮૬।૮૦। |
| ૬ | ૧૩૯૨૬ | ૫૧ | ૪૨૩૩૦ | | ૨૨૦ |

× ૨૮ ના બંધે ૬ ઉદયસ્થાન લીધાં છે. તેમાં વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યને ગણવામાં આવ્યા છે. વૈક્રિય તિર્યંચ મનુષ્ય ૨૮ બાંધી શકે છે તેથી. તેથી તેના પહેલાં પાંચ ( ૩૧ વિના ) ઉદયના ભાંગા ૮૮ સમજવા.

+ કોઈ પણ મિથ્યાત્વી મનુષ્ય કે તિર્યંચ અપર્યાપ્તાવસ્થામાં દેવ કે નરક આયોગ્ય બંધ કરે નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સાસ્વાદને નામ્ને બંધોદયસત્તાસંવેધયંત્રમ્ ૨.

| | ભાંગા | ઉદય | ભંગ સંખ્યા. | | સત્તાસ્થાનાનિ |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૮ | ૩૦ | ૨૩૦૪ | ૩૪૫૬ | ૯૨।૮૮ |
| | | ૩૧ | ૧૧૫૨ | | ૮૮ |
| ૨૯ | ૬૪૦૦ | ૨૧ | ૩૨ | | ૮૮ |
| | | ૨૪ | ૨ | | ૮૮ |
| | | ૨૫ | ૮ | | ૮૮ |
| | | ૨૬ | ૫૮૨ | | ૮૮ |
| | | ૨૯ | ૯ | ૪૦૯૭ | ૮૮ |
| | | ૩૦ | ૨૩૧૨ | | ૯૨।૮૮ |
| | | ૩૧ | ૧૧૫૨ | | ૮૮ |
| ૩૦ | ૩૨૦૦ | ૨૧ | ૩૨ | | ૮૮ |
| | | ૨૪ | ૨ | | ૮૮ |
| | | ૨૫ | ૮ | | ૮૮ |
| | | ૨૬ | ૫૮૨ | | ૮૮ |
| | | ૨૯ | ૯ | ૪૦૯૭ | ૮૮ |
| | | ૩૦ | ૨૩૧૨ | | ૯૨।૮૮ |
| | | ૩૧ | ૧૧૫૨ | | ૮૮ |
| ૩ | ૯૬૦૮ | ૧૬ | | ૧૧૬૫૦ | ૧૯ |

## મિશ્રે નામ્નો બંધોદયસત્તાસંવેધ. ૩

| બંધ. | ભાંગા. | ઉદય ભંગ સંખ્યા. | | | સત્તાસ્થાનાનિ |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૮ | ૩૦ | ૨૩૦૪ | ૩૪૫૬ | ૯૨।૮૮ |
| | | ૩૧ | ૧૧૫૨ | | ૯૨।૮૮ |
| ૨૯ | ૮ | ૨૯ | ૯ | ૯ | ૯૨।૮૮ |
| ૨ | ૧૬ | ૩ | | ૩૪૬૫ | ૬ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અવિરતે નામ્નો બંધોદયસત્તાસંવેધ. ૪

| બંધ | ભાંગા. | ઉદય. | ભંગ સંખ્યા | | સત્તાસ્થાનાનિ. |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૮ | ૨૧ | ૧૬ | | ૯૨।૮૮ |
| | | ૨૫ | ૧૬ | | ૯૨।૮૮ |
| | | ૨૬ | ૫૭૬ | | ૯૨।૮૮ |
| | | ૨૭ | ૧૬ | | ૯૨।૮૮ |
| | | ૨૮ | ૧૧૭૬ | ૭૫૯૨ | ૯૨।૮૮ |
| | | ૨૯ | ૧૭૫૨ | | ૯૨।૮૮ |
| | | ૩૦ | ૨૮૮૮ | | ૯૨।૮૮ |
| | | ૩૧ | ૧૧૫૨ | | ૯૨।૮૮ |
| | | ૨૧ | ૧૭ | | ૯૩।૯૨।૮૯।૮૮ |
| | | ૨૫ | ૧૭ | | ૯૩।૯૨।૮૯।૮૮ |
| | | ૨૬ | ૨૮૮ | | ૯૩।૮૯ |
| ૨૯ | ૧૬ | ૨૭ | ૧૭ | ૨૭૦૧ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| | | ૨૮ | ૬૦૧ | | ૯૩।૯૨।૮૯।૮૮ |
| | | ૨૯ | ૬૦૧ | | ૯૩।૯૨।૮૯।૮૮ |
| | | ૩૦ | ૧૧૬૦ | | ૯૩।૯૨।૮૯।૮૮ |
| | | ૨૧ | ૯ | | ૯૩।૮૯ |
| | | ૨૫ | ૯ | | ૯૩।૮૯ |
| ૩૦ | ૮ | ૨૭ | ૯ | ૬૯ | ૯૩।૮૯ |
| | | ૨૮ | ૧૭ | | ૯૩।૮૯ |
| | | ૨૯ | ૧૭ | | ૯૩।૮૯ |
| | | ૩૦ | ૮ | | ૯૩।૮૯ |
| ૩ | ૩૨ | ૨૧ | | ૧૦૩૬૨ | ૫૪ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દેશવિરતે બંધોદયસત્તાસંવેધ. ૫

| બંધ | ભાંગા. | ઉદય. | ભંગ | સંખ્યા | સત્તાસ્થાનાનિ |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૮ | ૨૫ | ૨ | | ૯૨।૮૮ |
| | | ૨૭ | ૨ | | ૯૨।૮૮ |
| | | ૨૮ | ૩ | | ૯૨।૮૮ |
| | | ૨૯ | ૩ | | ૯૨।૮૮ |
| | | ૩૦ | ૨૮૯ | ૪૪૩ | ૯૨।૮૮ |
| | | ૩૧ | ૧૪૪ | | ૯૨।૮૮ |
| ૨૯ | ૮ | ૨૫ | ૧ | | ૯૩।૮૯ |
| | | ૨૭ | ૧ | | ૯૩।૮૯ |
| | | ૨૮ | ૧ | | ૯૩।૮૯ |
| | | ૨૯ | ૧ | ૧૪૮ | ૯૩।૮૯ |
| | | ૩૦ | ૧૪૪ | | ૯૩।૮૯ |
| ૨ | ૧૬ | ૧૧ | | ૫૯૧ | ૨૨ |

## પ્રમત્તસંયતે બંધોદયસત્તાસંવેધ ૬

| બંધ. | ભાંગા. | ઉદય. | ભંગ | સંખ્યા. | સત્તાસ્થાનાનિ |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૮ | ૨૫ | ૨ | | ૯૨।૮૮ |
| | | ૨૭ | ૨ | | ૯૨।૮૮ |
| | | ૨૮ | ૪ | ૧૫૮ | ૯૨।૮૮ |
| | | ૨૯ | ૪ | | ૯૨।૮૮ |
| | | ૩૦ | ૧૪૬ | | ૯૨।૮૮ |
| ૨૯ | ૮ | ૨૫ | ૨ | | ૯૩।૮૯ |
| | | ૨૭ | ૨ | ૧૫૮ | ૯૩।૮૯ |
| | | ૨૮ | ૪ | | ૯૩।૮૯ |
| | | ૨૯ | ૪ | | ૯૩।૮૯ |
| | | ૩૦ | ૧૪૬ | | ૯૩।૮૯ |
| ૨ | ૧૬ | ૧૦ | | ૩૩૬ | ૨૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અપ્રમત્તે બંધોદયસત્તાસંવેધ. ૭

| બંધ. | ભાંગા. | ઉદય. | ભંગ સંખ્યા. | | સત્તાસ્થાનાનિ. |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૧ | ૨૯<br>૩૦ | ×૨<br>×૧૪૬ | ૧૪૮ | ૮૮<br>૮૮ |
| ૨૯ | ૧ | ૨૯<br>૩૦ | ×૨<br>×૧૪૬ | ૧૪૮ | ૮૯<br>૮૯ |
| ૩૦ | ૧ | ૨૯<br>૩૦ | ૨<br>૧૪૬ | ૧૪૮ | ૯૨<br>૯૨ |
| ૩૧ | ૧ | ૨૯<br>૩૦ | ૨<br>૧૪૬ | ૧૪૮ | ૯૩<br>૯૩ |
| ૪ | ૪ | ૮ | | ૫૯૨ | ૮ |

## અપૂર્વકરણે બંધોદયસત્તાસંવેધ. ૮

| બંધ. | ભાંગા. | ઉદય. | ભંગ સંખ્યા. | | સત્તાસ્થાનાનિ |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૧ | ૩૦ | ૭૨ | | ૮૮ |
| ૨૯ | ૧ | ૩૦ | ૭૨ | | ૮૯ |
| ૩૦ | ૧ | ૩૦ | ૭૨ | | ૯૨ |
| ૩૧ | ૧ | ૩૦ | ૭૨ | | ૯૩ |
| ૧ | ૧ | ૩૦ | ૭૨ | | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૫ | ૫ | ૫ | ૩૬૦ | | ૮ |

૯।૧૦।૧૧।૧૨ ગુણસ્થાનેષુ સંવેધો નાસ્તિ એકૈકબંધોદયસ્થાનત્વાત્.

×૨૮ તથા ૨૯ ના બંધે ૨૯ અને ૩૦ ના ઉદયે અનુક્રમે ૧ અને ૧૪૫ ભાંગા સંભવે. બન્ને ઉદયમાં આહારકના ઉદયવાળા ભાંગા ન ઘટે. જેનો ઉદય તેનો બંધ આ (અપ્રમત્ત) ગુણઠાણે હોય જ, એમ આમાં હેતુ સમજાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સયોગિનઃ ઉદયસત્તાસંવેધયંત્ર ૧૩

| બંધ. | ભાંગા. | ઉદય. | ભાંગા. | સત્તાસ્થાનાનિ. |
|---|---|---|---|---|
| | | ૨૦ | ૧ | ૭૯।૭૫ |
| | | ૨૧ | ૧ | ૮૦।૭૬ |
| | ૦ | ૨૬ | ૬ | ૭૯।૭૫ |
| | | ૨૭ | ૧ | ૮૦।૭૬ |
| | | ૨૮ | ૧૨ | ૮૦।૭૯।૭૬।૭૫ |
| | | ૨૯ | ૧૩ | ૮૦।૭૯।૭૬।૭૫ |
| | | ૩૦ | ૨૫ | ૮૦।૭૬ |
| | | ૩૧ | ૧ | |
| ૦ | ૦ | ૮ | ૬૦ | ૨૦ |

## અયોગિનઃ ઉદયસત્તાસંવેધયંત્ર. ૧૪

| બંધ. | ભાંગા. | ઉદય. | ભાંગા. | સત્તાસ્થાનાનિ. |
|---|---|---|---|---|
| ૦ | ૦ | ૯<br>૮ | ૧<br>૧ | ૮૦।૭૬।૯<br>૭૯।૭૫।૮ |
| | | ૨ | ૨ | ૬ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* ૧૪ ગુણસ્થાનેષુ બંધોદયસત્તાસંવેધે સ્થાનૈક્યં

ભંગૈક્યં ચ જ્ઞેયં ॥ ૧૫

| ગુણ. | બંધ સ્થા. | બંધ ભંગા | ઉદય સ્થા. | ઉદય ભંગા, | સતાસ્થાન સંવેધ. |
|---|---|---|---|---|---|
| ૧૪ | ૮ | ૧૩૯૪૫ | ૧૨ | ૭૭૯૧ | ૧૨ |
| ૧ | ૬ | ૧૩૯૨૬ | ૫૧ | ૪૧,૩૩૦ | ૨૨૦ |
| ૨ | ૩ | ૯૬૦૮ | ૧૬ | ૧૧૬૫૦ | ૧૯ |
| ૩ | ૨ | ૧૬ | ૩ | ૩૪૬૫ | ૬ |
| ૪ | ૩ | ૩૨ | ૨૪ | ૦૩૬૨ | ૫૪ |
| ૫ | ૨ | ૧૬ | ૧૧ | ૫૬૧ | ૨૨ |
| ૬ | ૨ | ૧૬ | ૧૦ | ૩૧૬ | ૨૦ |
| ૭ | ૪ | ૪ | ૮ | ૫૯૨ | ૮ |
| ૮ | ૫ | ૫ | ૫ | ૩૬૦ | ૮ |
| ૯ | ૧ | ૧ | ૧ | ૭૨ | ૮ |
| ૧૦ | ૧ | ૧ | ૧ | ૭૨ | ૮ |
| ૧૧ | ૧ | ૦ | ૧ | ૭૨ | ૪ |
| ૧૨ | ૦ | ૦ | ૧ | ૨૪ | ૪ |
| ૧૩ | ૦ | ૦ | ૮ | ૬૦ | ૨૦ |
| ૧૪ | ૦ | ૦ | ૨ | ૨ | ૬ |
| | ૨૯ | ૨૩૬૨૫ | ૧૪૨ | ૬૯૯૬૮ | ૪૦૭ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નામ્નઃ ૧૦ ગુણસ્થાનેષુ બંધસ્થાનાનાં ભંગાઃ ઐક્યે ૨૯ સ્થાનાનિ, ભંગાશ્ચ ૨૩૬૨૫

| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ | | ૭ | | ૮ | | ૯ | | ૧૦ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૪ | ૨૮ | ૮ | ૨૮ | ૮ | ૨૮ | ૮ | ૨૮ | ૮ | ૨૮ | ૮ | ૨૮ | ૧ | ૨૮ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૫ | ૨૫ | ૨૯ | ૬૪૦૦ | ૨૯ | ૮ | ૨૯ | ૧૬ | ૨૯ | ૮ | ૨૯ | ૮ | ૨૯ | ૧ | ૨૯ | ૧ | | | | |
| ૨૬ | ૧૬ | ૩૦ | ૩૨૦૦ | | | ૩૦ | ૮ | | | | | ૩૦ | ૧ | ૩૦ | ૧ | | | | |
| ૨૮ | ૯ | | | | | | | | | | | ૩૧ | ૧ | ૩૧ | ૧ | | | | |
| ૨૯ | ૯૨૪૦ | | | | | | | | | | | | | ૧ | ૧ | | | | |
| ૩૦ | ૪૬૩૨ | | | | | | | | | | | | | | | | | | |
| ૬ | ૧૩૯૨૬ | ૩ | ૯૬૦૮ | ૨ | ૧૬ | ૩ | ૩૨ | ૨ | ૧૬ | ૨ | ૧૬ | ૪ | ૪ | ૫ | ૫ | ૧ | ૧ | ૧ | ૧ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામ્નઃ ૧૪ ગુણસ્થાનેષુ ઉદય સ્થાનાનાં ભંગાઃ ઐકયે। ઉદયસ્થાન ૫૫, ભંગા ૨૪૧૧૯

| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ | | ૭ | | ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | | ૧૩ | | ૧૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૪૧ | ૨૧ | ૩૨ | ૨૯ | ૯ | ૨૧ | ૨૫ | ૨૫ | ૨ | ૨૫ | ૨ | ૨૯ | ૨ | ૩૦ | ૭૨ | ૩૦ | ૭૨ | ૩૦ | ૭૨ | ૩૦ | ૭૨ | ૩૦ | ૨૪ | ૨૦ | ૧ | ૮ | ૧ |
| ૨૪ | ૧૧ | ૨૪ | ૨ | ૩૦ | ૨૩૦૪ | ૨૫ | ૨૫ | ૨૭ | ૨ | ૨૭ | ૨ | ૩૦ | ૧૪૬ | | | | | | | | | | | ૨૧ | ૧ | ૯ | ૧ |
| ૨૫ | ૩૨ | ૨૫ | ૮ | ૩૧ | ૧૧૫૨ | ૨૬ | ૫૭૬ | ૨૮ | ૩ | ૨૮ | ૪ | | | | | | | | | | | | | ૨૬ | ૬ | | |
| ૨૬ | ૬૦૦ | ૨૬ | ૫૮૨ | | | ૨૭ | ૨૫ | ૨૯ | ૩ | ૨૯ | ૪ | | | | | | | | | | | | | ૨૭ | ૧ | | |
| ૨૭ | ૩૧ | ૨૯ | ૯ | | | ૨૮ | ૧૧૯૩ | ૩૦ | ૨૮૯ | ૩૦ | ૧૪૬ | | | | | | | | | | | | | ૨૮ | ૧૨ | | |
| ૨૮ | ૧૧૯૯ | ૩૦ | ૨૩૧૨ | | | ૨૯ | ૧૭૧૯ | ૩૧ | ૧૪૪ | | | | | | | | | | | | | | | ૨૯ | ૧૩ | | |
| ૨૯ | ૧૭૮૧ | ૩૧ | ૧૧૫૨ | | | ૩૦ | ૨૮૯૬ | | | | | | | | | | | | | | | | | ૩૦ | ૨૫ | | |
| ૩૦ | ૨૯૧૪ | | | | | ૩૧ | ૧૧૫૨ | | | | | | | | | | | | | | | | | ૩૧ | ૧ | | |
| ૩૧ | ૧૧૬૪ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૯ | ૭૭૭૩ | ૭ | ૪૦૯૭ | ૩ | ૩૪૬૫ | ૮ | ૭૬૧૧ | ૬ | ૪૪૩ | ૫ | ૧૫૮ | ૨ | ૧૪૮ | ૧ | ૭૨ | ૧ | ૭૨ | ૧ | ૭૨ | ૧ | ૭૨ | ૧ | ૨૪ | ૮ | ૬૦ | ૨ | ૨ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મિથ્યાત્વ ગુણસ્થાને ઉદયભાંગા.

२१ २४ २५ २६ २७ २८
**इगचत्तिगार बत्तीस, छसय इगतीसिगारनवनउई।**
२९ ३० ३१ ७७७३
**सतरिगसि गुतीसचउद, इगारचउसट्ठि मिच्छुदया॥६२॥**

इगचत्त=એકતાલીશ.
इगार=અગ્યાર.
बत्तीस=બત્રીશ.
छसय=છશેં
इगतीस=એકત્રીશ
इगारनवनउइ=૧૧૯૯
सतरिगसि=સત્તરશેં એકાશી
गुतीसचउद=૨૯૧૪
इगारचउसट्ठि=૧૧૬૪
मिच्छुदया=મિથ્યાત્વ ગુણસ્થાનના ઉદયના ભાંગા

**अर्थः**—મિથ્યાત્વ ગુણસ્થાને ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ ના ઉદયસ્થાનોને વિષે અનુક્રમે ૪૧, ૧૧, ૩૨, ૬૦૦, ૩૧, ૧૧૯૯, ૧૭૮૧, ૨૯૧૪, અને ૧૧૬૪ ઉદયના ભાંગા હોય. ॥ ૬૨ ॥

**विवेचनः**—હવે મિથ્યાત્વ ગુણઠાણાનાં એકવીશ આદિ દઇને નવ ઉદયસ્થાનકને વિષે ભાંગા પ્રરૂપવાની ગાથાનો ભાવ કહે છે. એકવીશને ઉદયસ્થાનકે ૪૧ ભાંગા ઉપજે, ચોવીશને ઉદયસ્થાનકે ૧૧ ભાંગા હોય, પચ્ચીશને ઉદયસ્થાનકે ૩૨ ભાંગા હોય, છવીશને ઉદય સ્થાનકે (૬૦૦) છશેં ભાંગા હોય, સત્તાવીશને ઉદય સ્થાનકે ૩૧ ભાંગા હોય, અઠ્ઠાવીશને ઉદયસ્થાનકે અગ્યારશેં નવાણું (૧૧૯૯) ભાંગા ઉપજે, ઓગણત્રીશને ઉદયસ્થાનકે સત્તરશેં અને એકાશી (૧૭૮૧) ભાંગા હોય, ત્રીશને ઉદયસ્થાનકે ઓગણત્રીશશેં અને ચઉદ (૨૯૧૪) ભાંગા ઉપજે અને એકત્રીશને ઉદયસ્થાનકે અગ્યારશેં ચોસઠ (૧૧૬૪) ભાંગા થાય. એ પ્રકારે મિથ્યાત્વ ગુણઠાણે એ નવ ઉદયસ્થાનકે થઇને સર્વ મળીને સત્યોતેરશેં તહોંતેર (૭૭૭૩) ભાંગા હોય. ॥ ૬૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નામકર્મનાં બંધસ્થાન ને તેના ભાંગા.

| ગુણસ્થાનેષુ | | નામકર્મણઃ બંધસ્થાનાનિ ૮ | | તદ્ભંગાઃ ૧૩૯૪૫ |
|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વે | ૬ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦ | ૧૩૯૨૬ |
| ૨ | સાસ્વા૦ | ૩ | ૨૮।૨૯।૩૦ | ૯૬૦૮ |
| ૩ | મિશ્રે | ૨ | ૨૮।૨૯ | ૧૬ |
| ૪ | અવિર૦ | ૩ | ૨૮।૨૯।૩૦ | ૩૨ |
| ૫ | દેશવિ૦ | ૨ | ૨૮।૨૯ | ૧૬ |
| ૬ | પ્રમત્તે | ૨ | ૨૮।૨૯ | ૧૬ |
| ૭ | અપ્રમ૦ | ૪ | ૨૮।૨૯।૩૦।૩૧ | ૪ |
| ૮ | અપૂર્વક૦ | ૫ | ૨૮।૨૯।૩૦।૩૧।૧ | ૫ |
| ૯ | અનિવૃ૦ | ૧ | ૧ | ૧ |
| ૧૦ | સૂક્ષ્મ૦ | ૧ | ૧ | ૧ |
| ૧૧ | ઉપ૦ | ૦ | | |
| ૧૨ | ક્ષીણમોહે | ૦ | | |
| ૧૩ | સયોગિ | ૦ | | |
| ૧૪ | અયોગિ | ૦ | | |
| | | ૨૯ | | ૨૩૬૨૫ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નામકર્મના ઉદયસ્થાન તેના ભંગ ને સત્તાસ્થાન.

| નામકર્મણઃ ઉદયસ્થાનાનિ ૧૨ | | તદ્ભંગા ૭૭૯૧ | નામકર્મણઃ સત્તા-સ્થાનાનિ ૧૨ | |
|---|---|---|---|---|
| ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૭૩ | ૬ | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૭ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૯।૩૦।૩૧ | ૪૦૯૭ | ૨ | ૯૨।૮૮ |
| ૩ | ૨૯।૩૦।૩૧ | ૩૪૬૫ | ૨ | ૯૨।૮૮ |
| ૮ | ૨૧।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૯।૩૧ | ૭૬૬૧ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૬ | ૨૫।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૪૪૩ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૫ | ૨૫।૨૭।૨૮।૨૯।૩૦ | ૧૫૮ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૨ | ૨૯।૩૦ | ૧૪૮ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૧ | ૩૦ | ૭૨ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૧ | ૩૦ | ૭૨ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૧ | ૩૦ | ૭૨ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૧ | ૩૦ | ૭૨ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૧ | ૩૦ | ૨૪ | ૪ | ૮૦।૭૯।૭૬।૭૫ |
| ૮ | ૨૦।૨૧।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૬૦ | ૪ | ૮૦।૭૯।૭૬।૭૫ |
| ૨ | ૯।૮ | ૨ | ૬ | ૮૦।૭૯।૭૬।૭૫।૯।૮ |
| ૫૫ | | ૨૪૧૧૯ | ૬૪ | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સાસ્વાદને ઉદય ભાંગા

૨૧ ૨૪ ૨૫ ૨૬ ૨૯
**बत्तीस दुन्नि अट्ठय, बासीइसयायपच नव उदया ।**
३० ३१ ४०९७
**बारहिआ तेवीसा, बावन्निक्कारस सया य ॥ ६३ ॥**

| | |
|---|---|
| बत्तीस=બત્રીશ | नव=નવ |
| दुन्नि=બે | उदया=ઉદયના ભાંગા |
| अट्ठ=આઠ | बारहिया तेवीसा=૨૩૧૨ |
| बासीइसयायपंच=પાંચશેં બાશી | बावन्निक्कारससयाय=૧૧૫૨ |

**અર્થ:**—સાસ્વાદન ગુણસ્થાને ૨૧, ૨૪, ૨૫, ૨૬, અને ૨૯ ૩૦-૩૧ ના ઉદયસ્થાનોને વિષે અનુક્રમે બત્રીશ, બે, આઠ, પાંચશે બાશી, નવ, ત્રેવીશશેં બાર અને અગ્યારશેં બાવન ઉદયના ભાંગા હોય. ॥ ૬૩ ॥

**વિવેચન:**-હવે સાસ્વાદન ગુણઠાણાનાં એકવીશ આદિ દઇને સાત ઉદયસ્થાનકને વિષે ભાંગા પ્રરૂપવાની ભાષ્યની ગાથાનો ભાવ કહે છે—

એકવીશાને ઉદયસ્થાનકે ૩૨ ભાંગા હોય—૮ મનુષ્યના, ૬ વિકલેંદ્રિયના, ૮ દેવતાના, ૮ તિર્યંચના અને ૨ એકેંદ્રિયના, ચોવીશને ઉદયસ્થાનકે ૨ ભાંગા એકેંદ્રિયના હોય. પચ્ચીશને ઉદયસ્થાનકે આઠ ભાંગા દેવતાના હોય. છવીશને ઉદયસ્થાનકે પાંચશે અને બાશી (૫૮૨) ભાંગા હોય—૨૮૮ મનુષ્યના, ૨૮૮ તિર્યંચના અને ૬ વિકલેંદ્રિયના. ઓગણત્રીશને ઉદયસ્થાનકે નવ ભાંગા હોય, ૮ દેવતાના અને ૧ નારકીનો. ત્રીશને ઉદયસ્થાનકે ત્રેવીશસો અને બાર (૨૩૧૨) ભાંગા ઉપજે—૧૧૫૨ મનુષ્યના, ૧૧૫૨ તિર્યંચના અને ૮ દેવતાના. એકત્રીશને ઉદયસ્થાનકે અગ્યારશેં બાવન (૧૧૫૨) ભાંગા તિર્યંચના હોય. સર્વ મળીને સાસ્વાદન ગુણઠાણે સાતે ઉદયસ્થાનકે થઇને ચાર હજાર સત્તાણું (૪૦૯૭) ઉદય ભાંગા હોય. ભાવના પૂર્વવત્ જાણવી. મિશ્રાદિક ગુણઠાણે ઉદયભાંગા પોતાની મેળે જ વિચારીને કહેવા. ॥ ૬૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગતિ માર્ગણાએ નામકર્મનાં બંધોદયસત્તાસ્થાન

**दो छक्कट्ठ चउक्कं, पण नव इक्कार छक्कगं उदया।**
**नेरइआइसु सत्ता, ति पंच इक्कारस चउक्कं ॥६४॥**

दोछक्कट्ठ चउक्कं=બે, છ, આઠ અને ચાર બંધસ્થાન
पण नव इक्कारछक्कगं=પાંચ, નવ, અગ્યાર અને છ
उदया=ઉદયસ્થાનો
नेरइआइसु=નારકી આદિ (નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા) ને વિષે.
सत्ता=સત્તાસ્થાનો
ति पंच इक्कारस चउक्कं=ત્રણ પાંચ અગ્યાર અને ચાર.

**अर्थः**—નારકી આદિ (નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવતા) ને વિષે અનુક્રમે બે, છ, આઠ અને ચાર બંધસ્થાન, પાંચ નવ, અગ્યાર અને છ ઉદયસ્થાન અને ત્રણ, પાંચ, અગ્યાર અને ચાર સત્તાસ્થાન જાણવાં. ॥ ૬૪ ॥

**विवेचनः**—હવે ગત્યાદિક ૬૨ માર્ગણાદ્વારે નામકર્મનાં બંધોદયસત્તા સ્થાનક કહે છે; ત્યાં પ્રથમ નરકાદિ ચાર ગતિને વિષે અનુક્રમે બંધોદયસત્તાનાં સ્થાનક કહે છે.

નારકીને બે બંધસ્થાનક હોય ૨૯–૩૦. તિર્યંચને છ બંધસ્થાનક હોય–૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦. મનુષ્યને ૮ બંધસ્થાનક હોય તે આ પ્રમાણે–૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૧. દેવતાને ૨૫, ૨૬, ૨૯, ૩૦ એ ચાર બંધસ્થાન હોય. નારકીને ઉદયસ્થાનક પાંચ હોય–૨૧, ૨૫, ૨૭, ૨૮, ૨૯. તિર્યંચને ઉદયસ્થાન નવ હોય ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧. મનુષ્યને ઉદયસ્થાન અગ્યાર હોય–૨૦, ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૯, ૮. દેવતાને છ ઉદયસ્થાન હોય–૨૧, ૨૫ ૨૭, ૨૮, ૨૯, ૩૦. નારકીને ત્રણ સત્તાસ્થાનક હોય–૯૨, ૮૯, ૮૮. તિર્યંચને સત્તાસ્થાનક પાંચ હોય-૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮. મનુષ્યને સત્તાસ્થાન અગ્યાર હોય તે આ પ્રમાણે–૯૩, ૯૨,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૯, ૭૬, ૭૫, ૯, ૮. દેવતાને ચાર સત્તા-સ્થાનક હોય-૯૩, ૯૨, ૮૯, ૮૮.* ॥ ૬૪ ॥

---

* ચાર ગતિને વિષે નામકર્મનો સંવેધ—

તિર્યંચગતિ પ્રાયોગ્ય ૨૯ બાંધતાં નારકોને પોતાનાં પાંચે ઉદયસ્થાને ૯૨ અને ૮૮ ની સત્તા હોય, મનુષ્યગતિ પ્રાયોગ્ય બાંધતાં ૮૯ નું વધારે હોય. કુલ ૧૫ થાય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ બાંધતાં ૯૨ અને ૮૮ નાં હોય. મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ બાંધતાં પાંચે ઉદયે ૮૯નું એકજ હોય. કુલ ૧૫ થાય. સર્વ મળી ૩૦ સત્તાસ્થાનક થાય.

૨૩, ૨૫, ૨૬, ૨૯ અને ૩૦ એ પાંચ બંધસ્થાને તિર્યંચને પોતાના નવ ઉદય પૈકી પ્રથમના ચાર ઉદયે ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ પાંચ પાંચ અને પછીના પાંચ ઉદયે ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાન હોય. પ્રત્યેક બંધે ૪૦, ૪૦ હોય. કુલ ૨૦૦ થાય. અહીં એટલું વિશેષ છે કે મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધે ૭૮ ની સત્તા હોય જ નહિ. ૨૮ ના બંધે ૨૪ વિના આઠ ઉદય હોય. ૨૪નો ઉદય એકેંદ્રિયને જ હોય અને તે દેવ કે નરક ગતિમાં ન જાય તેથી, ૨૧, ૨૬, ૨૮, ૨૯ અને ૩૦ ના ઉદયો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને અથવા પૂર્વે આયુષ્ય બાંધેલા અને મોહનીયની ૨૨ પ્રકૃતિની સત્તાવાળા વેદક સમ્યગ્દૃષ્ટિને હોય. એ દરેક ઉદયે ૯૨ અને ૮૮ એ બે બે સત્તાસ્થાન હોય. ૨૫ અને ૨૭ ના ઉદયો વૈક્રિય તિર્યંચને હોય. ત્યાં પણ એ જ બે સત્તાસ્થાન હોય. ૩૦ અને ૩૧ના ઉદયો સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિને હોય. ત્યાં પ્રત્યેકે ૯૨, ૮૮ અને ૮૬ એ ત્રણ ત્રણ સત્તાસ્થાન હોય, પણ અહીં ૮૬નું તો મિથ્યાદૃષ્ટિને જ હોય, સમ્યગ્દૃષ્ટિ તો અવશ્ય દેવદ્વિકાદિ બાંધે તેથી તેને તે ન હોય. કુલ ૧૮ સત્તાસ્થાન ૨૮ ના બંધે થાય. સર્વ મળી ૨૧૮ થાય.

૨૩, ૨૫, ૨૬, ૨૯ અને ૩૦ એ પાંચ બંધસ્થાને મનુષ્યને ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ એ સાત ઉદય હોય. અહીં ૨૫ અને ૨૭ ના ઉદયો વૈક્રિય મનુષ્યને હોય. એ બે ઉદયે ૯૨ અને ૮૮ એ બે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પાંચ ઉદયે ૯૨, ૮૮, ૮૬ અને ૮૦ એ ચાર સત્તાસ્થાનક હોય, સર્વ મળી દરેક બંધે ૨૪, ૨૪ સત્તાસ્થાન હોય. ૨૮ ના બંધે એજ સાત ઉદય હોય, ત્યાં ૨૧ અને ૨૬ ના ઉદયો કરણ અપર્યાપ્તા અવિરતિ સમ્યગ્દષ્ટિને હોય. ત્યાં ૨૫ અને ૨૭ ના ઉદયો વૈક્રિય તથા આહારક સંયતને હોય, ૨૮ અને ૨૯ ના ઉદયો વૈક્રિય તથા આહારક સંયત અને અવિરતિ સમ્યગ્દષ્ટિને હોય અને ૩૦નો ઉદય સમ્યગ્દષ્ટિ તથા મિથ્યાદષ્ટિને હોય. ૩૦ વિના પ્રત્યેક ઉદયસ્થાને ૯૨ અને ૮૮ એ બે સત્તાસ્થાન હોય. આહારકને ૯૨ ની જ સત્તા હોય. ૩૦ ના ઉદયે ૯૨, ૮૯, ૮૮ અને ૮૬ એ ચાર સત્તાસ્થાન હોય. ૮૯નું નરકગતિ પ્રાયોગ્ય ૨૮ બાંધતા મિથ્યાદષ્ટિને હોય. સર્વ સંખ્યાએ ૨૮ ના બંધે ૧૬ સત્તાસ્થાન થાય. ૨૯ બાંધતાં વિશેષ છે તે કહે છે. દેવગતિ પ્રાયોગ્ય ૨૯ બાંધતાં પૂર્વોક્ત સાતે ઉદયે ૯૩ અને ૮૯ એ બે સત્તાસ્થાન હોય પણ અહીં ૩૦ નો ઉદય સમ્યગ્દષ્ટિને જ હોય. આહારકને ૯૩ નું જ હોય. સર્વ થઇને ૧૪ સત્તાસ્થાન થાય. આહારકદ્વિક સહિત ૩૦ બાંધતાં ૨૯ અને ૩૦ એ બે ઉદયસ્થાન હોય. ૨૯નું આહારક શરીર કરી વચલાકાલે અપ્રમત્ત થાય તેને હોય. બન્ને ઉદયે ૯૨ ની સત્તા હોય ૩૧ ના બંધે એક ઉદયસ્થાન (૩૦ નું) અને એક સત્તાસ્થાન (૯૩ નું) હોય. (અહીં ૨૯ નું ઉદયસ્થાન પણ પૂર્વે કહ્યું છે પણ અહીં તેની વિવક્ષા કરેલી નથી, તેનું કારણ તેઓ જાણે.) એકના બંધે ૩૦ નો ઉદય હોય. ત્યાં ૯૩, ૯૨, ૮૯. ૮૮, ૮૦, ૭૯, ૭૬ અને ૭૫ એ આઠ સત્તાસ્થાન હોય. સર્વ બંધસ્થાન તથા ઉદયસ્થાનની અપેક્ષાએ સત્તાસ્થાન ૧૫૯ થાય. તે આ પ્રમાણેઃ—૨૩ ના બંધે ૨૪, ૨૫ ના બંધે ૨૪, ૨૬ ના બંધે ૨૪, ૨૮ ના બંધે ૧૬, ૨૯ અને ૩૦ ના બંધે મનુષ્ય અને તિર્યંચગતિ પ્રાયોગ્ય બાંધતાં ૨૪, ૨૪. અને દેવગતિ પ્રાયોગ્ય ૨૯ બાંધતાં ૧૪, ૩૧ ના બંધે ૧ અને ૧ ના બંધે ૮. બંધના અભાવે ઉદયસ્થાન તથા સત્તાસ્થાનનો પરસ્પર સંવેધ પૂર્વે સામાન્ય સંવેધે વિચાર્યો છે તે અનુસાર જાણવો.

દેવતાને ૨૫, ૨૬ અને ૨૯ એ ત્રણ બંધસ્થાને પોતાના છ ઉદયે ૯૨ અને ૮૮ એ બે સત્તાસ્થાન હોય. તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ના બંધે પણ એજ મુજબ બે સત્તાસ્થાન હોય અને મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધે પ્રત્યેક ઉદયે ૯૩ અને ૮૯ એ બે સત્તાસ્થાન હોય, સર્વ મળી સત્તાસ્થાનક ૧૦ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જાતિ માર્ગણાએ બંધોદયસત્તાસ્થાન.

१ २ ३ १ २ ३
इग विगलिंदिअ सगले, पण पंच य अट्ठ बंधठाणाणि।
१ २ ३ १ २ ३
पण छक्किक्कारुदया, पण पण बारस य संताणि ॥६५॥

इगविगलिंदिय सगले=એકેંદ્રિય. વિકલેંદ્રિય અને સકલેંદ્રિક ( પંચેંદ્રિય ) ને વિષે (અનુક્રમે).
पण पंच य अट्ठ=પાંચ, પાંચ અને આઠ.
बंधठाणाणि=બંધસ્થાનો.
पण छक्किक्कार=પાંચ, છ અને અગ્યાર.
उदया=ઉદયસ્થાનો,
पण पण बारस य=પાંચ પાંચ અને બાર.
संताणि=સત્તાસ્થાનો.

**अर्थ**—એકેંદ્રિય અને વિકલેંદ્રિય અને પંચેંદ્રિયને વિષે અનુક્રમે પાંચ, પાંચ અને આઠ બંધસ્થાનો; પાંચ, છ અને અગ્યાર ઉદયસ્થાનો અને પાંચ પાંચ અને બાર સત્તાસ્થાનો જાણવાં ॥ ૬૫ ॥

**विवेचन:**—હવે ઇંદ્રિય આશ્રયીને નામકર્મના બંધોદય સત્તાસ્થાનક કહે છે—

એકેંદ્રિયને, વિકલેંદ્રિયને અને સકલ તે પંચેંદ્રિયને અનુક્રમે બંધસ્થાનક કહે તે–એકે દ્રિયને બંધસ્થાનક પાંચ હોય–૨૩, ૨૫, ૨૬, ૨૯, ૩૦. ત્રણ વિકલેંદ્રિયને એજ પાંચ બંધસ્થાનક હોય ૨૩, ૨૫, ૨૬, ૨૯ ૩૦. પંચેંદ્રિયને આઠ બંધસ્થાનક હોય–૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૧. એકેંદ્રિયને પાંચ ઉદયસ્થાન હોય–૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭. વિકલેંદ્રિયને છ ઉદયસ્થાન હોય–૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧. પંચેંદ્રિયને અગ્યાર ઉદયસ્થાનક હોય ૨૦, ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯. ૩૦, ૩૧, ૯, ૮. તથા એકેંદ્રિયને પાંચ સત્તાસ્થાનક હોય–૯૨, ૮૮, ૮૬,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૦, ૭૮, વિકલેંદ્રિયને પાંચ સત્તાસ્થાનક હોય-૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮. પંચેંદ્રિયને બાર સત્તાસ્થાનક હોય-૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૯, ૭૮, ૭૬, ૭૫, ૯, ૮.* ॥ ૬૧ ॥

* એકેંદ્રિયને પાંચે બંધસ્થાને પ્રથમના ચાર ઉદયે પાંચ પાંચ સત્તાસ્થાન હોય અને ૨૭ના ઉદયે ૭૮ વિના ચાર હોય, કુલ ૧૨૦ સત્તાસ્થાન થયાં. વિકલેંદ્રિયને પાંચે બંધસ્થાને પ્રથમના બે ઉદયે પાંચ પાંચ અને પછીના ચાર ઉદયે ૭૮ વિના ચાર ચાર ચાર સત્તાસ્થાન હોય, કુલ ૧૩૦ થાય.

પંચેંદ્રિયને ૨૩ના બંધે ૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ એ ૭ ઉદયસ્થાન હોય. પહેલા બે ઉદયે પાંચ પાંચ અને પછીના ચાર ઉદયે ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાન હોય. સર્વ મળી ૨૬ થાય. ૨૫ અને ૨૬ ના બંધે ૨૫ અને ૨૭ સહિત આઠે ઉદયસ્થાન હોય. ૭ ઉદયે હમણાં ગણ્યા પ્રમાણે ૨૬, અને ૨૫ તથા ૨૭ના ઉદયે પ્રત્યેકે ૯૨ અને ૮૮ એ બે સત્તાસ્થાન ગણતાં સર્વ થઇને ૩૦, ૩૦ સત્તાસ્થાન થાય. ૨૮ ના બંધે આઠે ઉદય હોય તે તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યને હોય. ત્યાં ૨૧થી ૨૯ પર્યંત ૭ ઉદયસ્થાને પ્રત્યેકે ૯૨, અને ૮૮. એ બે સત્તાસ્થાન હોય ૩૦ના ઉદયે ૯૨, ૮૯, ૮૮ અને ૮૬ એ ચાર હોય. ૩૧ના ઉદયે ૮૯ વિના ત્રણ હોય. સર્વ થઇને ૧૯ સત્તાસ્થાન થાય. ૨૯ ના બંધે આઠે ઉદયસ્થાન હોય. ૨૧ અને ૨૬ ના ઉદયે ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮, ૯૩ અને ૮૯ એ સાત સત્તાસ્થાન હોય. તિર્યંચગતિ પ્રાયોગ્ય બાંધતાં પહેલા પાંચ, મનુષ્યગતિ પ્રાયોગ્ય બાંધતાં ૭૮ વિના તેજ ચાર અને દેવગતિ પ્રાયોગ્ય બાંધતાં છેલ્લાં બે હોય. ૨૮, ૨૯ અને ૩૦ના ઉદયે તેજ ૭ ૭ હોય. ૩૧ના ઉદયે પહેલાં ચાર હોય. ૨૫ અને ૨૭ ના ઉદયે ૯૨, ૮૮, ૯૩ અને ૮૯ એ ચાર હોય. સર્વ થઇને ૨૯ના બંધે સત્તાસ્થાન ૪૪ થાય. ૩૦ના બંધે ૨૯ના બંધની પેઠે સમજવું. ફેર એટલો જ કે ૨૧ના ઉદયે પહેલાં પાંચ તિર્યંચગતિપ્રાયોગ્ય બાંધતાં હોય અને છેલ્લાં બે મનુષ્યગતિપ્રાયોગ્ય બાંધતાં દેવતાને હોય. ૨૬ના ઉદયે ૯૩ અને ૮૯નાં ન હોય, ૨૬નો ઉદય તિર્યંચ અથવા મનુષ્ય અપર્યાપ્તાને હોય. તેઓને દેવગતિપ્રાયોગ્ય કે મનુષ્યગતિપ્રાયોગ્ય બંધ ન હોય તેથી. એટલે અહીં ૨૬ નાં ઉદયમાં બે ઘટે, બાકી પૂર્વની પેઠે હોય. સર્વ થઇને ૪૨ થાય. ૩૧ અને ૧ ના બંધે ઉદય અને સત્તાનો સંવેધ જેમ પ્રથમ મનુષ્યગતિમાં કહ્યો છે તેમ જ કહેવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इअ कम्मपगइठाणाणि, सुट्ठु बंधुदयसंतकम्माणं ।**
१४
**गइआइएहिं अट्ठसु, चउप्पयारेण नेयाणि ॥६६॥**

**इय**=એ પૂર્વોક્ત પ્રકારે
**बंधुदयसंतकम्माणं**=બંધ, ઉદય અને સત્તાસંબંધી.
**कम्मपगइठाणाणि**=કર્મપ્રકૃતિનાં સ્થાનોને
**सुट्ठु**=અત્યંત ઉપયોગ રાખીને
**गइआइएहिं**=ગતિ આદિ (માર્ગણાસ્થાનો) વડે
**अट्ठसु**=આઠ અનુયોગદ્વારને વિષે
**चउप्पयारेण**=ચાર (પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ રૂપ) પ્રકારે
**नेयाणि**=જાણવા.

**अर्थः**—એ પૂર્વોક્ત પ્રકારે બંધ, ઉદય અને સત્તા સંબંધી કર્મપ્રકૃતિનાં સ્થાનોને અત્યંત ઉપયોગ રાખીને ગતિ આદિ માર્ગણાસ્થાનોવડે આઠ અનુયોગ દ્વારોને વિષે ચાર (પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ) પ્રકારે જાણવાં. ॥ ૬૬ ॥

**विवेचनः**—એમ એ રીતે ઉક્ત પ્રકારે સુ–અત્યંત ઉપયોગ રાખીને આઠે કર્મપ્રકૃતિના બંધ, ઉદય સત્તા સંબંધી સ્થાનક ગત્યાદિક ચઉદે માર્ગણાસ્થાનકે–ગતિ ૧, ઇંદ્રિય ૨, કાય ૩, યોગ ૪, વેદ ૫, કષાય ૬, જ્ઞાન ૭, સંયમ ૮, દર્શન ૯, લેશ્યા ૧૦, ભવ્ય ૧૧, સમ્યક્ત્વ ૧૨, સંજ્ઞિ ૧૩, અને આહારી ૧૪, એ ચૌદ સ્થાનકે અને એના ઉત્તર ભેદ બાસઠ માર્ગણાસ્થાનકે કહેવાં તેમજ આઠ અનુયોગદ્વારને વિષે કહેવા.

**संतपयपरूवणया १, दव्वपमाणं च २ खित्त ३ फुसणा य ४।**
**कालो ५ अंतर ६ भावो ७ अप्पाबहुयं च ८ दाराइं*** ॥१॥

* છતાપદની પ્રરૂપણા, દ્રવ્યનું પ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ, એ આઠ દ્વારો જાણવા. આનું વિશેષ સ્વરૂપ **નવ તત્ત્વ** પ્રકરણથી જાણવું. ત્યાં એક ભાગ દ્વાર વિશેષ છે એટલે નવ અનુયોગ છે. તત્ત્વાર્થ સૂત્રમાં ઉપરોક્ત આઠ અનુયોગ છે. **अनु–पश्चात् योग**–જોડાવું. સૂત્ર સાથે અર્થનું જોડાવું તેને અનુયોગ કહીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ આઠ અનુયોગ દ્વાર જાણવાં, ત્યાં સત્પદપ્રરૂપણાએ કરીને ગુણઠાણાને વિષે અને ગતિ ઈંદ્રિય માર્ગણાને વિષે બંધોદયસત્તાનો સંવેધ જેમ કહ્યો છે તે અનુસારે કાયયોગાદિક માર્ગણાને વિષે પણ કહેવો. અને જે શેષ દ્રવ્યપ્રમાણાદિક ૭ અનુયોગ દ્વાર તે કર્મપ્રકૃતિ, કર્મપ્રાભૃત પ્રમુખ ગ્રંથ સમ્યક્ પ્રકારે જોઇને કહેવા પણ આજે તે ગ્રંથના અભાવ થકી લેશ માત્ર પણ કહી ન શકીએ, તે માટે ચાર પ્રકારે—પ્રકૃતિ ૧, સ્થિતિ ૨, અનુભાગ ૩ અને પ્રદેશ ૪ એ પ્રકારે કહેવા ત્યાં પ્રકૃતિ આશ્રયી બંધોદયસત્તાનાં સ્થાનક પૂર્વે કહ્યાં છે. તે અનુસારે સ્થિતિ, અનુભાગ, પ્રદેશ આશ્રયી પણ કહેવાં. ॥ ૬૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬૨ માર્ગણાસુ મૂલોત્તરપ્રકૃતીનાં બંધોદયસત્તા-સંવેધભંગયંત્રકમ્.

| ૬૨ | માર્ગણાસુ | મૂલપ્ર. ભં. ૭ | જ્ઞા. ભં. ૨ | દર્શ. ભં. ૧૧ | વે. ભં. ૮ | આયુ. ભં. ૨૮ | ગોત્ર. ભં. ૭ | અંત. ભં. ૨ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નરક૦ | ૨ | ૧ | ૪ | ૪ | ૫ | [illegible] | ૧ |
| ૨ | તિર્યં૦ | ૨ | ૧ | ૪ | ૪ | ૯ | ૩ | ૧ |
| ૩ | મનુ૦ | ૭ | ૨ | ૧૧ | ૮ | ૯ | ૬ | ૨ |
| ૪ | દેવ૦ | ૨ | ૧ | ૪ | ૪ | ૫ | ૪ | ૧ |
| ૫ | એકે૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૬ | બેઈંદ્રિય | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૭ | તેઈંદ્રિય | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૮ | ચઉ૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૯ | પંચે૦ | ૭ | ૨ | ૧૧ | ૮ | ૨૮ | ૭ | ૨ |
| ૧૦ | પૃથ્વી૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૧૧ | અપૂ૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૧૨ | તેઉ૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧૩ | વાઉ | ૨ | ૧ | ૨ | ૪ | ૩ | [illegible] | ૧ |
| ૧૪ | વન૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૧૫ | ત્રસ૦ | ૭ | ૨ | ૧૧ | ૮ | ૨૮ | ૭ | ૨ |
| ૧૬ | મનો૦ | ૬ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૫ | ૨ |
| ૧૭ | વચન૦ | ૬ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૫ | ૨ |
| ૧૮ | કાય૦ | ૬ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૬ | ૨ |
| ૧૯ | સ્ત્રીવેદ૦ | ૨ | ૧ | ૭ | ૪ | ૨૩ | ૫ | ૧ |
| ૨૦ | પુરુ૦ | ૨ | ૧ | ૭ | ૪ | ૨૩ | ૫ | ૧ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | નપું૦ | ૨ | ૧ | ૭ | ૪ | ૨૩ | ૫ | ૧ |
| ૨૨ | ક્રોધ૦ | ૨ | ૧ | ૭ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૨૩ | માન૦ | ૨ | ૧ | ૭ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૨૪ | માયા૦ | ૨ | ૧ | ૭ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૨૫ | લોભ૦ | ૩ | ૧ | ૧૦ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૨૬ | મતિ૦ | ૫ | ૨ | ૯ | ૪ | ૨૦ | ૩ | ૨ |
| ૨૭ | શ્રુત૦ | ૫ | ૨ | ૯ | ૪ | ૨૦ | ૩ | ૨ |
| ૨૮ | અવધિ૦ | ૫ | ૨ | ૯ | ૪ | ૨૦ | ૩ | ૨ |
| ૨૯ | મન૦ | ૫ | ૨ | ૯ | ૪ | ૬ | ૨ | ૨ |
| ૩૦ | કેવલ૦ | ૩૨ | ૦ | ૦ | ૬ | ૧ | ૨ | ૦ |
| ૩૧ | મત્ય૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૩૨ | શ્રુતઅ૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૩૩ | વિભંગ૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૨૮ | ૪ | ૧ |
| ૩૪ | સામાયિક | ૨ | ૧ | ૫ | ૪ | ૬ | ૧ | ૧ |
| ૩૫ | છેદોપ૦ | ૨ | ૧ | ૫ | ૪ | ૬ | ૧ | ૧ |
| ૩૬ | પરિહાર૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૬ | ૧ | ૧ |
| ૩૭ | સૂક્ષ્મસં૫૦ | ૧ | ૧ | ૩ | ૨ | ૨ | ૧ | ૧ |
| ૩૮ | યથાખ્યા૦ | ૩૪ | ૧ | ૪ | ૬ | ૨ | ૨ | ૧ |
| ૩૯ | દેશવિર૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૧૨ | ૨ | ૧ |
| ૪૦ | અવિરત | ૨ | ૧ | ૪ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૪૧ | ચક્ષુદર્શન૦ | ૫ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૬ | ૨ |
| ૪૨ | અચક્ષુ૦ | ૫ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૬ | ૨ |
| ૪૩ | અવધિ૦ | ૫ | ૨ | ૯ | ૪ | ૨૦ | ૩ | ૨ |
| ૪૪ | કેવલ૦ | ૩૨ | ૦ | ૦ | ૬ | ૧ | ૨ | ૦ |
| ૪૫ | કૃષ્ણલે૦ | ૨ | ૧ | ૪ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૪૬ | નીલલે૦ | ૨ | ૧ | ૪ | ૪ | ૨૮ | ૫ | ૧ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪૭ | કાપો૦ | ૨ | ૧ | ૪ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૪૮ | તેજો૦ | ૨ | ૧ | ૪ | ૪ | ૨૧ | ૪ | ૧ |
| ૪૯ | પદ્મલે૦ | ૨ | ૧ | ૪ | ૪ | ૨૧ | ૪ | ૧ |
| ૫૦ | શુકલ૦ | ૬ | ૨ | ૧૧ | ૪ | ૧૬<br>૨૧ | ૫ | ૨ |
| ૫૧ | ભવ્ય૦ | ૭ | ૨ | ૧૧ | ૮ | ૨૮ | ૭ | ૨ |
| ૫૨ | અભવ્ય૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૨[illegible] | ૫ | ૧ |
| ૫૩ | ઉપશ૦ | ૩ | ૨ | ૬ | ૪ | ૧૬ | ૩ | ૨ |
| ૫૪ | ક્ષાયિક૦ | ૭ | ૨ | ૯ | ૮ | ૧૫ | ૪ | ૨ |
| ૫૫ | ક્ષાયોપ૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૨૦ | ૨ | ૧ |
| ૫૬ | મિશ્ર૦ | ૧ | ૧ | ૨ | ૪ | ૧૬ | ૨ | ૧ |
| ૫૭ | સાસ્વા૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૨૬ | ૪ | ૧ |
| ૫૮ | મિથ્યા૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૫૯ | સંજ્ઞી૦ | ૫<br>૭ | ૨ | ૧૧ | ૮ | ૨૮ | ૭ | ૨ |
| ૬૦ | અસંજ્ઞી૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૧૪ | ૩ | ૧ |
| ૬૧ | આહારી૦ | ૬ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૬ | ૨ |
| ૬૨ | અણાહારી૦ | ૩ | ૧<br>૦ | ૪<br>૦ | ૮ | ૪ | ૭ | ૧ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उदयस्सुदीरणाए, सामित्ताओ न विज्जइ विसेसो ।**
**मुत्तूण य इगयालं, सेसाणं सव्वपयडीणं ॥ ६७ ॥**

(૪૧) (૮૧)

उदयस्स=ઉદયના.
उदीरणाए=ઉદીરણાના.
सामित्ताओ=સ્વામીપણાને આશ્રયીને.
न विज्जइ=નથી.
विसेसो=વિશેષ–ફેરફાર
मुत्तूण=મૂકીને
इगयालं=એકતાળીસ પ્રકૃતિને
सेसाणं=બાકીની (૮૧)
सव्वपयडीणं=સર્વ પ્રકૃતિનો

**અર્થ:**—ઉદય અને ઉદીરણાના સ્વામીપણાને આશ્રયીને એકતાળીશ પ્રકૃતિને મૂકીને (વર્જીને) બાકીની સર્વ (૮૧) પ્રકૃતિનો ફેરફાર નથી [અર્થાત્ ૮૧ પ્રકૃતિ જ્યારે જ્યારે ઉદયમાં હોય ત્યારે ત્યારે ઉદીરણામાં પણ હોય.] ॥ ૬૭ ॥

**વિવેચન:**–ઈહાં બંધોદયસત્તાનો સંવેધ કહ્યો ત્યાં ઉદય કહ્યો પણ ઉદીરણા કહી નથી તે કહે છે. ઈહાં કાળપ્રાપ્ત કર્મ-પરમાણુઓનું અનુભવવું તે ઉદય કહીએ અને અકાલપ્રાપ્ત ઉદયાવલિકા થકી બાહિર રહ્યા તેનું કષાય સહિત અથવા કષાય રહિત યોગરૂપ વીર્યવિશેષે કરીને આકર્ષીને ઉદયપ્રાપ્ત કર્મપરમાણુઓ સાથે અનુભવવું તે ઉદીરણા કહીએ એ–બે ઉદય ઉદીરણાના સ્વામીપણા આશ્રયીને વિશેષ નથી. તે ઉદય છતે અવશ્ય ઉદીરણા પણ હોય, તે માટે વિશેષ નથી. કેટલી પ્રકૃતિમાં ? એકતાળીશ પ્રકૃતિ ટાળીને શેષ એકાશી પ્રકૃતિના ઉદય ઉદીરણા માંહે વિશેષ નથી. તેની ઉદય ઉદીરણા સાથે હોય, સમકાળે પ્રવર્તે તે માટે. ॥ ૬૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકચત્વારિંશત્પ્રકૃતીરાહ-

५ ५ ९ २ १
नाणंतरायदसगं, दंसणनव वेअणिज्जमिच्छत्तं ।
१ १ ३ ४ ९ १
सम्मत्त लोभ वेआ-उआणि नवनाम उच्चं च ॥६८॥

नाणंतरायदसगं=જ્ઞાનાવરણ અને અંતરાય મળી દશ.
दंसणनव=દર્શનાવરણની નવ
वेयणिज्ज=બે વેદનીય
मिच्छत्तं=મિથ્યાત્વ મોહનીય
सम्मत्त=સમ્યક્ત્વ મોહનીય
लोभ=સંજ્વલન લોભ.
वेयाउआणि=ત્રણ વેદ, ચાર આયુષ્ય.
नवनाम=નામકર્મની નવપ્રકૃતિ
उच्चं च=અને ઉચ્ચ ગોત્ર.

अर्थ-જ્ઞાનાવરણ અને અંતરાય મળીને દશ. દર્શનાવરણની નવ, બે વેદનીય, મિથ્યાત્વ મોહનીય, સમ્યક્ત્વ મોહનીય સંજ્વલન લોભ, ત્રણ વેદ, ચાર આયુષ્ય, નામકર્મની નવ પ્રકૃતિ અને ઉચ્ચ ગોત્ર (એ એકતાળીશ પ્રકૃતિની ઉદય ઉદીરણા સમકાળે ન હોય. ) ॥ ૬૮ ॥

विवेचनः—હવે જે ૪૧ પ્રકૃતિને ઉદય ઉદીરણાએ ફેર છે-વિશેષ છે, તે ૪૧ પ્રકૃતિ કહે છે-

પાંચ જ્ઞાનાવરણીય ૫, પાંચ અંતરાય ૫. એવં ૧૦, નવ દર્શનાવરણીય એવં ૧૯, બે વેદનીય એવં ૨૧, મિથ્યાત્વ મોહનીય ૨૨, સમ્યક્ત્વ મોહનીય ૨૩, સંજ્વલન લોભ ૨૪, ત્રણ વેદ ૨૭, ચાર આયુષ્ય ૩૧, નવ નામકર્મની પ્રકૃતિ જે ચૌદમે ગુણઠાણે રહે છે તે ૪૦, ઉચ્ચૈર્ગોત્ર ૪૧, એ એકતાલીશ પ્રકૃતિ જાણવી. એની ઉદય અને ઉદીરણા સમકાળે ન હોય: ॥ ૬૮ ॥

ત્યાં પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય અને પાંચ અંતરાય, એ ૧૪ પ્રકૃતિનો ઉદય અને ઉદીરણા સર્વ જીવને સમકાળે જ બારમા ગુણઠાણાની એક આવલિકા થાકતી (બાકી) હોય ત્યાં લગે પ્રવર્તે. એક આવલિકા થાકતે એ ૧૪ પ્રકૃતિનો ઉદય જ હોય પણ ઉદીરણા ન હોય. તથા નિદ્રાપંચકનો શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા થયા પછી જ્યાં લગે ઇંદ્રિયપર્યાપ્તિ પૂરી ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય ત્યાં લગે ઉદય જ હોય પણ ઉદીરણા ન હોય. અને શેષ કાળે તો ઉદય ઉદીરણા સમકાળે જ પ્રવર્ત્તે અને નિવર્ત્તે તથા બે વેદનીયની ઉદીરણા પ્રમત્ત ગુણઠાણા લગે ઉદય સાથે જ પ્રવર્ત્તે અને તે ઉપરાંત તો ઉદય જ હોય પણ ઉદીરણા ન હોય. તથા પ્રથમ સમ્યક્ત્વ પામતાં અંતરકરણ કીધે થકે પ્રથમ સ્થિતિ આવલિકા થાકતે મિથ્યાત્વનો ઉદય જ હોય પણ ઉદીરણા ન હોય. તથા વેદક સમ્યગ્દૃષ્ટિ ક્ષાયિક પામતાં મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય ખપાવ્યા પછી સમ્યક્ત્વમોહનીય સર્વ અપવર્ત્તનાએ અપવર્તીને અંતર્મુહૂર્ત્તની સ્થિતિનું કરેલ હોય તે ઉદયઉદીરણાએ અનુભવાતું આવલિકાશેષ જ્યારે રહે ત્યારે સમ્યક્ત્વમોહનીયનો ઉદય જ હોય પણ ઉદીરણા ન હોય. તથા સંજ્વલન લોભની ઉદય ઉદીરણા સૂક્ષ્મસંપરાયની એક આવલિકા થાકતી હોય ત્યાં લગે સામટી (સાથે) જ પ્રવર્ત્તે અને છેલ્લી આવલિકાએ ઉદય જ હોય પણ ઉદીરણા ન હોય, તથા ત્રણ વેદ માંહેલા જે વેદે શ્રેણિ પડિવજે ત્યાં અંતરકરણ કીધે થકે તે વેદની પ્રથમ સ્થિતિ આવલિકા થાકતે ઉદય જ હોય પણ ઉદીરણા ન હોય. તથા ચાર આયુષ્યને પોતપોતાના ભવની છેલ્લી આવલિકાએ ઉદય જ હોય પણ ઉદીરણા ન હોય અને મનુષ્યાયુની પ્રમત્ત ગુણઠાણા ઉપરાંત ઉદીરણા ન હોય. ઉદય જ હોય. તથા મનુષ્યગતિ ૧, પંચેંદ્રિય જાતિ ૨, ત્રસ ૩, બાદર ૪, પર્યાપ્ત ૫, સુભગ ૬, આદેય ૭, યશઃકીર્તિ ૮, અને તીર્થંકર ૯. એ નવ નામકર્મની પ્રકૃતિ* અને ઉચ્ચૈર્ગોત્ર ૧૦ એ દશ પ્રકૃતિની સયોગી કેવલી ગુણઠાણા લગે ઉદયઉદીરણા સમકાળે પ્રવર્ત્તે. પછી અયોગી અવસ્થાએ તો ઉદય જ હોય, પણ ઉદીરણા ન હોય. શેષ ૮૧ પ્રકૃતિની ઉદય ઉદીરણા તો સમકાળે પ્રવર્ત્તે અને સમકાળે નિવર્ત્તે. ॥૬૮॥

---

* આ નવ પ્રકૃતિ માટે **મણુઅગઇ** ઇત્યાદિ ગાથા બીજા ટબાઓમાં છે પણ તે ગાથા પાછળ પણ આવની હોવાથી અહીં લીધેલ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## માર્ગણાસુ મોહનીયકર્મણઃ બંધોદયસત્તાસંવેધભંગાનાં યંત્રકં ॥

| ક્ર | માર્ગણાસુ | મોહનીયસ્ય બંધસ્થાનાનિ | | ભાંગા ૨૧ | મોહનીયસ્ય ઉદયસ્થાન. | | ઉદય ચો. ૪૦ ભં૦ ૨૩ | ઉદયભં. ૯૮૩ | ઉદય પદ ૨૮૮ | પદવૃંદ ૬૯૪૭ | મોહનીયસ્ય સત્તા સ્થાનાનિ ૧૫ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નરક | ૩ | ૨૨।૨૧।૧૭ | ૧૨ | ૫ | ૧૦।૯।૮।૭।૬ | ષટ્ક ૨૪ | ૧૯૨ | ૧૯૨ | ૧૫૩૬ | ૬ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૨।૨૧ |
| ૨ | તિર્યગ્ | ૪ | ૨૨।૨૧।૧૭।૧૩ | ૧૪ | ૬ | ૧૦।૯।૮।૭।૬।૫ | ચોવી૦ ૨૩ | ૭૬૮ | ૨૪૪ | ૫૮૫૬ | ૬ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૨।૨૧ |
| ૩ | મનુષ્ય | ૧૦ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩।૨।૧ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧ | ચો. ૪૦ ભં ૨૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૪૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧ |
| ૪ | દેવગ૦ | ૩ | ૨૨।૨૧।૧૭ | ૧૨ | ૫ | ૧૦।૯।૮।૭।૬ | ષોડ૦ ૨૪ | ૩૮૪ | ૧૯૨ | ૩૦૭૨ | ૬ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૨।૨૧ |
| ૫ | એકેંદ્રિ૦ | ૨ | ૨૨।૨૧ | ૧૦ | ૪ | ૧૦।૯।૮।૭ | ષટ્ક ૮ | ૬૪ | ૬૮ | ૫૪૪ | ૩ | ૨૮।૨૭।૨૬ |
| ૬ | બેઇંદ્રિ૦ | ૨ | ૨૨।૨૧ | ૧૦ | ૪ | ૧૦।૯।૮।૭ | ષટ્ક ૮ | ૬૪ | ૬૮ | ૫૪૪ | ૩ | ૨૮।૨૭।૨૬ |
| ૭ | તેઇંદ્રિ૦ | ૨ | ૨૨।૨૧ | ૧૦ | ૪ | ૧૦।૯।૮।૭ | ષટ્ક ૮ | ૬૪ | ૬૮ | ૫૪૪ | ૩ | ૨૮।૨૭।૨૬ |
| ૮ | ચઉરિં૦ | ૨ | ૨૨।૨૧ | ૧૦ | ૪ | ૧૦।૯।૮।૭ | ષટ્ક ૮ | ૬૪ | ૬૮ | ૫૪૪ | ૩ | ૨૮।૨૭।૨૬ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | પંચેંદ્રિ૦ | ૧૦ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧।૦ | ચો૦ ૪૦ ભાંગ૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૪૭ | ૧૫ | ૨૮।૨૯।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૧૫।૪।૭।૩।૨।૧।૦ |
| ૧૦ | પૃથ્વી૦ | ૨ | ૨૨।૨૧ | ૧૦ | ૪ | ૧૦।૯।૮।૭ | ડષ્ટક૮ | ૬૪ | ૬૮ | ૫૪૪ | ૩ | ૨૮।૨૭।૨૬ |
| ૧૧ | અપકા૦ | ૨ | ૨૨।૨૧ | ૧૦ | ૪ | ૧૦।૯।૮।૭ | ડષ્ટક૮ | ૬૪ | ૬૮ | ૫૪ | ૩ | ૨૮।૨૭।૨૬ |
| ૧૨ | તેઉકા૦ | ૧ | ૨૨। | ૧૦ | ૩ | ૧૦।૯।૮ | ડષ્ટક૮ | ૩૨ | ૩૬ | ૨૮૮ | ૩ | ૨૮।૨૭।૨૬ |
| ૧૩ | વાયુકા૦ | ૧ | ૨૨ | ૬ | ૩ | ૧૦।૯।૮ | ડષ્ટક૮ | ૩૨ | ૩૬ | ૨૮૮ | ૩ | ૨૮।૨૭ ૬ |
| ૧૪ | વનસ્પ૦ | ૨ | ૨૨।૨૧ | ૬ | ૪ | ૧૦।૯।૮।૭ | ડષ્ટક૮ | ૪ | ૬૮ | ૫૪૪ | ૩ | ૨૮।૨૭।૨૬ |
| ૧૫ | ત્રસકાય | ૧૦ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧।૦ | ચો૦ ૪૦ ભાંગ૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૪૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૧૫।૪।૩।૨।૧।૦ |
| ૧૬ | મનોયોગ | ૧૦ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧।૦ | ચો૦ ૪૦ ભાંગ૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૪૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૯૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૧૫।૪।૩।૨।૧।૦ |
| ૧૭ | વચન૦ | ૧૦ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧।૦ | ચો૦ ૪૦ ભાંગ૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૪૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧। |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | કાય૦ | ૧૦ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧ | ચો૦ ૪૦ ભાં૨૩ | ૫૮૩ | ૨૮૮ | ૬૯૪૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧।૦ |
| ૧૯ | પુરુ૦ | ૬ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫ | ૧૭ | ૮ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨ | ચ.૪૦ ભાં૦૪ | ૩૨૪ | ૨૮૮ | ૨૩૧૨ | ૧૦ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૬ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫ | ૧૭ | ૮ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨ | ચ ૪૦ ભાં૦૪ | ૩૨૪ | ૨૮૮ | ૨૩૧૨ | ૯ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨ |
| ૨૧ | નપુંસ૦ | ૬ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫ | ૧૭ | ૮ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨ | ચ.૪૦ ભાં૦૪ | ૩૨૪ | ૨૮૮ | ૨૩૧૨ | ૮ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩ |
| ૨૨ | ક્રોધ | ૭ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪ | ૧૮ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧૦ | છૂ૪૦ ભાં૦૪ | ૨૪૪ | ૨૮૮ | ૧૭૩૫ | ૧૨ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪ |
| ૨૩ | માન | ૮ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩ | ૧૯ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧૦ | છૂ૪૦ ભાં૦૪ | ૨૪૪ | ૨૮૮ | ૧૭૩૫ | ૧૩ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩ |
| ૨૪ | માયા | ૯ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩।૨ | ૨૦ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧ | છૂ૪૦ ભાં૦૪ | ૨૪૪ | ૨૮૮ | ૧૭૩૫ | ૧૪ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨ |
| ૨૫ | લોભ | ૧૦ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧૦ | છૂ૪૦ ભાં૦૪ | ૨૪૪ | ૨૮૮ | ૧૭૩૫ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | મતિજ્ઞા૦ | ૮ | ૧૭।૧૩।૪૯।૫।૪।૩।૨।૧૦ | ૧૧ | ૮ | ૯।૮।૭।૬।૫।૪।૨।૧૦ | ચો૨૪ ભાં૨૩ | ૫૯૯ | ૧૫૬ | ૩૭૭૯ | ૧૩ | ૨૮।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧૦ |
| ૨૭ | શ્રુત૦ | ૮ | ૧૭।૧૩।૪૯।૫।૪।૩।૨।૧૦ | ૧૧ | ૮ | ૯।૮।૭।૬।૫।૪।૨।૧૦ | ચો૨૪ ભાં૨૩ | ૫૯૯ | ૧૫૬ | ૩૭૭૯ | ૧૩ | ૨૮।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧૦ |
| ૨૮ | અવધિ જ્ઞા૦ | ૮ | ૧૭।૧૩।૪૯।૫।૪।૩।૨।૧૦ | ૧૧ | ૮ | ૯।૮।૭।૬।૫।૪।૨।૧૦ | ચો૨૪ ભાં૨૩ | ૫૯૯ | ૧૫૬ | ૩૭૭૯ | ૧૩ | ૨૮।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧૦ |
| ૨૯ | મનઃ પર્ય૦ | ૬ | ૯।૫।૪।૩।૨।૧।૧૦ | ૭ | ૬ | ૭।૬।૫।૪।૨।૧।૧૦ | ચો ૮ ભાં૨૩ | ૨૧૫ | ૪૫ | ૧૦૯૧ | ૧૩ | ૨૮।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧।૧૦ |
| ૩૦ | કેવલ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | મતિ અજ્ઞા૦ | ૩ | ૨૨।૨૧।૧૭ | ૧૨ | ૪ | ૧૦।૯।૮।૭ | ચો૧૬ | ૩૮૪ | ૧૩૨ | ૩૧૬૮ | ૪ | ૨૮।૨૯।૨૬।૨૪ |
| ૩૨ | શ્રુત અ૦ | ૩ | ૨૨।૨૧।૧૭ | ૧૨ | ૪ | ૧૦।૯।૮।૭ | ચો૧૬ | ૩૮૪ | ૧૩૨ | ૩૧૬૮ | ૪ | ૨૮।૨૯।૨૬।૨૪ |
| ૩૩ | વિભંગ૦ | ૩ | ૨૨।૨૧।૧૭ | ૧૨ | ૪ | ૧૦।૯।૮।૭ | ચો૧૬ | ૩૮૪ | ૧૩૨ | ૩૧૬૮ | ૪ | ૨૮।૨૯।૨૬।૨૪ |
| ૩૪ | સામાયિક | ૬ | ૯।૫।૪।૩।૨।૧ | ૭ | ૬ | ૭।૬।૫।૪।૨।૧ | ચો ૮ ભાં૨૨ | ૨૧૪ | ૪૪ | ૧૦૯૦ | ૧૩ | ૨૮।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | છેદોપ૦ | ૬ | ૯।૫।૪।૩।૨।૧ | ૭ | ૬ | ૭।૬।૫।૪।૨।૧ | ચો. ૮ ભાં૨૨ | ૨૧૪ | ૪૪ | ૧૦૯૦ | ૧૩ | ૨૮।૨૪।૨૩।૨૨।૨૧ ૧૩।૧૨।૧૧।૧૫।૪।૩।૨।૧ |
| ૩૬ | પરિહા૦ | ૧ | ૯ | ૨ | ૪ | ૭।૬।૫।૪ | ચો.*૮ | ૧૨૮ | ૪૪ | ૭૦૪ | ૫ | ૨૮।૨૪।૨૩।૨૨।૨૧ |
| ૩૭ | સૂક્ષ્મ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૪ | ૨૮।૨૪।૨૧।૧ |
| ૩૮ | યથા૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૨૮।૨૪।૨૧।૦ |
| ૩૯ | દેશવિ૦ | ૧ | ૧૩ | ૨ | ૪ | ૮।૭।૬।૫ | ચો. ૮ | ૧૯૨ | ૫૨ | ૧૨૪૮ | ૫ | ૨૮।૨૪।૨૩।૨૨।૨૧ |
| ૪૦ | અવિરત | ૩ | ૨૨।૨૧।૧૭ | ૧૨ | ૫ | ૧૦।૯।૮।૭।૬ | ચો૦ ૨૪ | ૫૭૬ | ૧૯૨ | ૪૬૦૮ | ૭ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩ ।૨૨।૨૧ |
| ૪૧ | ચક્ષુ દર્શ૦ | ૧૦ | ૨૨।૨૧।૧૭ ૧૩।૯।૫। ૪।૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭ ૬।૫।૪। ૨।૧।૦ | ચો૦ ૪૦ ભાં૨૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૨૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨ ૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩ ૨।૧।૦ |
| ૪૨ | અચક્ષુ દર્શ૦ | ૧૦ | ૨૨।૨૧।૧૭ ૧૩।૯।૫। ૪।૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭ ૬।૫।૪ ।૨।૧।૦ | ચો૦ ૪૦ ભાં૨૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૪૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨ ૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩ ૨।૧।૦ |
| ૪૩ | અવધિ દર્શ૦ | ૮ | ૧૭।૧૩।૯ ।૫।૪।૩ ૨।૧।૦ | ૧૧ | ૮ | ૯।૮।૭।૬ ।૫।૪।૨।૧।૦ | ચો૦ ૨૪ ભાં૨૩ | ૫૯૯ | ૧૫૬ | ૩૭૭૯ | ૧૩ | ૨૮।૨૭।૨૩।૨૨।૨૧।૧૩ ૧૨।૧૧।૫।૪।૩।૨।૧।૦ |
| ૪૪ | કેવલ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

* સ્ત્રીવેદીને પરિહારવિશુદ્ધિ ચારિત્ર ન હોય તેથી તેના પેઢકાક થાય.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૫ | કૃષ્ણલે૦ | ૫ | ૨૨।૨૧।૧૭। ૧૩।૯ | ૧૬ | ૭ | ૧૦।૯।૮।૭। ૬।૫।૪ | ચો ૪૦ | ૯૬૦ | ૨૮૮ | ૬૯૧૨ | ૭ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩। ૨૨।૨૧ |
| ૪૬ | નીલલે૦ | ૫ | ૨૨।૨૧।૧૭। ૧૩।૯ | ૧૬ | ૭ | ૧૦।૯।૮।૭। ૬।૫।૪ | ચો ૪૦ | ૯૬૦ | ૨૮૮ | ૬૯૧૨ | ૭ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩। ૨૨।૨૧ |
| ૪૭ | કાપોત૦ | ૫ | ૨૨।૨૧।૧૭। ૧૩।૯ | ૧૬ | ૭ | ૧૦।૯।૮।૭। ૬।૫।૪ | ચો ૪૦ | ૯૬૦ | ૨૮૮ | ૬૯૧૨ | ૭ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩। ૨૨।૨૧ |
| ૪૮ | તેજોલે૦ | ૫ | ૨૨।૨૧।૧૭। ૧૩।૯ | ૧૬ | ૭ | ૧૦।૯।૮।૭। ૬।૫।૪ | ચો ૪૦ | ૯૬૦ | ૨૮૮ | ૬૯૧૨ | ૭ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩। ૨૨।૨૧ |
| ૪૯ | પદ્મલે૦ | ૫ | ૨૨।૨૧।૧૭। ૧૩।૯ | ૧૬ | ૭ | ૧૦।૯।૮।૭। ૬।૫।૪ | ચો ૪૦ | ૯૬૦ | ૨૮૮ | ૬૯૧૨ | ૭ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩। ૨૨।૨૧ |
| ૫૦ | શુક્લલે૦ | ૧૦ | ૨૨।૨૧।૧૭। ૧૩।૯।૫।૪। ૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭। ૬।૫।૪।૨।૧। ૧૦ | ચો ૪૦ ભાં ૨૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૨૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩। ૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૯।૫। ૪।૩।૨।૧।૦ |
| ૫૧ | ભવ્ય. | ૧૦ | ૨૨।૨૧।૧૭। ૧૩।૯।૫।૪। ૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭। ૬।૫।૪।૨।૧। ૧૦ | ચો ૪૦ ભાં ૨૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૪૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩। ૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૯।૫। ૪।૩।૨।૧।૦ |
| ૫૨ | અભવ્ય. | ૧ | ૨૨ | ૬ | ૩ | ૧૦।૯।૮ | ચો ૪ | ૯૬ | ૩૬ | ૮૬૪ | ૧ | ૨૬ |
| ૫૩ | ઉપશમ. | ૮ | ૧૭।૧૩।૯।૫। ૪।૩।૨।૧।૦ | ૧૧ | ૭ | ૮।૭।૬।૫।૪। ૩।૨।૧।૦ | ચો ૧૨ ભાં ૨૩ | ૭૧૧ | ૭૨ | ૧૭૬૩ | ૨ | ૨૮।૨૪ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૪ | ક્ષાયિક | ૮ | ૧૭।૧૩।૯।૫।૪।૩।૨।૧।૦ | ૧૧ | ૭ | ૮।૭।૬।૫।૪।૩।૨।૧।૦ | ચો ૧૨ ભાં ૨૩ | ૩૧૧ | ૭૨ | ૧૭૬૩ | ૯ | ૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧।૦ |
| ૫૫ | ક્ષાયોપશમિ૦ | ૩ | ૧૭।૧૩।૯ | ૬ | ૫ | ૯।૮।૭।૬।૫ | ચો ૧૨ | ૨૮૮ | ૮૪ | ૨૦૧૬ | ૪ | ૨૮।૨૪।૨૩।૨૨ |
| ૫૬ | મિશ્ર દ૦ | ૧ | ૧૭ | ૨ | ૩ | ૯।૮।૭ | ચો ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ | ૩ | ૨૮।૨૭।૨૪ |
| ૫૭ | સાસ્વાદન. | ૧ | ૨૧ | ૪ | ૩ | ૯।૮।૭ | ચો ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ | ૧ | ૨૮ |
| ૫૮ | મિથ્યા દ૦ | ૧ | ૨૨ | ૬ | ૪ | ૧૦।૯।૮।૭ | ચો ૮ | ૧૯૨ | ૬૮ | ૧૬૩૨ | ૩ | ૨૮।૨૭।૨૬ |
| ૫૯ | સંજ્ઞી૦ | ૧૦ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧।૦ | ચો ૪૦ ભાં ૨૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૪૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧।૦ |
| ૬૦ | અસંજ્ઞી | ૨ | ૨૨।૨૧ | ૧૦ | ૪ | ૧૦।૯।૮।૭ | અષ્ટ ૮ | ૬૪ | ૬૮ | ૫૪૪ | ૩ | ૨૮।૨૭।૨૬ |
| ૬૧ | આહારી૦ | ૧૦ | ૨૨।૨૧।૧૭।૧૩।૯।૫।૪।૩।૨।૧।૦ | ૨૧ | ૯ | ૧૦।૯।૮।૭।૬।૫।૪।૨।૧ | ચો ૪૦ ભાં ૨૩ | ૯૮૩ | ૨૮૮ | ૬૯૪૭ | ૧૫ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૩।૨૨।૨૧।૧૩।૧૨।૧૧।૫।૪।૩।૨।૧।૦ |
| ૬૨ | અણાહારી | ૩ | ૨૨।૨૧।૧૭ | ૧૨ | ૫ | ૧૦।૯।૮।૭।૬ | ચો ૧૬ | ૩૮૪ | ૧૨૮ | ૩૦૭૨ | ૬ | ૨૮।૨૭।૨૬।૨૪।૨૨।૨૧ |

## ૬૨ માર્ગણાસુ નામકર્મણઃ બંધોદયસત્તાસ્થાનાનિ તદ્ભંગાશ્ચ તેષાં યંત્રકમ્.

| ૬૨ | માર્ગણા દ્વારેષુ | નામકર્મણો બંધસ્થાન ૮ | | તદ્ભંગાઃ ૧૩૯૪૫ | નામકર્મણઃ ઉદયસ્થાન ૧૨ | | તદ્ભંગાઃ ૭૭૯૧ | નામકર્મણઃ સત્તાસ્થાનાનિ ૧૨ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નરકગતિ | ૨ | ૨૯।૩૦ | ૧૩૮૩૨ | ૫ | ૨૧।૨૫।૨૭। ૨૮।૨૯ | ૫ | ૩ | ૯૨।૮૯।૮૮ |
| ૨ | તિર્યંચ ગતિ | ૬ | ૨૩।૨૫।૨૬।૨૮। ૨૯।૩૦ | ૧૩૯૨૬ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬। ૨૭।૨૮।૨૯। ૩૦।૩૧ | ૫૦૭૦ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૩ | મનુષ્ય ગતિ | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮। ૨૯।૩૦।૩૧।૧ | ૧૩૯૩૭ | ૧૧ | ૨૦।૨૧।૨૫।૨૬। ૨૭।૨૮।૨૯।૩૦। ૩૧।૯।૮ | ૨૬૦૨ | ૧૧ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦। ૭૯।૭૬।૭૫।૯।૮ |
| ૪ | દેવગતિ | ૪ | ૨૫।૨૬।૨૯।૩૦ | ૧૩૮૫૬ | ૬ | ૨૧।૨૫।૨૭।૨૮। ૨૯।૩૦ | ૬૪ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૫ | એકેંદ્રિય | ૫ | ૨૩।૨૫।૨૬। ૨૯।૩૦ | ૧૩૯૧૭ | ૫ | ૨૧।૨૪।૨૫। ૨૬।૨૭ | ૪૨ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૬ | બેઇંદ્રિય | ૫ | ૨૩।૨૫।૨૬। ૨૯।૩૦ | ૧૩૯૧૭ | ૬ | ૨૧।૨૬।૨૮।૨૯। ૩૦।૩૧ | ૩૨ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | તેઇંદ્રિય | ૫ | ૨૩।૨૫।૨૬। ૨૯।૩૦ | ૧૩૯૧૭ | ૬ | ૨૧।૨૬।૨૮।૨૯। ૩૦।૩૧ | ૨૨ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૮ | ચઉરિંદ્રિય | ૫ | ૨૩।૨૫।૨૬। ૨૯।૩૦ | ૧૩૯૧૭ | ૬ | ૨૧।૨૬।૨૮।૨૯। ૩૦।૩૧ | ૨૨ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૯ | પંચેંદ્રિય | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮। ૨૯।૩૦।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૧૧ | ૨૦।૨૧।૨૫।૨૬। ૨૭।૨૮।૨૯।૩૦। ૩૧।૯।૮ | ૭૬૮૩ | ૧૨ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦। ૭૯.૭૮।૭૬।૭૫।૯।૮ |
| ૧૦ | પૃથ્વીકાય | ૫ | ૨૩।૨૫।૨૬। ૨૯।૩૦ | ૧૩૯૧૭ | ૫ | ૨૧।૨૪।૨૫। ૨૬।૨૭ | ૨૪ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૧૧ | અપ્કાય | ૫ | ૨૩।૨૫।૨૬। ૨૯।૩૦ | ૧૩૯૧૭ | ૫ | ૨૧।૨૪।૨૫। ૨૬।૨૭ | ૨૦ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૧૨ | તેઉકાય | ૫ | ૨૩।૨૫।૨૬। ૨૯।૩૦ | ૯૩૦૮ | ૪ | ૨૧।૨૪।૨૫।૨૬ | ૧૨ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૧૩ | વાયુ૦ | ૫ | ૨૩।૨૫।૨૬। ૨૯।૩૦ | ૯૩૦૮ | ૪ | ૨૧।૨૪।૨૫।૨૬ | ૧૫ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૧૪ | વનસ્પતિ | ૫ | ૨૩।૨૫।૨૬। ૨૯।૩૦ | ૧૩૯૧૭ | ૫ | ૨૧।૨૪।૨૫। ૨૬।૨૭ | ૩૧ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | ત્રસકાય | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૧૧ | ૨૦।૨૧।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧।૯।૮ | ૭૭૮૯ | ૧૨ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫।૯।૮ |
| ૧૬ | મનોયોગ | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૬ | ૨૫।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૩૫૭૨ | ૯ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૧૭ | વચનયોગ | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૬ | ૨૫।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૩૫૯૬ | ૯ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૧૮ | કાયયોગ | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૧૦ | ૨૦।૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૮૯ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫ |
| ૧૯ | પુરુષવેદી | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩ ।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૮ | ૨૧।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૬૭૦ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫ |
| ૨૦ | સ્ત્રીવેદી | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૮ | ૨૧।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૬૬૩ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫ |
| ૨૧ | નપુંસક | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૧૯ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ક્રોધકષાયી | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૧૦ | ૧૩૯૪૫ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૭૩ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫ |
| ૨૩ | માનક૦ | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૧૦ | ૧૩૯૪૫ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૭૩ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫ |
| ૨૪ | માયાક૦ | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૧૦ | ૧૩૯૪૫ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૭૩ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫ |
| ૨૫ | લોભક૦ | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૧૦ | ૧૩૯૪૫ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૭૩ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫ |
| ૨૬ | મતિજ્ઞાની | ૫ | ૨૮।૨૯।૩૦।૩૧।૧૦ | ૩૫ | ૮ | ૨૧।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૬૭૧ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૨૭ | શ્રુતજ્ઞાની | ૫ | ૨૮।૨૯।૩૦।૩૧।૧૦ | ૩૫ | ૮ | ૨૧।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૬૭૧ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૨૮ | અવધિજ્ઞાની | ૫ | ૨૮।૨૯।૩૦।૩૧।૧૦ | ૩૫ | ૮ | ૨૧।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૬૭૧ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૨૯ | મનઃપર્યવ જ્ઞાની | ૫ | ૨૮।૨૯।૩૦।૩૧।૧૦ | ૧૯ | ૫ | ૨૫।૨૭।૨૮।૨૯।૩૦ | ૧૫૮ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ | કેવલજ્ઞાની | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨૦।૨૧।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧।૯।૮ | ૬૨ | ૬ | ૮૦।૭૯।૭૬।૭૫।૯।૮ |
| ૩૧ | મતિઅજ્ઞાની | ૬ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦ | ૧૩૯૨૬ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૭૩ | ૬ | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૩૨ | શ્રુતઅજ્ઞા૦ | ૬ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦ | ૧૩૯૨૬ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૭૩ | ૬ | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૩૩ | વિભંગ૦ | ૬ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦ | ૧૩૯૨૬ | ૮ | ૨૧।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૬૬૧ | ૩ | ૯૨।૮૯।૮૮ |
| ૩૪ | સામાયિક૦ ચારિ૦ | ૫ | ૨૮।૨૯।૩૦।૩૧।૧ | ૧૯ | ૫ | ૨૫ ૨૭।૨૮।૨૯।૩૦ | ૧૫૮ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૩૫ | છેદોપસ્થાપની | ૫ | ૨૮।૨૯।૩૦।૩૧।૧ | ૧૯ | ૫ | ૨૫।૨૬।૨૮।૨૯।૩૦ | ૧૫૮ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૩૬ | પરિહાર૦ | ૪ | ૨૮।૨૯।૩૦।૩૧ | ૧૮ | ૧ | ૩૦ | ૨૪ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૩૭ | સૂક્ષ્મ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૩૦ | ૭૨ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮ | યથાખ્યા૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨૦।૨૧।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧।૯।૮ | ૧૧૦ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫।૯।૮ |
| ૩૯ | દેશવિરતિ | ૨ | ૨૮।૨૯ | ૧૬ | ૬ | ૨૫।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૪૪૩ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૪૦ | અવિરતિ | ૬ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦ | ૧૩૯૪૨ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૭૩ | ૭ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૪૧ | ચક્ષુદર્શના૦ | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૧૦ | ૧૩૯૪૫ | ૬ | ૨૫।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૦૭૭ | ૯ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૪૨ | અચક્ષુદ૦ | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૧૦ | ૧૩૯૪૫ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૮૩ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫ |
| ૪૩ | અવધિદ૦ | ૫ | ૨૮।૨૯।૩૦।૩૧।૧।૧૦ | ૩૫ | ૮ | ૨૧।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૬૭૧ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯।૭૬।૭૫ |
| ૪૪ | કેવલદ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨૦।૨૧।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧।૯।૮ | ૬૨ | ૬ | ૮૦।૭૯।૭૬।૭૫।૯।૮ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૫ | કૃષ્ણલેશી | ૬ | ૨૩।૨૫।૨૬<br>૨૮।૨૯।૩૦ | ૧૩૯૪૨ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬<br>૨૭।૨૮।૨૯।૩૦<br>૩૧ | ૭૭૮૩<br>*(૭૭૭૩) | ૬ | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૪૬ | નીલલે૦ | ૬ | ૨૩।૨૫।૨૬<br>૨૮।૨૯।૩૦ | ૧૩૯૪૨ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬<br>૨૭।૨૮।૨૯।૩૦<br>૩૧ | ૭૭૮૩<br>*(૭૭૭૩) | ૬ | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૪૭ | કાપોત૦ | ૬ | ૨૩।૨૫।૨૬<br>૨૮।૨૯।૩૦ | ૧૩૯૪૨ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬<br>૨૭।૨૮।૨૯।૩૦<br>૩૧ | ૭૭૮૩<br>*(૭૭૭૩) | ૬ | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૪૮ | તેજોલે૦ | ૬ | ૨૫।૨૬।૨૮<br>૨૯।૩૦।૩૧ | ૧૩૮૭૪ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬<br>૨૭।૨૮।૨૯।૩૦<br>૩૧ | ૭૬૭૦ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૪૯ | પદ્મલે૦ | ૪ | ૨૮।૨૯।૩૦।૩૧ | ૧૩૮૫૦ | ૮ | ૨૧।૨૫।૨૬।૨૭<br>૨૮।૨૯।૩૦।૩૧ | ૭૬૬૬ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૫૦ | શુક્લલે૦ | ૫ | ૨૮।૨૯।૩૦<br>૩૧।૧।૦ | ૪૬૩૫ | ૯ | ૨૦।૨૧।૨૫।૨૬<br>૨૭।૨૮।૨૯।૩૦।<br>૩૧ | ૭૬૭૨ | ૮ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦।૭૯<br>।૭૬।૭૫ |
| ૫૧ | ભવ્ય | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।<br>૨૯।૩૦।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૧૨ | ૨૦।૨૧।૨૪।૨૫।૨૬<br>૨૭।૨૮।૨૯।૩૦<br>૩૧।૯।૮ | ૭૭૯૧ | ૧૨ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦<br>૭૯।૭૮।૭૬।૭૫।૯।૮ |

*આ ત્રણ લેશ્યાઓને ચાર ગુણસ્થાન માનીએ તો તે દૃષ્ટિએ આહારકના સાત અને ઉદ્યોત સહિત વૈ૦ મનુષ્યના ૩ ભાંગા ન ઘટે માટે ૭૭૭૩ ઉદયભાંગા પણ ઘટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૨ | અભવ્ય | ૬ | ૨૩।૨૫।૨૬ ૨૮।૨૯।૩૦ | ૧૩૯૨૬ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬ ૨૭।૨૮।૨૯।૩૦ ૩૧ | ૭૭૬૩ | ૪ | ૮૮।૮૬।૮૦।૭૬ |
| ૫૩ | ઉપશમ સમ્યક્ત્વી | ૫ | ૨૮।૨૯।૩૦ ૩૧।૧।૦ | ૩૫ | ૮ | ૨૧।૨૫।૨૬।૨૭ ૨૮।૨૯।૩૦।૩૧ | ૧૭૬૯ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૫૪ | ક્ષાયિક૦ | ૫ | ૨૮।૨૯।૩૦ ૩૧।૧।૦ | ૩૫ | ૧૧ | ૨૦।૨૧।૨૫।૨૬ ૨૭।૨૮।૨૯।૩૦ ૩૧।૯।૮ | ૬૨૩ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૦ ૭૯।૭૬।૭૫।૯।૮ |
| ૫૫ | ક્ષયોપશ૦ | ૪ | ૨૮।૨૯।૩૦।૩૧ | ૩૪ | ૮ | ૨૧।૨૫।૨૬।૨૭ ૨૮।૨૯।૩૦।૩૧ | ૭૬૭૧ | ૪ | ૯૩।૯૨।૮૯।૮૮ |
| ૫૬ | મિશ્રદૃ૦ | ૨ | ૨૮।૨૯ | ૧૬ | ૩ | ૨૯।૩૦।૩૧ | ૩૪૬૫ | ૨ | ૯૨।૮૮ |
| ૫૭ | સાસ્વાદન | ૩ | ૨૮।૨૯।૩૦ | ૯૬૦૮ | ૭ | ૨૧।૨૪।૨૫।૨૬ ૨૯।૩૦।૩૧ | ૪૦૯૭ | ૨ | ૯૨।૮૮ |
| ૫૮ | મિથ્યા૦ | ૬ | ૨૩।૨૫।૨૬ ૨૮।૨૯।૩૦ | ૧૩૯૨૫ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬ ૨૭।૨૮।૨૯।૩૦ ૩૧ | ૭૭૭૩ | ૬ | ૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૫૯ | સંજ્ઞી | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮ ૨૯।૩૦।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૮ ૧૧ | ૨૧।૨૫।૨૬।૨૭ ૨૮।૨૯।૩૦।૩૧ | ૯૬૮૩ ૭૬૭૫ | ૧૨ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬ ૮૦।૭૯।૭૮।૭૬।૭૫।૯।૮ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૦ | અસંજ્ઞી૦ | ૬ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦ | ૧૩૯૨૬ | ૯ | ૨૧।૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૧૩૨ | ૫ | ૯૨।૮૮।૮૬।૮૦।૭૮ |
| ૬૧ | આહારી | ૮ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦।૩૧।૧।૦ | ૧૩૯૪૫ | ૮ | ૨૪।૨૫।૨૬।૨૭।૨૮।૨૯।૩૦।૩૧ | ૭૭૪૬ | ૧૦ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫ |
| ૬૨ | અણાહારી | ૬ | ૨૩।૨૫।૨૬।૨૮।૨૯।૩૦ | ૧૩૯૪૧ | ૪ | ૨૦।૨૧।૨૬।૨૮ | ૪૫ | ૧૨ | ૯૩।૯૨।૮૯।૮૮।૮૬।૮૦।૭૯।૭૮।૭૬।૭૫।૯।૮ |

## ગુણસ્થાને બંધપ્રકૃતિ.

तित्थयराहारगविरहिआउ, अज्जेइ सव्वपयडीओ ।
मिच्छत्तवेअगो सा–सणोवि गुणवीससेसाओ ॥६९॥

तित्थयराहारग=તીર્થંકરનામ અને આહારકદ્વિક
विरहियाउ=વિના.
अज्जेइ=ઉપાર્જે, બાંધે.
सव्वपयडीओ=સર્વ પ્રકૃતિઓ (૧૧૭).
मिच्छत्तवेयगो=મિથ્યાદૃષ્ટિ.
सासणोवि=સાસ્વાદન ગુણસ્થાનવાળો પણ.
गुणवीससेसाओ=ઓગણીશ વર્જીને બાકીની (૧૦૧).

अर्थ:—મિથ્યાદૃષ્ટિ તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક વિના સર્વ (૧૧૭) પ્રકૃતિઓ બાંધે. સાસ્વાદન ગુણસ્થાનવાળો ઓગણીશ વર્જીને બાકીની (એકસો એક) પ્રકૃતિ બાંધે. ॥૬૯॥

विवेचन:—હવે કયા કયા ગુણઠાણે કઇ કઇ અને કેટલી પ્રકૃતિ બાંધે એવો સર્વ ગુણઠાણે બંધ વિશેષ કહે છે.—

તીર્થંકર નામ ૧, આહારકદ્વિક તે આહારક શરીર ૨, આહારકોપાંગ ૩, એ ત્રણ વર્જીને ૧૨૦ માંહેથી બાકી સર્વ (૧૧૭) પ્રકૃતિ ઉપાર્જે, મિથ્યાત્વનો વેદક તે મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વ ગુણઠાણે રહ્યો થકો બાંધે. સાસ્વાદન ગુણઠાણાવાળો નરકત્રિક ૩, જાતિચતુષ્ક ૭, સ્થાવરચતુષ્ક ૧૧, હુંડ સંસ્થાન ૧૨, આતપ ૧૩, છેવઠું સંઘયણ ૧૪, નપુંસક વેદ ૧૫, મિથ્યાત્વ મોહનીય ૧૬ અને પૂર્વલી ત્રણ પ્રકૃતિ ૧૯, એ ઓગણીશ વર્જીને શેષ ૧૦૧ પ્રકૃતિ બાંધે. ॥ ૬૯ ॥

---

छायालसेस मीसो, अविरयसम्मो तिआलपरिसेसा ।
तेवन्न देसविरओ, विरओ सगवन्नसेसाओ ॥७०॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छायालसेस=છેંતાળીશ વર્જીને બાકીની (૭૪).
मीसो=મિશ્ર ગુણસ્થાનવાળો.
अविरयसम्मो=અવિરત સમ્યગ્દૃષ્ટિ.
तियालपरिसेसा=તેંતાળીશ વર્જીને બાકીની (૭૭)
तेवन्न=ત્રેપન વર્જીને બાકીની (૬૭).
देसविरओ=દેશવિરત.
विरओ=વિરત-પ્રમત્ત સાધુ.
सगवन्नसेसाओ=સત્તાવન વર્જીને બાકીની (૬૩).

**અર્થ:**-મિશ્રદૃષ્ટિ છેંતાળીશ વર્જીને બાકીની, અવિરત સમ્યગ્દૃષ્ટિ તેંતાળીશ વર્જીને બાકીની, દેશવિરત ત્રેપન વર્જીને બાકીની અને પ્રમત્ત સાધુ સત્તાવન વર્જીને બાકીની પ્રકૃતિઓ બાંધે. ॥ ૭૦ ॥

**વિવેચન:**—તિર્યંચત્રિક ૩, થીણદ્ધિત્રિક ૬, દુર્ભગત્રિક ૯, અનંતાનુબંધી ચતુષ્ક ૧૩, મધ્ય સંસ્થાન ચાર ૧૭, મધ્ય સંઘયણ ચાર ૨૧, નીચૈર્ગોત્ર ૨૨, ઉદ્યોતનામ ૨૩, અશુભવિહાયોગતિ ૨૪, સ્રીવેદ ૨૫ અને ૧૯ પૂર્વની મળી ૪૪ અને મનુષ્યાયુ ૪૫ અને દેવાયુ ૪૬ પ્રકૃતિ એકસોવીશ માંહેથી કાઢીએ એટલે શેષ ૭૪ પ્રકૃતિ મિશ્ર ગુણઠાણાવાળો બાંધે. અવિરતસમ્યગ્દૃષ્ટિ છેંતાળીશ માંહેથી તીર્થંકર નામ ૧, મનુષ્યાયુ ૨ અને દેવાયુ ૩, એ ત્રણ બાંધે, તે માટે તેંતાળીશ વર્જીને શેષ ૭૭ પ્રકૃતિ બાંધે. વજ્રઋષભનારાચ સંઘયણ ૧, મનુષ્યત્રિક ૪, અપ્રત્યાખ્યાની કષાય ચાર ૮, ઔદારિકદ્વિક ૧૦ અને તેંતાળીશ પૂર્વની એમ ૫૩ ત્રેપન વર્જીને શેષ ૬૭ સડસઠ પ્રકૃતિ દેશવિરતિ બાંધે. ત્રીજા પ્રત્યાખ્યાનીય ચાર કષાય અને ૫૩ પૂર્વની એવં ૫૭ વર્જીને શેષ (૬૩) ત્રેસઠ પ્રકૃતિ સર્વવિરતિ પ્રમત્ત સાધુ બાંધે ॥ ૭૦ ॥

---

**×इगुणट्ठिमप्पमत्तो[५९], बंधइ देवाउअस्स इअरोवि[५८] ।**
**अट्ठावन्नमपुव्वो[५८], छप्पन्नं[५६] वावि छव्वीसं[२६] ॥७१॥**

---

× इगुसट्ठी ઇતિ પાઠાન્તરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| इगुणट्ठिं=ઓગણસાઠ પ્રકૃતિને. | अट्ठावन्नं=અઠ્ઠાવનને. |
| अप्पमत्तो=અપ્રમત્ત સંયત | अपुव्वो=અપૂર્વકરણ વાળો. |
| बंधइ=બાંધે. | छप्पन्नं वावि=અથવા છપ્પન પણ |
| देवाउयस्स=દેવાયુનો બંધક. | छव्वीसं=છવ્વીશ. |
| इयरोवि=અપ્રમત્ત પણ. | |

અર્થ:-અપ્રમત્તસંયત ઓગણસાઠ પ્રકૃતિ બાંધે, અપ્રમત્ત પણ દેવાયુ બંધક છે. અપૂર્વકરણ ગુણસ્થાનવાળો અઠ્ઠાવન, છપ્પન અથવા છવીસ પ્રકૃતિ બાંધે. ॥ ૭૧ ॥

વિવેચન:-શોક ૧, અરતિ ૨, અસ્થિર ૩, અશુભ ૪, અયશ ૫, અને અસાતા ૬, એ છ પ્રકૃતિ ત્રેસઠ માંહેથી કાઢીએ અને અહારકદ્વિક ભેળવીએ એટલે (૫૯) ઓગણસાઠ પ્રકૃતિ અપ્રમત્ત ગુણઠાણી સાધુ બાંધે, દેવાયુ પ્રમત્તે બાંધવા માંડે અને તે બાંધતો થકો જ અપ્રમત્તે આવે તો ત્યાં તે બંધ પૂરો કરે પણ અપ્રમત્ત થકો દેવાયુ બાંધવા ન માંડે તેથી દેવાયુવિના ૫૮ અઠ્ઠાવન પણ બાંધે. અપૂર્વકરણ ગુણઠાણાના સાત ભાગ કલ્પીએ ત્યાં પહેલે ભાગે એ જ પૂર્વોક્ત ૫૮ પ્રકૃતિ બાંધે. બીજે ત્રીજે, ચોથે, પાંચમે અને છટ્ઠે એ પાંચ ભાગે બે નિદ્રા ન બાંધે, તે માટે છપ્પન્ન બાંધે. છેલ્લે ભાગે દેવદ્વિક ૨, પંચેંદ્રિય જાતિ ૩, શુભખગતિ ૪, ત્રસાદિ નવ ૧૩, ઔદારિક વિના ૪ શરીર ૧૭, બે ઉપાંગ ૧૯, સમચતુરસ્ર સંસ્થાન ૨૦ નિર્માણ નામ ૨૧, તીર્થંકર નામ ૨૨, વર્ણાદિક ચાર ૨૬ અને અગુરૂલઘુ ચતુષ્ક, ૩૦, એ ત્રીશ પણ ન બાંધે તેથી ત્યાં ૨૬ નો બંધ હોય ॥ ૭૧ ॥

---

बावीसा एगूणं, बंधइ अट्ठारसंतमनिअट्टि ।
सतरस सुहुमसरागो, सायममोहो सजोगुत्ति ॥७२॥

| | |
|---|---|
| बावीसा=બાવીશ. | अट्ठारसंतं=અઢાર પર્યંત |
| एगूणं=એક એક ઓછી. | अनियट्टी=અનિવૃત્તિબાદરવાળો. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| सतरस=સત્તર. | सायं=સાતાવેદનીયને |
| सुहुमसरागो=સૂક્ષ્મસંપરાય વાળો. | अमोहो=ઉપશાંતમોહ ક્ષીણમોહ |
| | सजोगुत्ति=સયોગિકેવળી એમ. |

अर्थः—અનિવૃત્તિ બાદરવાળો બાવીશ અથવા એકેક ઓછી અઢાર પર્યંત (૨૧-૨૦-૧૯-૧૮) પ્રકૃતિ બાંધે. સૂક્ષ્મસંપરાયવાળો સત્તર પ્રકૃતિ બાંધે. મોહરહિત (ઉપશાંતમોહ, ક્ષીણમોહ) અને સયોગી કેવળી સાતા વેદનીય બાંધે. ॥ ૭૨ ॥

विवेचनः—નવમા અનિવૃત્તિબાદર ગુણઠાણાના પાંચ ભાગ કલ્પીએ ત્યાં પહેલે ભાગે હાસ્ય ૧, રતિ ૨, કુત્સા ૩ અને ભય ૪ એ ચાર પણ ન બાંધે ત્યારે ૨૨ નો બંધ હોય, બીજે ભાગે પુરૂષ વેદ ન બાંધે ત્યારે ૨૧ નો બંધ, ત્રીજે ભાગે સંજ્વલન ક્રોધ ટળ્યે ૨૦ નો બંધ, ચોથે ભાગે સંજ્વલન માન ટળ્યે ૧૯ નો બંધ, અને પાંચમે ભાગે સંજ્વલની માયા ટળ્યે ૧૮ નો બંધ, સૂક્ષ્મસંપરાય ગુણઠાણે સંજ્વલન લોભ પણ ન બાંધે ત્યારે ૧૭ નો બંધ હોય. ત્યાર પછી જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ૪ અંતરાય ૫, ઉચ્ચૈર્ગોત્ર ૧ અને યશનામ ૧ એવં (૧૬) સોળ પ્રકૃતિ પણ ન બાંધે ત્યારે ઉપશાન્તમોહ ક્ષીણમોહ અને સયોગી કેવળી એ ત્રણ ગુણઠાણે એક સાતાવેદનીય પ્રકૃતિ બાંધે. અયોગી કેવલી તો અબંધક હોય. એકે પ્રકૃતિ ન બાંધે. ॥ ૭૨ ॥

---

**एसो उ बंधसामित्त,-ओहो गइआइएसु वि तहेव।**
**ओहाओ साहिज्जइ, जत्थ जहा पगइसब्भावो ॥७३॥**

| | |
|---|---|
| एसो=એ પૂર્વોક્ત ગુણસ્થાનનો બંધભેદ. | गइआइएसुवि=ગત્યાદિ (બાસઠ માર્ગણા)ને વિષે પણ |
| बंधसामित्तओहो=બંધ સ્વામિત્વનો ઓઘ (જાણવો). | तहेव=તેમજ. |
| | ओहाओ=ઓઘ કહ્યો તે પ્રમાણે |

૧ साहिज्जा ઇતિ પાઠાન્તરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| साहिज्जइ=કહેવું. | जहा=જે પ્રકારે. |
| जत्थ=જે માર્ગણાસ્થાને. | पगइसब्भावो=પ્રકૃતિનો સદ્ભાવ. |

अर्थः—એ પૂર્વોક્ત ગુણસ્થાનનો બંધભેદ–બંધસ્વામિત્વનો ઓઘ જાણવો. ગતિ આદિ માર્ગણાને વિષે પણ તેમજ–ઓઘ કહ્યો તે પ્રમાણે (બીજા કર્મગ્રંથ મુજબ) જે માર્ગણાસ્થાને જે પ્રકારે પ્રકૃતિનો સદ્ભાવ છે તે પ્રકારે કહેવું. ॥ ૭૩ ॥

विवेचनः—એ ઓઘપણે ચઉદે ગુણઠાણે બંધસ્વામિત્વ કહ્યું. બીજે કર્મસ્તવે કહ્યું છે તેમ આ પણ જાણવું. ગત્યાદિક માર્ગણાએ પણ તેમજ ઓઘ થકી પ્રકૃતિ કહેવી. ત્રીજે કર્મગ્રંથે ૬૨ માર્ગણાએ બંધ કહ્યો છે તેમ ઈહાં જાણવો. જ્યાં જેટલાં ગુણઠાણા હોય અને જેને જેટલી પ્રકૃતિ સદ્ભાવે હોય–જેને જેટલી પ્રકૃતિ બાંધવી ઘટે, ત્યાં તેટલી વિચારીને કહેવી. ॥ ૭૩ ॥

---

तित्थयरदेवनिरया-उअं[1] च[1] तिसु[3] तिसु गईसु बोधव्वं ।
अवसेसा पयडीओ,[117] हवंति सव्वासु वि गईसु ॥७४॥

| | |
|---|---|
| तित्थयरदेवनिरयाउअं च=તીર્થંકર નામ, દેવાયુ અને નરકાયુ | अवसेसा=બાકીની. |
| तिसु=ત્રણ. | पयडीओ=પ્રકૃતિઓ. |
| गइसु=ગતિને વિષે. | हवंति=હોય છે. |
| बोधव्वं=જાણવું. | सव्वासु=સર્વ. |
| | गईसु=ગતિને વિષે. |

अर्थः—તીર્થંકર નામ, દેવાયુ અને નરકાયુ ત્રણ ત્રણ ગતિને વિષે જાણવું. બાકીની પ્રકૃતિઓ સર્વ ગતિને વિષે હોય છે.॥૭૪॥

विवेचनः-હવે જે જે ગતિને વિષે જેટલી પ્રકૃતિ સત્તાએ પામીએ તે કહે છે–તીર્થંકર નામ ૧, દેવાયુ ૨, અને નરકાયુ ૩, એ ત્રણ પ્રકૃતિ ત્રણ ત્રણ ગતિને વિષે હોય. ત્યાં તીર્થંકર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામ નારકી દેવતા અને મનુષ્યને વિષે હોય પણ તિર્યંચ માંહે ન હોય; તીર્થંકર સત્કર્મા તિર્યંચ માંહે જાય નહીં તે માટે. દેવાયુ મનુષ્ય, તિર્યંચ અને દેવતા માંહે સત્તાએ હોય પણ નરકમાંહે ન હોય. નરકાયુ, મનુષ્ય, તિર્યંચ અને નારકી માંહે સત્તાએ હોય પણ દેવતામાંહે ન હોય. અને અવશેષ સર્વ પ્રકૃતિઓ ચારે ગતિને વિષે હોય. તિર્યંચગતિ માંહે તીર્થંકર નામ વિના સર્વ પ્રકૃતિ સત્તાએ હોય, નરકગતિ માંહે દેવાયુ વિના સર્વ પ્રકૃતિ સત્તાએ હોય, દેવગતિ માંહે નરકાયુ વિના સર્વ પ્રકૃતિ સત્તાએ હોય. અને મનુષ્યગતિ માંહે સર્વ પ્રકૃતિ સત્તાએ હોય. ॥ ૭૪ ॥

---

## ઉપશમશ્રેણીનું સ્વરૂપ

**पढमकसायचउक्कं, दंसणतिग सत्तगा वि उवसंता।**
**अविरयसम्मत्ताओ, जाव नियट्टित्ति नायव्वा ॥७५॥**

पढमकसायचउक्कं=પહેલા કષાયનું ચતુષ્ક.
दंसणतिग=દર્શનમોહનીય ત્રણ.
सत्तगावि=સાતે પ્રકૃતિઓ.
उवसंता=ઉપશાંત થયેલી.
अविरयसम्मत्ताओ=અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનથી માંડીને.
जावनियट्टि=અપૂર્વકરણ પર્યંત.
नायव्वा=જાણવી.

**अर्थः**–પહેલા કષાયનું ચતુષ્ક, દર્શનમોહનું ત્રિક એ સાતે પ્રકૃતિઓ અવિરત સમ્યગ્દૃષ્ટિથી માંડીને અપૂર્વકરણ પર્યંત ઉપશાંત થયેલી જાણવી. ॥ ૭૫ ॥

**विवेचनः**–ઇહાં ગુણઠાણાને વિષે પૂર્વે જે બંધોદયસત્તા સ્થાનકનો સંવેધ કહ્યો તે ગુણઠાણાં તો પ્રાયઃ ઉપશમશ્રેણિએ કે ક્ષપકશ્રેણિએ હોય, તે માટે તે શ્રેણિ કહીએ છીએ. ત્યાં પ્રથમ **उवशमश्रेणि** કહે છે.—

પહેલા ચાર કષાય તે અનંતાનુબંધિ ચાર કષાય અને દર્શનત્રિક તે મિથ્યાત્વમોહનીય ૧, મિશ્ર મોહનીય ૨ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ત્વ મોહનીય ૩, એ સાતે પ્રકૃતિ ઉપશાન્ત હોય. ક્યાં ? અવિરત સમ્યક્ત્વ ગુણઠાણા થકી માંડીને નિવૃત્તિ નામે આઠમા ગુણઠાણા લગે જાણવી, ત્યાં સાતમા લગે યથાયોગ્યપણે ઉપશાન્ત હોય અને અપૂર્વકરણે તો નિશ્ચયે જ એ સાતે ઉપશાન્ત હોય.

ત્યાં પ્રથમ **અનંતાનુબંધિની ઉપશમના** કહીએ છીએ,—અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અને વિરત (પ્રમત્ત અને અપ્રમત્ત) માંહેલો કોઇ પણ જીવ કોઇ પણ યોગે વર્તતો, તેજો પદ્મ શુક્લ માંહેલી એક લેશ્યાવંત, ×સાકારોપયોગવંત એક કોડાકોડિ સાગરોપમ કરતાં ન્યૂન સ્થિતિનાં કર્મવંત, કરણકાલથકી પૂર્વે પણ અંતર્મુહૂર્ત્ત લગે અવદાયમાન (વિશુદ્ધ) ચિત્તવૃત્તિવંત થકો રહે. તેવો થકો તે પરાવર્ત્તમાન પ્રકૃતિ સર્વ શુભ જ બાંધે પણ અશુભ ન બાંધે, અને અશુભ પ્રકૃતિનો અનુભાગ ચઉઠાણીયો હોય તે બેઠાણીયો કરે અને શુભ પ્રકૃતિનો બેઠાણિયો હોય તે ચઉઠાણિયો કરે અને સ્થિતિબંધ પૂર્ણ થયે થકે અન્ય સ્થિતિબંધ પૂર્વલા સ્થિતિબંધની અપેક્ષાએ પલ્યોપમને સંખ્યાતમે ભાગે હીન હીન કરે. એમ અંતર્મુહૂર્ત્ત કાળ લગે રહીને ત્યારપછી યથાક્રમે પ્રત્યેક અંતર્મુહૂર્ત્તનાં ત્રણ કરણ કરે. તે આ પ્રમાણે-યથાપ્રવૃત્તિકરણ ૧, અપૂર્વકરણ ૨, અને અનિવૃત્તિકરણ ૩, ચોથી ઉપશાંતાદ્ધા. ત્યાં યથાપ્રવૃત્તકરણે પેસતો થકો પ્રતિ સમયે અનંતગુણ વધતી વિશુદ્ધિએ પેસે. ત્યાં પૂર્વોક્ત શુભ પ્રકૃતિનો બંધાદિક તેમજ કરે પણ સ્થિતિ*ઘાતાદિક ત્યાં ન કરે, તત્પ્રાયોગ્ય વિશુદ્ધિનો અભાવ માટે. ત્યાં પ્રતિસમયે નાના જીવની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ અધ્યવસાયનાં સ્થાનક હોય, તે ષટ્સ્થાનપતિત હોય. ષટ્સ્થાનનું સ્વરૂપ કહે છે-જો હીન હોય તો અનંતભાગહીન ૧, અસંખ્યાતભાગ હીન ૨, સંખ્યાતભાગ હીન ૩, સંખ્યાતગુણ હીન ૪, અસંખ્યાતગુણ હીન ૫, અને અનંતગુણ હીન ૬; અને જો અધિક હોય તો અનંતભાગ અધિક ૧, અસંખ્યાતભાગ અધિક ૨, સંખ્યાતભાગ અધિક ૩, સંખ્યાતગુણ અધિક ૪, અસંખ્યાતગુણ અધિક ૫ અને અનંતગુણ અધિક ૬, એ છઠાણ-

× જ્ઞાનોપયોગવાળો. * સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધીયા કહીએ, અને તે પ્રથમ સમયના અધ્યવસાયસ્થાનકની અપેક્ષાએ બીજે સમયે અધ્યવસાયસ્થાનક વિશેષાધિક હોય. બીજા સમયની અપેક્ષાએ ત્રીજે સમયે અધ્યવસાય સ્થાનક વિશેષાધિક હોય. એમ ઉત્તરોત્તર યથાપ્રવૃત્તકરણના ચરમ સમય લગે [1]કહેવું. ત્યાં પ્રથમ સમયે જઘન્ય વિશુદ્ધિ સર્વ થકી થોડી હોય. બીજે સમયે વિશુદ્ધિ તે થકી અનંતગુણ હોય, તે થકી ત્રીજે સમયે જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ હોય, એમ ત્યાં લગે કહેવું કે જ્યાં લગે યથાપ્રવૃત્ત કરણના કાળનો સંખ્યાતમો ભાગ જાય. ત્યારપછી પ્રથમ સમય ઉત્કૃષ્ટી વિશુદ્ધિ અનંતગુણી હોય તે થકી પણ જે જઘન્ય સ્થાનથી નિવૃત્તિ કરી હતી તેના ઉપરલી જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી હોય. તે થકી હેઠલી બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી હોય તે થકી ઉક્ત જઘન્યથી ઉપરની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી હોય, એમ ઉપર અને હેઠે એકેકું વિશુદ્ધિસ્થાનક અનંતગુણું ત્યાં લગે કહેવું કે જ્યાં લગે યથાપ્રવૃત્તકરણને ચરમ સમયે જઘન્ય વિશુદ્ધિસ્થાનક અનંતગુણ વિશુદ્ધ હોય ત્યારપછી જે ઉપરલાં જઘન્ય સ્થાનક રહ્યાં તેના ઉત્કૃષ્ટ વિશુદ્ધિસ્થાનક નિરંતર અનંતગુણી વૃદ્ધિએ યાવત ચરમ સમયનું ઉત્કૃષ્ટ વિશુદ્ધિસ્થાનક હોય ત્યાં સુધી કહેવું. એ યથાપ્રવૃત્ત કરણ કહ્યું, હવે અપૂર્વકરણ કહે છે—ત્યાં અપૂર્વકરણે પ્રતિસમયે અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનક હોય. તે પ્રતિસમયે છઠાણવડિયાં હોય. ત્યાં પ્રથમ સમયે જઘન્ય વિશુદ્ધિ સર્વ થકી થોડી હોય પણ તે યથાપ્રવૃત્ત કરણના ચરમ સમયની ઉત્કૃષ્ટી વિશુદ્ધિ થકી અનંતગુણી જાણવી. તે થકી પ્રથમ સમયે જ ઉત્કૃષ્ટી વિશુદ્ધિ અનંતગુણી હોય તે થકી બીજે સમયે જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી હોય તે થકી તેજ બીજે સમયે ઉત્કૃષ્ટી વિશુદ્ધિ અનંતગુણી હોય. એમ પ્રતિ સમયે અનંતગુણી વધતી વિશુદ્ધિ અપૂર્વકરણના છેલ્લા સમય લગે કહેવી, યાવત્ ચરમ સમયે ઉત્કૃષ્ટી વિશુદ્ધિ અનંતગુણી હોય. એ અપૂર્વકરણને વિષે પ્રથમ સમયે જ સ્થિતિઘાત ૧, રસઘાત ૨, ગુણશ્રેણિ ૩, ગુણસંક્રમ ૪ અને અન્ય

૧ એટલા માટે તેની સ્થાપના કરતાં વિષમચતુરસ ક્ષેત્રને રૂપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અપૂર્વ) સ્થિતિબંધ ૫, એ પાંચ પદાર્થ સમકાળે પ્રવર્તે. ત્યાં 'સ્થિતિઘાત' તે સ્થિતિવંત કર્મના અગ્રિમ ભાગ થકી ઉત્કૃષ્ટપણે ઘણાં સાગરોપમનાં શત પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ માત્ર સ્થિતિખંડ ઉકેરે-ખંડે, તે ઉકેરીને જે સ્થિતિ હેઠે નહીં ખંડે તે માંહે તે દલિયું નાંખે. અંતર્મુહૂર્ત્ત કાળે તે સ્થિતિ ખંડ ઉકેરે. ત્યાર પછી વળી ફરીને પણ હેઠલો પલ્યોપમ સંખ્યેય ભાગ માત્ર સ્થિતિ ખંડ અંતર્મુહૂર્ત્ત કાળે ઉકેરે, પૂર્વોક્ત પ્રકારે જ નાંખે. એમ અપૂર્વકરણના કાળ માંહે ઘણાં સ્થિતિખંડનાં સહસ્ર વ્યતિક્રમે. એમ કર્યે થકે અપૂર્વકરણને પ્રથમ સમયે જેટલી સ્થિતિનું કર્મ હતું તે તેને જ ચરમ સમયે સંખ્યાતગુણ હીન થાય. 'રસઘાત' તે અશુભ પ્રકૃતિનો જે અનુભાગ, તેનો અનંતમો ભાગ મૂકીને શેષ સર્વ અનુભાગના ભાગ અંતર્મુહૂર્ત્તે વિનાશે. ત્યાર પછી વળી જે અનંતમો ભાગ રહ્યો છે, તેનો વળી અનંતમો ભાગ મૂકીને શેષ અનુભાગના ભાગ અંતર્મુહૂર્ત્તે વિનાશે. ત્યારપછી વળી જે પૂર્વે મૂકેલો અનંતમો ભાગ છે તેનો વળી અનંતમો ભાગ મૂકીને શેષ અનુભાગના ભાગ અંતર્મુહૂર્ત્તે વિનાશે. એમ અનેક અનુભાગ ખંડનાં સહસ્ર એક સ્થિતિખંડને વિષે વ્યતિક્રમે અને અને તે સ્થિતિખંડને અનેક સહસ્રે અપૂર્વકરણ સંપૂર્ણ થાય. હવે 'ગુણશ્રેણિ' તે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિની ઉપર જે સ્થિતિઓ છે તે માંહેથી દલિઉં લઇને ઉદયાવલિકાવર્જ* ઉપરની સ્થિતિને વિષે પ્રતિસમયે અસંખ્યાતગુણપણે નાંખે. તે આ પ્રમાણે-પ્રથમ સમયે સ્તોક, બીજે સમયે અસંખ્યાતગુણ, એમ યાવત્ અંતર્મુહૂર્ત્તના ચરમ સમય લગે કહેવું. એ અંતર્મુહૂર્ત્ત અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળ થકી લગારેક અધિકું જાણવું, એ પ્રથમસમયગૃહીત દલિકનો નિક્ષેપ વિધિ જાણવો. એમ દ્વિતીયાદિક સમયે ગૃહીત દલિયાનો પણ નિક્ષેપ કહેવો. વળી અનેરૂં ગુણશ્રેણિ રચનાને પ્રથમ સમયે જે દલિઉં ગ્રહે તે સ્તોક હોય, તે થકી બીજે સમયે અસંખ્યાતગુણ, તે થકી ત્રીજે સમયે અસંખ્યાતગુણ, એમ યાવત્ ગુણશ્રેણિ કરણના

* જેનો ઉદય હોય તેની ઉદય સમયથી આરંભી અને ઉદય ન હોય તેની ઉદયાવલિકા છોડી દલિક રચના થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરમ સમય લગે જાણવું. અપૂર્વકરણના સમયો અને અનિવૃત્તિકરણના સમયોને વિષે અનુક્રમે ઘટતે થકે ગુણશ્રેણિ દલિકનો નિક્ષેપ શેષ શેષને વિષે હોય, પણ ઉપર ન વધે. હવે 'गुणसंक्रम' તે અપૂર્વકરણને પ્રથમ સમયે અનંતાનુબંધ્યાદિક અશુભ પ્રકૃતિનું દલિઉં અપર પ્રકૃતિને વિષે જે સંક્રમે તે સ્તોક હોય, તે થકી બીજે સમયે અપર પ્રકૃતિને વિષે સંક્રમતું દલિક અસંખ્યાતગુણ હોય, એમ તૃતીયાદિક સમયને વિષે પણ કહેવું. હવે 'अन्य स्थितिबंध' એ અપૂર્વકરણના પ્રથમ સમયે અન્ય જ (અપૂર્વ) નવો-સ્તોક સ્થિતિબંધ આરંભે. સ્થિતિબંધ અને સ્થિતિ (ખંડ) ઘાત તે સમકાળે પ્રારંભે અને સમકાળે પૂરા કરે. એમ એ પાંચ પદાર્થ અપૂર્વકરણે પ્રવર્તે.

હવે अनिवृत्ति करण કહે છે-અનિવૃત્તિકરણે સમકાળે પેઠેલા સર્વ જીવને એકજ અધ્યવસાયસ્થાનક હોય પણ પહેલા સમયના વિશુદ્ધિસ્થાનકની અપેક્ષાએ બીજા સમયનું વિશુદ્ધિસ્થાનક અનંતગણું હોય, એમ યાવત્ અનિવૃત્તિકરણના ચરમ સમય લગે કહેવું. તે માટે જ એ કરણે પેઠા તુલ્યકાળના જીવો સંબંધી અધ્યવસાયસ્થાનોને પરસ્પરે નિવૃત્તિ-વ્યાવૃત્તિ (ફેરફાર) નથી તે માટે અનિવૃત્તિકરણ નામ કહીએ. એ અનિવૃત્તિબાદર કરણને વિષે જેટલા સમય તેટલાં અધ્યવસાયસ્થાનક હોય. તે પૂર્વ પૂર્વ થકી અનંતગુણ વૃદ્ધ હોય. યહાં પણ પહેલા સમયથી જ માંડીને પૂર્વોક્ત પાંચ પદાર્થ સમકાળે પ્રવર્તે. તે અનિવૃત્તિકરણના કાળના ઘણા સંખ્યાતા ભાગ ગયે અને એક ભાગ રહે થકે અનંતાનુબંધિની હેઠલી આવલિકા માત્ર મૂકીને અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણ, અભિનવ સ્થિતિબંધના કાળ પ્રમાણ અંતર્મુહૂર્ત કરે. અંતરકરણનું દલિઉં ઉકેરાતું બધ્યમાન પર પ્રકૃતિને વિષે નાંખે, અને પ્રથમ સ્થિતિનું દલિઉં આવલિકા માત્ર હોય, તે વેદ્યમાન પરપ્રકૃતિને વિષે સ્તિબુકસંક્રમે કરીને સંક્રમાવે, તે અંતકરણ કીધે થકે બીજે સમયે અનંતાનુબંધીનું ઉપરની સ્થિતિનું દલિઉં ઉપશમાવવા માંડે. તે આ રીતે કે-પ્રથમ સમયે સ્તોક ઉપશમાવે. બીજે સમયે અસંખ્યાત ગણું ઉપશમાવે, એમ યાવત્ અંતર્મુહૂર્ત લગે ઉપશમાવે, એટલે કાળે સમસ્તપણે અનં-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાનુબંધી ઉપશમિત થાય. ઉપશમિત તે શું? જેમ રેણુનો નિકર (સમૂહ) પાણીના બિંદુના સમૂહે સિંચી સિંચીને દ્રુઘણ×ાદિકે નિઃકુટ્ટિત થકો નિઃસ્પંદ થાય તેમ કર્મરેણુનો નિકર પણ વિશુદ્ધિ જલે કરી સિંચી સિંચીને અનિવૃત્તિકરણરૂપ દ્રુઘણાદિકે કરીને નિઃકુટ્ટિત થકો સંક્રમણ, ઉદય, ઉદીરણા, નિધત્ત અને નિકાચના કરવાને અયોગ્ય થાય; તેને ઉપશમના કહીએ. કેટલાએક આચાર્ય કહે છે કે અનંતાનુબંધીની ઉપશમના ન હોય, પણ વિસંયોજના-ક્ષપણા જ હોય, તે આવી રીતે કે-ઇહાં શ્રેણિ અણુપડિવજતા પણ અવિરત ચારે ગતિના પણ વેદક સમ્યગ્દૃષ્ટિ અથવા દેશવિરતિ તિર્યંચ અને મનુષ્ય અથવા સર્વવિરતિ મનુષ્ય જ, એ સર્વ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા અનંતાનુબંધી ક્ષય કરવાને અર્થે યથાપ્રવૃત્તાદિક ત્રણ કરણ કરે, એ કરણની વક્તવ્યતા જેમ પૂર્વે કહી તેમજ નિરવશેષપણે જાણવી, પણ એટલું વિશેષ જે ઇહાં અનિવૃત્તિ કરણે પેઠો થકો અંતરકરણ ન કરે પણ કર્મપ્રકૃત્યુક્ત સ્વરૂપ ઉદ્વલના સંક્રમે કરીને અધસ્તન આવલિકા માત્ર મૂકીને ઉપરના નિરવશેષપણે-સમસ્ત અનંતાનુબંધીને વિનાશે. આવલિકા માત્ર છે તે સ્તિબુકસંક્રમે કરીને વેદ્યમાન પ્રકૃતિને વિષે સંક્રમાવે. તે અંતર્મુહૂર્ત્ત પછી અનિવૃત્તિ કરણને છેડે શેષકર્મના સ્થિતિઘાત, રસઘાત અને ગુણશ્રેણિ ન હોય; પણ તે જીવ સ્વભાવસ્થ જ હોય એ અનંતાનુબંધીની વિસંયોજના કહી.

હવે દર્શનત્રિકની ઉપશમના કહીએ છીએ. ત્યાં મિથ્યાત્વની ઉપશમના મિથ્યાદૃષ્ટિને તથા વેદકસમ્યગ્દૃષ્ટિને હોય, અને સમ્યક્ત્વની તથા મિશ્રની ઉપશમના તો વેદક સમ્યગ્દૃષ્ટિને જ હોય. ત્યાં મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વની ઉપશમના પ્રથમ સમ્યક્ત્વ પામતાં હોય, તે આ પ્રમાણે-સંજ્ઞીપંચેંદ્રિય સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો, કરણકાળ થકી પૂર્વે અંતર્મુહૂર્ત્ત લગે સમયે સમયે અનંતગુણ વધતી વિશુદ્ધિએ પ્રવર્ત્તતો, અભવ્યસિદ્ધિકની વિશુદ્ધિની અપેક્ષાએ અનંતગુણ વિશુદ્ધિવંત, મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન

× ઘણ-મોઘર-મુદ્દગર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને વિભંગ જ્ઞાન એ માંહેલા અનેરે કોઇ પણ સાકારોપયોગે ઉપયુક્ત થકો, અનેરે યોગે વર્ત્તતો, જઘન્ય પરિણામે તેજોલેશ્યાએ, મધ્યમ પરિણામે પદ્મલેશ્યાએ અને ઉત્કૃષ્ટ પરિણામે શુકલ-લેશ્યાએ વર્ત્તતો મિથ્યાદ્રષ્ટિ ચારે ગતિનો જીવ કોડાકોડિ સાગ-રોપમ માંહેલી સ્થિતિનાં કર્મવંત, ઇત્યાદિક સર્વ પૂર્વોક્ત રીતે યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ પરિપૂર્ણ થાય ત્યાં લગે કહેવું. એટલું વિશેષ જે અહીં અપૂર્વકરણે ગુણસંક્રમ ન કહેવો પણ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અને અન્ય સ્થિતિબંધ એ ચાર જ કહેવા. ગુણશ્રેણિ-દલિક રચના પણ ઉદય સમયથી જાણવી. ત્યારપછી અનિવૃત્તિ કરણે પણ એમજ કહેવું. અનિવૃત્તિકરણ કાળના ઘણા સંખ્યાતા ભાગ ગયે થકે અને એક સંખ્યાતમો ભાગ થાકતે છતે અંતર્મુહૂર્ત્તમાન હેઠલું મુકીને મિથ્યાત્વનું અંતરકરણ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ થકી કાંઇક અધિક અભિનવ સ્થિતિબંધના કાળ સરખા અંતર્મુહૂર્ત્ત કાળે કરે, અને અંતરકરણનું દલિઉં ઉકેરીને પ્રથમ તથા દ્વિતીય સ્થિતિ માંહે નાંખે, અને પ્રથમ સ્થિતિએ વર્ત્તતો ઉદીરણા પ્રયોગે કરીને જે પ્રથમસ્થિતિગત દલિક આકર્ષીને ઉદય માંહે નાંખે તે ઉદીરણા, અને જે વળી બીજી સ્થિતિના સમીપ થકી ઉદીરણા પ્રયોગે જ કરીને દલિઉં આકર્ષીને ઉદય માંહે નાંખે તે આગાલ કહીએ. ઉદીરણાનું જ વિશેષ પ્રતિપત્તિને અર્થે આગાલ એવું બીજું નામ કહીએ. ઉદય ઉદીરણાએ કરીને પ્રથમ સ્થિતિ અનુભવતો બે આવલિકા શેષ રહે ત્યાં લગે જાય બે આવલિકા થાકતે આગાલ વિચ્છેદ પામે ત્યારપછી ઉદીરણા જ કેવળ પ્રવર્ત્તે તે પણ આવલિકા શેષ રહે ત્યાં લગે હોય. તે પછી એક આવલિકા માત્ર કેવળ ઉદયે કરીને જ અનુભવે. તે આવલિકા માત્રને ચરમ સમયે દ્વિતીય સ્થિતિગત દલિકના અનુભાગ ભેદે કરીને ત્રિધા પુંજ કરે, તે આ પ્રમાણે-સમ્યક્ત્વ ૧, મિશ્ર ૨, અને મિથ્યાત્વ ૩; તે પછી અનંતર સમયે મિથ્યાત્વદલિકના ઉદયના અભાવ થકી ઔપશમિક સમ્યક્ત્વ પામે. એ મિથ્યાત્વની સર્વ પ્રકારે ઉપશમના થકી પ્રથમ વાર સમ્યક્ત્વનો લાભ હોય. એ સમ્યક્ત્વ પામતો કોઇક દેશવિરતિ સહિત અને કોઇક સર્વવિરતિ સહિત પણ પડિવજે તે માટે દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંયતને વિષે પણ મિથ્યાત્વ ઉપશાન્ત પામીએ. હવે સંયમને વિષે વર્તમાન વેદક સમ્યગ્દૃષ્ટિને ત્રણ દર્શનમોહનીય ઉપશમાવતાં ત્રણ કરણનો વિધિ પૂર્વલીપરે ત્યાં સુધી કહેવો, જ્યાં સુધી અનિવૃત્તિ કરણકાળના સંખ્યાત ભાગ ગયે થકે અંતકરણ કરે. તે કરતો થકો સમ્યક્ત્વની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થાપે અને મિથ્યાત્વ તથા મિશ્રની સ્થિતિ આવલિકા માત્ર સ્થાપે અને ઉકેરાતું દલિઉં ત્રણેનું સમ્યક્ત્વની પ્રથમ સ્થિતિ માંહે નાંખે. મિથ્યાત્વ તથા મિશ્રની પ્રથમ-સ્થિતિનાં દલિયાં સમ્યક્ત્વની પ્રથમ સ્થિતિનાં દલિયાં માંહે સ્તિબુકસંક્રમે કરીને સંક્રમાવે. સમ્યક્ત્વની પ્રથમ-સ્થિતિ વિપાકના અનુભવવા થકી અનુક્રમે ક્ષીણ થયે થકે ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ થાય. અને તે ત્રણે મિથ્યાત્વાદિકના ઉપરના દલિયાની ઉપશમના અનંતાનુબંધીના ઉપરિતન દલિયાની પરે જાણવી. એજ પ્રકારે કરીને અનેરાની પણ ઉપશમના જાણવી. એનો વિસ્તાર ગ્રંથાન્તર* થકી જાણવો. ॥ ૭૫ ॥**

* એ પ્રકારે ઉપશાંત કર્યા છે ત્રણ દર્શનમોહનીયને જેણે એવો પુરુષ ચારિત્રમોહનીયને ઉપશમાવવાને ઇચ્છતો ફરી પણ યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરે છે. કરણોનું સ્વરૂપ અગાઉ કહ્યા મુજબ જાણવું, પણ અહીં યથાપ્રવૃત્તકરણ અપ્રમત્ત ગુણસ્થાને, અપૂર્વકરણ અપૂર્વકરણે અને અનિવૃત્તિ કરણ અનિવૃત્તિબાદરસંપરાયે જાણવું. ત્યાં અપૂર્વકરણે સ્થિતિઘાતાદિ પૂર્વની પેઠે પ્રવર્તે છે પણ એટલું વિશેષ છે કે—નહિ બંધાતી એવી સર્વ અશુભ પ્રકૃતિનો ગુણસંક્રમ અહીં પ્રવર્તે છે, અપૂર્વકરણાદ્ધાનો સંખ્યાતમો ભાગ ગયે છતે નિદ્રા પ્રચલાનો બંધવ્યવચ્છેદ થાય. તે પછી હજારો સ્થિતિખંડ ગયે છતે અપૂર્વકરણાદ્ધાના સંખ્યાતા ભાગ જાય અને એક ભાગ બાકી રહે તેની વચ્ચે દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, તૈજસ-કાર્મણનામ, સમચતુરસ્ર સંસ્થાન, વર્ણચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ; ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક નામ, પ્રશસ્ત-વિહાયોગતિ, સ્થિર નામ. શુભ નામ, સુભગ નામ, સુસ્વર નામ, આદેય નામ, નિર્માણ નામ અને તીર્થંકર નામ એ ત્રીશ પ્રકૃતિનો બંધવ્યવચ્છેદ થાય. ત્યારપછી સ્થિતિખંડ પૃથક્ત્વ ગયે છતે અપૂર્વકરણાદ્ધાના છેલ્લે સમયે હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સાનો બંધવ્યવચ્છેદ થાય. હાસ્ય, રતિ અરતિ શોક, ભય તથા જુગુપ્સાનો ઉદય વિચ્છેદ હોય અને સર્વ કર્મનાં દેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सत्तट्ठ नव य पनरस, सोलस अट्ठारसेव गुणवीसा।**
**एगाहि दु चउवीसा, पणवीसा बायरे जाण ॥७६॥**

| | |
|---|---|
| सत्तट्ठ=સાત, આઠ, | एगाहि दु चउवीसा=૨૧-૨૨-૨૪ |
| नव य पनरस=નવ, પંદર. | पणवीसा=પચ્ચીશ |
| सोलस=સોળ. | बायरे=અનિવૃત્તિ બાદર ગુણસ્થાને |
| अट्ठारसेव=અઢાર | जाण=(ઉપશાંત થયેલ) જાણ. |
| गुणवीसा=ઓગણીશ | |

અર્થ—અનિવૃત્તિબાદર સંપરાયે સાત, આઠ, નવ, પંદર, સોળ, અઢાર, ઓગણીશ, એકવીશ, બાવીશ, ચોવીશ અને પચીશ પ્રકૃતિઓ ઉપશાંત થયેલી જાણો. ॥ ૭૬ ॥

વિવેચન:—એ અનિવૃત્તિબાદર ગુણઠાણે ઉપશમશ્રેણિવાળાને મોહનીય કર્મની સાત થકી માંડીને પચ્ચીશ લગે પ્રકૃતિ ઉપશાન્ત પામીએ તે કહે છે:-

અંતકરણ કીધે સાત પ્રકૃતિ ઉપશાન્ત હોય. તે પછી નપુંસક વેદ ઉપશમે ૮ ઉપશાન્ત થાય, સ્ત્રીવેદ ઉપશમે નવ (૯) નો ઉપશમ થાય. હાસ્યાદિષટ્ક ઉપશમે પંદરનો ઉપશમ થાય. પુરૂષવેદનો બંધોદય ઉપશમે સોળનો ઉપશમ હોય તે પછી અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન ક્રોધ સમકાળે ઉપશમે ૧૮ નો ઉપશમ હોય. તે પછી સંજ્વલન ક્રોધ ઉપશમે ઓગણીશ પ્રકૃતિ ઉપશાન્ત હોય. તે પછી અપ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન માન સમકાળે ઉપશમે (૨૧) એકવીશ ઉપશાંત હોય. તે પછી સંજ્વલન માન ઉપશમે ૨૨ ઉપશાન્ત હોય. તે પછી અપ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન

ઉપશમના, નિધત્તિ તથા નિકાચના કરણ વિચ્છેદ પામે. ત્યાર પછી અનંતર સમયે અનિવૃત્તિ કરણમાં પ્રવેશ કરે અહીં પણ સ્થિતિઘાતાદિ પાંચ પૂર્વોક્ત રીતે કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपशमयति

संज्वलनलोभं २८

अप्रत्याख्यानलोभं २६ — प्रत्याख्यानलोभं २७

संज्वलनमायां २५

अप्रत्याख्यानमायां २३ — प्रत्याख्यानमायां २४

संज्वलनमानं २२

अप्रत्याख्यानमानं २० — प्रत्याख्यानमानं २१

संज्वलनक्रोधं १९

अप्रत्याख्यानक्रोधं १७ — प्रत्याख्यानक्रोधं १८

पुरुषवेदं १६

हास्यादिषट्कं १५

नपुंसकवेदं ८ — स्त्रीवेदं ९

मिथ्यात्व ५ — मिश्र ६ — सम्यक्त्वमोहं ७

अनन्तानुबंधिक्रोध-मान-माया-लोभान् ४ ॥

उपशमश्रेणिक्रमोऽयम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**માયા ઉપશમે ૨૪ ઉપશાન્ત હોય તે પછી સંજ્વલનની માયા ઉપશમે પચ્ચીશ પ્રકૃતિ ઉપશાન્ત× હોય એ અનિવૃત્તિબાદર ગુણઠાણે ઉપશમ પ્રકૃતિ જાણવી. ॥ ૭૬ ॥**

× તે પછી અનિવૃત્તિકરણાદ્ધાના સંખ્યાતા ભાગ ગયે છતે દર્શનસપ્તક સિવાયની મોહનીય કર્મની એકવીશ પ્રકૃતિનું અંતરકરણ કરે, ત્યાં વેદ્યમાન સંજ્વલન ચાર કષાય માંહેનો કોઈ પણ એક કષાય અને ત્રણ વેદ માંહેના કોઈપણ વેદ્યમાન એક વેદની પ્રથમ સ્થિતિ પોતાના ઉદય કાળ પ્રમાણ હોય. બાકીના ૧૧ કષાય અને ૮ નોકષાયની પ્રથમ સ્થિતિ આવલિકા માત્ર હોય. અહીં સ્ત્રીવેદ અને નપુંસક વેદનો ઉદયકાળ સંખ્યાત ગુણ હોય. તે થકી સંજ્વલન ક્રોધનો વિશેષાધિક, તે થકી સંજ્વલન માન, માયા અને લોભનો અનુક્રમે વિશેષાધિક હોય, ત્યાં સંજ્વલન ક્રોધના ઉદયે ઉપશમ શ્રેણિ પ્રારંભે તેને અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાન ક્રોધનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન ક્રોધનો ઉદય હોય, સંજ્વલન માનના ઉદયે શ્રેણિ પ્રારંભકને અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાન માનનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન માનનો ઉદય હોય. સંજ્વલન માયાના ઉદયે શ્રેણિ પ્રારંભકને અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાન માયાનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન માયાનો ઉદય હોય. સંજ્વલન લોભના ઉદયે શ્રેણિ પ્રારંભકને અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાન લોભનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજ્વલન લોભ (બાદર) નો ઉદય હોય. એ પ્રકારે તે અંતરકરણ ઉપરના ભાગોની અપેક્ષાએ સમ અને નીચેના ભાગની અપેક્ષાએ પૂર્વોક્ત રીતે વિષમ હોય. અહીં જેટલા કાળે સ્થિતિખંડનો ઘાત કરે અથવા અન્ય સ્થિતિબંધ કરે તેટલા કાળે અંતરકરણ પણ કરે. એ ત્રણે એક સાથે આરંભે અને સાથેજ પૂર્ણ કરે.

અંતરકરણ સંબંધિ દલિકનો પ્રક્ષેપવિધિ આ પ્રમાણે જાણવો—

જે કર્મનો તે વખતે બંધ અને ઉદય વર્તતો હોય તે કર્મના અંતરકરણ સંબંધિ દલિક પહેલી અને બીજી સ્થિતિમાં નાંખે છે જેમ કે પુરૂષ વેદોદયે શ્રેણિ પ્રારંભકને પુરૂષવેદનો બંધ અને ઉદય હોવાથી પુરૂષ વેદના અંતરકરણ સંબંધિ દલિક પ્રથમ અને દ્વિતીય સ્થિતિમાં નાખે. વળી જે કર્મનો એકલો ઉદયજ હોય પણ બંધ ન હોય તેના અંતરકરણ સંબંધિ દલિક પ્રથમસ્થિતિમાંજ નાંખે, જેમકે સ્ત્રી વેદોદયે શ્રેણિ પ્રારંભકને સ્ત્રીવેદનો ઉદયજ હોવાથી સ્ત્રીવેદના અંતરકરણ સંબંધિ દલિક પ્રથમ સ્થિતિમાં નાંખે. વળી જે કર્મનો ઉદય નથી પણ ફક્ત બંધ છે તેના અંતરકરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દલિક દ્વિતીય સ્થિતિમાંજ નાંખે, જેમકે સંજ્વલન ક્રોધોદયે શ્રેણિ આરંભકને બાકીના ત્રણ કષાયનો ઉદય વિના બંધ હોવાથી તેના અંતરકરણ દલિક દ્વિતીય સ્થિતિમાં નાંખે, વળી જે કર્મનો બંધ અને ઉદય નથી તેનાં અંતરકરણ દલિક પરપ્રકૃતિમાં નાંખે, જેમ કે બીજા અને ત્રીજા કષાયના દલિક તેનો બંધોદય ન હોવાથી સંજ્વલન કષાયમાં નાંખે. અહીં અનિવૃત્તિકરણમાં બહુ વક્તવ્ય છે તે વિશેષાર્થીએ કર્મપ્રકૃતિસંગ્રહણીની ટીકા જોવી. અંતરકરણ કર્યા પછી નપુંસક વેદને ઉપશમાવે. તે આ પ્રમાણે-પ્રથમ સમયે થોડું ઉપશમાવે, બીજે સમયે અસંખ્યેય ગુણ, ત્રીજે સમયે તેથી પણ અસંખ્યેય ગુણ; એ પ્રમાણે સમયે સમયે અસંખ્યાત ગુણ (વધારે) છેલ્લા સમય સુધી ઉપશમાવે અને સમયે સમયે ઉપશમેલ દલિકની અપેક્ષાએ અસંખ્યાત ગુણ દલિક દ્વિચરમ સમય સુધી પર પ્રકૃતિમાં નાંખે. છેલ્લે સમયે પર પ્રકૃતિમાં સંક્રમણ થતા દલિકની અપેક્ષાએ ઉપશમ પામતું દલિક સંખ્યાત ગુણ જાણવું.

એમ નપુંસક વેદ ઉપશાંત થયે છતે મોહનીય કર્મની આઠ પ્રકૃતિ ઉપશાંત હોય, ત્યારપછી ઉક્ત પ્રકારે અંતર્મુહૂર્ત કાળે સ્ત્રીવેદને ઉપશમાવે, ત્યારપછી અંતર્મુહૂર્ત કાળે હાસ્યાદિ ષટ્કને ઉપશમાવે. ત્યારે મોહનીયની પંદર પ્રકૃતિ ઉપશાંત હોય. તેજ સમયે વળી પુરુષવેદનો બંધ, ઉદય અને ઉદીરણાનો વ્યવચ્છેદ અને પ્રથમ સ્થિતિનો વ્યવચ્છેદ થાય. પુરૂષવેદની પ્રથમ સ્થિતિની બે આવલિકા બાકી રહે ત્યારે પૂર્વોક્ત પ્રકારે આગાલ ન હોય, તેજ સમયથી માંડીને છ (હાસ્યાદિ) નોકષાયનું દલિક પુરૂષવેદમાં ન નાંખે પરંતુ સંજ્વલન ક્રોધાદિને વિષે નાંખે. **કમ્મપયડીમાં** કહ્યું છે કે પ્રથમ સ્થિતિની બે આવલિકા શેષ રહે ત્યારે વેદ પતદ્ગ્રહ ન થાય. હાસ્યાદિ ષટ્ક ઉપશમાવ્યા પછી એક સમય ન્યૂન બે આવલિકા માત્ર કાળે પુરૂષવેદ સંપૂર્ણ ઉપશમાવે, બીજે સમયે અસંખ્યાત ગુણ, ત્રીજે સમયે તેથી પણ અસંખ્યાત ગુણ એમ બે સમય ન્યૂન બે આવલિકાના ચરમ સમય સુધી સમયે સમયે અસંખ્યાતગુણ અધિક દલ ઉપશમાવે. અને બે સમય ન્યૂન બે આવલિકા કાળ પર્યંત યથાપ્રવૃત્ત સંક્રમવડે, સમયે સમયે પરપ્રકૃતિને વિષે દલ સંક્રમાવે તે પ્રથમ સમયે ઘણું સંક્રમાવે, બીજે સમયે વિશેષહીન, ત્રીજે સમયે વિશેષહીન એમ ચરમ સમય સુધી સમયે સમયે વિશેષહીન સંક્રમાવે એ પ્રકારે પુરૂષવેદ ઉપશાંત થયે છતે સોળ પ્રકૃતિ ઉપશાંત હોય, તે પછી જે સમયે હાસ્યાદિ ષટ્ક ઉપશાંત થાય તે સમયે પુરૂષવેદની પ્રથમ સ્થિતિ ક્ષીણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલી હોય. તે પછી અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન ક્રોધને એક સાથે ઉપશમાવવા માંડે. સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ સમય-ન્યૂન ત્રણ આવલિકા શેષ રહે છતે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય ક્રોધનું દલિક સંજ્વલન ક્રોધમાં ન નાંખે પરંતુ સંજ્વલન માનાદિકમાં નાંખે, કેમ કે કહ્યું છે કે–**तिसु आवलियासु समऊणियासु अपडिग्गहाउ संजलणा** અર્થાત્ સમય ઉણ ત્રણ આવલિકા શેષ છતે સંજ્વલન ક્રોધ પતદ્ગ્રહ ન થાય (એટલે તેમાં બીજી પ્રકૃતિનું દલસંક્રમણ ન થાય) બે આવલિકા શેષ રહે છતે તો આગાલ પણ ન હોય પરંતુ એકલી ઉદીરણાજ હોય. એક આવલિકા શેષ રહે છતે સંજ્વલન ક્રોધના બંધ ઉદય અને ઉદીરણાનો વ્યવચ્છેદ થાય અને અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય ક્રોધ ઉપશાંત થયેલા હોય. તે બંને ઉપશાંત થયે છતે ૧૮ પ્રકૃતિ ઉપશાંત હોય. ત્યારે સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિની એક આવલિ અને સમય ન્યૂન બે આવલિકા કાળે બાંધેલ ઉપરની સ્થિતિનું દલિક વર્જીને બાકીનું સર્વ ઉપશાંત થયેલ હોય, તે પછી પ્રથમસ્થિતિગત એક આવલિકાને સ્તિબુક સંક્રમ વડે સંજ્વલન માનને વિષે નાંખે અને સમયન્યૂન બે આવલિકાનું બાંધેલ દલિક પુરુષવેદ ઉપશમાવવા વખતે કહેલ પ્રકારે ઉપશમાવે અને પર પ્રકૃતિને વિષે સંક્રમાવે. એ રીતે સમય ન્યૂન બે આવલિકા પ્રમાણ કાળે સંજ્વલન ક્રોધ ઉપશાંત થાય, તે ઉપશાંત થયે છતે ૧૯ પ્રકૃતિ ઉપશાંત હોય. વળી જ્યારે સંજ્વલન ક્રોધનાં બંધ, ઉદય અને ઉદીરણાનો વ્યવચ્છેદ થાય તે પછી તરતના સમયથી આરંભીને સંજ્વલન માનની બીજી સ્થિતિ સંબંધી દલિકને આકર્ષીને પ્રથમ સ્થિતિ કરે અને વેદે. ત્યાં ઉદય સમયે થોડું નાંખે. બીજે સમયે અસંખ્યેયગુણ, ત્રીજે સમયે તેથી અસંખ્યેયગુણ એમ સમયે સમયે અસંખ્યેય ગુણ અધિક દલિક પ્રથમ સ્થિતિના છેલ્લા સમય પર્યંત નાંખે. પ્રથમ સ્થિતિ કરણના પ્રથમ સમયથીજ માંડીને અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન એ ત્રણે માનને સમકાળે ઉપશમાવવા માંડે, સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા શેષ રહે છતે અપ્રત્યા-ખ્યાન અને પ્રત્યાખ્યાન માનનું દલિક સંજ્વલન માનમાં ન નાંખે પરંતુ સંજ્વલન માયા વગેરેમાં નાંખે, બે આવલિકા બાકી રહે ત્યારે તો આગાલ વિચ્છેદ થાય. તે પછી એકલી ઉદીરણાજ હોય, આવલિકા શેષ રહે છતે સંજ્વલન માનના બંધ, ઉદય અને ઉદીરણાનો વ્યચ્છેદ થાય અને અપ્ર-ત્યાખ્યાન–પ્રત્યાખ્યાન માન ઉપશાંત થયેલા હોય. તે ઉપશાંત થયે છતે ૨૧ પ્રકૃતિ ઉપશાંત હોય. તે વખતે સંજ્વલન માનની પ્રથમ સ્થિતિની એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવલિકા અને સમય ન્યૂન બે આવલિકાનું બાંધેલ ઉપરની સ્થિતિનું દલિક વર્જીને બાકીનું સર્વ ઉપશાંત હોય. તે પછી પ્રથમ સ્થિતિગત એક આવલિકાને સ્તિબુકસંક્રમવડે સંજ્વલન માયામાં નાંખે અને સમયન્યૂન બે આવલિકાનું બાંધેલ દલિક. પુરૂષવેદ ઉપશમાવવા વખતે કહેલ પ્રકારે ઉપશમાવે અને સંક્રમાવે. તે પછી સમયન્યૂન બે આવલિકા પ્રમાણ કાળે સંજ્વલન માન ઉપશાંત થાય. તે ઉપશાંત થયે છતે ૨૨ પ્રકૃતિ ઉપશાંત હોય. જ્યારે સંજ્વલન માનનાં બંધ, ઉદય અને ઉદીરણાનો વ્યવચ્છેદ થાય તે પછી તરતના સમયથી માંડીને સંજ્વલનમાયાની બીજી સ્થિતિમાંથી દલિકને આકર્ષીને પૂર્વોક્ત પ્રકારે પ્રથમ સ્થિતિ કરે અને વેદે. વળી તેજ સમયથી માંડીને ત્રણે માયાને સમકાળે ઉપશમાવવા માંડે, સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા શેષ રહ્યે છતે અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન માયાનું દલિક સંજ્વલન માયામાં ન નાંખે પરંતુ સંજ્વલન લોભમાં નાંખે. બે આવલિકા શેષ રહે ત્યારે તો આગાલ ન હોય પરંતુ એકલી ઉદીરણા હોય. આવલિકા શેષ રહ્યે છતે સંજ્વલન માયાના બંધ, ઉદય અને ઉદીરણાનો વ્યવચ્છેદ થાય અને અપ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાન માયા ઉપશાંત હોય. તે ઉપશાંત થયે ૨૪ પ્રકૃતિ ઉપશાંત હોય. તે સમયે સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિગત એક આવલિકા અને સમયન્યૂન બે આવલિકાએ બાંધેલ દ્વિતીય સ્થિતિગત દલિક વર્જીને બાકીનું સર્વ ઉપશાંત હોય. તે પછી તે પ્રથમ સ્થિતિગત એક આવલિકાને સ્તિબુક સંક્રમણ વડે સંજ્વલન લોભમાં સંક્રમાવે અને સમય ન્યૂન આવલિકાદ્વિકે બાંધેલ દલિકને પુરૂષવેદ ઉપશમાવવા વખતે કહેલ પ્રકારે ઉપશમાવે અને સંક્રમાવે. તે પછી સમયન્યૂન બે આવલિકા પ્રમાણ કાળે સંજ્વલન માયા ઉપશાંત થાય, તે ઉપશાંત થયે ૨૫ પ્રકૃતિ ઉપશાંત હોય. વળી જ્યારે સંજ્વલન માયાના બંધ, ઉદય અને ઉદીરણાનો વ્યવચ્છેદ થાય તે પછી તરતના સમયથી માંડીને સંજ્વલન લોભની બીજી સ્થિતિમાંથી દલિક આકર્ષીને લોભવેદકાદ્ધા (લોભ વેદવાનો કાળ) ના $\frac{2}{3}$ ભાગ પ્રમાણ પ્રથમ સ્થિતિ પૂર્વોક્ત પ્રકારે કરે અને વેદે. તે પ્રથમ ત્રિભાગ ($\frac{1}{3}$) નું નામ અશ્વકર્ણકરણાદ્ધા અને બીજા વિભાગનું નામ કિટ્ટીકરણાદ્ધા.. અહીં અશ્વકર્ણકરણાદ્ધા નામે પ્રથમ ત્રિભાગે વર્તતો જીવ પૂર્વ સ્પર્ધક થકી દલિક લઇને અપૂર્વ સ્પર્ધકો કરે. હવે એ સ્પર્ધક શું ? તે કહે છે—અહીં અનંતાનંત પરમાણુએ નિષ્પન્ન સ્કંધોને જીવ કર્મપણે ગ્રહણ કરે છે, તેમાં એક એક સ્કંધમાં જે સર્વથી જઘન્ય રસ (પરમાણુનો ન્યૂન રસ) કેવળીની બુદ્ધિ વડે છેદાતો સર્વ જીવ થકી અનંતગુણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રસવિભાગ ( રસના અણુ ) ને આપે. તેવા જઘન્ય રસવાળા કેટલાક પરમાણુઓનો સમુદાય સમાન જાતિ હોવાથી **વર્ગણા** કહેવાય. જઘન્ય રસ કરતાં એક રસ વિભાગે અધિક પરમાણુઓનો સમુદાય તે બીજી વર્ગણા, તે થકી પણ એક રસ વિભાગે અધિક પરમાણુઓનો સમુદાય તે ત્રીજી વર્ગણા, એમ ઉત્તરોત્તર એક એક રસાવિભાગે અધિક પરમાણુઓના સમુદાયરૂપ વર્ગણા ગણતાં સિદ્ધને અનંતમે ભાગે અને અભવ્યથી અનંતગુણ વર્ગણાનો સમુદાય તે **સ્પર્ધક.** ઉત્તરોત્તર વૃદ્ધિ વડે જાણે સ્પર્ધા કરતી હોય તેવી પરમાણુની વર્ગણા તે અહીં સ્પર્ધક કહેવાય છે. પ્રથમ સ્પર્ધકની છેલ્લી વર્ગણાના રસાવિભાગ કરતાં આગળ ઉત્તરોત્તર એક એક રસાવિભાગવાળા પરમાણુ ન પામીએ પરંતુ સર્વ જીવ કરતાં અનંતગુણ રસાવિભાગવાળા પરમાણુ પામીએ. તેવા રસવાળા પરમાણુઓનો સમુદાય તે બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા. તે પછી પૂર્વોક્ત રીતે એક એક પરમાણુએ અધિક રસાવિભાગવાળા પરમાણુઓની વર્ગણા કરતાં બીજું સ્પર્ધક ગણવું. એમ અનંતા સ્પર્ધકો હોય. એવા અનંતા સ્પર્ધકો જીવે પૂર્વે કરેલા છે તેથી તે પૂર્વ સ્પર્ધક કહેવાય છે. અહીં તે સ્પર્ધકો મધ્યેથી જ સમયે સમયે દલિક ગ્રહણ કરી તેને અત્યંત રસહીન કરીને અપૂર્વ સ્પર્ધકો કરે. સંસારમાં ભ્રમણ કરતાં જીવે બંધ આશ્રયી આવા સ્પર્ધકો કોઈ પણ વખત કર્યા નથી પરંતુ હમણાંજ વિશુદ્ધિના પ્રકર્ષવશે કરે છે તેથી તે અપૂર્વ કહેવાય છે. અશ્વકર્ણકરણાદ્ધા ગયે છતે કિટ્ટીકરણાદ્ધામાં પ્રવેશ કરે ત્યાં પૂર્વ સ્પર્ધક અને અપૂર્વ સ્પર્ધક થકી દલિક ગ્રહણ કરીને સમયે સમયે અનંત કિટ્ટી એટલે પૂર્વ સ્પર્ધક અને અપૂર્વ સ્પર્ધક થકી વર્ગણા ગ્રહણ કરીને તેને અનંતગુણ રસહીનતા પમાડીને મ્હોટે અંતરે જે સ્થાપવું તે. જેમકે અનંતાનંત રસાવિભાગને અસત્કલ્પના વડે એકસો એક અથવા એકસો બે કલ્પીએ અને તેનાં પાંચ, પંદર, પચીશ રસાવિભાગ રાખીએ તે. કિટ્ટીકરણાદ્ધાના છેલ્લે સમયે અપ્રત્યાખ્યાન લોભ સમકાળે ઉપશાંત થાય, તે સમયે જ સંજ્વલન લોભનો બંધવ્યવચ્છેદ, બાદર સંજ્વલન લોભના ઉદય ઉદીરણાનો વ્યવચ્છેદ અને અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનનો વ્યવચ્છેદ થાય. એ પ્રકારે અનિવૃત્તિ બાદર સંપરાયે સાતથી માંડીને પચ્ચીશ પર્યંત મોહનીય કર્મની પ્રકૃતિઓ ઉપશાંત પામીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सत्तावीसं सुहुमे, अट्ठावीसं च मोहपयडीओ ।**
**उवसंतवीअराए, उवसंता हुंति नायव्वा ॥७७॥**

| | |
|---|---|
| **सत्तावीसं**=સત્યાવીશ. | **उवसंतवीयराए**=ઉપશાંત કષાય વીતરાગ (૧૧) મા ગુણસ્થાને. |
| **सुहुमे**=સૂક્ષ્મસંપરાયે. | **उवसंता**=ઉપશાંત થયેલી. |
| **अट्ठावीसं**=અઠ્ઠાવીશ. | **हुंति**=હોય છે. |
| **मोहपयडीओ**=મોહનીય કર્મની પ્રકૃતિ. | **नायव्वा**=જાણવી. |

**અર્થ:**—સૂક્ષ્મસંપરાયે મોહનીય કર્મની સત્તાવીશ પ્રકૃતિઓ અને ઉપશાંતકષાય વીતરાગ ગુણસ્થાને અઠ્ઠાવીશ પ્રકૃતિઓ ઉપશાંત થયેલી હોય છે એમ જાણવું. ॥ ૭૭ ॥

**વિવેચન:**—તે પછી અપ્રત્યાખ્યાન તથા પ્રત્યાખ્યાન લોભ સમકાળે ઉપશમતાં સૂક્ષ્મસંપરાય ગુણઠાણે સત્તાવીશ પ્રકૃતિ ઉપશાન્ત હોય. તે સૂક્ષ્મસંપરાયનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય તેને વિષે પેઠો થકો ઉપરલી સ્થિતિના સમીપ થકી કેટલીક કિટ્ટિઓ આકર્ષીને તેની પ્રથમ સ્થિતિ સૂક્ષ્મસંપરાયના કાળ જેટલી કરે-કરીને વેદે. શેષ સૂક્ષ્મકિટ્ટીકૃત દલિઉં અને સમયે ઉણી બે આવલિકાનું બાંધેલ તે ઉપશમાવે. તો સૂક્ષ્મસંપરાયને છેલ્લે સમયે સંજ્વલન લોભ ઉપશમે તે સમયેજ જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, યશ:કીર્તિ ૧, અને ઉચ્ચૈર્ગોત્ર ૧, એ સોળ પ્રકૃતિનો બંધ છેદે. તે થકી અનંતર સમયે ઉપશાન્ત કષાય વીતરાગ થાય ત્યાં મોહનીયની (૨૮) અઠ્ઠાવીશે પ્રકૃતિ ઉપશાન્ત જાણવી. તે ઉપશાન્ત કષાય જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટપણે અંતર્મુહૂર્ત લગે હોય. તે પછી તે નિશ્ચયેજ ભવક્ષયે અથવા અદ્ધાક્ષયે પડે. ત્યાં ×અદ્ધાક્ષયે પડતો થકો જેમ ચઢયો હતો તેમજ પડે. જ્યાં જ્યાં જે પ્રકૃતિની બંધોદય ઉદીરણા છેદી

× ગુણસ્થાનનો કાળ પૂર્ણ થયે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી ત્યાં ત્યાં પડતો થકો તે પ્રકૃતિની બંધોદય ઉદીરણા પ્રારંભે. એમ પડતો થકો યાવત્ પ્રમત્ત ગુણઠાણે રહે. કોઇક વળી તેથી હેઠો પડતો દેશવિરતે રહે. કોઇક અવિરતે રહે. કોઈ સાસ્વાદને પણ આવે. અને જે ભવ*ક્ષયે પડે તે પહેલે સમયે જ અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણાનાં સર્વે બંધાદિક કરણ ×પ્રવર્ત્તાવે. ઉત્કૃષ્ટ-પણે એક ભવે બે વાર ઉપશમશ્રેણિ પડિવજે, તેને નિશ્ચયે તે ભવે ક્ષપકશ્રેણિ ન હોય, અને જે એક વાર ઉપશમશ્રેણિ પડિ-વજે તેને કદાચિત્ ક્ષપકશ્રેણિ પણ હોય. એ કાર્મગ્રંથિક મત છે. આગમને અભિપ્રાયે તો એક ભવે એક જ શ્રેણિ હોય. ॥૭૭॥

॥ इति उपशमश्रेणिविचार ॥

---

## ક્ષપકશ્રેણિ સ્વરૂપ.

**पढमकसायचउक्कं, इत्तो मिच्छत्तमीससम्मत्तं ।**
**अविरयसम्मे देसे, पमत्ति अपमत्ति खीअंति ॥७८॥**

| | |
|---|---|
| **पढमकसायचउक्कं**=પહેલા ચાર કષાય. | **अविरयसम्मे**=અવિરતસમ્યગ્દૃષ્ટિએ |
| **इत्तो**=પછી. | **देसे**=દેશવિરતે. |
| **मिच्छत्तमीससम्मत्तं**=મિથ્યાત્વ. મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીય. | **पमत्ति**=પ્રમત્ત ગુણઠાણે. |
| | **अपमत्ति**=અપ્રમત્ત ગુણસ્થાને |
| | **खीयंति**=ક્ષય થાય છે. |

**અર્થ:**—પહેલા કષાયનું ચતુષ્ક, એ પછી મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય સમકાળે ક્ષય પામે છે. આ સાત પ્રકૃતિ અવિરતસમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત અથવા અપ્રમત્તે ક્ષય પામે છે. ॥ ૭૮ ॥

---

* મરણ પામતો.

× અનુત્તર વિમાનમાં ઉપજે તેથી ત્યાં ચોથું ગુણસ્થાન હોય તેથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચનઃ—હવે ક્ષપકશ્રેણિ કહે છે.—અહીં જે ક્ષપકશ્રેણિ પ્રારંભે તે મનુષ્ય અવશ્ય આઠ વર્ષ ઉપરની ઉમ્મરનો હોય. તે પ્રથમ તો અનંતાનુબંધિ ચાર કષાય હણે–વિસંયોજના કરે. તે વિસંયોજનાનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે તેમ કહેવું. ત્યારપછી મિથ્યાત્વ મોહનીય ૧, મિશ્રમોહનીય ૨, અને સમ્યક્ત્વ મોહનીય ૩, એ ત્રણેનો સમકાળે *ક્ષય કરે. તે અવિરત સમ્યક્ત્વ ગુણઠાણે તથા દેશવિરતિએ તથા પ્રમત્ત ગુણઠાણે તથા અપ્રમત્ત ગુણઠાણે ક્ષય કરે–સત્તાથી ટાળે.**

---

* મિથ્યાત્વ મોહનીયાદિને ખપાવતો યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ પૂર્વોક્ત (ઉપશમ શ્રેણિના અધિકારે કહ્યા મુજબ) રીતે કરે. પણ એટલું વિશેષ કે અપૂર્વકરણના પ્રથમ સમયે અનુદિત મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયના દલિકને ઉદિત સમ્યક્ત્વમોહનીયને વિષે ગુણસંક્રમ વડે નાંખે અને તે બંનેનોજ ઉદ્વલના સંક્રમ પણ કરે. તે આ પ્રમાણે—પહેલો સ્થિતિખંડ મોટો ઉવેલે, બીજો તેથી વિશેષ હીન, ત્રીજો તેથી પણ વિશેષ હીન, એમ અપુર્વકરણના છેલ્લા સમય પર્યંત અનુક્રમે વિશેષ હીન હીન ઉવેલે. અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિની સત્તાવાળો હતો તે તેના જ ચરમ સમયે સંખ્યાતગુણ હીન સ્થિતિની સત્તાવાળો થાય તે પછી અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે. ત્યાં પણ સ્થિતિઘાતાદિ સર્વે તેમજ કરે. અનિવૃત્તિકરણના પ્રથમ સમયે વળી ત્રણે દર્શનમોહનીયની દેશ ઉપશમના, નિધત્તિ અને નિકાચના વ્યવચ્છેદ પામે, અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી માંડીને દર્શનમોહનીયત્રિકની સ્થિતિસત્તાનો સ્થિતિઘાતાદિ વડે ઘાત કરતો કરતો હજારો સ્થિતિખંડ ગયે છતે અસંજ્ઞિ પંચેંદ્રિયની જેટલી સ્થિતિસત્તાવાળો થાય. તે પછી સહસ્ર પૃથક્ત્વ સ્થિતિખંડ ગયે છતે ચૌરિંદ્રિય સમાન સ્થિતિસત્તાવાળો થાય, તે પછી પણ તેટલા જ સ્થિતિખંડ ગયે છતે તેઇંદ્રિય સમાન સ્થિતિસત્તાવાળો થાય. તે પછી તેટલા સ્થિતિખંડ ગયે છતે બેઇન્દ્રિય સમાન સ્થિતિસત્તાવાળો થાય. તે પછી પણ તેટલા સ્થિતિખંડ ગયે છતે એકેંદ્રિય સમાન સ્થિતિવાળો થાય, તે પછી પણ તેટલા સ્થિતિખંડ ગયે છતે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિવાળો હોય. તે પછી ત્રણ દર્શનમોહનીય પ્રત્યેકનો પણ એક એક સંખ્યાતમો ભાગ મૂકીને બાકીની સર્વે સ્થિતિનો ઘાત કરે—ખપાવે, તે પછી પૂર્વે બાકી રાખેલ સંખ્યાતમા ભાગનો એક સંખ્યાતમો ભાગ મૂકીને બાકીની સર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઇહાં જો પૂર્વબદ્ધાયુ થકો ક્ષપકશ્રેણિ પ્રારંભે અને અનંતાનુબંધિના ક્ષયથી અનંતર મરણના સંભવ થકી જો શ્રેણિ થકી વિરમે તો કદાચિત્ મિથ્યાત્વના ઉદય થકી ફરીને પણ**

---

સ્થિતિનો વિનાશ કરે, એ પ્રકારે હજારો સ્થિતિઘાત અતિક્રમે, તે પછી વળી મિથ્યાત્વના અસંખ્યાતા ભાગને અને સમ્યકૃત્વ તથા મિશ્રના સંખ્યાતા ભાગને ખંડે. તે પછી એ રીતે ઘણા સ્થિતિખંડ ગયે છતે મિથ્યાત્વનું દલિક આવલિકા માત્ર રહે અને સમ્યકૃત્વ તથા મિશ્રનું તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ રહે. અહીં ખંડન કરાતા મિથ્યાત્વ સંબંધી સ્થિતિખંડોને સમ્યકૃત્વ અને મિશ્રમાં નાખે, મિશ્રના સમ્યકૃત્વમાં અને સમ્યકૃત્વના પોતાની નીચલી સ્થિતિમાં નાખે. હવે આવલિકા માત્ર રહેલું મિથ્યાત્વ દલિક તેને પણ સ્તિબુક સંક્રમ વડે સમ્યકૃત્વમાં નાંખે, તે પછી સમ્યકૃત્વ અને મિશ્રના અસંખ્યાતા ભાગ ખંડે અને એક ભાગ બાકી રહે, તે પછી તેના પણ અસંખ્યાતા ભાગ ખંડે અને એક બાકી રાખે, એ રીતે કેટલાએક સ્થિતિખંડ ગયે છતે મિશ્ર આવલિકા માત્ર રહે અને તે વખતે સમ્યકૃત્વની સ્થિતિસત્તા આઠ વર્ષ પ્રમાણ હોય. તે વખતે વળી નિશ્ચયનયમતે સઘળા વિઘ્નના નાશથી તે **દર્શનમોહનીયક્ષપક** કહેવાય. તે પછી આગળ સમ્યકૃત્વના અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ ખંડને ઉકેરે અને તેના દલિકને ઉદય સમયથી માંડીને સંક્રમાવે, તે આ પ્રમાણે–ઉદય સમયે થોડું, બીજે સમયે તેથી અસંખ્યેય ગુણ, ત્રીજે સમયે તેથી પણ અસંખ્ય ગુણ, એમ ગુણશ્રેણિના મસ્તક (ટોચ–અંત) પર્યંત અનુક્રમે અસંખ્યેય ગુણ અધિક સંક્રમાવે. તે પછી તો વિશેષ હીન હીન સ્થિતિના દલિકને ચરમ સમય સુધી સંક્રમાવે. એ પ્રકારે અંતર્મુહૂર્ત પ્રમાણ અનેક ખંડો દ્વિચરમ સ્થિતિખંડ પર્યંત ઉકેરે અને ખપાવે. દ્વિચરમ સ્થિતિખંડ કરતાં ચરમ સ્થિતિખંડ અસંખ્યેય ગુણ હોય. છેલ્લો સ્થિતિખંડ ઉકેરાયે છતે આ ક્ષપક કૃતકરણ કહેવાય. આ કૃતકરણાદ્ધામાં વર્તતો કોઈ જીવ કાળ પણ કરીને ચાર માંહેની કોઈ પણ એક ગતિમાં ઉત્પન્ન થાય, અને લેશ્યામાં પણ પૂર્વે શુક્લ લેશ્યાએ હતો તે હવે તો કોઇ પણ લેશ્યામાં જાય. એ પ્રકારે સાત પ્રકૃતિના ક્ષયનો પ્રસ્થાપક (આરંભ કરનાર) મનુષ્ય હોય અને નિષ્ઠાપક (પૂર્ણ કરનાર) ચારે ગતિને વિષે પામીએ કહ્યું છે કે–**पट्ठवगो अ मणुसो, निट्ठवगो चउसुवि गइसु.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતાનુબંધી બાંધે; કે અનંતાનુબંધિનું બીજ મિથ્યાત્વ છે તે માટે. પણ મિથ્યાત્વ ક્ષય ગયે અનંતાનુબંધિ જાગે નહિ, બીજ ગયું માટે. અને સાતને ક્ષયે તો અપતિત પરિણામવંત થકો અવશ્ય દેવલોકે જ ઉપજે અને પતિત પરિણામવંત હોય તો તે અનેક પરિણામના સંભવ થકી જેવી પરિણામની વિશુદ્ધિ તેવી અનેરી ગતિએ ઉપજે. અને બદ્ધાયુ પણ જો ત્યારે કાળ ન કરે તો પણ સાતને ક્ષયે નિશ્ચયે વિરમે પણ આગળ ચારિત્ર મોહનીય ખપાવવા ન માંડે. તે મરીને જો દેવગતિએ અથવા નરક ગતિએ જાય તો તે ત્રીજે ભવે મોક્ષે જાય. અને જો તિર્યંચ મનુષ્ય માંહે ઉપજે તો તે અવશ્ય અસંખ્યાત વર્ષાયુ માંહેજ ઉપજે. ત્યાંથી દેવલોકનો ભવ કરીને ચોથે* ભવે મોક્ષે જાય. એ સાત પ્રકૃતિનો ક્ષય અવિરત સમ્યગ્દ્રષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્તને વિષે જ પામીએ. હવે જો અબદ્ધાયુ થકો ક્ષપકશ્રેણિ પ્રારંભે તો સાત પ્રકૃતિને ક્ષયે નિશ્ચયે અનુપરત પરિણામવંત થકો ચારિત્ર મોહનીય ખપાવવાનો ઉદ્યમ કરે. તે સકલક્ષપક નરક ૧, તિર્યંચ ૨, અને દેવ ૩, એ ત્રણનાં આયુ ક્ષય કરે. હવે ચારિત્રમોહનીય ખપાવવાને ઉદ્યમ કરતો થકો યથા-પ્રવૃત્તાદિક ત્રણ કરણ કરે, તેનું સ્વરૂપ સર્વ પૂર્વલી પરેજ કહેવું, પણ એટલું વિશેષ જે યથાપ્રવૃત્ત કરણ તે અપ્રમત્ત ગુણઠાણે જાણવું, અપૂર્વકરણ તે અપૂર્વકરણ ગુણઠાણે જાણવું અને અનિ-વૃત્તિ કરણ તે અનિવૃત્તિબાદર ગુણઠાણે જાણવું. ત્યાં અપૂર્વ-કરણે અપ્રત્યાખ્યાન ચતુષ્ક અને પ્રત્યાખ્યાનચતુષ્ક એ આઠ

* આ પ્રાયિક વચન સંભવે છે, જે કારણ માટે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ શ્રીકૃષ્ણ વાસુદેવનું પાંચમે ભવે પણ મોક્ષગમન સંભળાય છે.

उक्तं च—नरयाउ नरभवम्मि, देवो होऊण पञ्चमे कप्पे ।
तत्तो चुओ समाणो, बारसमो अममतित्थयरो ॥ १ ॥

ભાવાર્થ—નરક થકી નીકળી મનુષ્ય ભવમાં ઉત્પન્ન થશે. ત્યાંથી પાંચમા કલ્પમાં દેવ થઈને ત્યાંથી ચ્યવતા બારમા **અમમ** નામા તીર્થંકર થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કષાય ખપાવવા[1] માંડે, તેના અંતરે અનિવૃત્તિ બાદરે શું હણે? તે કહે છે ॥ ૭૮ ॥

अनिअट्टिबायरे थीण-गिद्धितिग[3]निरयतिरिअनामाओ[13]।
संखिज्जइमे सेसे, तप्पाउग्गाओ खीअंति ॥७९॥

अनियट्टिबायरे=અનિવૃત્તિ બાદરે
थीणगिद्धितिग=સ્ત્યાનગૃદ્ધિ (થીણદ્ધિ) ત્રિક.
निरयतिरियनामाओ=નરક ગતિ અને તિર્યંચગતિ નામ-કર્મની (તેર) પ્રકૃતિઓ.
संखिज्जइमे=સંખ્યાતમો ભાગ.
सेसे=બાકી રહે છતે.
तप्पाउग्गाओ=તત્પ્રાયોગ્ય.
खीयंति=ક્ષય થાય છે.

अर्थः—અનિવૃત્તિબાદર ગુણસ્થાનનો સંખ્યાતમો ભાગ બાકી રહે છતે સ્ત્યાનગૃદ્ધિત્રિક, નરકગતિ અને તિર્યંચગતિ નામ કર્મની તત્પ્રાયોગ્ય (તેર) પ્રકૃતિઓ ક્ષય પામે છે. ॥ ૭૯ ॥

विवेचनः—અનિવૃત્તિકરણના પ્રથમ સમયે આઠ કષાય પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિના થાય. ત્યાર પછી થીણદ્ધિત્રિક ૩ અને નરકગતિ ૧, નરકાનુપૂર્વી ૨, તિર્યંચગતિ ૩. તિર્યંગાનુપૂર્વી ૪, એકેંદ્રિય ૫, બેઇંદ્રિય ૬, તેઇંદ્રિય ૭, ચઉરિંદ્રિય જાતિ ૮, સ્થાવર ૯, આતપ ૧૦, ઉદ્યોત ૧૧, સૂક્ષ્મ ૧૨ અને સાધારણ ૧૩ અને નરક તિર્યક્ પ્રાયોગ્ય નામકર્મની ૧૩ પ્રકૃતિ-એવં સોળ પ્રકૃતિ* અનિવૃત્તિબાદરના સંખ્યાતા ભાગ ગયે થકે અને એક સંખ્યાતમો ભાગ થાકતે થકે ક્ષય કરે. ॥ ૭૯ ॥

---

૧–સ્થિતિઘાતાદિ વડે એવા ખપાવે કે અનિવૃત્તિકરણાદ્ધાના પ્રથમ સમયે તે પલ્યોપમના અસંખ્યેય ભાગ માત્ર સ્થિતિપ્રમાણ થાય.

* ઉદ્વલના સંક્રમે ઉવેલી ઉવેલીને તેની પલ્યોપમના અસંખ્યેય ભાગ પ્રમાણ સ્થિતિ થાય ત્યારે બંધાતી પ્રકૃતિમાં તે સોળ પ્રકૃતિને ગુણસંક્રમ વડે સમયે સમયે સંક્રમાવી સંક્રમાવીને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इत्तो हणइ कसाय–ट्ठगंपि पच्छा नपुंसगं इत्थीं।**
**तो नोकसायछक्कं, छुहइ संजलणकोहंमि ॥८०॥**

इत्तो=એ પછી.
हणइ=હણે છે.
कसायट्ठगंपि=કષાયાષ્ટકને
पच्छा=પછી.
नपुंसगं=નપુંસકવેદને.
इत्थीं=સ્ત્રીવેદને.
तो=તે પછી.
नोकसायछक्कं=છ નોકષાયને
छुहइ=નાંખે–સંક્રમાવે છે.
संजलणकोहंमि=સંજ્વલન ક્રોધ માંહે.

**અર્થ**—એ પછી આઠ કષાયને ક્ષય કરે. પછી નપુંસકવેદ, સ્ત્રીવેદનો ક્ષય કરે. તે પછી છ નોકષાય સંજ્વલન ક્રોધને વિષે સંક્રમાવે છે. ॥ ૮૦ ॥

**વિવેચન**–તે સોળ ૧૬ પ્રકૃતિનો ક્ષય કર્યા પછી આઠ કષાય નિઃશેષપણે હણે. ઇહાં અન્ય આચાર્ય કહે છે કે—"૧૬ પ્રકૃતિ જ પ્રથમ ખપાવવા માંડે, તેની વચ્ચે ૮ કષાય ખપાવે અને પછી ૧૬ પ્રકૃતિ નિઃશેષપણે ક્ષય કરે." ત્યાર પછી અંતર્મુહૂર્ત્ત માંહે નવ નોકષાયનું અને ચાર સંજ્વલનનું અંતરકરણ કરે. તે કરીને નપુંસક વેદનું ઉપરની સ્થિતિનું દલિઉં ઉદ્વલન વિધિએ કરીને ક્ષય કરવા માંડે. તે અંતર્મુહૂર્ત્ત લગે વેદવે કરીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ માત્રનું થયું, ત્યાંથી માંડીને બંધાતી પ્રકૃતિને વિષે ગુણસંક્રમે કરીને નાંખે. એમ નંખાતું થકું તે અંતર્મુહૂર્ત્તે નિઃશેષપણે ક્ષીણ થાય; અને હેઠલું દલિઉં જો નપુંસકવેદી ક્ષપકશ્રેણિએ ચડયો હોય તો ભોગવતો ક્ષય કરે, અન્યથા તો તે આવલિકા માત્ર હોય. તેને વળી વેદ્યમાન પ્રકૃતિને વિષે સ્તિબુક સંક્રમે કરીને સંક્રમાવે. એમ નપુંસક વેદનો ક્ષય કરીને તેવીજ રીતે અંતર્મુહૂર્ત્તે સ્ત્રીવેદનો ક્ષય કરે. ત્યારપછી છ નોકષાયનો પણ સમકાળે ક્ષય કરવા માંડે. ત્યાંથી માંડી તેનું ઉપરની સ્થિતિનું દલિઉં પુરૂષવેદ માંહે ન સંક્રમાવે, કિંતુ સંજ્વલન ક્રોધ માંહે સંક્રમાવે. એમ અંતર્મુહૂર્ત્તે છ નોકષાયનું ઉપરનું દલિઉં નિઃશેષપણે ક્ષીણ થાય, તે સમયેજ પુરૂષવેદના બંધ, ઉદય અને ઉદીરણાનો છેદ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સમયે ઊણી બે આવલિકાનું બાંધ્યું વર્જીને શેષ દલિયાનો પણ ક્ષય થાય. એ પુરૂષવેદી પ્રારંભકને જાણવું. જ્યારે નપુંસકવેદી પ્રારંભક હોય ત્યારે પ્રથમ સ્ત્રીવેદ અને નપુંસકવેદનો સમકાળે ક્ષય કરે, તે ક્ષયને સમયે જ પુરૂષવેદના બંધોદય ઉદીરણાનો છેદ થાય. ત્યાર પછી અવેદક થયો છતો પુરૂષવેદ અને હાસ્યષટ્કનો સમકાળે ક્ષય કરે. અને જ્યારે સ્ત્રીવેદી શ્રેણિ પ્રારંભે ત્યારે પ્રથમ નપુંસકવેદનો ક્ષય કરે, પછી સ્ત્રીવેદનો ક્ષય કરે, તે ક્ષયને સમયે જ પુરૂષવેદના બંધ ઉદય, ઉદીરણાનો છેદ થાય. ત્યાર પછી પુરૂષવેદ અને હાસ્યષટ્કનો સમકાળે ક્ષય કરે. હવે પુરૂષવેદીને આશ્રયીને કહે છે—ક્રોધ વેદતાં પુરૂષવેદીને ક્રોધાદ્ધાના ત્રણ ભાગ હોય, તે આ પ્રમાણે—અશ્વકર્ણકરણાદ્ધા ૧, કિટ્ટિકરણાદ્ધા ૨, અને કિટ્ટિવેદનાદ્ધા ૩. ત્યાં અશ્વકર્ણકરણાદ્ધાએ વર્ત્તતો પ્રતિસમયે અનંતા અપૂર્વ સ્પર્દ્ધક સંજ્વલન ચતુષ્કના અંતરકરણ થકી ઉપરની સ્થિતિને વિષે કરે અને એ અદ્ધાએ વર્ત્તતો પુરૂષવેદ પણ સમયે ઊણી બે આવલિકા રૂપ કાળે ક્રોધને વિષે ગુણસંક્રમે કરીને સંક્રમાવતો થકો ચરમ સમયે સર્વસંક્રમે કરીને સંક્રમાવે. એમ પુરૂષવેદ ક્ષય પામે. તદનંતર કિટ્ટિકરણ અદ્ધાએ પેઠો થકો સંજ્વલન ચતુષ્કની ઉપરની સ્થિતિના દલિયાની કિટ્ટિ કરે. તે કિટ્ટિ પરમાર્થે તો અનંતી છે પણ સ્થૂલ ભેદની અપેક્ષાએ બાર કલ્પીએ—એકેકા કષાયની ત્રણ ત્રણ. એ ક્રોધે ક્ષપકશ્રેણિ પ્રપન્નને માટે જાણવું. માને કરીને પડિવજતાને તો પૂર્વોક્ત ઉદ્વલન વિધિએ કરીને ક્રોધ ખપાવ્યે થકે શેષ ત્રણ કષાયની કિટ્ટિ પૂર્વલી પરે ૯ થાય. માયાએ કરી પ્રતિપન્નને પૂર્વોક્ત ઉદ્વલન વિધિએ કરીને ક્રોધ માનનો ક્ષય થયે થકે શેષ બે કષાયની કિટ્ટિ ૬ પૂર્વવત્ હોય. લોભે કરીને પ્રતિપન્નને પૂર્વોક્ત ઉદ્વલન વિધિએ કરીને ક્રોધાદિક ત્રણને ક્ષયે લોભની કિટ્ટિ ૩ હોય. ત્યારપછી કિટ્ટિવેદનાદ્ધાને વિષે પેઠો થકો ક્રોધે પ્રતિપન્ન થકો ક્રોધનું પ્રથમ કિટ્ટિનું બીજી સ્થિતિનું દલિઉં આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે અને વેદે, ત્યાં લગે કે જ્યાં લગે સમયાધિક આવલિકા માત્ર શેષ હોય. તદનંતર સમયે બીજી સ્થિતિગત બીજી કિટ્ટિનું દલિઉં આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે અને વેદે, ત્યાં લગે કે જ્યાં લગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયાધિક આવલિકા માત્ર શેષ હોય. એમ *આગળ પણ કહેવું. ઇત્યાદિક ઈહાં ઘણું વક્તવ્ય છે પણ વિસ્તારના ભય થકી કહેતા નથી. ॥ ૮૦ ॥

* તે પછી અનંતર સમયે ત્રીજી કિટ્ટિનું દ્વિતીય સ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે અને સમયાધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં સુધી વેદે. આ ત્રણે કિટ્ટિ વેદનાદ્ધાને વિષે ઉપરની સ્થિતિનું દલિક ગુણસંક્રમે કરીને પણ સમયે સમયે અસંખ્યેયગુણ વૃદ્ધિએ સંજ્વલન માનમાં નાંખે. ત્રીજી કિટ્ટિવેદનાદ્ધાના ચરમ સમયે સંજ્વલન ક્રોધનાં બંધ, ઉદય અને ઉદીરણાનો સમકાળે વ્યવચ્છેદ થાય. તેની સત્તા પણ સમય ન્યૂન બે આવલિકાએ બાંધેલ દલિક વર્જીને બીજી શેષ રહી નથી કેમ કે સર્વ માનમાં સંક્રમાવેલ છે. તે પછી અનંતર સમયે માનની પ્રથમ કિટ્ટિનું દ્વિતીય સ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે અને અંતર્મુહૂર્ત પર્યંત વેદે. ક્રોધના પણ બંધાદિ વ્યવચ્છેદ થયે છતે તે સંબંધી દલિક સમય ન્યૂન બે આવલિકા માત્ર કાળે ગુણસંક્રમે સંક્રમાવતો ચરમ સમયે સર્વસંક્રમે સંક્રમાવે. અહીં ક્રોધનો ક્ષય થાય, માનનું પણ પ્રથમ કિટ્ટિનું પ્રથમ સ્થિતિગત કરેલું દલિક વેદાતું સમયાધિક આવલિકાનું બાકી રહે. તે પછી અનંતર સમયે માનની બીજી કિટ્ટિનું દ્વિતીયસ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિ કરે અને સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી વેદે. તે પછી અનંતર સમયે માનની ત્રીજી કિટ્ટિનું દ્વિતિયસ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિ કરે અને સમયાધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં સુધી વેદે. તેજ સમયે માનના બંધ, ઉદય અને ઉદીરણાનો એક સાથે વ્યવચ્છેદ થાય અને તેની સત્તા પણ સમય ન્યૂન બે આવલિકાએ બાંધેલ દલિક પૂરતી જ બાકી હોય. કેમ કે બાકીનું માયામાં સંક્રમાવેલ છે. તે પછી માયાની પ્રથમ કિટ્ટિનું દ્વિતીયસ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિ કરે અને અંતર્મુહૂર્ત પર્યંત વેદે. માનનો પણ બંધાદિ વ્યચ્છેદ થયે તે સંબંધી દલિક સમય ન્યૂન બે આવલિકા માત્ર કાળે ગુણસંક્રમ વડે માયામાં નાખે, માયાનું પણ પ્રથમ કિટ્ટિનું દ્વિતીય સ્થિતિનું પ્રથમસ્થિતિગત કરેલું દલિક વેદાતું સમયાધિક આવલિકા માત્ર શેષ રહે. તે પછી અનંતર સમયે માયાની બીજી કિટ્ટિનું દ્વિતીયસ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે અને સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી વેદે, તે પછી અનંતર સમયે ત્રીજી કિટ્ટિનું દ્વિતીયસ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે અને સમયાધિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી વેદે. તેજ સમયે માયાના બંધ ઉદય અને ઉદીરણાનો સમકાળે વ્યવચ્છેદ થાય અને તેની સત્તા પણ સમય ન્યૂન બે આવલિકાએ બાંધેલ દલિક માત્ર જ બાકી રહે, કેમકે બાકીનું ગુણસંક્રમ વડે લોભમાં નાંખેલ છે તે પછી અનંતર સમયે લોભની પ્રથમ કિટ્ટિનું દ્વિતીય સ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે અને અંતર્મુહૂર્ત પર્યંત વેદે. સંજ્વલન માયાના પણ બંધાદિ વ્યવચ્છેદ થયે છતે તે સંબંધી સર્વ દલિકને સમય ન્યૂન બે આવલિકા માત્ર કાળે ગુણસંક્રમ વડે લોભમાં સંક્રમાવે. ત્યારે લોભનું પ્રથમ કિટ્ટિનું પ્રથમ સ્થિતિગત દલિક વેદાતું સમયાધિક આવલિકા માત્ર બાકી રહે. તે પછી અનંતર સમયે લોભની બીજી કિટ્ટિનું દ્વિતીય સ્થિતિગત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે અને વેદે અને તેને વેદતો ત્રીજી કિટ્ટીનું દલિક ગ્રહણ કરીને સમયાધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં સુધી સૂક્ષ્મ કિટ્ટીઓ કરે તેજ સમયે વળી સંજ્વલન લોભનો બંધ વ્યવચ્છેદ, બાદર કષાય (લોભ)નાં ઉદય ઉદીરણાનો વિચ્છેદ અને અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનનો વ્યવચ્છેદ સમકાળે થાય. તે પછી અનંતર સમયે બીજી સ્થિતિનું સૂક્ષ્મકિટ્ટીકૃત દલિક આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે અને વેદે. ત્યારે તે જીવ સૂક્ષ્મસંપરાય કહેવાય. પૂર્વોક્ત ત્રીજી કિટ્ટીની બાકી રહેલી સંપૂર્ણ આવલિકા વેદાતી પર પ્રકૃતિને વિષે સ્તિબુક સંક્રમવડે સંક્રમાવે અને પહેલી બીજી કિટ્ટીગત આવલિકા અનુક્રમે બીજી ત્રીજી કિટ્ટીની અંતર્ગત સંક્રમાવીને વેદે, લોભની સૂક્ષ્મ કિટ્ટીઓને વેદનારો સૂક્ષ્મસંપરાયગુણસ્થાનવર્તિ જીવ સૂક્ષ્મ કિટ્ટીનું દલિક અને સમય ન્યૂન બે આવલિકાએ બાંધેલ દલ સમયે સમયે સ્થિતિઘાતાદિ વડે સૂક્ષ્મસંપરાયાદ્ધાના સંખ્યાતા ભાગ જાય અને એક ભાગ બાકી રહે ત્યાં સુધી ખપાવે. તે પછી તે બાકી રહેલ સંખ્યાતા ભાગમાં સંજ્વલન લોભ સર્વ અપવર્તના વડે ઘટાડીને સૂક્ષ્મસંપરાય અદ્ધા હજી પણ અંતર્મુહૂર્ત પ્રમાણ બાકી હોય ત્યાંથી માંડીને મોહનીય કર્મના સ્થિતિઘાતાદિ વિરમે પણ શેષ કર્મના પ્રવર્તે. લોભની તે ઘટાડેલી સ્થિતિને ઉદય ઉદીરણા વડે વેદતો સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી જાય. તેને અનંતર સમયે ઉદીરણા વિચ્છેદ જાય તેથી ફક્ત ઉદય વડે જ છેલ્લા સમય સુધી તેને વેદે. તે ચરમ સમયે પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ, યશઃ કીર્તિ, ઉચ્ચ ગોત્ર અને પાંચ અંતરાય એ સોળ પ્રકૃતિનો બંધ વ્યવચ્છેદ થાય અને મોહનીય કર્મની ઉદય સત્તાનો વ્યવચ્છેદ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पुरिसं कोहे कोहं, माणे माणं च छुहइ मायाए।**
**मायं च छुहइ लोहे, लोहं सुहुमंपि तो हणइ ॥८१॥**

पुरिसं=પુરૂષવેદને.
कोहे=સંજવલન ક્રોધમાં.
कोहं=ક્રોધને.
माणे=સંજવલન માનમાં
माणं=માનને.
छुहइ=સંક્રમાવે,
मायाए=સંજવલન માયામાં.
मायं=માયાને
लोहे=સંજવલન લોભમાં.
लोहं=લોભને.
सुहुमंपि=સૂક્ષ્મ પણ.
तो=તે પછી.
हणइ=હણે છે.

**અર્થ:**-પુરૂષવેદને સંજવલન ક્રોધમાં, ક્રોધને સંજવલન માનમાં અને માનને સંજવલન માયામાં સંક્રમાવે. માયાને સંજવલન લોભમાં સંક્રમાવે તે પછી સૂક્ષ્મ લોભને પણ હણે છે. ॥૮૧॥

**વિવેચન:**—પુરૂષવેદને પ્રથમ બંધ ઉદય ઉદીરણાદિ છેદ થયે થકે ગુણસંક્રમે કરીને સંજવલન ક્રોધ માંહે સંક્રમાવે. ક્રોધને પણ બંધાદિકને વ્યુચ્છેદે સંજવલન માન માંહે સંક્રમાવે. માનને પણ બંધાદિકને વ્યુચ્છેદે સંજવન માયા માંહે તે छुहइ સંક્રમાવે-નાંખે. માયાને પણ બંધાદિકને વ્યુચ્છેદે સંજવલન લોભ માંહે સંક્રમાવે નાંખે. ત્યારપછી તે લોભને બંધ ઉદય ઉદીરણાને વ્યુચ્છેદે અતિ સૂક્ષ્મ થયેલો સત્તારૂપ જે લોભ તેને પણ હણે-[1]સત્તાથી ટાળે. સૂક્ષ્મસંપરાયને અંતે મોહનીયને મૂળથી ટાળે. ॥૮૧॥

---

૧ સ્થિતિઘાતાદિ વડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**खीणकसायदुचरिमे, निद्दं पयलं च हणइ छउमत्थो।**

**आवरणमंतराए, छउमत्थो चरमसमयंमि ॥८२॥**

**खीणकसायदुचरिमे**=ક્ષીણમોહ ગુણસ્થાનના દ્વિચરમ સમયે.
**निद्दं पयलं च**=નિદ્રા અને પ્રચલાને.
**हणइ**=નાશ કરે છે.
**छउमत्थो**=છદ્મસ્થ.
**आवरणं**=પાંચ જ્ઞાનાવરણ અને ચાર દર્શનાવરણને
**अंतराए**=પાંચ અંતરાયને.
**चरमसमयंमि**=ચરમ (છેલ્લા) સમયે.

**अर्थ:**-છદ્મસ્થ ક્ષીણમોહ ગુણસ્થાનના દ્વિચરમ (ઉપાન્ત્ય) સમયે નિદ્રા અને પ્રચલાને ક્ષય કરે અને છેલ્લે સમયે નવ આવરણ અને પાંચ અંતરાયને ક્ષય કરે છે. ॥ ૮૨ ॥

**विवेचन:**-એમ જે ક્ષીણકષાય થયો તેને મોહનીય ટાળી શેષ કર્મના સ્થિતિઘાતાદિક પૂર્વલી પરે ક્ષીણમોહના સંખ્યાતા ભાગ જાય ત્યાં લગે પ્રવર્તે. એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ, પાંચ અંતરાય અને નિદ્રાદ્વિક, એ સોળ પ્રકૃતિની સ્થિતિ સર્વઅપવર્તનાએ અપવર્તીને ક્ષીણકષાયના અદ્ધા સરખી કરે. નિદ્રાદ્વિકની સ્થિતિ [1]સમયે ઊણી કરે. તે ક્ષીણમોહનો કાળ હજી અંતર્મુહૂર્તનો છે, ત્યાંથી માંડીને તે પ્રકૃતિના સ્થિતિઘાતાદિક વિરામ પામે; શેષ પ્રકૃતિના હોય. નિદ્રાદ્વિક હીન એ સોળ (૧૬) પ્રકૃતિ ઉદય ઉદીરણાએ કરીને સમયાધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં લગે વેદે. તે પછી ઉદીરણા નિવર્તે. ત્યારે આવલિકા માત્ર કેવળ ઉદયે જ કરીને ક્ષીણકષાયના દ્વિચરમ સમય લગે વેદે.

૧ સ્વરૂપસત્તાની અપેક્ષાએ સમય ન્યૂન અને કર્મપણાની અપેક્ષાએ તો તુલ્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેલ્લા સમય થકી અગાઉનો સમય તે દ્વિચરમ સમય કહીએ. તે દ્વિચરમ સમયે નિદ્રાદ્વિક સ્વરૂપસત્તાપેક્ષાએ ક્ષય થાય અને ચરમ સમયે પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ અને પાંચ અંતરાય, એ ૧૪ પ્રકૃતિનો ક્ષય કરે. તદનંતર સમયે જ કેવલ જ્ઞાન, કેવલદર્શન પામે. સયોગિ કેવલી થાય. ત્યાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટપણે નવ વરસે ઉણી પૂર્વ કોડિ રહે. ત્યાર પછી જે કેવળીને વેદનીયાદિ અને આયુ: કર્મની વર્ગણા અધિકી ઓછી-વિષમ હોય તે સમ કરવાને કાજે સમુદ્‌ઘાત કરે. તે સમુદ્‌ઘાત આઠ સમયનો હોય. પ્રથમ સમયે આત્મપ્રદેશનો અધ: ઉર્ધ્વ લોકાન્ત લગે દંડ કરે ૧, બીજે સમયે પૂર્વાપર લોકાંત લગે કપાટ કરે ૨, ત્રીજે સમયે દક્ષિણોત્તર લોકાંત લગે આત્મપ્રદેશ વિસ્તારીને મંથાનરૂપ કરે ૩, ચોથે સમયે અંતર પૂરીને સમગ્ર લોકવ્યાપી થાય ૪, પાંચમે સમયે આંતરા સંહરે ૫, છટ્ઠે સમયે મંથાન સંહરે ૬, સાતમે સમયે કપાટ સંહરે ૭, અને આઠમે સમયે દંડ પણ સંહરીને શરીરસ્થ થાય ૮, ત્યાં પહેલે અને આઠમે સમયે ઔદારિક કાયયોગી હોય. બીજે, છટ્ઠે અને સાતમે સમયે ઔદારિકમિશ્ર કાયયોગી હોય. ત્રીજે, ચોથે અને પાંચમે સમયે કેવળ કાર્મણ કાયયોગી હોય; એ ત્રણ સમય અણાહારી હોય. ઇત્યાદિક ઈહાં ઘણો વિચાર છે, તે વિસ્તારના ભય થકી લખ્યો નથી. એ કેવલી સમુદ્‌ઘાત સર્વ કેવળી ન કરે, કેટલા કરે.

यतः—यः षण्मासाधिकायुष्को, लभते केवलं ध्रुवम् ।
करोत्यसौ समुद्घातमन्ये कुर्वन्ति वा न वा* ॥ १ ॥

અંતર્મુહૂર્તાયુ થાકતે જ કેવલી સમુદ્‌ઘાત કરે હવે તે સયોગી કેવળી ભવોપગ્રાહી કર્મ ક્ષય કરવાને માટે લેશ્યાતીત

*જે ૬ માસથી અધિક શેષ આયુષ્યવાળા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તે સમુદ્‌ઘાત નિશ્ચે કરે, બીજા કરે અથવા ન પણ કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(અત્યંત અપ્રકંપ, પરમ નિર્જરાનું કારણભૂત) ધ્યાન પડિવજવા વાંછતા યોગનિરોધ કરવા માંડે ત્યાં પ્રથમ બાદર કાયયોગે કરીને બાદર મનોયોગ રૂંધે તે પછી તે વડે બાદર વચનયોગ રૂંધે. ત્યારપછી સૂક્ષ્મ કાયયોગે કરીને બાદર કાયયોગ રૂંધે, તેણે કરીને સૂક્ષ્મ મનોયોગ રૂંધે અને તે પછી તે વડે જ સૂક્ષ્મ વાગ્યોગ રૂંધે તે પછી સૂક્ષ્મ કાયયોગ રૂંધતો થકો સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામનું ત્રીજું શુકલધ્યાન ધ્યાવે. તેના સામર્થ્ય થકી વદનોદરાદિક વિવર પૂરવે કરીને દેહનો ત્રીજો ભાગ સંકુચીને તાવત્ પ્રદેશી થાય. તે ધ્યાને વર્ત્તતો થકો સ્થિતિઘાતાદિકે કરીને આયુ વિના ત્રણ કર્મ સયોગિ કેવળીના ચરમ સમય લગે અપવર્ત્તે. ચરમ સમયે સર્વ કર્મ અયોગ્યવસ્થાની સ્થિતિ સમાન સ્થિતિનાં થાય, પણ જે કર્મનો અયોગિ અવસ્થાએ ઉદય નથી તેની સ્થિતિ એક સમયે ઉણી કરે. તે સયોગીને ચરમ સમયે અનેરૂં વેદનીય ૧, ઔદારિક ૨, તૈજસ ૩, કાર્મણ ૪, છ સંસ્થાન ૧૦, પ્રથમ સંઘયણ ૧૧, ઔદારિકોપાંગ ૧૨, વર્ણચતુષ્ક ૧૬, અગુરૂલઘુ ૧૭, ઉપઘાત ૧૮, પરાઘાત ૧૯, ઉચ્છ્વાસ ૨૦, સ્થિર ૨૧, અસ્થિર ૨૨, વિહાયોગતિદ્વિક ૨૪, પ્રત્યેક ૨૫, શુભ ૨૬, અશુભ ૨૭, દુઃસ્વર ૨૮, સુસ્વર ૨૯, અને નિર્માણ ૩૦, એ ત્રીશની ઉદય ઉદીરણા ટળે. તદનંતર સમયે અયોગી કેવળી થાય, તેનો કાળ પાંચ હ્રસ્વ [अ-इ-उ-ऋ-लृ] અક્ષર ઉચ્ચાર પ્રમાણ અંતર્મુહૂર્ત્ત માત્ર હોય. તે અયોગ્યવસ્થાવર્તી એમ સૂક્ષ્મક્રિય ધ્યાન પૂર્ણ કરીને વ્યુપરતક્રિય નામે ચોથું શુકલધ્યાન ધ્યાવે. એમ એ સ્થિતિઘાતાદિ રહિત ઉદયવંત કર્મને સ્થિતિ ક્ષયે કરીને અનુભવતો થકો ક્ષય કરે અને અનુદયવંત કર્મને વેદ્યમાન પ્રકૃતિ માંહે સ્તિબુક સંક્રમે કરીને સંક્રમાવતો અને વેદ્યમાન પ્રકૃતિરૂપ પણે વેદતો થકો અયોગ્યવસ્થાના દ્વિચરમ સમય લગે જાય. ॥ ૮૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# क्षपकश्रेणिक्रमोऽयम्

| | |
|---|---|
| ततः सिद्ध्यति | १४ गुणठाणे |
| क्षपयति १४८ | |
| १२ प्रकृतीः | |
| ७२ प्रकृतीः | |
| ज्ञानाव० ५ दर्शनाव० ४ अंतराय ५ प १४ | |
| निद्राद्वयं २ | १२ गुण० |
| संज्वलनलोभं १ | १० गुण० |
| संज्वलनमायां १ | |
| संज्वलनमानं १ | |
| संज्वलनक्रोधं १ | |
| पुरुषवेदं १ | |
| हास्यादिषट्कं ६ | |
| स्त्रीवेदं १ | |
| नपुंसकवेदं १ | |
| एकेंद्रियादि १६ प्र० ॥ | ९ गुण० |
| अप्रत्या० क्रो. मा.मा.लो४प्रत्या.क्रो मा.मा.लो८ | |
| देवनारकतिर्यगायूंषि ३ | |
| सम्यक्त्वमोहनीयं ३ | ४।५।६।७गु० |
| मिश्रमोहनीयं २ | |
| मिथ्यात्वं १ | |
| अनन्तानुबंधिक्रोधमानमायालोभान् ४ | |

१०
देवगइसहगयाओ, दुचरमसमयभविअंमि खीअंति।
सविवागेअरनामा, नीआगोअंपि तत्थेव ॥८३॥

देवगइसहगयाओ=देवगति साथे बंध छे जेनो एवी (दश प्रकृति).
दुचरमसमयभवियम्मि=बे छेल्ला समय छे जेना एवा भव्य जीवने विषे.
खीयंति=क्षय पामे छे.
सविवागेयरनामा=विपाकीनी प्रतिपक्षी नाम कर्मनी (४५) प्रकृतिओ.
नीआगोयंपि=नीच गोत्र अने वेदनीय.
तत्थेव=त्यांज.

अर्थः—बे छेल्ला समय छे (बाकी) जेने एवा (द्विचरम) भव्य जीवने विषे देवगति साथे बंध छे जेनो एवी दश प्रकृति क्षय पामे छे. विपाकरहित नामकर्मनी (४५) प्रकृति, नीचगोत्र तथा एक वेदनीय त्यां ज क्षय पामे छे. ॥८३॥

विवेचनः—देवगति संघाते एकांते ज बंध छे जेनो ते देवगति सहगत प्रकृति १० छे, ते आ प्रमाणे—वैक्रिय १, आहारक शरीर २, वैक्रिय ३, आहारक बंधन ४, वैक्रिय ५, आहारक संघातन ६, वैक्रिय ७, आहारकोपांग ८, देवगति ९ अने देवानुपूर्वी ए दश प्रकृति भव्य मोक्षगामीने द्विचरम समये क्षय जाय. तथा तेज समये जे नव प्रकृति विपाके वर्त्ते छे. ते टाळी बाकी नामकर्मनी अनुदयवंत ४५ प्रकृति छे, ते आ प्रमाणे—औदारिक १, तैजस २, कार्मण शरीर ३. एज त्रणनां बंधन ६, एज त्रणनां संघातन ९, छ संस्थान १५, छ संघयण २१ औदारिकोपांग २२, वर्ण चतुष्क २६, मनुष्यानुपूर्वी २७, पराघात २८, उपघात २९, अगुरुलघु ३०, बे विहायोगति ३२, प्रत्येक ३३, पर्याप्त ३४, उच्छ्वास ३५, स्थिर ३६, अस्थिर ३७ शुभ ३८, अशुभ ३९, सुस्वर ४०, दुःस्वर ४१, दुर्भग ४२, अनादेय ४३, अयशकीर्ति ४४ अने निर्माण ४५, एवं (४५)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીસ્તાળીશ ક્ષય પામે. તથા નીચૈર્ગોત્ર ૧ અને અપિ શબ્દ થકી અનેરૂં બે માંહિલું એક વેદનીય ૨. એ ૧૦. ૪૫ અને ૨ એમ સર્વ મળી (૫૭) સત્તાવન પ્રકૃતિ દ્વિચરમ સમયે ક્ષય જાય-તેની સત્તા ટળે. ॥ ૮૩ ॥

---

अन्नयर वेयणीअं, मणुआउअमुच्चगोअनवनामे ।
वेएइ अजोगिजिणो, उक्कोसजहन्नमिक्कारा ॥८४॥

| | |
|---|---|
| अन्नयरवेयणीयं=બેમાંથી એક વેદનીય. | वेएइ=વેદે. |
| मणुआउयं=મનુષ્યાયુ. | अजोगिजिणो=અયોગિ કેવળી |
| उच्च गोअ=ઉચ્ચ ગોત્ર. | उक्कोस=ઉત્કૃષ્ટ. |
| नव नामे=નામકર્મની નવ પ્રકૃતિઓ. | जहन्नं=જઘન્ય. |
| | इक्कारा=અગ્યાર પ્રકૃતિ. |

अर्थः—બાકી રહેલ એક વેદનીય, મનુષ્યાયુ, ઉચ્ચગોત્ર અને નામકર્મની નવ પ્રકૃતિ અયોગિ જિન ઉત્કૃષ્ટપણે વેદે અને જઘન્ય અગ્યાર પ્રકૃતિ વેદે. ॥ ૮૪ ॥

विवेचनः-હવે દ્વિચરમ સમયે ક્ષય ગયું જે વેદનીય તે થકી અનેરૂં એક વેદનીય ૧, મનુષ્યાયુઃ ૨, ઉચ્ચૈર્ગોત્ર ૩ અને નામકર્મની નવ પ્રકૃતિ ૧૨, એ ૧૨, બાર પ્રકૃતિ અયોગિ કેવળી ઉત્કૃષ્ટપણે તીર્થંકર હોય તે વેદે. જઘન્ય થકી સામાન્ય કેવળી હોય તે તીર્થંકર નામ વિના અગ્યાર વેદે. ॥ ૮૪ ॥

---

मणुअगइजाइतसबायरं च, पज्जत्तसुभगमाइज्जं ।
जसकित्ती तित्थयरं, नामस्स हवंति नव एआ ॥८५॥

| | |
|---|---|
| मणुअगइ जाइ=મનુષ્ય ગતિ, પંચેંદ્રિય જાતિ. | जसकित्ती=યશઃકીર્તિ નામ. |
| तसबायरं=ત્રસનામ, બાદરનામ | तित्थयरं=તીર્થંકર નામ |
| पज्जत्त सुभगं=પર્યાપ્તનામ, સુભગ નામ. | नामस्स=નામકર્મની. |
| आइज्जं=આદેય નામ. | हवंति=હોય છે. |
| | नव=નવ પ્રકૃતિઓ |
| | एया=એ. |

अर्थः—મનુષ્યગતિ, પંચેંદ્રિયજાતિ, ત્રસનામ, બાદરનામ, પર્યાપ્તનામ, સુભગનામ, આદેયનામ, યશઃકીર્તિ નામ અને તીર્થંકર નામ એ નવ પ્રકૃતિઓ નામકર્મની હોય છે. ॥ ૮૫ ॥

विवेचनः-નામકર્મની નવ પ્રકૃતિ તે કઇ? તે કહે છે-મનુષ્ય ગતિ ૧, પંચેંદ્રિય જાતિ ૨, ત્રસનામ ૩, બાદર નામ ૪, પર્યાપ્ત નામ ૫, સુભગ નામ ૬, આદેય નામ ૭, યશઃકીર્ત્તિ નામ ૮, અને તીર્થંકર નામ ૯, એ નામકર્મની નવ પ્રકૃતિ હોય. ॥ ૮૫ ॥

## મતાંતર ગાથા.

**तच्चाणुपुव्विसहिआ, तेरस भवसिद्धिअस्स चरमंमि।**
**संतंसगमुक्कोसं, जहन्नयं बारस हवंति ॥ ८६ ॥**

| | |
|---|---|
| तच्चाणुपुव्विसहिआ=ત્રીજી (મનુષ્યની) આનુપુર્વી સહિત | संतंसगं=સત્તા કર્મ પ્રકૃતિ. |
| तेरस=તેર પ્રકૃતિઓ. | उक्कोसं=ઉત્કૃષ્ટ. |
| भवसिद्धियस्स=તદ્ભવ મોક્ષ ગામીને. | जहन्नयं=જઘન્ય. |
| | बारस=બાર. |
| | हवंति=હોય છે. |

अर्थः-મનુષ્યાનુપૂર્વી સહિત તેર સત્તા કર્મ પ્રકૃતિઓ તદ્ભવ મોક્ષગામીને અયોગિને છેલ્લે સમયે ઉત્કૃષ્ટ હોય અને જઘન્ય બાર હોય. ॥ ૮૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચનઃ**—હવે અહીં વળી મતાન્તર છે તે કહે છે.—ત્રીજી આનુપૂર્વી તે મનુષ્યાનુપૂર્વી તેણે સહિત પૂર્વોક્ત બાર પ્રકૃતિ એટલે એ સર્વ મળી ૧૩ પ્રકૃતિ ભવસિદ્ધિક-તદ્‌ભવમુક્તિગામી અયોગિને ચરમ સમયે ઉત્કૃષ્ટપણે સત્તા કર્મ હોય અને જઘન્ય થકી તીર્થંકર નામ વિના બાર હોય. ॥ ૮૬ ॥

---

**मणुअगइसहगयाओ, भवखित्तविवागजिअविवागाओ।**

**वेअणिअन्नयरुच्चं चरम+समयंमि खीअंति ॥ ८७ ॥**

**मणुअगइसहगयाओ**=મનુષ્યગતિ સાથે ઉદય છે જેનો એવી

**भवखित्तविवाग**=ભવવિપાકી, ક્ષેત્રવિપાકી,

**जिअविवागाओ**=જીવવિપાકી.

**वेयणियन्नयर**=એક વેદનીય.

**उच्चं**=ઉચ્ચ ગોત્ર

**चरमसमयंमि**=છેલ્લા સમયે.

[**चरम भवियस्स**=ચરમ સમયે ભવ્ય સિદ્ધિકની]

**खीयंति**=ક્ષય પામે છે.

**અર્થઃ**—મનુષ્યગતિ સાથે ઉદય છે જેનો એવી અગ્યાર પ્રકૃતિ તે-ભવવિપાકી (મનુષ્યાયુ) ક્ષેત્રવિપાકી (મનુષ્યાપૂર્વી) અને જીવવિપાકી (નામકર્મની નવ) પ્રકૃતિઓ તથા એક વેદનીય અને ઉચ્ચગોત્ર ભવ્યસિદ્ધિકને છેલ્લા સમયે ક્ષય પામે છે.

**વિવેચનઃ**—તે એમ શા માટે કહે છે તેનો હેતુ કહે છે—મનુષ્યગતિ સાથે જ જેનો ઉદય છે તે મનુષ્યગતિ સહગતા ૧૧ પ્રકૃતિ છે, તે આ પ્રમાણે-ભવવિપાકી તે મનુષ્યાયુઃ ૧, ક્ષેત્ર વિપાકી તે મનુષ્યાનુપૂર્વી ૨ અને જીવવિપાકી તે નામકર્મની નવ પૂર્વે કહી તે એવં ૧૧, બે માંહેલું અનેરૂં એક વેદનીય ૧૨ અને ઉચ્ચૈર્ગોત્ર ૧૩, ઉત્કૃષ્ટ પદે એ ૧૩ પ્રકૃતિ અને જઘન્ય તીર્થંકર નામ વિના ૧૨ પ્રકૃતિ ચરમ સમયે ક્ષય જાય, અહીં

---

+ **चरमभवियस्स** ઇતિ પાઠાન્તરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યાનુપૂર્વી તે મનુષ્યગતિ સહગત છે તે માટે ૧૩ પ્રકૃતિ સાથે ક્ષય જાય એમ મતાંતરે કહ્યું અને અનેરા કહે છે કે, મનુષ્યાપૂર્વીની ઉદયના અભાવ થકી દ્વિચરમ સમયે જ સત્તા વ્યુચ્છેદ થાય. ઉદયવતીને સ્તિબુકસંક્રમ ન હોય તે માટે સ્વસ્વરૂપે ચરમ સમયે જ સત્તા વ્યુચ્છેદ હોય. અને આનુપૂર્વી ૪ ક્ષેત્રવિપાકી માટે ભવાંતરાલગતિએ જ તેનો ઉદય હોય તે માટે ભવસ્થ જીવને આનુપૂર્વીનો ઉદય ન હોય અને ઉદય વિના તો અયોગ્યવસ્થાને દ્વિચરમ સમયે જ વ્યુચ્છેદ થાય. અયોગિ અવસ્થાએ જેનો ઉદય હોય તેનો જ ચરમ સમયે સત્તાથી વિચ્છેદ થાય. અને જેનો ઉદય ન હોય તે દ્વિચરમ સમયે જ ક્ષય જાય. ઇતિ રહસ્યં. ॥ ૮૭ ॥

---

**अहसुइअसयलजगसिहर-मरुअनिरुवमसहावसिद्धिसुहं ।**
**अनिहणमव्वाबाहं, तिरयणसारं अणुहवंति ॥ ८८ ॥**

अह=હવે-કર્મક્ષય થયા પછી
सुइअ सयल जगसिहरं=એકાંત શુદ્ધ, સંપૂર્ણ અને સાંસારિક સુખના શિખર તુલ્ય
अरुअ निरुवम=રોગરહિત, ઉપમા રહિત.
सहावसिद्धिसुहं=સ્વાભાવિક મોક્ષસુખ.
अनिहणं=અનંત-નાશરહિત.
अव्वाबाहं=બાધારહિત.
तिरयणसारं=જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નના સારભૂત
अणुहवंति=અનુભવે છે.

**अर्थः**—કર્મક્ષય થયા પછી એકાંતશુદ્ધ, સંપૂર્ણ, સાંસારિક સુખના શિખર તુલ્ય, રોગરહિત, ઉપમારહિત, સ્વાભાવિક, નાશરહિત, બાધા (પીડા) રહિત અને ત્રણ રત્નના સારભૂત મોક્ષસુખને અનુભવે છે. ॥ ૮૮ ॥

**विवेचनः**—હવે તે સકલ કર્મક્ષયના અનંતર સમયે જ શુચિ તે એકાંત શુદ્ધ રાગ-દ્વેષાદિ દોષ રહિત માટે, સકલ-સંપૂર્ણ, સાંસારિક સુખના શિખરભૂત-સર્વોત્તમ-સર્વથી અધિક માટે, રોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહિત-રોગ તો શરીરને હોય તે શરીર જ ત્યાં નથી તે માટે, તેના સરખું સંસાર માંહે કાંઈ નથી કે જેની ઉપમા દઇએ તે માટે નિરૂપમ, તે પણ સ્વભાવ જ-સહજનું છે, પણ સાંસારિક સુખની પેરે કૃત્રિમ નહીં એવું, અનિધન તે જેનો છેડો નથી એવું, રાગદ્વેષાદિક જે સુખના બાધક છે તેનો સર્વથા ક્ષય થવા થકી અવ્યાબાધ અને ત્રણ રત્ન જે જ્ઞાન દર્શન ચારિત્ર તેના આરાધનનું સાર-ફળભૂત એવું સિદ્ધિસુખ તે પ્રત્યે તે સિદ્ધ ભગવંત અનુભવે છે. ॥ ૮૮ ॥

---

## ઉપસંહાર

**दुरहिगम-निउण-परमत्थ-रुइरबहुभंगदिट्ठिवायाओ ।**
**अत्था अणुसरिअव्वा, बंधोदयसंतकम्माणं ॥८९॥**

दुरहिगम=દુઃખે જાણી શકાય એવા.
निउण=સૂક્ષ્મબુદ્ધિને ગમ્ય.
परमत्थ=યથાસ્થિત અર્થવાળા.
रुइर=આનંદકારી.
बहुभंगदिट्ठिवायाओ=બહુ ભાંગા છે જેને વિષે એવા દૃષ્ટિવાદ સૂત્રથકી
अत्था=વિશેષ અર્થો.
अणुसरिअव्वा=જાણવા.
बंधोदयसंतकम्माणं=બંધ, ઉદય અને સત્તા કર્મના.

**અર્થ:**-દુઃખે જાણી શકાય એવા, સૂક્ષ્મબુદ્ધિને ગમ્ય, યથાસ્થિત અર્થવાળા, આનંદકારી અને બહુ ભાંગા છે જેને વિષે એવા દૃષ્ટિવાદ સૂત્ર થકી બંધ, ઉદય અને સત્તાકર્મના વિશેષ અર્થો જાણવા. ॥ ૮૯ ॥

**વિવેચન:**-વિશેષ જાણવા વાંછતાને આચાર્ય ભગવાન કહે છે-દુરધિગમ તે ગંભીરાર્થ, નિપુણ-સૂક્ષ્મબુદ્ધિને ગમ્ય, ઉત્કૃષ્ટ યથાસ્થિત અર્થ છે જ્યાં, રુચિર-સૂક્ષ્મ સૂક્ષ્મતરાર્થ જાણવામાં કુશળ પંડિતજનોને આહ્લાદકારી, બહુ-ઘણા ભાંગા-વિકલ્પ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે જેને વિષે બહુ ભંગ એવું જે દૃષ્ટિવાદનામા બારમું અંગ તે થકી-ઇહાં જે અર્થ ન કહ્યા હોય તે ત્યાંથી વિસ્તારે બંધ ઉદય સત્તાવંત કર્મપ્રકૃતિના હોય તે અનુસરવા-જાણવા ॥૮૯॥

---

## जो जत्थ अपडिपुन्नो, अत्थो अप्पागमेण बद्धोत्ति ।
## तं खमिऊण बहुसुआ, पुरेऊणं परिकहंतु ॥ ९० ॥

जो=જે
जत्थ=જ્યાં.
अपडिपुन्नो=અપૂર્ણ.
अत्थो=અર્થ.
अप्पागमेण=અલ્પશ્રુત એવા મેં.
बध्धो=રચ્યો.
तं=તે.
खमिऊण=ખમીને.
बहुसुया=બહુશ્રુતો-દૃષ્ટિવાદને જાણનારા.
पूरेऊणं=(તે તે અર્થની ગાથા) મેળવીને.
परिकहंतु=રૂડે પ્રકારે પ્રતિપાદન કરે.

**अर्थः**-અલ્પશ્રુત એવા મેં જ્યાં જે અપૂર્ણ અર્થ રચ્યો હોય તે ક્ષમા કરીને બહુશ્રુતો (તે તે અર્થની ગાથા) મેળવીને રૂડે પ્રકારે પ્રતિપાદન કરે. ॥ ૯૦ ॥

**विवेचनः**-હવે આચાર્ય પોતાનું માન રહિતપણું દેખાડે છે. એ સપ્તતિકા ગ્રંથને વિષે જે જ્યાં બંધ ઉદય સત્તાને વિષે અર્થ અપરિપૂર્ણ-અધુરો અલ્પ આગમવંત-અલ્પશાસ્ત્રના જાણ એવા મેં રચ્યો હોય તે મારા અપરિપૂર્ણ અર્થ કહેવારૂપ અપરાધને ખમીને બહુશ્રુત-બહુ સિદ્ધાન્તના જાણ ગીતાર્થ હોય તેણે ઉણો અધુરો અર્થ પૂરીને (ઈહાં કવીશ્વરે પોતાનો ગર્વ ટાળ્યો) તત્પ્રતિપાદિકા ગાથા ગ્રંથ માંહે પ્રક્ષેપીને શિષ્ય આગળ-શ્રોતાજન આગળ परि-સામસ્ત્યપણે-પૂર્ણ અર્થ કહેવો. ॥ ૯૦ ॥

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गाहग्गं सयरीए, चंदमहत्तरमयाणुसारीए ।**
**टीगाइ निअमिआणं, एगूणा होइ नउईओ ॥९१॥**

गाहग्गं सयरीए=સીત્તેર ગાથા વડે.
चंदमहत्तरमयाणुसारीए=ચંદ્રમહત્તરાચાર્યના મતને અનુસરવાવાળી.
टीगाइ=ટીકાએ.
नियमिआणं=રચેલી.
एगूणानउईओ=નેવાશી.
होइ=હોય.

**अर्थः**ચંદ્રમહત્તરાચાર્યના મતને અનુસરવાવાળી સિત્તેર ગાથાવડે આ ગ્રંથ રચાયેલ છે (તેમાં) ટીકાકારે રચેલી નવી ગાથાઓ ઉમેરતાં નેવાશી થાય છે. ॥ ૯૧ ॥

**विवेचनः**-એ સપ્તતિકા ગ્રંથકર્તા ચંદ્રમહત્તર (?) આચાર્યે તો પૂર્વે (૭૦) સિત્તેર જ ગાથા કરી હતી, તે માટે જ સપ્તતિકા એવું ગ્રંથનું નામ થયું ત્યાર પછી ટીકાકર્તાએ ગ્રંથ દુર્બોધ જાણીને જો જત્થ૦ ઇત્યાદિ ગાથામાં જણાવ્યા મુજબ ગ્રંથકર્તાની આજ્ઞા થકી જ જ્યાં જોઇએ ત્યાં તેટલી ભાષ્યની ગાથાઓ મેળવીને સુબોધ કીધો, ત્યારે તે ટીકાએ નિયંત્રી-સાંકલી ગાથાઓ મળીને એ સપ્તતિકાની ગાથા એક ઊણી નેઉ -નેવ્યાસી ( ૮૯ ) છે. ઇત્યર્થ. ॥ ૯૧ ॥

---

इति श्रीसप्ततिकाख्यः षष्ठः कर्मग्रंथः संपूर्णः ॥ तत्समाप्तौ च समाप्तं कर्म्मग्रंथषट्कं महार्थं । पूर्वगताम्नायनिबद्धं ॥

इति परिसमाप्तौ । એટલે એ સપ્તતિકા નામે છઠ્ઠો કર્મગ્રંથ સંપૂર્ણ થયો, તે સંપૂર્ણ થયે છતે એ છ કર્મગ્રંથ મહા અર્થવંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપૂર્ણ થયા. ત્યાં ધુરિલા પાંચ કર્મગ્રંથ તપાગચ્છાધિરાજ ભટ્ટારક શ્રીદેવેંદ્રસૂરીશ્વરે રચ્યા છે, અને છઠ્ઠો સપ્તતિકા નામે કર્મગ્રંથ તે પૂર્વધર પૂર્વાચાર્યે કીધો છે.

ઇતિ શ્રી કર્મગ્રંથસ્તબુકાર્થ: સંપૂર્ણ: પં૦ जीवविजयगणि વિરચિત: ॥ ટબો, સૂત્ર સર્વ મળી ગ્રંથાગ્રં ૮૦૦૦ માનં.

अथ स्तबुकार्थकर्त्ता ग्रंथप्रशस्तिमाह–आर्या ॥

मंदधियां दुर्बोधो जिनमतविदुषां सुबुद्धिवृद्धिकरः ।
अतिगहनार्थो जीयात्, कर्म्मग्रंथाभिधग्रंथः ॥१॥

श्रीमत्तपगणनायक,–पूज्यश्रीविजयदेवसूरीणां ।
पट्टपाग्गिरिरवय आसं—श्रीविजयसिंहाख्याः ॥२॥

तेषां मुख्याः शिष्याः, पंडितगजविजयसंज्ञिताः ख्याताः ।
पंडितगुणविजयाख्यास्तेषां शिष्याः शुभाभिख्याः ॥३॥

तेषां सतीर्थ्यभाजो, बुधहितविजयाभिधा जगद्विदिताः ।
तत्पदपंकजमधुकृ–न्निभा बुधज्ञानविजयाह्वाः ॥४॥

तच्छिष्येण स्वपरावबोधकृतये विनिर्मितः स्तबुकः ।
बुधजीवविजयनाम्ना, कर्मग्रंथाभिधग्रंथे ॥५॥

श्रीमद्विक्रमनृपतः, संवति गुणगगनधृतिमिते (१८०३) वर्षे ।
विजयदशम्यां जाता, कर्मग्रंथस्तबुकपूर्तिः ॥६॥

गंभीरार्थे ग्रंथे, मतिमांद्याद्वा प्रमादतो मयका ।
यदलीकमत्र लिखितं, संशोध्यं तत्कृपावद्भिः ॥७॥

इति श्रीप्रशस्तिः लेखकपाठकयोः शुभं भूयात् ॥ पंडित श्रीजीवविजयगणिविनेय पं० श्री मोहनविजयगणिशिष्यमुनिदयाविजय–नेमिविजयाभ्यां लिखितः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ–૧

## નામકર્મના બંધસ્થાન, ઉદયસ્થાન અને સત્તાસ્થાન તથા તેના ભાંગા અંગે ૬૨ માર્ગણાને વિષે સમજુતી.

લેખક :–કપૂરચંદ રણછોડદાસ વારૈયા–પાલિતાણા

૧ નરકગતિ:-નરકગતિમાં ૨૯ અને ૩૦ એમ બે બંધસ્થાન હોય છે. શેષ બંધસ્થાનકો તથાસ્વભાવે જ નરકના જીવો બાંધતાં નથી. ત્યાં પર્યા. પં. તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ બાંધતાં ૪૬૦૮ અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ બાંધતાં ૪૬૦૮ એમ કુલ ૨૯ના બંધના ૯૨૧૬ ભાંગા, અને તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ બાંધતાં ૪૬૦૮ અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ બાંધતાં ભાંગા ૮ એમ ૩૦ના બંધે કુલ ૪૬૧૬ ભાંગા, એમ નરકગતિમાં બન્ને બંધસ્થાનના મળી ૧૩૮૩૨ ભાંગા હોય છે. નરકગતિમાં પોતાના પાંચે ઉદયસ્થાનકે એકેક ઉદય ભાંગો હોવાથી કુલ ૫ ઉદયભાંગા હોય છે. અને સત્તાસ્થાનક ૯૨–૮૯–૮૮ એમ ત્રણ હોય છે. જિનનામ અને આહારકદ્વિકની સત્તાવાળો જીવ નરકમાં જાય નહીં. માટે ૯૩ની સત્તા તેમને હોતી નથી.

૨ તિર્યંચગતિ:–તિર્યંચગતિમાં ૨૩ આદિ પ્રથમના ૭ બંધસ્થાનકો હોય છે. ત્યાં જિનનામનો બંધ તિર્યંચો તથાસ્વભાવે કરતા નથી. માટે જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૮, જિનનામ સહિત મનુષ્યગતિ પ્રાયોગ્ય ૩૦ના બંધના ૮ તથા સંયમનો અભાવ હોવાથી આહારકદ્વિક સહિત ૩૦ નો ૧ તથા ૩૧ અને ૧ ના બંધનો એકેક મળી કુલ ૧૯ ભાંગા વર્જીને શેષ ૧૩૯૨૬ ભાંગા બાંધે છે. ઉદયસ્થાન ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ એમ કુલ નવ ઉદયસ્થાન હોય છે. ત્યાં ઉદય પ્રસંગે બતાવેલ એકેન્દ્રિયાદિ સર્વ તિર્યંચોના કુલ ૫૦૭૦ ઉદયભાંગા હોય છે. અને સત્તાસ્થાન ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એ પાંચ હોય છે. જિનનામની સત્તાનો અભાવ હોવાથી અને ક્ષપક શ્રેણીનો અભાવ હોવાથી શેષ સત્તાસ્થાનો ઘટતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩ **મનુષ્યગતિ**:–મનુષ્યગતિમાં આઠે બંધસ્થાન હોય છે, પરંતુ જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધસ્થાનના ૮ ભાંગા હોતા નથી. કારણ કે તે દેવો અને નારકો જ બાંધે છે. તેથી શેષ ૧૩૯૩૭ બંધભાંગા હોય છે. ૨૪ વર્જી શેષ ૧૧ ઉદયસ્થાન હોય છે. ત્યાં સામાન્ય ઉદયસ્થાન પ્રસંગે બતાવેલ કુલ મનુષ્યના ૨૬૫૨ ઉદયભાંગા હોય. મનુષ્યને મનુષ્યદ્વિકની સત્તા અવસ્ય હોવાથી શેષ ૧૧ સત્તાસ્થાન હોય છે, પણ ૭૮નું હોતું નથી.

૪ **દેવગતિ**:–દેવગતિમાં ૨૫, ૨૬, ૨૯ અને ૩૦ એમ ચાર બંધસ્થાન હોય છે. ત્યાં ૨૯ અને ૩૦ના બંધે નરકગતિમાં બતાવ્યા પ્રમાણે ૧૩૮૩૨ બંધભાંગા અને ૨૫ના બંધે બાદર પર્યાપ્ત પ્રત્યેકના ૮ ભાંગા તથા ૨૬ના બંધના ૧૬ ભાંગા મળી કુલ ચારે બંધસ્થાનકે મળી ૧૩૮૫૬ ભાંગા હોય. તથા દેવતાના દરેક ઉદયસ્થાનકે મળી ઉદયભાંગા ૬૪ હોય છે અને ૯૩, ૯૨, ૮૯ અને ૮૮ એમ ચાર સત્તાસ્થાન હોય છે.

## ગતિમાર્ગણા સમાપ્ત.

૫ **એકેન્દ્રિય**:–એકેન્દ્રિયમાં ૨૩, ૨૫, ૨૬, ૨૯, અને ૩૦ એ પાંચ બંધસ્થાન હોય છે. ત્યાં ૨૩ના બંધે ૪, ૨૫ના બંધે ૨૫, ૨૬ ના બંધે ૧૬, ૨૯ ના બંધે જિનનામ સહિત દેવપ્રાયોગ્યના ૮ ભાંગા વર્જી ૯૨૪૦ અને ૩૦ ના બંધે જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮ ભાંગા અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્યનો ૧, એમ નવ ભાંગા વર્જી ૪૬૩૨ ભાંગા હોય. એમ પાંચે બંધસ્થાનકે મળી કુલ ૧૩૯૧૭ બંધભાંગા હોય. ઉદયસ્થાન સામાન્ય ઉદયપ્રસંગે બતાવેલ ૨૧ આદિ પાંચ હોય અને સર્વ મલી ૪૨ ઉદયભાંગા હોય. તથા તિર્યંચગતિમાં જણાવ્યા મુજબ પાંચ સત્તાસ્થાન હોય.

૬–૭–૮ **વિકલેન્દ્રિય**:–વિકલેન્દ્રિયની ત્રણે માર્ગણામાં એકેન્દ્રિય માર્ગણામાં બતાવ્યા પ્રમાણે ૨૩ વગેરે પાંચ બંધસ્થાનના ૧૩૯૧૭ બંધભાંગા તથા પોતપોતાના ૨૧ આદિ ૭ ઉદયસ્થાને બેઇન્દ્રિયાદિ દરેકના ૨૨, ૨૨ ભાંગા હોય અને સત્તાસ્થાન પણ તિર્યંચગતિમાં જણાવ્યા મુજબ પાંચ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯ પંચેન્દ્રિયઃ—પંચેન્દ્રિયમાં બંધસ્થાન આઠે આઠ, બંધભાંગા ૧૩૯૪૫. અને ૨૪ વર્જી ૧૧ ઉદયસ્થાન હોય છે. અને એકેન્દ્રિયના ૪૨ તથા વિકલેન્દ્રિયના ૬૬ એમ કુલ ૧૦૮ ભાંગા વર્જી શેષ ૭૬૮૩ ઉદયભાંગા હોય અને સત્તાસ્થાન ૧૨ હોય છે.

## ઇન્દ્રિય માર્ગણા સમાપ્ત

**૧૦ પૃથ્વીકાયઃ**—પૃથ્વીકાયમાં એકેન્દ્રિયમાં જણાવ્યા મુજબ બંધસ્થાન પાંચ, બંધભાંગા ૧૩૯૧૭ હોય. તથા ૨૧, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ એ પાંચ ઉદયસ્થાન હોય છે. ત્યાં ૨૧ના ઉદયે પાંચ ભાંગા અને ૨૪ના ઉદયે બાદર પર્યાપ્ત પ્રત્યેક યશ અને અયશના બે, અને બાદર અપર્યાપ્ત પ્રત્યેક અયશનો એક, અને સૂક્ષ્મ પર્યાપ્ત—અપર્યાપ્તના પ્રત્યેકના બે એમ ૫ ભાંગા, તથા ૨૫ના ઉદયે બાદર પર્યાપ્ત પ્રત્યેક યશ અને અયશના બે, સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક અયશનો એક એમ ત્રણ, તથા ૨૬ ના ઉદયે ઉચ્છ્વાસ સહિત કરતાં ૨૫ ના ઉદયમાં બતાવેલ ૩ ભાંગા અને આતપ નાખવાથી બાદર પર્યાપ્ત પ્રત્યેક યશ અને અયશ સાથે બે ભાંગા, ઉદ્યોત નાખવાથી બે ભાંગા એમ ૭ ભાંગા, તથા ૨૭ના ઉદયે ઉપર જણાવ્યા મુજબ ૨ આતપના અને ૨ ઉદ્યોતના એમ ૪ ઉદયભાંગા હોય. એમ અનુક્રમે ૫–૫–૩–૭–૪ મળી કુલ ૨૪ ઉદયભાંગા હોય. સત્તાસ્થાન ઉપર મુજબ પાંચ હોય છે.

**૧૧ અપ્કાયઃ**—અપ્કાયમાં એકેન્દ્રિયમાં જણાવ્યા મુજબ બંધસ્થાન પાંચ અને બંધભાંગા ૧૩૯૧૭ હોય. અને ૨૧ આદિ પાંચ ઉદયસ્થાન હોય. ત્યાં પૃથ્વીકાયમાં બતાવ્યા મુજબ ૨૧ના પાંચ,, ૨૪ના પાંચ, ૨૫ના ત્રણ અને ૨૬ ના આતપ વિનાના પાંચ અને ૨૭માં ઉદ્યોતના બે એમ કુલ ૨૦ ઉદયભાંગા અને ૯૨ આદિ પાંચ સત્તાસ્થાનક હોય છે.

**૧૨ તેઉકાયઃ**—તેઉકાયમાં ૨૩, ૨૫, ૨૬, ૨૯ અને ૩૦ એ પાંચ બંધસ્થાન હોય છે. ત્યાં તેઉકાય તિર્યંચ પ્રાયોગ્ય જ બંધ કરે છે માટે દરેક બંધસ્થાને તિર્યંચપ્રાયોગ્ય જ બંધભાંગા લેવા. તે આ પ્રમાણે—૨૩ ના બંધે ૪, ૨૫ના બંધે અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૧ ભાંગો વર્જી શેષ ૨૪, ૨૬ ના બંધે ૧૬, ૨૯ ના બંધે પંચેન્દ્રિય તિર્યંચના ૪૬૦૮ અને વિકલેન્દ્રિયના ૨૪ મળી કુલ ૪૬૩૨ અને તે જ પ્રમાણે ૩૦ ના બંધે પણ ૪૬૩૨ એમ કુલ ૯૩૦૮ બંધભાંગા હોય છે. ઉદયસ્થાન ૨૧, ૨૪,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫, ૨૬ એમ ચાર હોય. ત્યાં ૨૧ના ઉદયે બાદર પર્યાપ્ત યશ વર્જી શેષ ૪ ભાંગા તથા ૨૪ના ઉદયે બાદર પર્યાપ્ત પ્રત્યેક, અને સુક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક, બાદર અપર્યાપ્ત પ્રત્યેક અને સૂક્ષ્મ અપર્યાપ્ત પ્રત્યેકના અયશ સાથેના ૪ ભાંગા તથા ૨૫ના ઉદયના બાદર પ્રત્યેક અયશ અને સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક અયશ એ બે ભાંગા તથા ઉચ્છ્વાસ સહિત ૨૬ના ઉદયે પણ એજ બે, એમ કુલ ૧૨ ઉદયભાંગા અને ૯૨ વગેરે પાંચ સત્તાસ્થાન હોય છે.

**૧૩ વાઉકાયઃ**–તેઉકાય પ્રમાણે બંધસ્થાન પાંચ. બંધભાંગા ૯૩૦૮ હોય છે. તથા તેઉકાયમાં બતાવ્યા પ્રમાણે ૨૧ આદિ ચાર ઉદયસ્થાને મળી કુલ ૧૨ ઉદયભાંગા હોય. અને તે ઉપરાંત વૈક્રિય કરતાં વાઉકાયને ૨૪, ૨૫ અને ૨૬ના ઉદયે એકેક ઉદયભાંગો હોવાથી ૧૨+૩=૧૫ ઉદય ભાંગા થાય છે. ૯૨ આદિ પાંચ સત્તાસ્થાન હોય છે.

**૧૪ વનસ્પતિકાયઃ**–વનસ્પતિકાયમાં બંધસ્થાન પાંચ હોય છે. એકેન્દ્રિયમાં બતાવ્યા મુજબ બંધભાંગા ૧૩૯૧૭ હોય છે. તથા ૨૧ થી ૨૭ પાંચ ઉદયસ્થાનો હોય છે અને ત્યાં ૨૧ ના ઉદયે ૫, તથા ૨૪ના ઉદયે વૈક્રિય વાઉકાયનો ૧ અને સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક અયશ અને સૂક્ષ્મ અપર્યાપ્ત પ્રત્યેક અયશ એ ત્રણ વર્જી શેષ ૮, ૨૫ના ઉદયે પણ પરાઘાત સહિત સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક અયશ અને વૈક્રિય વાઉકાય એ બે વર્જી પાંચ તથા ૨૬ ના ઉદયે ૨૫ના ઉદયમાં બતાવેલા ૨, તથા આતપના ઉદયવાળા બે, એ ચાર વર્જી શેષ ૯ તથા ૨૭ના ઉદયે ઉદ્યોતના ૪ એમ ૫+૮ +૫+૯+૪ મળી કુલ ૩૧ ઉદયભાંગા હોય તથા ૯૨ આદિ પાંચ સત્તાસ્થાન હોય છે.

**૧૫ ત્રસકાયઃ**–ત્રસકાયમાં બંધસ્થાન ૮, બંધભાંગા ૧૩૯૪૫ હોય છે. ૨૪ વિના શેષ ૧૧ ઉદયસ્થાન તથા એકેન્દ્રિયના ૪૨ ભાંગા વર્જી ૭૭૪૯ ઉદયભાંગા હોય અને ૯૩ વગેરે બાર સત્તાસ્થાન હોય છે.

## કાયમાર્ગણા સમાપ્ત

**૧૬ મનોયોગઃ**–મનોયોગમાં સર્વ બંધસ્થાન તથા સર્વ બંધભાંગા હોય. ઉદયસ્થાન ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ એમ ૭ હોય. કેમ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત જીવને ૪ મનોયોગ ઘટી શકે છે. માટે શેષ ઉદયસ્થાનો હોતા નથી. ૨૫ આદિ ઉદયસ્થાનોનું જે ગ્રહણ કરેલ છે તે વૈક્રિય મનુષ્ય તથા તિર્યંચો તથા આહારક મનુષ્યના ઉત્તર શરીરની અપેક્ષાએ અપર્યાપ્ત હોવા છતાં મૂળ શરીરની અપેક્ષાએ પર્યાપ્તા જ ગણાય છે. માટે મનોયોગ હોય છે. ૨૫ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, આહારકનો ૧ એમ કુલ ૧૭, ૨૭ ના ઉદયે પણ ઉપરોક્ત ૧૭ તથા અઠ્ઠાવીશના ઉદયે વૈક્રિય તિર્યંચના ૧૬, મનુષ્યના ૯, આહારકના ૨ કુલ ૨૭, ૨૯ ના ઉદયે નારકીનો ૧ અને સ્વર સહિત દેવતાના ૮ પૂર્વોક્ત ૨૭ કુલ ૩૬. ૩૦ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યનો ૧, આહારકનો ૧, દેવતાના ૮ અને સામાન્ય તિર્યંચના સ્વર સહિત ૧૧૫૨, મનુષ્યના ૧૧૫૨ એમ કુલ ૨૩૨૨ તથા ૩૧ના ઉદયે તિર્યંચના ૧૧૫૨, તીર્થંકર કેવલીનો ૧ એમ ૧૧૫૩ એમ કુલ ૩૫૭૨ ભાંગા હોય છે. તથા ૭૮, ૯ અને ૮ વર્જી શેષ સત્તાસ્થાન હોય છે. ૭૮નું સત્તાસ્થાન તેઉકાય-વાયુકાયમાં અને ત્યાંથી આવેલ શરીર પર્યાપ્તિએ અપર્યાપ્તાને કેટલાએક કાળ સુધી હોય છે અને તે વખતે મનોયોગ હોતો નથી.

**૧૭ વચનયોગ**:—વચનયોગમાં બંધસ્થાન તથા બંધભાંગા સર્વ હોય છે અને ઉદયસ્થાન તથા ઉદયભાંગા પણ મનોયોગમાં બતાવ્યા પ્રમાણે જ હોય છે પરંતુ વિશેષતા એ છે કે-સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા વિકલેન્દ્રિયને મનોયોગનો અભાવ હોવા છતાં વચનયોગ હોય છે. માટે સ્વર સહિત ૩૦ ના ઉદયે વિકલેન્દ્રિયના મળીને ૧૨ અને ૩૧ના ઉદયના ૧૨ એમ ૨૪ ભાંગા પૂર્વોક્ત મનોયોગમાં બતાવેલ ૩૫૭૨ ભાંગામાં ઉમેરતાં કુલ ૩૫૯૬ ઉદયભાંગા થાય છે. તથા ઉપર પ્રમાણે સત્તાસ્થાન ૯ હોય છે.

**૧૮ કાયયોગ**:—કાયયોગમાં સર્વ બંધસ્થાન તથા સર્વ બંધભાંગા હોય છે. તથા અયોગી (૧૪ મા) ગુણસ્થાને યોગનો અભાવ હોવાથી તે સંબંધી બે ઉદયસ્થાન અને ઉદયભાંગા ૨ છોડી ૨૦ આદિ ૧૦ ઉદયસ્થાન અને ૭૭૮૯ ઉદયભાંગા અને ૯ અને ૮ એ બે સત્તાસ્થાન છોડી ૯૩ આદિ ૧૦ સત્તાસ્થાન હોય છે.

## યોગ માર્ગણા સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯ પુરૂષવેદ:—પુરુષવેદમાં બંધસ્થાન તથા બંધભાંગા બધાય હોય છે. અને કેવલીને જ સંભવતાં ૨૦, ૮ અને ૯ તથા એકેન્દ્રિયમાં પુરૂષવેદનો અભાવ હોવાથી તેમાં જ સંભવતું ૨૪નું ઉદયસ્થાન એમ ચાર ઉદયસ્થાન વર્જી ૨૧નું અને ૨૫ થી ૩૧ પર્યંત ૮ ઉદયસ્થાનો હોય. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને નારકીમાં પુરુષવેદનો અભાવ હોવાથી તેના કુલ ૧૧૩ અને કેવલીમાં જ સંભવતા ૮ ભાંગા એમ સર્વ મળી ૧૨૧ ભાંગા વિના ૭૬૭૦ ઉદયભાંગા હોય છે. તથા સત્તાસ્થાન ૯૩ વગેરે પ્રથમના ૧૦ હોય છે.

૨૦ સ્ત્રીવેદ:—સ્ત્રીવેદમાં પણ સર્વ બંધસ્થાન અને બંધભાંગા હોય છે અને પુરૂષવેદમાં કહ્યા પ્રમાણે ઉદયસ્થાન ૮ તથા પુરૂષવેદમાં વર્જેલ ૧૨૧ ભાંગા ઉપરાંત સ્ત્રીવેદીને આહારકનો અભાવ હોવાથી તત્સંબંધી ૭ એમ ૧૨૮ ભાંગા બાદ કરતાં ૭૬૬૩ ભાંગા હોય છે અને ૯૩ આદિ ૧૦ સત્તાસ્થાન હોય છે.

૨૧ નપુંસકવેદ:—નપુંસકવેદમાં બંધસ્થાન તથા બંધભાંગા સર્વ હોય છે અને કેવલીને સંભવતા ૨૦, ૯, ૮ એ ત્રણ ઉદયસ્થાન વિના શેષ ૯ હોય છે. દેવતામાં નપુંસકવેદ ન હોવાથી તેઓના ૬૪ અને કેવલીના ૮ એમ ૭૨ ભાંગા સિવાયના ૭૭૧૯ ભાંગા હોય અને ૯૩ આદિ ૧૦ સત્તાસ્થાન હોય.

## વેદ માર્ગણા સમાપ્ત

૨૨ થી ૨૫ ચાર કષાય:—ચારે કષાયમાં ૮ બંધસ્થાન અને ૧૩૯૪૫ બંધભાંગા અને કેવલીને જ સંભવતાં ૨૦,૯ અને ૮ રહિત શેષ ૯ ઉદયસ્થાન તથા કેવલીના ૮ ભાંગા વિના ૭૭૮૩ ઉદયભાંગા હોય છે અને ૯૩ આદિ ૧૦ સત્તાસ્થાન હોય છે.

## કષાય માર્ગણા સમાપ્ત

૨૬ થી ૨૮ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં ૨૮ વગેરે પાંચ બંધસ્થાન હોય છે. તિર્યંચ અને નરકપ્રાયોગ્ય બંધનો અભાવ હોવાથી ૨૩ આદિ બંધસ્થાનો ઘટતા નથી. અને ૨૯ આદિના બંધને વિષે પણ મનુષ્ય અને દેવ પ્રાયોગ્ય જ ભાંગા ઘટે છે. ૨૮ના બંધે દેવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયોગ્ય ૮, ૨૯ના બંધે જિનનામ સહિત દેવપ્રાયોગ્ય બાંધતાં મનુષ્યોને ૮, મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ બાંધતા દેવતાના ૮ એમ કુલ ૧૬, જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધના ૮ દેવ-નારકને હોય છે. ૩૦ના બંધે આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય બાંધતાં ૧ એમ કુલ ૯, એકત્રીશના બંધનો ૧ અને એકના બંધનો ૧ એમ કુલ સર્વ મલી ૩૫ બંધભાંગા હોય છે, તથા ૨૪ વિના ૨૧ થી ૩૧ પર્યંત આઠ ઉદયસ્થાન હોય છે, ત્યાં એકેન્દ્રિય-વિકલેન્દ્રિયમાં, લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય-તિર્યંચોમાં અને કેવલીમાં મતિજ્ઞાનનો અભાવ હોવાથી અનુક્રમે ૪૨, ૬૬, ૪, ૮ એમ કુલ ૧૨૦ ભાંગા વર્જી શેષ ૭૬૭૧ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાન ૮૬ અને ૭૮ વર્જી ૯૩ થી ૭૫ પર્યંત આઠ હોય છે. ૮૬ અને ૭૮નું સત્તાસ્થાન સમ્યગ્દૃષ્ટિને હોતું નથી. તેથી ગણ્યું નથી. શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન પણ એ જ પ્રમાણે હોય છે,

**૨૯ મનઃપર્યવજ્ઞાનઃ**— મનઃપર્યવજ્ઞાનમાં બંધસ્થાન ૨૮ આદિ પાંચ હોય છે. ત્યાં ૨૮ના બંધે ૮, જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ બાંધતા ૮ તથા આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ બાંધતાં ૧, ૩૧ના બંધનો ૧ અને એકના બંધનો ૧ એમ કુલ ૧૯ બંધભાંગા હોય છે. અને એ જીવો દેવગતિ પ્રાયોગ્ય જ બંધ કરે છે. માટે બીજા ભાંગા ઘટતા નથી. તથા ૨૫, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ એ પાંચ ઉદયસ્થાન હોય છે. ત્યાં પ્રથમના ચાર ઉદયસ્થાન આહારક તથા વૈક્રિય મનુષ્યને આશ્રયીને હોય છે અને ૩૦નું ઉદયસ્થાન આહારક તથા વૈક્રિય મનુષ્યોને તથા સામાન્ય મનુષ્યોને પણ ઘટે છે. ૩૦ના ઉદયના સામાન્ય મનુષ્યના ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૨ વિહાયોગતિ અને ૨ સ્વર સાથે ગુણતા ૬×૬×૨×૨=૧૪૪ ભાંગા થાય છે. આહારકના ૭ તથા વૈક્રિયના ૭ એમ સર્વ મળી ૧૫૮ ઉદયભાંગા હોય છે તથા મતિજ્ઞાનમાં બતાવ્યા પ્રમાણે ૮ સત્તાસ્થાન હોય છે.

**૩૦ કેવલજ્ઞાનઃ**—કેવલજ્ઞાનમાં બંધસ્થાન તથા બંધભાંગા હોતા નથી. તથા ૨૪, ૨૫ વર્જી શેષ ૧૦ ઉદયસ્થાન અને કેવલીના ૬૨ ઉદયભાંગા હોય છે, તથા ૮૦, ૭૯, ૭૬, ૭૫, ૯ અને ૮ એ ૭ સત્તાસ્થાન હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૩૧-૩૨ મતિઅજ્ઞાન ને શ્રુતઅજ્ઞાન**માં પ્રથમના ૬ બંધસ્થાન તિર્યંચગતિમાં જણાવ્યા મુજબ ૧૩૯૨૬ બંધભાંગા હોય છે. અને ૨૧ થી ૩૧ પર્યંત ૯ ઉદયસ્થાન હોય છે. તથા ઉદયભાંગા આહારકના ૭ અને વૈક્રિય મનુષ્યના ઉદ્યોત સહિતના ૩ તથા કેવલીના ૮ એમ ૧૮ વર્જી શેષ ૭૭૭૩ ઉદયભાંગા હોય છે. ૯૩ વર્જી બાકીના ૯૨, ૮૮, ૮૯, ૮૬. ૮૦ અને ૭૮ એ ૭ સત્તાસ્થાન હોય છે.

**૩૩ વિભંગજ્ઞાનઃ**-વિભંગજ્ઞાનમાં તિર્યંચગતિમાં બતાવ્યા પ્રમાણે બંધસ્થાન ૬ અને બંધભાંગા ૧૩૯૨૬ હોય છે. તથા ૨૧ થી ૩૧ પર્યંત ૨૪ વર્જી ૮ ઉદયસ્થાન હોય છે તથા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, લબ્ધિ અપર્યાપ્ત તિર્યંચ મનુષ્યમાં અને કેવલીમાં વિભંગજ્ઞાન ન હોવાથી તત્પ્રાયોગ્ય ૧૨૦ તેમજ આહારકના ૭, ઉદ્યોત સહિત વૈક્રિય મનુષ્યના ૩ એવં ૧૩૦ વિના શેષ ૭૬૬૧ ઉદયભાંગા હોય છે, વળી અહિં મૂલ શરીરની અપર્યાપ્ત અવસ્થામાં વિભંગજ્ઞાન કેટલાક આચાર્યો માનતા નથી માટે તે મતે ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ એ ૬ ઉદયસ્થાનો હોય છે. ત્યાં ૩૦ તથા ૩૧ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ અને ૧૧૫૨, તથા ૩૦ ના ઉદયે સામાન્ય મનુષ્યના ૧૧૫૨ તથા ઉદ્યોત સહિતના ૩ વર્જી શેષ વૈક્રિય મનુષ્યના ૩૨, વૈક્રિય તિર્યંચના ૫૬, દેવતાના ૬૪, નારકીના ૫ એમ સર્વ મળી ૩૬૧૩ ઉદયભાંગા પણ હોય છે. તથા ૯૨, ૮૯ અને ૮૮ એમ ત્રણ સત્તાસ્થાન હોય છે.

## જ્ઞાન-અજ્ઞાન માર્ગણા સમાપ્ત

**૩૪-૩૫ સામાયિક અને છેદોપસ્થાપનીય**-આ બે ચારિત્રમાં મનઃપર્યવજ્ઞાનમાં બતાવ્યા પ્રમાણે ૨૮ આદિ પાંચ બંધસ્થાન અને ૧૯ બંધભાંગા, ઉદયસ્થાન ૫ અને ઉદયભાંગા ૧૫૮ તથા સત્તાસ્થાન ૮ હોય છે.

**૩૬ પરિહારવિશુદ્ધિઃ**-પરિહારવિશુદ્ધિમાં ૨૮ આદિ ચાર બંધસ્થાન અને ૧ ના બંધનો એક ભાંગો વર્જી મનઃપર્યવજ્ઞાનમાં બતાવ્યા મુજબ દેવપ્રાયોગ્ય ૧૮ બંધભાગા હોય છે. આ જીવો અતિવિશુદ્ધિવાળા હોવાથી વૈક્રિય તથા આહારક શરીર કરતા નથી. તેમજ પ્રથમ સંઘયણવાળા હોય છે માટે ૩૦નું ૧ ઉદયસ્થાન અને ૭ સંસ્થાન, બે વિહાયો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગતિ અને બે સ્વરના મળી ૬×૨×૨=૨૪ ઉદયભાંગા હોય છે તથા ૯૩ વગેરે પ્રથમના ચાર સત્તાસ્થાન હોય છે.

૩૭ સૂક્ષ્મસંપરાય:-સૂક્ષ્મસંપરાય ચારિત્રમાં ૧ નું બંધસ્થાન, બંધભાંગો ૧. તથા ૩૦ નું ૧ ઉદયસ્થાન હોય છે અને પ્રથમના ત્રણ સંઘયણ, ૬ સંસ્થાન, ૨ વિહાયોગતિ અને બે સ્વર સાથે ૩×૬×૨×૨= ૭૨ ઉદયભાંગા હોય છે. તથા ૮૬ અને ૭૮ વર્જી પ્રથમના ૮ સત્તાસ્થાન હોય છે.

૩૮ યથાખ્યાત:-આ ચારિત્રમાં બંધસ્થાન તથા બંધભાંગા હોતા નથી. તથા ૨૪,૨૫ વર્જી ૧૦ ઉદયસ્થાન, ત્યાં ૨૦ ના ઉદયે ૧, ૨૧ ના ઉદયે ૧, ૨૬ ના ઉદયે ૬, ૨૭ ના ઉદયે ૧, ૨૮ ના ઉદયે ૧૨, ૨૯ ના ઉદયે ૧૩, ૩૦ ના ઉદયે ૭૩, ૩૧ ના ઉદયે ૧, ૮ અને ૯ ના ઉદયે ૧-૧ એમ સર્વ મલી ૧૧૦ ઉદયભાંગા હોય, તથા ૮૬ અને ૭૮ વર્જી ૧૦ સત્તાસ્થાન હોય છે.

૩૯ દેશવિરતિ:-દેશવિરતિમાં ૨૮ અને ૨૯ એ બે બંધસ્થાન, ત્યાં ૨૮ ના બંધના ૮, અને ૨૯ ના બંધના પણ ૮ એમ ૧૬ બંધભાંગા હોય છે. તથા ૨૫, ૨૭, ૨૮. ૨૯, ૩૦, ૩૧, એમ ૭ ઉદયસ્થાનો હોય છે. ત્યાં સ્વર સહિત ૩૦ ના ઉદયે તિર્યંચના ૧૪૪, ઉદ્યોત સહિત ૩૧ ના ઉદયે તિર્યંચના ૧૪૪, વૈક્રિય તિર્યંચના ૭ અને ઉદ્યોત રહિત વૈક્રિય મનુષ્યના ૪, અને સામાન્ય મનુષ્યના ૩૦ ના ઉદયના ૧૪૪. કેમ કે દેશવિરતિને સર્વ શુભપ્રકૃતિનો ઉદય હોય છે. એમ ૪૪૩ ઉદયભાંગા હોય છે, તથા ૯૩ આદિ પ્રથમના ૪ સત્તાસ્થાન હોય છે.

૪૦ અવિરતિ :-અહિં ૨૩ આદિ ૬ બંધસ્થાન અને ૩૧ બંધનો ૧ અને ૧ ના બંધનો ૧, અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ ના બંધનો ૧ એમ કુલ ૩ વર્જી શેષ ૧૩૯૪૨ બંધભાંગા હોય છે. ૨૧ આદિ ૯ ઉદયસ્થાન હોય છે, તથા મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનમાં બતાવ્યા પ્રમાણે ૭૭૭૩ ઉદય ભાંગા હોય છે તથા ૯૩ આદિ એટલે કે-૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એ ૭ સત્તાસ્થાન હોય છે.

## સંયમમાર્ગણા સમાપ્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૪૧ અચક્ષુદર્શન:**—અચક્ષુદર્શનમાં બંધસ્થાન અને બંધભાંગા સર્વે હોય છે. અને ૨૧ આદિ ૯ ઉદયસ્થાન હોય છે, તથા કેવલીના ૮ ભાંગા વિના ૭૭૮૪ ઉદયભાંગા હોય છે, અને ૯૩ વગેરે પ્રથમના ૧૦ સત્તાસ્થાન હોય છે.

**૪૨ ચક્ષુદર્શન:**—ચક્ષુદર્શનમાં બંધસ્થાન તથા બંધભાંગા સર્વે હોય છે. અને ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ એ ૭ ઉદયસ્થાન હોય છે. ૨૫ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, આહારકનો ૧ એવં કુલ ૧૭, ૨૭ ના ઉદયે ૨૫ ના ઉદયમાં જણાવેલા ૧૭ તથા ૨૭ ના ઉદયમાં ઇન્દ્રિયપર્યાપ્તિએ પર્યાપ્ત હોવાથી દેવતાના ૮, નારકનો ૧ એવં ૨૬, તથા ૨૮ ના ઉદયે તિર્યંચના ૫૭૬, મનુષ્યના ૫૭૬, ચઉરિંદ્રિયના ૨, વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨, નારકીનો ૧, દેવતાના ૧૬ એવં ૧૧૯૮, તથા ૨૯ ના ઉદયે તિર્યંચના ૧૧૫૨, મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨, ચઉરિંદ્રિયના ૪, નારકનો ૧ અને દેવતાના ૧૬ એવં ૧૭૭૬, ૩૦ ના ઉદયના તિર્યંચના ૧૭૨૮, મનુષ્યના ૧૧૫૨, ચૌરિંદ્રિયના ૬, વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યનો ૧, આહારક મનુષ્યનો ૧, દેવતાના ૮ એવં ૨૯૦૪ અને ૩૧ ના ઉદયે તિર્યંચના ૧૧૫૨, ચૌરિંદ્રિયના ૪ એવં ૧૧૫૬ એમ ૭ યે ઉદયસ્થાને થઈને કુલ ૭૦૭૭ ઉદયભાંગા થાય છે. વળી કેટલાએક આચાર્યોના મતે સર્વ પર્યાપ્તાએ પર્યાપ્તા જીવોને જ ચક્ષુદર્શનનો ઉદય માનેલ છે. તો તેમના મતે આદિના પાંચ ઉદયસ્થાનોમાં મૂળ શરીરની અપેક્ષાએ પર્યાપ્ત એવા વૈક્રિય તિર્યંચ, મનુષ્ય તથા આહારકના ભાંગા લેવા, પરંતુ બાકીના અપર્યાપ્ત જીવોના ભાંગા લેવા નહીં. તેથી ભાંગાની સંખ્યા નીચે પ્રમાણે આવશે. ૨૫ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮ અને આહારકનો ૧ એવં ૧૭, એ જ પ્રમાણે ૨૭ ના ઉદયના ૧૭, ૨૮ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨, એવં ૨૭ તથા ૨૯ ના ઉદયે ઉપર પ્રમાણે ૨૭ તથા નારકનો ૧, સ્વરસહિત દેવતાના ૮, એવં ૩૬. ૩૦ ના ઉદયે સ્વરસહિત તિર્યંચના ૧૧૫૨, ચૌરિંદ્રિયના ૪, મનુષ્યના ૧૧૫૨, દેવતાના ૮, વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યનો ૧, અને આહારકનો ૧ એમ ૨૩૨૬ એવં સર્વ મલી ૩૫૭૯ ઉદયભાંગા થાય. એમ બે રીતે ભાંગા લખવા છતાં કર્મગ્રંથમાં તેમજ યંત્રપૂર્વક કર્માદિ વિચારમાં આપેલ કોઠાની સંખ્યા બરોબર મળતી નથી. વળી દેવ—નારકને ૨૫ ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદયે અને મનુષ્ય-તિર્યંચોને ૨૬ ના ઉદય બાદ ચક્ષુદર્શનનો સંભવ લાગે છે માટે તે રીતિએ ગણીએ તો ૨૬ સહિત કુલ ૭ ઉદયસ્થાન થાય અને ૭૬૭૦ ઉદયભાંગા થાય. યંત્રમાં ૮૬, ૭૮, ૮ અને ૯ વર્જી શેષ ૮ સત્તાસ્થાન લખેલ છે. પરંતુ અમારી સમજ પ્રમાણે ૮૬ નું સત્તાસ્થાન ઘટવું જોઈએ, માટે ૯ સત્તાસ્થાન હોવા જોઈએ. તત્ત્વ કેવલીગમ્ય.

**૪૩ અવધિદર્શનમાર્ગણા:**–અવધિજ્ઞાન પ્રમાણે.

**૪૪ કેવલદર્શન માર્ગણા**–કેવલજ્ઞાન પ્રમાણે.

## દર્શનમાર્ગણા સમાપ્ત

**૪૫-૪૬-૪૭-કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા:**-આ ત્રણ માર્ગણામાં ૨૩ આદિ ૬ બંધસ્થાન હોય છે. ત્યાં આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ના બંધનો ૧ ભાંગો ટાળી ૬ બંધસ્થાનના શેષ ૧૩૯૪૨ બંધભાંગા હોય છે, ૨૧ આદિ ૯ ઉદયસ્થાન હોય અને કેવલીના ૮ ભાંગા વર્જી શેષ ૭૭૮૩ ઉદયભાંગા હોય. પરંતુ આ લેશ્યાઓને ૪ ગુણસ્થાન માનીએ તો તે દૃષ્ટિએ આહારકના ૭ અને વૈક્રિય મનુષ્યના ઉદ્યોતવાળા ૩ એ ૧૦ ભાંગા ન ઘટે. માટે ૭૭૭૩ ઉદયભાંગા પણ ઘટે, અને ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એ ૬ સત્તાસ્થાન હોય છે.

**૪૮ તેજોલેશ્યા:**–તેજોલેશ્યા માર્ગણામાં ૨૫ થી ૩૧ પર્યંત ૭ બંધસ્થાન હોય, કારણ કે આ જીવો અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા નથી, માટે ૨૩ નું બંધસ્થાનક ઘટતું નથી અને આ જીવો નરકાદિ ૯ પ્રકૃતિઓ બાંધતા નથી માટે તત્પ્રાયોગ્ય ભાંગા બાદ કરતાં દરેક બંધસ્થાને નીચે પ્રમાણે ભાંગા હોય. ૨૫ના બંધે બાદર પર્યાપ્ત પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્યના ૮ તથા ૨૬ ના બંધના ૧૬, ૨૮ ના બંધના દેવ પ્રાયોગ્ય ૮, ૨૯ના બંધે વિકલેન્દ્રિયના ૨૪ ભાંગા વિના ૯૨૨૪ અને ૩૦ના બંધે પણ વિકલેન્દ્રિયના ૨૪ વિના ભાંગા ૪૬૧૭ અને ૩૧ના બંધનો ૧ એમ સર્વ મળી ૧૩૮૭૪ બંધભાંગા હોય છે. ત્યાં ૨૧ વગેરે ૯ ઉદયસ્થાન હોય. ત્યાં નારકને, વિકલેન્દ્રિયને અને કેવલીને આ લેશ્યાનો અભાવ હોવાથી અનુક્રમે ૫, ૬૬ અને ૮ એમ કુલ ૭૯ ભાંગા ન ઘટે અને લબ્ધિ અપર્યાપ્તામાં પણ તેજોલેશ્યા ન હોવાથી ૨૧ તથા ૨૬ના ઉદયે અપર્યાપ્ત તિર્યંચ અને મનુષ્યના ૨+૨=૪ અને તેજોલેશ્યાવંત દેવતા મરીને એકેન્દ્રિયમાં ઉપજે તો બાદર પર્યાપ્ત પ્રત્યેક નામકર્મના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદયવાળા એકેન્દ્રિયમાં કરણ અપર્યાપ્ત અવસ્થામાં ૨૧ તથા ૨૪ ના ઉદયે બાદર પર્યાપ્ત યશ-અયશના ૨ ભાંગા મળી કુલ એકેન્દ્રિયના ૪ ભાંગા તેજોલેશ્યામાં ઘટે બાકીના ૩૮ ભાંગામાં ન ઘટે માટે ઉપરોક્ત ૭૯+૪+૩૮=૧૨૧ ભાંગા બાદ કરી શેષ ૭૬૭૦ ઉદયભાંગા ઘટે છે અને ૯૩ આદિ પ્રથમના ૬ સત્તાસ્થાન હોય છે.

૪૯ **પદ્મલેશ્યાઃ**-પદ્મલેશ્યા માર્ગણામાં નરકાદિ બાર પ્રકૃતિના બંધનો અભાવ હોવાથી તે જીવો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, નારક અને લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય અને તિર્યંચ પ્રાયોગ્ય સર્વથા બંધ કરતા નથી, માટે ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ એ ચાર બંધસ્થાન હોય છે. ત્યાં ૨૮ના બંધે દેવ પ્રાયોગ્ય ૮, ૨૯ના બંધે વિકલેન્દ્રિયના ૨૪ વિના ૯૨૨૪ અને ૩૦ ના બંધે વિકલેન્દ્રિયના ૨૪ વિના શેષ ૪૬૧૭ તથા ૩૧ ના બંધે ૧ એમ સર્વ મળી ૧૩૮૫૦ બંધભાંગા હોય છે. તથા ૨૪ વર્જી ૨૧ થી ૩૧ પર્યંત ૮ ઉદયસ્થાન હોય. આ લેશ્યાનો એકેન્દ્રિયમાં સર્વથા અભાવ હોવાથી તેજોલેશ્યામાં ગણેલ એકેન્દ્રિયના ૪ ભાંગા વધારે બાદ કરતાં તેજોલેશ્યા પ્રમાણે ૭૬૬૬ ઉદયભાંગા હોય અને ૯૩ આદિ પ્રથમના ૬ સત્તાસ્થાન હોય છે.

૫૦ **શુક્લલેશ્યાઃ**-શુકલલેશ્યા માર્ગણામાં નરકાદિત્રિક અને તિર્યંચ પ્રાયોગ્ય બંધનો અભાવ હોવાથી ૨૮ આદિ પાંચ બંધસ્થાન હોય. ત્યાં ૨૮ના બંધે દેવ પ્રાયોગ્ય ૮, ૨૯ના બંધે જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૮ અને મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૮ એમ ૪૬૧૬ તથા જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધ ના ૮ અને આહારકદ્વિક સહિત ૩૦ ના બંધનો ૧ એમ ૯, ૩૧ તથા ૧ ના બંધનો ૧-૧ એમ પાંચે બંધસ્થાનકે થઈને કુલ ૪૬૩૫ બંધભાંગા હોય છે. તથા ઉદયસ્થાન ૨૦, ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંત નવ ઉદયસ્થાન હોય. ત્યાં પદ્મલેશ્યામાં જણાવેલ ૭૬૬૬ ઉદય ભાંગા ઉપરાંત ૯ અને ૮ના ઉદયના વર્જીને કેવલીના બાકીના ૬ ભાંગા પણ અત્રે ઘટતા હોવાથી કુલ ૭૬૭૨ ઉદયભાંગા થાય. સત્તાસ્થાન ૯૩ આદિ પ્રથમના ૫ તથા ૮૦, ૭૯, ૭૬ અને ૭૫ એમ કુલ નવ હોય.

## લેશ્યા માર્ગણા સમાપ્ત.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૫૧ ભવ્ય માર્ગણાઃ**—બંધસ્થાન, બંધભાગા, ઉદયસ્થાન ઉદયભાંગા તથા સત્તાસ્થાન સર્વ ઘટે છે. કંઇ વિશેષતા નથી.

**પર અભવ્ય માર્ગણાઃ**—તિર્યંચગતિમાં બતાવ્યા પ્રમાણે ૨૩ આદિ ૬ બંધસ્થાન અને ૧૩૯૨૬ બંધભાંગા, તથા ૨૧ આદિ નવ ઉદયસ્થાન હોય અને કેવલીના ૮, આહારકના ૭, તથા ઉદ્યોત સહિત વૈક્રિય મનુષ્યના ૩ એમ ૧૮ ભાંગા વિના શેષ ૭૭૭૩ ઉદયભાંગા હોય અને ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ ૪ સત્તાસ્થાન હોય.

## ભવ્ય માર્ગણા સમાપ્ત.

**૫૩ ઉપશમસમ્યક્ત્વઃ**-ઉપશમ સમ્યક્ત્વ માર્ગણામાં અવધિજ્ઞાનમાં બતાવ્યા મુજબ ૨૮ આદિ પાંચ બંધસ્થાન અને ૩૫ બંધભાંગા હોય છે, તથા ૨૧, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ એ સાત ઉદયસ્થાન હોય છે. જો કે કોઠામાં ૩૬નું ઉદયસ્થાન ગણેલ છે, પરંતુ તેનો સંભવ જણાતો નથી. વળી ૨૧, ૨૫ અને ૨૭નો ઉદય સપ્તતિકા ચૂર્ણિકારના મતે ઉપશમશ્રેણિમાં કાળ કરી ઉપશમ સમ્યક્ત્વ સહિત દેવમાં ગયેલાને અપર્યાપ્ત અવસ્થામાં ઘટી શકે છે. પણ અન્યને ઘટતું નથી. માટે ૨૧ના ઉદયે દેવતાના ૮, ૨૫ના ઉદયે પણ તેના ૮, ૨૭ના ઉદયે ૮, ૨૮ના ઉદયે ૧૬, ૨૯ના ઉદયે ૧૬, અને ૩૦ના ઉદયે ૮, એમ દેવતાના ૬૪ અને નારકીને ૨૯ના ઉદયનો ૧, મનુષ્યને ૩૦ના ઉદયના ૧૧૫૨ તેમજ ઉદ્યોતના અનુદયવાળા ૩૦ના ઉદયના તિર્યંચના ૧૧૫૨ અને ૩૧ના ૧૧૫૨ એમ કુલ ૩૫૨૧ ઉદયભાંગા હોય. મનુષ્ય, તિર્યંચ અને નારકને અપર્યાપ્તાવસ્થામાં આ સમ્યક્ત્વ હોતું જ નથી. એથી તેમના અપર્યાપ્તાવસ્થાના ભાંગાઓ ગણેલ નથી. વળી યંત્રમાં ૧૭૬૯ ભાંગા જણાવેલ છે, તે કોઇપણ હિસાબે બંધબેસતાં આવતાં નથી. પછી તો બહુશ્રુત જાણે. અને સત્તાસ્થાન ૯૩ આદિ પ્રથમના ૪ હોય છે.

તા. ક.

ઉપશમ સમ્યક્ત્વમાં ઉત્તરવૈક્રિયશરીર દેવો બનાવતા નથી અને ઉદ્યોતનો ઉદય ઉત્તરવૈક્રિય શરીરમાં જ હોય એવો પણ એક મત છે માટે તે આચાર્ય મહારાજોના મતે દેવતાના ૬૪ને બદલે ૪૦ ઉદયભાંગા આવે એટલે કુલ ૩૫૯૭ ઉદયભાંગા પણ હોય અને શતક ચૂર્ણિના મતે દેવોને અપર્યાપ્ત અવસ્થામાં ઉપશમ સમ્યક્ત્વ ન માને તો માત્ર દેવતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૯ના ઉદયના સ્વરવાળા ૮ ભાંગા જ આવે. તેમજ દેવોને ઉત્તરવૈક્રિય શરીર અર્ધમાસ રહી શકે છે એટલે શરીર બનાવતાં ઉપશમ સમ્યક્ત્વ ન હોય પરંતુ ઉદ્યોત સહિત ૩૦નો ઉદય ૧૫ દિવસ સુધી રહી શકે એટલે તે વખતે ઉપશમ સમ્યક્ત્વ પામે તો ૩૦ ના ઉદયના આઠ એમ કુલ દેવના ૧૬ ભાંગા પણ આવે એટલે ઉપશમ સમ્યક્ત્વમાં કુલ ચાર રીતે ઉદયભાંગા ઘટી શકે.

(પં. પુખરાજજી અમીચંદજી સૂચિત)

**૫૪ ક્ષાયિક સમ્યક્ત્વ**:—ક્ષાયિક સમ્યક્ત્વ માર્ગણામાં અવધિજ્ઞાનમાં બતાવ્યા મુજબ ૨૮ આદિ પાંચ બંધસ્થાન અને ૩૫ બંધભાંગા હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વી પ્રથમ સંઘયણી હોય છે અને ૨૪ વિના બાકીના શેષ સર્વ ઉદયસ્થાનો હોય છે. તેમાં ભાંગા દેવતાના ૬૪, વૈક્રિય મનુષ્યના ૩૫. આહારક મનુષ્યના ૭, કેવલીના ૮, સામાન્ય મનુષ્યના ક્ષાયિક સમ્યક્ત્વીને પહેલું સંઘયણ હોવાથી ભાંગાઓને ૬ સંઘયણ સાથે ગુણવા નહિં. ૨૧ ના ૮, ૨૬ ના ૪૮, ૨૮ ના ૯૬, ૨૯ના ૯૬, ૩૦ના ૧૯૨ એમ સામાન્ય મનુષ્યના કુલ ૪૪૦, નારકીના ૫ અને તિર્યંચના ૨૧ ના ઉદયના ૮, ૨૬ ના ઉદયના ૮, ૨૮ ના ઉદયના ૮, ૨૯ ના ઉદયના ૧૬, ૩૦ના ઉદયના ૧૬ અને ૩૧ ના ઉદયના ૮ એમ ચોસઠ, એ પ્રમાણે કુલ ૬૨૩ ઉદયભાંગા હોય. વળી ક્ષાયિક સમ્યક્ત્વીને પાંચ ભવની વિવક્ષા ગણીએ તો તેથી પણ અધિક ઉદયભાંગા થાય અને સત્તાસ્થાન ૮૬ તથા ૭૮ વર્જી શેષ ૧૦ હોય છે.

**૫૫ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ**—આ માર્ગણામાં ૨૮ થી ૩૧ પર્યંતના ૪ બંધસ્થાન હોય. ત્યાં ૨૮ના બંધે દેવપ્રાયોગ્યના ૮, ૨૯ ના બંધે મનુષ્ય પ્રાયોગ્યના ૮, અને જિનનામ સહિત દેવપ્રાયોગ્યના ૮ એવં ૧૬, અને ૩૦ ના બંધે જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮, આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્યનો ૧ એવં ૯, ૩૧ના બંધનો ૧ એમ સર્વ મળી ૩૪ બંધભાંગા હોય. તથા ૨૪ વર્જી ૨૧ થી ૩૧ પર્યંતના ૮ ઉદયસ્થાન હોય. ત્યાં ૯, ૮ તેમજ ૨૦ નો ઉદય કેવલીને જ હોવાથી અહીં ઘટતા નથી, અને ૨૪ નો ઉદય માત્ર એકેન્દ્રિયમાં જ હોય છે. અને તેમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોતું નથી માટે એ ૪ વિના શેષ ૮ ઉદયસ્થાન હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને કેવલીને તેમજ લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય-તિર્યંચોને આ સમ્યક્ત્વ હોતું નથી, માટે તેમાં સંભવતા અનુક્રમે ૪૨,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૬, ૮ અને ૪ એવં ૧૨૦ ભાંગા બાદ કરતાં શેષ ૭૬૭૧ ઉદયભાંગા હોય અને ૯૩ આદિ પ્રથમના ૪ સત્તાસ્થાન હોય છે.

૫૬, ૫૭, ૫૮ મિશ્ર, સાસ્વાદન અને મિથ્યાત્વ—આ ત્રણે માર્ગણા પોતપોતાના ગુણસ્થાન પ્રમાણે જ જાણવી.

## સમ્યક્ત્વ માર્ગણા સમાપ્ત

૫૯ સંજ્ઞી માર્ગણા:— સંજ્ઞી માર્ગણામાં બંધસ્થાન ૮, બંધભાંગા ૧૩૯૪૫ અને કેવલીને સંજ્ઞીમાં ગણીએ તો ૨૪ વર્જીને ૧૧ ઉદયસ્થાન અને કેવલીને સંજ્ઞીમાં ન ગણીએ તો ૨૦,૯,૮ અને ૨૪ વર્જીને ઉદયસ્થાન હોય છે, ત્યાં પ્રથમ મતે એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬ એવં ૧૦૮ વિના ૭૬૮૩ ઉદયભાંગા હોય. અને બીજા મતે એ જ ૧૦૮ ઉપરાંત કેવલીના ૮ ભાંગા બાદ કરતાં ૭૬૭૫ ઉદયભાંગા હોય. અને સત્તાસ્થાન ૧૨, અથવા ૯ અને ૮ વર્જી શેષ ૧૦ હોય છે.

૬૦ અસંજ્ઞી માર્ગણા:—અસંજ્ઞી માર્ગણા માંહે તિર્યંચગતિ પ્રમાણે બંધસ્થાન ૬, બંધભાંગા ૧૩૯૨૬ અને ૨૧ વગેરે ૯ ઉદયસ્થાન હોય. ત્યાં ૨૧ ના ઉદયે એકેન્દ્રિયના ૫, વિકલેન્દ્રિયના ૯, સંમૂર્છિમ અપર્યાપ્ત મનુષ્યનો ૧, અને અસંજ્ઞી તિર્યંચ અપર્યાપ્તનો ૧, પર્યાપ્તના યશ—અયશ સાથે ૨ એમ કુલ ૧૮. ૨૪ ના ઉદયે ૧૧, ૨૫ ના ઉદયે એકેન્દ્રિયના ૭, ૨૬ ના ઉદયે એકેન્દ્રિયના ૧૩, વિકલેન્દ્રિયના ૯, સંમૂર્છિમ મનુષ્યનો ૧ અને અપર્યાપ્ત અસંજ્ઞી તિર્યંચનો ૧, પર્યાપ્ત અસંજ્ઞી તિર્યંચના ૨, એમ કુલ ૨૬. ૨૭ ના ઉદયના એકેન્દ્રિયના ૬, ૨૮ ના ઉદયના વિકલેન્દ્રિયના ૬, અસંજ્ઞીના ૨, એમ કુલ ૮, ૨૯ ના ઉદયના વિકલેન્દ્રિયના ૧૨, અસંજ્ઞી તિર્યંચના ૪, એમ કુલ ૧૬. ૩૦ ના ઉદયે પં. તિર્યંચના ૬, અને વિકલેન્દ્રિયના ૧૮=૨૪ ૩૧ ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૨ અને અસંજ્ઞી તિર્યંચના ૪ એમ કુલ ૧૬ એમ સર્વ મલી કુલ ૧૩૨ ઉદય ભાંગા હોય. અહીં અસંજ્ઞીને યશ અને સુસ્વર સિવાય કોઈ પણ શુભ પ્રકૃતિનો ઉદય માનેલ નથી તે અપેક્ષાએ ઉદયભાંગા છે. અન્યથા તિર્યંચગતિના ભાંગામાંથી વૈ. તિર્યંચના ૫૬ ભાંગા બાદ કરી અને સંમૂર્છિમ મનુષ્યના ૨૧ તથા ૨૬ ના ઉદયના ૧,૧ એમ ૨ ભાંગા ઉમેરીએ તો કુલ ૫૦૧૬ ઉદયભાંગા પણ હોય છે. સત્તાસ્થાન ૯૨,૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ પાંચ હોય છે.

## સંજ્ઞી માર્ગણા સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૬૧ આહારી માર્ગણા:**—આહારી માર્ગણામાં બંધસ્થાન તથા બંધભાંગા સર્વ હોય છે. તથા ૨૦, ૨૧, ૯ અને ૮ વર્જી શેષ ૮ ઉદયસ્થાન હોય છે. કેમકે ઉપરોક્ત ૪ ઉદયસ્થાનો વિગ્રહગતિમાં, કેવલી સમુદ્ઘાતમાં અને અયોગી ગુણસ્થાનકે હોય છે. ત્યાં જીવને આહારીપણું સંભવતું નથી. તથા અણાહારી માર્ગણામાં બતાવેલ ૪૫ ભાંગા વિના શેષ ૭૭૪૬ ઉદયભાંગા હોય. અને ૯૩ આદિ પ્રથમના ૧૦ સત્તાસ્થાન હોય છે.

**૬૨ અણાહારી માર્ગણા:**—અણાહારી માર્ગણામાં બંધસ્થાન ૨૩ આદિ ૭ હોય છે. ત્યાં નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધનો ૧, આહારકદ્વિક સહિત ૩૦ ના બંધનો ૧ અને ૩૧ ના બંધનો ૧, અને અપ્રાયોગ્ય ૧ એમ ૪ ભાંગા વર્જીને શેષ ૧૩૯૪૧ બંધભાંગા હોય છે. અને વિગ્રહગતિમાં ૨૧ નું તેમજ કેવલી સમુદ્ઘાતમાં પણ ૨૧ અને ૨૦, ૯, ૮નું એમ કેવલીને ૪ ઉદયસ્થાન હોય છે. ત્યાં ૨૧ ના ઉદયના ૪૨, અને ૨૦, ૯, ૮ ના ઉદયનો એકેક એમ ૪૫ ઉદયભાંગા હોય તથા સત્તાસ્થાન બધાય—૧૨ હોય છે.

## આહારી માર્ગણા સમાપ્ત

આ પ્રમાણે ૬૨ માર્ગણાને વિષે નામકર્મના બંધસ્થાન, ઉદયસ્થાન અને સત્તાસ્થાન તથા તેના ભાંગા અંગે સમજુતી [redacted] થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | શુદ્ધ | અશુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૭ | અવાસ્થત | અવસ્થિત |
| ૭ | ૨૭ | ।मच्छं | मिच्छं |
| ૨૧ | ૧૯ | निद्द | निद्दा |
| ૪૦ | ૧૦ | उवरिमेसु | उवरिमेसु |
| ૪૨ | ૫ | इत्था ° | इत्थी ° |
| ૪૩ | ૮ | अथिरछक्कं | अथिरछक्कं |
| ૪૯ | ૫ | मिच्छत्तठिइइ | मिच्छत्तठिईइ |
| ૫૩ | ૮ | विंति | ।बति |
| ૬૦ | ૭ | विग्घ | विग्घं |
| ૭૧ | ૯ | जिट्ठठिइ | जिट्ठठिई |
| ૮૦ | ૨ | दुतीस | दुतीसं |
| ૮૦ | ૨ | अबध | अबंध |
| ૮૧ | ૨ | बतीसं | बत्तीसं |
| ૯૨ | ૧૨ | समचपर ° | समचउपर ° |
| ૧૨૯ | ૨૧ | ° थुलिअरा | ° थूलिअरा |
| ૧૯૨ | ૯ | एयडीओ | पयडीओ |
| ૨૦૯ | ૨૧ | पगुणा | एगूणा |
| ૨૧૬ | ૪ | उक्कास | उक्कोस |
| ૨૧૮ | ૨૩ | ४ इक्कग | ४ इक्कगं |
| ૨૩૨ | ૧૮ | पणवोसा | पणवीसा |
| ૨૬૪ | ૧૮ | एगंमि | इक्कंमि |
| ૨૭૩ | ૧૪ | सन्ना | सन्नी |
| ૩૩૫ | ૨ | ° पच | ° पंच |
| ૩૮૯ | ૨૫ | पञ्चमे | पंचमे |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલાં....

# ધાર્મિક પુસ્તકોની યાદી

બે પ્રતિક્રમણ મૂળ (ગુજરાતી) ૧-૦૦
,, (હિન્દી) ૧-૫૦
પંચપ્રતિક્રમણ મૂળ (ગુજરાતી) ૩-૨૫
,, (હિન્દી) ૪-૦૦
જિન ગુણ પદ્યાવલી ... ૩-૫૦
સામાયિક ચૈત્યવંદન સાર્થ ૦-૪૧
,, ,, મૂળ ૦-૩૦
બે પ્રતિક્રમણ સાર્થ ... ૨-૫૦
પંચપ્રતિક્રમણ સાર્થ ... ૬-૦૦
જીવવિચાર સવિવેચન ૨-૫૦
નવતત્ત્વ... ,, ૨-૦૦
દંડક તથા લઘુસંઘયણી ૨-૫૦
ભાષ્યત્રયમ્ ... ,, ૪-૫૦
કર્મગ્રંથ ૧-૨ (ભા. ૧ લો) ૪-૫૦
કર્મગ્રંથ ૩-૪ (ભા. ૨ જો) ૪-૦૦
કર્મગ્રંથ ૫-૬ (ભા. ૩ જો) ૯-૦૦
તત્વાર્થ ભા. ૨ જો વિવેચન સાથે ૧૦-૫૦
અનંદઘન ચોવીસી સાર્થ ૪-૦૦
તત્વાર્થ ભૂમિકા ... ૨-૫૦

સમકિત સડસઠ બોલની
સજ્ઝાય વિવેચન સાથે ૦-૭૫
દ્રવ્ય-ગુણ પર્યાયનો રાસ
ટબા સાથે ૧-૦૦
આત્મહિતકર આધ્યાત્મિક
વસ્તુ સંગ્રહ ૧-૦૦
ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન ... ૦-૨૫
અભક્ષ્ય અનંતકાય વિચાર
ગુજરાતી ૧-૫૦
અભક્ષ્ય અનંતકાય વિચાર
હિન્દી ૧-૭૫
આત્મજાગૃતિ ... ... ૦-૨૫
**दंडक टीका** (પ્રતાકાર) ૦-૫૦
સમાસ સુબોધિકા ૧-૫૦
શ્રી સિદ્ધહેમ રહસ્ય વૃત્તિ ૬-૦૦
નકશા ૦-૧૩

### ભેટ પુસ્તકો

ધર્મવીર શેઠ વેણીચંદભાઇ (ટ. ખ.)
આહાર મીમાંસા (ટપાલ ખર્ચ)

### અન્યત્ર છપાયેલ

છ કર્મગ્રંથ સાર્થ ... ૫-૦૦
છ કર્મગ્રંથ મૂળ ... ૦-૧૫

—: પ્રાપ્તિસ્થાનો :—

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા (ઉ. ગુજરાત)

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org